ઉપદેશ રત્નાકર

ભાગ - ૧

ભાષાંતરકર્તા

લબ્ધિ - વિક્રમ- સ્થૂલભદ્ર પટ્ટાલંકાર

પ.પૂ.આ.ભ.શ્રી. વિ. કલ્પયશસૂરીશ્વરજી મ.સા.



॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી ગૌતમ સ્વામિને નમઃ ॥

॥ આત્મ-કમલ-લબ્ધિ-વિક્રમ-સ્થૂલભદ્રસૂરીશ્વરજી સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

આચાર્ય પ્રવર મુનિસુંદરસૂરિ વિરચિત

ઉપદેશ રત્નાકર

ગુર્જર ભાવાનુવાદ

ભાગ – ૧

આશીર્વાદ દાતા

દક્ષિણ કેશરી પૂ.આચાર્યદેવ

શ્રી. વિજય સ્થૂલભદ્ર સૂરીશ્વરજી મ.સા.

આલંબન

જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.ભ.શ્રી. વિ. **લબ્ધિસૂરીશ્વરજી મ.સા.**ના સંયમ શતાબ્દિ વર્ષ એવં દક્ષિણ કેસરી પૂ.આ.ભ.શ્રી વિ.**સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.**ના સંયમ અર્ધ શતાબ્દિ વર્ષની પાવન સ્મૃતિ

ભાષાન્તર કર્તા

લબ્ધિ – વિક્રમ – સ્થૂલભદ્ર પદાલંકાર

પૂ.આ.ભ.શ્રી. વિજય **કલ્પયશસૂરીશ્વરજી મ.સા.**

ઉપદેશ રત્નાકર ગુર્જર ભાવાનુવાદ

પ્રકાશક

જૈન શ્વેતાંબર મૂ. પૂ. ટ્રસ્ટ

જૈન મંદિર,

ગાંધીનગર, બેંગ્લોર - ૯

વીર સંવત	વિક્રમ સંવત	ઈસવીસન
૨૦૨૯	૨૦૫૯	૨૦૦૩

પ્રથમ આવૃત્તિ	મૂલ્ય
પ્રથમ ભાગ-૧૦૦૦	રૂા. ૫૦/-

પ્રાપ્તિસ્થાન

SHREE JAIN MANDIR PEDHI

4 Main Road, Gandhinagar, Bangalore - 560 009.

Ph. : 2200036

GURU GAUTAM

Nr. Aadinath Jain Mandirni Gali,

Chikpet Bangalor-560053

મુદ્રક

સિધ્ધચક્ર ગ્રાફિક્સ

એ/૧૧૫, બી. જી. ટાવર, દિલ્હી દરવાજા બહાર,

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦૦૦૪.

Ph.: 079 - (O) 25620579 (R) 26641223 Mo.: 9825264065



શ્રી ગાંધીનગર જૈન શ્વે. મૂ. પૂ. મંદિર ટ્રસ્ટ

ગાંધીનગર, બેંગ્લોર - ૯

પૂજ્ય આત્મારામજી મ.સા.

પૂજ્ય આ. દેવ કમલ સૂ. મ.સા.



પૂજ્ય આ.ભ.શ્રી.વિ. વિક્રમસૂરીશ્વરજી મ.સા.

પૂજ્ય આ.ભ.શ્રી.વિ. લબ્ધિસૂરીશ્વરજી મ.સા.



પૂજ્ય આ.ભ.શ્રી.વિ. સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.

પૂજ્ય આ.ભ.શ્રી.વિ. કલ્પયશસૂરીશ્વરજી મ.સા.



સાહિત્ય સર્જક પ. પૂ. આ. શ્રી કલ્પયશસૂરીશ્વરજી મ.સા. દક્ષિણ કેસરી પ. પૂ. આ. શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.
आशिष आप का मंगलकारा, भवज्लधि से तारणहारा

ગ્રંથ અનુવાદક પ. પૂ. આચાર્ય
શ્રી કલ્પયશ સૂરીશ્વરજી મ.સા.

આંતરગુંજન

સદૈવ પ્રસન્નવદની, ક્ષમામૂર્તિ, સંયમરક્ષક પૂ.ગુરૂદેવ !

કોઈક એવી સુવર્ણપળે આપ મને મળી ગયા. અને મારી સંસાર પ્રત્યેની ભવવર્ધક યાત્રાને સ્થગિત કરી,

દુર્ભાગ્યને સદ્‌ભાગ્યમાં
દુર્બુધ્ધિને સદ્‌બુધ્ધિમાં, સુલટાવીને

કુપંથમાંથી સત્‌પંથમાં ચરણને સ્થાપનાર,
વિષયના વિષથી ઉગારી, અમૃત પાનાર,

ફલશ્રુતિ રૂપે સંયમ સાધનાની કેડીએ સાર્થવાહ બની,
મહાન ઉપકાર કરનાર,

આપની કૃપાથી જે કાંઈ મેળવ્યું છે.
આપની સેવનાથી જે કાંઈ જાણ્યું છે.
આપની સંયમયાત્રાથી જે કાંઈ પ્રાપ્ત થયું છે
આપની સાનિધ્યતાથી જે કાંઈ સધાયું છે.
આપની કરૂણાથી જે કાંઈ કરાયું છે.
આપની શુભાશિષથી જે કાંઈ રચાયું છે કે લખાયું છે.

તે બધું આપશ્રીના અર્ધશતાબ્દિ સંયમ સુવર્ણમહોત્સવ પ્રસંગે આપ પૂજ્યશ્રીના કરકમલમાં,

આપનું અર્પિત આપને
આગેકૂચ ચાલી રહે એ યાચના સહ
શિશુ કલ્પયશની
શતશઃ વંદનાવલિ.

હૈયું બોલે છે.

શ્રમણ ભગવાન મહાવીરસ્વામી પરમાત્માની પાટ પરંપરા ને શોભાવનાર અનેક પ્રભાવક મહાપુરૂષોમાં ૫૧ મી પાટ ઉપર પૂ.આ.શ્રી મુનિસુંદર સૂ.મ.સા. પણ મહાન પ્રભાવિક આચાર્ય ભગવંત થયા હતા. જેઓ એ બાલ ઉમરમાં જ સંયમનો સ્વીકાર કરી જ્ઞાનગુણને ખૂબ જ વિકસિત કરેલો, સતત જ્ઞાનની આરાધનામાં મગ્ન રહી પોતાનું સમસ્ત જીવન જ્ઞાનારાધનામાં સમર્પણ કર્યું હતું. એવા પુણ્યપુરૂષો માટે અસાધ્ય શું છે...? જેઓશ્રીની ધારણા શક્તિ અગાધ હતી. હજારો પ્રશ્નોનું અવધારણ કરી, સરળતાથી સર્વે ના ઉત્તરો ક્રમસર આપવાની આગવી શક્તિ અદ્વિતીય હતી, અનેક વાજીંત્રોના સ્વરને આબાદ પકડી. જેમાંથી જે સૂર ઉઠતો હોય તે સહજતાથી બતાવી સર્વેને મંત્ર મુગ્ધ બનાવતા હતા.

આથીસ્તો...!

તેઓ સહસ્રાવધાની તરીકે પંકાયા હતા... વાદિઓની સભામાં વાદ કરવાની અનુપમ શક્તિના પ્રભાવથી પ્રભાવિત થયેલા, વાદિઓએ પણ અનેક બિરૂદ થી નવાજ્યા છે. મહામંત્ર સૂરિમંત્રની આરાધના દ્વારા ઘણી જ અપ્રમત્તભાવે અનેક શક્તિઓ હાંસલ કરી હતી.

શાસન પ્રભાવક કાર્યોની પરંપરામાં અનેક સ્થળોએ પ્રતિષ્ઠાઓ પણ કરી જિનશાસનનો નાદ ગુંજિત કર્યો હતો. અગાધ જ્ઞાનશક્તિના સ્વામિ પૂજ્યશ્રી એ અણથંભી સાહિત્યોપાસના કરી વિદ્વત્જનો ને દંગ કર્યા છે... જેઓશ્રી એ આધ્યાત્મિક, કથા વિષયક, ઉપદેશાત્મક, દાર્શનિક, સૈધ્ધાંતિક આદિ અનેક ગ્રંથોની રચના કરવા પૂર્વક સર્વતોમુખી પ્રતિભા સંપન્નતા ને પ્રાપ્ત કરી હતી તેમજ આ ગ્રંથમાં પણ અનેક વિષયો આવરવામાં આવ્યા છે. દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, કથાનુયોગ આદિ અનુયોગથી ભરપૂર છે... અનેક પ્રકારના ઉપદેશાત્મક પદોથી વાક્યોથી પ્રચૂર આ ગ્રંથ છે. કયા કયા વિષયો આ ગ્રંથમાં નથી એ જ આશ્ચર્ય છે. આ ગ્રંથ અભ્યાસથી સામાન્યતયા પણ સમજાય છે કે પૂજ્યશ્રીનું સંસ્કૃત-પ્રાકૃતભાષા ઉપર અદ્ભુત પ્રભુત્વ હતું. આવા પ્રભુત્વવાળા હોવા છતાં પણ ટીકામાં સરળતા બતાવવી અર્થમાં ગંભીરતા બતાવવી સરળ નથી પણ પૂજ્યશ્રીએ ટીકામાં સરળતા, અર્થમાં ગંભીરતા, પદમાં લાલિત્યતા અલંકાર છંદ વિગેરેના સૂક્ષ્મજ્ઞાન ને ધરનારા હતા, આથી...! આ મહાપુરૂષ સર્વતોમુખી મહાજ્ઞાની હતા.

આવા મહાપુરૂષના રચિત ગ્રંથનું ભાષાંતર, સ્વપર કલ્યાણકારક જ્ઞાનનું આદાન-પ્રદાન કરવું એ સંયમ જીવનનું લક્ષ્ય છે. એ લક્ષ્ય ને જાણે સિધ્ધ કરવા જ તપસ્વિ મુ.શ્રી કલ્પયશવિજયજી એ આવા મહાનગ્રંથનું ગુર્જર ભાષાંતર કરી લોકોપયોગી બનાવવાનો સંપૂર્ણ પ્રયત્ન કર્યો છે. તદુપરાંત હીર સૌભાગ્યનું ગુર્જર કાવ્ય (અપ્રગટ), વીતરાગ સ્તોત્રનું અર્થ સહિત કાવ્ય, ષોડ્શકનો ગુર્જરાનુવાદ, ભક્તામર, કલ્યાણમંદિર, ચિંતામણી પાર્શ્વનાથ, સ્તોત્ર, સકલાર્હત, રત્નાકર પચ્ચીશી આદિને સુંદર ગુર્જર સ્તુતિ રૂપે ગુંથેલ છે. વળી સંસ્કૃત જિનસ્તુતિ, ગુર્જર ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ આદિની પણ રસમધુર રચનાઓ કરેલ છે.

"સ્વાધ્યાય સમો તવો નત્થિ" સ્વાધ્યાય એ મહાન તપ છે. આ ગ્રંથનો સ્વાધ્યાય સરળતાથી બધા જ કરી શકે તદર્થે અપ્રમત્તભાવથી **મુનિ શ્રી કલ્પયશવિજયજીએ** ગ્રંથનું ભાષાંતર કરવા અથાગ પ્રયત્નો દ્વારા પોતાની સંપૂર્ણ શક્તિ લગાવી છે. સતત વર્ધમાનતપની આરાધના સાથે જ્ઞાનોપાસનામાં અનવરત પ્રયત્નશીલ **મુ.શ્રી કલ્પયશવિ.** એ સ્વપરિશ્રમ ને સફળ કર્યો છે. પઠન-પાઠન કરનાર કરાવનાર પણ એમની મહેનત ને જરૂર સફળ કરશે જ...

પ્રભુભક્તિ વિષયક અનેક સ્તવન સ્તુતિ અને સ્તોત્રોની રચના દ્વારા પોતાની કવિત્વ શક્તિનો પણ સદુપયોગ કર્યો છે. તદ્વિષયક અનેક પુસ્તિકાઓનું પ્રકાશન પણ કર્યું છે. આમ પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની ઉપાસના દ્વારા સંયમજીવનને સુશોભિત કરનાર **મુ.શ્રી કલ્પયશવિજયજી** નો પ્રયત્ન અતીવ અનુમોદનીય છે.

વિદ્વદ્રત્ન પૂ.આ.શ્રી મુનિચંદ્રસૂરિ મ.સા. એ પણ પોતાનો કિંમતી સમય આપી આવા ગ્રંથનું સંશોધન કરવા દ્વારા શ્રુતોપાસનામાં પોતાની અનુપમ ભક્તિ દાખવી છે તે સ્મરણીય છે. પ્રાંતે ગ્રંથના પઠનપાઠન દ્વારા જ્ઞાનાવરણીયનો ક્ષય કરી ભવ્યાત્માઓ સર્વજ્ઞતા ને શીઘ્ર પ્રાપ્ત કરો એ જ શુભકામના...

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ શ્રી શત્રુંજય તીર્થાધિરાજ ઋષભદેવ સ્વામિને નમઃ
સિધ્ધિ - વિનય - ભદ્ર - વિલાસ - ઉંકાર - અરવિંદ - યશોવિજય -
જિનચન્દ્ર વિજયાદિભ્યો નમઃ

❁ પ્રસ્તાવના ❁

સ્વોપજ્ઞ ટીકા સહિતના શ્રી ઉપદેશ રત્નાકર ગ્રંથનો દક્ષિણ કેસરી આ.ભ. શ્રી વિ. **સ્થૂલભદ્રસૂરીશ્વરજી** મ.સા. ના શિષ્યરત્ન મુનિરાજ **શ્રી કલ્પયશવિ. મ.** એ કરેલ સંપૂર્ણ અનુવાદ પ્રથમવાર જ પ્રકટ થઈ રહ્યો છે તે ઘણા આનંદની વાત છે.

❁ ગ્રંથકાર ❁

પ્રસ્તુત ગ્રંથ અને ટીકાની રચના શ્રી મહાવીરપ્રભુની ૫૧મી પાટને શોભાવનારા આ. શ્રી મુનિસુંદરસૂરિજીએ કરી છે. તેઓશ્રી આચાર્ય સોમસુંદરસૂરિજીના અનુગામી તપગચ્છાધિપતિ ભટ્ટારક હતા.

ગ્રંથકારશ્રીનો જન્મ વિ. સં. ૧૪૩૬માં અને દીક્ષા સાતવર્ષની બાળવયમાં વિ. સં. ૧૪૪૩માં થઈ. તેઓશ્રીને આચાર્યપદ પ્રદાન કરનાર એમના પુરોગામી આ. સોમસુંદરસૂરિ કરતાં જન્મ અને દીક્ષામાં તેઓ માત્ર છ-સાત વર્ષ પાછળ હતા.[૧]

દીક્ષા વખતે મુનિ 'મોહનનંદન' નામ રાખવામાં આવ્યું.[૨] તેઓ આ. સોમસુન્દરસૂરિજીના (તે વખતે મુનિ) પ્રથમ શિષ્ય બન્યા.[૩] જોકે એમનું ઘડતર આ. ભ. દેવસુંદરસૂરિજીના હાથે થયું હશે. કેમકે એમની દીક્ષા વખતે તેઓના ગુરુ મ. ની વય માત્ર ૧૩-૧૪ વર્ષની જ હતી.

ગ્રંથકારનું વિદ્યાધ્યયન આ. જ્ઞાનસાગરસૂરિજી પાસે થયું છે[૪] એમના દીક્ષાગુરુના પણ વિદ્યાગુરુ આ જ આચાર્યશ્રી છે.

આ કારણે આ. મુનિસુંદરસૂરિજી પોતાનો ઉલ્લેખ ઉપરોક્ત ત્રણેય આચાર્ય ભ. ના શિષ્ય તરીકે ઘણે ઠેકાણે કરે છે[૫]

---

૧. આ સોમસુન્દરસૂરિજીનો જન્મ ૧૪૩૦, દીક્ષા ૧૪૩૭.
૨. વીરવંશાવલી (તપગચ્છ વૃધ્ધ પટ્ટાવલી) જૈન સાહિત્ય સંશોધક
ખંડ ૧, અંક ૩, પૃ. ૧-૫૯માં પ્રકાશિત.
૩. વિંશતિસ્થાનક વિચારામૃત સંગ્રહ, જૈન પરંપરાનો ઈતિહાસ ભા. ૨ પૃ. ૪૯૫
૪. ઉપદેશરત્નાકર પીઠિકા (શ્લો. ૧૦)
૫. જયાનંદ કેવલીચરિત્ર (શ્લો ૯-૧૨) જિન સ્તોત્ર રત્નકોશ પૃ.૮૧, ૮૯ વગેરે.

ગ્રંથકારશ્રીને વાચકપદ વિ. સં. ૧૪૬૬ માં અર્પણ થયું.

વિ. સં. ૧૪૭૮ માં વડનગરમાં ૩૨૦૦૦ ટાંકના વ્યય કરી શેઠ દેવરાજે કરેલા મહોત્સવ પૂર્વક આ. સોમસુંદરસૂરિજીએ તેઓને આચાર્યપદે સ્થાપિત કર્યા.

વિ. સં. ૧૪૯૧ કે ૧૪૯૨માં તેઓશ્રી ગણનાયક બન્યા અને વિ. સં. ૧૪૯૯ માં આ. સોમસુંદરસૂરિજીનો સ્વર્ગવાસ થતાં તપગચ્છાધિપતિ પદે બિરાજિત થયા.[૧]

ગ્રંથકાર શ્રી સિધ્ધસારસ્વત, તીવ્ર મેધાવી, શીઘ્ર કવિ હતા. સંસ્કૃતમાં સહજ રીતે અસ્ખલિત એમની વાણિ વહેતી. એમની ધારણા શક્તિ અસાધારણ હતી. એક સાથે એક હજાર આઠ નામોનું અવધારણ કરી શકતા હોવાથી તેઓ 'સહસ્ત્રાવધાની' તરીકે પ્રસિધ્ધ હતા.[૨] જુદી જુદી ૧૦૮ વાટકીના ધ્વનિને તેઓ બાળવયથી જ અલગ – અલગ પારખી શકતાં.[૩]

બિરૂદો :– ગ્રંથકારશ્રીને દક્ષિણના પંડિતોએ 'કાલી – સરસ્વતી'નું બિરૂદ આપેલું.[૪] ખંભાત સૂબા દફરખાને 'વાદિ–ગોકુલ–સંડક' બિરૂદ આપેલું. ૫

તેઓની સૂરિમંત્રનો જાપ કરવાની શક્તિ ગજબની હતી.[૬]

તેઓશ્રીએ જુદા જુદા સ્થળોએ ૨૪ વાર વિધિપૂર્વક સૂરિમંત્રની આરાધના કરેલી. જ્યાં જ્યાં તેઓશ્રીએ આરાધના કરી ત્યાં ત્યાંના (ચંપકરાજ, દેપા, ધારા વગેરે) રાજાઓએ અમારિની ઉદ્‌ઘોષણા કરાવેલી અને કર માફ કરેલો.

રાજસ્થાનમાં આવેલ સિરોહીનગરની સ્થાપના વિ. સં. ૧૪૮૪ માં રાજા સહસ્ત્રમલ્લે કરેલી.[૭]

---

૧. તપાગચ્છપટ્ટાવલીમાં લખ્યું છે કે – 'અષ્ટ વર્ષ ગણનાયકત્વાનન્તરં વર્ષત્રિકા યુગપ્રધાનપદવ્યુદયી' તિ જનૈરુક્ત. પૃ. ૧૮૩.

૨. દેવેન્દ્રસૂરિકૃત ' શાંતિનાથ ચરિત્ર'ની પ્રશસ્તિ.

૩. 'પટ્ટાવલી સજ્ઝાય' ઐતિહાસિક સજ્ઝાયમાલા પૃ. ૪૯.

૪. 'હીર સૌભાગ્ય' ઐતિહાસિક સજ્ઝાયમાલા પ. ૪૯.

૫. 'હીર વિજયસૂરિરાસ' પૃ. ૧૩૨

૬. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' પૃ. ૪૬૪

૭. 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભા. ૨ પૃ.૪૯૫,

આ નગરમાં સૂરિમંત્રની આરાધના ચાલતી હતી ત્યારે સહસ્ત્રમલ્લે પોતે જાહેર કરેલી અમારીનો પોતે જ ભંગ કર્યો.... પણ, રાજાના આ ક્રૂર કાર્યનો એને તાત્કાલિક પરચો મળી ગયો..... રાજ્ય તીડના ભયંકર ઉપદ્રવથી ગ્રસિત થયું..... રાજાને ભૂલ સમજાઈ. પગમાં પડી માફી માંગી. આચાર્યશ્રીએ ધ્યાન દ્વારા તીડના ઉપદ્રવનું નિવારણ કરેલું.[૧] તેઓએ અનેક વાદિઓને જીત્યા હતા. તેઓશ્રી ઉગ્રતપસ્વી પણ હતા. છટ્ઠ – અટ્ઠમ આદિ તપના પ્રભાવે પદ્માવતી વગેરે દેવીઓ તેઓને પ્રત્યક્ષ હતી.[૨]

આચાર્યપદ પ્રાપ્ત કર્યા પછી તરત તેઓશ્રીની નિશ્રામાં નિકળેલા શ્રીશત્રુંજયતીર્થના સંઘમાં ૫૦૦ ગાડાઓ, સોના–ચાંદિના જિનાલયો વ. હતા.

તેઓશ્રીના હાથે અનેક પદવી પ્રદાન, દીક્ષા–પ્રદાન આદિ કાર્યો થયા છે.[૩]

શિષ્ય પરિવાર – વિશાલરાજસૂરિ, રત્નશેખરસૂરિ, સોમદેવગણિ, હેમહંસગણિ, મહોપાધ્યાય લક્ષ્મીભદ્રગણિ, સંઘવિમલગણિ, શુભશીલગણિ, ઉદયનંદિ, ચારિત્રરત્ન, લક્ષ્મીસાગર, હર્ષસેન, શિવસમુદ્ર આદિ શિષ્યો તેઓના પરિવારમાં હતા.[૪]

મરકીના ઉપદ્રવનું નિવારણ કરવા દેલવાડામાં[૫] વિ. સં. ૧૪૯૩માં ગ્રંથકારશ્રીએ રચેલ 'સંતિકરં' થી શરૂ થતું સ્તવન પ્રસિધ્ધ છે.

અત્યારે એની ૧૩ ગાથાઓ બોલાય છે.[૬]

સંતિકરંની ૧૪ મી ગાથા પ્રક્ષિપ્ત ગણાય છે. એ બોલાતી નથી. આ ગાથામાં ગ્રંથકારશ્રીએ પોતાના ગુરુદેવ આ. સોમસુંદરસૂરિજી પાસેથી 'ગણધર વિદ્યા' (સૂરિમંત્ર) મેળવી સિધ્ધ કર્યાનો ઉલ્લેખ છે.

---

૧. 'ધ્યાનિ બઈઠા તવ સૂરિ રાયા' ટીડ તણા ભય દૂર પલાયા'
પં.લક્ષ્મીભદ્રગણિકૃત 'શ્રીમુનિસુન્દર વિજ્ઞપ્તિ'(જૈન પરંપરાનો ઈતિ ભા.૩ પૃ.૪૯૬)

૨. 'ગુરુ ગુણરત્નાકર કાવ્ય' (૧/૬૮)

૩. ચિત્રકૂટ પ્રશસ્તિ (શ્લો. ૪૫–૪૬) 'ગુરુગુણ રત્નાકર' (૧/૮૩–૮૪)

૪. 'ભરતેશ્વર બાહુબલી વૃત્તિ', 'ન્યાયાર્થ મંજૂષા'ની પ્રશસ્તિ,
જૈન સ્તોત્ર સંગ્રહ' ભા. ૨ પ્રસ્તાવના પૃ. ૯૫ – ૯૬, જૈન પ. ઈ ભા. ૩ પૃ. ૪૯૮ થી.

૫. ધારાનગરીમાં પવારના રાજ્યમાં સંતિકરં રચાયાનો મતાંતર પણ છે. જૈ. પ. ઈ. ભા. ૩ પૃ ૪૯૬

૬. વિ. સં. ૧૪૯૫ ફા. સુ. ૫ ના ગ્રંથકારશ્રીની હયાતીમાં અને સંભવતઃ એમના હાથે જ લખાયેલ હ. લિ. પ્રતમાં ૧૩ ગાથાઓ છે. 'ઉપદેશરત્નાકર' જૈન પુસ્તક પ્ર. સંસ્થા ૨૦૦૫ પૃ. ૨૧૬.

જૈન પરંપરાનો ઈતિહાસ (ભા. ૩ પૃ. ૪૯૮) માં ત્રિપુટી મ. લખે છે કે– ''**નોંધ** :– વૃદ્ધો કહે છે કે આ મુનિસુંદરસૂરિએ 'સંતિકરં સ્તોત્ર' ગાથા ૧૩ ઉપદ્રવની શાંતિ માટે બનાવ્યું ત્યારથી આપણામાં 'સંતિકરં કલ્પ'માં લખ્યા મુજબ હંમેશા સાંજે દેવસી પ્રતિક્રમણમાં દુક્ખખયના કાઉસ્સગ્ગ પછી એકવાર અને પક્ખિ પ્રતિક્રમણ વગેરેમાં ૧ થી વધુવાર પાઠ બોલવાનો રીવાજ (મર્યાદા) ચાલુ થયો હતો. પરંતુ ઉદયપુર નગરમાં કોઈક જાતની અશાંતિ હતી. આથી ત્યાં રહેલા ભટ્ટારકે (સંભવતઃ તપા. રત્નશાખાના ભ. રાજસૂરિએ) સાંજે પ્રતિક્રમણના છેડે સંતિકરં બોલીને પછી અથવા સંતિકરં ને બદલે એકાએક લઘુશાંતિ સ્તોત્ર અને મોટી શાન્તિ સ્તોત્ર બોલવાનું શરુ કરાવ્યું ત્યારથી આપણામાં સંતિકરં ને બદલે લઘુશાન્તિ અને મોટી શાન્તિ સ્તોત્રો બોલવાનું ચાલુ થયું છે આજે તે પ્રમાણે બોલવાની પરંપરા છે. પણ, વિશેષતા એટલી છે કે પક્ખી ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણ થયા બાદ સંતિકરં સ્તોત્ર પણ અવશ્ય બોલાય છે''

પ્રતિષ્ઠાઓ :– આ. મુનિસુંદરસૂરિજીના હસ્તે થયેલ પ્રતિષ્ઠાઓની નોંધ શ્રી હીરાલાલ કાપડિયાએ આપી છે.''

તેની વિગત આ પ્રમાણે છે :– દેલવાડા, (મેવાડ વિ. સં. ૧૪૮૮), ખંભાત (જીરાવાડ સં. ૧૪૮૯), લાડોલ (સં. ૧૪૯૭) માતર (૧૪૯૯), અમદાવાદ (દેવસાપાડો (૧૪૯૯), પાટણ (કનાસાપાડો ૧૫૦૦), આગ્રા (૧૫૦૦), અમદાવાદ (૧૫૦૦), જેસલમેર (૧૫૦૧) ઉદેપુર (૧૫૦૧), ખેડા (૧૫૦૧) રૈનપુર (૧૫૦૧) ઉદેપુર (૧૫૦૧) આ ઉપરાંત પણ વિવિધ સ્થળે તેઓશ્રી દ્વારા પ્રતિષ્ઠિત પ્રતિમાઓ મળે છે. ડૉ શિવપ્રસાદજીએ તપગચ્છકા ઈતિહાસ ભા. ૧ ખં. ૧ પૃ. ૩૭ થી ૪૦ માં વિગતવાર તાલિકા આપી છે.

ઉદયપુર (શાંતિનાથ જિનાલય જાવરી ના વિ. સં. ૧૪૭૮ ના અને જીરાવલાતીર્થની દેરીઓ ઉપરના વિ.સં. ૧૪૮૩, ૧૪૮૭ ના લેખોમાં પણ આ. મુનિસુંદરસૂરિજીનો ઉલ્લેખ એમના ગુરુ અને ગુરુભાઈઓ સાથે થયો છે. (ડૉ. શિવપ્રસાદના ઉપરોક્ત 'તપગચ્છ કા ઈતિહાસ' પૃ. ૩૫)

વિહાર :– ઉપરોક્ત વિગત જોતાં ગ્રંથકારશ્રીનું વિચરણ ગુજરાત, રાજસ્થાન, માળવા ઉપરાંત ઉત્તરભારત સુધી હતું એમ સ્પષ્ટ જણાય છે.

પં. શ્રી પ્રતિષ્ઠા સોમજીએ સોમસૌભાગ્ય (૬/૩૩–૩૯) માં ગ્રંથકારશ્રીના મુખ્યગુણો તરીકે તર્કદક્ષતા, સ્તોત્રકારકત્વ, સહસ્રાવધાનિતા, કળાનૈપુણ્ય, વ્યાપક પ્રજ્ઞાપ્રકર્ષનું વર્ણન કર્યું છે.

ગ્રંથકારશ્રીએ કૂવામાંથી ઋષભદેવ ભ. ની પ્રતિમા કઢાવી સિરોહીના લાખા રાજાને આપી હતી.[૨]

---

૧. ઉપદેશરત્નાકર ભૂમિકા (પૃ. ૯૦ – ૯૧)

૨. 'ઐતિહાસિક સજ્ઝાયમાળા' શ્રી વિધા વિજય લિખિત પ્રસ્તાવના.

તેઓશ્રી વિ. સં. ૧૫૦૩ કા. સુ. ૧ ના ૬૭ વર્ષની વયે કોરટામાં સ્વર્ગવાસ પામ્યા તે પૂર્વે વિ. સં. ૧૫૨૦૨ માં શ્રી રત્નશેખર વાચકને આચાર્યપદ આપ્યું હતું.

ગ્રન્થરચના :- ૧૯ વર્ષની નવયુવાન વયે (વિ. સં. ૧૪૫૫ માં) 'ત્રૈવિદ્યગોષ્ઠી'ની રચના કરી ગ્રંથ સર્જનનો પ્રારંભ કર્યો અને જીવનના અંત સુધી ગ્રંથરચના ચાલુ રહી. ગ્રંથકારશ્રીની નિસંદિગ્ધ રચનાઓ અત્યારે ઉપલબ્ધ થાય છે. તે આ પ્રમાણે છે.[૧]

(૧) ત્રૈવિદ્યગોષ્ઠી (રચના સં. ૧૪૫૫) (૨) જિનસ્તોત્રરત્નકોશ (૧૪૫૫) (પ્રથમ પ્રસ્તાવ) (૩) ત્રિદશતરંગિણી (ગુર્વાવલી વગેરે) (૧૪૬૬) (૪) જયાનંદ રાજર્ષિ કેવલી ચરિત્ર (૧૪૮૩) ગ્રં. ૭૫૦૦ (૫) અધ્યાત્મ કલ્પદ્રુમ (૧૪૮૪) (૬) કથાચતુષ્ટય (મિત્ર ચતુષ્ક કથા) (૧૪૮૪) ગ્રં. ૧૪૫૦ (૭.) ઉપદેશ રત્નાકર સ્વોપજ્ઞ ટીકા સાથે (૧૪૯૩) (૮.) સંતિકરંથોત્ત (૧૪૯૩) (૯.) સ્તોત્ર દશક (અપ્રગટ) સિમંધરસ્તુતિ પાક્ષિક સત્તરી, યોગશાસ્ત્ર ચતુર્થપ્રકાશ બાલાવબોધ

આ ઉપરાંત ગ્રંથકારશ્રી દ્વારા રચિત સ્તોત્રો વ. ની વિગત આ પ્રમાણે મળે છે.

૧. ચતુર્વિંશતિ જિન કલ્યાણક સ્તવન. ૨. જીરાપલ્લી પાર્શ્વનાથ સ્તવન (૧૪૭૬) ૩. શત્રુંજય શ્રી આદિનાથ સ્તોત્ર (૧૪૭૬) ૪. ગિરનાર મૌલિ મંડન શ્રી નેમિનાથ સ્તવન (૧૪૭૬) ૫. શ્રી શત્રુંજય આદિનાથ સ્તવન (૧૪૭૬) ૬. વૃદ્ધનગરસ્થ આદિનાથ સ્તવન ૭. સારણ દુર્ગ અજિતનાથ સ્તોત્ર ૮. ઈલાદુર્ગાલંકાર શ્રી ઋષભ દેવ સ્તવન ૯. સીમંધર સ્વામિસ્તવન (૧૪૮૨) ૧૦. વર્ધમાન જિન સ્તવન ૧૧. શ્રી જિનપતિ દ્વાત્રિંશિકા (૧૪૮૩)

(તપગચ્છકા ઈતિહાસ ભા. ૧ ખં. ૧ પૃ. ૩૫, મુનિકાંતિસાગર શત્રુંજય વૈભવ' પૃ.૧૭૩-૪)

આ ઉપરાંત 'આવસ્સય સિત્તરિ' 'વણસ્સઈ સિત્તરિ' અને 'અંગુલસિત્તરિ' આ ત્રણ ગ્રંથો પણ આ. મુનિસુંદરસૂરિજીના નામે ચડ્યા છે. પણ વાસ્તવમાં આ ત્રણેય કૃતિઓ આ. મુનિચન્દ્રસૂરિની છે.

આવી જ રીતે 'તપાગચ્છપટ્ટાવલી' 'શાંતરસરાસ' 'પંચદર્શન સ્વરૂપ' 'ષડ્ભાષાસ્તવ' 'શાંતિનાથ ચરિત્ર' 'નરવર્મ ચરિત્ર'[૨] ના કર્તા તરીકે પણ આ. મુનિસુંદરસૂરિજીનો ઉલ્લેખ ક્યાંક ક્યાંક મળે છે પણ એના ચોક્કસ પ્રમાણો મળ્યા નથી.

---

૧. હીરાલાલ કાપડિયાની ભૂમિકા પૃ. ૭૦. તપગચ્છકા ઈનિ. પૃ. ૩૫

૨. જિનરત્નકોશ પૃ. ૨૦૫, હીરાલાલ કાપડિયાની ભૂમિકા પૃ. ૬૭ થી. તપાગચ્છા કા ઇતિ. પ.૩૫

ઉપરોક્ત ૯ માંથી છેલ્લું 'સ્તોત્ર દશક' અપ્રગટ છે. જિન સ્તોત્ર રત્નકોશનો પ્રથમ પ્રસ્તાવ જ પ્રગટ થયો છે. (આગળના પ્રસ્તાવ પ્રાયઃ મળતાં નથી.) 'ત્રિદશતરંગિણી ગ્રંથ પણ પૂર્ણ મળતો નથી. આ ગ્રંથનું જે વર્ણન મળે છે તે જોતાં આ ગ્રંથ બેનમૂન હશે. વિજ્ઞપ્તિપત્રોમાં અને ઐતિહાસિક ગ્રંથોમાં એનું અનેરું મૂલ્ય છે. આ ગ્રંથની રચના ગચ્છાધિપતિ આ. દેવ સુંદરસૂરિજી ઉપર પર્યુષણ પર્વપ્રસંગે વિજ્ઞપ્તિ પત્ર તરીકે થયેલી. ૧૦૮ હાથ લાંબા આ પત્રમાં પ્રાસાદ, પદ્મચક્ર, ષટ્કારક, ક્રિયાગુપ્તક વગેરે ૩૦૦ જેટલા બંધ, અનેક ચિત્રાક્ષર, ધ્વ્યક્ષર આદિ વિશિષ્ટતાવાળા સ્તોત્રો, સેંકડો ચિત્રો, હતા, એમાં ૧૦૮ ચીટ્ઠીઓ ચોંટાડવામાં આવી હતી. એના પ્રથમ સ્ત્રોતનું નામ 'જિનાદિ સ્તોત્રરત્નકોશ' અથવા 'નમસ્કાર મંગલ' હતું. ત્રીજા સ્તોત્રનું નામ 'ગુરુ પર્વ વર્ણન રાખેલું.[૧]

આ ગ્રંથનું નામ ત્રિદશતરંગિણી (દેવ ગંગા) છે. ગ્રંથકારે પોતાના હૃદયને હિમવત્ પર્વતની ઉપમા આપી છે. પર્વત ઉપર હ્રદ હોય એમાંથી નદી નિકળે એમાં તરંગો હોય, આ ગ્રંથના વિભાગો પણ આ રીતે ગોઠવ્યા છે.[૨] દરેક સ્ત્રોતમાં મહાહ્રદ છે. ત્રીજા સ્ત્રોતનું મહાહ્રદ 'ગુર્વાવલી' નામનું છે.[૩] ગુર્વાવલીના છેડે ૬૧મો તરંગ પૂરો થયાનો ઉલ્લેખ છે.

---

૧. જિનવર્ધનગણિકૃત 'પટ્ટાવલી', હર્ષભૂષણગણિ રચિત 'અંચલમત દલન પ્રકરણ', 'તપાગચ્છપટ્ટાવલી' ધર્મસાગર ઉપા. કૃત.

૨. હીરાલાલ કાપડિયા લખે છે કે – ''આ કૃતિ સંપૂર્ણ – પણે કોઈ સ્થળે મળતી હોય એમ જણાતું નથી. જૈનાનંદ પુસ્તકાલયની ક્રમાંક ૨૩૭ની હાથપોથીમાં 'સ્તવપંચવિંશતિકા' સુધીનો જ ભાગ છે. અહીંના અણસુરગચ્છના ભંડારની એક હાથપોથી (ક્રમાંક ૫૭૫) માં સંપૂર્ણ 'વર્તમાન ચતુર્વિંશતિ સ્તવ – ચતુર્વિંશતિકા' નામનું હ્રદ છે. ફક્ત પહેલું પત્ર નથી અને એથી પ્રથમનાં નવ નવ પદ્યોવાળા ત્રણ તરંગ અને ચોથાના સાડાચાર પદ્યો (કુલ્લે ૩૧॥ પદ્યો) ખૂટે છે. (જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ખં. ૨, ઉ. ૧, પૃ ૪૭૭)

મુનિરાજ શ્રી ધુરંધર વિજયજી મ.સા. ના કહેવા મુજબ ત્રિદશ તરંગિણી પ્રથમ સ્ત્રોતની હ. લિ. પ્રત પાટણ હેમચન્દ્રાચાર્ય જ્ઞાનભંડારમાં છે.

૩. આ કૃતિ ૪૯૬ પદ્યાત્મક છે. યશો વિ. ગ્રંથમાળામાંથી વિ. સં. ૧૯૦૫ માં પ્રસિધ્ધ થયેલી આ કૃતિનું તાજેતરમાં જિનશાસન આ. ટ્રસ્ટ તરફથી પુનર્મુદ્રણ થયું છે.

ઉપદેશ રત્નાકર

ગ્રંથના નામકરણની વિવિધ પદ્ધતિઓ છે. ગ્રંથને માળા (ઉપદેશ માળા), પ્રાસાદ (ઉપદેશ પ્રાસાદ), નદી (ત્રિદશ તરંગિણી), કલ્પવૃક્ષ (અધ્યાત્મકલ્પદ્રુમ) રત્નાકર (સ્યાદ્વાદરત્નાકર) આદિ ઉપમાઓ આપી નામકરણ કરવાની પદ્ધતિઓ પ્રચલિત છે.

પ્રસ્તુત ગ્રંથનું નામ 'ઉપદેશરત્નાકર' રાખવામાં આવ્યું છે.[૧] રત્નાકર તરીકે અહીં લવણ સમુદ્રની કલ્પના ગ્રંથકારશ્રીના મનમાં છે. લવણસમુદ્રમાં પહેલા જગતી, ૯૫૦૦૦ યોજનનો પૂર્વતટ, ૧૦,૦૦૦ યોજનનો શિખાવાળો મધ્યમભાગ અને ૯૫૦૦૦ યોજનનો અપરતટ, આ રીતનું વિભાગીકરણ જાણીતું છે.

પ્રસ્તુત ગ્રંથમાં પણ પીઠિકા રૂપ જગતી, પૂર્વતટ, મધ્યતટ, અપરતટ, દરેક તટમાં અંશો અને તરંગો આ રીતે વિભાગીકરણ કર્યું છે.

આ ગ્રંથનું સર્વપ્રથમ પ્રકાશન વિ. સં. ૧૯૬૪ માં 'જૈન વિદ્યા પ્રસારક વર્ગ' તરફથી (બીજા અંશના છઠ્ઠા તરંગ સુધી મૂળ, સ્વોપજ્ઞટીકા અને ભાષાંતર સાથે) થયું હતું. ત્યાર પછી શ્રીમાન્ આનંદસાગરસૂરિજી મ.સા. ના પ્રયત્નોથી વિ. સં. ૧૯૭૧ માં દેવચંદ લાલભાઈ (સૂરત) તરફથી સ્વોપજ્ઞટીકા સાથે પૂર્વતટ અને મધ્યતટ સુધી આ ગ્રંથ પ્રકાશિત થયો હતો.[૨]

પ્રકાશિત થયેલા આ ગ્રંથના છેડે ટીકા માં (પત્ર ૨૩૧) ગ્રંથકારશ્રીએ લખ્યું છે કે 'અથ અપરતટઃ । અપરતટં સુગમત્વાન્ન વિવ્રિયતે ।' આનો સ્પષ્ટ અર્થ એ જ થાય કે ગ્રંથકારશ્રીએ અપરતટની રચના કરી છે. પરંતુ સુગમ હોવાથી એની ટીકા કરી નથી. શ્રીમાન્ સાગરજી મ. એ ઉક્ત દે. લા. પ્રકાશનના સંસ્કૃત ઉપોદ્ઘાતમાં આ વાત જણાવી જ છે. પણ ત્યારે 'અપરતટ' ક્યાંયથી મળ્યો નહીં એટલે મધ્યતટ સુધી જ પ્રકાશન થયું.

આ પછી સૂરત અણસુરગચ્છના ઉમરવાડી પાર્શ્વનાથ જિનાલયસ્થિત ભંડારમાંથી ઉપદેશરત્નાકરના મૂળ પદ્યોવાળી પ્રત શ્રીમાન્ સાગરજી મ. ને મળી આવી. આ પછી વિ. સં. ૨૦૦૫માં જૈન પુસ્તક પ્રચારક સંસ્થા તરફથી 'ઉપદેશ રત્નાકર' (પીઠિકા સિવાયનો) મૂળ ગ્રંથ અને શ્રી ચંદનસાગરજી મ.

---

૧. 'પ્રારભ્યતે સ્વલ્પધિયાડપિ તેનોપદેશરત્નાકર નામ શાસ્ત્રમ્' પીઠિકા શ્લો. ૨૧.

૨. આનું જ પુનર્મુદ્રણ વિ.સં.૨૦૪૫માં જિનશાસન આરાધના ટ્રસ્ટે કર્યું છે.

કૃત ભાવાનુવાદ પુસ્તકાકારે પ્રસિધ્ધ થયા. આમ અપરતટ સર્વપ્રથમ આ સંસ્કરણમાં પ્રસિધ્ધ થયો.

પ્રસ્તુત ગ્રંથના ૩૯૧ અને અપરતટના ૫૬ મળી કુલ ૪૪૭ પદ્યો છે. એમાં ૨૩૪ સંસ્કૃતમાં ૨૧૩ પ્રાકૃતમાં છે. ટીકાનું ગ્રંથાગ્ર ૭૬૭૫ શ્લોક પ્રમાણે છે.

'ઉપદેશ રત્નાકર' ખરેખર અનેક મનોરમ વિષયોનો સાગર છે. વિદ્વાનોને જ નહીં કથારસિકોને પણ રસ પડે એવા સેંકડો દૃષ્ટાંતોથી[૧] સભર છે. ચરણકરણ અને દ્રવ્યાનુયોગની પણ અનેક બાબતો અહીં છે.

ગ્રંથકારશ્રી પોતે જ ગ્રંથવિષે લખતાં (પિઠિકા. ૨૪) જણાવે છે કે–

एकाहिकागमगभीर फलैतदन्य
मिथ्यात्विभद्रकबुधेतर योग्यताद्यैः ।
भेदैस्ततो नवनवैः सुकृतोपदेशान्
वक्ष्ये बहूनिह परप्रतिबोधसिद्धयै ।।२४।।

આ ગ્રંથમાં એક દિવસમાં વ્યાખ્યાન યોગ્ય, દિવસોમાં વ્યાખ્યાન યોગ્ય, આગમો અને પ્રકરણાદિના અર્થરૂપ, મિથ્યાત્વી, ભદ્રક અને પંડિતોને યોગ્ય નવા નવા ઘણા ઉપદેશો કહેવામાં આવશે.

ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી તપગચ્છપટ્ટાવલીમાં લખે છે **चातुर्वैद्य वैशारद्य उपदेशनिधिरुपदेशरत्नाकर** અનેક પ્રકારની ચાતુરાઈની વાતો આ ગ્રંથમાં છે. અહીં ગુરુના ૪ પ્રકારો, ૮ પ્રકારો, ૧૬ પ્રકારો છે. આચાર્યના ૪, ધર્મના ૫, અને મત્સ્યના ૫ પ્રકારોનું વર્ણન છે. હાથીના ૧૫, સિંહના ૭ ગુણોનું વર્ણન છે. એ ઉપરાંત વૈદક, સુવર્ણસિધ્ધિ, ઔષધિઓ, અંજનો, ગુટિકાઓ વ. ના વર્ણન, રંગની સમજણ વગેરે અનેક બાબતોનો ઉલ્લેખ છે.

ટીકાની ભાષા સરળ, સુબોધ, છતાં પ્રાસાદિક અને અર્થગંભીર છે. બે–ત્રણ દેશ્ય શબ્દોને બાદ કરતાં ટીકા સંપૂર્ણ સંસ્કૃતમાં છે. ગ્રંથકારશ્રીનું સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓ ઉપર અસાધારણ પ્રભુત્વ છે. પદલાલિત્ય મજાનું છે. છંદ અને અલંકાર વિષે ઉંડુ જ્ઞાન તેઓ ધરાવે છે.

ગ્રંથકારશ્રીએ ક્યારેક નામોલ્લેખપૂર્વક અને ક્યારેક ઉલ્લેખ વિના ગ્રંથાંતરના શ્લોકો આદિ લીધા છે.

---

૧. 'દૃષ્ટાન્ત શતૈર્બહુધોપદર્શિતં' મધ્યતટના અંતે ટીકા

અપરતટ અંશ ૮, પદ્ય ૧૫ થી ૧૮, ૨૯ આ છ પદ્યો 'પઉમચરિયં'માંથી લીધાનું જણાવ્યું છે પણ પાછળના બે (૨૮,૨૯) પદ્યો વર્તમાનમાં પ્રકાશિત 'પઉમચરિયં'માં જોવામાં આવતા નથી.[૧] (વિદ્વાનોએ આ બાબત તપાસ કરવી જોઈએ.)

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરની કૃતિઓનો પ્રારંભ ऐं થી થતો હોય છે તેમ આ. મુનિસુંદરસૂરિજીની મોટા ભાગની કૃતિઓ 'જયશ્રી' કે 'જયસિરિ' થી શરૂ થાય છે. પ્રસ્તુતગ્રંથના અંશો પણ આ રીતે શરૂ થાય છે. આવા 'જયસિરિ' થી શરૂ થતાં ૨૪ પદ્યો આ ગ્રંથમાં છે. ટીકાના અંતે ગ્રંથકારશ્રીએ 'જયશ્ચડકે શ્રી ઉપદેશરત્નાકરે' એમ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો જ છે.

'સંતિકરં'ની પહેલી ગાથામાં 'જયસિરીઈ' પદ છે જ.

પ્રસ્તુત સંસ્કરણ અનેક રીતે અનોખું છે. આજ સુધી મૂળ ઉપદેશરત્નાકરની બધી કારિકાઓ કોઈ સંસ્કરણમાં પ્રસિધ્ધ થઈ નથી. અહીં સર્વપ્રથમ ત્રણેય તટો સાથેનો સંપૂર્ણ મૂળ ગ્રંથ ટીકાના અનુવાદ સાથે પ્રસિધ્ધ થઈ રહ્યો છે. અપરતટ સુગમ હોવાથી જો કે ગ્રંથકારે તેના ઉપર ટીકા બનાવી નથી પણ એની કારિકાનો સુંદર ભાવાનુવાદ મુનિરાજશ્રી ચંદનસાગરજી મ. એ કરેલો છે. જો કે અહીં આપવામાં આવેલ સરલ ભાવાનુવાદ દક્ષિણ કેસરી આ.ભ.શ્રી.વિ.સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ના વિદ્વદ્વર્ય વિનયી શિષ્યરત્ન મુનિશ્રી કલ્પયશ વિજયજીએ કરેલો આપવામાં આવ્યો છે. આમ આ ગ્રંથના પ્રકાશનથી ગુજરાતી ભાષાના જાણકારો પણ ઉપદેશરત્નાકરના પદાર્થોના મર્મને જાણવા ભાગ્યશાળી બને છે. સહુ આ ગ્રંથનું અધ્યયન કરી આત્મકલ્યાણને વરે એ જ મંગળ કામના.

કારતક સુદ ૧૩પૂ. આ. ભ. શ્રી ભદ્રસૂરીશ્વરજી મ.સા. ના વિનેય
વિ. સં. ૨૦૫૭ પૂ. મુનિરાજ શ્રી જિનચન્દ્ર વિ. મ.સા. ના શિષ્ય
આ. વિજય મુનિચન્દ્રસૂરિ

આ. ઉંકારસૂરી ધર્મોધાન
શ્રી વાવપથક જૈન ધર્મશાળા
તલેટી રોડ, પાલીતાણા – ૩૬૪૨૭૦

૧. હીરાલાલ કાપડિયાની 'ભૂમિકા' (પૃ. ૫૩)

.....ફૂલ નહિ ફૂલની પાંખડી.....

શ્રોત્રં શ્રુતેનૈવ ન કુણ્ડલેન, દાનેન પાણિ ન તુ કંકણેન,

વિભાતિ કાયઃ ખલુ સજ્જનાનામ્ પરોપકારેણ ન ચંદનેન...

જીવનમાં ક્યારેક એવી પળ આવતી હોય છે કે ન કલ્પેલી નહિ વિચારેલી અસંભવ વસ્તુ સંભવ બની જાય છે.

મહાજ્ઞાની પરોપકારૈક લક્ષી, વિદ્વજ્જનપૂજ્ય મુનિસુંદરસૂરિવિરચિત આ ઉપદેશરત્નાકર ગ્રંથને સંવત ૨૦૫૨ માં મદ્રાસ (ચેન્નઈ) આરાધના ભુવનના ચાતુર્માસ દરમ્યાન, પરોપકારી, વાત્સલ્યવારિધિ, કરૂણાનિધિ, પ્રશાંતમૂર્તિ, નાકોડા અવન્તિ ૧૦૮ પાર્શ્વતીર્થધામ વિક્રમ સ્થૂલભદ્ર વિહાર, શ્રી પાર્શ્વ લબ્ધિધામ, સિધ્ધાચલ સ્થૂલભદ્ર ધામ, શ્રી ચંદ્રપ્રભ લબ્ધિધામ, આદિ અનેક તીર્થ, જિનમંદિર સ્થાપક, પ્રેરક, ઉધ્ધારક, લબ્ધિ-વિક્રમ પટ્ટાલંકાર દક્ષિણકેશરી પૂ.ગુરૂદેવ શ્રી આ.ભ.સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા લઈ વાંચન માટે શરૂઆત કરી વાંચતાં વાંચતાં ચંદ્રદર્શને સાગર, મેઘ દર્શને મયૂર જેમ હર્ષાન્વિત બને છે અને પોતાની કળા બતાવે છે, આનંદ અનુભવે છે, તેમ હૃદય હર્ષના હિલોળે હીંચવા લાગ્યું. મનમાં વિચાર સ્ફુર્યો કે સંપત્તિ દુઃખમાં કે કોઈ કઠીનાઈમાં સાથ આપતી નથી. સગા, સ્નેહી, સંબંધી સઘળા અશરણભૂત છે. સત્કર્મ સદ્સ્વાધ્યાય પરલોકમાં સાથ આપી આત્મહિતકર બનનાર છે.

પ્રભુવીરનું એક વચન સાંભળી રોહિણીયો ચોર, ચંડકૌશિકાદિ તરી ગયા, જંબુસ્વામિનો ઉપદેશ સાંભળી પ્રભવચોર સંયમી બની ગયા, વિદ્યાચારણમુનિના ઉપશમ, વિવેક અને સંવર રૂપમાત્ર ત્રણ શબ્દથી ચિલાતીપુત્ર સમતાભાવમાં આવી આત્મબાજી જીતી ગયા તો રત્નનીખાણ સમાન આ ગ્રંથમાં ઉપદેશેલા તત્ત્વો... સાધુ વિ.નું યોગ્યાયોગ્યપણું, ગુરૂશિષ્યનું યોગ્યાયોગ્યપણું, ધર્મમાટે કોણ યોગ્ય-અયોગ્ય, ક્રીય-અક્રિય, પ્રમાદિ-અપ્રમાદી, જ્ઞાની-અજ્ઞાની, સમ્યક્ત્વી-મિથ્યાત્વી, ધર્મશ્રવણ યોગ્ય-અયોગ્ય કોણ આદિ અનેક બાબતો, ચાર પ્રકારના ઘડા, લાડુ, શેરડી (ઉસ,ગુન્ના), ગિરિશિખર, નીક, ખારી, કાળી જમીન આદિ અને દૃષ્ટાંતો અને બોધદાયક કથાસભર ગ્રંથનો ગુર્જરાનુવાદ

થાય તો અનેક બાલજીવોને ઉપકારક બની રહે તે માટે પગથી પંગુની જેમ અજ્ઞ એવા મેં અરણ્ય ઉતરવાનો અને મેરૂપર્વત ઉલ્લંઘવાનો પ્રયત્ન શરૂ કર્યો. જે ગુરૂકૃપા-દૃષ્ટિ વિના શક્ય ન બને. જે શક્ય બન્યું છે તે ગુરૂકૃપાના બળે જ શક્ય બન્યું છે...

હું કોઈ વિદ્વાન નથી, લેખક નથી કે કોઈ મોટો કવિ કે શાયર પણ નથી, કરોળિયો જેમ જાળું રચી લે છે. સુઘરી જેમ પોતાનો માળો રચી લે છે. ઉષાકાલનો સૂર્ય જેમ પૃથ્વીને સુવર્ણમય બનાવી દે છે. ચંદ્ર જેમ ચાંદનીને પૃથ્વીપર વેરી રુપ્યમય બનાવી દે છે. તે રીતે કલમરૂપી ઘોડાએ પૃથ્વીરૂપ કાગળપર દોડવા માંડયું અને ગુર્જરાનુવાદ રચાઈ ગયો.

ક્યારેક ક્યારેક વિષમતા આવતી ત્યારે ત્યારે પૂ.ગુ.મ.પાસે દોડી જતો કૃપાવતાર પૂ.ગુ.મ. દીવાદાંડીની જેમ માર્ગદર્શક બની મહાન ઉપકારક બની જતા, શાસન પ્રભાવક વિદ્વદ્વર્ય પૂ.આ.ભ.મુનિચંદ્રસૂરિ મ.સા. પોતાનો અમૂલ્ય સમય આપી ગ્રંથને આદ્યંત દૃષ્ટિ પથમાં લાવી યોગ્ય લાગે ત્યાં ત્રુટીને અત્રુટી રૂપ કરી આપવાની કૃપાકરી છે. સાથે પ્રસ્તાવના લખી આપી ગ્રંથનું ગૌરવ વધાર્યું છે. તે તેમની ઉદારતાની ભૂરિ ભૂરિ અનુમોદના કરતા સંતોષ અનુભવું છુ.

ગ્રંથવાચનમાં અને કઠીન પ્રાકૃત શ્લોકોને બેસાડવામાં સહાયક બનનાર જ્ઞાનરસિક, વર્ધમાન તપ આરાધક, સ્વાધ્યાયમગ્ન લઘુગુરૂબંધુ આચાર્ય અમિતયશસૂરિજી ને કેમ ભૂલાય ?

અંતમાં અનેક મહાપુરૂષોએ અનેક ગ્રંથોની રચનાકરી જિનશાસનની સુવાસને પ્રસરાવી છે. તેમાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપ, સૂર્ય નહિ તો સૂર્યના એક કિરણરૂપ આ 'ઉપદેશરત્નાકર' ગ્રંથના ગુર્જરાનુવાદનો સહુજન વાંચન દ્વારા આત્મશ્રેયને સાધે...

એજ અભ્યર્થના

ગુરૂ પાદપદ્મરેણુ...

આ. કલ્પયશ સૂરિ...

સ્વાધ્યાય સમો નત્થિ તવો

જે સાકરમાં મીઠાશ નહિ તે સાકર કેવી ?
જે પુષ્પમાં સુવાસ નહિ તે પુષ્પ કેવું ?
જે દીપમાં જ્યોત નહિ તે દીપ કેવો ?
જે જીવનમાં સ્વાધ્યાય નહિ તે જીવન કેવું ?
જે આહારથી ક્ષુધા મીટે નહિ તે આહાર કેવો ?
જે પાણીથી તૃષા છીપે નહિ તે પાણી કેવું ?
જે સ્વાધ્યાયથી મિથ્યાત્વ જાય નહિ તે સ્વાધ્યાય કેવો ?

કેવી મજાની વાત કરી છે. આત્મગુણ વિકસાવે, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવે, અને સિધ્ધતાના શિખરે ચઢાવે, તે સ્વાધ્યાય...

તે માટે આ.શ્રી મુનિસુંદરસૂરિ વિરચિત 'ઉપદેશરત્નાકર'ની સાચી વાત કરીએ તો તે ગ્રંથ મિથ્યાત્વને હટાવનાર, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને કર્મનિર્જરા નું પરમકારણ બનનાર, મુક્તિના સોપાન સિધ્ધ કરાવનાર મહાઉપકારક ગ્રંથ છે. તેનો ગુર્જરઅનુવાદ પ્રગટ કરતાં અતીવ આનંદ થાય છે.

સ્વાધ્યાય એક સાધના છે. સાધનાથી સિધ્ધિ પ્રાપ્ત થાય છે. માનવજન્મ પામીને સાધન પાછળ દેવદુર્લભ માનવજીવન નિષ્ફળ ન બનાવતાં સાધના દ્વારા જીવનને સફળ બનાવવા એક સ્વાધ્યાય જ અમોઘ રામબાણ ઔષધ છે.

સ્વાધ્યાય એટલે બહિર્ભાવ ત્યજી આત્મભાવમાં રમણતા કરવી, બાહ્યદુનિયા વિસરી અભ્યંતર દુનિયામાં સંચરણ કરવું, અજ્ઞાન ટાળી જ્ઞાન પ્રાપ્ત કરવું, પ્રમાદટાળી અપ્રમત્ત બનવું, અશુભધ્યાનમાંથી શુભધ્યાનમાં આવવું, કર્મબંધનના નિમિત્તથી છૂટી કર્મનિર્જરાના હેતુમાં આવવું.

જિનેશ્વર ભગવંતે ઉપદેશેલા નવતત્ત્વ, ષટ્દ્રવ્ય, લોક-અલોક, સપ્તનય, સપ્તભંગી, નિશ્ચય, વ્યવહાર આદિની વિચારણામાં તન્મય બનવું.

એવા આ આત્મહિતકર, આત્મબોધક ઉપદેશરત્નાકરનો ગુર્જરાનુંવાદ અબુધ યાને બાલજીવો ઉપર ઉપકાર થાય તે હેતુથી દક્ષિણ કેશરી પૂ.આ.ભ. સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ના તપસ્વી, કવિરત્ન,વિનયી શિષ્યરત્ન આ.ભ.શ્રી.

વિ.કલ્પયશસૂરીશ્વરજી મ.સા. નિજ સ્વાધ્યાય માટે કરેલ ગુર્જરાનુવાદ પ્રગટ કરવાનો અમૂલ્ય અવસર અમોને પ્રાપ્ત થયો છે. તેની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

આ પૂર્વે પણ પૂ.મુનિશ્રીએ વીતરાગ સ્ત્રોત્રનો અર્થસહિત કાવ્ય અનુવાદ, હરીભદ્રસૂરિ રચિત ષોડ્શકનો ગુર્જરાનુવાદ, જિનભક્તિ ગીતો, સજઝાયો, સંવાદો, મનનીય આત્મચિંતન સુવાક્યો આદિની પુસ્તક રૂપે સંકલના કરી છે. તેમાં લોકોનો સારો પ્રતિભાવ પ્રાપ્ત થયો છે.

પ્રસ્તાવનારૂપે **'હૈયું બોલે છે'** લખી આપી. દક્ષિણ કેશરી પૂ.આ.ભ. શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા. તેમજ અનેક સંદર્ભો સાથે **પ્રસ્તાવના** લખી આપનાર પૂ.આ.ભ.શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા. **"ફૂલ નહિ ફૂલની પાંખડી"** કંડારી આપી પૂ.આ.ભ.શ્રી વિ.કલ્પયશસૂરીશ્વરજી મ.સા. ગ્રંથનું ગૌરવ વધાર્યું છે.

શ્રુતભક્તિમાં દાનનો પ્રવાહ વધારનાર શ્રુતભક્તો અભિનંદનને પાત્ર છે.

અથ થી ઈતિ સુધી સંપૂર્ણ ગ્રંથને સુશોભિત રૂપે તૈયાર કરનાર મુદ્રક સિધ્ધચક્ર ગ્રાફીક્સનું અભિવાદન કરીએ છીએ.

આ ઉપદેશરત્નાકરનો ગુર્જરાનુવાદ પ્રગટ કરવાનો લાભ પણ જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.ભ.શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ના સંયમ શતાબ્દિ વર્ષ એવં દક્ષિણ કેસરી પૂ.આ.ભ. સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ના અર્ધશતાબ્દિ સંયમસુવર્ણ મહોત્સવ અને મુનિશ્રી કલ્પયશવિજયજી મ.સા.ની ૯૬મી ઓળીના આલંબને મળ્યો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

પ્રાંતે બાહ્યપ્રકાશક સૂર્યની જેમ અભ્યંતર પ્રકાશક ઉપદેશ રત્નાકરના ગુર્જરાનુવાદના સ્વાધ્યાય વાંચન દ્વારા સૌજન્ય, ઔચિત્ય, ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષાદિ ગુણના માલિક બની સહુ કોઈ સન્માર્ગને પ્રાપ્ત કરી શાશ્વતસુખના ભોક્તા બનો એજ...

અંતરમનીષા.....

લી. શ્રી જૈન શ્વેતામ્બર મૂ.પૂ.ટ્રસ્ટ ગાંધીનગર,

બેંગ્લોર

એક નજર

દિવ્યાશિષ

આત્મ-કમલ-લબ્ધિ-વિક્રમસૂરીશ્વરજી મ.સા.ની અદૃશ્ય આશિષે આંતર-ભૂને ફળદ્રુપ બનાવી છે.

કૃપાવર્ષા

બૃહત્તીર્થસ્થાપક અનેક જિનમંદિર પ્રેરક, દક્ષિણ કેસરી આ.ભ.શ્રી.વિ. સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ની અનવરત કૃપાવર્ષાએ ભાષાંતરકર્તાની હૃદય ભૂને નવપલ્લવિત કરી. તેમાં ખીલેલા ચિંતન-મનનના પુષ્પોએ પુસ્તકને સુવાસિત બનાવ્યું છે. અને તેઓશ્રી એ પ્રથમ ભાગમાં "હૈયું બોલે છે" લખી આપી હૃદયની વિશાળતા અને સ્વાધ્યાયની મહત્તા પ્રગટ કરી છે...

ગુણમ્હેંક

સંઘ એકતાના શિલ્પી પૂ. ૐકારસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના વિદ્વદ્વર્ય મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા.એ સંમાર્જના કરી આપી પુસ્તકને ગૌરવવંતુ બનાવ્યું છે. અને પ્રથમ ભાગમાં પ્રસ્તાવના લખી આપી ઔદાર્યગુણની મ્હેંક પ્રસરાવી છે.

પરમ ઔષધ

દક્ષિણ કેશરી આ.ભ.શ્રી. વિ. સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ના કવિરત્ન, તપસ્વી વિનયી શિષ્યરત્ન પૂ.આચાર્ય શ્રી કલ્પયશસૂરીશ્વરજી મ.સા. કર્મનિર્જરાનું રામબાણ ઔષધ ભેટ ધર્યું છે. અને પ્રથમ ભાગમાં "ફૂલ નહિ ફૂલની પાંખડી" લખી આપી. અગાધ જ્ઞાનના દરિયામાંથી બિંદુનું પણ બિંદુ અર્પણ કર્યાનો એકરાર કર્યો છે.

શુભ ભાવના

વિદૂષીરત્ના, પ્રવર્તિની સા.શ્રી સુભદ્રાશ્રીજી મ.સા.ની શિષ્યરત્ના પિયૂષપૂર્ણાશ્રીજી મ. એવં કાવ્યરત્નાશ્રીજી મ.સા. સ્વચ્છ સુંદર અક્ષરે પ્રેસ મેટર તૈયાર કરી આપી સંયમજીવનના અલંકારરૂપ સ્વાધ્યાય પરની શુભભાવનાનું દર્શન કરાવ્યું છે.

આંતર રુચિ

આ ઉપદેશ રત્નાકરના બન્ને ભાગમાં દ્રવ્ય સહાયક રૂપે પુણ્યશાળીઓએ અસ્થિર લક્ષ્મીને શ્રુતભક્તિમાં જોડી સમ્યગ્જ્ઞાન પ્રત્યેની આંતરરુચિને પ્રગટ કરી છે.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

બન્ને ભાગના
શ્રુત ભક્તિકારક-મહાનુભાવ

મુખ્ય અનુમોદક

શ્રી જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ કલિકુલકીરિટ પૂ.આ.ભ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ના સંયમ-શતાબ્દિ વર્ષની એવં પૂ.મુ.શ્રી કલાપૂર્ણ વિજય મ.સા.ની સંયમ આરાધનાના ૨૫ વર્ષની પૂર્ણાહુતિની અનુમોદનાર્થે

✶ લબ્ધિ ગુરૂભક્ત.....બેંગ્લોર

卐

પ.પૂ.તપસ્વી મુનિશ્રી કલ્પયશ વિજય મ.સા. (વર્તમાન આચાર્ય) ના એવં પૂ.મુનિશ્રી કલાપૂર્ણ વિજય મ.સા.ના વિ.સં. ૨૦૫૮ના ભવ્ય ચાતુર્માસમાં અમારા પરિવારમાં થયેલ વિવિધ તપસ્યાની અનુમોદનાર્થે....

✶ સુમનલાલ જે. શાહ... કોઈમ્બતુર

હા. જશવંતભાઈ એમ. શાહ

અનુમોદક

દક્ષિણ કેશરી બૃહત્ તીર્થસ્થાપક પૂ. આ. ભ. શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રવર્તક પૂ.મુ.શ્રી કલાપૂર્ણ વિ.મ ના સંયમ આરાધનાના ૨૫ વર્ષની પૂર્ણાહુતિ એવં વ.ત. ની ૧૦૦ + ૧૬ ઓળીની અનુમોદનાર્થે.....

✶ લબ્ધિ ગુરૂભક્ત પરિવાર (પૂના)

✶ દિલિપકુમાર નિહાલચંદજી પૂનમીયા બેંગ્લોર, (ખુડાલા)

✶ ચંદાબાઈ જાવંતરાજજી બાફણા પરિવાર... બેંગ્લોર

હ. સંપત્તરાજજી બાફના

અનુમોદક, શુભેચ્છક એવં સહાયક

卐 卐 卐

દક્ષિણ કેશરી બૃહત્ તીર્થસ્થાપક પૂ.આ.ભ.ના તપસ્વી શિષ્યરત્ન કલ્પયશવિજયજી મ.સા.ની આચાર્ય પદવી એવં વર્ધમાન તપની ૯૭મી ઓળીની અનુમોદનાર્થે...

* પૂર્ણિમા નોવેલ્ટી - પ્રવિણચંદ્ર રતિલાલ શાહ - બેંગ્લોર, (રાધનપુર)
* દામજીભાઈ તેજશીભાઈ વીરા - વટડા-કચ્છ, બેંગ્લોર
* જુગરાજજી પ્રેમચંદજી જૈન (જે.પી.જૈન) - બેંગ્લોર

શુભેચ્છક

* પટેલ પ્રભુદાસ બહેચરદાસ, હ. શાન્તાબેન પી. પટેલ, વિનોદકુમાર એવં નીતિનકુમાર (ચાણસ્મા-ગુજરાત)
  પ્રવર્તિની પૂ.સા.શ્રી સુભદ્રાશ્રીજી મ.સા.ની સંયમ અનુમોદનાર્થે
  પ્રેરક :- સા.શ્રી કાવ્યરત્નાશ્રીજી મ.સા.
* મહેન્દ્રભાઈ પોપટલાલ મહેતા - અમદાવાદ (ઈડર)
* શ્રીમતિ વિમળાબેન દલપતભાઈ શાહ - બેંગ્લોર (ડીસા)
* કમલાદેવી પન્નાલાલ કટારિયા - બેંગ્લોર (રૂણ-રાજ.)
* પ્રભાબેન સેવંતિલાલ કુરિયા - કોઈમ્બતુર (ઉણ-ગુજ.)
  હા. કમલેશભાઈ એસ. કુરિયા
* શાહ પ્રતાપચંદજી પેરાજી રામસીણ, હા. તારાચંદજી પ્રતાપચંદજી - બેંગ્લોર
* જુગરાજજી મિશ્રિમલજી તલાવટ (ગોલ)
  હા. શાન્તિલાલ એન્ડ કું. - સેલમ

સહાયક

* કાન્તાબેન મહાસુખલાલ સુખમલ પરિવાર - રાધનપુર (ગુજરાત)
* વિદૂષીરત્ના પ્રવર્તિની સા. સુભદ્રાશ્રીજી મ.ની તપસ્વીની શિ.સા.શ્રી મુક્તિયશાશ્રીજી મ.ની તથા માતૃશ્રી ઈન્દીરાબેનની વ.ત.ની ૧૦૮ ઓળીની અનુમોદનાર્થે
  હ. સનત્કુમાર એવં કેતનકુમાર - ઈડર (ગુજરાત)

श्री लब्धि विक्रम स्थूलभद्रपट्टालंकार पूज्य आचार्यदेव श्री **कल्पयश सूरीश्वरजी म.सा.** वर्धमान तपोनिधि प्रवर्तक पू.मु.श्री **कलापूर्ण विजयजी म.सा.** की निश्रामें मदुर श्री संघ में ऐतिहासिक प्रतिष्ठा महोत्सव दिनांक १९-६-२००३ को संपन्न हुआ इस अनुमोदनीय पावन प्रसंग की स्मृति में ''शुभेच्छक'' के रुप में श्रुतभक्ति का दोनुं भाग में लाभ लेनेवाले भाग्यशाली

श्रीमति स्व. पिस्तादेवी की पुण्य स्मृति में जे. शांतीलालजी महावीरचंदजी, भरतकुमारजी, महेन्द्रकुमारजी, किशनलाल, प्रकाशचंद रांका मदुर महावीर बैंकर्स, मदूर.

भाई स्व. श्री जवरीलालजी स्व. ध.प.कंचनदेवी रांका की स्मृति में उनके सुपुत्र भरतकुमारजी, महेन्द्रकुमारजी, किशनलाल, प्रकाशचंद रांका मदुर महेन्द्र ज्वेलर्स, मदुर

श्रीमति सुशीलादेवी धर्मीचन्दजी
विनोदकुमारजी, गणपतराजजी, संभवकुमारजी रांका
मदुर महावीर ज्वेलर्स, एवं महावीर फाईनेन्स बेंग्लोर
फोन.: २३२३९०, २२६२३९८

श्रीमति कमलादेवी
नेमीचन्दजी दिनेशकुमारजी यशवंतकुमारजी,,
मुकेशकुमारजी, वर्धमानकुमारजी रांका
मदुर

श्रीमान शा सम्पतराजजी
चेतनकुमारजी मरलेचा
कर्नाटका केमिकल्स, बेंग्लोर

श्रीमान शा माणकचन्दजी
गौतमचन्दजी प्रकाशचन्दजी रांका
मदुर

स्व. श्रीमति पानीबाई
जुगराजजी रांका की स्मृति में सुपुत्र
अशोककुमारजी, विजयकुमारजी,
संजयकुमारजी रांका मदुर

श्रीमति उमरावकँवर के सुपुत्र
मदनलाल ध.प. संतोषदेवी के सुपुत्र
राकेशकुमार, संजयकुमार, सुनीता
देशरला मदुर

श्रीमति उमरावकँवर के सुपुत्र
सम्पतराजजी ध.प. प्रकाशकुमारी सुपुत्र पदमकुमार,
पुनीतकुमार सपनाकुमारी देसरला मदुर

श्री शंखेश्वर पार्श्वनाथ स्तुत्यष्टकम्

(इन्द्रवज्रा)

चंद्रांशुना शुभ मनोज्ञ मूर्तिः,
शंखेशपार्श्वस्य विनिर्मितेव ।
यत्पूजकः मोक्षपदं लभन्ते,
तस्माच्च सा कामगवी वरिष्ठा ॥१॥

संसार लीलां मनसा विमुच्य,
कंदर्प माया विजिता त्वयैव ।
निर्वाण पुर्याः पथ दर्शकस्त्वम्,
त्वां नौमि शंखेश्वरपार्श्व! नित्यम् ॥२॥

श्रुत्वात्र माहात्म्यमनुत्तमं ते,
संसार दुःखात् खलु मोचनाय ।
आगत्य लोका स्तव मंदिरे त्वाम्,
शंखेशपार्श्व! प्रणमन्ति भक्त्या ॥३॥

सौम्याति सौम्यं सित वर्ण युक्तं,
दृष्ट्वाननं चंद्रमसोऽधिकं ते ।
स व्रीडया किं नभसीव चंद्रः,
यातस्तु शंखेश्वर पार्श्वनाथ! ॥ ॥४॥

सिद्धोऽसि बुद्धोऽसि निरंजनोऽसि,
धन्योऽसि मुक्तोऽसि जिनेश्वरोऽसि ।
ब्रह्मा विधाता त्वमनंगशत्रुः
ख्यातोऽसि शंखेश्वरपार्श्व! लोके ॥५॥

-: वसंततिलका :-

पिता त्वमेव सुखदा जननी त्वमेव,
त्राता त्वमेव दिनबन्धुरसि त्वमेव ।
वात्सल्य नीरधिरसि त्वमुपासनीयः,
शंखेशपार्श्व! भवसागर नौ स्त्वमेव ।।६।।

शंखेश्वरस्थ भुवि विश्रुतपार्श्वनाथ!
ह्रद्युल्लसन्ति मनुजा स्तव दर्शनेन,
डिम्भो यथा विमलचंद्रविलोकनेन,
प्राप्नोति हर्षमतुलं ह्रदये विशुद्धे ।।७।।

यस्याभिधां मनसि ये मनुजाः स्मरन्ति,
नो रोग शोक भय निर्बलता प्रयान्ति ।
ते चाप्नुवन्त्यनुपमं शिवसौरव्यधाम,
शंखेशपार्श्वमनिशं प्रणमाम्यहं तम् ।।८।।

आत्मांबुजं विमलकृत् शिवलब्धिदं च,
ये स्थूलभद्र दमिदं शुभ विक्रमेण ।
स्तोत्रं तु 'कल्पयशसा' रचितं पठन्ति,
शंखेशपार्श्व! तव ते शिवशं लभन्ते ।।९।।

लब्धि विक्रम पट्टालंकार दक्षिण केसरी. आ.भ.श्री.वि. स्थूलभद्रसूरीश्वराणां स्तुत्यष्टकम्

(शार्दुलविक्रीडितम्)

विश्वे विश्रुत कान्तिलाल सुकुले, लब्ध्वावतारं परम्,
चारित्रं गुरु लब्धिसूरि निकटे, प्रेम्णा ग्रहीतं शुभम् ।
शिष्योऽभूद्गुरु विक्रमस्य विनयी, विद्याविलासी सदा,
तं वंदे ध्रुव तारकं मुनि गणे, श्री स्थूलभद्रं मुदा ॥१॥

चारित्रेण विराजितं विधुसमं, रूपं सदा निर्मलम्,
कारुण्येन युतं प्रशस्य हृदयं, वैराग्यरत्नाकरम् ।
भव्यांभोज विकासकं तरणिवत् जैनागमैः सर्वदा,
तं वंदे ध्रुव तारकं मुनि गणे, श्री स्थूलभद्रं मुदा ॥२॥

राग-द्वेषविघातकं प्रवचने, वैराग्य वार्ताकरम्
त्यागे यत् प्रमुखं विकस्वर मुखं, कर्मक्षये तत्परम् ।
ध्याने नित्य रतं जगत्सुखकरं, विध्वंसकं चापदाम्,
तं वंदे ध्रुव तारकं मुनि गणे, श्री स्थूलभद्रं मुदा ॥३॥

हन्तारं तपसा स्वकर्म निचयं, ज्ञाने निमग्नं सदा,
दग्धेभ्यो भववह्निना सुवचसा, शान्तिप्रदं सर्वदा ।
मर्त्येभ्यः शिवदं प्रशान्त वदनं, चक्षुः सुसौम्यं तथा,
तं वंदे ध्रुव तारकं मुनि गणे, श्री स्थूलभद्रं मुदा ॥४॥

सम्यग् दर्शन धारकं जयकरं, ज्ञानांबुधि स्वामिनम्,
चारित्रेषु दृढं मनोज्ञ हृदयं, कामाग्नये वारिदम् ।
दातारं त्रिजगज्जनाय मधुरां, स्नेहेन वाणी सुधाम्,
तं वंदे ध्रुव तारकं मुनि गणे, श्री स्थूलभद्रं मुदा ॥५॥

क्रोधाग्नेः शमने पयोद सदृशं, वज्रं तु मानाद्रये,
मायाक्ष्मां खनितुं खनित्रमतुलं, बभ्रुं च लोभाहये ।
हर्तुं मोहरजांसि वायु सदृशं, यत् कीर्तिरिन्दूज्वला,
तं वंदे ध्रुव तारकं मुनि गणे, श्री स्थूलभद्रं मुदा ॥६॥

सद्वाण्या प्रतिबोधकं च भविनां, सद्बोधि रत्नप्रदम्,
मिथ्याज्ञान तमोवितान हरणे, स्फूर्जत् प्रदीपोपमम् ।
संसारांबुधि शोषणाय तरणिं, श्रेयस्करी यत्क्रीया,
तं वंदे ध्रुव तारकं मुनि गणे, श्री स्थूलभद्रं मुदा ॥७॥

कुर्वन्तं निज सूरि विक्रम गुरो, र्भक्तिं शिवायात्मनः,
जानन्तं त्रिजगत्स्वभावमनिशं, यन्नाम सद्मंगलम् ।
निघ्नन्तं जन पाप ताप निचयं, सद्बोध शीतांशुना,
तं वंदे ध्रुव तारकं मुनि गणे, श्री स्थूलभद्रं मुदा ॥८॥

कर्मारि हननेच्छया सुमनसा, नित्यं बुधैः स्मर्यते,
भव्यै र्भक्तिवशेन वचसा, यो भूरि संस्तूयते ।
श्री सूरीश्वरमुत्तं, शुभपदं प्राप्तं च भक्त्या गुरो,
स्तस्येदं रचितं हि ''कल्पयशसा'', स्तोत्रं मया भक्तितः ॥९॥

-: પ્રશસ્તિ :-

આત્મારામ મુનીંદ્ર જૈન જગતે, ચારુ પ્રભાવી થયા,
તત્પટ્ટે કમલાખ્ય સૂરિવરજી, જે બ્રહ્મચારી થયા,
તત્પટ્ટે કવિ લબ્ધિ સૂરિ ગુણના, ગ્રાહી હતા સર્વદા,
તેના વિક્રમ સૂરિ તાર્કિક વળી, વાત્સલ્યધારી સદા ॥૧॥

તેના સૂર્ય સમા પ્રતાપ ધરતા, તોયે પ્રતાપી નહી,
પોતે વિગ્રહ રાખતાં નહિ છતાં, પ્રત્યક્ષ છે વિગ્રહી,
લોકે ભદ્રકરા સદા હિતકરા, જે સ્થૂલભદ્ર વ્રતી;
તેને 'કલ્પ' યશાખ્ય શિષ્ય વિનયે, વંદે થવા સદ્‌ગુણી ॥૨॥

તે પૂજ્ય ગુરુવર્યની શશિ સમી, પામી કૃપા ચાંદની,
કીધો શ્રી ઉપદેશ રત્ન નિધિનો, ભાવાર્થ આનંદથી,
તેને સજ્જન વાંચજો, શુભ મને, ત્રૂટી તમે સંહરી,
થાશે પૂરણ આશ 'કલ્પયશ'ની, તેમાં ન શંકા જરી ॥૩॥

(૧) પ્રતાપ એટલે ઐશ્વર્ય પ્રભાવ તેજ છે. પરંતુ પ્ર+તાપી= પ્રકૃષ્ટ સંતાપ વાળા નથી

(૨) વિગ્રહ એટલે ઝગડો, કંકાસ નથી રાખતાં છતાં વિગ્રહી એટલે શરીરધારી છો.

અનુ ક્રમ	અનુક્રમણિકા	પાના નંબર
	યા ને **વિષય-દર્શન** **પહેલા અંશના દૃષ્ટાંત**	
૧	પુણ્ય અને પાપ પર ધર્મરાજાનું	૭
૨	વિધિપૂર્વક વિદ્યાગ્રહણમાં – શ્રેણિક રાજાનું	૧૦
૩	રાગ પર તલવર (નંદનકોટવાલ)નું	૧૪
૪	દ્વેષ ઉપર દુર્યોધનનું	૧૬
૫	મૂઢ પર – ગંગાપાઠકનું	૧૭
૬	પૂર્વે ભ્રમિત કરવા પર – ગોવાળનું	૧૯
૭	પ્રભાવથી પ્રતિબોધિત પર – ઉદાયન રાજાનું	૨૧
૮	અસ્થિર ચિત્ત પર – વસુશ્રેષ્ઠિની પત્નિનું	૨૬
૯	બધિર કુટુંબનું	૨૮
૧૦	કદાગ્રહ પર લોખંડના ગ્રાહક નરનું	૨૯
૧૧	બુધ્ધિહીન પર પામરનું	૩૦
૧૨	શ્રુતમાત્ર ગ્રાહી (કહેવાનો ભાવ નહિ જાણનાર) પર તાપસનું	૩૧
૧૩	પરતંત્રતાથી ધર્મશ્રવણ પર – બટુકનું	૩૩
૧૪	ક્રિયાના અભ્યાસ પર – શ્યામલ વણિકનું	૩૬
૧૫	કાળી જમીન સમાન – આનંદાદિનું	૩૮
૧૬	મણિખાણ સરિખાપર – ઈન્દ્રનાગનું	૪૧
૧૭	ઉપદેશના ત્યાગ પર – કપીલનું	૪૬
૧૮	ઝેરના પરિણામ પર – સોય વિ.નું	
૧૯	કહેવાનો મર્મ ન સમજનાર પર – કુલપત્ર નું	૫૧
૨૦	અયોગ્ય પર મગશૈલ પત્થરનું	૫૬
૨૧	યોગ્યાયોગ્ય પર – ગાયના ગ્રાહક બ્રાહ્મણોનું	૬૩
૨૨	કૃષ્ણ ભેરીને સાચવનારનું	૬૫
૨૩	રબારી – પતિ-પત્નિનું	૬૭
૨૪	અર્થિપણા પર – સોમવસુનું	૭૧
૨૫	ધર્મની પરિક્ષા પર – કુરુચંદ્ર રાજાનું	૭૪

અનુ ક્રમ	અનુક્રમણિકા	પાના નંબર
	બીજા અંશના દૃષ્ટાંત	
૧	સરૂપ, ઉપદેશ, ક્રિયા હિનતાપર – મંગુ આચાર્યનું	૮૧
૨	ગણિકાના આભરણ સરિખા ગુરુપર–અંગારમર્દક આચાર્યનું	૯૩
૩	વ્યાપારીના આભરણ સરીખા પર – પ્રમાદી યવરાજર્ષિનું	૯૪
૪	વેશ્યાના આભરણ સરિખી ક્રિયા પર – વરદત્ત શ્રેષ્ઠિ અને દાસીપુત્રનું...	૧૦૦
૫	પોતાની માતાના ઉપકાર પર – આર્ય મહાગિરિનું	૧૧૪
૬	અંતઃ અને બાહ્ય ઉપકાર શૂન્ય પર – સહદેવનું	૧૧૭
૭	અંતઃ અને બાહ્ય ઉપકાર પર – કુમારપાલનું	૧૧૯
૮	વાણી અસાર અને ક્રિયાસાર પર – કાલિકાચાર્યના શિષ્યોનું	૧૨૪
૯	સર્પ સરિખા ક્રોધી ગુરૂ પર – પરિવ્રાજકનું	૧૨૮
૧૦	ચોર સરિખા ગુરૂ પર – વસુરાજા અને પર્વતકનું	૧૨૯
૧૧	ઠગપર – કેદાર બિલાડાનું	૧૩૧
૧૨	વાંઝણી ગાયસરિખા પર – ભૌતિક શિષ્યનું	૧૩૪
૧૩	મિત્ર સરિખા પર – બપ્પભટ્ટસૂરિનું	૧૩૭
૧૪	ભાઈ સરિખા પર – હેમચંદ્રાચાર્યનું	૧૫૨
૧૫	યુવરાજઋષિનું	૧૬૦
૧૬	માતા સરિખા પર – કમલ બોધિત શ્રીજા આચાર્યનું	૧૬૧
૧૭	સાધુને વેચનાર દાંભિક વણિકનું	૧૬૬
૧૮	ધનપતિશ્રેષ્ઠિનું	૧૬૭
૧૯	પિતા સરિખા શ્રાવક પર – બલભદ્રનું	૧૬૯
૨૦	શિયાળ સરિખા ગુરૂ પર – શિયાળનું	૧૭૨
૨૧	અશુભ ધર્મ આપનાર પર – પિપ્પલાદનું	૧૮૦
૨૨	કદલી (કેળા) સરિખા ગુરૂપર–કેશિગણધર અને પ્રદેશી રાજાનું	૧૮૩
૨૩	ધર્મબીજ રોપવામાં – ધર્મઘોષસૂરિનું	૧૯૦
૨૪	પરનારી બેન સમાન એવા શ્રેષ્ઠ ગુણપર–કુમારપાલ રાજાનું	૨૦૧
૨૫	વિવેકી સુમતિની કથા	૨૦૨
૨૬	રાગયુત (ઉત્સૂત્રભાષણ) પર – સાવદ્યાચાર્યનું	૨૦૮
૨૭	અજ્ઞાન પર ઉત્સાર કલ્પીકાચાર્યનું	૨૨૨
૨૮	અતિશય (પ્રભાવ) થી યુક્ત પર – બલભદ્રમુનિનું	૨૨૮
૨૯	ચારિત્રના પ્રભાવ પર – શ્રી હેમચંદ્રસૂરિના શિષ્ય યશચંદ્રનું	૨૩૦

અનુ ક્રમ	અનુક્રમણિકા	પાના નંબર
	વિષય - દર્શન	
	ત્રીજા અંશના દ્રષ્ટાંત	
૧	આરંભાદિ પર – વૈતરણી વૈદ્યનું	૨૩૮
૨	પરોપકાર માટે – સુપાત્રદાનના પ્રભાવપર – સુંદરવણિકનું	૨૫૦
૩	ધર્મ સ્વરૂપે કરિયાણું વેચનાર – છ પુરૂષનું	૨૭૧
૪	દ્વેષાભાવપર ચંડાલ થયેલા – બ્રાહ્મણનું	૨૭૮
૫	તુચ્છ ફલદાયક ધર્મ પર હાથી થયેલ શ્રેષ્ઠિનું	૨૮૬
	ચોથા અંશના દ્રષ્ટાંતો	
૧	બે દરિદ્ર બ્રાહ્મણની કથા	૩૦૩
૨	અવિધિપર પુણ્યસાર અને તેની માતા વિ. નું	૩૦૪
૩	મત્સર ભાવથી કરેલ ધર્મ પર – નિધિદેવનું	૩૦૯
૪	ગુણ-દોષ રૂપ મિશ્ર ધર્મ પર – શ્રીધરનું	૩૨૪
૫	અલ્પવિધિ હીન ધર્મ પર – વામન સ્થલીય શ્રેષ્ઠિનું	૩૩૪
	.....ઇતિ ૪થા અંશનો પ્રથમ તટ પૂર્ણ.....	

તરંગ કમાંક	અનુક્રમણિકા	પાના નંબર
	૧ લા અંશે સાંભળનારને વિષે યોગ્યાયોગ્યપણું બતાવતા તરંગો	
	મંગલાચરણ	૧
૧	ધર્મનું ફુલ	૬
૨	સાંભનાર અને કથા કહેનાર પર ધર્મની યોગ્યતાની વિધિરૂપ દ્વાર।	૯
૩	અયોગ્યને વિષે રાગાદિભેદો	૧૪
૪	ચંચલતાદિ મૂઢ પર વિશેષ સમજણ	૨૫
૫	ધર્મોપદેશ વૃષ્ટિ પર ગિરિશિખરાદિ	૩૩
૬	ઉપનયો દ્વાર। ફલની પ્રાપ્તિ અપ્રાપ્તિ	
૭	યોગ્યાયોગ્યપણાને વિષે શુભ અશુભ દ્રવ્યથી યુક્ત-અયુક્ત, વામ્યા-અવામ્યા ઘટના ભેદો...	૪૩
૮	ત્યાગ, ચાટવું વિ.નું કાગ, શ્વાનાદિના દ્રષ્ટાંતો વડે વર્ણન	૪૫
૯	સર્પાદિ દ્રષ્ટાંતો	૫૦
૧૦	જીર્ણ અજીર્ણ તાવ આદિમાં દૂધપાનની જેમ ગુણદોષનું વર્ણન	૫૪
૧૧	મેઘવૃષ્ટિની જેમ ઉપદેશનું ફલ...	૫૫
૧૨	(મગ) શૈલ ઘન, (મેઘ) ઘડાદિના દ્રષ્ટાંતો...	૫૬
૧૩	અર્થી, સમર્થ, મધ્યસ્થાદિ ધર્મની યોગ્યતા પરનું વર્ણન	૭૦
	બીજે અંશે ગુરૂ વિષે યોગ્યાયોગ્ય બતાવતા તરંગો	
૧	પ્રતમાં (૧૪) ચાષાદિ પક્ષીના દ્રષ્ટાંતથી રૂપ, ઉપદેશ અને ક્રિયા થકી આઠ પ્રકારે ગુરૂનું સ્વરૂપ...	૭૭
૨	પ્રતમાં (૧૫)... ચાંડાલ, વેશ્યા દિના આભરણ વડે શ્રુતક્રિયા, શુધ્ધિ અને ધર્મગુણને લઈને ગુરૂઓનું અને શ્રાવકનું વર્ણન	૮૪
૩	કરંડિયાવડે ગુરૂની ચતુર્ભંગી...	૧૧૦
૪	રત્નવડે આચાર્ય, શ્રમણ, શ્રાવક અને જીવોની, સ્વ, પર, ઉભય અનુભય કરાતા ઉપકાર દ્વારા ચતુર્ભંગી...	૧૧૨
૫	વાણી, વિનયાદિ થકી ગુરૂ, શિષ્ય અને શ્રાવકોની સાર-અસાર વડે કરીને ચતુર્ભંગી...	૧૨૨
૬	સર્પાદિથી લઈ કલ્પવૃક્ષસુધીના બાર દ્રષ્ટાંત વડે ગુરૂ અને શ્રાવકના સ્વરૂપનું વર્ણન	૧૨૭

તરંગ કમાંક	અનુક્રમણિકા	પાના નંબર

વિષય-દર્શન

૭	લોહનાવથી લઈ જાતિવંત નાવ સુધીના દ્રષ્ટાંતો વડે સ્વ-પરને તારવામાં સમર્થ-અસમર્થ ગુરૂના સ્વરૂપનું વર્ણન	૧૭૧
૮	રીંગણાદિ વૃક્ષની જેમ સુખે દુઃખે ગ્રાહ્ય-અગ્રાહ્ય, શુભ અને અશુભ ફલ દ્વારા ગુરૂનું સ્વરૂપ	૧૭૯
૯	ખારા, ખાટા, પુષ્કરાવર્ત, સંવૃતાદિ, વર્ષાદિના દ્રષ્ટાંત દ્વારા ગુરુનું સ્વરૂપ...	૧૮૯
૧૦	નગરની ખાળ (ગટર) વિ. ચાર પ્રકારે ગુરુની દેશના અને જીવોનું સ્વરૂપ...	૧૯૨
૧૧	જ્ઞાનાદિ ગુણ, દેશનાદિ વડે ગુરુની ચતુર્ભંગી...	૨૦૬
૧૨	શિશુના ક્રિડા સરોવર આદિની જેમ ગુરુ, શિષ્ય અને શ્રાવકની ચતુર્ભંગી...	૨૧૧
૧૩	લીંબોળી આદિના ફલો દ્વારા, ગુરુ, મુનિ, શ્રાવક અને જીવોની ચતુર્ભંગી...	૨૧૬
૧૪	ફળ, જલ અને છાયા યુત વૃક્ષની જેમ ચારિત્ર, જ્ઞાન અને ઉપદેશ દ્વારા આઠ ભાંગે (પ્રકારે) ગુરુનું વર્ણન...	૨૨૦
૧૫	જલ, ફળ, છાયા અને તીર્થથી યુક્ત પર્વતની જેમ જ્ઞાન ચારિત્ર-ઉપદેશ અને અતિશયે કરીને સોલભાંગે ગુરુનું વર્ણન...	૨૨૬
૧૬	કીટાદિથી સૂર્યના પ્રકાશની જેમ જ્ઞાનાદિ વડે કરીને આઠ પ્રકારે ગુરુઓનું વર્ણન...	૨૩૨

ત્રીજા અંશે ધર્મ માટે યોગ્યાયોગ્યપણાને બતાવતા તરંગો

૧	બાલાદિએ ખાધેલા એરંડાદિ સાંઠાની જેમ મિથ્યાત્વ અને જિનધર્મ કહેલો છે. અને તેના ભાંગા...	૨૩૬
૨	કંથેરી વનાદિ વનોની જેમ નાસ્તિકાદિનો ધર્મ પાંચ પ્રકારે સામાન્યથી કહ્યો છે...	૨૪૬
૩	પતંગિયાદિ અને ભારંડાદિ વડે નાસ્તિકાદિના ધર્મનું વર્ણન...	૨૫૬

તરંગ ક્રમાંક	અનુક્રમણિકા	પાના નંબર
૪	સબલ-અબલાદિ મનુષ્યની જેમ મિથ્યાત્વાદિ ધર્મોનું કથન...	૨૭૦
૫	આકડાદિ વૃક્ષની જેમ મિથ્યા-ક્રિયા, સમ્યક્ક્રિયા, દાનયાત્રારૂપ ધર્મનું સ્વરૂપ...	૨૮૩
૬	કલ્પવૃક્ષાદિ વનની જેમ સર્વવિરતિ દેશવિરતિ આદિ ચાર પ્રકારના ધર્મનું વર્ણન...	૨૮૮
૭	મુખ (શરૂ)માં પરિણામ (અંત)માં રમ્ય-અરમ્ય ઔષધની જેમ બુધ્ધધર્મ, જિનેશ્વરનો તપધર્મ આદિ ધર્મનું વર્ણન...	૨૯૫
૮	મુખ (શરૂમાં) પરિણામ (અંતમાં) મીષ્ટ-અમીષ્ટ ઔષધની જેમ ભારતાદિ દ્રષ્ટાંતો વડે ધર્મનું સ્વરૂપ...	૩૦૦
	૪ અંથે વિધિ-અવિધિ બતાવતા તરંગો	
૧	વિધિનું સ્વરૂપ	૩૦૨
૨	ખાઇ આદિના જલની જેમ મિથ્યાત્વ, દુષ્ટભાવ, પ્રમાદ રૂપ અવધિ અને તેનાથી ઉલટું અપ્રમાદ વિ. વિધિપૂર્વક ધર્મ ચાર પ્રકારે છે. તેનું દર્શન...	૩૦૫
૩	દોષ, ગુણ, ઉભય, અનુભય કરનાર ઔષધ છે. તેવી રીતે મિથ્યાત્વ, અનિયાણું, નિયાણા સહિત અને ભાવરહિત ધર્મના ભેદોના ઉદાહરણ...	૩૧૩
૪	પૂર્વની જેમ મિથ્યાત્વ, મિથ્યાત્વ રહિત, મિશ્ર અને ભાવશૂન્ય ચાર પ્રકારે ધર્મ છે...	૩૧૭
૫	પૂર્વની જેમ મિથ્યાત્વ, અનારંભ, સારંભ અને ભાવશૂન્યરૂપ ચાર પ્રકારે ધર્મ છે.	૩૧૮
૬	પૂર્વની જેમ મિથ્યાત્વ, વિધિયુક્ત, વિધિરહિત અને ભાવશૂન્ય ચાર પ્રકારે ધર્મ છે.	૩૨૦

તરંગ ક્રમાંક	અનુક્રમણિકા	પાના નંબર
૭	ગુણ, દોષ, સમાન, અધિકગુણ, અધિકદોષ,... એમ ન દોષ ન ગુણ (ઉભય) કરનાર ઔષધ છે. તેમ સમ્યક્ત્વ,મિથ્યાત્વ, મિશ્ર, વિધિરહિત ધર્મ, વિધિ સહિત ધર્મ અને ભાવરહિત ધર્મ એમ છ પ્રકારે ધર્મ છે.	૩૨૨
૮	ગુણદોષ, અધિકદોષ, અધિક ગુણ કરનાર, ઔષધની જેમ અલ્પ, બહુ, સર્વ વિધિહીન અને વિધિ સહિત ધર્મ ચાર પ્રકારે છે.	૩૨૮
૯	દોષ, ગુણ, અલ્પ, અધિક અને કેવલગુણ, ઔષધ જેવી રીતે કરે છે. તેવી રીતે મિથ્યાત્વ, દાનાદિક, અવિધિ અને વિધિથી યુક્ત ધર્મ ચાર પ્રકારે કહ્યો છે. તેનું વર્ણન.	૩૩૨

ઈતિ પ્રથમ ભાગ
વિષય-દર્શન
પૂર્ણ

-: श्रीमुनिसुंदरसूरि विरचित :-

उपदेश रत्नाकर

।। गुर्जरभावानुवाद ।।

મોહ રૂપી શત્રુ ઉપર વિજય કરવા દ્વારા નિર્મળ કેવળ જ્ઞાન પ્રાપ્ત કરનારા એવા જે જિનેશ્વર ભગવંતોએ જગત ઉપર કૃપા કરી ધર્મ બતાવ્યો છે તેમની હું સ્તુતિ - સ્તવના કરું છું..... ૧

ચાર પુરુષાર્થ ની દેશના કહેવા દ્વારા અનિષ્ટ ને હરનારા અને ઈષ્ટને કરનારા જે થયા તે પ્રજાના નાથ તથા પ્રથમ અરિહંત પણું પામેલા જગતનાગુરુ શ્રી **ઋષભ** પ્રભુને હું સ્તવું છું..... ૨

જેઓએ જગતમાં બધાં જ ઉપદ્રવોને શાન્ત કર્યા છે, કરે છે અને ભવિષ્યમાં કરનારા હોવાથી જેમનું નામ સાર્થકતા ને પામ્યું છે તે **શાન્તિનાથ** પ્રભુ વાંછિત સિધ્ધિ ને માટે થાઓ... અર્થાત્ વાંછિત પુરનારા થાઓ... ૩

જે શ્યામ વર્ણવાળા હોવા છતાં ધ્યાન કરનારા સજ્જનોને ઈચ્છિત સુખ રૂપી લક્ષ્મીને વશ કરે છે (આપનારા છે) બાહ્ય આંતર શત્રુઓને નષ્ટ કરવા માટે ચક્ર સમાન વળી ત્રણે લોક જેને નમસ્કાર કરે છે. તે **નેમિનાથ** પ્રભુ જય ને માટે થાઓ..... ૪

સાતે દ્વીપ ના મનુષ્યોના સાતે ભયો ને ભેદવા માટે સાત-સાત ફણાવાળા સર્પના બહાના થી જે ખભા સુધી સપ્ત (તીક્ષ્ણ) શૂલ રૂપી શસ્ત્ર ધારણ કરે છે. તે **પાર્શ્વનાથ** પ્રભુ તમારું રક્ષણ કરો... ૫

જગતમાં જે વિઘ્ન રૂપી મૃગલાઓને ત્રાસ માટે લંછનના બહાનાથી સિંહને ધારણ કરે છે. તે શ્રી **વર્ધમાન** સ્વામિ વધતી એવી તમારી સુખ સંપદાને પુષ્ટ કરો..... ૬

વિશદ એવા ચાર નામાદિ (નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ) ભેદો વડે જેઓ ત્રણે કાળ અને ત્રણે લોકને પવિત્ર કરે છે. અને ભવથી ઉદ્વેગ પામેલા પ્રાણીઓ ને મુક્તિ પદ ને આપે છે. તે સર્વે સર્વજ્ઞ પ્રભુ જય પામો.....૭

જગતનાં અત્યંત આનંદથી ઉલ્લસિત (ઉલ્લાસ-હર્ષ પામતા) પંડિત વર્ગને માત્ર ધ્યાન કરવા વડે કરીને પણ રસથી પૂર્ણ શ્રેષ્ઠ કાવ્ય રૂપી ફળોને આપે છે. તે જગતમાં નવીન કલ્પલત્તા સમી શ્રી **સરસ્વતી** દેવી નિર્મલ **બોધિ** અને **બુધ્ધિ** મને આપો.....૮

કિરણો વડે સૂર્ય ની જેમ જેઓ વિશ્વને ઉત્તમ મહિમા રૂપી લબ્ધિના બધાજ ગુણ રૂપી કિરણોથી પ્રકાશિત કરે છે. બીજા સમસ્ત સૂરિઓ પણ જેમની પાસે નક્ષત્ર જેવા બને છે. એવા તે શ્રીકૂઠ **દેવસુન્દર** ગણાધિપતિ તમારા ઉપર ખુશ થાઓ.....૯

જેણે પોતાની વાણી વડે કરીને કઠણ પત્થર જેવા મારા જેવાને પણ શ્રેષ્ઠ બોધ (જ્ઞાન) રૂપી રસથી નરમ બનાવ્યો છે અમૃતના દાનમાં તત્પર નવા ચંદ્ર સમાન શ્રી **જ્ઞાનસાગર** ગુરુને ભક્તિ ભાવથી નમસ્કાર કરું છું....૧૦

સુધારસથી યુક્ત જેમની મૂર્તિ ને જોતાં પંડિત વર્ગની આંખોને સુધાના ઝરણાં સમું સુખ મલતું હતું તેવું સુખ આંખોને નહિ મલતાં ઉદાસી બનાવતાં એવા તે શ્રી **સોમસુન્દર** ગણાધિપતિ જય ને પામો.....૧૧

આ પ્રમાણે સ્તુતિ કરવા યોગ્ય સમુદાયની સ્તુતિ કરીને **મુનિસુંદરસૂરિ** વાણીને સફળ કરવા જૈન ધર્મના ઉપદેશનો ગ્રંથ રચે છે.....૧૨

પોતાની શક્તિ પ્રમાણે સતત્ પરોપકાર કરવો જોઈએ તે ઉત્તમ નીતિ છે. અને તે પરોપકાર સ્વઉપકારનો વિરોધિ કે જુદો નથી અર્થાત્ સ્વાભાવિક રીતે પરોપકાર કરતાં પોતાનો ઉપકાર પણ થઈ જાય છે.....૧૩

તે પરોપકાર સમસ્ત અનિષ્ટ દૂર કરવા વડે કરીને અને સર્વ ઈષ્ટના સંયોજનથી સાધી શકાય છે. અહીંયા તો ભયંકર આંતર વૈરી રૂપી **કીટ** ના વિયોજન થી એકાન્તિક - આત્યંતિક સુખ જ ઈષ્ટ છે (અથવા અહીંયા તો

એકાન્તિક આત્યંતિક સુખ જ ઈષ્ટ છે તે ભયંકર આંતર વૈરી રૂપ **કીટ** ના નાશ (વિયોજન - વિઘટન) થી પ્રાપ્ત થાય છે..... ૧૪

(એકાન્તિક = શાશ્વત, આત્યંતિક = દુઃખનામિશ્રણ વિનાનું)

તે એકાન્તિક આત્યંતિક સુખ તો મોક્ષમાં જ છે. સંસારમાં નથી કારણ કે અહીંયા તો ક્ષણ ભંગુર અને દુઃખ યુક્ત સુખ જ છે..... દાન થી જ મોક્ષનું સુખ પ્રાપ્ત થાય છે. તેથી તેના અર્થીઓએ (ઈચ્છુકોએ) અહીંયા (સંસારમાં) પરોપકાર સારી રીતે સાધવો જોઈએ.....૧૫

હાથ વડે કરીને મોક્ષ આપવું શક્ય નથી, માત્ર તેની પ્રાપ્તિનો ઉપાય જ દર્શનીય (બતાવવો શક્ય) છે, તે ઉપાયો ને સારી રીતે યોજવાથી (આચરવાથી) મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી ઉપાયો આચરવાવાળા ને સુખ પૂર્વક સિધ્ધિ (મોક્ષ) પ્રાપ્ત થાય છે....૧૬

ખરેખર તે મોક્ષનો ઉપાય ધર્મ છે.

પોત પોતાની મતિકલ્પનાથી રચાયેલા, ભિન્ન ભિન્ન સ્વરૂપ, હેતુ અને ફળ બતાવતાં ઘણા શાસ્ત્રોએ ધર્મ બાબત ઘણો વાદ-વિવાદ કર્યો છે - કરે છે.....૧૭

તે સર્વે (શાસ્ત્રો) મોક્ષ મેળવવાના સાચા ઉપાયો નથી. પરંતુ અત્યંત દુર્લભ એવો સર્વજ્ઞ ભગવંતે કહેલો આ ધર્મ જ છે. શુધ્ધ ગુરુના ઉપદેશં વિના અન્ય મૂઢ જનોથી કહેવાયેલો ધર્મ મોક્ષ નો ઉપાય નથી.....૧૮

તેથી બીજા ધર્મોથી જુદો કરીને મોક્ષના હેતુ ભૂત આ એક જ (સર્વજ્ઞ પ્રણિત) ધર્મ જ દર્શનીય (બતાવવા યોગ્ય) છે. બીજા ધર્મો અશુધ્ધ છે એ પ્રમાણે બતાવવું જોઈએ..... જુદો પાડેલો આ ધર્મ જે રીતે સાધી શકાય તે રીતે સાધવો યોગ્ય છે..... અથવા સાધવો જોઈએ.....૧૯

આ રીતે આ ધર્મનું પૃથક્કરણ સાધ્ય બની શકે.

તેથી કરીને મોક્ષના અર્થિ મંદ બુધ્ધિવાળા મનુષ્યના ઉપકાર માટે જુદા જુદા નિર્દશન પૂર્વક વિશુધ્ધિ આદિ ભેદો વડે કરીને જિનેન્દ્ર ભગવાને કહેલો ધર્મ કહું છું પ્રસંગોપાત અન્ય ધર્મોની વાત પણ કહીશું. ૨૦

ઉપદેશ રત્નાકર નામનો ગ્રંથ અલ્પબુધ્ધિવાળા મારા વડે રચાય છે. આ રત્નાકર-સાગરના તરંગો સ્વ-અને પરના ઉપકાર કરનાર ઉપદેશોથી ભરેલો છે.

આં ગ્રંથરચનાની મારામાં શક્તિ છે કે નહીં એનો વિચાર હું કરતો નથી. કેમ કે આવો વિચાર પરોપકારના જ એકમાત્ર હેતુથી કરાતી પ્રવૃત્તિમાં કલંકરૂપ બને છે.....૨૨

વ્યાખ્યાનકારની બુધ્ધિના ભેદો (જુદાજુદા વિષયોનો રસ) મન્દ, મન્દતર વિશિષ્ટ, વિશિષ્ટતર આદિ રૂપ પ્રકરણ સિધ્ધાંતના વિચાર.... કથા વિ. વળી **શ્રોતાના (સાંભળવાવાળાના)** વિચિત્ર (અનેક પ્રકારના) રસને વિચારી તે અનુસાર તેવા પ્રકારની ઉપકારક ક્ષેત્ર, અવસર, સાંભળનાર પુરુષ આદિ વિવિધ સામગ્રી વડે કેવી રીતે ઉપકાર થાય એ રીતે ઉપદેશ આપનારા (મુનિઓના) ચિંતાના નિરસન (દૂર કરવા) માટે અને શ્રોતાઓને નવા નવા વ્યાખ્યાન સાંભળવાથી પ્રમોદ થાય એવા ઉપકાર કારી અનેક રીતે ધર્મોપદેશ આપે તેવી ભાવનાથી આ ગ્રંથ રચું છું..... ૨૩

તેવા પૂર્વોક્ત કારણથી ઉપદેશ રત્નાકર નામના ગ્રંથમાં અનેક પ્રકારના ધર્મના ઉપદેશ ને હું કહું છું.

એક એક દિવસના વ્યાખ્યાન વડે જુદા જુદા પ્રકારે આગમમાં કહેલા અને પ્રકરણ વિચારાદિ સ્વમતિ ગ્રથિત છંદ, શ્લોક વિ. ઉંડા (ગંભીર અર્થવાળા) પુણ્ય પાપના સ્વરૂપના ફળને મિથ્યાત્વી, મિશ્રદૃષ્ટિ..... મુગ્ધ અને અભિગ્રહિત મિથ્યાત્વાદિ **વડે રચાયેલા શાસ્ત્રના ઉપદેશ** વડે યોગ્ય નહિ, અને પંડિતોના સ્વપર શાસનના રહસ્યને જાણનારા, ભદ્રિક પરિણામવાળા (બુધો) ઉપદેશને યોગ્ય છે એટલે કે રાજા, મંત્રી, ક્ષત્રિય, બ્રાહ્મણાદિ યોગ્ય છે.....૨૪

જે ઊંટ દ્રાક્ષ ખાતો નથી અને સાથે સાથે ખોટા આરોપો મુકી (દ્રાક્ષ ખાટી છે વગેરે દ્વારા) એની નિંદા કરતો નથી તે ઊંટ જેવાની હું પ્રશંસા કરું છું.

પરંતુ કેટલાક દુષ્ટ માણસો એવા હોય છે કે જરૂર મુજબ આ ગ્રંથનો આધાર લઈ ઉપયોગ કરે છે અને પાછા આ ગ્રંથમાં આ બરાબર નથી, તે ખોટું છે વગેરે વગેરે દોષો બતાવી કવિની વાણીને દોષિત બતાવવા પ્રયત્ન કરે છે આવા દુષ્ટ લોકોને ધિક્કાર હો ! ૨૫

જે વાણી દોષ વિનાની હોવા છતાં પણ ખલ - શઠ માણસો દોષવાળી કહે છે. તેમાં કવિનો દોષ નથી. જેમ સારી રીતે વિશ્વ પ્રકાશમાન હોવા છતાં ઘુવડને અંધકારમય દેખાય છે તેમાં શું સૂર્યનો દોષ છે ? અર્થાત્ સૂર્યનો દોષ નથી....૨૬

અત્યંત દૂર રહેલા સૂક્ષ્મ પણ પદાર્થને જોવાની દૃષ્ટિ વાળા સજ્જનોના ગણને સ્તુતિ યોગ્ય કોણ ગણતો નથી ? વળી કેટલાક એવા છેકે જે પરના દોષો ને મોટા કરીને જુએ છે. પણ પોતાના હૃદયમાં રહેલા મોટા દોષોને પણ જોતો નથી.....૨૭

દૂષણવાળા જે ખલુ (લુચ્ચા)ઓ છે. તેઓ શાસ્ત્રાનુસાર અર્થોને કેવી રીતે ગ્રહણ કરે ? ગુણવાન્ સજ્જન પુરુષોની આ રીત જ છે જે કવિઓના ગુણોને સર્વ રીતે ગ્રહણ કરે છે.....૨૮

જેઓએ શાસ્ત્રના ગુણ પ્રગટ કરીને પ્રતિષ્ઠા આપી છે. તેવા સજ્જનો દીર્ઘકાળ સુધી જય પામો. તે દુષ્ટ માણસોની પણ સારી રીતે સ્તુતિ કરુ છું. ને અનુગ્રહની ઈચ્છાથી વિવિધદોષોને ગ્રહણ કરીને શાસ્ત્રને અનુસરીને ગુણ પ્રકટ કરવાથી પ્રતિષ્ઠાને આપી છે કે જેઓ ખલ પુરુષો પર શાસન કરે છે તે સંત પુરુષો સુદીર્ઘ કાલ સુધી જયને પામો. જેઓએ ઉપકારની બુધ્ધિથી જ વિવિધ દોષોને જોવા છતાં પણ રચેલો જેવો તેવો પણ આ ગુણકારી ગ્રંથ જયકર લક્ષ્મીના સ્થાનરૂપ મોક્ષ પદને આપનાર થાઓ.....૨૯

આ પ્રમાણે શ્રી તપાગચ્છીય શ્રી મુનિસુંદરસુરિ વિરચિત જગતમાં જય રૂપી લક્ષ્મીને આપનાર ઉપદેશ રત્નાકર નામના ગ્રંથની તીર્થાવતાર રૂપ પીઠીકા થઈ.

તરંગ - ૧

અહીંયા પ્રથમ તરંગના પ્રારંભમાં સ્વ ઈષ્ટની સિધ્ધિ ને સાધવા માટે સારી રીતે ઈષ્ટ દેવતાના નમસ્કાર રૂપ મંગલ કરવાની ઈચ્છા પૂર્વક સમસ્ત ધર્મ કર્મ વ્યવસ્થિત કરનાર સૂત્રાધાર શ્રી **ઋષભદેવને** નમસ્કાર કરતાં ગ્રંથકાર કહે છે.

જેણે હિતની ઈચ્છાથી સજ્જન પુરુષોને સદ્‌તત્વ રૂપનિધિઓ આપી છે તેવા શ્રીમાન્ **આદિનાથ પ્રભુ** મને જય રૂપ લક્ષ્મીને આપનારા બનો.

જય એટલે કે આ લોક ને વિષે ઉત્કર્ષ કરનારી, સમગ્ર બાહ્યઅંતરંગ શત્રુના જય વડે કરીને, ભરતચક્રવર્તિની જેમ દેશથી ઉત્કર્ષ કરનારી એટલે કે કેટલાક શત્રુના જય કરવા વડે કૃષ્ણ મહારાજાની જેમ.... મણિ માણેક સુવર્ણાદિ રાજ્યાદિ અને નવનિધિ રૂપ શ્રી એટલે કે લક્ષ્મી એવી જય રૂપી લક્ષ્મી વાંછિતને આપનારી થાઓ.

પરલોકને વિષે ઈન્દ્ર અહમિન્દ્ર આદિ અને તીર્થંકર પદ સબંધી અષ્ટ પ્રાતિહાર્યાદિ અને અન્ય જય કરનારી પૂર્વે કહેલી શ્રી એટલે લક્ષ્મી શાલીભદ્રની જેમ વાંછીત અને સુખ ને આપનારી બનો વળી આ લોક ને પરલોક ના દુઃખના કારણ ભૂત આધિ, વ્યાધિ, વ્યસન, શોક, ઈષ્ટ વિયોગ અનિષ્ટ સંયોગ, દુષ્ટ ગ્રહ દેવતાનો ઉપદ્રવ દારિદ્રાદિ અનિષ્ટ કારણ હરનારી..... સ્વ આરાધક ભાવવાળા.... સુદર્શન શેઠ, ધમ્મિલવિધ્યાપતિ.... ચંદનબાલા.... અનુક્રમે શીલ.... તપ અને દાનાદિ ધર્મ કરનારા.....

પરગતં :- તીર્થંકર ભગવંત, લબ્ધિ સંપન્ન મહર્ષિઓનો તેવા પ્રકારનો તપ જેવી રીતે પોતાના સ્નાનના જલથી સમસ્ત મનુષ્યના અને તીર્યંચો ના રોગ, ઉપદ્રવાદિ હરનાર, પોતાના હાથના સ્પર્શ માત્રથી લક્ષ્મણના શરીરમાં પ્રવેશેલી શક્તિ વિશલ્યાદિએ પૂર્વ ભવમાં કરેલા તપના પ્રભાવથી ત્રાસ પામી તેવા પ્રકારનો તપ તે પરગત તપ.

ઉભયગત તે સચિત્તાદિની વિરતિ અને સુપાત્ર દાન ધર્મ તે આ પ્રમાણે

આ લોક અને પર લોક સ્વગત અને પરગત એટલે ઉભય ગત અનિષ્ટોના હરણમાં ધર્મનૃપનું ઉદાહરણ જાણવું તે આ પ્રમાણે.

ટુંકમાં :- વાંછીત સુખને આપનાર આ લોક અને પર લોક સબંધી સર્વ અનિષ્ટ હરનાર અને અત્યંત સારભૂત અર્થવાળા સમ્યક્ ધર્મમાં ઉદ્યુક્ત થવું જોઈએ..... તે માટે ધર્મ નૃપનું ઉદાહરણ કહે છે.... તે આ પ્રમાણે -

ધર્મ રાજાની કથા

કમલપુર નગરમાં **કમલસેન** રાજાની પાસે એક વખત જ્યોતિષીએ ભાવિમાં બાર વર્ષનો દુષ્કાળ પડશે તેમ કહ્યું તે જાણીને ચિંતાતુર થઈને સભામાં બેઠો છે ત્યારે રાજાના વધતા મનોરથવાળા અષાઢ નવમી દિવસે સભાસદોના જોતાંજોતાં માખીની પાંખ જેવા ધૂંધરા રંગવાળા (પાણી ભરેલા) વાદળો ચડી આવ્યા અને તૂર્તજ જોરદાર વૃષ્ટિથી પાણી અને સ્થળ એક રૂપ બની ગયા, માણસના પાપની સાથે જ દુષ્કાળ ચાલ્યો ગયો અને લોકો અહો ! મહાજ્ઞાની કહી નૈમિત્તિકની હાંસી કરવા લાગ્યા.

એક વખત ચાર જ્ઞાનના માલિક **યુગંધર** નામના ગુરુ ભગવંત પધાર્યા ત્યારે રાજા, સામંતાદિએ તેમને વંદન કરીને જ્યોતિષીએ કહેલું શા માટે ખોટું પડ્યું તે પુછ્યું અને ગુરુ ભગવન્તે કહ્યું કે ગ્રહ ચારના યોગ પ્રમાણે ભાવિમાં બાર વર્ષનો દુષ્કાળ પડવાનો હતો પરંતુ કોઈક પુણ્યવાનના અત્યંત પુણ્યના કારણે તે દુષ્કાળનું દુઃખ દૂર થઈ ગયું.... તે પુણ્યશાળીની કથા આ પ્રમાણે છે.

પુરિમતાલ નગરમાં ક્ષુદ્ર કુલમાં ઉત્પન્ન થયેલો **પ્રવરદેવ** નામનો માણસ હતો. સતત્ ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કર્યા વિના સઘળી વસ્તુઓ ખાવાના કારણે અજીર્ણ થવાથી એને ભયંકર કુષ્ટ રોગ થયો તેથી લોકો તેનો તિરસ્કાર કરતા હતા. કોઈ મુનીંન્દ્રને જોઈને પ્રવરદેવે પૂછ્યું કે મને આ કોઢ રોગ કેમ થયો ? અને તે કેવી રીતે દૂર થાય ? તે મને જણાવવા કૃપા

કરો. ત્યારે મુનિએ કહ્યું કે 'હે ભદ્ર ! સતત્ અસંતોષી બની ને જ્યાં અને ત્યાં જે અને તે જ્યારે અને ત્યારે ન દિવસ ન રાત.... નહિ કોઈ સમય, લાભકારી કે નુકસાનકારી કંઈ પણ વિચાર્યા વગર પદાર્થોનું ભોજન કરવાથી ભારે અજીર્ણ થવાના કારણે તને કોઢ રોગ ઉત્પન્ન થયો છે. હવે જો તું વિશ્રામપૂર્વક એટલે કે થોડા થોડા અંતરે (વિરત થઈને) પ્રમાણસર ચારે પ્રકારનો આહાર કરીશ તો તારો કોઢ રોગ દૂર થશે અને તારું કલ્યાણ પણ થશે.

ગુરુભગવંતના આવા સુંદર વચન સુણીને એક જાતનું અન્ન એક જ જાતિની વિગઈ એક શાક અને ઉકાળેલું પાણી જ વાપરવું એવો નિયમ લીધો. એ પ્રમાણે તે પરિમિત ભોજન કરનારો થયો. અને અનુક્રમે તે નિરોગી થયો.

પછી તે ધર્મના પ્રભાવને જાણી પાપકારી કાર્યો છોડીને શુભ પ્રવૃત્તિ કરતો ક્રમશઃ કરોડપતિ થયો. જાતે જ ભોગ ઉપભોગથી ઉદાસીન થયો અને નિયમિત આહાર કરનારો સુપાત્ર, દીનાદિમાં દાનની રુચિવાળો થયો.

એક વખત દુષ્કાળના સમયે પ્રાસુક (નિર્દોષ) ઘી આદિથી એક લાખ મુનિઓને વહોરાવાનો લાભ લીધો અને ગુપ્તદાન કરવા વડે એક લાખ સાધર્મિકોનો ઉધ્ધાર કર્યો.

વળી આ જીવન અખંડિત વ્રત વાળો બની મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં સામાનિક દેવ થયો અને ત્યાં પણ વિચાર એજ કરતો કે સમ્યક્જ્ઞાન-દર્શનથી યુક્ત શ્રાવક કુળમાં દાસપણું શ્રેષ્ઠ છે પણ મિથ્યાત્વ મોહનીયથી યુક્ત ચક્રવર્તિપણું સારું નથી. એ પ્રમાણે વિચાર કરતો ત્યાંથી ચ્યવીને આ જ નગરમાં **શુધ્ધબોધિ** શ્રેઠીની **વ્યોમલા** નામની પત્નીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો છે. તેના પુણ્યના પ્રાબલ્યથી ગ્રહચારાદિ અનુસાર ઉત્પન્ન થવાવાળો દુષ્કાળ પણ દૂર થઈ ગયો.

આ પ્રમાણે ગુરુની વાણી સાંભળીને આશ્ચર્ય ચકિત થયેલો મંત્રી, સામંતાદિ રાજ પરિવાર થી પરિવરેલો રાજા શુધ્ધબોધિ શ્રેષ્ઠિના ઘેર ગયો. પુત્રના સર્વપ્રકારે સુંદર લક્ષણો જોઈને ખોળામાં લઈને બોલ્યો :

'હે પુણ્યવાન ! હે જગદાધાર ! દુષ્કાલને દૂર કરનાર ! તને નમસ્કાર થાઓ. આ નગરનો સાચો રાજા તું જ છે. હું તારો અંગ રક્ષક છું.'

એ પ્રમાણે કહીને **ધર્મનૃપ** એવું નામ તેને આપ્યું અને તે યૌવનવય થતાં ઘણી કન્યાઓને પરણ્યો તેના પુણ્યના પ્રભાવથી અમંગલ, દુષ્કાલાદિ નાશ પામ્યા અને ત્યાં સદા માટે અદ્વીતીય આનંદ-પ્રમોદ પ્રવર્ત્યો.

સમ્યક્ત્વ સહિતના બાર વ્રતનો તે ધારક બન્યો. સંસાર સુખનો ભોક્તા બની અનુક્રમે દીક્ષાગ્રહણ કરી તે જ ભવમાં કેવળજ્ઞાન પામી મુક્તિ સુખને પ્રાપ્ત કર્યું.

આ પ્રમાણે ધર્મનૃપ રાજાનો વિરતિ, સુપાત્રાદિ દાન રૂપ ધર્મ પોતાના અને બીજાના અનિષ્ટ, રોગ, દારિદ્રયાદિ, દુર્ભિક્ષાદિ દૂર કરનારો થયો.

ધર્મ, અર્થ, કામ ત્રણ પુરુષાર્થમાં અર્થ અને કામને માટે ધર્મ મૂળ હોવાથી તે ત્રિવર્ગમાં એક સાર રૂપ છે..... આચરવા યોગ્ય છે. તેથી કહ્યું છે કે :-

ધર્મની સિધ્ધિ થતાં, સ્વર્ગ અને મોક્ષની સિધ્ધિ થાય છે. "દૂધ પ્રાપ્ત થયે છતે દહીં - છાશ - ઘી અને સંપત્તિ સુલભ બને છે. તેથી હે ભવ્ય લોકો ! તેવા ધર્મને વિષે આલોકનું અને પરલોકનું હિત સમાયેલું છે.

સંપૂર્ણ સમ્યક્ વિશુધ્ધિથી અને ભાવની શુધ્ધિ વડે સમગ્ર ફળને આપનારા ધર્મની આરાધનામાં વિશેષ રીતે ઉદ્યમ કરનારા બનો.

॥ ઈતિ પ્રથમ તરંગ ॥

તરંગ - ૨

પરમ રહસ્ય ભૂત ધર્મની ગ્રહણ વિધિ કહે છે :-

આવો ઉત્તમ ધર્મ યોગ્યતાવાળા પાસેથી ગ્રહણ કરવો જોઈએ અને યોગ્ય ને આપવો જોઈએ બહારના મેલને દૂર કરવા માટેનું પાણી પણ યોગ્ય પાત્રમાં રખાય છે. પરંતુ અયોગ્ય પાત્રમાં રખાતું નથી. કારણ કે તે નકામું બને છે. તો પછી ધર્મની શી વાત કરવી. કેમકે ધર્મથી તો હજારો

જન્મથી સંચિત અન્તર્મલ (ક્રોધાદિ) તૃષ્ણા (વિષયાદિ) તાપ (સંસારનો તાપ) અને આપત્તિ દૂર થાય છે.

કહ્યું છે કે :- કાચા ઘડામાં પાણી નાંખવાથી પાણી અને ઘડા બન્નેનો નાશ થાય છે. તેવી રીતે અપરિપક્વ આત્માને સિધ્ધાંતના રહસ્યભૂત ધર્મ આપવાથી તે ધર્મ સ્વપર નો નાશક બને છે. અર્થાત્ ઉપકારક બની શકતો નથી. તેવી જ રીતે યોગ્યતા વાળા પાસેથી ધર્મ ગ્રહણ કરવો. પરંતુ પાણીની જેમ અયોગ્ય આત્માની પાસેથી ગ્રહણ કરવો નહિ.

ચારિત્રથી રહિત વ્યક્તિ ગમે તેટલો જ્ઞાની હોવા છતાં પણ સજ્જનો તરફથી તે વ્યક્તિ માન પામતો નથી. ચાંડાલનો કૂવો શીતલ જલથી પરિપૂર્ણ હોય તો પણ તે કૂવો ઉચ્ચ કુલવાન જાતિથી ત્યજાય છે અથવા કુલવાન લોકો ઉપયોગમાં લેતા નથી. વળી પણ કહે છે કે યોગ્ય ધર્મ ને જ ગ્રહણ કરવો પરંતુ હિંસાદિ થી કલુષિત એવો અયોગ્ય ધર્મ ખાઈના પાણીની જેમ ગ્રહણ નહિ કરવો.

તે પણ વિધિ પૂર્વક ગ્રહણ કરવો અવિધિ પૂર્વક નહિ પાણીપણ પ્રતિકૂલ કળશ (કાચાઘડા) માં રહી શકતું નથી.

અહીંયા વિનય, બહુમાનાદિ વિધિ સમજવી :- સિંહાસન પર બેઠેલા ચંડાલ પાસેથી શ્રેણીક મહારાજાએ વિદ્યા ગ્રંહણ કરી તે શ્રુતનો વિનય છે.

શ્રેણિક રાજાનું દૃષ્ટાંત

રાજગૃહી નગરમાં શ્રેણીક રાજા અને તેની પત્ની **ચેલ્લણા** રાણી રહેતા હતા.

એક દિવસ શ્રેણિક મહારાજાએ ચેલ્લણા રાણીને થયેલો એક સ્થંભથી યુક્ત ધવલ ગૃહમાં રહેવાનો મનોરથ અભયકુમારને કહ્યો, તે જાણી તેવા પ્રકારના સ્થંભ ને માટે જંગલમાં ફરતાં અભયકુમારે સ્થંભને યોગ્ય સુંદર લક્ષણ થી યુક્ત એક ઝાડ જોયું અને વિચાર્યું કે આ ઝાડની આટલી સુંદર છાયા ઘટા વિ. અધિષ્ઠાયક વિના સંભવિત નથી. એ પ્રમાણે ઔત્પાતિકી

બુધ્ધિ થી વિચારીને તેણે અધિષ્ઠાયકને પ્રગટ કરવા માટે અઠ્ઠમ તપ કર્યો પ્રસન્ન થયેલા તે દેવે કહ્યું કે આ મારા આશ્રમમાં (ઉપવનમાં) તમે રહો, સર્વઋતુ વાળા વન થી અદ્‌ભુત, અદ્‌ભુત એવો એક સ્થંભવાળો રત્નમય મહેલ હું બનાવું છું. સારૂં એમ કહીને જ્યાં અભયકુમાર આવીને નગરમાં પગ મુકે છે ત્યાંજ દેવ વિમાનને પણ મહાત્ કરે તેવો નંદનવન સમા (સર્વ ઋતુના પુષ્પથી યુક્ત) ઉદ્યાનમાં આશ્ચર્ય ઉપજાવે તેવો એક સુંદર મહેલ જોયો અને તે મહેલને જોઈને પોતાની જાતને અધિકતર ધન્ય માનતા તે અભયકુમારે તે વનની રક્ષા માટે ગગનચૂંબી એક કીલ્લો બનાવડાવ્યો અને કોટવાલોને પણ નિયુક્ત કર્યા જેથી કરીને પક્ષીઓ પણ ત્યાં પ્રવેશ ન કરી શકે.

એક વખત તે જ નગરમાં સગર્ભા ચાંડાલણીએ પોતાના પતિ ને કેરી ખાવાનો અને તેનો સ્વાદ લેવાનો મનોરથ (દાહેદ) કહ્યો ત્યારે ચાંડલે વિચાર્યુ : વાદળોના અભાવમાં વર્ષાની ઈચ્છા જેવી આ અકાલ માંગણી છે. આ સર્વ ઋતુવાળા વનમાં તેવાં આમ્ર ફળ હોઈ શકે પરંતુ કોઈ પણ પ્રયત્ન વડે તે મળે તેમ નથી શું ? એ પ્રમાણે વિચારીને બુધ્ધિમાન ચાંડાલે તે કિલ્લાની બહાર ઊભા રહીને રાત્રે જ ઉન્નામની (નમાવવાની) વિદ્યા વડે ડાળી ને ખેંચીને કેરી પ્રાપ્ત કરી અને ઉંચી કરવાની વિદ્યા વડે તે ડાળીને તેના યોગ્ય સ્થાન પર મુકીને પત્નીની ઈચ્છા પૂરી કરી.

સવાર પડતાં પહેરગીરોએ તે ડાળીને ફલ રહિત જોઈ તેથી શંકા પડવાથી તેઓએ રાજાને વાત કરી કે હે દેવ ! કોઈના પણ અહીં આવાગમનના ચિહ્નો (પગલાં) દેખાતાં નથી છતાં પણ કોઈ છૂપી રીતે આંબાની ડાળીઓ પરથી કેરીઓ ચોરી જાય છે. તો આ વનની રક્ષા કેવી રીતે કરવી ?

આ પ્રમાણે કોટવાલની વાત સાંભળીને રાજાએ અભયકુમારને આજ્ઞા કરી કે પાંચ છ દિવસમાં ચોર પકડી લાવવો અથવા પોતાનું શિર આપવું. અભયકુમારે ઘણો પ્રયત્ન કર્યો પણ તેને ચોર ક્યાંયથી પણ હાથમાં આવ્યો નહિ.

એક વખત કોઈક મંદિરના રંગમંડપમાં મુખ્ય નટીની રાહ જોઈ રહેલા લોકોને અભયકુમારે કહ્યું કે **વસંતપુર** નગરમાં **જીર્ણશ્રેષ્ઠિ** નામના

દરિદ્રની પુત્રી વિવાહને યોગ્ય સામગ્રી ના અભાવે મોટી થઈ ગઈ છે તેથી લોકોએ પણ બૃહત્કુમારી એ પ્રમાણે તેણીનું નામ પાડ્યું છે. તે કુમારી પતિને મેળવવાની ઈચ્છાથી કામદેવની પૂજા કરે છે. તે એક દિવસ રાત્રે પૂજા કરવાને માટે પુષ્પો લેવા એક ઉદ્યાનમાં પહોંચી ગઈ. છૂપી રીતે આવેલી જોઈ તેને માળીએ પૂછયું કે -' તું ચોરી શા માટે કરે છે ? ત્યારે તેણે કહ્યું કે હું કુંવારી છું મને કોઈ પરણતું નથી તેથી પુષ્પો લઈને તે દ્વારા હું કામદેવની પૂજા કરૂં છું.

ત્યારે માળીએ ક્હ્યું કે જો તારા વિવાહ થઈ જાય તો પહેલા મારી પાસે આવવાનું કબૂલ કરે તો જ તને છૂટી કરું અને તારી ઈચ્છા પ્રમાણે જેટલા જૂએ તેટલા પુષ્પો લઈ જા. તે વાતનો સ્વીકાર કરી તેણી ઘેર આવી. પછી વિધુર એવા કોઈક ધનિક સાથે લગ્ન થઈ ગયા.

પહેલી રાત્રિના અવસરે પોતાની પ્રતિજ્ઞા પતિને જણાવી પતિએ પણ તેને ત્યાં મોકલી. રાત્રિએ ઉદ્યાન તરફ અલંકાર સાથે તેને જતાં ચોરોએ જોઈ. તેનું અપહરણ કરી ને લઈ જતાં હતાં ત્યારે તેણીએ પોતાની વાત કરી અને પાછી ફરું ત્યારે તમારે જે કરવું હોય તે કરજો એ પ્રમાણેની તેની વાત સાંભળી વિશ્વાસ રાખી તે ચોરોએ તેને છોડી મૂકી. હવે તેણીને આગળ જતાં ખાવાને માટે તલપાપડ થયેલો રાક્ષસ મળ્યો. તેને પણ પોતાની વાત કહીને કહ્યું કે હું પાછી ફરું ત્યારે મારૂં ભક્ષણ કરજો. તેવા પ્રકારના તેના વચનથી રાક્ષસથી છૂટી થયેલી એવી તેણી તે ઉદ્યાનમાં પહોંચી ગઈ. ત્યારે 'તું કેમ આવી' ? એ પ્રમાણે તેને તે માળીએ પૂછ્યું ત્યારે તેણીએ પોતાનો વૃત્તાંત આદિથી અંત સુધી કહી સંભળાવ્યો.

માળી વિચારે છે કે જેને પતિએ, ચોરોએ અને રાક્ષસોએ છોડી દીધી છે અને તે અહીં મારા સુધી આવી છે તેથી તે કાંઈ સામાન્ય નહીં હોય એ પ્રમાણે વિચારીને માળીએ તેને છોડી દીધી. જલ્દી પાછી ફરેલી એવી તેણીનો વૃત્તાંત જાણીને હું પણ માળીથી હીન કેમ બનું ? એ પ્રમાણે કહીને રાક્ષસે તેને છોડી દીધી.

માળી અને રાક્ષસથી મૂકાયેલી જાણી ચોરોએ પણ આભરણ સહિત તેને છોડી દીધી.

આ પ્રમાણે સાનંદ પોતાના ઘરે પાછી ફરેલી એવી તેની પાસેથી વૃત્તાંત જાણીને પતિએ તેને ઘરની સ્વામિની બનાવી હવે અભયકુમારે પૂછ્યું :-

હે ભવ્ય લોકો ! વિચાર કરીને કહો કે પતિ - માળી - ચોર અને રાક્ષસ એ ચારમાંથી સાહસિક કોણ ?

મત્સર ભાવવાળાએ પતિની, ચોરોએ ચોરની, ભક્ષણ કરનારાઓએ રાક્ષસની અને વ્યભિચારીઓએ માળીની પ્રશંસા કરી આ પ્રમાણે સર્વના ભાવ જાણી ચોરની પ્રશંસા કરવાના કારણે ચાંડાલ ચોર છે તેમ જાણી અભયકુમારે પૂછયું. 'કેરીઓ કેવી રીતે ચોરી ?' તે કહે, ત્યારે તે ચાંડાલે કહ્યું કે - 'વિદ્યાના પ્રભાવથી ગ્રહણ કરી છે' તે જાણી અભયકુમારે તેને કહ્યું કે - 'જો જીવવાની ઈચ્છા હોય તો તે વિદ્યા તું રાજાને આપ.'

ત્યાર બાદ સિંહાસન પર બેઠેલા તે રાજાને ચાંડાલે તે વિદ્યા આપી. પરંતુ તે વિદ્યા તેનામાં અલ્પ માત્રામાં પણ ઉતરી નહિ. પછી અભયકુમારના કહેવાથી જમીન પર બેઠેલા રાજાએ સિંહાસન પર બેઠેલા ચાંડાલ ને વિદ્યા આપવા માટે પ્રાર્થના કરી. એ પ્રમાણે વિનય પૂર્વક વિદ્યા લેવાથી તે વિદ્યા શીઘ્રતયા રાજામાં પ્રવેશ પામી. એટલે કે રાજાએ તે વિદ્યાને જલ્દી ગ્રહણ કરી.

આ પ્રમાણે વિદ્યા ગ્રહણનો હેતુ કહેતાં કહે છે :- પૂર્વે કહેલી ચાર પ્રકારની શુધ્ધિ વડે ગ્રહણ કરેલો ધર્મ સંપૂર્ણ સુખના ફળ રૂપ બને છે. એથી ઉલ્ટી રીતે ગ્રહણ કરવાથી વાસ્તવિક ફળ પ્રાપ્ત થતું નથી.

ત્રણે પ્રકારના યોગ્ય કારણો ન મલવાથી તથા અવિધિ પૂર્વક વિદ્યાગ્રહણ કરવાથી શુધ્ધ ફળ રૂપ મોક્ષ ને આપનારી બનતી નથી. પરંતુ ભોગ - રાજ્યાદિનું સુખ પ્રાપ્ત થાય છે. જે અલ્પકાળ માટેનું હોય છે. વળી તે સુખ શાશ્વત ન હોવાને કારણે કિંમત વિનાનું છે. મૂલ્ય હીન છે.

॥ ઈતિ દ્વિતીય તરંગ સમાપ્તઃ ॥

યોગ્ય જ ધર્મને માટે અધિકારી છે તે કહ્યું :- યોગ્યાયોગ્યના સ્વરૂપનું નિરુપણ સ્હેજે સમજી શકાય તેમ છે છતાં તેમાં પ્રથમ અયોગ્યના ઉપદેશનું નિરુપણ કહે છે :-

રાગી - દુષ્ટ (દ્વેષી) મૂઢ અને પૂર્વગ્રહી (કદાગ્રહી) આ ચારે જણા ઉપદેશને માટે યોગ્ય નથી.

રાગી :- જેને જેના પર કંઈક રાગ હોય તે તેના દોષોને ગુણરૂપે જ જુએ છે. કહ્યું છે કે જેને જે પ્રીય હોય અથવા જેના પર પ્રીતિ હોય તેને તે રુપ, ગુણ વગરનો હોવા છતાંય સુંદર લાગે છે.

રત્નનો હાર છોડીને શંકર કંઠમાં સર્પને ધારણ કરે છે.

(પ્રીતિને કારણે ઝેરથી દુષ્ટ - દુઃખ પમાડનાર હોવા છતાં તેને તે સુંવાળો સુંદર લાગે છે.)

ગુણ દોષનો વિવેક પૂર્વક વસ્તુના વાસ્તવિક સ્વરૂપને નહિ સમજનાર તલવર (કોટવાલ) ની જેમ, તેનું દૃષ્ટાંત જણાવતા કહે છે.

નંદન કોટવાલની કથા

મગ્ધ દેશના કોઈ એક નાના ગામમાં **નંદન** નામનો કોટવાલ રહેતો હતો, તેને પ્રથમ શ્રી અને દ્વીતીય શ્રી નામની બે પત્નિઓ હતી તેમાં દ્વીતીય શ્રી નામની પત્નિમાં રાગ હોવાથી તે તેનાજ ઘરે રહેતો હતો.

એક દિવસ તે પ્રથમ શ્રી ના ઘેર ગયો. તેની તે પ્રથમશ્રી નામની પત્નીએ સ્નાનાદિ ઉચિત વ્યવહાર કર્યો અને વિવિધ પ્રકારનાં શાકથી યુક્ત ભોજન બનાવ્યું. અને તેને જમવા માટે પીરસ્યું પરંતુ તે ભોજન સુંદર હોવા છતાં તેના ચિત્તને આનંદ આપી શકતું નથી. તેથી તે બોલ્યો દ્વીતીય

શ્રીએ રાંધ્યું નથી તે શું ખાવું ? જા તેના ઘરે થી કોઈપણ પ્રકારનું શાક લઈ આવ આ પ્રમાણે તેના કહેવાથી તે પ્રથમશ્રીએ શોક્યની પાસે જઈ શાક માંગ્યું. ત્યારે તે દ્વીતીય શ્રીએ કહ્યું આજે કોઈપણ જાતનું શાક બનાવ્યું નથી. ત્યાંથી પાછી આવીને તેણે તે વાત પતિને કહી.

તલવરે ફરી તેણીને કહ્યું : 'પાછી જા અને જે કાંઈ બચેલું હોય તેમાંથી માંગીને લઈ આવ પાછી ત્યાં જઈને પ્રથમશ્રીએ માંગ્યું ત્યારે તે શોક્ય એવી દ્વીતીય શ્રીએ કહ્યું કે નોકરોને આપ્યા બાદ પણ કાંઈ પણ વધેલું નથી તે વાત પણ તે પ્રથમ શ્રીએ પતિને કહી. છતાં અસંતોષી અને રાગી એવા તેણે કહ્યું કે કાંજી જેવું કાંઈ પણ તેના ઘરેથી લઈ આવ. ત્યારે તે પ્રથમ શ્રી ગુસ્સામાં આવી ધમધમ કરતી બહાર આવી જઈને તુવર ચણાથી મિશ્રિત તાજુ પડેલું વાછરડાનું છાણ લઈને કાંઈક સંસ્કાર આપીને તેના ઘરેથી લાવી છું. તેમ કહેતી તેની સામે તે શાક મૂક્યું. તે ખાતાં સંતોષ પામેલો તલવર બોલ્યો 'અહો ! આ કેવું મીઠું છે. સાચે સાચ અત્યંત સ્વાદુ છે ઉત્તમ સ્ત્રી નો આ ગુણ છે. જેવું પતિને ગમે તેવું કરે છે'

જે રીતે એ સ્ત્રી પરના રાગ વાળો તલવર ગુણ દોષના વિવેકથી રહિત બન્યો તે રીતિએ જે કોઈ દૃષ્ટિ રાગી બને છે તે વિશેષ કરીને ગુણ દોષનો વિવેક કરી શકતો નથી અથવા તે વિવેક વિનાનો બને છે. વળી કહ્યું છે કે :-

કામરાગ, સ્નેહરાગને તો દૂર કરી શકાય છે. પરંતુ અત્યંત ખરાબ દૃષ્ટિરાગ તો સજ્જન પુરુષોથી પણ તોડવો દુષ્કર છે. વળી મિથ્યાત્વ રૂપ કલંકથી મલિન આત્મા વિપરિત દર્શન (શ્રધ્ધા) વાળો બને છે. જેવી રીતે તાવવાલાને મધુરરસ પણ કડવો લાગે છે. તે રીતે મિથ્યાદૃષ્ટિને સાચો ધર્મ પણ અરુચિકર બને છે : ..... ઈતિ

અતિશય ક્રોધ અને માન વાળો દ્વેષી બને છે. જેને જેના ઉપર દ્વેષ હોય છે તે તેના ગુણોને પણ દોષ રૂપે જ જુએ છે. તે દ્વેષીને હિત બુધ્ધિથી અપાતો ઉપદેશપણ પરિણામે સુંદર હોવા છતાં દ્વેષના કારણે ગુણને માટે થતો નથી. પરંતુ એથી વિપરિત ઉપદેશકને દુર્યોધન રાજાની જેમ અનર્થ કરનારો થાય છે.

દુર્યોધનનું દૃષ્ટાંત

તે આ પ્રમાણે :- વનમાં વાસ કરતાં તેર વર્ષ પૂર્ણ થયા પછી રાજ્યના લોભી કૌરવોઓએ પાંડવ પુત્રોની સાથે યુધ્ધ શરુ કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે કુટુંબનો કલહ આર્ય જનોને માટે અયોગ્ય છે. એ પ્રમાણે વિચારીને શ્રી કૃષ્ણ સંધી માટે દુર્યોધનની પાસે ગયા. યુક્તિ પ્રયુક્તિ દ્વારા વિસ્તાર પૂર્વક સમજાવ્યો.... છતાં તે ન માન્યો ત્યારે છેવટે ઈન્દ્રપ્રસ્થ, યવપ્રસ્થ, માકનન્દી, વરુણાવંતં એ ચાર ગામને પાંચમું હસ્તિનાપુર પાંડવોને આપો. એમ દરખાસ્ત મુકી.

આ પ્રમાણે પાંચ ગામ અને સંધીની બાબતમાં દુર્યોધને કહ્યું કે :- 'તીક્ષ્ણ સોયના અગ્રભાગ વડે ભેદાય તેટલી જમીનનો અર્ધભાગ પણ વગર યુધ્ધે.... હે કૃષ્ણ ! હું આપીશ નહિ'

ત્યારે કૃષ્ણે વિચાર્યું કે યુધ્ધમાં વિજય થાય કે ન થાય પરંતુ પુરુષોનો તો નાશ થશે. તેથી શામ-દામ અને ભેદ એ ત્રણ ઉપાય અજમાવ્યા પછી યુધ્ધ કરવું. તેવું મહાપુરુષો કહે છે.

સંધીને નહિ ઈચ્છતો, માનથી કૃત્યાકૃત્યના વિવેક વગરનો, સમાન પુરુષ થી હણાયેલા શક્તિમાન લોકો કાચા ઘડાની જેમ સામાને હણ્યા વગર રહી શકતા નથી. આ પ્રમાણે નિતિ યુક્તિ વડે દુર્યોધનને શિક્ષા આપી.

આથી ક્રોધિત થયેલો તે દુર્યોધન કૃષ્ણને બાંધવા માટે તૈયાર થયો ત્યારે કૃષ્ણે દુર્યોધનને કહ્યું કે અકાર્યમાં પડેલા મિત્રને કેશ પકડીને પણ વાળવો જોઈએ જ્યારે તું તો મને બાંધવા (પકડવા) માટે તૈયાર થયો છે.

ત્યારબાદ માત્ર પાંચ ગામ નહિ આપવાના કારણે સંપૂર્ણ રાજ્યને ખોવાનું અને પોતાના કુલના નાશનું કારણ તેવા તે કૌરવોની તે વાત પ્રસિધ્ધ જ છે.

મૂઢની વાત કરતાં કહે છે :- મૂઢ તેને કહેવાય છે કે જે મોહથી હણાયેલો છે, વળી તે વસ્તુની વાસ્તવિકતાને સ્વીકારતો નથી. બીજાની વાત પર શ્રધ્ધા કરતો નથી. ગંગા નામના પાઠકની જેમ.

તે દૃષ્ટાંત આ પ્રમાણે જાણવું :-

ગંગા પાઠકની કથા

લાટ દેશમાં **ભરુચ** નામનું નગર આવેલું છે, તે નગરમાં **ગંગા** નામનો એક પાઠક રહે છે. ઘણા શિષ્યોને ભણાવતાં પ્રાપ્ત કરેલા ધનથી તેણે વૃધ્ધાવસ્થામાં લગ્ન કર્યા તેની ભાર્યા યુવાન વય વાળી હતી. તેણી નર્મદા નદીના સામે કિનારે રહેતાં કોઈ એક પુરુષમાં રાગી બની હતી અને હંમેશા રાત્રિના સમયે ઘડાના સહારે નર્મદા નદી ઉતરી ને ત્યાં જતી હતી.

પતિના ચિત્તમાં શંકા ઉત્પન્ન ન થાય તે માટે તે માયાવીની દિવસે હું કાગડા થી ડરું છું તેમ કહેતી હતી. તેથી કાગડાઓને બલી આપવાના સમયે તેની રક્ષાને માટે પાઠક વિદ્યાર્થીઓને રખેવાળ તરીકે આપતો હતો.

પાઠક ક્યારેક તેને કહે કે અમુક વ્યક્તિ ને બોલાવ ત્યારે તે કહેતી હતી કે હું પુરુષો ને કેવી રીતે બોલાવવા તે જાણતી નથી. પછી તે પાઠક જાતેજ બોલવે છે.... ત્યારે ત્યાં રહેલા એક વિદ્યાર્થીએ ચિંતવ્યું કે આ તેનું ખરેખર સરળતાનું લક્ષણ નથી કારણ કે આચારનો અતિરેક, અનાચાર, અત્યંત સરળતા, કપટ પણું, અતિપવિત્રપણું અને અપવિત્રતા આ છ પ્રકારના કુટ લક્ષણો છે. આ પ્રમાણે વિચારીને તે છાત્રે તેની ચાલચલગત પર નજર નાંખતાં રાત્રિના સમયે તેણે તેણીને નર્મદા નદી ઉતરતી જોઈ. સાથે કુતીર્થે (ઉલ્ટા રસ્તે) ઉતરતા ચોરોને મગરે પકડ્યા ત્યારે તેણીએ તેઓને કહ્યું. ઉલ્ટા (ખોટા) રસ્તે કેમ ઉતરો છો ? હાલતો તમે મગરની આંખો બંધ કરી દો (દાબીદો) એ પ્રમાણે તેણીએ કહ્યું ત્યારે તે વિદ્યાર્થિએ વિચાર્યું કે સ્ત્રીઓનું સાહસ આશ્ચર્ય ઉપજાવનારું હોય છે.

એક દિવસ બલીના અવસરે કાગડાથી રક્ષા કરવા માટે આવેલા છાત્રે (ખાનગી વાત) બતાવતાં કહ્યું કે :-

દિવસે કાગથી ડરે છે રાત્રે નર્મદા ઉતરે છે. કુતીર્થ અને મગરની આંખો ઢાંકવાનું (બંધ કરવાનું) પણ જાણે છે.

આ સાંભળીને તે તરુણી શંકાથી બોલી 'આવા પ્રકારનો લોક સ્વભાવ છે.' બાંધી મૂઠી રાખ, નર્મદા નદીને ઉતરવાની વાત ને છોડી દે.'

તે પછી ચંચલ ચિત્તવાળી તેણીએ તેજ વિદ્યાર્થિની સાથે સબંધ જોડ્યો.

એક વખત પતિ જ્યારે કોઈક કામે બીજા ગામે ગયો ત્યારે સ્વછંદ પણે રહેવા માટે બીજા દેશમાં ગુપ્તપણે તેણે ભાગી જવા માટે વિદ્યાર્થીને કહીને કોઈક બેમૃતક ને લાવીને અગ્નિ દાહ આપીને તે છાત્રની સાથે તેણી ઘર બહાર નીકળી બીજા ગામ પ્રતિ રવાના થઈ ગઈ.

પ્રભાત થતાં આવેલા પતિએ તે દૃશ્ય જોયું અરે - અરે પ્રીયા - (પત્નિ) મૃત્યુ પામી છે. એ પ્રમાણે અત્યંત ખેદ પૂર્વક ઉત્તર ક્રિયા કરીને તેના અસ્થિ લઈને ગંગા નદી તરફ પ્રયાણ કહ્યું. અને તે પાઠક જ્યારે યમુના નદીને તટે આવ્યો ત્યારે ત્યાં સાથે લાવેલા એવા છાત્રની સાથે રહેતી એવી તેની ભાર્યાએ છ મહિનાના અંતે તેના પતિને જોયો. પછી વિરકૃત બનેલી તેની પત્નીએ પશ્ચાતાપ થવાથી પોતાના વાસ્તવિક સ્વરૂપનો એકરાર કર્યો.

તે વખતે પણ પાઠકે કહ્યું. તમે તેના જેવા છો પરંતુ આ અસ્થિતો મૃત પામેલી મારી પત્નીના જ છે.

અનેક પ્રકારની નિશાનીઓ કહેવા છતાં પણ આ અસ્થિ તેના જ છે. તે પ્રમાણે બોલતો તેની તે વાત સ્વીકારતો નથી ત્યાર બાદ તેની સાથે લાવેલો અને રહેલો છાત્ર બતાવ્યો તે જોવા છતાં પણ તે પાઠકે કહ્યું કે તેના જેવો તે દેખાય છે. પરંતુ આ અસ્થિ તો તેના જ છે. પોતાની વાતનો સ્વીકાર નહી થતાં ખીન્ન થયેલી તેણીએ પોતાના મૂઢ પાઠક પતિને છોડી દીધો...

આ પ્રમાણે મૂઢ લોકોને સદ્‌ગુરુનો ઉપદેશ પણ કોઈ ફળને આપનારો બનતો નથી કહ્યું છે કે :-

સૂર્ય ચંદ્ર ઉગ્યે છતે અને પ્રકાશ યુક્ત કોડો દિવા પ્રગટ હોવા છતાં ચક્ષુ હીન પર ઉપકાર થતો નથી. તેવી રીતે મિથ્યાંધકારથી ઘેરાયેલા મૂઢ લોકો પર ઉપદેશ ઉપકારક બનતો નથી. એટલે કે મૂઢ માણસ ઉપદેશ માટે અયોગ્ય છે... ઈતિ મૂઢ...

કદાગ્રહી કોને કહેવાય તે કહે છે :- પહેલા ભરમાવાયેલો હોવાથી વસ્તુની સાચી પરીક્ષા કરી શકતો નથી અને પાછળથી તેવા પ્રકારના કદાગ્રહના વશથી વિપરિત અભિનિવિષ્ટ (કદાગ્રહી) બુધ્ધિવાળો તે કદાગ્રહી કહેવાય છે. તેનું દૃષ્ટાંત સમજાવવા ગોવાળની કથા કહે છે તે આ પ્રમાણે :-

ગોવાળની કથા

રાજપુરનગરમાં ગાયોને ચરાવવાથી એક ગોવાળે ઘણું ધન ઉપાર્જન કર્યું. અને ઉપાર્જન કરેલું તે ધન તેના મિત્ર સુવર્ણકાર (સોની) ને તે ગોવાળે બતાવ્યું ત્યારે તે સોનીએ તેને કહ્યું કે તું આ ધનથી સુવર્ણના આભૂષણ બનાવી લે. ત્યારે ગોવાળે કહ્યું કે તું જ બનાવી આપ.

સુવર્ણકાર :- હું નહિ બનાવી આપું, બીજા પાસે તું બનાવી લે.

ગોવાળ :- ના તુંજ બનાવી આપ વધારે કહેવાથી શું ? ઈત્યાદિ સુવર્ણકારે ફરી ગોવાલને કહ્યું હે મિત્ર લાંબા કાળથી આપણી બન્નેની મૈત્રિ છે. તેનો લોકો છેદ કરનારા છે (તોડાવનારા છે) કારણ કે બીજાના દુઃખમાં આનંદ પામનારા, મુખે મીઠાં બોલા, પાછળ નીંદા કરનારા, ઉપહાસ કરનારા, કલિકાલમાં દુર્જનનાં સ્વભાવ વાળા લોકો છે.

એક બીજાનો ભેદ કરાવવામાં ધન મોટું કારણ છે વળી કહ્યું છે કે, નિર્મળ પ્રીતિ ને અથવા આ જીવન પ્રીતિને ઈચ્છતા હો તો "પરસ્પર

વિવાદ , ધન સબંધી લેવડદેવડ અને મિત્રની ગેરહાજરીમાં તેની પત્નિ ને મલવું." આ ત્રણ વસ્તુ છોડવી જોઈએ આ મહાપુરુષના વચનથી અથવા આવી કહેવતથી મને તારા આભૂષણ બનાવવાની બાબતમાં હવે કાંઈ કહીશ નહિ જેટલી છે તેટલી અંતરની પ્રીતિ, (ભાવ)ને જાળવી રાખ અને તેથી બીજા પાસે તું બનાવી લે બાકી હું પરીક્ષા કરી આપીશ ત્યારે ગોવાળ બોલ્યો, એ પ્રમાણે નહિ જ થાય. શું હું તારા મનના ભાવને નથી જાણતો ?

સુવર્ણકાર :- તું જાણે છે. પરંતુ લોકોનો સ્વભાવ સમજી શકાય તેમ નથી.

ગોવાળ :- લોકોથી આપણે શું ?

સ્વર્ણકાર :- તો પણ હું તને લોકનો સ્વભાવ બતાવું છું એમ કહીને તેણે એક સરખા બે કડા બનાવ્યા એક સુવર્ણનું અને બીજું પીત્તળનું. સુવર્ણનું કડું ગોવાળને આપી કહ્યું કે આ કડાને બજારમાં જઈને બતાવ અને કહેવું કે અમુક સુવર્ણકારનું આ કડુ છે આ કેવું છે અને આની કીમ્મત કેટલી ઉપજશે. પછી તેણે તેવી રીતે કર્યું. અને વેપારીએ કહ્યું કે આ સોનાનું કડુ છે. તેની આટલી કીમ્મત ઉપજશે. તે વાત તેણે સુવર્ણકારને કહી આ પ્રમાણે વિશ્વાસ ઉત્પન્ન કરીને બીજે દિવસે પીત્તળનું કડું આપીને કહ્યું કે આજે આ મારૂં છે તેમ કહીને બતાવજે.

પછી તે મુગ્ધ ગોવાળે પરિવર્તન કરેલું કડું છે તે નહિ જાણતો વેપારીને બતાવ્યું ત્યારે વેપારીએ કહ્યું કે આ પીત્તળનું છે. તેનું કાંઈજ મૂલ્ય નહિ ઉપજે. તેની પાસેથી પાછું લઈને સુવર્ણકાર ને તે વાતથી વાકેફ કર્યો તેને કહ્યું જોયોને આ લોક સ્વભાવ ?

ત્યારે ગોવાળે કહ્યું કે તું જ અલંકાર બનાવ. પછી તેણે તેનું બધું ધન લઈને પીત્તળના દાગીના બનાવી તેને આપ્યા.

કહ્યું છે કે :- જુગારી, વેશ્યા, અગ્નિ, પાણી, ઠગ, રાજા, સોની, બંદર, બ્રાહ્મણ અને બીલાડી આ દશનો ક્યારે પણ વિશ્વાસ ન કરવો અથવા તે આપણા બનતા નથી.

હવે એક વખત તે ગોવાળે તે દાગીના પહેર્યા, કોઈકે તે જોયા અને કહ્યું અરે ! આતો તારા મિત્રે પીત્તળના દાગીના બનાવેલ છે. સાચે તું ઠગાયો છે. બીજા એ પણ તેમજ કહ્યું ત્યારે તેને સામો જવાબ આપ્યો કે હું તે બરાબર જાણું છું. " **પારકી પંચાત તમે શા માટે કરો છો ?** ત્યારે કષાય પૂર્વક તે લોકોએ કહ્યું કે, રે ! તું બરાબર જો તારી જાતને ઠગ નહિ.

ગોપાલ :- મેં બરાબર જોયું છે. તમે તમારી જાતને જુઓ ઈત્યાદિ. આ ગોવાળને પહેલા ભરમાવેલો હોવાથી, સાચી વાત કહેવા છતાં માનતો નથી. આ પ્રમાણે જેઓ કુશાસ્ત્રથી ભરમાયેલા અથવા મિથ્યા દર્શનમાં શ્રધ્ધા રાખનારાને પણ આ પ્રમાણે વ્યુદ્ગ્રાહિત કહ્યા છે.

ઉપર બતાવેલા રાગી, દ્વેષી, મૂઢ અને વ્યદ્ગ્રાહિત આ ચાર ઉપદેશને માટે અયોગ્ય છે. ઈતિ.

વળી ક્યારેક તે ચારે જણ અતિશય (પ્રભાવ) વડે બોધને પામે છે. અતિશય એટલે કે જાતિસ્મરણ, રાજ્યાદિકનો લાભ થતો હોય, ધર્મના ફલની પ્રાપ્તિ જલ્દી દેખાતી હોય વિઘા - ચમત્કારાદિ અને દેવો વડે સંકટમાં પાડવાથી. અહીંયા પર ધર્મમાં રાગી પણ અતિશય થી પ્રતિબોધ પામેલા ઉદાયન રાજાનું દૃષ્ટાંત કહે છે :-

ઉદાયનરાજાની કથા

વિત્તભય પત્તનમાં તાપસ ધર્મમાં રાગ વાળો ઉદાયન નામનો રાજા રહેતો હતો તે દેશમાં એક વખત કોઈ એક વણિકનું વહાણ આવ્યું અને તે વણિકે એક ગોશીર્ષ ચંદનની પેટી ભેટ આપી અને વિનંતી કરી કે આ પેટીમાં દેવાધિદેવની પ્રતિમા છે એ પ્રમાણે કહીને દેવે મને આ પેટી આપી છે રાજાએ પણ ચાર વિદ્યાના જાણકાર પંડીતોને ભેગા કરી વણિકે કહેલી વાત સંભળાવીને પેટી બતાવી અને કહ્યું કે પેટીમાં રહેલી આ દેવાધિદેવની પ્રતિમાને ખુલ્લી કરો.

ત્યારે પૂજા કરીને બ્રાહ્મણોએ કહ્યું હે દેવાધિદેવ બ્રહ્મા તમે પ્રગટ થાઓ એમ કહીને તેના પર કુહાડો લગાવ્યો પરંતુ તે પેટી ખુલી નહિ બીજાઓએ પણ દેવાધિદેવ વિષ્ણુ કહી ખોલવાનો પ્રયત્ન કર્યો પણ તે પેટી ખુલી નહિ. એ પ્રમાણે કાર્તિક - શંકર આદિ દેવોના નામ વડે ખોલવા પ્રયત્ન કર્યો છતાં ખુલી નહિ.....

આ બાજુ ભોજન તૈયાર થઈ જવાથી પ્રભાવતી રાણીએ દાસીને રાજાને ભોજન માટે બોલાવવા મોકલી રાજાએ તેને કહ્યું કે રાણી તો સુખી છે. (મોજ કરે છે) અમારે તો આવા પ્રકારના દવાધિદેવની પેટી ખોલાવવા વિ. ના અમારી પાસે ઘણાં કાર્યો છે. તેમાં ટાઈમ જાય છે. એ પ્રમાણે દાસીની સાથે રાણીને કહેવડાવ્યું.

દાસીએ પણ આવીને રાણીને એ પ્રમાણે કહ્યું. :- તે વખતે પ્રભાવતીએ કહ્યું અહો મિથ્યાત્વથી ઘેરાયેલાને દેવાધિદેવ પણ યાદ આવતાં નથી. પછી રાજાની આજ્ઞાથી સ્નાન કરેલી, કૌતુક મંગલ કરેલી, સફેદ વસ્ત્ર પહેરેલી, બલી, પુષ્પ, ધુપધાણું હાથમાં રાખેલી રાણી સભામાં આવીને બોલી કે હે દેવાધિદેવ વર્ધમાન સ્વામિની પ્રતિમા મારા પર કૃપા કરો અને દર્શન આપો એ પ્રમાણે કુહાડીથી પેટી પર ઘા કરતાં એક જ ઘાએ પેટી ખુલી ગઈ. અને ખુલતાં જ તેમાં પહેલાં બનાવેલી સર્વ પ્રકારના અલંકારથી શોભતી ભગવાન શ્રી વર્ધમાન સ્વામિની પ્રતિમા જોઈ.

રાજાએ તે પ્રતિમાને નવા બનાવેલા ગૃહ ચૈત્યમાં સ્થાપના કરી. આઠમ - ચૌદશે પ્રભાવતિ ભક્તિના વશથી જાતેજ નૃત્ય કરે છે રાજા પણ તેની પાછળ વીણા વગાડે છે. એક દિવસ રાજાએ નૃત્ય કરતી એવી રાણીનું મસ્તક જોયું નહિ. આ એક ઉત્પાત (તોફાન) અમંગલ છે એમ જાણીને તે વ્યગ્રચિત્ત વાળો થયો અને તેથી વીણાનો અવાજ સ્ખલિત થયો. રાણી ક્રોધે ભરાઈ ત્યારે રાજાએ કહ્યું કે ક્રોધ કર નહિ અમંગલ દૃશ્ય જોયું તેથી હું સ્ખલના પામ્યો છું. ત્યારે પ્રભાવતીએ કહ્યું કે જિનેશ્વર ભગવંતનો ધર્મ - (સિધ્ધાંતને) પામ્યા છીએ. તેથી મરણથી ડરવું તે ઠીક નથી.

વળી એક દિવસ ફરી સ્નાન કરેલી પ્રભાવતી દેવીએ પૂજા માટે શુધ્ધ

વસ્ત્ર મંગાવ્યા અને લાવતાં તે વસ્ત્ર થોડે દૂરથી લાલ રંગના જોયા દર્પણમાં મુખ જોતી એવી તે રાણી લાવેલા તે લાલ વસ્ત્ર થી ક્રોધિત થઈ.

દેવ મંદિરમાં પ્રવેશ કરતાં મારૂં અમંગલ કેમ કરે છે ? શું હું શયનગૃહમાં પ્રવેશ કરૂં છું ? એ પ્રમાણે કહીને..... વસ્ત્ર લાવનાર દાસીને દર્પણ થી ઘાયલ કરી.... અને તેને પ્રાણ તજી દીધા.

તે દૃશ્ય જોઈને રાણી ચિંતવવા લાગી લાંબા ગાળાથી એટલે કે ઘણા દિવસો થી પાલન કરાતું પ્રથમ પ્રાણાતિપાત નામના વ્રતનો ભંગ મારાથી થઈ ગયો.

આ પણ મારી ભૂલ છે. એમ વિચારીને રાજાને વિનંતી કરી જો તમે આજ્ઞા આપતા હો તો હું દીક્ષા ગ્રહણ કરૂં.

ત્યારે રાજાએ કહ્યું કે મને સદ્‌ધર્મ સમજાવીશ ? તે પ્રમાણે વચન સ્વીકારી ને રાજાની આજ્ઞાથી દીક્ષા ગ્રહણ કરી છ મહિના દીક્ષાનું પાલણ કરી વૈમાનિક દેવલોક ગઈ.

પછી ઘણા પ્રકારના રૂપો કરીને રાજાને બોધ પમાડવા પ્રયત્ન કરે છે પરંતુ તાપસનો ભક્ત એવો રાજા પ્રતિબોધ પામતો નથી ત્યારે દેવે વિચાર્યું કે તે તાપસ ઉપર રાગવાળો છે અને તે તેના જ ગુણો જુએ છે.

કહ્યું છે કે :- જે જેનામાં રાગી છે તે તેના ગુણ જુએ છે જે જેનામાં રાગી નથી તે તેના દોષ જુએ છે અને મધ્યસ્થ પુરુષો ગુણ અને દોષ બન્ને જુએ છે. તેથી કોઈપણ રીતે રાજાને તાપસથી જુદો કરું અથવા તાપસ પરનો રાગ છોડાવી દઉં જેથી કરીને તેઓથી વિરક્ત બનેલો જૈન ધર્મ સારી રીતે જાણે અને જૈન ધર્મ પર શ્રધ્ધાવાન્ બને.

એ પ્રમાણે વિચારીને તે દેવ (પ્રભાવતીનો જીવ) તાપસ વેષ ધારણ કરી હાથમાં પુષ્પ, ફલ લઈ રાજાની પાસે ગયો અને અતિ મનોહર એક ફલ રાજાને આપ્યું. રાજાએ તે સુંઘ્યુ અત્યંત સુગંધથી યુક્ત તે લાગ્યું. તેના સુંદર રૂપને જોયું અને અમૃત રસથી પણ અધિક મીઠો તેનો સ્વાદ માન્યો (લીધો) પછી રાજાએ તાપસને પુછ્યું. આવા પ્રકારના ફળો ક્યાં મલે છે ?

(રૂપધારી) તાપસ :- આ બાજુ ઘણા દૂર નહિ એવા નજીકના તાપસના આશ્રમમાં મલે છે.

રાજા :- તે તાપસનો આશ્રમ મને બતાવ અને તેના ઝાડોને પણ બતાવ.

તાપસ :- તમે એકલા જ આવો. ત્યારે મુગુટ આદિ અલંકારથી યુક્ત રાજા તાપસની સાથે ચાલ્યો અને જેવો કહ્યો હતો તેવો આશ્રમ અને બગીચો જોયો. ત્યાં પરસ્પર વાતો કરતાં તાપસોની વાતો સાંભળે છે કે આ રાજા એકલો અલંકાર સહિત છે તેને હણીને તેના આભૂષણો આપણે લૂંટી લઈએ આ વાત સાંભળી ડરી ગયેલોરાજા પાછો વળ્યો..... તાપસે બૂમ લગાવી દોડો દોડો નાસતા એવા આ રાજાને પકડો..... હણો હણો એ પ્રમાણે બોલતા તાપસો તેની પાછળ દોડ્યા, ત્યારે નાસતા એવા તે રાજાએ એક મોટું ઉદ્યાન જોયું ત્યાં મનુષ્યોના અવાજ સાંભળી અહીંયા જ શરણ મલશે એમ વિચારી આગળ જઈને જોયું તો ત્યાં તેને ચંદ્ર સમા સૌમ્ય, કામદેવ જેવા મનોહર રૂપ વાળા, નાગકુમાર જેવા પહેરવેશવાળા, બૃહસ્પતી જેવા શાસ્ત્રમાં પારંગત ઘણા શ્રમણોની મધ્યમાં બેસીને ધર્મોપદેશ આપતાં ગુરુને જોયા અને શરણ આપો શરણ આપો એ પ્રમાણે બોલતો રાજા ત્યાં ગયો ત્યારે ગુરુએ કહ્યું ભય રાખીશ નહિ, તું હવે ભયથી મુક્ત થઈ ગયો છે. એ પ્રમાણે સાંભળીને તાપસો પાછા વળી ગયા રાજા પણ તે તાપસો પરના રાગથી પાછો ફર્યો (રાગ છોડી દીધો) તે તાપસો ને વિષે વિપરિણામવાળો થયેલો રાજા કંઈક સ્વસ્થ થયો ત્યારે ગુરુએ તેને ધર્મ સમજાવ્યો અને તે ધર્મ રાજાએ ગ્રહણ (સ્વીકાર) કર્યો.

પ્રભાવતી દેવે તાપસાશ્રમ ઉદ્યાન વિ. જે બનાવ્યું હતું. તેનું સંહરણ કરી લીધું. રાજાએ પોતાને સિંહાસન પર આરૂઢ થયેલો જોયો... દેવે આકાશમાં અદૃશ્ય રહીને કહ્યું કે આ બધું તમને પ્રતિબોધ કરવા માટે મેં બનાવ્યું હતું તમને ધર્મમાં વિઘ્ન ન આવે અને જ્યારે બીજી કોઈ આપત્તિ આવે ત્યારે મને યાદ કરજો એ પ્રમાણે કહીને દેવ પોતાના સ્થાને ચાલ્યો ગયો.

આ પ્રમાણે રાગીને સંકટમાં પાડી, પ્રભાવ બતાવી દેવે ધર્મનો બોધ કરાવ્યો (ધર્મમાં સ્થિર કરાવ્યો).

અથવા દેવના પ્રભાવથી સંકટમાં પડેલા રાજાએ તાપસ પરનો રાગ છોડી સાચો ધર્મ સ્વીકાર્યો.

. તે સંબંધમાં આ ઉદાયન રાજાનો સંબંધ કહ્યો. એ પ્રમાણે શ્રી પાર્શ્વપ્રભુ કાયોત્સર્ગમાં હતા ત્યારે સતત્ મુશળધાર વર્ષાદાદિનો ઉપસર્ગ કરનાર દ્વેષી કમઠને ધરણેંદ્રે તેવા પ્રકારના પ્રભાવથી પાછો વાર્યો અને તે કમઠ ક્ષમા માંગી ધર્મમાં સ્થિર થયો.

યુધ્ધ - વધાદિ રુપ પાપથી જ રાજ્યાદિ સકલ કલ્યાણકારી વાંછીત પ્રાપ્ત થાય છે. એવું બોલનારા ધર્મદ્વેષી પાપબુધ્ધિરાજાને કામકુંભ, દીવ્ય લાકડી, સર્વઉપદ્રવ હરનારી ચામર, ત્રણ કન્યા સાથેનું પાણિગ્રહણ, દિવ્ય પલંગ, શ્વેત અને લાલ એમ બે કલર ની સોટી, રાજ્યાદિ ની જલ્દી પ્રાપ્તિ તે શ્રેષ્ઠ ધર્મના ફલ રૂપે તેવું બતાવવા વડે સુબુધ્ધિમંત્રીએ પ્રતિબોધ કર્યો.

વળી પૂર્વભવમાં ધર્મની કંઈક વિરાધના થી ધર્મમાં મૂઢ મેતાર્ય મુનિને દેવોએ સંકટમાં પાડીને ધર્મમાં સ્થિર કર્યા છે.

કમલશ્રેષ્ઠિ જે મશકરીથી કુંભારની ટાલના દર્શનના અભિગ્રહ થી નિધાનની પ્રાપ્તિ વડે ધર્મ પામ્યા હતા.

પૂર્વે ભ્રમિત ભૃગુ પુરોહિતના બે પુત્રો સાધુના પાત્રમાં રહેલા આહાર અને સાધુના અહિંસાદિ ધર્મના આચરણથી ઉત્પન્ન થયેલા જાતિસ્મરણથી પ્રતિબોધને પામ્યા આદિ વિશેષ દૃષ્ટાંત જાણી લેવા.

રાગી આદિને બોધિ દુર્લભ છે. એ પ્રમાણે વિચારીને હે ભવ્ય લોકો ! માધ્યસ્થ ભાવને ધરનારા બનો. જેથી કરીને જય રૂપી લક્ષ્મીને આપનારો ધર્મ સુલભ બને. ઈતિ.

॥ ઈતિ તૃતીય તરંગ સમાપ્ત ॥

તરંગ – ૪

આ પહેલાના તરંગમાં ચાર જણા ઉપદેશને અયોગ્ય બતાવ્યા તેમાં મૂઢ માણસના કેટલાક ભેદો અયોગ્ય છે તે કહે છે. :-

(૧) અસ્થિર (૨) પ્રમાદી (૩) બહેરા કુટુંબની ઉપમાવાળા (૪) કુઆગ્રહી (કદાગ્રહી) (૫) પામરની જેમ પૂર્વાપરના સંબંધને વિચારવાની શક્તિ વિનાના.... બુધ્ધિહીન....

અસ્થિર ચિત્તવાળો ધર્મને સાધી શકતો નથી તેથી તે ધર્મ માટે અયોગ્ય છે. ઉપદેશનો આ સાર છે.

અસ્થિર ચિત્ત વાળો અનેક પ્રકારના વિષયોમાં એક ને છોડી બીજામાં, બીજાને છોડી ત્રીજામાં ફાંફાં મારે છે અર્થાત્ ચિત્ત ને જોડે છે.

અસ્થિર ચિત્તવાળી શ્રેષ્ઠિની પત્નિની જેમ. તે આ પ્રમાણે દૃષ્ટાંતથી કહે છે :-

વસુશ્રેષ્ઠિની પત્નિની કથા

શ્રીપુર નગરમાં વસુનામે શ્રેષ્ઠિ રહેતો હતો. તેને ગોમતિ નામની પત્નિ અને ધનપાલ નામે પુત્ર હતો. દિવસો જતાં પિતાનો સ્વર્ગવાસ થયો. અને શોક દૂર થયે છતે એક વખત વહુની સાથે ગોમતિ કલહ કરવા લાગી. ત્યારે પુત્રે કહ્યું હે માતા ! ઘરની ચિંતા શા માટે કરો છો, ધર્મ કરો.... હું તારી આજ્ઞાનું પાલન કરૂં છું. પછી ચિંતા શી.

જો ધર્મ સાંભળ્યા વિના ધર્મ કરી શકાય નહિ, માટે તું ધર્મને સાંભળ એટલે ધર્મ સંભળાવવા માટે પુત્રે પંડીતને ઘરે જ બોલાવ્યો.

ગોમતિ ધર્મ સાંભળવા બેઠી અને પંડીતે વાચનનો પ્રારંભ કર્યો. **ભીષ્મ બોલ્યો** એ પ્રમાણે જ્યાં કહ્યું કે તેજ વખતે ચોકમાં પ્રવેશ કરતા કુતરાને હટ હટ કહેવા લાગી અને હટ હટ કહેતી તે ઉઠી. ક્રોધિત થયેલી તેણીએ ચોકીદારને બડબડતી કંઈક કહીને થોડી જ વારમાં પાછી આવીને બેઠી. ત્યારે **ભીષ્મ ઉવાચ** એમ પાઠકે કહ્યું તેટલામાં રસોડાની નજીક એક બીલ્લીને જોઈ દૂરથી જ ભાગ કહેતી ઉભી થઈ, રસોયા પર ક્રોધિત થઈ

કંઈક ઠપકો આપી પાછી આવીને બેઠી. એટલે **ભીષ્મ ઉવાચ** એ પ્રમાણે વળી પંડિત બોલ્યા કે તેજ વખતે ચોકમાં બાંધેલું વાછરડું છૂટી ગયું તે જોઈને ઉઠી છુ છુ એમ બોલતી ગોવાળ પર ગુસ્સે થઈ પાછી આવીને બેઠી. ત્યાં ફરી **ભીષ્મ ઉવાચ** એ પ્રમાણે પંડીત જ્યાં બોલે છે તેટલામાં કા કા કા એ પ્રમાણે ના કોલાહલથી કંટાળેલી તે નોકર પર ગુસ્સે ભરાઈ, વળી યાચક વિ. ના આવાગમનથી વારંવાર ઉઠતી અને પાછી આવીને બેસતી એમ કરતાં એક પ્રહર (ત્રણ કલાક) ચાલ્યો ગયો. પંડીત સમય પૂરો થઈ જવાથી ઉઠીને જતો રહ્યો.

બીજે દિન પ્રભાત થતાં ફરી તે પાછો આવ્યો. ત્યારે પણ તેજ રીતના વર્તનથી ખીન્ન થયેલો તે પાઠક ચાલ્યો ગયો અને કહ્યું કે અવ્યવસ્થિત એટલે કે ચંચલ ચિત્તવાળાને ધર્મ કહેવો નહિ. સારી રીતે કહેવા છતાં તે ફોગટ નિષ્ફલ જાય છે. કેમકે ફૂંકણી વડે દીપક પ્રજ્વલિત થતો નથી પણ બુઝાઈ જાય છે.

લબ્ધિ સંપન્ન એવો કોણ છે કે જે ચંચલ ચિત્તવાળાને ઘણા ઉપદેશ વડે કરીને પણ પ્રબોધિત કરી શકે ? અર્થાત્ લબ્ધિ સંપન્નવાળાનો પણ ઘણો ઉપદેશ ચંચલ ચિત્તવાળાને લાગતો નથી. અસ્થિર ચિત્તવાળાને લબ્ધિ સંપન્ન પણ ઘણું કહેવા છતાં બોધ આપી શકતો નથી.

જેવી રીતે વિજળી ને ભેદવા ઠારવા કે શાન્ત કરવા માટે પુષ્કરાવર્તનો મેઘ પણ મુશળ સમી લાખો ધારા વડે પણ સમર્થ બનતો નથી.

પ્રમત્તનું સ્વરૂપ કહે છે :- પ્રમત્ત (પ્રમાદી) એટલે કે વિષય - કષાય - વિકથા - નિદ્રાદિ થી ઘેરાયેલા ચિત્તવાળો, તેને ધર્મ સુઝતો નથી. અર્થાત્ તે ધર્મને કરી શકતો નથી.

પૂર્વ ભવમાં ભાઈ ચિત્રમુનિએ બોધ આપવા છતાં બોધ ન પામ્યો તેવા બ્રહ્મચક્રવર્તિ આદિની જેમ.

કહ્યું છે કે :- પ્રમાદિ માણસના ચિત્તમાં ધર્મ સ્થાન પામતો જ નથી. જેમ કાળા રંગથી રંગાયેલા કપડામાં લાલરંગ લાગતો નથી.

મહાભારતમાં પણ કહ્યું છે કે :- એક વખત મથુરામાં આવેલા દુર્વાસસ મુનિને ધૃતરાષ્ટ્ર રાજાએ કહ્યું કે હે મુનિ ! મારા દુર્યોધનાદિ પુત્રોને ધર્મની શિક્ષા (સમજ) આપો જેથી કરીને તેઓ પાંડવ પુત્રો સાથે કલહ ન કરે ત્યારે દુર્વાસસ મુનિએ કહ્યું કે વેદ, આગમ, પુરાણ, યુક્તિ પ્રયુક્તિ આદિ સેંકડો પ્રકારના ઉપદેશ વડે પણ આ દશ પ્રકારના લોકો ધર્મમાં જોડાતા નથી.

હે ધૃતરાષ્ટ્ર ! તે તમે સાંભળો :- (૧) મદિરાપીધેલો (૨) પ્રમાદી (૩) છકી ગયેલો (૪) થાકી ગયેલો (૫) ક્રોધી (૬) ભૂખ્યો (૭) ઉતાવળીઓ (૮) બીકણ (૯) લોભી અને (૧૦) કામી આ દશ પ્રકારના લોકો ધર્મના બોધને પામી શકતા નથી.

બહેરા કુટુંબની જેમ બહેરા તે પણ ઉપદેશને માટે યોગ્ય નથી.

બધિર કુટુંબનું દૃષ્ટાંત

કોઈ એક પુરક ગામમાં ડોસો-ડોસી રહેતા હતા. પુત્ર અને પુત્ર વધુ પણ સાથે રહેતા હતા. પુત્ર હળ દ્વારા ખેતી કરતો હતો. એકવખત મુસાફરોએ તેને પંથ પૂછ્યો ત્યારે પુત્રે કહ્યું કે બન્ને બળદો મારા ઘરના છે.

પથિક :- અમે બળદનું પૂછતાં નથી પંથ કેટલો છે તે કહે એ પ્રમાણે પથિકો એ ફરી પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે આખું ગામ આ જાણે છે. તમને વિશ્વાસ ન આવતો હોય તો ગામમાં જાઓ અને ખાતરી કરી જુઓ આ બહેરો છે એમ માનીને તેઓ ચાલ્યા ગયા. તેટલામાં તેની પત્નિ ભાત (ભોજન) લઈને આવી. ત્યારે તેની આગળ તે બોલ્યો આજે આ બન્ને બળદો ભૂખ્યા છે થાકેલા છે. ત્યારે તેની તે સ્ત્રી બોલી આ ભોજન તે મીઠા વાળું છે કે મીઠા વિનાનું તે હું કેવી રીતે જાણું ? તમારી માએ રાંધેલુ - પકવેલું છે. આ પ્રમાણે તેણીએ કહ્યું ત્યારે તે (પુત્ર) બોલ્યો મેં પથિકોને કાઢી મૂક્યા છે.

પત્નિ :- મને શો અધિકાર છે પછી ઘરે આવેલી એવી તેણે સાસુને પુત્રની વાત કરી ત્યારે કાંતતી એવી સાસુ બોલી બારીક હોય કે જાડું પણ ડોસાનું વસ્ત્ર બનશે. આ સાંભળી વહુ બોલી મીઠા માટે મારો સો અધિકાર છે ? સાસુ કહે છે કે ડોસાનો બારીક વસ્ત્ર પહેરવાનો તો સમય વહી ગયો છે ત્યારે વહુ બોલી બધી ચિંતા સાસુની (તમારી) છે. હું ઘરનો વ્યાપાર જાણતી નથી. આ સાંભળી સાસુએ ડોસાને કહ્યું કે વહુ કહે છે કે ડોસાએ ઘણાં વખત સુધી સૂક્ષ્મ વસ્ત્ર પહેરેલા છે. તે સાંભળી તલની રક્ષા કરનારો તે ડોસો બોલ્યો કે મેં એક પણ તલ ખાધો નથી. તું મને ખોટું કલંક આપે છે. તેથી હવેથી હું તલની રક્ષા નહિ કરું. ઈત્યાદિ.

આ પ્રમાણે જે બીજાને ઉપદેશ આપે છે તે બધિર કુટુંબની ઉપમા જેવા છે.... પૂછે કંઈ ને જવાબ કંઈ તે ગુરુ બધિર છે અને જે જાણે છે જુદું અને બોલે છે જુદું તે શિષ્ય નથી.

હવે કદાગ્રહી કોને કહેવાય તે કહે છે :- લાભ કે નુકશાન નો વિચાર નહિ કરનારો આ એમજ છે એ પ્રમાણે માનનારો એટલે કે પોતાની જ વાત ને પકડી રાખનારો તે કદાગ્રહી... કહેવાય.

લોખંડના ગ્રાહક નરની કથા

ચાર પુરુષો ધનોપાર્જન માટે ઉત્તરદિશામાં ગયા. ત્યાં ઉપાર્જન કરેલા ધનથી લોઢાની કોષ બનાવડાવીને તે લઈને તેઓ પોતાના દેશ તરફ જવા નીકળ્યા રસ્તે જતાં આવેલ અટવીમાં નિધાન તુલ્ય એક તાંબાનો કોષ જોઈને લોઢાનો કોષ છોડી દઈને તેમાંથી ત્રણેએ તે ગ્રહણ કર્યો. પરંતુ ચોથા એક કદાગ્રહીએ પુરુષોને આ પ્રમાણે કહ્યું કે હું તેમ કરવા ઈચ્છતો નથી.

એ પ્રમાણે રૂપાનો સુવર્ણનો કોષ પ્રાપ્ત થયે છતે પૂર્વના કોષને વિશિષ્ટ પ્રકારના કોષને લેવા માટે ઘણું કહેવા છતાં ચોથા પુરુષે પુરાણું છોડવામાં હિત નથી મનમાં વિચારીને છોડ્યું નહિ.

ઘણો ઉપદેશ આપવા છતાં જે પોતાનો કદાગ્રહ છોડતો નથી તે નર ઉપદેશને યોગ્ય નથી.

કહ્યું છે કે :- કુગ્રહ થી ગ્રસિત થયેલા ને જે મૂઢ ધર્મનો ઉપદેશ આપે છે તે ચામડા ચાવનાર કૂતરાના મોંઢામાં કપૂર નાંખવા જેવું છે.

પામર લોક પ્રસિધ્ધ છે અને તે પામરનું સ્વરૂપ આ પ્રમાણેના કથાનક થી જાણવું :-

પામરનું દૃષ્ટાંત

શાલી ગ્રામમાં કોઈ એક ખેડૂત રહેતો હતો. તેના ખેતરમાં શરદ ઋતુમાં ડાંગર પાકી ગઈ હતી. તેને લણવા માટે નોકરને શોધતાં ભીક્ષા માટે ભમતાં ભટકતા એક પામરને જોયો અને કરબો (દહીં ભાત) ખવડાવ્યો અને કહ્યું જો તું મારા ખેતરમાં લણવાદિ નું કામ કરીશ તો તને હમ્મેશા આવા પ્રકારનું ભોજન આપીશ. તે પામરે કહ્યું કે હા હું કરીશ પરંતુ કેવી રીતે લણવું તે હું જાણતો નથી.

ખેડૂત : હું તને શીખવીશ.
પામર : ભલે તેમ હો (સારૂં)
ખેડૂત : હું જે પ્રમાણે કરૂં તે પ્રમાણે તારે કરવું
પામર : ભલે તેમ હો..... (સારૂં)

પછી પામરને પાણી ભરેલો ઘડો આપીને અને છાણનો ટોપલો પોતે લઈને ખેતર તરફ ચાલ્યો.... ખેતરે જઈને ખેડૂતે ટોપલો ફેંક્યો તે જોઈને તે પામરે ઘડાને ફેંક્યો અને તે ફૂટી ગયો... ખેડૂત ગુસ્સે થયો ત્યારે તે તેની સામે ગુસ્સે થયો.... ખેડૂતે તેને માર્યો તેણે પણ ખેડૂતને સામે માર્યો... બન્ને લડવા લાગ્યા..... ફૂટાયેલો ખેડૂત કોઈ પણ રીતે ત્યાંથી નાઠો નાસતાં વૃક્ષાદિમાં પહેરેલું વસ્ત્ર લાગી ગયું. પાછળ આવતા તે પામરે પણ પોતાનું વસ્ત્ર ઉતારીને ત્યાં લગાવી દીધું.

ખેડૂત ગામના પાદરે આવ્યો... ત્યાં નગ્ન હોવાથી પાણી ભરવા માટે જતી તેની પત્નિનું ઉત્તરીય વસ્ત્ર (સાડલો) પહેરવા માટે લીધું..... પામરે પણ વસ્ત્રને પહેર્યું.

ભયથી વિહ્વલ બનેલો તે ખેડૂત ઘરના ખૂણામાં જઈને બેસી ગયો. પામર પણ તે ખેડૂતના ઘરના બીજા ખૂણામાં જઈને બેસી ગયો. તેટલામાં લોકો ભેગા થઈ ગયા આ શું છે ? એ પ્રમાણે પૂછતાં ખેડૂતે પામરને બતાવ્યો તેણે પણ તે રીતે ખેડૂતને બતાવ્યો. ઈત્યાદિ.

ત્યાર બાદ લોકોએ કોઈપણ રીતે તેને સમજાવ્યો.

એ પ્રમાણે કૃત્યાકૃત્યનો ઉપદેશ આપવા છતાં પણ તે તે વિષયને નહિ સમજનારા પામર સમા લોકો ઉપદેશને માટે અયોગ્ય છે.

કહ્યું છે કે :- જેની પાસે પોતાની જાતે સમજવાની શક્તિ નથી (બુધ્ધિ નથી) શાસ્ત્ર તેને શું કરી શકે ? ચક્ષુ રહિતને દીપક શું કરી શકે ? ઈતિ.

તેવી જ રીતે સાંભળેલું જ માત્ર ગ્રહણ કરે છે તે શ્રુત માત્ર ગ્રાહી છે. તન્ત્ર, યુક્તિ, રહસ્ય, ભાવાર્થ, યોગ્યાયોગ્ય આદિથી નહિ જાણનારા તાપસની જેમ તે આ પ્રમાણે

તાપસની કથા

કોઈ એક ગામમાં કોઈક પાપભીરુ બ્રાહ્મણે તાપસપણું ગ્રહણ કર્યું..... દયા ધર્મ છે એવું તેણે સાંભળ્યું.

એક વખત કોઈ બીમાર સાધુને સન્નીપાત ઉત્પન્ન થયો તેને શીત પાણી નહિ પીવાનું જણાવ્યું. છતાં બહાર તાપસો ગયા ત્યારે તે રોગીએ નવા તાપસ પાસે શીત વારિ માંગ્યું દયા ધર્મ છે એમ વિચારીને તે નવા તાપસે તેને પાણી આપ્યું. તેથી રોગી ઘણો દુઃખી થયો. રોગની વૃધ્ધિ થઈ ત્યારે નવા તાપસ ઉપર, બીજા તાપસો ગુસ્સે થયા અને કહ્યું રે મૂર્ખ ! તેં આને દુઃખી કર્યો અને કહ્યું કે અજ્ઞાનીઓથી શું સંભવિત નથી ? તેણે ચિંતવ્યું કે હું અજ્ઞાની છું. તેથી જ્ઞાન ભણવું જોઈએ. સાંભળ્યું છે કે તપથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. તપથી જ ચરાચર ત્રણે લોક સારી રીતે જોવાય છે.

તેથી હું તેને મારા સ્વાધિન કરૂં એ પ્રમાણે કોઈને નહિ કહીને પર્વતની ગુફામાં ગયો. ફલાદિનો પણ ત્યાગ કરવા પૂર્વક તપ શરૂ કર્યો..... કેટલાક દિવસ વ્યતિત થયે તે ભૂખથી પીડાવા લાગ્યો અને આ કંઠ પ્રાણ આવી ગયા. તે વખતે તેને શોધવા નીકળેલા બીજા તાપસો એ તેને જોયો અને કહ્યું ખરેખર આ રીતે તપ કરાય નહિ. સમાધિ એજ ધર્મનું ફલ છે. તે સાંભળી સમાધિ માટે પ્રયત્ન કરૂં એમ વિચારી તે ગામમાં ગયો. ત્યાં ભક્ત જનો પૂજવા લાગ્યા અને કેટલા દિવસોમાં ભક્તજન તરફથી ધન ભેગું કર્યું. તે ધૂર્તોએ જાણ્યું અને તેનો પરિચય કરવો શરૂ કર્યો અને તેનો વિશ્વાસ કેળવી લીધો. તેથી તે તાપસે પોતે માનેલ સમાધિનું મૂલ ધર્મ છે. તે તેઓને સમજાવ્યું (કહ્યું) ઉપાય જડી ગયો છે તેવા તે ધૂર્તો એ ગણિકા વિ. આપવા વડે તેનું ધન હરી લીધું. લોકોએ તે જાણ્યું અને તે તાપસનો તીરસ્કાર કરીને તેને કાઢી મૂક્યો.

એ પ્રમાણે શ્રુતમાત્ર ગ્રાહી..... કહેવાનો ભાવાર્થ નહિ જાણનારો શાસ્ત્રના ઉપદેશ માટે અયોગ્ય છે.

કહ્યું છે કે :- શાસ્ત્ર વાણી સુંદર લાભ કરનારી હોવા છતાં મૂઢ ગ્રહણ કરે તો નિષ્ફલ જાય છે. અર્થાત્ શાસ્ત્રવાણી સુંદર તત્ત્વવાળી હોવા છતાં મૂઢ વડે ગ્રહણ કરાયેલી નિષ્ફલ જાય છે. કંજુસ એવી ગામડાની દરિદ્ર સ્ત્રીઓ શું ક્યારેય ઉદાર બને છે ?

જેઓ વિષયને નહિ જાણનારા, વસ્તુને વિશેષ રૂપે નહિ જાણનારા, બુધ્ધિહીન, શૂન્ય મનસ્કાદિ (વિચારવાની શક્તિ વિનાના) ઉપદેશને માટે બીજા ગ્રંથોમાં પણ અયોગ્ય કહ્યા છે. તે પણ આ ગ્રંથમાં આવી જાય છે. તેથી જુદા કહ્યા નથી. વળી વિવિધ પ્રકારે યોગ્યતાને જાણી જે યોગ્ય લાગે તેને ધર્મ કહેવો. કારણ કે યોગ્ય લોકોને જ ભાવ શત્રુના વિજય રૂપ લક્ષ્મી (મોક્ષ) સુલભ થાય છે.

॥ ઈતિ ચતુર્થ સ્તરંગ સમાપ્તઃ ॥

યોગ્યાયોગ્યના જ દૃષ્ટાંત કહે છે :- (૧) ગિરિશિખર (૨) નીક (ખાળ) (૩) મરુભૂમિ (૪) કાળી જમીન (૫) સમુદ્રની છીપ (૬) મોતીની ખાણ જેવા.

ધર્મોપદેશ રૂપ વૃષ્ટિથી ફલપ્રાપ્ત કરવામાં પર્વતના શિખરાદિ જેમ છ પ્રકારના જીવો છે. તે આ પ્રમાણે વાદળાં વરસે છતે, સ્થાન વિશેષે ફલની પ્રાપ્તિ અપ્રાપ્તિ આદિના વિષયમાં ૬ પ્રકાર જણાય છે.

ગુરુનો ઉપદેશ પણ યોગ્ય અયોગ્ય જીવ રૂપ સ્થાન વિશેષે કરી પ્રતિબોધાદિ ફલનો લાભ આદિ છ પ્રકારે વિચારવા તે દરેકની જુદી જુદી વિચારણા કરે છે.

પર્વતના શિખર પર વાદળાંનું પાણી થોડું કે ઘણું પડે તો પણ નીચે જલ્દી ઉતરી જાય છે. થોડી વાર પણ ત્યાં ટકતું નથી. તેને એટલે કે પર્વતને ભેદવાની વાત તો દૂર રહી તેવી રીતે કેટલાક જીવોને વિષે ધર્મોપદેશ પણ તે વર્ષાની જેમ પ્રમાદાદિ, અવજ્ઞા, ઉપયોગ રહિતતા, વ્યગ્રચિત્ત ના કારણે અને તેની ધારણા ન કરવાથી નિષ્ફળ થાય છે. તો પછી પરિણતિની તો વાત ક્યાંથી હોય ? અર્થાત્ તો પરિણામ કેવી રીતે હોય ? ધર્મ સાંભળવાનું તો બહારની વૃત્તિથી અથવા પરતંત્રપણાથી એટલે કે મા-બાપ, પત્નિ, મિત્રની શરમ આદિથી અથવા અભિમાન આદિ વડે પણ થાય. બટુકની જેમ તે આ પ્રમાણે :-

બટુકની કથા

કોઈક નાના ગામમાં પુરોહિત બટુકને ધર્મ સંભળાવે છે તે વખતે તે કંઠ ઉપરનો હાલતો ભાગ (હાડીયો) આશ્ચર્ય પૂર્વક જૂએ છે અર્થાત્ તે જોઈ વિસ્મિત થાય છે.

પુરોહિતે કેટલોક ઉપદેશ આપ્યા પછી પૂછયું તત્ત્વ જાણ્યું ?

બટુક : જાણ્યું

પુરોહિત : કેવી રીતે અથવા શું જાણ્યું ?

બટુક : આ તમારા ડોક પર રહેલી અનવરત (સતત્) ચાલતી ઘુઘરી (હડ્ડી)

પુરોહિત : રે મૂર્ખ ! આનાથી તને શો લાભ કંઈક વસ્તુના તત્ત્વને કહે. તે જાણવું જોઈએ.

બટુક : એ પ્રમાણે કરીશ.

પુરોહિત : કંઈક ધર્મોપદેશ આપીને પૂછ્યું.... કંઈ જાણ્યું ?

બટુક : હા જાણ્યું.

પુરોહિત : કેવી-રીતે ? અથવા શું જાણ્યું.

બટુક : જ્યાં સુધી તમે કાંઈક ઉપદેશ આપ્યો ત્યાં સુધીમાં આ બાજુનાં દ્વારમાંથી ૭૦૭ કીડીઓ નીકળી.

પુરોહિત : રે મૂર્ખ ! આનાથી તને શો ફાયદો ? જો હવે હું જ્યારે ઉપદેશ આપું ત્યારે જ કંઈક તત્ત્વનું ચિંતન કર.

બટુક : સારૂં એ પ્રમાણે કરીશ

પુરોહિત : ફરી થોડો ઉપદેશ આપીને પૂછ્યું તેં શેની ચિંતવના કરી અથવા શું વિચાર્યું.

બટુક : ક્યારે તમે અહીંથી ઉઠશો - જશો તે પ્રમાણે ચિંતવ્યું. (વિચાર્યું) આ સાંભળી પુરોહિતે તેને છોડી દીધો આ પ્રમાણે કાલસૌકરિકાદિના પણ અહીં ઉદાહરણો સમજવા-કહેવા.

પણાલ એટલે શું તે કહે છે :- પણાલ એટલે પર્વતમાં જ જીભાદિ જેવો પાષાણવાળો નદી અને ઝરણાં ને ઉતરવાનો માર્ગ અથવા મહેલાદિમાં પાણી નીકળવાનો જે માર્ગ તે પણાલ (ખાળ) તેમાં વાદળાંનું પાણી ખળખળ વહેતું દેખાય છે પણ વર્ષાદ રહી ગયા પછી પણ કેટલોક સમય વહે છે. પંરતું ત્યાં કોઈપણ જાતની ભીનાશ, રહેતી નથી. પાણી વહી ગયા પછી કુણાશ ભીનાશ અંકુરાદિ કાંઈપણ થતું નથી. તેમ કેટલાક જીવો ગુરુએ કહેલ કથા ગાથા શ્લોકાદિ બીજાને ઉપદેશ આપવા માટે, પોતાની પંડીતાઈ બતાવવા માટે ધારે છે અને ભણે છે. પરંતુ તેના હૃદયમાં (આત્મામાં) કોઈપણ જાતનો પરિણામ ઉત્પન્ન થતો નથી.

કષાય મિથ્યાત્વાદિના કારણે અને સહનશીલતા, સરળતા, શુભ પરિણામ આદિ ન હોવાના કારણે તે આત્માને કોઈ ફાયદો થતો નથી ઘણા પ્રકારની કથા, નાટક, પુસ્તક, આદિ વ્યાખ્યાકારક અંગારમર્દકાચાર્યની જેમ પરિણતિ વગરના દૃષ્ટાંત કહે છે.

મારવાડ દેશમાં થોડો વર્ષાદ રેતીમાં જ વિલય પામે છે અર્થાત્ સમાઈ જાય છે. વર્ષાદ વરસ્યો કે નહિ તે પણ જણાતો નથી ઘણી વૃષ્ટિ થાય ત્યારે સામાન્ય ઘાસ, કેરડો, ખીજડી વનાદિના ઝાડો અને ચોળા મગ આદિ અનાજ પ્રાયઃ કરીને નીરસ ઉત્પન્ન થાય છે વળી દુર્વાદિ, ઔષધિ, કેરી, રાયણ, કેળાં, નાળિયેર, સોપારી, નાગરવેલ, દ્રાક્ષાદિની વેલો, ચોખા, ઘઉં આદિ ધાન્ય, ગોળ-સાકળ આદિના હેતુ રૂપ શેરડી (ઉસ-ગન્ના) ના ખેતરો પ્રાયઃ કરીને રસ વાળા ઉત્પન્ન થતાં નથી. એ પ્રમાણે કેટલાક જીવોને થોડા ઉપદેશથી કાંઈપણ પરિણામ જાગતા નથી. ઘણો ઉપદેશ આપવાથી કંઈક ભાવ ઉત્પન્ન થવાથી દાક્ષિણ્યાદિ ગુણથી દેવ ગુરુને નમસ્કાર, અનંતકાય, અભક્ષ્ય ભોજનાદિ કરવા રૂપ સ્થૂલ હિંસાદિના નિયમ, નવકાર મંત્ર ગણવા, સમતા રૂપ સામાયિક આવશ્યકાદિ કરે છે પરંતુ અલ્પ પરિણામ વાળું ચિત્ત એકાગ્રતાનો અભાવ સમ્યક્‌વિધિ (સુવિધિ) નો અનાદર એના કારણે સ્વલ્પ ફળનું કારણ હોવાથી એવી ક્રિયા કરનારાને નીરસ કહેવાયા છે.

પરંતુ દઢ ભાવાદિ વડે સમ્યગ્ દર્શન, દેશવિરતિ, સચિત્તનો ત્યાગ, બ્રહ્મચર્યવ્રત, સર્વ વિરતિ આદિ મહાફલને આપનારા સરસ (સદ્ભાવપૂર્ણ) અનુષ્ઠાન કરનારા હોતા નથી. (ક્રિયાની રૂચિ હોય તો પુદ્ગલ પરાવર્તમાં મુક્તિને મેળવે, બે ઘડી સમ્યગ્ દર્શનના સ્પર્શથી અર્ધ પુદ્ગલ પરાવર્તમાં મુક્તિ પામે અને ક્રિયાના અભ્યાસથી ભવાંતરમાં ક્યારેક સમ્યગ્ જ્ઞાન ક્રિયા કરવાથી થોડા ભવમાં મુક્તિને પામે) તાત્કાલિક મનુષ્ય વ્યન્તરાદિ ભવોને પ્રાપ્ત કરે છે. શ્યામલ વણિકની જેમ તે આ પ્રમાણે :-

શ્યામલ વણિકની કથા

કમલાપુર નામની નગરીમાં કુલધર અને શ્યામલ નામના બે વ્યાપારી રહેતા હતા તે ઘણા ધનવાન હતા. એક વખત ઉદ્યાનમાં ક્રીડા માટે ગયા ત્યાં કોઈનો રડવાનો અવાજ (આક્રંદ) સુણી આગળ જતાં તે બન્ને જણાએ ધનેશ્વર શેઠના પુત્ર મલયચંદ્ર ને પોતાની સોલ સ્ત્રીઓની સાથે ક્રીડા કરતાં સર્પડંસથી ડંસાયેલો જોયો. તેટલામાં ત્યાં ચારણ શ્રમણ અને વિદ્યાધર જીવિત કરો એ પ્રમાણે પ્રાર્થના કરી. ત્યારે વિદ્યાધરે મુનિના ચરણ રજના સ્પર્શ દ્વારા તે મલયચંદ્રને જીવિત કર્યો જીવિત થયેલ તે મલયચંદ્રે પૂછ્યું કે અહીં બધા કેમ ભેગા થયા છો ? ત્યારે પિતા ધનેશ્વરે સંપૂર્ણ વૃતાંત કહી સંભળાવ્યો અને મુનિને નમસ્કાર કર્યા. મુનિ એ કહ્યું હે કુમાર ! એક સર્પના વિષનો નાશ થવા છતાં પણ તું મોહરૂપી સર્પનાં ડંસથી વ્યાકુલ છે. (ડંસાયેલો છે.)

આઠમદ રૂપી ફણા વાળો, રતિ, અરતિ રૌદ્ર (ભયંકર) બે જીભવાળો, હાસ્ય અને ભય રૂપી ભયંકર બે દાઢા વાલો ભયંકર મોહરૂપી મહાસર્પ છે તેનાથી ડંસાયેલુ જગત પણ અજ્ઞાન રૂપી ઝેર થી હણાયેલું છે. હિતાહિતનો કાંઈ વિચાર કરતું નથી તે મોહ વિષને સદ્ગુરુ રૂપી ગારુડી જ દૂર કરી શકે છે તો તું તે પ્રમાણે તેના નાશ માટે પ્રયત્ન કર.

કુમારે કહ્યું આપની કૃપાથી તે પણ નાશ પામશે મને વિધિ બતાવો એ પ્રમાણે કુમારે કહ્યું ત્યારે મુનિ ફરી બોલ્યા સમ્યક્ત્વમંડલમાં બે પ્રકારની

(ગ્રહણ અને આસેવનરૂપ) શિક્ષા લેવા પૂર્વક યતિ ધર્મ રૂપ મંત્ર નો જાપ કરવો.

ત્યાર બાદ તેણે સોલે પત્નિઓ સાથે દીક્ષા ગ્રહણ કરી તેનું સાહસ જોઈને ઘણા લોકોએ દીક્ષા લીધી. કુલધરે પણ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. પણ શ્યામલ બોધ ન પામ્યો. મિત્રતાની સફળતા માટે અને ધર્મને પમાડવાની ઈચ્છાવાળો કુલધર શ્યામલને વારંવાર ગુરુની પાસે લઈ જાય છે. અને તેઓ તેને ધર્મ સંભળાવે છે..... તે તે સાંભળે છે. પછી ક્રમે કરી તેણે કેટલાક નીયમો લીધા.

તે એક સામાયિક પણ ઘણા પ્રયત્ને કરે છે. વળી સામાયિક કરતી વખતે વિકથાદિ પ્રમાદમાં તત્પર થતાં એવા તેને કુલધર શીખામણ આપતો ત્યારે આ મારા છીદ્રો જુએ છે. એ પ્રમાણે વિચારી તે હૃદયમાં દુઃખી થતો. તે જાણીને કુલધર ઉપેક્ષા કરવા લાગ્યો ક્રમેકરી મૃત્યુ પામી દેવલોકમાં અલ્પ ઋધ્ધિવાળોદેવ થયો. કેટલાક ભવો ભમીને મોક્ષને પામશે. શુધ્ધ ધર્મમાં તત્પર કુલધર પણ શક્રનો સામાનિક દેવ થઈ ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી મોક્ષ પ્રાપ્ત કરશે.

કાળી જમીન ઉપલક્ષણથી કાળી પૃથ્વી :- કોંકણ, સૌરાષ્ટ્ર, માલવ આદિની કાળી પૃથ્વી - કાળી જમીનમાં જેવી રીતે ક્યારેક ક્યારેક ઘણો કે થોડો વરસાદ થયે છતે ઘણા દુર્વાદિ ઘાસ, આમ્રવૃક્ષ, દ્રાક્ષ, શેરડી, ડાંગર, ઘઉં આદિ ધાન્ય પ્રાયઃ કરીને રસથી યુક્ત મધુર ઉત્પન્ન થાય છે. તેવી રીતે કેટલાક જીવોને થોડો પણ ગુરુનો ઉપદેશ સાંભળવાથી બોધિ બીજ (સમ્યગ્દર્શન) ની પ્રાપ્તિ થાય છે. અને પછી મહાફળના કારણરૂપ ભાવની દઢતાદિ વડે સમ્યગ્દર્શન, દેશવિરતિ, સચિત્ત ત્યાગ, બ્રહ્મચર્ય વ્રતાદિ ને પામે છે..... અને તેઓ નજીકમાં મોક્ષને મેળવનારા છે. (તેઓ) સાત - આઠ ભવે અથવા ત્રીજે ભવે મુક્તિગામી બને જ છે.

જેમકે :- (૧) ઋષભ દેવ (૨) શાન્તિનાથ (૩) નેમિનાથ (૪) પાર્શ્વનાથ (૫) મહાવીરપ્રભુ દરેકના અનુક્રમે પ્રથમ ભવ કહે છે. :- (૧) ધનાસાર્થવાહ (૨) શ્રીષેણનૃપ (૩) ધન, ધનવતી (૪) મરુભૂતિ (૫) નયસાર આદિની જેમ મુક્તિ ગામી બને છે.

અથવા **આનંદ કામદેવાદિ** દશ શ્રાવકોની જેમ મુક્તિ મેળવે છે આનંદ, કામદેવાદિનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું.

(૧) વાણીજ્યપુરમાં આનંદ નામનો શ્રાવક ગૃહસ્થ પણામાં હતો તેણે સિવાનંદા નામની ભાર્યા હતી. દશ હજાર ગાયોના એક એવા ચાર ગોકુલ હતા. સ્થાપના રૂપે ભંડારમાં - વેપારમાં, વ્યાજમાં મળીને બાર ક્રોડ સોના મહોરો હતી. તે શ્રી ભ. મહાવીર સ્વામીનો શ્રાવક થયો.

(૨) ચંપાનગરીમાં રહેનારો કામદેવ નામે શ્રાવક હતો તેને ભદ્રા નામે પત્નિ હતી. તે શુધ્ધ શ્રાવક થયો તે છ ગોકુલ અને અઢાર ક્રોડ સોના મહોરોનો સ્વામિ હતો.

(૩) કાશી દેશમાં ચુલણી પિતા અને સામા નામની તેને પત્નિ હતી તે ૮ ગોકુલ અને ચોવીસ ક્રોડ સોનામહોરોનો સ્વામિ હતો. તે વ્રત લઈને શ્રાવકોમાં શ્રેષ્ઠ શ્રાવક થયો.

(૪) કાશીદેશનો-રહેવાસી સુરાદેવ, તેને ધન્ના નામની ભાર્યા હતી અને તે છ ગોકુલ, અઢાર ક્રોડ સોના મહોરોનો સ્વામિ, વ્રત લઈને શ્રાવક થયો.

(૫) આલંભીકા નગરીમાં ચુલ્લસત્તક નામનો શ્રાવક હતો તેને બહુલા નામની ભાર્યા હતી. કામદેવ સમી ઋધ્ધિવાળો તે શ્રાવક થયો.

(૬) કંપીલપુર નગરમાં કુંડકોલી નામે શ્રાવક હતો તેને પુસ્યા નામની પ્રીયા હતી. અને કામદેવ સમી ઋધ્ધિવાળો તે શ્રાવક થયો.

(૭) પોલાસ ગામમાં કુંભાર જાતિમાં ઉત્પન્ન થયેલો સદ્દાલ પુત્ર નામે શ્રાવક હતો તેને અગ્નિ મિત્રા નામની ભાર્યા હતી. તે ત્રણ ક્રોડ સોના મહોરોનો સ્વામિ હતો. તે શ્રાવક થયો.

(૮) રાજગૃહીનગરીમાં ૮ ગોકુલ, ચોવીસ ક્રોડ સોના મહોરોનો સ્વામિ શતક નામે શ્રાવક હતો. તેને રેવતી આદિ તેર પત્નિઓ હતી તેમાં

રેવતિ આઠ ક્રોડ સોના મહોરોની સ્વામિની હતી.

(૯) સાવત્થી નગરીમાં નંદનીપ્રીય નામે શ્રાવક થયો. અશ્વિની નામે તેને પત્ની હતી. ઋધ્ધિથી આનંદ શ્રાવક સરિખો હતો.

(૧૦) સાવત્થી નગરીમાં વસનારો લતંગપ્રીય નામનો શ્રેષ્ઠ શ્રાવક હતો તેને ફાલ્ગુની નામે ભાર્યા હતી અને ઋધ્ધિથી આનંદ સમો હતો.

આ દશે જણા સમવસરણમાં આવ્યા.

પહેલેથી જ શ્રી વર્ધમાન સ્વામીની દેશના સાંભળીને પ્રતિબોધ પામેલા તેઓએ સમ્યક્ત્વમૂલ બાર વ્રતને અંગીકાર કર્યા.

પાંચમાં પરિગ્રહ પરિમાણ વ્રતમાં બધો (પૂર્વ વિદ્યમાનથી અધિક પરિગ્રહનો નિયમ લીધો) પૂર્વે જે સંપત્તિ હતી તેનાથી અધિક પરિગ્રહનો નિયમ લીધો આનંદ શ્રાવકે સાતમાં ભોગોપભોગ વિરમણ વ્રતમાં શરીરે માલીશ માટે શતપાક અને સહસ્ત્રપાક નામના બે તેલ રાખ્યા. સ્નાન માટે આઠ પાણીના ઘડા, દાંત સાફ કરવા માટે જેઠી મધની લાકડી, વસ્ત્રમાં બે રેશમી વસ્ત્ર, વિલેપનમાં કેસર - સુખડ, આભૂષણમાં વીંટી, પુષ્પમાં પુંડરિક, અને માલતી ફુલની માળા, ધૂપમાં અગરુ ધૂપ, સૂપ (દાળ)માં ચણા-મગ, અડદની દાળ ભોજનમાં કલમ ચોખા, ઘીમાં ગાયનું ઘી, ખાદ્યમાં ઘેબર સાકરાદિ, શાકમાં એક જાતની વનસ્પતિ, ધાન્ય શાકમાં (સૂકુ શાક) વડા - ચણાદિ, તાંબુલમાં કપૂર, ઈલાયચી, લવિંગાદિ, ફળમાં ભીનાં આંમળા, પાણીમાં વર્ષાનું પાણી ઈત્યાદિ.

ઉપર પ્રમાણે બીજાઓએ પણ નીયમ ગ્રહણ કર્યા. દશે જણાએ એ પ્રમાણે વીશ વર્ષ ધર્મ આરાધ્યો વળી ચૌદવર્ષ પછી છ વર્ષ બધા પ્રકારની ચિંતા, વ્યાપારાદિ ત્યાગી દીધા.

શ્રાવકની અગિયાર પ્રતિમાદિ બહુ દુષ્કર તપારાધના કરી સંલેખના પૂર્વક એક મહિનાનું અનશન સ્વીકાર્યું. અંતે અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું. આનંદ શ્રાવકને છોડી બીજાની દેવે પરીક્ષા કરી.....

આ પ્રમાણે દૃઢ ભાવથી ધર્મ આરાધી સૌધર્મ દેવલોકના જુદા જુદા

વિમાનોમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળા દશે જણા દેવ થયા ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં રાજા થઈને અવસર પ્રાપ્ત થયે દીક્ષા ગ્રહણ કરી કેવલજ્ઞાન અને મોક્ષ પામશે.

સમુદ્રની છીપલી સમા :- વાદળ ગર્જે છતે અને વર્ષે છતે સ્વભાવથી મુખને ખોલીને ઉંચે મુખે રહેલી જીવવાળી (સજીવ) છીપમાં સ્વાતિ નક્ષત્રમાં નાના કે મોટા વર્ષાદના જેટલા જલબિંદુઓ પડે છે. તેટલા અને તેવા તે બિંદુઓ છીપમાં મોતિ રૂપે ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે કેટલાક ઉત્તમજીવોમાં ગુરુ જે પ્રકારે વચન દ્વારા ઉપદેશ આપે છે. તે તેવી રીતે પરિણામ પામે છે. અને તેથી તેનું અનુષ્ઠાન (આચરણ) ફળવાળું બને છે.

ઉપશમ, વિવેક અને સંવર આ ત્રણ પદ સાંભળીને અનુષ્ઠાન આચરનારા ચિલાતીપુત્રની જેમ અથવા મીઠું જમે, સુખે સૂવે અને આત્માને (જાતને) લોકપ્રીય બનાવે એ પ્રમાણે પિતાના ત્રણ વચન સાંભળીને અને ત્રિલોચન મંત્રીની પાસેથી તેનો અર્થ જાણીને તે પ્રમાણે અનુષ્ઠાન કરનારા સોમવસુ બ્રાહ્મણની જેમ..... નજીકમાં મુક્તિ પામનારા જીવો ત્રણ - સાત કે આઠ ભવોમાં મુક્તિગામી બને છે. અથવા તેજ ભવમાં પણ મુક્તિ પામે છે.

મણી ખાણ કોને કહેવાય તે કહે છે :- મણીખાણમાં જેવી રીતે અલ્પ તેજવાળા મણી હોવા છતાં વર્ષાદના જલ બિંદુઓ પડતાં અતિ મહાતેજ વાળા ચિંતામણી આદિ રત્નની ઉત્પત્તિનું કારણ અને વૃધ્ધિનું કારણ બને છે. તેવી રીતે કેટલાક જીવોમાં થોડી પણ પણ્ડિતની ઉપદેશ રુપ વાણી મહાજ્ઞાન-દર્શન - ચારિત્રરૂપ બોધિની ઉત્પત્તી અને વૃધ્ધિને માટે થાય છે. વળી સુંદર અનુષ્ઠાનને માટે પણ થાય છે.

જેવી રીતે શ્રી વર્ધમાન સ્વામિએ વેદનો માત્ર અર્થ કહેવાથી ગૌતમ ગણધરાદિ ને મહાબોધિ માટે થયું અને વળી શ્રી જિનેશ્વર ભગવંતે માત્ર ત્રિપદી આપવાથી સર્વગણધરોને વિષે મહાફળ વાળું થયું અથવા હે અનેક પીંડી ! એક પીંડી તને જોવાને ઈચ્છે છે એટલા વચન માત્રથી ઈન્દ્રનાગ બોધ પામ્યો. તેનું દૃષ્ટાંત, સ્વરૂપ કહેતાં કહે છે :-

ઈન્દ્રનાગનું દૃષ્ટાંત

વસંત પુરનગરમાં ધન શ્રેષ્ઠિના ઘરને (કુટુંબને) મારી (પ્લેગે) એ મનુષ્ય વગરનું કર્યું, ઈન્દ્રનાગ નામનો નાનો બાળક હતો. તે બચી ગયો. અને તે ક્ષુધાદિથી પીડાતો પાણી વિ. જ્યાં શોધે છે. (માંગે છે) ત્યાં બધાને મૃત્યુ પામેલા જુએ છે. ઘરનું બારણું (દરવાજો) પણ લોકોએ કંટકવિ.થી ઢાંકી દીધેલું હતું. પછી તે ત્યાંથી કૂતરાએ પાડેલા બાકોરામાંથી નીકળી નગર મધ્યે હાથમાં ચપણીયું લઈને ભીક્ષાને માંગતો ફરે છે. લોકો તેને ભીક્ષા આપે છે. એ પ્રમાણે તે મોટો થાય છે.

આ બાજુ રાજગૃહીનગરની તરફ જવાની ઈચ્છાવાળા સાર્થવાહે પડહ વજડાવ્યો. તે સાંભળીને તે સાર્થવાહની સાથે ચાલ્યો. તે સાર્થમાં તેને ચાવલ મલ્યા. તે તેને ખાધા પણ પચ્યા નહિ તેથી બીજે દિવસે અજીર્ણ થવાના કારણે ભીક્ષા માટે ફર્યો નહિ સાર્થવાહે ચિંતવ્યું કે ખરેખર તેને ઉપવાસ કર્યો હશે. ત્રિજા દિવસે સાર્થવાહે તેને ઘણા સ્નિગ્ધ (ઘી વિ.) પદાર્થ આપ્યા. તે ખાવાથી વધુ પડતું અજીર્ણ થવાના કારણે બે દિવસ ભીક્ષા માટે મુકામમાંથી ગયો નહિ. સાર્થવાહે વિચાર્યું કે (જાણ્યું કે) એણે છઠ્ઠ (બે ઉપવાસ) કર્યો હશે. તે કારણે તેના પર શ્રધ્ધા ઉત્પન્ન થઈ.

બીજા દિવસે ભમતાં એવા તેને સાર્થવાહે કહ્યું ગયા બે દિવસ તું કેમ ન આવ્યો ? ત્યારે તે બાળક મૌન રહ્યો, તે જોઈને હા ! જાણ્યું ! આ બે દિવસે ખાનારો છે એમ નક્કી કરી તેણે તેને પુષ્કળ ભોજન આપ્યું. તેથી વળી પણ અજીર્ણના કારણે બે દિવસ ભીક્ષા માટે ગયો નહિ, તેથી તે લોકોમાં છઠ્ઠને પારણે છઠ્ઠ કરનારો છે એમ જાણી આદરવાન બન્યો.

તે પછી આમંત્રણ મલવા છતાં પણ બીજાનો પીંડ ગ્રહણ કરતો નથી તે કારણે લોકો આ એક પીંડી છે (એકનું ભોજન લેનારો છે.) એ પ્રમાણે બોલે છે.

સાર્થવાહે તેને કહ્યું કે રાજગૃહી નગરીમાં પહોંચીએ નહિ ત્યાં સુધી બીજાનું લઈશ નહિ હું જ તને ભોજન આપીશ..... જ્યારે નગરમાં આવ્યા

ત્યારે સાર્થવાહે પોતાના ઘરમાં તેને રહેવા માટે મઠ બંધાવી આપ્યો. ત્યારબાદ શિર મૂંડન કરાવી, ભગવા વસ્ત્ર પહેરવા લાગ્યો. લોકોમાં પ્રસિધ્ધિ પામ્યો. ધીરે-ધીરે સાર્થવાહનું ભોજન લેવાનું ઈચ્છતો નથી. બીજાના ઘરે જતો નથી. તેથી પારણાના દિવસે લોકો જાતે તેના માટે ભોજન લાવે છે. એકનું જ તે લે છે તેથી લોકો જાણતા નથી કે તેને કોનું ગમે છે. તેથી તે જાણવા માટે ભેરી (પડધમ) કરાવી..... જેનું ભોજન લીધું તેને ભેરી વગાડી. તેથી બીજા લોકો ત્યાંથી જતાં રહ્યાં.

એ પ્રમાણે કેટલોક કાળ ગયા પછી રાજગૃહી નગરે શ્રી વર્ધમાન સ્વામિ પધાર્યા. ત્યારે ભીક્ષાને માટે જતા એવા સાધુઓને પ્રભુએ કહ્યું થોડીવાર થોભી જાવ. કારણ કે હમણાં તે અનેષણ છે (લેવા યોગ્ય નથી. દોષવાળું છે) તેણે પિંડ ખાધા પછી કહ્યું હવે જાઓ.

ગોચરી જતાં એવા ગૌતમ સ્વામિને કહ્યું કે હું કહું છું તે પ્રમાણે કહેજો અને હે અનેક પિંડક ! એક પિંડક તને જોવા ઈચ્છે છે.

પછી ગૌતમ સ્વામિજી ત્યાં જઈને તે પ્રમાણે બોલ્યા તે સાંભળીને તે ક્રોધિત થયો ત્યારે ગૌતમ સ્વામિએ કહ્યું તમે સેંકડોપિંડ ખાનારા છો. હું એક પિંડ ને ખાઉં છું. તેથી હું એક પિંડક છું.

થોડીવારે ચિત્ત શાન્ત થતાં તે વિચારે છે, કે આ જુઠું બોલનારા નથી. આ કેવી રીતે છે ! હા ! હવે અર્થ જામ્યો હું અનેક પિંડક છું કારણ કે જે દિવસે મારુ પારણું હોય છે. તે દિવસે અનેકશઃ લોકો મારા માટે પિંડ (ભોજન) બનાવે છે. આતો પોતા માટે કરેલું અને બીજા પાસે કરાવેલું ખાતા નથી. તેથી તેમણે જે કહ્યું તે સત્ય કહ્યું છે. એ પ્રમાણે ચિંતવતા જાતિસ્મરણ ઉત્પન્ન થવાથી તે પ્રત્યેક બુધ્ધ થયો અને અધ્યયન કહીને સિધ્ધ થયો..... આ તત્ ભવ સિધ્ધિકઃ ઈતિ.

આ પ્રમાણે આ છ ભેદમાં પહેલા બે ત્યાજ્ય છે. મરુસ્થલાદિ જેવા ચાર ઉપદેશ આપવા લાયક છે.

આ પ્રમાણે મનુષ્ય (જીવ) ના છ ભેદ કહીને કહે છે કે :- એક પછી

એક બોધ ને માટે ઉત્તમ છે. એમ પંડિતોએ વિચારવું સંસાર શત્રુના જયકરી જયલક્ષ્મી પામી નજીકમાંજ અવ્યય સુખને સહુ પામનારા બનો.

॥ ઈતિ પંચમ-ષષ્ટઃ તરંગ સમાપ્ત ॥

તરંગ - ૭

ઘડાના દૃષ્ટાંત વડે યોગ્યાયોગ્યને જ જણાવે છે :-

શુભ - અશુભદ્રવ્યથી વાસિત, વાસ વમેલા (વિનાના) અને નહિ વમેલા (કાઢેલા) તેવી રીતે શુભ અશુભ ધર્મની વાસવાળા જીવોના દૃષ્ટાંતથી ધર્મને માટે યોગ્ય અને અયોગ્ય કોણ તે કહે છે :-

ઘટ (ઘડા) બે પ્રકારના છે :- દ્રવ્યથી વાસિત અને દ્રવ્યથી અવાસિત તેમાં વાસિત બે પ્રકારે છે. શુભ દ્રવ્ય વાસિત અને અશુભ દ્રવ્ય વાસિત.

જે કપૂર - અગરુ - ચંદનાદિ થી ભરેલા હોય તે શુભ દ્રવ્ય વાસિત વળી જે કાંદા - લસૂન - દારૂ - તેલાદિ થી વાસિત (ભરેલા) તે અશુભદ્રવ્ય વાસિત તે બન્નેમાં પણ બે બે પ્રકાર છે. :- વમી નાંખેલા અને વમી નહિ નાંખેલા તેમાં જ બીજું દ્રવ્ય આવતાં પહેલાંના દ્રવ્યની વાસ (ગંધ)ને ત્યજી દે છે તે વામ્યા એટલે વમી નાંખનારા અને બીજા જે વાસને વમી (કાઢી) દેતાં નથી તે અવામ્યા... અવમી.

જો કોઈપણ દ્રવ્યથી વાસ (ગંધ) વાળા થતાં નથી તે અવાસિતા (વાસ વિનાના) આ પાંચ પ્રકારના ઘડા હોય છે શુભ અશુભ ધર્મને વિષે કહે છે કે સમ્યક્ જીવદયાદિ મૂલના કારણે આ લોક અને પરલોકમાં હિતકારી જૈન ધર્મ છે. તેથી વિપરિત અહિતકર અન્ય ધર્મ અશુભ છે.

શુભ અશુભની વાસરૂપ વાસના (પરિણતિ) ને આશ્રયીને જીવોના દૃષ્ટાંતો કહે છે.... તે આ પ્રમાણે :-

જીવો બે પ્રકારે છે. વાસિત અને અવાસિત તેમાં અવાસિત જેઓ છે

તેઓ કોઈપણ દર્શન (ધર્મ)થી વાસિત થયા નથી એટલે કે અન્ય ધર્મના ભાવવાળા બનતા નથી.

તે વખતે જે બોધ કરવા માટે શરૂ થયેલી શ્રી વર્ધમાન સ્વામિની દેશનાથી પ્રતિબોધ પામેલા અતિ મુક્ત (અઈમુત્તા), મેઘકુમાર આદિની જેમ :- ધર્મવિનાનાને ધર્મવાળા બનાવવા.

વાસિતા :- (ધર્મ થી યુક્ત) તે પણ બે પ્રકારે છે. સમ્યગ્ધર્મથી વાસિત અને મિથ્યા ધર્મથી વાસિત તે બન્ને પણ બે બે પ્રકારે છે.

વામ્યા :- વમી (કાઢી) નાંખનારા અને નહિ વમી નાંખનારા તે અવામ્યા તેમાં સદ્‌ગુર્વાદિ સામગ્રી મલ્યે છતે મિથ્યાત્વાદિ વાસને (ધર્મને) વમીદે છે તેઓ અશુભ ધર્મના પરિણામને આશ્રયીને વામ્યા (અશુભ ધર્મને છોડી શુભ ધર્મને ગ્રહણ કરનારા) છે.

શ્રી ઈન્દ્રભૂતિ આદિ અગીયાર ગણધરો, શ્રી પ્રભવસ્વામિ, શય્યંભવસૂરિ ની જેમ.... (મિથ્યાત્વ છોડી દીધું તેથી તે વામ્યા કહેવાય છે.)

અને જેઓ સદ્‌ગુર્વાદિ સામગ્રી પ્રાપ્ત થયા છતાં પણ મિથ્યાત્વાદિ અશુભ વાસ છોડતાં નથી તેઓ અવામ્યા.... (વમન નહિ કરનારા) શ્રી કાલકસૂરિના વચનથી બોધ નહિ પામેલા તેના ભાણેજ તુરુમણીનગરીના રાજા દત્તરાજા ની જેમ મિથ્યાત્વાદિ નહિ છોડનારા - અવામ્યા કહેવાય છે.

વળી જેઓ કુગુરુની સંગત (પરિચય)થી સમ્યગ્દર્શન, ચારિત્ર ને છોડી દે છે, તેઓ શુભ ધર્મવાસને આશ્રયીને વામ્યા- બૌધ્ધોની સંગતીથી એકવીશ વખત અર્હત્ ધર્મના ત્યાગી શ્રી હરીભદ્રસૂરિના શિષ્ય પાછળથી હરીભદ્રસૂરિએ બનાવેલી લલિત વિસ્તરાથી બોધ પામેલા શ્રી સિધ્ધર્ષિગણીની જેમ શુભધર્મને આશ્રયીને વામ્યા. વળી આગળ કહે છે. કુગુરુ અને કુસંગતથી પણ સમ્યગ્દર્શન ચારિત્રાદિ છોડતા નથી તેઓ શુભ ધર્મ વાસને આશ્રયીને અવામ્યા. શ્રી થાવચ્ચાપુત્ર નામના ગુરુથી પ્રતિ બોધિત શુક્ર પરિવ્રાજના શિષ્ય સુદર્શન શ્રેષ્ઠિની જેમ.

હવે ઉપર કહેલા વામ્યા અવામ્યાદિમાં શુભ ધર્મ વાસિતને આશ્રયીને વામ્યા અને અશુભ ધર્મ વાસિતવાળાને આશ્રયીને અવામ્યા તે બે ઉપદેશ માટે અયોગ્ય છે. બાકીના શેષ ત્રણ યોગ્ય છે.

આ પ્રમાણે ઘડાની ઉપમાથી પ્રકટ (પ્રત્યક્ષ) રીતે જગતમાં પાંચ પ્રકારના જીવો પંડીતો એ કહ્યા છે. તેમાં સમ્યગ્ ધર્મની વાસને નહિ વામનારો ઉત્તમ પુરુષ દુઃખે કરીને જીતી શકાય તેવા દુર્જેય કર્મને હણી જયશ્રી (જયરૂપી લક્ષ્મી) ને પામે છે. મોક્ષને પામે છે.

॥ ઈતિ સપ્તમસ્તરંગ સમાપ્ત ॥

તરંગ - ૮

વળી પણ બીજી રીતે યોગ્યાયોગ્યનો વિચાર કરે છે.

ગાથાર્થ :- જેવી રીતે નિર્મલ જલથી ભરેલા સરોવરને વિષે (પામીને) **કાગ, શ્વાન, હાથી, હંસ શું કરે છે.** તે સારી રીતે જણાવે છે. અનુક્રમે જેવી રીતે નિર્મલ જલથી ભરેલા સરોવરને પામીને કાગ, શ્વાન, હાથી અને હંસ શું કરે છે તે સારી રીતે જણાવતાં અનુક્રમે કહે છે કે કાગ ત્યાગવાનું, શ્વાન ચાટવાનું, હાથી સ્નાનાદિ કરી ગંદા થવાનું અને હંસ અંદર રહી રતિ યાને આનંદ લેવાનું કામ કરે છે. તેવી રીતે સદ્‌ગુરુનો ઉપદેશ પ્રાપ્ત થવા છતાં પણ અધમાદિ જીવો તેને છોડી દે છે. એ પ્રમાણે તેનો સાર છે.

હવે આ પ્રમાણે તેનો સાર વિચારવો કે જેવી રીતે નિર્મલ જલથી પૂર્ણ મહાસરોવરમાંનું પાણી નિર્મલ હોવા છતાં તૃષાથી વિહ્વલ કાગડો પીતો નથી. અને વળી શરીર પર લાગેલો મેલ, તાપાદિ દૂર કરવા માટે સ્નાનાદિ પણ કરતો નથી પરંતુ તે સરોવરને છોડીને લોકોએ કરેલા સ્નાનાદિથી ગંદુ થયેલું ક્યાંક જલથી ભરાયેલા ખાબોચિયાનું અને ક્યારાનું પાણી સામાન્ય રીતે પીએ છે અને વળી સ્ત્રીના માથા પર રહેલા નિર્મલ જલથી ભરેલા ઘડામાં અપવિત્ર ચાંચ નાંખીને ગંદુ કરે છે. પણ પોતે તૃપ્ત થતો નથી. તેવી રીતે કેટલાક અધમજીવો કદાગ્રહી તીવ્ર મીથ્યાત્વની વાસનાના

કારણે, વળી બહુ કર્મ પણા (ભારે કર્મી) ના કારણે થતાં પ્રમાદાદિ યોગના કારણે જિનધર્મ પર દ્વેષ ભાવ ધરતાં દયાદિ ગુણથી વિશુધ્ધ શ્રી સર્વજ્ઞના આગમરૂપ જલથી ભરેલા મહા સરોવર સરિખા સદ્‌ગુરુનો ઉપદેશ મલવા છતાં "હાથી વડે મરવું પણ જિન મંદિરમાં પ્રવેશ કરવો નહિ" ઈત્યાદિ કુશાસ્ત્ર (મિથ્યાદર્શન) ને કહેનારાનું સાંભળવાની ઈચ્છાવાળા જિનેશ્વરના આગમનો ઉપદેશ આપનારા એવા સદ્‌ગુરુનો ઉપદેશ તજી દે છે. જેમ લોહખુર અને રોહણીયો પૂર્વાવસ્થાદિતજી દે છે તેવી રીતે કદાચ બીજાથી સદ્‌ગુરુએ કહેલી વાર્તા, શ્લોક, વચનાદિ સાર ભૂત વાતો સાંભળીને ખાબોચિયાદિ સમાન અભ્યાસ વાળા પહેલાં સાંભળેલા વાળા પાસેથી સાંભળે છે. કાગડો જેમ જલઘટ ને દુષિત કરે છે તેમ સાંભળનારના હૃદયના બોધનો જુઠાકુતર્કાદિ વડે વિનાશ કરે છે. (મલિન કરે છે) અથવા ગાયના પગલા જેવા (ખાબોચિયા જેવા) પાસત્થાદિમાં રતિ - આનંદ પામે છે. ગચ્છ (સમુદાય) માંથી નીકળી ગયેલા નારીના મસ્તક (માથા) પર રહેલા ઘટના પાણી જેવા મરીચિ આદિ (નેવિષે)માં કપિલાદિની જેમ આનંદને ધરતાં ધર્મનો નાશ કરે છે.

કપિલનું દૃષ્ટાંત

આ ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં ભરત ચક્રવર્તિને મરીચી નામે પુત્ર હતો ભગવાન ઋષભ દેવની દેશના સાંભળી પ્રતિબોધ થયેલા એવા તેણે દીક્ષા લીધી અને અગીયાર અંગોનો અભ્યાસ કર્યો. કેટલોક કાળ શ્રમણપણું પણ પાળ્યું. કઠીન કર્મના ઉદયે તેને સ્નાન નહિ કરવાનો પરિસહ લાગવા લાગ્યો, તે વખતે કાલઉચિત અશુભ ભાવના કારણે શ્રમણાદિ દંડવીરયા વિ. છ ગાથા પરિવ્રાજક લીંગના સ્વરૂપને બતાવનારી છે. તે વેષ તેને ધારણ કર્યો. અને ભગવાનની સાથે વિચરવા લાગ્યો.

કોઈ પૂછે ત્યારે સાધુ ધર્મ બતાવે છે. પરંતુ પોતાના આત્માને નીંદે છે કોઈ પ્રતિબોધ પામે તો તેને સાધુની પાસે મોકલે છે એક વખત ધર્મકથા (ધર્મોપદેશ) કપિલને સંભળાવી બોધ પામેલા એવા તે કપિલને સાધુની પાસે મોકલ્યો પરંતુ તેને ત્યાં રુચિ (રસ) પેદા ન થઈ (તેને ત્યાં ગમ્યું નહિ)

મનમાં ચિંતવ્યું..... આ સાધુથી સરો..... પછી મરીચી પાસે આવી મરીચીને પૂછ્યું.... શું અહીંયા જ ધર્મ છે ? તમારા શાસનમાં નથી ? આ અયોગ્ય ભાવવાળો છે વળી સેવા માટે મને કામ લાગશે એ પ્રમાણે મનમાં વિચાર કરીને કહ્યું કે હે કપિલ ! ધર્મ ત્યાં છે અને અહીંયા પણ છે આવી રીતે ઉત્સૂત્ર બોલવાથી સંસાર વધી ગયો કપીલને સાધુ (પરિવ્રાજક) બનાવ્યો. ક્રિયાકલાપ શીખવ્યો વિ. વર્ણન બીજા ગ્રંથોથી જાણી લેવું.

ઉપસંહાર કરતાં કહે છે કે :- કાગ સરિખો કપિલ મહા સરોવર સમાન સદ્‌ગુરુનો ઉપદેશ છોડી ને ઘટજલ સરિખા મરિચિના વચનમાં રતિ કરનારો થયો.

તેવી રીતે ઘટજલની જેમ નિર્મલ સ્વરૂપ વાળા સમ્યક્ પ્રરૂપણાદિયુક્ત મરીચીના ધર્મને કપીલે ત્યાં પણ અને અહીંયા પણ ઈત્યાદિ ભયંકર સંસારનું કારણ ઉત્સૂત્ર પ્રરુપણાદિ કરાવાથી મરીચીના ધર્મભાવને દુષિત કર્યો.

તેવા અભવ્યો દુર્ભવ્યો ધર્મને વિરાધવાથી દુર્લભબોધિ અને દુર્ગતિના આયુષ્યને બાંધનારા થાય છે.

શ્વાન સરિખાની વાત કરે છે. :- જેવી રીતે કૂતરો તૃષાતુર હોવા છતાં સરોવર મલે તો પણ જો નાના ખાડામાં (ખાબોચિયામાં) પાણી હોય તો યાને પાણી મલે તો..... મુખ ને થોડું આગળ કરીને જીભથી ચાટે છે. પરંતુ ઈચ્છા મુજબ ગટ ગટ પીતો નથી અને સ્નાનાદિ પણ કરતો નથી. તેવી રીતે કેટલાક જીવો કદાગ્રહ વિનાના મિથ્યાત્વયુક્ત અજૈન (બીજા) ધર્મમાં માધ્યસ્થાદિને ધરનારા સદ્‌ગુરુનાં ઉપદેશ રૂપ સરોવરાદિ પ્રાપ્ત થયે છતે કંઈક અભિલાષા કરતાં (થતાં) અધિક વિરતિ દાન કે મિથ્યાત્વી, સ્વજન, લોકનિંદાની ભીતીથી સંપૂર્ણ ઉપદેશ સાંભળતાં નથી. પરંતુ અંદર આવતી સરસ કથા શ્લોકાદિ કેટલુંક સાંભળે છે અને તેમાં રહે છે. બોધની તૃપ્તિને પામે છે અને આચરે છે તેઓ ધર્મના અભ્યાસને કારણે ભયંકર એવી દુર્ગતિને પામતા નથી. તેવી ગતિ પ્રાપ્ત કરે તો પણ ફરીથી સમ્યગ્‌દર્શન

ને પામે છે. ગોભૂતિ અને વસુભૂતિ વિપ્રની જેમ.

હાથી :- જેવી રીતે તૃષા - તાપાદિથી વ્યાકુળ હાથી તેવા પ્રકારના પ્રાપ્ત થયેલા સરોવરમાં જલ પીવાથી સારી રીતે (સંપૂર્ણ) તૃપ્તિને પામે છે. અને સ્નાન - જલક્રિડાદિથી પોતાનો મેલ અને તાપ બન્ને દૂર કરે છે. પરંતુ સ્નાન કરીને બહાર નીકળતાં રેતીથી પોતાના શરીર ખરડે છે (મેલું - ગંદુ કરે છે) વારંવાર તે પ્રક્રિયા સ્નાન કરવું. અને ખરડાવું ચાલુ રાખે છે. તેવી રીતે કેટલાક મધ્યમ ભાવવાળા જીવો ગુરુ ઉપદેશને સારી રીતે સાંભળે છે. અને તે ઉપદેશને અવધારે છે. આચરે પણ છે. આનંદ તૃપ્તિ પામે છે. અને મથ્યાત્વ, વિષયતૃષ્ણા, કષાયાદિ તાપ મલ દૂર કરવાથી શુધ્ધિને પામે છે. પરંતુ દૃઢ ચિત્ત નહિ હોવાના કારણે ફરી મિથ્યા દર્શન (અજૈન શાસ્ત્ર)ના વચન, શ્રવણાદિથી તેનામાં અનુરાગ આદિ ઉત્પન્ન થવાથી તેના તપ, વિદ્યા, ચમત્કારાદિથી વિષય તૃષ્ણા, બહુ આરંભાદિથી ધૂલીની જેમ મેલો કરે છે. વળી ગુરુના ઉપદેશ રૂપી સરોવરમાં સ્નાન કર્યા પછી ઉપર કહ્યા પ્રમાણે ખરડાવાનું ચાલુ રાખે છે. તેથી તેવા જીવો મનુષ્ય ગતિ - હીન દેવગતિ આદિ યોગ્ય પુણ્ય કર્મઉપાર્જે છે. પૂર્વે કહેલા શ્યામલ વણિક્‌ની જેમ..... કેટલાક ઘણું સ્નાન અને અલ્પ ખરડાવાનું પણ કરતાં ઉત્તમ દેવાયુષ્ય ને બાંધે છે. અને નજીકમાં મુક્તિ મેળવે છે.

હંસ :- જેવી રીતે હંસ તેવા પ્રકારનું સરોવર પ્રાપ્ત થતાં તેમાંજ રહીને આનંદ મેળવે છે..... પામે છે. નિર્મલ જલનું પાન, સ્નાન કમળની નાલનું ભોજન (ભક્ષણ) વિ. કરતો સરોવરમાં જ એના પરિસર (કિનારા) પર રહેતો શીતલતા અને પવિત્રતાનું સુખ અનુભવતો..... ધૂળ મેલ અપવિત્રતા અને તાપાદિનો અનુભવ કરતો નથી. (તે જાણતો નથી.) તેવી રીતે કેટલાક જીવો સદ્‌ગુરુનો ઉપદેશ સાંભળીને ત્યાંજ આનંદ માનતા, મન, વચન અને કાયા વડે કરીને તે ઉપદેશનું વારંવાર ધ્યાન કરતાં તેમાં રહેલા સૂત્ર અને અર્થનો વિચાર કરતાં તેમાંજ ઓતપ્રોત બને છે. તેનું આચરણ કરવા વડે, તેનું જ ચિંતન કરતાં મિથ્યા વચન (કુશાસ્ત્ર)ના શ્રવણ થકી ઉત્પન્ન થતાં ધર્મમાં આસ્થૈર્યાદિ (ચંચળતા) મલિનતા, બહુ આરંભાદિ

પાપ, ભવ કલેશ આદિ તાપને અનુભવતા નથી. ઉત્તરોત્તર જ્ઞાન-દર્શન, દેશવિરતિ, સર્વ વિરતિ આદિ, અનુષ્ઠાનાદિ વડે અલ્પકાળમાં સિધ્ધિ પામનારા થાય છે. અથવા તેજ ભવે યા બીજા ભવે સિધ્ધિ પામે છે. વીર પ્રભુના આનંદ વિ. દશશ્રાવકની જેમ અથવા શ્રીમાન્ ઉદાયન રાજા, દશાર્ણભદ્ર, શુકપરિવ્રાજક, ક્ષોભ નહીં પામનારા સુદર્શનશ્રેષ્ઠિ અને કુમારપાલ રાજાદિની જેમ આદિ શબ્દથી ચાર દૃષ્ટાંતથી પણ પ્રત્યેક જીવોનો સબંધ જોડવો તે આ પ્રમાણે (૧) અત્યંત ખરાબ કાદવ જેને પસંદ છે તેવા ગામડાના ભૂંડ જેવા (મિથ્યા મતે રમનારા), (૨) સ્નાનાદિને પસંદ નહિ કરનારા બટુકની જેમ.... (૩) નિર્મલ હોય કે કાદવવાળું મેલું જલ બન્ને સમાન રીતે ચાહનારા (સમ્યક્ કે મિથ્યા ઉપદેશ બન્નેને સમ ગણનારા), (૪) સરોવર કે નદી બન્નેમાં એક સરખી રુચિ ધરનારા ચક્રવાકાદિ જેવા બીજા દૃષ્ટાંતો પણ જાણવા આ પ્રમાણે દૃષ્ટાંત રૂપ ઉપદેશને વિચારીને મોક્ષની ઈચ્છાવાળા... (મોક્ષાર્થિ) ઉત્તરોઉત્તર શ્રેષ્ઠ એવા આપેલા દૃષ્ટાંત જેવા જીવોનો હે ભવ્ય જનો ! સર્વ રીતે વિચાર કરો કે જેથી કરીને શિવ સુખ રૂપી સંપદા હાથમાં રહેલી વસ્તુની જેમ (હસ્તાંબલાવત્) સહેલાઈથી પ્રાપ્ત થાય. ઈતિ

હે ઉત્તમ ભવ્યો ! તમો સદ્‌ગુરુના વચન રૂપી સરોવરમાં કહ્યા પ્રમાણેના ઉત્તરોઉત્તર દૃષ્ટાંન્ત સરિખા થાઓ, જેથી સંસારના સુખોને પામીને આઠ કર્મ રૂપી શત્રુ પર જય પામવાથી અક્ષય એવી મોક્ષ લક્ષ્મીને ભોગવો.

॥ ઈતિ અષ્ટમ તરંગ સમાપ્ત ॥

તરંગ - ૯

વળી પણ બીજી રીતે દૃષ્ટાંત સહ યોગ્યાયોગ્ય ને કહે છે :-

(૧) સર્પ (૨) જળો (૩) વાંઝણી ગાય (૪) દૂઝણી ગાય જેવા ચાર પ્રકારના જીવો છે. જેને જે આપ્યું તે સર્વ ક્રમથી કોને કેવું પરિણમે છે તે કહે છે.

(૧) વિષ (૨) તેવું જ (૩) નાશ (૪) દૂધ રૂપે પરિણમે છે. (૧) સર્પ (૨) જળો (૩) વાંઝણી અને (૪) દૂઝણી ગાય સરખા ચાર પ્રકારના શિષ્યો અથવા જીવો છે. તેનું સ્વરૂપ બતાવવા માટે ઉતરાર્ધ (બીજી લીટી) નો અર્થ કહે છે. પરિણમવું ઈત્યાદિ જેને જે કાંઈ આપ્યું તે સર્વ ક્રમથી (૧) વિષ રૂપે (૨) તે તે રુપે (૩) નાશ રૂપે અને (૪) દૂધ રૂપે પરિણમે છે. તે આ ગાથાનો સાર છે.

તેમાં જે રીતે સર્પને સાકર યુક્ત દૂધ વિ. નું પાન પણ વિષ રૂપે પરિણમે છે એ પ્રમાણે કેટલાક શિષ્યો અથવા જીવોને સદ્‌ગુરુનો હિતકારી, સારભૂત અનેક પ્રકારે ગુણકારી ઉપદેશ લાભ માટે તો દૂર રહો પરંતુ ઉલ્ટું અનર્થની પરંમ્પરા માટે થાય છે. દા.ત. જેવી રીતે શ્રી પાર્શ્વ જિનેશ્વરના હિતકારી વચનો પંચાગ્નિ દ્વારા સાધનામાં તત્પર કમઠ તાપસ ને દ્વેષ રૂપે થયા. શાન્ત થવાને બદલે તેણે સામે ઉપસર્ગ કર્યો. (દુઃખ આપનારો થયો.)

કહ્યું છે કે :- મૂર્ખ અને અપરિપક્વ બોધવાળા સાથે વાતચીત કરવાના ચાર ફલ છે. (૧) વાણીનો વ્યય (૨) મનને સંતાપ (૩) તાડન (મારા મારી) (૪) વિવાદ (ઝગડો) બીજે પણ કહ્યું છે કે :- અક્કડ (નમી નહિ શકનારૂં) લાકડું નમતું નથી. પત્થર ને શસ્ત્ર કાંઈ કરી શકતું નથી તેવી રીતે તીક્ષ્ણ સોયની અણી જેવા અશિષ્યને ઉપદેશ સુખકર બનતો નથી.

તે આ પ્રમાણે દૃષ્ટાંત થી સમજાવે છે:- કોઈક વનમાં ઠંડીથી દુઃખી થયેલ વાનરનો સમૂહ આગિયા અને ચણોઠીને અગ્નિ માનીને તેના ઉપર સુકૂ ઘાસ અને પાંદડા ઢાંકીને શરીરના હાથપગ વિ. અંગોને પહોળા કરીને ગરમી પામ્યાનું સુખ અનુભવે છે. ત્યાં એક વાનર ઠંડીથી અત્યંત દુઃખી

થતો ઘણો થરથર કંપી રહ્યો છે. ત્યાં નજીકમાં રહેલું તીક્ષ્ણ ચાંચવાળું પક્ષી બોલ્યું. હે ભદ્ર ! ખેદ પામ નહિ આ અગ્નિ નથી આ ચણોઠી આદિ છે. આમ વારંવાર કહેવાથી ક્રોધિત થયેલા વાનરે તે પક્ષીને શિલા ઉપર અફળાવી (પછાડી) ને મારી નાંખ્યું ઈતિ, એ પ્રમાણે કેટલાક શિષ્યો અથવા જીવો સર્પ જેવા હોય છે.

હવે જળોની વાત કહે છે :- જળો જેવા પ્રકારનું રક્ત આદિ પીએ છે તેવા જ પ્રકારે પેટમાં ધારે છે. (રાખે છે.) પરંતુ તેનો બીજો કોઈપણ પરિણામ (ફેરફાર) થતો નથી. એટલે કે બીજું કોઈપણ જાતનું રૂપાંતર થતું નથી. એ પ્રમાણે કેટલાક જીવો ગુરુનો ઉપદેશ આદિ જેવું સાંભળ્યું છે તેવું ધારે છે. પરંતુ તેમને વિશેષ પ્રકારે બોધ ઉત્પન્ન કરવા રૂપ ઉપદેશ લેવા વડે કરીને બીજું કોઈ પરિણામ પ્રાપ્ત થતું નથી.

"સાધુથી નટ ન જોવાય" એ પ્રમાણે કહે છતે નટી જોનારા મુનિની જેમ અને કુલપુત્રકની જેમ કોઈ પરિણામવાળું બનતું નથી. તે આ પ્રમાણે.

કુલપુત્રની કથા

કોઈ એક નગરમાં કોઈ એક સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યે છતે નાના પુત્રને બીજાના ઘર કામ વિ. કરીને મોટો કરે છે. એક વખત મોટો થતાં તે પુત્ર માતાને પૂછે છે. 'મારા પિતા કેવી રીતે આજીવિકા ચલાવતા હતા ?'

માતા : 'સેવા (નોકરી) કરવા દ્વારા'

નાનો પુત્ર : 'હું પણ સેવા કરીશ'

માતા : 'સેવા કેવી રીતે કરવી તે તું જાણતો નથી'.

નાનો પુત્ર : 'સેવા કેવી રીતે કરાય ?'

માતા : 'વિનયથી સેવા થાય.'

નાનો પુત્ર : 'વિનય કેવા પ્રકારનો હોય..... ક્યા પ્રકારે વિનય કરવો.'

માતા : 'જુહાર' એટલે કે હાથ જોડીને માથે અડાડી નમસ્કાર કરવા પૂર્વક નમ્ર બનવું, સ્વામિને અનુસરવું (કહ્યા પ્રમાણે કરવું) એ પ્રમાણે વિનય જાણવો.

માતાની આ વાત સાંભળી તે કોઈ રાજાની કંઈક સેવા કરવા માટે નગર તરફ ચાલ્યો ત્યાં જતાં રસ્તામાં એણે મૃગલાઓને પકડવા માટે શિકારીઓને ગુપ્ત સ્થાનમાં રહેલા જોયા. અને હાથ જોડવા પૂર્વક મોટે થી બોલી જુહાર.. કર્યા તે સાંભળીને હરણો ગભરાઈને ભાગી ગયા તેથી તે શિકારીઓએ તેને માર માર્યો ત્યારે તેણે મા એ કહેલ બધી વાત (વિનય ની વાત) કરી તે સાંભળી તેઓએ તેને છોડી દીધો અને કહ્યું કે જો આવા પ્રકારનું જોવામાં આવે તો ગુપ્ત રીતે વાંકાવળીને ચાલી જવું.

પછી કોઈક વખત તેણે ધોબીઓ ને જોયા તે જોઈને તે વાંકો વળી ગુપ્ત રીતે ધીરે ધીરે જવા લાગ્યો. ધોબીઓના વસ્ત્રો ચોરાઈ જતા હોવાના કારણે ચોરનો સંચાર જોવા માટે નીમેલા ગુપ્ત પુરુષોએ આ ચોર છે તેમ માની તેને પકડ્યો.... પછી હકીકત જણાવ્યે છતે તેને છોડી મૂક્યો અને તેઓએ કહ્યું આવું હોય ત્યારે સાફ થઈ જાઓ સાફ થઈ જાઓ એમ બોલવું. હવે આગળ જતાં બીજ (બી) ને વાવતાં (ખેડૂતને) જોયો. તેને ત્યાં સાફ થાઓ તેમ કહ્યું. ત્યારે તેઓએ પણ તેને માર્યો બધી હકીકત જણાવી ત્યારે તેને મુક્ત કર્યો અને કહ્યું આવું જુએ ત્યારે ઘણું થાઓ ઘણું થાઓ એ પ્રમાણે બોલવું. પછી કોઈ ઠેકાણે મૃતકને લઈ જતાં જોઈને બોલ્યો. આવું ઘણું થાઓ ત્યારે ત્યાં પણ માર ખાધો અને બધી વાત જણાવી ત્યારે છુટ્યો. તેઓએ પણ તેવી જ રીતે તેને કહ્યું કે આવું થાય ત્યારે કહેવું કે આવા પ્રકાર નો વિયોગ થાઓ (એટલે કે આવું ન બનો મૃત્યુ ન થાઓ). વળી બીજે કોઈ સ્થાને વિવાહના પ્રસંગે બોલ્યો અત્યંત વિયોગ થાઓ. ત્યાં પણ કુટાયો... માર ખાધો અને મુક્ત થયો. અને તેઓએ કહ્યું કે આવા પ્રસંગે તો આ પ્રમાણે કહેવું આવા પ્રકારના વિધાન તમે જુઓ અને શાશ્વત બનો ચીરકાળ જીવો હવે એક વખત સાંકળથી (બેડીથી) બંધાયેલ આગેવાનને (મુખીને) જોઈને કહ્યું આવા પ્રકારના વિધાન નિત્ય બનો અને શાશ્વત થાઓ. ત્યાં પણ હણાયો અને મુક્ત થયો. તેઓએ કહ્યું આવા પ્રકારનું

હોય ત્યારે જલ્દી છૂટી જાઓ એ પ્રમાણે બોલવું, તે પછી કોઈ સ્થાને મિત્રો ભેગા થતા હતાં ત્યાં કહ્યું જલ્દી છૂટા પડો ત્યાં પણ માર ખાધો અને છૂટ્યો.

તેવી જ રીતે ક્રમે કરી એક ગામના મુખીના પુત્ર પાસે રહી તેની સેવા કરે છે.

એક વખત દુકાળમાં તેના ઘેર રાબડી બનાવી ગામના મુખીની પત્નિએ તેને કહ્યું જા સભા જનોની મધ્યમાં બેઠેલા સ્વામીને કહેજે કે 'જલ્દી આવો કારણ કે રાબ ઠંડી અને પીવા માટે અયોગ્ય બને છે.' તેણે ત્યાં જઈને તેવીજ રીતે મોટા અવાજે કહ્યું તે સાંભળીને સ્વામિએ શરમિંદા બની ઘરે આવીને તેને માર્યો અને કહ્યું કે 'આવું કાર્ય હોય ત્યારે ધીરેથી કાનમાં કહેવું જોઈએ.'

એક વખત ઘર સળગ્યું તેથી ત્યાં જઈને કાનમાં ધીમેથી કહે છે. તેટલામાં આખું ઘર સળગી ગયું. તેથી તેને માર્યો અને કહ્યું કે આવા પ્રકારનું થાય ત્યારે જાતેજ પાણી નાંખવું અને ન બુઝાય તો રેતી - છાણ વિ. નાંખવું જોઈએ જેથી કરીને અગ્નિ બુઝાઈ જાય.

ફરી એક વખત સ્વામિ પોતાના માથાના વાળને સુગંધીત કરવા ધૂપ જેવું કાંઈક કરતો હતો. એટલે તેના માથાપર તે કુલપુત્રે ગોભક્ત (છાણ-રેતી-વિ.) નાખ્યું. ઈત્યાદિ

જેવી રીતે આ કુલપત્ર જેવું સાંભળ્યું તેવું જ વચન ધારતો હતો પરંતુ વિષયના અભિપ્રાયને વિશેષ પ્રકારે જાણતો ન હતો. એ પ્રમાણે સાંભળેલું જ માત્ર ગ્રહણ કરનાર કહેવાના વિષયના તાત્પર્યને નહિ જાણનારા જીવો જળો જેવા છે. ઈતિ. જેવી રીતે તે જળો એ પીધેલા લોહીને કાંટાદિના પ્રયોગ વડે કાઢતાં પરિણામે દુઃખી થાય છે. તેવી રીતે અહીંયા પણ તેઓ (તેવા જીવો) દુઃખી થાય છે. અને પગલે પગલે દૃષ્ટાંત તરીકે વર્ણવેલા કુલપુત્રની જેમ પરલોકમાં પણ દુઃખી થાય છે.

વંન્ધ્યા :- જેવી રીતે વાંઝણી ગાયથી દૂધાદિની ઈચ્છાવાળા અનેક પ્રકારના રસફલ વાળા ઘી આદિ ઘાસ, ધાન્ય, કપાસ વિ. ઘણું આપવા

છતાં દૂધ વિ. ન મલવાના કારણે નિષ્ફલ જાય છે. તેવી રીતે કેટલાક જીવોને સદ્‌ગુરુનો વિવિધ પ્રકારનો ઉપદેશ પણ નિષ્ફળ જાય છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિની જેમ.

કહ્યું છે કે :- હજારો પ્રકારે ઉપદેશ આપવા છતાં કેટલાંક ને બોધપમાડી શકાતા નથી બ્રહ્મદત્ત ચક્રવર્તિ અને ઉદાયિ રાજાનો મારક વિનય રત્ન.

તેવી રીતે વળી અવાંઝણી (દુઝણી) ગાયને જે કાંઈ યત્‌કિંચિત આપેલું ઘાસ વિ. પણ દુધ વિ. રૂપે પરિણમે છે. એ પ્રમાણે કેટલાક જીવોને અલ્પમાત્ર ગુરુએ કહેલો-આપેલો ઉપદેશ મહાફલને આપનારો થાય છે.

ઉપશમ, વિવેક, સંવર માત્ર ત્રિપદ સાંભળનાર ચિલાતિ પુત્રની જેમ. હે બહુ પિણ્ડિયા ! એક પિંડિ તને જોવા ઈચ્છે છે એટલે વચન માત્રથી ઈન્દ્રનાગની જેમ. અને આજીવન આરંભ સમારંભના ત્યાગ રૂપ અહિંસા એ પ્રમાણેના વચને કરી ધર્મરુચિ મુનિની જેમ આ જીવન અમારે આરંભ સમારંભનો ત્યાગ છે એટલા વચન માત્રથી ધર્મરુચિ મુનિની જેમ કેટલાક બોધ પામે છે.

સર્પાદિકના દૃષ્ટાંતથી ગુણકારી અને અગુણકારીનું અંતર ઉપદેશ દ્વારા બતાવ્યું. બુધ્ધિશાળીઓ ગુણાદિના કારણોને સારી રીતે જોઈને વિચારીને મોહ વિનાની જય રૂપી લક્ષ્મીને પામવા માટે પ્રયત્ન કરે છે.

॥ ઈતિ નવમસ્તરંગ સમાપ્ત ॥

તરંગ - ૧૦

આ લોક અને પરલોકમાં સુખનું કારણ અર્થાત્ સુખને કરનારો સમ્યક્ ધર્મનો ઉપદેશ સર્વત્ર સુખને કરનાર જ છે. એ પ્રમાણે શરુમાં યોગ્યાયોગ્ય સ્વરૂપનું નિરુપણ વ્યર્થ છે. એ પ્રમાણેની આશંકાનું નિવારણ કરવા માટે કહે છે. :-

જીર્ણ (જૂનો) જ્વર, અજીર્ણ (નવો) જ્વર, જરાદિને વિષે એકજ

પ્રકારનું ગાયનું દૂધ ગુણ દોષને કરનારૂં છે. તેવી રીતે જીવોને વિષે એકજ પ્રકારનો સદ્‌ગુરુનો ઉપદેશ ગુણ અને દોષ રૂપ બને છે.

જૂનો તાવ હોય ત્યારે અને નવો આવેલો હોય ત્યારે વળી પીત્ત અને કફમાં જેવી રીતે એક જ જાતનું ગાયનું દૂધ ક્રમ થી ગુણ દોષને કરનારૂં બને છે. તેવી રીતે જીવોને વિષે સદ્‌ગુરુનો ઉપદેશ ગુણદોષને કરનારો બને છે. જીર્ણજ્વરમાં અને પિત્તાદિમાં ગુણ કરનાર છે. અને નવા આવતા તાવમાં અને કફ થયો હોય ત્યારે દોષ કારક બને છે. તે પ્રમાણે ગાયના દુધની જેમ મધુરતાદિ ગુણ આલોક અને પરલોકમાં હિતને કરનાર. સમ્યક્‌ધર્મતત્વનાજ એક પ્રરુપક એવા સદ્‌ગુરુના વચન અથવા ઉપદેશ યોગ્યાયોગ્ય જીવોમાં ક્રમથી ગુણદોષ ઉત્પન્ન કરનાર થાય છે. જીર્ણ મિથ્યાત્વ મોહનીય આદિના કારણે યોગ્ય જીવોમાં ગુણકારક બને છે.

શ્રી વર્ધમાન જિનના વચન ઈન્દ્રભૂતિ આદિમાં પરિણમ્યા, શ્રીથાવચ્ચા પુત્ર સૂરિના વચન સુદર્શન શ્રેષ્ઠિ શુક પરિવ્રાજક આદિમાં જેમ પરિણમ્યા, ઘણાં કર્મના કારણે (ભારી કર્મી હોવાથી) યોગ્યતા પ્રાપ્ત કર્યા વિનાનામાં અર્થાત્‌ અયોગ્ય જીવોમાં દોષ ઉત્પન્ન કરનાર થાય છે. જેવી રીતે શ્રી પાર્શ્વ જિનેશ્વરનો હિતોપદેશ પંચાગ્નિ સાધનાદિ કષ્ટદાયક અનુષ્ઠાનમાં તત્પર (લીન) કમઠ તાપસમાં દોષ કરનારો બન્યો.

તેથી યોગ્યાયોગ્યની પરીક્ષા કરવી તે ફલ આપનારી બને છે.

॥ ઈતિ દશમસ્તરંગ સમાપ્તઃ ॥

તરંગ - ૧૧

વળી પણ એનાજ અર્થને દૃઢ કરવા માટે કહે છે. જેવી રીતે એક સરખી મેઘની વૃષ્ટિ (વરસાદ) સમુદ્રમાં, રત્નાચલ વિ. માં આદિ શબ્દથી મોતીની ખાણમાં, તામ્રપર્ણી (મલયગિરિમાંથી નીકળતી નદી જેમાં મોતિ પાકે છે.) નદીમાં વિવિધ ધાન્ય - ફલ આપનારી જમીનમાં અને ક્ષેત્ર વિશેષથી વિવિધ એટલે કે ઉત્તમ - મધ્યમ - અધમ પ્રકારના મણીની

(મુકતાફલની) ધાન્યની ફલોની ઉપલક્ષણથી બીજા પણ એટલે કે વિવિધ ઔષધિ આદિની ઉત્પત્તિમાં જીવોમાં પોતપોતાની યોગ્યતાદિ પ્રમાણે મણી મુકતા ફલાદિની જેમ ધર્માદિ ફલની સિધ્ધિનું કારણ બને છે.

કહ્યું છે કે :- આંબામાં, લીમડામાં, સુતીર્થે, કચરાના ઢગલામાં, છીપલીમાં, સર્પના મુખમાં, ઔષધાદિમાં, ઝેરી ઝાડમાં, મોટા સરોવરમાં, પર્વતમાં, પીળી ભૂમિમાં કે કાળી જમીનમાં, શેરડીના ખેતરમાં, કોઠાદિ વૃક્ષના ગહન વનમાં વરસાદનું પાણી તે તે રૂપે પરિણમે છે. તેવી રીતે સદ્‌ગુરુનો ઉપદેશ પણ યોગ્યમાં અને અયોગ્યમાં તે તે રૂપે પરિણમે છે.

॥ ઈતિ એકાદશસ્તરંગ સમાપ્ત : ॥

તરંગ - ૧૨

હવે બીજી રીતે યોગ્યાયોગ્યના સ્વરૂપને પ્રકટ કરવા માટે આગમની ગાથાને જ કહે છે. :-

શૈલ, મેઘ, ઘડો, ચાલણી, સુઘરી પક્ષીનોમાળો, હંસ, પાડો, બકરો, મસક, જળો, બિલાડી, પ્રાણી વિશેષ, ગાય, ભેરી, રબારણ વિ. ના દૃષ્ટાંત વડે યોગ્યાયોગ્યની સિધ્ધિ કરે છે.

હવે તે યોગ્યાયોગ્ય પણું બતાવવા માટેના ઉદાહરણો કહે છે.

સેલ :- મગના દાણા જેટલો પત્થરનો નાનો ટુકડો તે... શૈલ... ઘન = મેઘ શૈલ અને મેહ = શૈલઘન.

શૈલઘનનું ઉદાહરણ પ્રથમ કહે છે. કુટ = ઘડો, ચાલણી પ્રસિધ્ધ છે. પરિપૂર્ણક = સૂઘરીનો માળો, હંસ, પાડો, બકરો, મસક, જળો અને બીલાડીઓ પ્રસિધ્ધ છે. પ્રાણીવિશેષ (ઉંદરાદિ), ગાય, ભેરી અને રબારણ પણ પ્રસિધ્ધ છે.

ગાથાર્થ :- ઉદાહરણ બે પ્રકારે હોય છે. એક વાસ્તવિક એટલે કે સત્ય હકીકત બતાવનારૂં અને બીજુ કાલ્પનિક.

ચાવલ (ચોખા) પકાવવા માટે બળતણની જેમ અર્થની સિધ્ધિ માટે ચરિત વાસ્તવિક અને કલ્પિત એમ બે પ્રકારે ઉદારણ કહ્યા છે. તેમાં કાલ્પનિક છે તે આ પ્રમાણે :-

મગશૈલ અને જંબુદ્વિપ પ્રમાણ પુષ્કરાવર્ત મહામેઘ ની કલ્પના કરવી. તેમાં નારદ બનીને તે બેમાં કલેહ કરાવવો તે આવી રીતે મગશૈલ પુષ્કરાવર્ત મેઘને કહે છે. કે તારા નામમાં શું છે ? ત્યારે પુષ્કરાવર્ત કહે છે હું તને એક સરખી મુશળધાર વડે ભેદીને અટકીશ (તારા ટુકડા કરી નાંખીશ) ત્યારે મગશૈલ કહે છે. જો તું તલ અને ઘાસના ત્રીજા ભાગ જેટલું પણ જો મને તોડી શકીશ તો હું મારુ નામ પણ તજી દઈશ. (મારૂં નામ પણ નહિ લઉં) આ સાંભળીને મગશૈલના તે વચનો મેઘને લાગી ગયા. તેથી તે ક્રોધિત થયો, અને સર્વપ્રકારે મુશળધારે અવિરુધ્ધ વરસવાનું શરૂ કર્યું. સાત દિવસ પછી ચિંતવ્યું કે આટલા દિવસ પછી તે બીચારા ના ટુકડા થઈ ગયા હશે. એમ વિચારીને જુએ છે તો મગશૈલ ઝળહળાટ કરતો અત્યંત ઉજ્વલત્તાને પામેલો તેવો તે મોટેથી હાથ જોડતો બોલે છે. જે જે જુહાર (પ્રણામ) ત્યારે મેઘ લજ્જા પામી જતો રહ્યો.

એ પ્રમાણે કોઈ મગશૈલ સમાન શિષ્ય એક પણ પદને ભણતો નથી. છતાં તેવાને ગર્વથી ભરેલા માનસવાળો કહે કે હું આને સમજાવું અને ભણાવું છું. તો તેમાં જો શિષ્ય ન ભણે તો ભણાવનાર આચાર્યની જ જડતા છે. ગોવાળે જ જાતે નદીમાં ગાયોને ખોટા રસ્તે ઉતારી હોય તો ગોવાળની જ ભૂલ છે.

પછી ભણાવવાનો આરંભ કર્યો. ભણાવનાર આચાર્ય ભણાવી શક્યો નહિ. તેથી તે આચાર્ય લજ્જાને પામ્યો આવા શિષ્યને આપવું. ભણાવવું નહિ શા માટે ? તે કહે છે. કારણ કે વાંઝણી ગાયના શિર - સ્તન - જાંઘ - પાછળનો ભાગ, પૂંછ - ઉદર ઉપર સ્નેહ પૂર્વક સ્પર્શ કરવા છતાંય દૂધને આપનારી બનતી નથી. તેવી રીતે સ્વભાવથી જ બકરી પણ સારી રીતે બોલાવવા છતાં એક પદ પણ લઈ શખતી નથી. તેથી તેના ઉપર ઉપકાર તો થતો નથી. ભલે તેના ઉપર ઉપકારનો અભાવ હો પરંતુ ઉલ્ટું આચાર્ય અને સૂત્ર ઉપર અપકીર્તિ થવાની સંભાવના રહે છે.

આ અધ્યયન ભણાવવામાં આચાર્યની હોંશિયારી - કુશળતા સારી નહીં હોય અથવા આ અધ્યયન સારું નહીં હોય નહીં તો શું આ ભણી શકે નહિ ? વળી પણ તે પ્રકારે કુશિષ્યને ભણાવવામાં તેની ધારણા શક્તિના અભાવે ઉત્તરોત્તર સૂત્ર અર્થનો અભ્યાસ ન થવાથી (નહીં આવડવાથી) આચાર્યને અને સકળ શાસ્ત્રોમાં રહેલા સુત્ર અને અર્થનો નાશ થવાથી કુશળ અભ્યાસીઓને (શ્રોતાઓને) ઉત્તરોત્તર સૂત્ર અર્થ લેવામાં હાનીનો પ્રસંગ બને અર્થાત્ આમને (આચાર્યને) કાંઈ આવડતું નથી. તેમ માની તેમની પાસે અભ્યાસ માટે જાય નહિ. કહ્યું છે કે :-

આચાર્ય અને સૂત્ર વિષે સૂત્ર અર્થનો નાશ અને નીંદા થાય છે. બીજાને પણ અભ્યાસ વિ. ની હાની થાય છે. દૂધ નહિ આપનારી એવી વાંઝણી ગાયને ગમે તેટલો તેની પીઠાદિ પર હાથ ફેરવીએ તો પણ તે દૂધને આપતી નથી.

મગશૈલ થી વિરોધ રૂપ યોગ્યશિષ્યના વિષયમાં **કાળીભૂમિનું દૃષ્ટાંત** :-

કાળી ભૂમિના પ્રદેશમાં વર્ષાદનું પડેલું ઘણું પાણી પણ તેજ જમીનની નીચે સમાઈ જાય છે. થોડું પણ તેમાંથી બહાર વહી જતું નથી. એ પ્રમાણે જે વિનયવાન શિષ્ય છે તે સકલ સૂત્ર અર્થના ગ્રહણ કરવામાં અને ધારવામાં સમર્થ છે તે કૃષ્ણ ભૂમિ પ્રદેશ સરિખો છે. તે યોગ્ય છે તેથી તેને અધ્યયન ભણાવવું જોઈએ.

કહ્યું છે કે ઘણો વરસાદ વરસે તો પણ કૃષ્ણ ભૂમિ પરથી પાણી વહી જતું નથી. ગ્રહણ અને ધારણા કરવામાં સમર્થ શિષ્યને અવિચ્છિન્ન પણે આપવું જોઈએ. એટલેકે ભણાવવું જોઈએ.

હવે ઘડાના દૃષ્ટાંતની વિચારણા કરે છે :- ઘડા બે પ્રકારના હોય છે. તે આ પ્રમાણે નવા અને જૂના હમણાંજ તૈયાર થયેલા કુંભારને ત્યાંથી લાવેલા તે નવા ઘડા.

જીર્ણઘડા બે પ્રકાર છે. :- સંસ્કાર (વાસ) વાળા અને સંસ્કાર (વાસ) વિનાના.

ભાવિતા (સવાસ) બે પ્રકારે છે :- પ્રશસ્ત દ્રવ્ય વાળા અને અપ્રશસ્ત દ્રવ્યવાળા તેમાં જે કપૂર, અગરુ, ચંદનાદિ પ્રશસ્ત દ્રવ્યથી યુક્ત તે પ્રશસ્ત દ્રવ્ય ભાવિતા, પ્રશસ્ત દ્રવ્યથી યુક્ત તે પણ બે પ્રકારે છે. વામ્યા અને અવામ્યા કોઈપણ દ્રવ્યથી નહિ ખરડાયેલ (વાસ વગરના) તે અભાવિતા એ પ્રમાણે શિષ્યો પણ બે પ્રકારે છે. નવા અને જૂના તેમાં જે બાલભાવે વર્તતા અજ્ઞાની ને હમણાં જ ભણાવવાનું શરૂ કર્યું છે તે નવીન (નવા). જૂના (જીર્ણ) બે પ્રકારે છે. ભાવિતા - અભાવિતા, તેમાં અભાવિતા એટલે કોઈપણ અજૈન દર્શનથી ભાવિત નહિ થયેલા તે.

ભાવિતા બે પ્રકારે છે કુપ્રાવચનિક પાસત્થાદિ વડે અને સંવિગ્ન (નિગ્રંથસાધુ) વેડ ભાવિત હોય.

કુપ્રાવચનિક પાસત્થાદિથી ભાવિત પણ બે પ્રકારે છે :- વામ્યા - અવામ્યા સંવિગ્નથી ભાવિતા પણ બે પ્રકારે છે. વામ્યા અવામ્યા તેમાં જે નવિન અને જીર્ણ અભાવિતા,

મિથ્યા પ્રવચનકારથી ભાવિત પણ ભાવિત પણાને વમી દેનારા.... અને જે સંવિગ્નથી ભાવિત થયેલા સંવિગ્ન ભાવને નહિ છોડનારા અ-વામ્યા તે બધાજ યોગ્ય છે. બાકી રહેલા બીજા અયોગ્ય છે અથવા બીજી રીતે **ઘડાના ઉદાહરણથી વિચારણા કરે છે :-** ઘડા ચાર પ્રકારે પણ હોય છે. તે આ પ્રમાણે છીદ્રવાળો ઘડો, કાંઠલા વગરનો (તૂટલો) ઘડો, કાંઈક તૂટેલો (ખંડિત) ઘડો અને પૂર્ણ ઘડો જેના નીચેના તળીએ છીદ્ર છે તે છીદ્રવાળો ઘડો વળી જેને કાંઠલો નથી તે કંઠ હીન ઘડો જે એક બાજુથી ખંડીત થયો છે. તે ખંડ ઘડો અને સર્વરીતે અખંડ છે તે પૂર્ણઘડો. આ પ્રમાણે શિષ્યો પણ ચાર પ્રકારના છે એમ જાણવા તેમાં જે વ્યાખ્યાન મંડપમાં બેઠેલો જે છે તે બધા જ અર્થ ને સમજે છે. અને વ્યાખ્યાનમાંથી ઉઠ્યા પછી કંઈપણ સ્મરણમાં રહેતું નથી તે છીદ્રવાળા ઘડા જેવો છે. જેવી રીતે છીદ્રોવાળો ઘડો જ્યાં સુધી જમીનને ગાઢ રીતે લાગીને રહેલો છે. ત્યાં સુધી કંઈ પણ પાણી ઝરતું (નીકળતું, ગળતું) નથી અથવા કંઈક સામન્ય ઝરે છે. ટપકે છે. આ પ્રમાણે આ શિષ્ય પણ જ્યાં સુધી આચાર્ય પૂર્વાપરના સબંધને જોડતા સૂત્ર

અર્થનો ઉપદેશ આપે છે. ત્યાં સુધી સમજે છે. અને જો વ્યાખ્યાન મંડપમાંથી ઉઠી જાય તો પૂર્વાપરનું સંન્ધાન કરવામાં નબળો હોવાથી કંઈપણ સ્મરણ કરી શકતો નથી. જે વ્યાખ્યાન મંડપમાં બેઠેલો અડધું ત્રીજા ભાગનું ચોથા ભાગનું કે તેનાથી પણ થોડા સૂત્ર અર્થને ધારે છે. અને જેવા ધાર્યા છે તેવા ફરી સ્મરે છે. કહી શકે છે તે ખંડ ઘડા જેવા છે. વળી જે કંઈક થોડું ઓછું સૂત્ર અર્થને ધારે છે. પાછળથી પણ તેવું જ યાદ રાખે છે. તે કાંઠલા વગરના ઘડા જેવા છે. આચાર્યે કહેલા બધાજ સૂત્ર અર્થ ને ધારે છે. અને પછી પણ તેવી જ રીતે સ્મૃતિમાં લાવે છે - કહે છે. તે સંપૂર્ણ ઘડા સમાન છે.

હવે અહીંયા બતાવે છે કે છીદ્રવાળા ઘડા જેવા એકાન્તે અયોગ્ય છે. બાકીના ઉત્તરોત્તર શ્રેષ્ઠતર છે.

હવે **ચાલણીના દૃષ્ટાંતથી ઘટાવે છે.** :- ચાલણી લોક પ્રસિધ્ધ છે. જેનાથી લોટ વિ. ચાળી શકાય છે. જેવી રીતે ચાલણીમાં પાણી નાંખતાં તેજ ક્ષણે જ નીકળી જાય છે. અલ્પ સમય પણ ટકતું નથી. તેવી રીતે સૂત્ર - અર્થ દેતાં જ્યારે જે સમયે તે સાંભળે છે. (ગ્રહણ કરે છે) તેજ વખતે તે ભૂલી જાય છે. (સ્મૃતિમાંથી નીકળી જાય છે.) તેવા જીવો ચાલણી સમાન છે.

મગશૈલ છીદ્રવાલો ઘડો, ચાલણી સમાન શિષ્યં ના ભેદ બતાવવા માટે ભાષ્ય કર્તા એ ગાથા દ્વારા કહ્યું છે કે :- મગશૈલ, છીદ્રવાળો ઘડો, ચાલણી જેવા શિષ્યો કથાદિ ઉપદેશ સાંભળીને જ્યાં ઉઠે છે કે તૂર્ત જ સાંભળેલું ભૂલી જાય છે. એક કાનથી સાંભળે છે અને બીજાકાનથી નીકળી જાય છે.

તેથી ચાલણી સમાન આ પણ યોગ્ય નથી અને ચાલણીનો પ્રતિ પક્ષ એટલે કે વાંસના દલ (લાકડા)માંથી બનાવેલ તાપસના પાત્ર (કમંડલ)માંથી બિંદુમાત્ર પણ ઝરતું નથી.... નીકળી જતું નથી કહ્યું છે કે :- તાપસના લાકડાના કમંડલમાંથી ચાલણીની જેમ જરા પણ પાણી નીકળતું નથી. તેથી કમંડલ જેવો જે છે તે યોગ્ય છે.

હવે સુઘરીના માળાના દૃષ્ટાંત વડે સમજાવે છે :- પરિપૂણક એટલે ઘી - દૂધ ગાળવા માટેનું સાધન અથવા સુઘરી નામના પક્ષીનો માળો (ઘર)

તેનાથી રબારીઓ ઘીને ગાળે છે. જેવી રીતે તે પરિપૂણક કચરો સંગ્રહે છે અને ઘીને છોડી દે છે તેવી રીતે જે શિષ્ય પણ વ્યાખ્યાન વાચનાદિમાં દોષોને ગ્રહણ કરે છે અને ગુણોને છોડી દે છે તે પરિપૂણક જેવા છે. તે અયોગ્ય છે. **ચૂર્ણીકાર કહે છે :-** વ્યાખ્યાનાદિમાં જે દોષોને હૃદયમાં ધારે જ છે અને ગુણોને છોડી દે છે. તે પરિપૂણક જેવો તે શિષ્ય અયોગ્ય છે.

વળી કહે છે :- સર્વજ્ઞના મતમાં પણ દોષો સંભવે છે એ પ્રમાણે આ અશ્રધ્ધેય છે (શ્રધ્ધા કરવા યોગ્ય નથી) સાચું (ઠીક) ભાષ્ય કર્તા અહીંયા કહે છે કે સંપૂર્ણ જ્ઞાનવાળા (સર્વજ્ઞ) એવા જિનમતમાં એકપણ દોષ હોતો નથી. અનુપયોગવાળામાં અને પ્રમાદવાળામાં દોષો હોય છે.

હવે હંસના દૃષ્ટાંત વડે વિચારણા કરે છે :- જેવી રીતે હંસ દૂધ અને પાણી મિશ્રિત હોવા છતાં પાણી છોડીને દૂધ પીએ છે. તેવી રીતે જે શિષ્ય પણ ગુરુના અનુપયોગે કરીને થયેલા દોષોને છોડી માત્ર ગુણોને જ ગ્રહણ કરે છે. તે હંસ જેવા છે. તે એકાન્તે યોગ્ય છે. હંસ દૂધ પાણી મિશ્રિત હોવા છતાં કેવી રીતે જુદું કરે છે. જેથી તે માત્ર દૂધ જ પીએ છે. પાણી પીતો નથી. ઈતિ પ્રત્યુત્તર આપતાં કહે છે કે તેની જીભમાં રહેલી ખટાશ ને કારણે ફાટી જઈને પાણી અને દૂધ જુદું પડવાથી દૂધ પીએ છે. પાણી પીતો નથી.

ગાથામાં કહ્યું છે કે :- જીભમાં રહેલી ખટાશને કારણે દૂધ અને પાણી જુદુ પડવાથી હંસ પાણી છોડીને દૂધને પીએ છે. હંસ જેવા તે શિષ્યો યોગ્ય છે.

તેવા શિષ્યો ગુરુ વડે અનુપયોગથી બોલવામાં આવેલ દૃઢ દોષોને છોડી દે છે. અને સિધ્ધાંતના સારભૂત જે ગુણ છે તેને ગ્રહણ કરે છે. તે યોગ્ય છે.

હવે પાડાનું દૃષ્ટાંત જણાવે છે :- જેવી રીતે પાડો પાણીને રહેવાનું સ્થાન (સરોવર - તળાવ વિ.) પ્રાપ્ત થતાં પાણીની વચ્ચે રહીને પાણીને વારંવાર બેઉ શીંગડા વડે હલાવતો અને તરતો બધા પાણીને ગંદુ-મેલું યાને ડહોળું કરે છે. તેથી તે જાતે પીવા સમર્થ બનતો નથી સાથે રહેલું બીજુ જૂથ પણ પાણી પી શકતું નથી. તેની જેમ શિષ્ય પણ ગુરુ વ્યાખ્યાન કરતાં હોય

તે વખતે અકારણ - ફોગટ જેવા તેવા પ્રશ્નો પૂછે છે **અથવા કલેશ** વિકથાદિ કરીને પોતાને અને બીજાને અનુયોગના **શ્રવણમાં અડચણ** (અંતરાય) ઉભી કરે છે. તે પાડા જેવો છે. તે એકાન્તે **અયોગ્ય છે. કહ્યું છે** કે :- પાડોપોતે તો પાણી પીતો નથી અને ડોહળાઈ ગયેલું પાણી બીજુ યૂથ પણ પીતું નથી. અર્થાત્ પોતે પીતો નથી અને અને બીજા (પાડાઓ)ને પીવા દેતો નથી. તેની જેમ જે શિષ્ય કલહ, વિકથાદિ કરે છે. અને જેવા તેવા પ્રશ્નો પૂછીને વ્યાખ્યાન ડહોળાવે છે તે કુશીષ્ય છે. અને તે ઉપદેશ માટે અયોગ્ય છે.

બકરીનું ઉદાહરણ કહે છે :- જેવી રીતે બકરી નાનું મોઢું હોવાથી સંતોષી થઈ ખાબોચીયામાં રહેલું થોડું પણ પાણી ડહોળ્યાં વગર પીએ છે તેવી રીતે શિષ્ય પણ વિનય પૂર્વક આચાર્યના ચિત્તને પ્રસન્ન - ખુશ કરતો પ્રશ્ન પૂછે છે. તે બકરી સમાન છે. તે એકાન્તે યોગ્ય છે.

મશકના દૃષ્ટાંતથી સમજાવે છે :- જે શિષ્ય મશકની જેમ બડબડ કરતો જાતિ વિ. ને ખુલ્લી કરતો ગુરુના મનમાં વ્યથા ઉત્પન્ન કરે છે તે મશકની સારિખો છે..... તે અયોગ્ય છે.

જળો નું દૃષ્ટાંત ઘટાવે છે :- જેવી રીતે જળો શરીરને દુઃખ આપ્યા વગર લોહી પીએ છે તેવી રીતે જે શિષ્ય પણ ઉપદેશકને દુઃખ નહિ આપતો શ્રુત જ્ઞાન ગ્રહણ કરે છે. તે જળો સમાન છે.

કહ્યું છે કે :- જળો દુઃખ આપ્યા વગર લોહી પીએ છે તેવી રીતે સુશિષ્ય શ્રુત જ્ઞાન આપનારને વ્યથા - બાધા પહોંચાડ્યા વગર જ્ઞાન ગ્રહણ કરે છે. તે યોગ્ય છે.

બિલાડીના દૃષ્ટાંત થી સમજાવે છે :- જેવી રીતે બિલાડી પાત્રમાં રહેલું દૂધ જમીન પર ઢોળી દઈને પીએ છે. તેવી રીતે દુષ્ટ સ્વભાવના કારણે શિષ્ય પણ વિનય આદિ કરવાની બીકથી સાક્ષાત્ ગુરુની પાસે જઈને સાંભળતો નથી પરંતુ વ્યાખ્યાન સાંભળીને ઉઠેલા કોઈકની પાસેથી સાંભળે છે. તે બિલાડી જેવા છે, તે અયોગ્ય છે.

હવે જાહક એટલે કે તીર્યંચ વિશેષનું ઉદાહરણ કહે છે :-

જેવી રીતે જાહક થોડું થોડું પાણી પીને બાજુમાંથી ચાટે છે તેવીરીતે

શિષ્ય પણ પહેલાં ગ્રહણ કરેલાં સૂત્ર અર્થને ધારીને બીજાને પૂછે છે. તે જાહક સમાન છે. અને તે શિષ્ય યોગ્ય છે.

ગાયનું દૃષ્ટાંત

ગાયનું દૃષ્ટાંત કહે છે :- કોઈ એક કુટુંબે કોઈક પર્વના દિવસે ચાર વેદના પારગામી ચાર બ્રાહ્મણોને ગાય આપી પછી તેઓ પરસ્પર વિચારવા લાગ્યા કે આપણા (અમારા) ચાર વચ્ચે ગાય એક છે તો શું કરવું? ત્યારે એકે કહ્યું વારાફરતી તેને દોહવી. એ પ્રમાણે સારૂં લાગવાથી બધાએ તે વાત સ્વીકારી પછી પહેલાં દિવસે જેની પાસે ગાય આવી. તેણે વિચાર્યું કે જેવી રીતે હું આજે દોહું તો કાલે બીજો કોઈ દોહશે તો શા માટે ફોગટ ઘાસ વિ. નીરુ (ખવડાવું) આમ વિચારીને તેને કાંઈ પણ આપ્યું નહિ. એ પ્રમાણે બીજાઓએ પણ એ પ્રમાણે કર્યું તેથી તે ગાય ચાંડાલના કુળમાં આવી પડેલાની જેમ ઘાસ - પાણી આદિથી રહિત મૃત્યુ પામી તેથી લોકમાં તે બ્રાહ્મણોની નીંદા થવા લાગી. અને બીજા વિપ્રોને (બ્રાહ્મણોને) ગોદાન વિ. મલતું બંધ થઈ ગયું.

એ પ્રમાણે શિષ્ય પણ ચિંતવે છે. કે આચાર્ય એકલા જ અમને ઉપદેશ આપતા નથી. પરંતુ બીજા નિશ્રિતને (પ્રાતિચ્છકોને) પણ આપે છે. તો પછી તેઓ જ વિનયાદિ કરશે. અમારે કરવાની શી જરૂર છે ? પ્રાપ્તિચ્છકો (બીજા ભણનારા) પણ ચિંતવે છે કે પોતાના (તેમના) શિષ્યો જ બધું કરશે અમારે શું ? વળી અમારે કેટલો કાળ રહેવાનું છે. પછી આ પ્રમાણે તેઓની આવી વિચારણાથી બેની વચ્ચે આચાર્ય દુઃખી થાય છે. (સીદાય છે) લોકમાં પણ તેઓની નીંદા થઈ. બીજા ગચ્છમાં પણ તેઓને સૂત્રઅર્થ દુર્લભ થઈ ગયા તેથી તેઓ ને ગાયનું દાન લેનારા બ્રાહ્મણની જેમ અયોગ્ય કહ્યા છે. કહ્યું છે કે :-

બીજો આવતી કાલે દોહશે તો પછી ફોગટ ઘાસ વિ. શા માટે આપું ? આ પ્રમાણે વિચારીને તેણે ગાયને કંઈપણ ન આપ્યું. તેથી તે ગાય મૃત્યુ પામી અને બ્રાહ્મણોની નીંદા હાની થી. (બીજી ગાયોના દાન ન મલવાની હાની થઈ) શિષ્યો સમજે છે કે પ્રાતિચ્છકો કરશે પ્રાતિચ્છકો કહે છે શિષ્યો

કરશે તેથી એકબીજા સેવા કરતા નથી. તેથી સૂત્ર - અર્થ ન મલવાની હાની થાય છે. અને બીજેથી પણ તેને પ્રાપ્ત થતું નથી.

આજ ગાયનું દૃષ્ટાંત બીજી રીતે (પ્રતિપક્ષે) યોજવું યાને ઘટાવવું :- જેવી રીતે કોઈક કૌટુંબીકે ધર્મની શ્રધ્ધાથી ચાર વેદ ને જાણનારા ચાર બ્રાહ્મણોને ગાય આપી. તેઓએ પણ પૂર્વની જેમ વારાફરતી દોહવાનું નક્કી કર્યું. પહેલે દિવસે જેના ઘરે ગાય આવી તેણે ચિંતવ્યું કે જો હું આ ગાયને ચારિ (ઘાસ) વિ. નહિ આપું તો ભૂખ અને ધાતુના ક્ષયથી પ્રાણનો ત્યાગ કરશે તેથી આ ગૌહત્યા કરનારા છે. એ પ્રમાણે લોકમાં મારી નીંદા થશે. વળી અમને કોઈપણ (લોક) ગાય આદિ કંઈપણ આપશે નહિ અને જો મારું ઘાસ ખાવાથી પુષ્ટ થયેલી ગાયને બીજા બ્રાહ્મણ દોહશે તેથી મારા ઉપર મોટો ઉપકાર થશે હું પણ ફરીથી વારો આવશે ત્યારે હું પણ એને ફરીવાર દોહી શકીશ તેથી અવશ્ય તેને ઘાસ વિ. આપવું જોઈએ એમ વિચારીને તેને ઘાસ વિ. આપ્યું એ પ્રમાણે બીજા બ્રાહ્મણોએ પણ આપ્યું તેથી તે બધાય લાંબા કાળ સુધી દુધનું ભોજન કરનારા થયા અને લોકમાં પણ પ્રશંસાને પાત્ર બન્યા તે કારણથી ગાય વિ. બીજું પણ ઘણું બધું તેમને મલવા લાગ્યું. એ પ્રમાણે જે કોઈ પણ શિષ્ય ચિંતવે છે કે જો અમો આચાર્યનો કોઈપણ પ્રકારે વિનય આદિ ન કરીએ તો દુઃખી થયેલા એવા તેઓ ધીરેધીરે ક્ષીણ થતાં થતાં નક્કી મૃત્યુ પામી જશે. લોકમાં પણ આ કુશિષ્ય છે. એ પ્રમાણે નીંદા થશે તેથી બીજા ગચ્છમાં પણ અમને અવકાશ (સ્થાન) નહિ મલે વળી આચાર્ય અમને દીક્ષા, શિક્ષા વ્રતાદિ આપવાના કારણે અમારા મહાઉપકારી છે. અને હાલ જગતમાં શ્રુત (જ્ઞાન) રત્ન આપનારા છે. તેથી અવશ્ય અમારે આમનો વિનયાદિ કરવું જોઈએ. અને અમારા વિનયાદિના સહાયપણાથી પ્રાતિચ્છકો (સાથે ભણતાં) નો પણ આચાર્ય થી થતો ઉપકાર અમારાથી જ શું પ્રાપ્ત નથી ? અમને પણ બમણા પુણ્યનો લાભ થાય છે. પ્રાતિચ્છકો પણ ચિંતવે છે કે ઉપકાર ન કર્યો હોવા છતાં આચાર્ય ભગવંત અમારા માટે વ્યાખ્યાનનો (ઉપદેશનો) પ્રયત્ન કરે છે, તેથી અમે શું પ્રત્યુપકાર કરવા માટે સમર્થ છીએ ? તો પણ જે કાંઈ કરીશું તે અમારા મહાન લાભને માટે છે. એ પ્રમાણે વિચારીને પારકી આશા રાખ્યા વિના વિનયાદિ કરે છે.

દુઃખી નહિ થતાં (નહિ સીદાતા) આચાર્ય અવિરત પણે સૂત્ર અને અર્થની પ્રવૃત્તિ કરે છે બધે પ્રશંસા થવા લાગી અને બીજા ગચ્છમાં તેઓને શ્રુતજ્ઞાન સુલભ થયું પરલોકમાં સદ્‌ગતિ આદિનો લાભ થયો.

ભેરીનું દૃષ્ટાંત

દ્વારિકા નગરીમાં કૃષ્ણવાસુદેવની ત્રણ ભેરી હતી. તે આ પ્રમાણે એક સંગ્રામિકા બીજી અભ્યુદયા ત્રીજી કૌમુદિકા તેમાં પહેલી યુધ્ધકાલ ઉપસ્થિત થતાં સામન્ત વિ. ને જણાવવા માટે વગાડાય છે. બીજી વળી કોઈક તોફાન આવવાનું પ્રયોજન ઉભું થતાં લોકોને અને મંત્રીઓ વિ. ને જાણ માટે વગાડાય છે. ત્રીજી કૌમુદી આદિ ઉત્સવને જણાવવા માટે તે ત્રણેય ગોશીર્ષ ચંદનમય દેવતા અધિષ્ઠિત છે. તેની ચોથી ભેરી અમંગલ અને ઉપદ્રવને હરનારી છે. તે કેવી રીતે પ્રાપ્ત (ઉત્પન્ન) થઈ તે કહે છે. તે કાલ અને તે સમયને વિષે જે શક્રેન્દ્ર હતો તેણે તે દેવલોકમાં દેવોની સભામાં કૃષ્ણ વાસુદેવના ગુણ કીર્તન ગાયા અહો ! આ ઉત્તમ પુરુષ છે, તે અવગુણ ગ્રહણ કરતો નથી અને નીચ યુધ્ધ વડે યુધ્ધ કરતો નથી. તેમાંથી એક દેવ તે વાત ને નહિ સ્વીકારતો ત્યાં આવ્યો ત્યારે વાસુદેવ પણ જિનેશ્વર ભગવંતને વંદન માટે જતા હતા ત્યારે તે દેવે રસ્તામાં દુર્ગંધ મારતું મરેલા કૂતરાનું રૂપ વિકુર્વ્યું તેની ગંધથી બધા લોકો દૂર ભાગતા હતા (મોઢું ફેરવી દેતાં હતાં) તે વખતે વાસુદેવે કૂતરો જોયો અને દેવને કહ્યું અહો ! આના સફેદ દાંતો જાણે મરકતમણીના પાત્રમાં મુકતાફલની માળા જેવા શોભી રહ્યા છે. ત્યારે દેવે વિચાર્યું ખરેખર આ ગુણગ્રાહી છે પછી વાસુદેવના અશ્વ રત્નને લઈને ભાગ્યો અને તે મદુરાપાલકે જાણ્યું તેથી તે ક્રોધિત થયો અને અશ્વ હરાયો છે. તે કુમાર અને રાજાઓને જણાવ્યું ઘોડાને લેવાને માટે તેઓ પાછળ પડ્યા દેવે તેઓને તાડ્યા અને મારીને હટાવ્યા ત્યાંથી વાસદેવે નીકળીને કહ્યું કે મારો અશ્વરત્ન કેમ લઈ જાય છે. આ ઘોડો મારો છે તારો નથી. ત્યારે દેવે કહ્યું આ ઘોડો યુધ્ધમાં જીતીને લઈજા વાસુદેવે કહ્યું ભલે સારૂં ! જો તું ભૂમિ પર છે હું રથમાં છું તું રથ લે ત્યારે દેવે કહ્યું મારે રથ જોઈતો નથી એ પ્રમાણે અશ્વનો અને હાથીનો નિષેધ કર્યો એટલું નહિ પણ

વાક્ યુધ્ધાદિ વિ. બધાનો પ્રતિષેધ કર્યો તો વાસુદેવે કહ્યું કે કેવા પ્રકારના યુધ્ધથી લડવું છે ? દેવે કહ્યું નિતંબ (ઢેકા,) ફૂલા વડે ત્યારે વાસુદેવે કહ્યું હું હારી ગયો છું અશ્વ રત્નને લઈ જા હું નીચ યુધ્ધ વડે લડતો નથી તે સાંભળતાં દેવ પ્રસન્ન થયો અને કહ્યું કે વરદાન માંગ તને શું આપું વાસુદેવે કહ્યું ઉપદ્રવાદિને હરનારી ભેરી આપ. તે દેવે તેને ભેરી આપી આવી રીતે તે ભેરીની ઉત્પત્તિ થઈ અર્થાત્ પ્રાપ્ત થઈ.

તે ભેરી છ છ મહિનાને અંતે વગાડે છે. જે તેનો શબ્દ સાંભળે છે તેના પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો નાશ પામે છે અને છ મહિના સુધી નવા ઉત્પન્ન થતાં નથી પછી ત્યાં એક વખત ક્યાંકથી આવતો એક વણિક આવ્યો અને તે અત્યંત દાહજ્વરથી પીડાતો હતો. તેણે ભેરી પાલકને કહ્યું. તું એક લાખ સોનામહોર લે અને મને આમાંથી (ભેરીમાંથી) પલમાત્ર આપ તેણે લોભને વશ થઈ ભેરીમાંથી ટુકડો કાપી આપ્યો. પછી તેણે તે ભેરીને ચંદનનો ટુકડો લગાવ્યો (થીગડું લગાવ્યું) એ પ્રમાણે એક પછી એક બીજા લોકોએ માંગ્યો અને તે ભેરી પાલક આપતો રહ્યો અને તેથી તે પૂરી ચંદન કંથા બની ગઈ.

હવે એક વખત કોઈ ઉપદ્રવ આવ્યે છતે વાસુદેવે તે ભેરી વગડાવી તેનો માત્ર સભા સુધીજ અવાજ પહોંચ્યો.... ત્યારે વાસુદેવે કહ્યું.... મારી ભેરી કોઈએ દુષિત કરી છે (નાશ કરી છે) તપાસ કરી તો તેણે તે થીગડાંવાળી જોઈ, અરે ! ભેરી સંપૂર્ણ ખલાસ કરી છે. પછી તેણે ભેરી પ્રાપ્ત કરી તેને સાચવવા બીજો ભેરી પાલક રાખ્યો. તેણે તે ભેરી સારી રીતે સાચવી અને તેને બક્ષીસ વિ. આપી તેનો સત્કાર કર્યો (ખુશ કર્યો.)

એ પ્રમાણે જે સૂત્ર અથવા અર્થને બીજા મતવાળા સાથે (અન્ય દર્શનીના શાસ્ત્ર સાથે) પોતાના બનાવેલા ગ્રંથને મિશ્ર કરીને કન્થી (દુષિત) કરે છે. અથવા ભૂલાઈ ગયેલા સૂત્ર અથવા અર્થને હું જ સારી રીતે જાણું છું. બીજા કોઈ જાણતા નથી. ક્યારેક કોઈક કંઈ પણ પૂછે છે. ત્યારે અહંકાર વડે બીજા મત વાળાના શાસ્ત્રો સાથે પણ મિશ્ર કરીને પૂર્ણ કરે છે. તે અનુયોગના શ્રવણને યોગ્ય નથી.

એ પ્રમાણે કન્થી (જાડેલા - સાંધેલા) કરેલા સૂત્ર - અર્થને કહેવામાં (અનુયોગમાં) ગુરૂપણ (ઉપદેશ દેવા માટે) યોગ્ય નથી.

કહ્યું છે કે :- જે શિષ્ય ભૂલેલા સૂત્ર અર્થને હું ભણેલો છું એમ માની અભિમાન થી કંઈપણ પૂછતો નથી અને ભૂલેલું બીજા મત વિ. થી મિશ્ર કરીને પૂર્ણ કરે છે તે યોગ્ય નથી.

હવે આભીરી (રબારી) ના દૃષ્ટાંત વડે ભાવના કરે છે :- કોઈ એક ભરવાડ પોતાની પત્નિ સાથે ગાડામાં ઘીને લઈને વેંચવા માટે નગરમાં પહોંચ્યો અને ચૌટામાં આવીને વણીકની દુકાને વેંચવા માટે તૈયાર થયો. ઘી ના ઘડા ઉતારવા માટે શરૂ કર્યા ત્યારે ગાડાથી નીચે ઉતરી ભરવાડણ ઉભી રહી અને એક પછી એક એ પ્રમાણે વારાફરતી ઘી ના ઘડા આપે છે અને તે ગ્રહણ કરે છે ત્યાં આપવા લેવામાં ઉપયોગ ન રહેવાથી વચ્ચે એક નાનો ઘડો પડીને ભાંગી ગયો અને તેના અનેકશઃ ટુકડા થઈ ગયા. પછી ઘી ઢોળાઈ જવાથી દુઃખિત થયેલા મન વાળો પતિ ઠપકો આપવા માટે કર્કશ અને કઠોર શબ્દ બોલવા લાગ્યો હા ! હે દુઃશીલા ! ખરાબ ચરિત્ર વાળી તું પાપી છે. કામથી વિહ્વલ બનેલી મનવાળી તરુણ અને સુંદર રૂપવાળા એવા બીજા પુરુષને તું જાએ છે ! જેથી ઘડાને સારી રીતે પકડતી નથી પછી તે ભરવાડણ.... કર્કશ અને કઠોર શબ્દો સાંભળવાથી ઉત્પન્ન થયેલા ક્રોધના આવેશથી છાતી જેની કંપી રહી છે. હોઠ જેના ફફડી રહ્યા છે. ભમ્મરો ઉંચે ચડી ગઈ છે. પણછ ચડાવેલા ધનુષ્યની જેમ તીક્ષ્ણ કટાક્ષની શ્રેણીને નિરંતર ફેંકતી સામે બોલી હે અધમ ગામડીયા ! ઘીના ઘડાને પણ અવગણીને ચતુર મદોન્મત્ત કામિનીનાં (સ્ત્રીઓનાં) મુખ કમલને તું જૂએ છે. નહિ તો આટલીવાર ઉભો ન રહે ઉલ્ટા કર્કશ અને કઠોર શબ્દ વડે મારા ઉપર આક્ષેપ કરે છે.

પછી તે આ પ્રમાણેના સામા પ્રત્યુત્તરથી અત્યંત (ગરમ) અંગારા જેવો કોપ રૂપી અગ્નિવાળો તે જેમ તેમ બોલવા લાગ્યો. તે ભરવાડણ પણ તે પ્રમાણે બોલવા લાગી પછી બન્ને જણા સામસામા બાલ ખેંચવા પૂર્વકનું યુધ્ધ કરવા લાગ્યા પછી આગળ વધતા પગના સામસામા પ્રહારથી ઘણું કરીને ગાડામાં રહેલું બધુંજ ઘી જમીન પર ઢોળાઈ ગયું તેમાંથી કેટલુંક

શોષાઈ ગયું થોડું ઘણું બાકી રહેલું કુતરાઓ ચાટી ગયા ગાડામાં રહેલું થોડું ઘણું જ બચ્ચું હતું તે ચોરો ચોરી ગયા સાથે આવેલા બીજા પણ પોતપોતાનું ઘી વેંચીને પોતાના ગામ પહોંચી ગયા પછી દિવસનો ઘણો ભાગ વીત્યા પછી ઝગડો શાન્ત થતાં અને સ્વસ્થ થતાં. પહેલેથી કંઈક વેંચાયેલા ઘીના પૈસા લઈને તે બન્ને પોતાના ગામ જતાં હતાં ત્યારે માર્ગમાં સૂર્યાસ્ત થઈ જતાં ચારે બાજુ પથરાયેલા રાત્રિના અંધકારમાં ચોર આવીને કપડા - દ્રવ્ય અને બળદ ચોરી ગયા. પછી આ પ્રમાણે તે બન્ને મોટા દુઃખના પાત્ર થયા (બહુદુઃખી થયા).

આ દૃષ્ટાંતનો ઉપનય ઘરાવતાં કહે છે કે :- જે શિષ્ય ભણાવતાં હોય ત્યારે ફોગટ બોલતો હોય અથવા આચાર્યશ્રી ભણાવતાં હોય ત્યારે કર્કશ અને કઠોર શબ્દ વડે આક્ષેપ કરવા પૂર્વક સામે બોલે છે કે આ રીતે તમેજ મને ભણાવેલ હતું. હવે કેમ છૂપાવો છો ? ઈત્યાદિ બોલવા થકી તે કેવળ પોતાના આત્માને સંસારમાં પાડતો નથી પરંતુ કર્કશ અને કઠોર શબ્દ દ્વારા સામા જવાબ આપવા આદિના કારણે તીવ્ર તીવ્રતર કોપ રૂપી અગ્નિની જ્વાળાવાળા બનવાને કારણે આચાર્યને પણ સંસારમાં પાડે છે.

કોમળ એવા ગુરુને પણ કુશિષ્યો કર્કશ અને કઠોર શબ્દ દ્વારા સામો જવાબ આપવાથી પ્રકોપવાળા કરે છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે :- કર્કશ વચનથી કુશીલ શિષ્યો કોમળ એવા પણ ગુરુને ક્રોધિત કરે છે ઈતિ વલી ગુણોથી ભરેલા એવા ગુરુ તેઓને કંઈપણ આકરી શિક્ષા આપવા ક્રોધને વશ થવા છતાં પણ ભગવાનની આજ્ઞામાં રહેલા હોવાથી અલ્પ પાપના ભાગી એવા તેમની માત્ર "મિચ્છામિ દુક્કડમ્" આદિથી વિશુધ્ધિ થાય છે. શિષ્ય તો ભ. ની આજ્ઞાની વિરાધનાથી અને ગરુની આશાતનાથી બાંધેલા ભારી અશુભ કર્મના કારણે લાંબા કાળ સુધી સંસારમાં રહેનારો બને છે.

વળી એ પ્રમાણે બુધ્ધિમાન હોવા છતાં વર્તમાનમાં શ્રુતરત્નથી વિમુખ (રહિત) બને છે. બીજે કોઈપણ સ્થાને તેને શ્રુતરત્ન દુર્લભ બને છે. ખરેખર લાંબા આયુષ્યની ઈચ્છાવાળો એવો કોણ માણસ છે કે જે સર્પના

મુખમાં પોતાના જ હાથથી દૂધના બિંદુઓ નાંખે ? (દૂધને પાય ?) અર્થાત્ જે પાય છે તે એકાન્તે અયોગ્ય છે.

સામા પક્ષે એટલે કે ઉલ્ટી રીતે વિચાર કરવામાં આજ દૃષ્ટાંત વિચારવું. કેવલ આ ઘીના ગાડવા ભાંગી જતાં બેઉ જણા (દંપતી) પણ જલ્દી ઘડાની ઠીબથી શક્ય તેટલું (યથા શક્ય) ઘી ને લઈ લેતા થોડું ક જ વિનાશ પામ્યું, અને ભરવાડ પોતાને નીંદતો કહે છે કે અરે ! હા મેં ઘીના ઘડા સારી રીતે આપ્યા નહિ ભરવાડણ પણ કહે છે કે તમે મને સારી રીતે આપ્યા પણ મેં જે રીતે લેવા જોઈએ તે રીતે લીધા નહિ (મે સારી રીતે ગ્રહણ ન કર્યા) તેથી તે બેની વચ્ચે કોપના આવેશનું દુઃખ ન થયું. એટલે કે કોપનું કારણ ન રહ્યું. ઘીની હાની પણ ન થઈ એ પ્રમાણે સવેળા બીજા સાર્થવાહોની સાથે ગામની તરફ જતાં રસ્તામાં તસ્કરો (ચોરો) ન મલ્યા તેથી તે બન્ને સુખને ભોગવનારા થયા.

હવે તેનો ઉપનય કરતાં કહે છે કે :- એ પ્રમાણે અહીંયા પણ કંઈક સાધારણ અનુપયોગ વિ. થી વ્યાખ્યાન વિપરિત કરીને પાછળથી વાસ્તવિક વાત યાદ આવતાં આચાર્ય પૂર્વે કહેલાં વ્યાખ્યાનનું ચિંતન કરતા એવા શિષ્યને આ પ્રમાણે કહે છે.

હે વત્સ ! મેં કહ્યું છે એ પ્રમાણે વ્યાખ્યા કરીશ નહિ મેં તે વખતે અનુપયોગ થી કહ્યું હતું તેની વ્યાખ્યા આ પ્રમાણે છે. પછી એ પ્રમાણે કહેવાથી કુલિન—વિનિત જે શિષ્ય છે તે આ પ્રમાણે કહે છે કે હે ભગવન્ ? શું આપ અન્ય કહો ખરા ? માત્ર અમારી મંદ બુધ્ધિના કારણે અમે બરાબર સમજી ન શક્યા અર્થાત્ બીજું સમજનારા બન્યા ઈતિ તે એકાન્તે યોગ્ય છે.

॥ ઈતિ દ્વાદશ સ્તરંગ સમાપ્ત ॥

તરંગ - ૧૩

એ પ્રમાણે અનેક પ્રકારે સાંભળનારના વિષયનું યોગ્યાયોગ્ય સ્વરૂપ કહીને હવે કેટલાક કંઈક યોગ્ય શિષ્યને વિષે કહે છે.

(૧) અર્થી (૨) સમર્થ (૩) મધ્યસ્થ (૪) પરીક્ષક (૫) ધારક (૬) વિશેષજ્ઞ (૭) અપ્રમત્ત (૮) ધીર (૯) જીતેન્દ્રિય પ્રાયઃ કરીને આ ધર્મની સાધના કરનારા છે.

પદની ઘટના સરળ છે. તેમાં અર્થીના સ્વરૂપને કહે છે :- તે અર્થી છે જે ધર્મને ખોવાયેલા નિધાનની જેમ શોધે છે. અને જાણનારને પૂછે છે. તેમજ ધર્મને મેળવીને જે સંતુષ્ટ થાય છે. તેને ઉત્તમ વિચાર વાળો અર્થી, બીજી જગ્યાએ પણ કહ્યું છે કે અર્થી તેને જ જાણવો જે સંસારના ભયને હરે છે. (દૂર કરે છે) તેમ કરવું એજ પરમાર્થ છે. બાકી બીજું બધું અનર્થ છે. એમ જે માને છે. તે અર્થી છે અને ગુરુને તેના ભેદ, વિષય, વ્યવહાર અને નિશ્ચયાદિ પૂછે છે ત્યારે તેના સ્વરૂપ ને જાણીને નિરંતર (દરરોજ) તેનો અભ્યાસ અનુષ્ઠાનમાં પ્રવર્તે છે. તેનાથી વિરુધ્ધ પ્રવૃત્તિ કરનારને છોડી દે છે. સારી કથા વિ. સાંભળવાથી હર્ષ પામે છે. અશુભ કથાથી નારાજ થાય છે. વિરુધ્ધ આચરણને (પ્રવૃત્તિ) જેણે છોડ્યા છે તે વિશેષે કરીને ધર્મના અર્થીનું યોગ્ય લક્ષણ જાણવું. અને આથી વિરુધ્ધ લક્ષણવાળો અયોગ્ય જાણવો. વળીપણ કહે છે કે :- જેમ ભોજનની ઈચ્છા અને સ્ત્રી પ્રત્યે રાગ હોય છે. તેમ પરલોકના પ્રધાન અનુષ્ઠાનમાં તેવા પ્રકારનો રાગ કરવો તે સારભૂત છે. પોતાની ચિકિત્સા કરવાને નહિ ઈચ્છતા મોટા રોગવાળા રોગીને જોઈને તેની ચિકિત્સા કરવાને માટે વૈદ્ય કોઈપણ રીતે ઈચ્છતો નથી. જેમ અગ્નિ વિનાની રાખમાં ફૂંકણી ફૂંકતાં (ફૂંકવાનું) અથવા બહેરા માણસને ભાષણ સંભળાવવાનું જેમ વિફલ છે. તેમ જેનું હૃદય અર્થી પણાથી રહિત છે તેને ભણાવવાનો બુધ્ધિશાળીનો પ્રયાસ વિફલતાને પામે છે. અર્થાત્ નિષ્ફળ બને છે. તે કારણે ધર્મનો અર્થી જ ધર્મને યોગ્ય છે. સોમવસુ બ્રાહ્મણની જેમ તે દૃષ્ટાંત આ પ્રમાણે છે :-

સોમવસુની કથા

કૌશાંબી નગરીમાં સોમવસુ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેણે એક વખત કથાકારની પાસેથી ધર્મ સાંભળીને કથાકારને પૂછ્યું હે ! કોની પાસે ઉત્તમ ધર્મ છે ? ત્યારે કથાકારે કહ્યું મીઠું ખાવું, સુખે સુવું અને આત્માને લોકપ્રીય બનાવવો આ ત્રણ પદના અર્થને જે સારી રીતે જાણે છે અને પાળે છે તેની પાસે સાચો ધર્મ છે. પછી તે વિવિધ દેશના ધર્મીઓને તેના અર્થને પૂછતો કોઈક ગામમાં તાપસના મઠે (આશ્રમમાં) આવ્યો. તાપસની પાસે અર્થને પૂછે છે. તેણે પણ કહ્યું અમારા ગુરુએ પણ એજ પ્રમાણે કહ્યું છે. પરંતુ અર્થ કહ્યો નથી. તેથી મેં મારી બુધ્ધિથી આ પ્રમાણે અર્થ કર્યો છે. મંત્ર, ઔષધી વિ. વિધિથી આત્માને લોકપ્રીય કર્યો છે. તેથી હું મીષ્ટ ભોજની છું. એટલે કે તેથી મેં મીષ્ટ ભોજન પ્રાપ્ત કર્યુ છે. આ મઠે (આશ્રમમાં) નિશ્ચિતતાથી સુખેથી સુવું છું. તે સાંભળી ને બ્રાહ્મણે વિચાર્યું કે આ અર્થ બંધ બેસતો નથી. કારણ કે મંત્ર, ઔષધિઓ ખરેખર જીવના ઘાતથી થાય છે. તો પરમાર્થથી આત્મા લોકપ્રીય કેવી રીતે બને ? પ્રાયે કરીને મીષ્ટ ભોજન જીવના ગાઢ રસની ગૃધ્ધિ (આસક્તિ) પેદા કરે છે. તેથી તો ભવની વૃધ્ધિ થાય તેથી પરમાર્થથી તે ભોજન કડવું છે. ધર્મના અર્થીને સુખશૈયા પણ નિષેધેલી છે.

કારણ કહ્યું છે કે :- સુખશૈયા, આસન, સ્નાન કરવું, તાંબૂલ ખાવું, સારા કપડાં પહેરવા (વસ્ત્રની શોભા), દાંતણ કરવું. અને અત્તર વિ. સુગંધી પદાર્થોને શરીર પર લગાડવા તે બ્રહ્મચર્યનું દૂષણ છે. (બ્રહ્મચારી ને માટે દૂષણ રૂપ છે.) પછી તેને પૂછીને તે તેના સધર્મી પાસે ગયો અને અર્થને પૂછે છે તેણે કહ્યું એકાંતરે ઉપવાસ કરવાથી હું મીષ્ટ ભોજી છું. અધ્યયન અને ધ્યાનમાં તત્પર હું સુખે સૂઈ જવું છું. નિસ્પૃહતા ને કારણે લોકપ્રીય છું. આ પ્રમાણે સાંભળીને બ્રાહ્મણે ચિંતવ્યું આ શ્રેષ્ઠ તો છે. પરંતુ આ પણ જ્યાં જમે છે. ત્યાં એના માટે ભોજન કરવાના કારણે મોટી જીવ વિરાધના થાય છે. તો પછી લોકપ્રીય કેવી રીતે ?

ત્યાર બાદ તે પાટલી પુત્ર પહોંચ્યો ત્યાં સુલોચન નામના મંત્રીની પુત્રી મનુષ્યથી વહન કરાતી પાલખી (મીયાના) માં બેસીને મહોત્સવ પૂર્વક આવતી જોઈને કોઈકને પૂછ્યું. આ કોણ છે ? વિ. તેણે કહ્યું આ મંત્રી પુત્રી રાજસભામાં સમસ્યા (કોયડો) ઉકેલવાથી રાજાની કૃપા પ્રાપ્ત કરીને આવે છે.

કોયડો આ પ્રમાણે છે :- "તે શુધ્ધિથી શુધ્ધ થાય છે" તે કોયડાને તેણે આ પ્રમાણે પૂર્યો :- સર્વવ્યાપક એવું જે ચિત્ત દોષ રૂપી રજથી સર્વરીતે મલિન થયું છે તે સુંદર વિવેકરૂપી જલના સ્પર્શથી (સમ્પર્કથી) શુધ્ધ થાય છે. અને તેના વડે આત્મા શુધ્ધ થાય છે. આ પ્રમાણે તેની વાણીની કુશળતા જાણીને આશ્ચર્યથી તે બ્રાહ્મણ તેના પિતા મંત્રીની પાસે ત્રણ પદનો અર્થ પૂછે છે. મંત્રીએ કહ્યું :- પોતા માટે નહિ કરેલું અને નહિ કરાવેલું શુધ્ધ ભ્રમ્મર વૃત્તિથી (એકજ જગ્યાએથી નહિ) પ્રાપ્ત કરેલું, રાગ દ્વેષ થી રહિત, મંત્રાદિ પ્રયોગ વિના પ્રાપ્ત કરેલો આહાર જે જમે છે તે મીષ્ટ ભોજી છે. અશુધ્ધ મોદક પણ કડવોજ છે.

કહ્યું છે કે :- જયણા રહિત ભોજન કરનાર અનેક જીવોનો સંહાર કરવાથી પાપ કર્મ બાંધે છે અને તેનું કટુક ફળ ભોગવે છે.

અને જે સર્વ જીવનું હિત કરનાર અને સોના ચાંદી આદિ ધનમાં જે નિસ્પૃહી છે. તે લોકપ્રીય છે. વળી સ્વાધ્યાય ધ્યાનમાં લીન અવસર પ્રાપ્ત થયે જે સૂઈ જાય છે. તે સુખે સુનારો છે (સુખ શૈયાયી છે.) તે સાંભળીને બ્રાહ્મણ બોલ્યો શું આવા પ્રકારનો કોઈ પણ છે ? ત્યારે મંત્રિએ કહ્યું :-

હા જૈન મુનિઓ છે. પછી તે ત્યાં ગયો. વ્હોરવા વિ. માં નજર કરતાં ૪૨ દોષ રહિત મિષ્ટ ભોજન, પડિલેહણ આદિ કરવામાં રાત્રીના ત્રીજા પહોરે વૈશ્રમણોપપાત અધ્યયનનો પાઠ કરતાં આકર્ષાયેલા ધનદે (કુબેર દેવે) વરદાન માંગવાનું કહેવા છતાં લીધું નહિ તેથી નિસ્પૃહત્વના કારણે લોકપ્રીય છે. તે જોઈને તે બ્રાહ્મણે ધ્યાનમાં લીનપણાથી અને સુખશૈયાને વિષે તેણે પરીક્ષા કરીને તે ધર્મને સ્વીકારી ને સ્વર્ગ પ્રાપ્ત કર્યું અને ક્રમે કરીને મોક્ષ પણ પ્રાપ્ત કર્યું.

તેવી રીતે જે સમર્થ છે તે ધર્મને માટે યોગ્ય છે. હવે સમર્થનું લક્ષણ કહે છે. જે ધર્મ કરતાં ધર્મને નહિ માનનારા અથવા જુદા ધર્મને માનનારા અને ધર્મ નહિ કરનારા, ધર્મની શ્રધ્ધા વગરના, માત-પિતા, સ્વામિ, શેઠ, વડિલ ભાઈ, વિ. બીજાથી નહિ ડરનારા સમર્થ છે. તથા જેણે પૂર્વે મિથ્યાત્વાદિ દેવને પૂજ્યા છે અને વર્તમાનમાં પૂજતો નથી. તે દેવોએ કરેલા વિઘ્ન ઉપસર્ગાદિથી ક્યારે પણ તે ડરતો નથી તે સમર્થ છે.

કેટલાક પુરુષો એવા છે કે ધર્મમાં ઉત્સાહથી જોડાય છે પછી વિઘ્ન ઉપદ્રવ આવતાં તોફાની ઘોડો જેમ સ્વાર ને ફેંકી દે તેવી રીતે ધર્મને છોડી દે છે. વળી તે પ્રતિબોધિત (બોધ પામેલો) છે કે જે ધર્મમાં વિઘ્ન, ઉપદ્રવ વિ. આવવા છતાં પણ તેમાં જ ઉદ્યમવંત બની રહે છે. તે સુંદર ભાવવાળો સર્વ રીતે ધર્મનો અધિકારી છે. ગોત્ર દેવીથી કરેલા વિવિધ પ્રકારના ઉપસર્ગોથી પણ પોતાની ધર્મની દૃઢતાને નહિ છોડનારા કુમારપાળ મહારાજા, આરામનંદન, શુકપરિવ્રાજક આચાર્ય અક્ષોભિત, સુદર્શન શ્રેષ્ઠિ, માતા-પિતા વિ. સ્વજનાદિ, અમરદત્ત વિ. ધર્મને નહિ છોડનારાના આ દૃષ્ટાંત છે.

તેવી રીતે મધ્યસ્થ ધર્મ ગ્રહણ કરવા માટે અધિકારી છે. તેનું લક્ષણ કહે છે :- જેની કદાગ્રહી બુધ્ધિ ન હોય, સદ્‌વિચારવાળો હોય અને સુદક્ષ (ચતુર) વિ. ગુણવાળો હોય અને કોઈપણ સ્થાને રત (આસક્ત) ન હોય, તેને મધ્યસ્થ ગુણવાળો શાસ્ત્રમાં કહ્યો છે. તેજ વાસ્તવિક ધર્મ અધર્મ આદિ વસ્તુતત્વ (સાર)ની પરીક્ષા કરે છે. કહ્યું છે કે :- જેવી રીતે નિર્મલ દર્પણમાં પાસે પડેલી વસ્તુઓનું પ્રતિબિંબ પડે છે. તેવી રીતે ખરેખર મધ્યસ્થ ગુણવાળામાં સમ્યક્‌ધર્મ આવી જાય છે.

શાસ્ત્રની સહાય વિના બુધ્ધિનું સંસ્કરણ, લોચન વિના વસ્તુનું જોવું તેની જેમ આચાર્યની શિક્ષા વિના પ્રાપ્ત થયેલું માધ્યસ્થપણું અત્યંત કુશળ છે.

અહીંયા દૃષ્ટાંત તો પહેલાં કહેલા સોમવસુ બ્રાહ્મણ આદિના છે. તેવી રીતે પરીક્ષક પણ સાર - અસાર વસ્તુની પરીક્ષા કરવાના કારણે તે યોગ્ય છે કુરુચંદ્ર રાજાદિની જેમ વળી અપરીક્ષક મોદક આદિ ગ્રહણ કરવાથી રત્ન વિ. ના ત્યાગી બાળક વિ. ની જેમ સારનો ત્યાગ કરીને અસાર ગ્રહણ કરનારા

થાય છે. અર્થાત્ સુંદર રત્નોનો ત્યાગ કરી અસાર મોદક લેનારા બાળકની જેમ અપરીક્ષક સારાસારનો વિવેક કરતો ન હોવાથી તે અયોગ્ય છે.

તેથી કહ્યું છે કે :- જે દેશમાં પરીક્ષકો નથી ત્યાં સમુદ્રમાં ઉત્પન્ન થયેલાં રત્નોનો કોઈ અર્થ નથી. ખરેખર ભરવાડોના દેશમાં ચંદ્રકાન્ત મણીની કીમ્મત ભરવાડો બે ત્રણ કોડીની કહે છે. (કરે છે) તેથી સમ્યક્ધર્મ વસ્તુની પરિક્ષા નહિ કરનારો તે અયોગ્ય છે.

અહીં કુરુચંદ્ર રાજાની કથા કહેતા કહે છે કે :- કાંચનપુરનગરમાં કુરુચંદ્ર નામનો રાજા રાજ્ય કરે છે. તેને રોહક નામે મંત્રી છે. તે જ્ઞાતિએ જૈન છે. રાજાની આગળ તે નિરંતર જૈન ધર્મની પ્રશંસા કરે છે. તેથી રાજાએ તેને કહ્યું કે આ ધર્મ સાચો છે. તે કેવી રીતે જાણવો.

મંત્રી :- પરિક્ષા કરવાથી સાર - અસાર વસ્તુનો નિર્ધાર થાય છે. અર્થાત્ વસ્તુ સારી છે કે ખરાબ તે પરીક્ષા કરવાથી ખ્યાલમાં આવે છે. કહ્યું છે કે :- મણી પગમાં પડેલું હોય, કાચ મસ્તક પર ધરેલો હોય પરંતુ પરીક્ષા કરનારના હાથમાં આ તો કાચ તે કાચ અને મણી તે મણી જ નજરે ચડે છે. વળી આગમથી અને ઉક્તિ થી જે અર્થ (સ્વરૂપ) સારી રીતે જણાય છે. તે સોનાની જેમ પરીક્ષા કરીને ગ્રહણ કરવા યોગ્ય છે. પક્ષપાતથી ગ્રહણ કરવામાં શું ? અર્થાત્ કંઈ નહિ. પુરાણ, મનુસ્મૃતિ, અંગસહિતવેદ અને વૈદક એ ચારે ઈશ્વરાજ્ઞાથી સિધ્ધ છે. કોઈપણ હેતુથી તે ખોટો કહેવો તે યોગ્ય નથી. ઈત્યાદિ કદાગ્રહથી યુક્ત બાબત મનમાં ધારવી ન જોઈએ કહ્યું છે કે -તે વસ્તુ જ ન હોઈ શકે જે અન્યથા કરાય, કર સંપુટ વડે સૂર્યને કોણ ઢાંકી શકે ? સારું અને ખરાબના તફાવતના વિચાર કરવાવાળાની પ્રત્યે ઈર્ષ્યા કરનારો હું જ દુર્જનોમાં શિરોમણી છું..... ઈત્યાદિ.

પછી રાજાએ બધા દર્શનીઓના હૃદયમાં રહેલા વૈરાગ્યની પરીક્ષા માટે "મુખ કુંડલવાળું હતું કે નહિ" એ પ્રમાણે સમસ્યાનું પદ આપ્યું..... પછી પહેલા બૌધ્ધે કહ્યું કે મંદિરમાં ગયેલા મેં એક સોનાથી શોભતા અંગવાળી સ્ત્રીને બેઠેલી જોઈ. વ્યાકુલ ચિત્તના કારણે મેં જાણ્યું નહિ કે તેનું મુખ કુંડલવાળું હતું કે નહિ ? ઈત્યાદિ બધા પ્રકારે કરીને પણ બીજા દર્શનકારોએ શૃંગાર રસથી જ તે સમસ્યા પૂર્ણ કરી ધર્મને વિસંવાદિત કર્યો.....

પછી મંત્રીએ જૈન મુનિને બોલાવ્યા ક્ષમા (શાન્ત) દમન (દાન્ત) જીતેંદ્રિય, અધ્યાત્મયોગમાં ડુબેલું મન છે જેનું એવા મારે આવું ચિંતવવાથી શું ? કે મુખ (વદન) કુંડલવાળું હતું કે નહિ ? એ પ્રમાણે તે સમસ્યાને પૂરી કરી. તે સાંભળીને રાજા આશ્ચર્ય પામ્યો કારણ કે ક્ષણ વારમાં વસ્તુની સારતા અને અસારતાની સૂક્ષ્મ રીતે પરિક્ષા કરનારા છે. પવન રૂના પુંમડાના સમૂહનો અને પત્થરોના સમૂહનો નિશ્ચય કરે છે. પછી પ્રતિબોધ પામેલા એવા તે રાજાએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો ક્રમથી મોક્ષપદ ને પણ પ્રાપ્ત કર્યું ઈતિ એવી રીતે જે પ્રમાણે ધર્મ અધર્મ કર્યો છે. તે રીતે ધર્મ અધર્મ આદિ વસ્તુ તત્વને જે ધારે છે તે ધારક ધર્મને યોગ્ય છે.

જેની આંખ પલકારા મારતી નથી. મનથી કાર્યને સાધનારા જેની પુષ્પમાળા કરમાતી નથી. ભૂમિથી ચાર અંગુલ અધ્ધર રહે છે. તેને જિનેશ્વર દેવોએ દેવ કહ્યો છે. એ પ્રમાણે ગાથાના અર્થને ધારણ કરનાર રોહણીયા ચોર ની જેમ, ઉપશમ, વિવેક અને સંવર એ પ્રમાણે ત્રીપદી ધારક ચિલાતી પુત્રની જેમ, ક્રૂર કર્મ કરનારો પણ સમતામાં રુચી ધરનારો (સમતા ભાવમાં રમનારો) પાપથી છૂટે છે જેમ અંધકારથી છવાયેલો મહેલ (ઘર) દીપ થતાંજ પ્રકાશમય બની જાય છે. (અંધકાર ચાલ્યો જાય છે) એ પ્રમાણે શ્લોકના અર્થને ધારનારા કેસરી ચોરની જેમ.....

શ્રી વર્ધમાન જિનના સમવસરણમાં આવેલા તે દેશનાને ધારનારા આધારક અને એકચિત્ત, એ નામના બેકુમારની જેમ અને તેનો સબંધ "બોહિએ તેણ નાએણેત્તિ.... દિનકૃત્યની ગાથાની વૃત્તિથી જાણી લેવું. અને તેમાં આરાધક ને અયોગ્ય બતાવ્યો છે તેવી રીતે વસ્તુ - અવસ્તુને, કૃત્ય - અકૃત્યને અને સ્વ અને પરને જે વિશેષ સ્વરૂપે જાણે છે. તે વિશેષજ્ઞ છે. તે ધર્મને માટે યોગ્ય છે. કહ્યું છે કે વસ્તુના ગુણ દોષમાં અપક્ષપાતપણાથી જુએ છે તે પ્રાયઃ કરીને વિશેષજ્ઞ જાણવો તે ધર્મને માટે ઉત્તમ છે. (તે ઉત્તમ ધર્મને માટે યોગ્ય છે.) અથવા વિશેષે કરી પોતાનાજ ગુણ દોષના કારણ એવા લક્ષણને જાણે છે. તે વિશેષજ્ઞ છે.

કહ્યું છે કે :- જે મનુષ્ય હંમેશા પોતાના ચરિત્રને જૂએ છે. કે શું હું પશુ જેવો છું. કે શું હું સત્પુરુષ (સજ્જન પુરુષ) જેવો છું..... તે વિશેષજ્ઞ છે. શ્રી

ધર્મદાસ ગણી એ પણ કહ્યું છે કે જે દિવસે દિવસે આજ મેં કેટલા ગુણો એકઠા કર્યા તે જોતો નથી અવગુણથી રોકાતો નથી. તે પોતાના આત્માનું કઈ રીતે હિત કરશે અથવા જે વિશેષે કરીને આત્માની ગતિ આદિના લક્ષણને જાણે છે તે વિશેષજ્ઞ છે. વળી તેવી રીતે કહ્યું છે કે અહીંયા કયા કર્મથી મારી ઉત્પત્તિ થઈ છે ? આ ભવથી ક્યાં જઈશ (જવાનું થશે) આવી વિચારણા જેના હૃદયમાં ઉત્પન્ન થતી નથી. તે ધર્મમાં પ્રવીણ કેવી રીતે થશે અથવા વિશેષ પ્રકારે કાલ વિ. ને ઉચિત અંગીકાર આદિ લક્ષણને એટલે કે કાલાદિ ને વિષે છોડવા માટે અથવા મેળવવા માટે યુક્ત, તત્ પ્રકારના સ્વરૂપને જે જાણે છે. અને પ્રવૃત્તિ કરે છે તે વિશેષજ્ઞ છે. દીપકના કોડીયામાં ઉતાવળથી તેલ પૂરવાથી જમીન પર પડી ગયેલા તેલથી જોડાને માલીશ કરનારા સસરાના ઔદાર્યાદિ ગુણની પરીક્ષાને માટે તીવ્ર પેટના દર્દને કહેનારી વહુના પ્રવાલાદિની ભસ્મનો રોટલો કરનાર શ્રેષ્ઠિની જેમ તથા શ્રેષ્ઠિએ વહુને કહ્યું કે જે (નર) ખોવાઈ ગયેલી કાંકણીને પણ હજાર સોનામહોરની જેમ શોધે છે. અને સમય આવ્યે છતે કોટિ દ્રવ્ય હાથથી છોડી દે છે તેને લક્ષ્મી છોડતી નથી. એ પ્રમાણે ધર્માધિકારે પણ વિશેષજ્ઞ-યોગ્ય છે. આગમમાં કહ્યું છે કે :- સર્વ રીતે સંયમને અને સંયમથી આત્માની જ રક્ષા કરવી જો આત્મા (જીવન) હયાત હશે તો તે પાપથી મુક્ત થઈ ફરીને પણ શુધ્ધ થઈ શકશે અને અવિરતિપણું રહેશે નહિ. વિશેષજ્ઞના વિષયના દૃષ્ટાંતો શ્રી અભયકુમાર મંત્રી, શ્રી વજ્રા સ્વામિ, શ્રીમદ્આચાર્યરક્ષિતસૂરી આદિના જાણવા, તેવી રીતે અપ્રમત્ત એટલે કે નિંદ્રા, વિષય, વિકથા મદ્યાદિ, પ્રમાદ રહિત (વ્યસન થી મુક્ત) તે ધર્મને યોગ્ય છે. સૂરપ્રભરાજા વિ. ની જેમ..... પ્રમાદિને શશી રાજા વગેરેની જેમ ધર્મશ્રધ્ધા વગેરેની પ્રાપ્તિ થતી નથી કહ્યું છે કે, પાપમાં જે આસક્ત છે તેના ચિત્તમાં ધર્મકથાને સ્થાન મળતું નથી. કાળારંગ વાળા કપડાંમાં લાલ રંગ લાગતો નથી. જે સ્થિર એટલે કે એકાગ્રચિત્તવાળો છે. તે ધર્મને યોગ્ય છે. અસ્થિર ચિત્તવાળાનેતો ક્ષીરાસ્ત્રવાદિ લબ્ધિવાળાઓથી પણ બોધ પમાડવો શક્ય ન હોવાથી ધર્મને માટે યોગ્ય નથી.

એક અને ચિત નામના બે કુમારોમાંથી શ્રી વીર પ્રભુના વચનથી પ્રતિ બોધિત નહિ પામેલા કુમારની જેમ જેણે આસક્તિના ત્યાગ વડે સ્પર્શાદિ

ઈન્દ્રિયોને વશ કરી છે અને જીતી છે તે ઈન્દ્રિયોને જીતનાર ધર્મોપદેશને યોગ્ય છે.

અજીતેન્દ્રિય તો વિષય તૃષ્ણાથી દુઃખી થાય છે. તે વિષયોથી પીડાયેલો સુખકર હિતોપદેશમાં શ્રધ્ધા કરતો નથી. તેને ધર્મની કથા તો દૂર જ છે. સીતાના રૂપમાં વ્યાકૂળ ચિત્તવાળા રાવણની જેમ, સરસ્વતી સાધ્વીના રૂપમાં મોહિત ચિત્તવાળા ગર્દભિલ્લ રાજાની જેમ અને સુકુમાલિકા રાણીના સ્પર્શમાં આસક્ત જિતશત્રુ રાજાની જેમ તેના સબંધને બતાવનારો શ્લોક કહે છે. જેની ભૂજામાંથી લોહી પીધું છે. અને જાંઘમાંથી માંસ ખાધું છે. તેવા ભરથારને કૂવામાં નાંખનારી હેપતિવ્રતે ! સારૂં સારૂં (જોયું જોયું) ઈતિ તેથી ઈન્દ્રિયોને જીતનારો જ ધર્મને યોગ્ય છે. પ્રાયઃ એના અર્થી વિ. ધર્મના સાધક થાય છે. એ પ્રમાણે તેનો સંબંધ છે. પ્રાયઃ કહેવાનું કારણ કહેતાં કહે છે કે તેવા પ્રકારની ક્ષેત્રાદિ સામગ્રીના કારણે ક્યારેક પ્રાપ્ત નહિ થયેલા ધર્મવાળા કોઈકની સાથે વ્યભિચાર સંબંધી શંકા કરવી નહિ.

ધર્મનું સાધક પણું કહ્યું અને ધર્મોપદેશને માટે યોગ્ય પણું પણ એજ રીતે કહ્યું.

યોગ્યો ને સ્વરૂપથી જાણીને પંડિત પુરુષો સારી રીતે ઉલ્લાસપામતી દેશના વડે બન્ને ઉપર હંમેશા અનુગ્રહ કરનારા થાઓ કારણ કે તેથી સંસારના શત્રુપર જયશ્રી પ્રાપ્ત થાય છે. સાંભળનારના વિષયમાં યોગ્યાયોગ્ય પણાના સ્વરૂપના નિરુપણનો પ્રથમઅંશ પૂર્ણ થયો.

॥ ઈતિ ત્રયોદશસ્તરંગ સમાપ્ત ॥

પ્રતમાં તરંગ ૧૪ અંશ–૨, તરંગ–૧

યોગ્ય મનુષ્યોએ યોગ્ય ગુરુ પાસે વિધિ પૂર્વક યોગ્ય ધર્મ ગ્રહણ કરવો. એ પ્રમાણે સંપૂર્ણ શુભ ફલ પ્રાપ્ત થાય છે. જો તેનાથી વિપરીત રૂપે ગ્રહણ કરે તો વિપરીત ફળવાળો થાય છે.

એ પ્રમાણે પ્રથમ દ્વારમાં ગાથાને વિષે (ગાથામાં) યોગ્યની વાત કરી

હવે યોગ્યની પાસેથી લેવું એ માટે બીજા દ્વારનું વિવરણ કરવા માટે શ્રી ગુરુ (ઉપદેશ) માં રહેલી યોગ્યતા અને અયોગ્યતાના સ્વરૂપને કહે છે :- પ્રસંગાનુસારે શ્રાવક વિ. માં પણ જાણવું.

જેવી રીતે ચાષ, ક્રૌંચ - મધુકર, મયૂર, પીક (કોયલ), હંસ, પોપટ, કાગ આદિ આઠ પક્ષીઓ છે તેવી રીતે ગુરુઓ રૂપ, ઉપદેશ અને ક્રિયા આદિથી આઠ પ્રકારના છે. વ્યાખ્યા કરતાં કહે છે કે :- ચાષ, ક્રૌંચ, મધુકર મયૂર, પિક (કોયલ), હંસ, કીર (પોપટ) પ્રસિધ્ધ છે..... કરટ એટલે કાગ વિ. વિ. શબ્દ બધે જોડવો.... કેવી રીતે તે કહે છે. ચાષ વિ. એટલે કે ચાષ પક્ષીના પ્રકારો એ પ્રમાણે અર્થ કરવો વળી એજ પ્રમાણે ક્રૌંચ વિ. મધુકર વિ. ઈત્યાદિ જાણવું.

સ્વરૂપ, ઉપદેશ ઈત્યાદિ એટલે શું ? તે કહે છે.

સ્વરૂપ, ઉપદેશ, ક્રિયાથી યુક્ત આઠ.... એ પ્રમાણે આઠ પ્રકારના પક્ષીઓ છે. એ પ્રમાણે ગુરુઓ પણ આઠ પ્રકારના હોય છે. તે સમુદાય અર્થ જાણવો તેમાં રુપ, ઉપદેશ અને ક્રિયાથી યુક્ત સામાન્ય રીતે કહ્યાં છતાં પણ વચનના વિશેષ વિષયથી તે વિશેષ રીતે ગ્રહણ કરવા (વિશેષ રીતે વચન થી તે ગુરુ ગ્રહણ કરવા) તેવી રીતે પક્ષીમાં રુપ એટલે કે વિશિષ્ટ વર્ણ, આકાર વિ. સ્વરૂપ, ઉપદેશ એટલે કે સાંભળનાર લોકોના હૃદયને આનંદકારી વચન, ક્રિયા એટલે શુધ્ધ આહાર કરવા રૂપ ક્રિયા ગુરુને વિષે તો રુપ એટલે જિનેશ્વર ભગવંતે કહેલ તેવા પ્રકારનો પ્રમાણસર વેષ.

ઉપદેશ એટલે કે શુધ્ધમાર્ગની પ્રરુપણા અને ક્રિયા એટલે સમ્યગ્ મોક્ષ માર્ગને અનુરૂપ અનુષ્ઠાન કરવું તે અને વળી પણ રુપ, ઉપદેશ અને ક્રિયા એ ત્રણ પદ વડે આઠ ભાંગા થાય છે. તે આ પ્રમાણે એક એક પદ કરીને ત્રણભાગ થાય છે.

રુપ, ઉપદેશ અને ક્રિયા એક-એકના ત્રણ ભાંગા થાય છે. દ્વિકયોગી ત્રણ ભાંગા રુપ ઉપદેશ... ઉપદેશ ક્રિયા ક્રિયા અને રુપ ક્રિયા ત્રિક યોગી એક ભાંગો, ત્રણેના અભાવના પક્ષવાળો એક ભાંગો આ આઠ ભાંગા વડે કરીને જેવી રીતે આઠ પ્રકારના ચાષ વિ. પક્ષિઓ છે તેવી રીતે આઠ પ્રકારના ગુરુઓપણ છે.

એની જ વિચારણા કરે છે. જેવી રીતે પાંચ વર્ણથી શોભતું અને શુકનવંતુ હોવાથી દર્શન કરવા લાયક **ચાષ** પક્ષિમાં રૂપ છે પરંતુ વાણીના અભાવના કારણે ઉપદેશ નથી અને કીડા વિ. નો આહાર હોવાથી ક્રિયા પણ નથી.

સારાંશ એ છે કે ચાષ પક્ષીમાં રૂપ છે પણ કંઠ સારો નથી અને ક્રિયા પણ સારી નથી. તેવી રીતે કેટલાક ગુરુઓમાં સારો વેષ પહેરવાથી રૂપ છે. પરંતુ શુધ્ધ માર્ગની પ્રરૂપણા ન હોવાથી ઉપદેશ નથી. પ્રમાદ વિ. થી સારી આચરણાના અભાવે પાપ રહિત આહાર વિ. સ્વરૂપ ક્રિયાપણ નથી. તેથી કહ્યું છે કે ગૃહસ્થે કરેલું પાણી, પુષ્પ - ફલ નહિ લેવા યોગ્ય છતાં સાધુ સેવે છે. અથવા તે લે છે. તેવા તે સાધુ માત્ર વેશ ને લજાવનારા છે. (માત્ર વેશ ધારક છે.) ઈત્યાદિ આવા પ્રકારના પણ ઘણા છે. હાલમાં તો દુઃષમ કાલના પ્રભાવે વિશિષ્ટ પ્રકારના દૃષ્ટાંતની આશા રાખવી નહિ.

માગધિકા નામની વેશ્યાએ વશ કરેલા સાધુવેશમાં સારીરીતે રહેલાં એવા કુલવાક ઋષિ આદિ શક્ય હોય તે રીતે દૃષ્ટાંતો મૂક્યા છે. **કુલવાલક ઋષિમાં** સાધુ વેષ હતો પણ તે માગધિકા નામની વેશ્યામાં આસક્ત હતો અને વિશાલા નગરીને ભાંગવાના મહાઆરંભને કરનાર હોવાથી તેનામાં ક્રિયા ન હતી. તેનામાં ઉપદેશ પણ ન હતો. કારણ કે સામાન્ય સાધુ હોવાથી તે સંબંધી અધિકાર ન હતો. તથા ઉન્માર્ગે જનારી બુધ્ધિ વડે ગુરુકુલવાસનાં ત્યાગી એવા તે શુધ્ધ માર્ગના પ્રરુપક હોય તે અસંભવિત હતું. તેથી તેમનામાં ઉપદેશ પણ ન હતો રુપ છે પણ ઉપદેશ અને ક્રિયા નથી. એટલે કે માત્ર રૂપવાળા છે. પણ સત્ય ઉપદેશ અને શુભ ક્રિયાવાળા નથી તે પહેલો ભાંગો થયો. ક્રૌંચ પક્ષીમાં દર્શનને યોગ્ય સુંદર વર્ણ આકાર ન હોવાથી રુપ નથી. કીડા વિ. નો આહાર હોવાથી ક્રિયા પણ નથી માત્ર મધુર અને ગંભીર ભાષા હોવાથી ઉપદેશ છે. અને તેવી રીતે સમવાયંગ સૂત્રમાં વાસુદેવના વર્ણનમાં શરદ ઋતુના પાણીથી ભરેલા વાદળોનો, ક્રૌંચ પક્ષિનો ગંભીર અને મધુર વળી દેવદંદુભીના જેવો અવાજ છે તેવો (અવાજ-સ્વર) વાસુદેવનો હોય છે.

એ પ્રમાણે કેટલાક ગુરુઓમાં જેવો જોઈએ તેવો વેષ ન હોવાથી રુપ નથી, પ્રમાદ વિ. માં પડી જવાના કારણે ક્રિયા પણ નથી પરંતુ શુધ્ધ માર્ગની પ્રરૂપણા રૂપ ઉપદેશ છે. દા.ત. પ્રમાદમાં પડીને પરિવ્રાજક વેષધારક તથા શુધ્ધ માર્ગની પ્રરૂપણાની અવસ્થામાં રહેલા શ્રી પ્રથમ તીર્થપતિ આદિનાથના પૌત્ર મરીચિ આદિની જેમ અને પાસત્થાદિની જેમ ગુરુમાં ઉપદેશ હોય પણ રૂપ અને ક્રિયા ન હોય પાસત્થાઓમાં ક્રિયા નહિ હોવાથી જ તેઓના તે નામની પ્રવૃત્તિ થયેલી છે. તેમ તેઓમાં પ્રાયઃ વેષનો પણ અભાવ છે.

કહ્યું છે કે :- તેના વસ્ત્રો સારી રીતે પડિલેહણં કર્યા વિનાના, પ્રમાણ વિનાના તથા કિનારીવાળા રેશમ આદિના હોય છે. વળી જેઓએ સ્વેચ્છાચારીપણું તજેલું છે તેઓમાં શુધ્ધ પ્રરુપકપણું તો હોય છે.

વળી કહ્યું છે કે :- એવા જે પાસત્થાદિ નો સંગમ કરવાથી (થવાથી) પ્રાયઃ કરીને ચારિત્રનો નાશ થાય છે. સ્વેચ્છાચારીની સંગતિ સમ્યકત્વને હરનારી છે. તેનું લક્ષણ આ પ્રમાણે છે. ઉત્સૂત્રનું આચરણ કરતો અને ઉત્સૂત્રની જ પ્રરૂપણા કરતો હોય તેને "યથા છંદક" કહ્યો છે. યથાછંદક અને ઈચ્છાછંદક એકજ અર્થવાળા છે. ઈચ્છા મુજબની મતિ કલ્પના કરીને સુખશીલીયો થઈને વિગઈમાં લોલુપી, રસગારવ, ઋધ્ધિગારવ અને સાતા ગારવ એમ ત્રણ પ્રકારના ગારવમાં ડુબેલો જે છે તેને યથાછંદક જાણવો એ પ્રમાણે ઘણા વિકલ્પ પૂર્વક જાતે જ ઉત્સૂત્ર આચરણ કરનારો બીજાને ઉપદેશ આપનારો જે છે તેને શિખામણ આપતાં પણ તેઓ સ્વેચ્છાચારી થાય છે. ઈત્યાદિ હંમેશા દશદશને પ્રતિબોધ કરનારા નંદિષેણ મુનિ જેવા શ્રાવકનું લીંગ (વેષ) હોવાથી ગુરુની પંક્તિમાં આવતા નથી. ઈતિ **બીજો ભંગ.**

મધુકર :- એટલે ભ્રમર તે પણ આકાશમાં ઉડનારો હોવાથી પક્ષી કહેલ છે. તે બરાબર છે. (વિરુધ્ધ નથી) ભ્રમરપક્ષીમાં, તે કાળા રંગનો હોવાથી **રૂપ નથી,** તેમ તેનામાં ઉપદેશ પણ નથી, કારણ કે તેના સ્વરમાં તેવા પ્રકારનું ગાંભીર્ય કે મીઠાશ નથી. તેનામાં માત્ર ક્રિયા છે. ઉત્તમ શ્રેષ્ઠ જાતીના પુષ્પોમાંથી તેને (પુષ્પને) દુઃખ યાનિ ગ્લાની ન પહોંચે તે રીતે પરિમલ ને (મધને) ચૂસતો (પીતો) હોવાથી તેનામાં માત્ર ક્રિયા છે. તેવી

રીતે કેટલાક ગુરુઓમાં સાધુવેષ ધારણ નહિ કરવાથી રૂપ નથી કોઈ કારણથી તેના ઉપદેશને સેવતા નહિ હોવાથી તેનામાં ઉપદેશ પણ નથી માત્ર શુધ્ધ ક્રિયા જ છે. જેમકે પ્રત્યેકબુધ્ધ વિ. માં. પ્રત્યેક બુધ્ધ, સ્વયંબુધ્ધ અને તીર્થંકરાદિ એક સરિખા સમાન ધર્મી છે. તેથી સાધુવેષને ધારણ કરતા હોવા છતાં પણ તીર્થમાં રહેલા સાધુઓના પ્રવચન અને વેષથી તે પ્રત્યેક બુધ્ધ વિ. તેમના સાધર્મિક નથી આથી પ્રત્યેક બુધ્ધ વિ. માં સાધુ વેષની ધારકતા નથી અને ઉપદેશ પણ નથી. પ્રત્યેક બુધ્ધાદિ દેશના ને નહિ સેવનારા કહ્યા હોવાથી તેઓમાં ઉપદેશ નથી એ પ્રમાણે આગમથી જણાય છે. પરંતુ તેજ ભવમાં મુક્તિના ફલને આપનારી ક્રિયા તો છે. **ઈતિ ૩ જો ભંગ.**

મોર :- જે રીતે મોરમાં પાંચ વર્ણથી શોભતું (નયનરમ્ય) રૂપ છે અને મધુર કેકા રુપ (અવાજ) ઉપદેશ છે. પરંતુ નિર્દયપણે સર્પાદિનો આહાર કરવાને કારણે ક્રિયા નથી તે રીતે કેટલા ગુરુઓમાં પણ રૂપ અને ઉપદેશ બે હોય છે... પરંતુ ક્રિયા હોતી નથી મથુરાવાસિ મંગુ આચાર્ય વિ. ની જેમ... **ઈતિ ૪ ભંગ થયો**

મંગુ આચાર્યની કથા

અત્ર મંગુ આચાર્યનો સબંધ કહેતા કહે છે કે મંગુનામનાઆચાર્યે એક વખત મથુરા નગરી પાવન કરી ત્યારે તેમને બહુ શ્રુત (જ્ઞાન) ના, શાન્તિ (સમતા)ના, તપના ભંડાર અને યુગપ્રધાન કહેતાં હતાં ભક્તિથી વશ થયેલાની જેમ લોકો પોતાના બીજા કાર્યો છોડીને, વચ્ચે બીજા સર્વ મુનિઓનો અનાદર કરીને અત્યંત ભાવપૂર્વક તે મંગુ આચાર્યની જ સેવા કરતા હતા.

શ્લોકાર્થ :- વંદન કરનારા, પૂછનારા તથા ભણનારાઓથી અમારો તો આરો આવતો નથી. અમોને હંમેશા ક્ષણવાર પણ ફુરસદ મળતી નથી. એ પ્રમાણે અહંકારથી મંગુ આચાર્ય બોલતે છતે "હે સ્વામી ! તમે જય પામો" એ પ્રમાણે લોકો તેને કહેવા લાગ્યા.

ઉંચી નિષ્ઠાવાળા, તપના ભંડાર, અને ચારિત્રવાન છે એ પ્રમાણે સ્તુતિ કરતા લોકોએ તે મુનિને (મંગુ આચાર્યને) માન નામના મોટા પર્વતના ઉંચા શિખર ઉપર ચડાવ્યા. ત્યાં વિચરતા એવા તે આચાર્ય વૃધ્ધિ પામતા ઋધ્ધિગારવ નામના બીજા શિખર ઉપર ચડ્યાં અહા ! પૂજાએલાથી હું પૂજાયો છું..... એ પ્રમાણે તે જગતને તૃણ સમાન માને છે. એ પ્રમાણે રસગારવ અને સાતાગારવ રૂપ બે શિખર પણ પ્રાપ્ત કર્યા એટલે કે રસ -ઋધ્ધિ અને સાતા ગારવમાં અત્યંત લુબ્ધ બની ગયા તેથી વિહારનો પુરુષાર્થ છોડીને ત્યાંજ નિત્ય વાસ કર્યો અને જૈન કુલાદિમાં મમત્વ રાખવા લાગ્યા. તેથી શ્રાવકોએ કરેલી પોતાની પ્રશંસા અને બીજાની નિંદાથી મિશ્રિત એવી સ્તુતિ સાંભળી અનુમોદના કરવા લાગ્યા. (પોતાની સ્તુતિ અને બીજાની નિંદામાં રાજી થવા લાગ્યા) મિથ્યાભિમાન, કદાગ્રહીબુધ્ધિ અને મિથ્યાત્વમાં એકાકાર થયા અને એ પ્રમાણે હૃદયમાં તે ધારનારા થયા. અનીતિવાળો મનુષ્ય જેમ ધનને ઈચ્છે તથા કામી પુરુષ જેમ પરસ્ત્રીની અભિલાષાવાળો હોય તેમ ધર્મમાર્ગમાં ચાલવાને પાંગળા એવા મંગુ આચાર્ય વિશેષ સુખને ઈચ્છતા મૂલમાં (મહાવ્રતમાં) ક્ષતિને પામ્યા.

અહો ! તે મંગુ આચાર્યે સત્ એવા પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા ઉલ્લાસયમાન થતું વિશેષ પ્રકારનું શ્રુત, તપ, સંયમ વગેરે સર્વ અસત્ કર્યું. અરે હા ! આતો મહામોહરૂપ અંધકારનું આવું સ્વરૂપ છે. પછી મૃત્યુ પામીને તેજ નગરની ખાળમાં રહેનારો યક્ષ થયો. વિભંગજ્ઞાનથી તેણે પોતાના પૂર્વ ભવમાં થયેલા પ્રમાદનો અત્યંત પ્રશ્ચાતાપ કર્યો કહ્યું છે કે નગરની ખાળમાં યક્ષ થયો એ પ્રમાણે ૪ **ભંગની** મથુરાવાસી મંગુઆચાર્યની કથા પૂર્ણ થઈ.

કોયલ :- પંચમસૂર હોવાથી કોયલમાં જે રીતિએ ઉપદેશ છે અને આંબાની મંજરી આદિનો પવિત્ર આહાર હોવાથી કીયા છે.

કહ્યું છે કે :- આહારમાં શુધ્ધતા, સ્વરમાં મધુરપણું, માળો બનાવવામાં આરંભ વિનાની, બંધુમાં મમત્વ વિનાની, વનમાં રસિક પણું, વસંતમાં વાચાલતા (ટહુકતી) એવા ઉપદેશ અને ક્રિયામાં કોયલ જેવા સુંદર મુનિવરને દૂરથી

તજીને ચારિત્રાદિમાં દાંભિક, પાંગળા અને ક્રિયા વિનાના ને જેઓ પૂજે છે. તેમાં કર્મની વિચિત્ર ગતિ જ કારણ છે. કાગ આદિથી પણ રંગમાં ખરાબ હોવાથી રુપ નથી તેવી રીતે કેટલાક ગુરુઓમાં સમ્યક્ ક્રિયા અને ઉપદેશ હોય છે કોઈ કારણથી સાધુવેષને ધારણ નહિ કરવાથી. તેનામાં રુપ હોતું નથી સાધ્વીશ્રી સરસ્વતીને વારવાના કારણે (એટલે કે ગર્દભીલ્લરાજા પાસેથી છોડાવવા ને માટે) સાધુવેષના ત્યાગી (છુપાવનાર) શ્રી કાલિકાચાર્યની જેમ **ઈતિ પંચમ ભંગઃ ॥**

હંસ :- તે પ્રસિધ્ધ છે. જેવી રીતે તેનામાં રહેલું રૂપ પ્રસિધ્ધ છે. અને કમલનાલ આદિ આહાર રૂપ ક્રિયા છે. પરંતુ તે હંસપક્ષિમાં ઉપદેશ અપ્રસિધ્ધ હોવાથી કોયલ અને પોપટની જેમ તેમાં ઉપદેશ નથી. તેવી રીતે કેટલાક માત્ર સાધુના વેષવાળા ગુરુઓમાં રુપ અને ક્રિયા બેઉ હોય છે. પરંતુ ઉપદેશ હોતો નથી. ગુરુની આજ્ઞા ન મલવાના કારણે તેનો અધિકાર નહિ હોવાથી ધન્ય, શાલિભદ્ર આદિ મહર્ષિની જેમ ઉપદેશ નથી. **ઈતિ છઠ્ઠો ભંગ.**

પોપટ :- તે ખરેખર ઘણા પ્રકારના શ્લોકો - કથાદિ ને જાણવાની બુધ્ધિવાળો અહીંયા ગ્રહણ કરવો. તે રૂપ થી મનોહર, ક્રિયા વડે કરીને કેરી, કેળાં, દાડમ, ફૂલ વિ. નો સુંદર આહાર કરનારો છે. ચિત્ત ને હરનારા વચનવાળો હોવાથી ઉપદેશમાં પણ કુશળ છે, કારણ કે તેવો પોપટ કોઈકને અવસરોચિત હિતોપદેશ આપે છે. ગ્રંથમાં જણાવેલ છે કે પોપટે બહોંતર કથાનકોથી શુડાદ્વાસપ્તતિ જેનો પતિ પરદેશ ગયો છે તેવી શ્રેષ્ઠિની પત્નિને બીજા પુરુષના સંગથી દૂર કરવા વડે શીલ રક્ષા કરવા આદિ અને રત્નસાર શ્રેષ્ઠિની કથા વિ. માં સ્થાને સ્થાને (વારંવાર) હિતોપદેશ આપ્યો છે. તેવી રીતે કેટલાક ગુરુઓ ત્રણેય (રુપ. ક્રિયા અને ઉપદેશ) ધારણ કરે છે શ્રી જંબુ સ્વામિ, શ્રીવજ્રસ્વામિ આદિ. **ઈતિ ૭ મો ભંગ**

કાગ :- તેની વાત કરતાં કહે છે કે દર્શનથી નયન ને અપ્રીય હોવાના કારણે તેનામાં રુપ નથી. અવાજ મીઠો નહિ પરંતુ કડવો.... કર્કશ હોવાથી ઉપદેશ પણ નથી અને વળી રોગી, ઘરડા, ગાય વિ. પશુ આદિ જીવના નયન ને કાઢી નાંખનાર, ઘા પર ચાંચ ને ઘસનારો હોવાથી વળી તેનું લોહી-

માંસ વિષ્ઠાદિ અશુધ્ધ આહાર કરવાથી તેનામાં ક્રિયા પણ નથી એ પ્રમાણે કેટલાક ગુરુઓ ને વિષે રુપ-ઉપદેશ અને ક્રિયા એ ત્રણે હોતા નથી. બાકી બધું પૂર્વની જેમ વિચારી લેવું દૃષ્ટાંત તરીકે ઉત્સૂત્ર ભાષી પાસત્થાદિ અથવા અન્યદર્શનના સંતો, પ્રમુખ શબ્દથી તે જાતિ વાળા બીજા પણ પક્ષીઓને યથાસંભવ દૃષ્ટાંત રુપે કરવા. આ પ્રમાણે **આઠમો ભંગ.** પૂર્ણ થયો.

આ આઠ ભંગમાં ક્રિયાથી રહિત પક્ષવાલા બધાય અયોગ્ય છે. ક્રિયા સહિત પક્ષવાલા બધા યોગ્ય છે. પરંતુ તેમાં પણ ઉપદેશ નહિ આપનારા પોતાને તારતો હોવા છતાં પણ બીજાને તારવા માટે સમર્થ નથી હોતા.

અશુધ્ધ ઉપદેશ આપનારા તો પોતાની જાતને અને બીજાઓને ભવરૂપી સમુદ્રમાં ડુબાડે છે. એ પ્રમાણે શુધ્ધ ઉપદેશ અને ક્રિયાથી યુક્ત પક્ષવાલા કોયલના દૃષ્ટાંતથી સૂચિત સ્વીકાર્ય છે. ત્રણે યોગ (રુપ - ઉપદેશ અને ક્રિયા) થી યુક્ત પોપટના દૃષ્ટાંતથી સારી રીતે સમજાય છે. તે ઉત્તમ છે. ઈતિ.

આઠ પક્ષીના સ્પષ્ટ દૃષ્ટાંત વડે શ્રીમદ્ આઠ પ્રકારના ગુરુઓને વિચારતાં તેનામાં સમ્યક્ક્રિયા અને તેના ગુણોની પરીક્ષા કરીને સંસારરૂપ શત્રુ પર જય રૂપ લક્ષ્મીની પ્રાપ્તિ માટે પંડિત પુરુષો તેની સેવા કરે - ભજે.

॥ ઈતિ ચતુર્દશ સ્તરંગઃ ॥

પ્રતમાં તરંગ-૧૫, અંશ-૨, તરંગ-૨

વિવિધ દૃષ્ટાંતો દ્વારા ગુરુના સ્વરૂપને કહ્યા પછી હવે પ્રસંગ આવતાં શ્રાવકાદિના સ્વરૂપને કહે છે —

શ્લોકાર્થ :- (૧) ચાંડાલ (૨) વેશ્યા (૩) ગૃહસ્થ (૪) અને રાજાના આભરણને અંતઃ અને બહાર સાર - અસાર ચાર પ્રકારે ગુરુઓ શ્રાવક રૂપ ગૃહસ્થી ધર્મ (શ્રાવકધર્મ) અને જીવોનો પણ શ્રુત, ક્રિયા, શુધ્ધિ અને ધર્મ વડે ચાર પ્રકારના ભાંગા થાય છે.

વ્યાખ્યા :- (૧) ચાંડાલ (૨) વેશ્યા (૩) ગૃહસ્થ (૪) રાજાના અલંકારની જેમ અંદર અને બહાર સાર ભૂત એ પ્રમાણે ચાર પ્રકારના ગુરુઓ તથા ગૃહસ્થો

શ્રુતથી, ક્રિયાથી, શુધ્ધિથી અને ધર્મથી ચાર પ્રકારે છે. ગૃહસ્થ એ પ્રમાણે સામાન્ય રીતે કહેવા છતાં પણ શ્રાવક રૂપ.... ગૃહસ્થીઓ પણ ચાર પ્રકારે ધર્મરૂપી આજીવીકાવાળા થાય છે. એ પ્રમાણે એનો સાર છે...

હવે વિસ્તારથી કહે છે :- તેમાં મધ્યમ અને બહાર સાર રૂપ એ પ્રમાણે કહેવાથી અલંકારના ચાર ભાંગા બતાવ્યા છે. તે આ પ્રમાણે - કેટલાક આભૂષણો (૧) મધ્યમાં (અંતઃમાં) અસાર અને બહારથી પણ અસાર (૨) અંતઃ અસાર અને બહાર સારા (૩) અંતઃ સારા અને બહારથી અસાર (૪) મધ્ય (અંતઃ) અને બહાર બન્ને રીતે સારા ।

તેમાં ચાંડાલોના ઉપલક્ષણથી બીજા પણ ભરવાડ આદિ નીચ જાતીના આભૂષણો લોખંડ વિ. ના હોવાથી અને અંદરના ભાગે પોલાણવાળા હોવાથી અને અંદર કાંકરા - રેતી આદિ ભરેલા હોવાથી અંતઃ અસાર છે. તેવી જ રીતે તેજ, શોભા આદિ થી રહિત હોવાથી બહારથી પણ અસાર છે. માત્ર ઝાંઝર કુંડલ આદિ આકાર માત્ર ધરતાં હોવાથી આભૂષણ કહેવાય છે. અને તેઓએ પહેરેલા નુપુરાદિમાં મેં પહેર્યા છે. એ પ્રમાણે નામ માત્ર સુખ ને આપનારા છે. તેવી રીતે તે અખંડ આભૂષણને ગ્રહણાદિમાં અને મૂકવા (આપવું) વિ. માં પણ કાંઈ પણ વિશેષ દ્રવ્ય પ્રાપ્ત થતું નથી. ભાંગવાથી પણ કંઈપણ દ્રવ્ય પ્રાપ્ત થતું નથી એ પ્રમાણે **પહેલો** આભરણ **ભેદ** યાને ભંગ થયો.

તેવી રીતે વેશ્યાના આભરણો અન્તઃ પોલા હોવાથી અને લાખથી ભરેલા હોવાથી અસાર છે. અને બહારથી તાંબા વિ. ના હોવા છતાં પણ સુવર્ણથી રસેલા હોવાથી ભોળા લોકોના મનને સ્વર્ણમયપણાની બુધ્ધિનું કારણ હોવાથી જાણે સારની જેમ દેખાય છે. - ભાસે છે. એ પ્રમાણે બહારથી સારવાળા કહ્યા અથવા બહારથી સારપણું બીજી રીતે વિચારવું તે આ પ્રમાણે :-

જેવી રીતે આભૂષણોને કુળવાન સ્ત્રીઓ વસ્ત્રાદિ ઢાંકીને ગુપ્ત રીતે પહેરે છે. તેવી રીતે ગણિકા પહેરતી નથી. તે ગણિકા ઢાંક્યા વગર સ્પષ્ટ (ખુલ્લી) રીતે કડા, કુંડલ આદિને પહેરે છે. અને તેથી બહાર ચળકાટવાળા

દેખાતાં હોવાથી બહારથી સાર રૂપ છે. ઈતિ અખંડ એવા તે આભરણો વડે શુધ્ધ આભરણની જેમ તેની શોભા બને છે. ગ્રહણ કરવામાં અને મૂકવામાં આપવામાં પણ તેનાં સ્વરૂપને નહિ જાણનારા ભોળાલોકો દ્રવ્યાદિ આપે છે. પરંતુ ભાંગવા વડે કરીને કોઈપણ જાતનો અર્થ સરતો નથી. ઈતિ **બીજો ભાંગો.**

વળી તે રીતે ગૃહસ્થ વ્યાપારીઓના અલંકારો સંપૂર્ણ પણે સુવર્ણમય હોવાના કારણે અન્તઃ નકોર હોવાથી સાર રૂપ છે. અને બહાર તેવા પ્રકારના સુંદર રત્નો નહિ જડેલા હોવાથી તેને સ્ત્રી આદિ વડે વસ્ત્ર ઢાંકવા વેડ કરીને ગુપ્તરીતે પહેરવાથી રાજાના આભરણની અપેક્ષાએ વાંઝણી સ્ત્રી ઈત્યાદિની જેમ અલ્પ સાર વાળા હોવાથી અસાર છે અને તે દાગીના અખંડ હોય કે ભાંગલા હોય તો પણ તે અર્થ લાભાદિનું કાર્ય કરે છે. ઈતિ **તૃતીય ભાંગો.**

તેવી રીતે રાજાના આભરણો પહેલાંની જેમ અન્તઃ સાર ભૂત છે. બહારથી પણ કરોડોની કિંમતવાળા રત્નોથી જડિત હોવાથી અથવા નિર્ભય પણે પુરુષો અને રાજા અને રાણીઓથી સ્પષ્ટ (ખુલ્લી) રીતે પહેરવાદિથી સૂર્યના કિરણોની જેમ પ્રકાશતાં હોવાથી સારભૂત છે. તેની અખંડતા વડે અત્યંત સુખ પ્રાપ્ત થાય છે. અને ભાંગવા વડે કરીને પણ સુવર્ણ માણેક આદિના મૂલ્યની પ્રાપ્તિથી ઈચ્છિત અર્થની પ્રાપ્તિ - સિધ્ધિ થાય છે. ઈતિ ૪ **થો ભાંગો.**

એ પ્રમાણે ગુરુઓ અંતર (અંતઃ) અને બહારથી છતા અને અછતા એવા શ્રુત (જ્ઞાન) થી ચાર પ્રકારે જાણવા.

(૧) ભાંગો અંદર અને બહારથી અસાર (૨) ભાંગો અંદરથી અસાર બહારથી સાર (૩) ભાંગો અંદરથી સાર બહારથી અસાર (૪) ભાંગો અંદરથી અને બહારથી સાર તેમાં કેટલાક પાસત્થાદિના હૃદયમાં શ્રી જિનાગમ રૂપ સમ્યક્‌જ્ઞાન નથી. કારણ કે તેની ઉપર અશ્રધ્ધા હોવાથી અથવા લેશમાત્ર પણ તેની ઉપર ભાવનાદિનો અભાવ હોવાથી વળી તેઓના લિંગની પણ શ્રધ્ધા આદિ થતી નથી કેમકે તેઓમાં મહાવ્રતની આરાધના, આવશ્યકાદિ સમ્યક્‌ ક્રિયા, છ જીવની રક્ષાનો પરિણામ તેના પાલણમાં પુરુષાર્થ વિ.

વૈરાગ્ય, કષાયનો ઉપશમ તથા તત્વની ભાવના વિ. દેખાતું નથી તેનામાં સમ્યક્ શ્રુતનો અભાવ છે. ઉલ્ટું માટી, પાણી, પુષ્પ, ફલ અણેસનીય (નખપે તેવું) ગૃહસ્થનું કાર્ય ઈત્યાદિ પ્રમાદો સ્પષ્ટ વૃત્તિથી સેવવાના કારણે પાસત્થાદિઓમાં જ આવા પ્રકારના અનાચારો સારી રીતે દેખાય છે. તેવી રીતે સંનિધિ, આધાકર્મિ, જલ, ફલ, પુષ્પ આદિ સર્વ સચિત્ત, નિત્ય બે ત્રણ વાર ભોજન કરનારા, વિગઈ, લવંગાદિ તાંબુલ ને ખાનારા, વસ્ત્રની પડિલેહણ બરાબર નહિ કરનારા, પ્રમાણ રહિત રૂંછાવાળા વસ્ત્ર, શૈયા, જૂત્તા, વાહણ, શસ્ત્ર, તાંબા વિ. ના પાત્ર, માથે ચોટલી, અસ્ત્રાથી મુંડન, કાર્ય પડે ત્યારે રજોહરણ, મુહપત્તિ ધારણ કરનારા, એકલા ભ્રમણ કરનારા, સ્વછંદપણે બેસતાં ઉઠતાં ગીતો ગાનારા, ચૈત્યમાં, મઠમાં વાસ કરનારા, પૂજાનો આરંભ કરનારા, નિત્ય વાસ કરનારા, દેવાદિ દ્રવ્યના ભોક્તા, જિનાલય પૌષધશાલાદિ કરાવનારા, સ્નાન, વિલેપન (તેલ વિ. ચોરવાદિ) કરનારા આભૂષણ પહેરનારા, વ્યાપાર કરનારા, સંગ્રહ કરનારા, ક્રીડા કરનારા, ગામ-કુલ આદિની મમતા કરનારા, સ્ત્રીનો નાચ જોનારા, સ્ત્રીનો પરિચય કરનારા, નરક ગતિના કારણરૂપ જ્યોતિષ, નિમિત્ત શાસ્ત્ર, વૈદક મંત્ર, યોગો કરનારા, મિથ્યાત્વી રાજાની સેવા કરનારા, તેની પાસેથી ધર્મ કર્મનો પ્રતિબંધ કરનારા, શાસન પ્રભાવનામાં મત્સર કરવો, લાકડી આદિથી કજીઓ કરનારા , શીર - ઉદરને ફોડનારા, ભાટ, ચારણપણું કરનારા, લોભને કારણે ગૃહસ્થની સ્તુતિ કરનારા, જિનેશ્વરની પ્રતિમાની ખરીદી અને વેંચાણ કરનારા, ઉચાટણ, કામણ વગેરે હલકા કામ કરનારા, સ્ત્રીના હાથનો સ્પર્શ કરનારા, બ્રહ્મચર્યમાં સંદેહવાળા, વ્યાજે ધન આપનારા, નીચ કુલના પણ ચાટુડિયા શિષ્યને દ્રવ્યથી ખરીદનારા, સાવદ્ય પ્રવર્તન કરનારા, સર્વ લોકને મુહુર્ત આદિ જોઈ આપનારા ધર્મ શાખામાં અથવા ગૃહસ્થના ઘરે ખાજા પાક આદિ કરાવનારા, યક્ષાદિ ગોત્ર દેવતાની પૂજા કરનારા, કરાવનારા, મિથ્યાત્વને ધારનારા, સમ્યક્ત્વ આદિનો નિષેધ કરનારા, કરાવનારા, મિથ્યાત્વને ધારનારા,સમ્યકત્વાદિનો નિષેધ તેને મૂલ્યથી સમ્યક્ત્વ આપવું. આવા ઘણા પ્રકારના સાવદ્ય (જિનેશ્વરે નિષેધ કરેલ) અને લોકમાં નિંદિત જે કુકર્મને સેવે છે. કરે છે - કરાવે છે. તે ધર્મ વિનાનો છે.,

આલોકને અને પરલોકને હાની પહોંચાડે છે. શાસનના જસનો ઘાત કરે છે. (કરનારા) કુદૃષ્ટિવાળા છે. તેથી તેને જિનેશ્વર ભ. નું દર્શન કેવી રીતે હોય ? વેષ પણ કેવો ? વળી તેમને નમન (વંદન) વિ. ક્યાંથી (કેવી રીતે) હોય ઈત્યાદિ.

તેથી તેને અન્તઃ જ્ઞાન નથી અને બહાર પણ નથી. પાઠમાં તથા વ્યાખ્યાનાદિમાં તેઓને શ્રુત હોય તેવું સંભળાતું નથી. પ્રાયઃ કરીને છ બુધ્ધિશાળીઓના ચાણક્ય નીતિ પંચાખ્યાન, સિંહાસન બત્રીશી આદિ વિનોદ કથા જેવી કથાઓ બીજા પણ લોકને આકર્ષણ કરનારી. તે તે પ્રકારની આધુનિક નૃપ - મંત્રિ વિ. પ્રબંધોના કલ્પિત સંબંધ વિશેષ ઉપદેશના પાઠથી વ્યાખ્યાન આદિને વાંચે છે. માટે અન્તઃ અને બહાર શ્રુતના અભાવથી બન્ને અસાર છે. પાર્શ્વસ્થાદિ લોકોત્તર કુગુરુઓ પ્રથમ ભાગમાં પડેલા છે. એ પ્રમાણે લૌકિક બ્રાહ્મણ આદિ બૌધ્ધ - યોગીઓ - તાપસો આદિ બહારથી અને અંદરથી શ્રુતના અભાવે પ્રથમ ભાંગામાં આવેલા છે.

શ્રુતનો અભાવ તેના બે પ્રકાર છે. જિનેશ્વર ભ. ના વચનથી બહાર (શ્લોક બોલે પણ વિવેચન-બહારનું કરે) બીજું જિનેશ્વર ભ. ના વચનથી ભિન્ન બીજા શાસ્ત્રોમાં શ્રુતપણાનો અભાવ છે. માટે જેમ ગધેડાની વિષ્ટા (લીડા)માંથી ચૂર્ણ બનતું નથી તેમ તે શાસ્ત્રોમાં સમ્યકશ્રુત હોતું નથી. (બીન ઉપયોગી છે.) કારણ કે તેમાં જીવ વધ, અસત્ય, ચોરી, અબ્રહ્મ વિ. ની ધર્મ બુધ્ધિએ પ્રરુપણા કરવી તેથી તે ધર્મમાં શ્રુતના અભાવે ધનપાલ પંડિતે કહ્યું છે કે :-

જે શ્રુતિની વાણીમાં વિષ્ટા ખાનારી ગાયોનો સ્પર્શ પાપોને હરનારો કહ્યો છે, સંજ્ઞા રહિત વૃક્ષોને વંદનીક કહ્યા છે. બકરાઓની હિંસાથી સ્વર્ગપ્રાપ્તિ કહેલી છે. બ્રાહ્મણોએ ખાધેલું અન્ન પિતૃઓને પુષ્ટ કરનારું કહ્યું છે. છદ્મસ્થ દેવોને આપ્ત તરીકે કહેલાં છે. અગ્નિમાં હોમેલું બલિદાન દેવોને ખુશ કરનારું કહ્યું છે. એવી રીતની શ્રુતિની વાણીનું વિશાળ અને મનોહર છતાં નિરર્થક ચેષ્ટિત કોણ જાણી શકે તેમ છે ? સાધુનો દશ પ્રકારનો ધર્મ મિથ્યાદૃષ્ટિઓ જોતાં નથી. જે કોઈપણ ક્યારેક કંઈપણ કહે છે તે માત્ર વાણીનો વિલાસ છે. ॥૧॥

જૈનમત ને માનનારા એવા સર્વ લોકોના વચનમાં તત્વનો અર્થ રહેલો છે. તથા કેટલાકના મનમાં રહેલો છે અને ક્રિયા રૂપે પણ હંમેશા નાચી રહેલો છે. ॥૨॥

વેદ શાસ્ત્રને પરાધીન બુધ્ધિવાળા સૂત્રોને કંઠે કરનારા મનુષ્યો ધર્મરૂપી રત્નના તત્વને અલ્પ પણ જાણતા નથી ॥૩॥

ગોમેધ, નરમેધ, અશ્વમેધ, આદિ યજ્ઞ કરનારા એવા જીવહિંસા કરનારાઓને ધર્મ ક્યાંથી હોય ? ॥૪॥

શ્રધ્ધા નહિ કરવા લાયક અસદ્‌ભૂત અને પરસ્પર વિરોધિ વસ્તુનું નિરૂપણ કરતાં પુરાણ વિધાયકનો ધર્મ કેવો ? ॥૫॥

અસદ્‌ભૂત વ્યવસ્થા વડે બીજાના દ્રવ્યને ગ્રહણ કરવાની ઈચ્છાવાળા સ્મૃતિને અનુસરનારા માટી, પાણી આદિ વડે કરી પવિત્રતા ને કરનારા બ્રાહ્મણાદિને ધર્મ ક્યાંથી ? ધર્મ કેમ હોય ? ॥૬॥

ઋતુકાલ વ્યતિત થયા બાદ ગર્ભ હત્યાને કહેવાવાળા, બ્રહ્મચર્યનો અપલાપ કરનારા બ્રાહ્મણોને બ્રહ્મચર્ય ધર્મ ક્યાંથી હોય ? ॥૭॥

નહિ આપવા છતાં યજમાનો પાસેથી સર્વસ્વ લેવાની ઈચ્છાવાળા, અર્થ માટે પ્રાણોને છોડનારા બ્રાહ્મણોનું અકિંચનપણું (નિસ્પૃહતા) ક્યાં ગયું ॥૮॥

દિવસે અને રાત્રે મુખને પૂછીને ખાનારા ભક્ષ્ય - અભક્ષ્યના વિવેક વિનાના બૌધ્ધ લોકોને તપ કેવી રીતે હોય ? ॥૯॥

કોમળ શૈયા, સવારે પીવાનું મધ્યાહ્‌ન ભોજન સાંજે દૂધ આદિ પીવું, મધ્યરાત્રે દ્રાક્ષ ખંડ ખાવા આવો શાક્યના શાસ્ત્રમાં સાધુ ધર્મ છે. ॥૧૦॥

સ્વલ્પ અપરાધ થયે છતે વિચાર કર્યા વિના તેજ ક્ષણે શ્રાપ આપનારા લૌકીક ઋષિઓમાં લેશ માત્ર પણ ક્ષમા દેખાતી નથી. (હોતી નથી) ॥૧૧॥

જાતિ આદિ મદ વડે ખરાબ આચારમાં અત્યંત રમનારા ચિત્તવાળા ચારે આશ્રમમાં રમનારા, બ્રાહ્મણોનો નમ્ર ગુણ ક્યાં રહ્યો ? ॥૧૨॥

દંભ લુચ્ચાઈ જેના ગર્ભમાં રહેલી છે. વળી બહારથી બગલા વૃત્તિ (ઠગ વિદ્યા)વાળા પાખંડ વૃત્તિવાળાને લેશપણ સરળતા ક્યાંથી હોય ? ॥૧૩॥

પત્નિ ઘર પરિગ્રહવાળા, લોભના એક ઘર સમાન તેવાં બ્રાહ્મણોની મુક્તિ કેવી રીતે હોય ? ॥૧૪॥

તેથી મૂઢ ઉપર રાગ દ્વેષ વગરના કેવળજ્ઞાનથી મનોહર એવા અરિહંત ભગવાનનો સારી રીતે પ્રરૂપેલો જ ધર્મ છે ॥૧૫॥

રાગથી, દ્વેષથી તેવી રીતે મોહથી વિતથવાદ (વિતંડાવાદ) થાય છે. તેના અભાવમાં અરિહંતના ધર્મમાં વિતથવાદિ પણું, (વિતંડાવાદપણું અયોગ્ય પણું) કેવી રીતે હોય ? ॥૧૬॥

જેઓએ રાગાદિ દોષો વડે કરીને ચિત્તને કલુષિત કર્યું છે. તેઓની વાણી ક્યારેય સત્ય બનતી નથી. ॥૧૭॥

તેવી રીતે યજ્ઞ હોમ વિ. ઈષ્ટ પ્રકારના કર્મો કરનારા અનેક પ્રકારના વાપી (વાવડી,) કૂવા, તળાવ, સરોવર વિ. પાપ પૂર્ત કાર્યોને કરનારા ॥૧૮॥ અને પશુના ઉપઘાતથી (હિંસાથી) સ્વર્ગલોકનું સુખ માંગનારા બ્રાહ્મણોને ભોજન આપવા વડે કરી પિતાની તૃપ્તિને ઈચ્છનારા ॥૧૯॥

ઘી, યોનિ-વિ. કરવા થકી પ્રાયશ્ચિતને કરનારા, પાંચ પ્રકારની આપત્તિમાં પુનર્વિવાહ કરનારા ॥૨૦॥

અપત્ય વિનાની સ્ત્રી (વંધ્યા સ્ત્રી) વિષે ગોત્રથી પુત્ર ઉત્પન્ન કરવાનું કહેનારા, દોષવાળી સ્ત્રીઓની પણ રજ થી શુધ્ધિ કહેનારા ॥૨૧॥

કલ્યાણની બુધ્ધિથી યજ્ઞમાં હણાયેલા બકરાના લિંગથી આજીવિકા કરનારા, સુત્રામણી તથા સપ્તતંતુ યજ્ઞમાં દારૂપાન કરનારા ॥૨૨॥

વિષ્ટા ખાનારી ગાયને સ્પર્શ કરવાથી પવિત્રતા માનનારા, જલ વિ. ના સ્નાન કરવા માત્રથી પાપની શુધ્ધિને કહેનારા ॥૨૩॥

વડ, પીંપળો, આમલી આદિ ઝાડની પૂજાનું વિધાન કરનારા, અગ્નિમાં ઘીની આહુતિ વડે દેવોની ખુશી માનનારા ॥૨૪॥

જમીન પર ગાયને દોહવાથી ઈષ્ટ શાન્તિને માનનારા, સ્ત્રીને વિડમ્બના થાય તેવા વ્રતોથી ધર્મોપદેશ કરવા વાળા ॥૨૫॥

તેવી રીતે જટા, વલ્કલ, અંગ પર ભસ્મ, લંગોટ ધરનારા, આકડા ધત્તુરાના ફૂલવડે તથા બિલીથી દેવ પૂજાને કરનારા ॥૨૬॥

ગીત નૃત્યાદિ કરનારા, વારંવાર હાથનીતાળીઓ વગાડનારા, વારંવાર મુખના અવાજ વડે વાજીંત્રનો (શંખનો) અવાજ કરનારા ॥૨૭॥

અસભ્ય (અવિવેક) ભાષા બોલવા પૂર્વક મુનિને, દેવોને અને મનુષ્યોને હણનારા, અને વ્રતભંગ કરીને દાસી-દાસ પણું ઈચ્છનારા ॥૨૮॥

પાશુપાત વ્રતને વારંવાર લેનારા અને છોડનારા ઔષધાદિ પ્રયોગ વડે લાખો જૂને હણનારા ॥૨૯॥

માનવના હાડકાના આભૂષણ ધરનારા, ખીલા જડેલા ખાટ ઉપર બેસનારા, ખોપરીના વાસણમાં ભોજન કરનારા, ઘંટ અને ઝાંઝરને ધરનારા ॥૩૦॥

દારૂ, માંસ, સ્ત્રીના ભોગમાં નિરંતર આસક્ત વારંવાર ગાતાં નાચતાં કેડ પર ઘંટ ને બાંધનારા ॥૩૧॥

તેવી જ રીતે અનંતકાય કંદ વિ. ફળ, મૂળ તથા પત્ર ખાનારા વનવાસ કરતાં હોવા છતાં પણ સ્ત્રી પુત્રથી યુક્ત ॥૩૨॥

તેવીજ રીતે ખાવા યોગ્ય, ન ખાવા યોગ્ય, પીવા યોગ્ય, ન પીવા યોગ્ય, ભોગવવા યોગ્ય ન ભોગવવા યોગ્યમાં બધુંજ સમાન માનનારા કૌલાચાર્યની પાસે રહેનારા, યોગીના નામથી પ્રસિધ્ધિ ને પામનારા જિનેશ્વરના શાસનને સ્પર્શ નથી કર્યો એવા ચિત્તવાળા (જિન શાસનથી ઘણા દૂર એવા ચિત્તવાળા) બીજાઓને ધર્મ કેવો ? તેનું ફલ કેવું ? અને તેનો ઉપદેશ કેવી રીતે ઈતિ ॥૩૪॥

એ પ્રમાણે બહારથી અને અંદરથી અસાર પ્રથમ ભંગને અનુસરનારા કુગુરુઓ કહ્યા અને તેઓ પ્રથમ ભંગ અલંકારની જેમ ગુરૂના આકારને ધરનારા હોવા છતાં પણ વાહિક (મજૂર), મુગ્ધ, મિથ્યાદૃષ્ટિ, મોહરૂપી અજ્ઞાનથી અંધ ચિત્તવાળા લોકોને તે માન્ય છે. અને વળી સ્પષ્ટ રીતે આરંભ કરનારા, અધર્મમાં પ્રવૃત્તિ કરનારા, દેવ દ્રવ્યનો પરિભોગ કરનારા, બીજાને

દુઃખ આપવા વડે કુકુર્માદિથી પંડિત વર્ગને માટે અવજ્ઞાના ઘર સમાન હોવાથી આ લોકમાં પણ જેવા જોઈએ તેવા પૂજા સત્કાર અને સુખના ભોક્તા બનતાં નથી. હંમેશા આજીવિકા, પુત્રના લગ્નાદિની ચિંતાવાળા, ખેતી, રાજસેવા આદિ કરવા વડે પ્રાયઃ કરીને દુઃખનો જ અનુભવ કરનારા છે. અને વળી પરલોકને વિષે રાજ્યાધિકારી, અષ્ટાંગ નિમિત્ત, જ્યોતિષ વિદ્યાના કથનાદિ મહાઆરંભ કરવા વિ. ના પાપો વડે પ્રાયઃ નરકાદિ દુર્ગતિમાંજ જનારા છે. ઈતિ.

તેથી કહ્યું છે કે **''नरिंद नैमेत्ति आय जोइसिया''** રાજા, નૈમેત્તિક અને જ્યોતિષી એ પ્રમાણે પદ્મચરિત્રમાં નરકગામિ જીવના અધિકારમાં કહ્યું છે. લૌકીક શાસ્ત્રોએ પણ કહ્યું છે કે અધિકારીઓ ત્રણ માસમાં મઠ પતીપણું ધારણ કરવાથી ત્રણ દિવસમાં અને જો શિઘ્ર નરકની ઈચ્છા હોય તો ૧ દિવસ માટે પુરોહિત પણું સ્વીકારવું લોકોત્તર ગુરુને પણ આશ્રયીને આગમમાં પણ કહ્યું છે કે :-

જેમ પોલી મૂઠી સાર વિનાની છે, અથવા જેમ ખોટો (નકલી) સિક્કો સારવિનાનો છે (તેમ તે દ્રવ્યસાધુ પણ ઉપેક્ષા કરવા લાયક છે) કેમકે કાચનો ટુકડો વૈડૂર્ય રત્નની પેઠે કદાચ પ્રકાશ યુક્ત હોય તોપણ તેના પરીક્ષકો આગળ તે કિંમત વિનાનો જ થઈ પડે છે. અર્થાત્ અજ્ઞાનીઓ જ તેને કિમતી ગણે છે. વળી અંધકાર વડે કરીને અર્થાત્ મિથ્યાત્વ રૂપ અજ્ઞાને કરીને હણાયેલો એવો તે દ્રવ્યયતિ હંમેશા દુઃખી થયો થકો તત્વ આદિકોને વિષે વિપરીતપણું પામે છે તથા મુનિપણું વિરાધીને અસાધુરૂપ થયો થકો નરક તથા તિર્યંચની યોનિ પામે છે. **ઈત્યાદિ વર્ણન** શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના વીસમાં અધ્યયનમાં ૪૨ મા શ્લોકમાં છે.

તે પ્રમાણે વેશ્યાના આભરણની જેમ કેટલાક પહેલાં કહેલી યુક્તિ પ્રમાણે અંતરમાં અસાર પણ બહારથી સારવાળા.

નવપૂર્વ સુધી જિનેશ્વર ભ. ના વચનનું અધ્યયન (અભ્યાસ) કરનારા, અધ્યાપન કરાવનારા, ઉપદેશાદિ આડંબર કરનારા, બહારની પ્રવૃત્તિવાળા હોય છે.

અંગારમર્દકાચાર્યની જેમ તે આ પ્રમાણે છે :- શ્રી વિજય સેન સૂરિના શિષ્યોએ સ્વપ્નમાં પાંચશો હાથીના બચ્ચાથી પરિવરેલો એક ભૂંડ જોયો અને તે સ્વપ્નની વાત ગુરુને કહી, ત્યારે ગુરુ એ કહ્યું કે કોઈક અભવ્ય આત્મા પરિવાર સાથે આવશે તેજ દિવસે પાંચશો સાધુની સાથે રુદ્રદેવ નામના આચાર્ય આવ્યા અને તેનો ઉચિત સત્કાર કર્યો રાત્રિએ તેની પરિક્ષા માટે ગુરુના કહેવાથી સાધુઓના સ્થંડીલ જવાના માર્ગ પર કોલસાની ભૂકીવેરી પછી આવેલા તે સાધુઓના પગ તેના પર પડવાથી કચ કચ શબ્દ સાંભળીને આક્રોશ પૂર્વક "મિચ્છામિ દુક્કડમ્" એ પ્રમાણે ગુરુ એ કરેલા સંકેત અનુસાર આવેલા સાધુઓ નિંદ્રા લેતા જાણી જાતે જ માત્રુ પરઠવાને માટે જતાં તેવી જ રીતે અંગારા (કોયલા)ની ભૂકી પર પગ પડતાં કચકચ શબ્દ સાંભળી ખુશી થતાં અત્યંત તેને ચોળીને (તેનું મર્દન કરીને) બોલ્યા અહો અરિહંત ભ. ને આને પણ જીવ કહ્યા છે. જાગતા એવા મુનિઓએ આદૃશ્ય જોયું પ્રભાત થયે છતે ગુરુએ તેના શિષ્યોને આ વાત જણાવીને વિશ્વાસ પમાડીને આ અભવ્ય છે એમ કહીને તેને સમુદાય બહાર કર્યા વળી તેના બધા શિષ્યો તપ કરીને દેવલોક ગયા, ત્યાંથી ચ્યવીને તે બધા રાજકુલમાં ઉત્પન્ન થયા (જન્મ પામ્યા) અને રાજા થયા.

એક વખત તે બધાય વસંતપુરમાં કનકધ્વજ રાજાની કન્યાના સ્વયંવર મંડપમાં ગયા. અને તે રુદ્રદેવ ત્યારે જુદા-જુદા પ્રકારની યોનીઓમાં ભ્રમણ કરતાં કરતાં ઊંટ થયો. મોટી કાયાવાળો, જરાથી જીર્ણ શરીર વાળો, ઘણા ભારથી યુક્ત બૂમો પાડતા એવા તેને (ઊંટ રુપે રુદ્રદેવને) તેઓએ ત્યાં જોયો તેને જોતાં જ તેના ઉપર તેઓને કરુણા જાગી અને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેનાથી તેઓએ આ તો અમારા ગુરુ છે એ પ્રમાણે જાણ્યું.

અહો ! સંસારનું સ્વરૂપ વિચિત્ર છે. કારણ કે તેવા પ્રકારની જ્ઞાન લક્ષ્મી મેળવીને હૃદયમાં ભાવથી અશ્રધ્ધાને ધરનારા બિચારા આવી અવસ્થાને પામ્યા છે. અને અનંત ભવ ભમશે. દયા ભાવથી તેને છોડાવીને બધાય ત્યાંથી નીકળી ગયા અને આ અભવ્ય કે દુર્ભવ્ય બહારથી ગુરુનો આકાર ધારી હોવા છતાં પણ અંતરમાં શ્રી અરિહંત ભ. ના વચન ઉપરની શ્રધ્ધા વિ. થી રહિત હોવાથી અનન્ત ભવરૂપી સમુદ્રમાં પડનારા થયા એ પ્રમાણે

અંતરથી અસાર બહારથી સારા એ રીતિએ બીજા ભાંગામાં પડેલા ગુરુઓ કહ્યા.

તેવી રીતે કેટલાક **વ્યાપારીના આભરણની** જેમ અંતરથી સારા બહારથી અસાર તે આ પ્રમાણે કેટલાકના અંતરમાં શ્રુત (જ્ઞાન) હોય છે. શ્રી જિન વચન પરની સમ્યક્ શ્રધ્ધા વિ. રુપ.... તેનું લીંગ..... (ચિહ્ન) છ જીવની રક્ષાનો પરિણામ, કપટ રહિત વૃત્તિ તેના પાલણમાં પ્રયત્ન આદિના દર્શનથી (જોવાથી) અંતરમાં સાર છે. વળી બહાર તેવા પ્રકારનો જ્ઞાનાવરણીય કર્મોદય આદિના કારણે જ્ઞાનનો પાઠ વિ. કરવામાં ભણાવવામાં ઉલ્લાસ ન હોવાથી માસતુષ સાધુ વિ. ની જેમ (બહારથી) અસાર છે. અથવા પ્રમાદથી નહિ ભણતા હોવાથી યવરાજર્ષિ વિ. ની જેમ બહારથી અસાર છે. તે દૃષ્ટાંત કહેતાં કહે છે.

યવરાજર્ષિની કથા

વૈશાલીનગરીમાં યવનામનો રાજા હતો તેને ગર્દભિલ્લ નામનો પુત્ર અને અણુલ્લિકા નામની પુત્રી અને દીર્ઘપૃષ્ઠ નામનો મંત્રી હતો.

એક વખત રાત્રિના છેલ્લા પહોરે જાગૃત થયેલા રાજાએ ચિંતવ્યું કે ખરેખર પૂર્વ જન્મમાં કંઈપણ ધર્મ કાર્ય મેં કરેલું છે તેના પ્રભાવે આ સમુદ્ર સુધી ભૂમિ પર મારી અખંડિત આજ્ઞાનું શાસન ચાલે છે. (મારી આણ વર્તે છે) આ હાથી ઘોડા વિ. સંપત્તિ મારી છે. મારા દેશમાં આજ સુધી પણ દુષ્કાળ પડ્યો નથી. તેથી ફરી પણ સુકૃતને કરું જેથી કરીને આગામી ભવ પણ સુખ શાન્તિ આદિથી સુંદર થાય ઈત્યાદિ. પછી પ્રભાતે પુત્રને રાજ્ય પર બેસાડીને હિત શીક્ષા આપીને અને ઉદ્યાનમાં આવેલા ગુરુને નમીને તેમની પાસે સંયમને ગ્રહણ કર્યું અને તીવ્ર તપ તપતાં, વૈયાવૃત્યની ભાવના પૂર્વક ગુરુની સાથે વિચરે છે. પરંતુ ગુરુએ ઘણું કહેવા છતાં પણ અભ્યાસ કરતાં નથી "હું વૃધ્ધ છું તેથી પાઠ આવડતો નથી "ઈત્યાદિ તે બોલે છે. એક વખત લાભ જોઈને પુત્રને પ્રતિબોધ કરાવાને માટે ગુરુએ વિશાલાનગરીમાં મોકલ્યા ગુરુના વચન (આજ્ઞા) શિરોધાર્ય કરીને પ્રયાણ કર્યું.. માર્ગમાં વિચાર કરે છે

કે મને થોડું યે કંઈ પણ આવડતું નથી પુત્રને અને બીજાને ઉપદેશ શું આપીશ ? ઈતિ.

એટલામાં કોઈ ખેતરમાં જવની ખાવાની ઈચ્છાવાળા, ભયથી ચંચલ દૃષ્ટિવાળા, ગદર્ભને ક્ષેત્ર પાલકે એક શ્લોક કહ્યો. આ બાજુ તે બાજુ નજર કરતો મને જ તું જુએ છે. તારો અભિપ્રાય મેં જાણ્યો હે ગદર્ભ ! તું જવ ખાવાને ઈચ્છે છે. તે શ્લોક સાંભળીને જાણે અમોઘ શસ્ત્ર પ્રાપ્ત થયું હોય તેમ રાજર્ષિ માનવા લાગ્યા. વિદ્યાની જેમ તે શ્લોકનું સ્મરણ કરતાં આગળ ચાલતાં ગામની નજીકમાં રમત રમતાં એક બાળકે લાકડાની બનાવેલી મોઈ ફેંકી બીજા લોકો સહિત શોધ કરતાં બાળકોને ન જડી તેટલામાં એક બાળક શ્લોક બોલ્યો ''અહીં જોઈ તહીં જોઈ જોતાં દેખાતી નથી. અમે ન જોઈ તમે ન જોઈ" મોય ખાડામાં પડી છે, તેનો પણ હર્ષથી પાઠ કરતાં કેટલાક દિવસે વિશાલાપુરીમાં પહોંચ્યા અને એક કુંભારને ત્યાં રાતવાસો કર્યો ત્યાં અહીં તહીં ભટકતા ઉંદરને કુંભારે કહ્યું નાનો સુકોમળ, સ્વભાવે સરળ અને રાત્રિમાં ફરવાના સ્વભાવવાળા એવા તને અમારી પાસે (અમારો) ભય નથી પરંતુ સર્પનો ભય છે. આ ત્રણ શ્લોકોને કલ્પ વૃક્ષ, ચિંતામણી રત્ન અને કામધેનુ જાણે પ્રાપ્ત થયા ન હોય તેમ તે મુનિ માનવા લાગ્યા.

તે ત્રણે ગાથાનો અર્થ યાદ રાખવા માટે વારંવાર ફરીફરીને પુનરા વર્તન કરે છે... ગોખે છે. તે વખતે તે પુરમાં દીર્ઘપૃષ્ઠ મંત્રિએ રાજાની બહેન અણુલ્લિકાને પોતાના ઘરના ભોંયરામાં છૂપાવી છે રાજાને કોઈપણ ઉપાયથી હણીને પોતાના પુત્રને રાજ્ય ઉપર બેસાડીને એની સાથે એના લગ્ન કરાવીશ એ પ્રમાણે મનમાં વિચાર કરીને બેઠો હતો. ત્યાં રાજાની આજ્ઞાથી રાજાના સુભટોએ શોધ્યા છતાં રાજાને પોતાની બહેન પ્રાપ્ત ન થઈ તેટલામાં મંત્રિએ યવરાજઋર્ષિને આવેલા સાંભળીને (જાણીને) તપથી પ્રાપ્ત થયેલા જ્ઞાનવાળા આ હશે તે જ્ઞાન વડે મારા સ્વરૂપ ને જાણીને રાજાને કહેશે ત્યારે રાજા મારા પરિવાર સાથે મને પકડીને મારો નિગ્રહ કરશે માટે પહેલેથી કોઈપણ ઉપાયને કરૂં એ પ્રમાણે વિચારીને રાત્રિએ જ રાજાની પાસે પહોંચી ગયો રાજાએ અવસર વિના આવવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે માયા કરીને કહ્યું કે :-

વ્રતથી ભગ્ન થયેલા તમારા પિતા અહીંયા આવીને કુંભારના ઘરે રહ્યા છે સવારે તમારૂં રાજ્ય પડાવી લેશે એ પ્રમાણે મંત્રીના શબ્દ સાંભળીને પુત્ર રાજાએ કહ્યું કે જો રાજા (પિતા) રાજ્યને લઈ લે તો તે મારૂં ભાગ્ય છે હું તેઓના ચરણની સેવા કરીશ. પછી મંત્રિએ કહ્યું કે આ અયોગ્ય છે. પોતાનું રાજ્ય આપવું ન જોઈએ.

વિવિધ યુક્તિ વડે પિતા પણ હણવા યોગ્ય છે માયાથી ભરેલું તેણે (મંત્રીએ) કહેલું સ્વીકારીને રાજા, પિતાની હત્યા કરવા માટે રાત્રિએ જ હાથમાં તલવાર લઈને કુંભકારના ઘરે ગયો. કોઈ છીદ્ર દ્વારા પિતામુનિને જુએ છે. તેટલામાં યવઋષિ પેલી ગાથાનો પાઠ કરે છે. તે સાંભળી રાજાએ ચિંતવ્યું કે મારા પિતાએ જ્ઞાનથી મને અહીં તહીં જોતો જાણ્યો વળી જો આ જ્ઞાની હોય તો મારી બહેન ક્યાં છે તે કહે ? તેટલામાં તેઓ બીજી ગાથા બોલ્યા તે સાંભળીને વિશ્વાસ પેદા થયો ગુણની પ્રશંસા વિ. કર્યું, વળી ફરી ચિંતવ્યું :-

મારી બહેન જેણે છૂપાવી છે તેનું નામ પિતા જાહેર કરે ! તેટલામાં ત્રીજી ગાથાનું પુનરાવર્તન કર્યું. (ત્રીજી ગાથા બોલ્યા) તે પછી સંદેહ દૂર થઈ જવાથી હર્ષિત થયેલા એવા તેણે દરવાજો ખોલીને અંદર પ્રવેશ કર્યો અને જ્ઞાની એવા પિતાની હત્યા કરવાની ઈચ્છાવાળો તે પોતાની જાતને નીંદતો આંખમાંથી અશ્રુ વહાવતો મુનિને નમીને પોતાના અપરાધને પ્રકટ કરવામાં તત્પર એવા તેને ક્ષમા માંગી ત્યારે મુનિએ મૌનને ધારણ કર્યું, મૌન એ જ સર્વાર્થનું સાધન છે. કહ્યું છે કે :- "મૌનં સર્વાર્થ સાધનમ્" પછી ત્યાંથી રાજા પોતાના મહેલે આવ્યો બાકી રહેલ રાત્રિને પૂર્ણ કરી પ્રભાતે મંત્રીના ઘેર સુભટો સાથે તપાસ કરતાં ભોંયરામાંથી બહેન પ્રાપ્ત થઈ. મંત્રીને દેશવટો આપ્યો પછી જ્ઞાની એવા મુનિની પ્રશંસા કરી અને તેને નમીને મંત્રી વિ. અને બીજા લોકો સાથે તેમણે (મુનિએ) કહેલા ધર્મને સ્વીકાર્યો ત્યારબાદ તે યવરાજઋષિ બન્ધુ વર્ગને પ્રતિબોધિને ગુરુની પાસે પહોંચ્યા, પ્રમાદ ને છોડીને શ્રુતનો અભ્યાસ કરવા લાગ્યા અને તપ તપીને દેવલોકે ગયા આ પ્રમાણે **યવરાજ ઋષિ** કથા પૂર્ણ થઈ.

એ પ્રમાણે અલ્પ જ્ઞાનવાળા પણ વાંઝણી સ્ત્રી, વિ. ની જેમ વિવિક્ષા વગર તેને ભણનારા, બીજાઓ પણ સમ્યક્ ક્રિયામાં તત્પર ગુરુઓ બહારથી શ્રુતના સારપણાનો અભાવ (બહારથી અસાર) હોવા છતાં પણ અંતરમાં સાર પણાને ધરતાં હોવાથી શિવની સીમા સુધી શુભ ફલને આપનારા થાય છે.

અલ્પજ્ઞાનને ધરનારાનું સ્વપર તારક પણું કેવી રીતે ? આગમમાં કહ્યું છે કે :- અજાણ્યા માર્ગ પર ચાલવાની ઈચ્છાવાળા અલ્પજ્ઞાની તપસ્વી, સેંકડો અપરાધો કરીને જાણતો નથી ? ઈત્યાદિ.

ઉત્તર :- ઘણા જ્ઞાની ગુરુની પરતંત્રતા (નિશ્રા)થી સમ્યક્ ધર્મની ક્રિયા (અનુષ્ઠાન)માં જાતે પ્રવર્તન કરનારા અને અલ્પ શ્રુતવાળા બીજાઓને પણ પ્રવર્તાવનારાઓનું સ્વપર તારક પણું બરાબર છે. અર્થાત્ વિવાદ વગરનું છે. તેથી કહ્યું છે કે ગુરુની પરતંત્રાથી, જ્ઞાનવાળા, સદ્હણા કરનારા, એનો સંગ કરનારાના વિષયમાં માસ - તુષ મુનિનું ચરિત્ર જાણવું.

વળી અગીતાર્થને ગુરુકુલવાસ કેવી રીતે ? ગુરુકુલ વાસવાળાને અગીતાર્થ પણું કેવું ? ત્યાં શાસ્ત્રો સાંભળવાથી હોય, તે શાસ્ત્રોનું સાંભળવું શાથી હોય ? તો કે જ્ઞાનથી હોય, જેમ આંધળો પાંગળા માણસની સહાયથી તેના સૂચનથી ભયંકર વનને ઉલ્લંઘી જાય છે. તેમ અગીતાર્થ પણ ગીતાર્થની આજ્ઞાના પાલનથી ભવસાગર તરી જાય છે. મોટા શેઠીયાઓના આભરણો જાત્ય સુવર્ણમય હોવાથી અંતઃ અને બહારથી સાર પણું હોવા છતાં પણ બહાર તેવા પ્રકારના સુંદર રત્નાદિથી નહિ જડેલા હોવાથી રાજાના અલંકારની અપેક્ષાઓ વાંઝણી કન્યા ઈત્યાદિની જેમ અલ્પસાર હોવાથી અસાર છે. તેની વિવક્ષા આ પ્રમાણે છે. ઉપરથી સાર અને અંદરથી સાર એવા આ ભંગવાળા ગુરુઓ પણ પોતાના મતના બધા આગમમાં અવગાહના (જાણકારી) વિ. થી અંતઃ અને બહારથી સાર પણું હોવા છતાં પણ તેવા પ્રકારની કવિપણાની શક્તિવાદ લબ્ધિ ઉપદેશમાં ચતુરાઈ વિ. નો યોગ ન હોવાથી બહારના લોકોમાં તેવા પ્રકારની મોટી પ્રસિધ્ધિ ન હોવાથી અસાર છે. ઈત્યાદિ જાણવું.

વળી કેટલાક રાજાના આભૂષણની જેમ અંતઃ અને બહાર એમ બન્ને રીતે સાર ભૂત હોય છે હૃદયમાં અને બહાર સમ્યક્ શ્રુતને ધારવાથી રત્નની ઉપમાવાળા અને નિરૂપમ અતિશયવાળા, વિવિધ લબ્ધિ અને સમૃધ્ધિથી અત્યંત શોભવાથી અંદર અને બહારથી સારા છે. તેમાં વજાસ્વામિ આદિના દૃષ્ટાંતો પ્રગટ જ છે. આ **ચોથા ભંગથી** યુક્ત ગુરુઓ શ્રી જૈન શાસનની પ્રભાવના કરવામાં જ તત્પર પોતાને અને બીજાને તારવામાં સમર્થ ભવરૂપી સમુદ્રને તરવાને ઈચ્છતા એવા જીવોને પ્રવહણ (નાવ)ની જેમ આશ્રય કરવા યોગ્ય છે. આવા ગુરુ પ્રાપ્ત ન થયે છતે ત્રીજા ભંગવાળા ગુરુઓનો આશ્રય કરવો પહેલા બે ભાંગા જેવા ગુરુઓ તજવા યોગ્ય જ છે. એ પ્રમાણે શ્રુતને આશ્રયીને ગુરુમાં રહેલા ચાર ભાંગા કહ્યા (ગુરુના વિષે ચાર ભાંગા કહ્યા)

હવે ક્રિયાને આશ્રયીને શ્રાવકોની ચતુર્ભંગી કહે છે :- શ્રુતને આશ્રયીને તેઓની ચતુર્ભંગી દેખાતી નથી. કારણ કે વિશેષ પ્રકારના શ્રુતનો અધિકાર તેઓને ન હોવાથી કહ્યું છે :- યતિ વ્રતનો યોગ કરવા માટે જધન્યથી અષ્ટ પ્રવચન માતાને અનુસરતા સૂત્રને ભણવું ઉત્કૃષ્ટ છ જીવનિકાય અધ્યયન સુધી ભણવું ઈતિ.

કેટલાક શ્રાવકો ક્રિયાને આશ્રયીને ચાંડાલના આભરણની જેમ અંદરથી અને બહારથી અસાર છે તે બતાવતાં અહીં કહે છે કે ક્રિયા શ્રધ્ધા વિધિ, અનુષ્ઠાન, વ્યવહાર શુધ્ધિ, જિનપૂજા, ગુરુ સેવા, સુપાત્રદાન, હિંસાદિથી નિવૃત્તિ (અહિંસાનું પાલન) સામાયિક, આવશ્યક વિ. રૂપ ક્રિયા. તે ક્રિયા કેટલાકના હૃદયમાં રુચિ રૂપે હોતી નથી અને બહારથી કરવા રૂપે પણ નથી. કેવલ શ્રાવક કુલમાં ઉત્પન્ન થવાના કારણે શ્રાવક નામ માત્ર ધારેલું છે. તે શ્રાવકો પ્રથમ ભાંગામાં આવેલા જાણવા અને વળી તેઓને ધર્મના વિષયમાં રુચિ ન હોવાથી સમ્યક્ત્વાદિથી રહિત પ્રથમ ગુણ સ્થાનકમાં રહેનારા ઘર, સ્ત્રી, ધન, પુત્રાદિથી જકડાયેલા (પુત્રાદિ રાગવાળા) કુટુંબને માટે અનેક પ્રકારના આરંભ કરનારા, અહીંયા દુઃખી અને અપયશના પાત્ર થાય છે. વળી પરલોકમાં એકેંન્દ્રિયાદિમાં ગયેલા લાંબા કાળ સુધી ભવમાં ભમે છે. **ધનપ્રીય શ્રેષ્ઠિ વિ.** ની જેમ

કહ્યું છે કે :- પુત્રાદિમાં રાગવાળા અજ્ઞાન અને પ્રમાદમાં પડેલા જીવો ધન પ્રીય શ્રેષ્ઠિની જેમ એકેન્દ્રિયમાં ઘણીવાર ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે ભવભાવનામાં કહ્યું છે. વળી કેટલાક હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્માદિથી વિરતિ નહિ પામેલા ભક્ષ્ય - અભક્ષ્ય પેય - અપેય આદિમાં વિવેક વગરના આ લોકમાં પણ સમાજથી બહાર થાય છે. ધન, રાજ્ય વિ. થી ભ્રષ્ટ થાય છે. ઈન્દ્રિયાદિ અંગ છેદ, કમોત વિ. ને પામે છે. અને પરલોકમાં ભીમઆદિની જેમ દુઃખ પામે છે. તે પણ ભવ ભાવનામાં જ કહ્યું છે કે :- જીવહિંસા કરવાથી ભીમ, અભક્ષ્ય ભક્ષણથી કુંજર રાજા અને આરંભ કરવાથી અચલ નરક ગતિને પામ્યો તેના ઉદાહરણો છે. શ્રાવક નામ માત્ર ધારવાથી તેઓનો કોઈપણ જાતનો ઉધ્ધાર થતો નથી. નામ માત્ર ધારવાથી અર્થની સિધ્ધિ ન થતી હોવાથી તેઓનો ઉધ્ધાર થતો નથી. (ફક્ત નામ માત્રથી અર્થ સરતો નથી)

હકીકતમાં પણ ભોમ ગ્રહનું મંગલ નામ પ્રસિધ્ધ હોવા છતાં પણ મંગલ વિ. અર્થ સાધ્ય બનતો નથી. અને તેવું જોવામાં પણ આવતું નથી ભોમમાં મંગલ નામ, વિષ્ટિમાં ભદ્રા, અનાજના ક્ષયમાં વૃધ્ધિ, તીવ્ર ફોડલા હોતે છતે શીતળા, હોળી પર્વનો રાજા, નામથી મીઠું પણ મીઠા પણું હોતું નથી. નામથી ઝેર પણ તેમાં મીઠાશ હોય છે. શોકમાં બહેન પણાનો આરોપ, પણાંગંનામાં પાત્રપણું હોતું નથી. નામથી ગમે તેવું શ્રેષ્ઠ છતાં અર્થથી તેમાં કાંઈ વાસ્તવિકતા નથી એ પ્રમાણે ચાંડાલના આભરણની જેમ શ્રાવકોને કહ્યા વળી કેટલાક વેશ્યાના આભરણની જેવા કહ્યા છે. કારણ કે તેઓમાં ક્રિયાનો પરિણામ ન હોવાથી ક્રિયાને લઈને અન્તઃ અસાર અને બાહ્ય સારા હોય છે. આ લોકના લાભ, રૂપ, પૂજા વિ. માટે કેટલાક ધર્મના અર્થિઓ સ્વ સ્વ અને પરના કાર્યની સિધ્ધિ માટે (સિધ્ધિની ઈચ્છાથી) અને ક્યારેક બીજાને છેતરવા માટે સારી રીતે શ્રાવકની ક્રિયા કરવામાં નિપુણ હોવાથી અંતઃ અસાર અને બાહ્ય સારા હોય છે. એવા પ્રકારના ઘણા દૃષ્ટાન્તો આજના કાળમાં દુઃષમ કાલના પ્રભાવથી ડગલેને પગલે ધર્મના નામે ઠગનારા સુલભ છે.

જીનદાસ શ્રેષ્ઠિના ઘોડાનું અપહરણ કરનાર બ્રહ્મચારી, ચંડપ્રદ્યોતન

રાજાએ મોકલેલ અભયકુમારના બંધનને માટે કપટ કરી શ્રાવિકા બનેલી વેશ્યા, શ્રાવકની પુત્રીની સાથે લગ્ન કરવા માટે માયા (કપટ) થી શ્રાવક થયેલા બુધ્ધદાસની જેમ, બબ્બરકુલના બાળ સાધુનું વેચાણ કરનાર શ્રાવક આદિના દૃષ્ટાંતો યથા યોગ્ય અહીંયા કહેવા - વિચારવા - જાણવા વળી તેઓ અભવ્ય અથવા દુર્ભવ્ય પણ હોય અને તેઓની ગતિપણ પ્રથમ ગુણ સ્થાનકે રહેલાની જેમ યથાયોગ્ય કહેવી જાણવી.

સમ્યક્ત્વથી રહિત હોવાથી ધર્મની ક્રિયાના વિષયમાં શ્રધ્ધાદિ ન હોવાથી શ્રાવકપણાને લોકમાં બતાવીને ખરાબ વ્યાપાર, પર દ્રોહ, વિશ્વાસઘાત વિ. માં તત્પર પણાથી શ્રીજિન ધર્મ વિષયક અપભ્રાજના કરનારા તેઓમાંથી કેટલાકને પણ લાંબા કાળ સુધી ભવભ્રમણ થાય છે.

ઉત્સૂત્ર ભાષણ કરવાથી નિયમાં અબોધિ પણાને પામે છે. તેથી ભવની વૃધ્ધિ થાય છે. તે કારણે સરળપણાને ધારણ કરવું વળી કેટલાક અંતરમાં શ્રધ્ધા ન હોવા છતાં પણ બહારની ક્રિયાના અભ્યાસ વિ. થી પરલોકમાં બોધિને પણ પામે છે. અને સાત આઠ ભવમાં સિધ્ધિને પણ પામે છે. વરદત્ત શ્રેષ્ઠિ અને દાસીપુત્રની જેમ.

વરદત્ત અને દાસીપુત્રની કથા

તે આ પ્રમાણે આજ ભરત ક્ષેત્રમાં આવેલી કૌશામ્બી નગરીમાં નરસિંહ રાજા અને કનકવતી નામની રાણી રહેતા હતાં ત્યાં એક વખત અવધિજ્ઞાની એવા વરદત્ત નામના સાધુ ઉદ્યાનમાં આવ્યા. તેમને વંદન કરવાને માટે ગયેલા નગરલોકોને મુનિએ ધર્મદેશના આપવી શરૂ કરી. ધર્મ કથા કરતાં વચમાં મુનિવર એકાએક હસી પડ્યા તે જોઈને આશ્ચર્ય પામેલા સભાજનોએ મુનિને વિનંતી કરી કે ભગવન્ ! બીજા સત્પુરુષો પણ કારણ વિના હસતા નથી રાગ દ્વેષાદિથી રહિત આપના જેવા તો કારણ વિના કેવી રીતે હસે ? તો કૃપાકરી હાસ્યનું કારણ બતાવો..... કહો, ત્યારે વરદત્ત સાધુએ કહ્યું કે ભદ્ર પુરુષો ! સાંભળો..... જુઓ આ લીમડાના ઝાડના ટોચ પર બેઠેલી જે

સમડી છે તે તમે જુઓ તે સમડી પૂર્વભવના વૈરના કારણે ક્રોધથી મને પગ વડે કરીને મારવાને ઈચ્છે છે તે સાંભળીને કૌતુકપૂર્વક સભાજનોએ તેમનો પૂર્વ જન્મ પૂછ્યો.....

સાધુ સમડીને પ્રતિબોધિત કરવા માટે તેઓને પૂર્વભવ કહે છે :- હૃદયમાં રહેલા ભાવને કહેવાથી આશ્ચર્ય પામેલી સમડી પણ તે સાંભળે છે. તે આ પ્રમાણે :-

આજ ભરત ક્ષેત્રમાં કનકપુર નગરમાં ધન્ય નામના શ્રાવકને સુંદરી નામની પત્નિ હતી. તે દુશ્ચરિત્રવાળી બીજા પુરુષમાં આસક્ત બની હતી.

એક વખત તેના તે આશકે કહ્યું કે સુંદરી ! આજથી માંડી તારી પાસે હું આવીશ નહિ કારણ કે હું તારા પતિથી ડરું છું. તે સાંભળીને અત્યંત દુઃખી થયેલી એવી તેણીએ તેને કહ્યું હે પ્રીયતમ ! આ પ્રમાણે બોલો નહિ થોડા જ દિવસમાં તમને નિર્ભય કરીશ.

હવે એક વખત તેણે પતિને આપવા માટે દૂધમાં ઝેર નાંખ્યું. તે દૂધને તે લેવા માટે જ્યાં ઘરમાં જાય છે. તેટલામાં ત્યાં આવેલા સર્પે ડંખ માર્યો (ખાડો ખોદે તે પડે) અને તે તુર્તજ ત્યાં નીચે ઢળી પડી અને પ્રાણવિનાની બની. ભોજન કરતાં ઉઠેલા ધન્ય શ્રાવકે તે જોયું અને બોલ્યો હા ! આ શું ! એ પ્રમાણે બોલતાં તેને જોતાં પ્રાણવિનાની જોઈ. તેના ચરિત્રથી અજાણ એવો તે વિલાપ કરવા લાગ્યો.

તે ત્યાંથી મૃત્યુ પામીને વાઘ થઈ અને વૈરાગ્ય પામેલા તે ધન્ય શ્રાવકે દીક્ષા ગ્રહણ કરી.

એક વખત જંગલમાં કાયોત્સર્ગમાં રહ્યા હતા તે વખતે વિધિની વક્રતાથી (ભવિતવ્યતાથી) વાઘરૂપે ઉત્પન્ન થયેલો તેની પત્નિનો જીવ ત્યાં આવ્યો અને તે મુનિને જોઈને પૂર્વભવના વૈરથી હણી નાંખ્યા.

તે ધન્યઋષિ મૃત્યુ પામીને ત્યાંથી અચ્યુત નામના (૧૨ મા) દેવલોકે ગયા. અને સિંહ (વાઘ) તો ચોથી નરકે ગયો. અચ્યુત દેવલોકમાંથી ચ્યવીને

ફરી તે ચંપાનગરીમાં દત્ત શ્રાવકની જિનમતી નામની પત્નિની કુક્ષિથી ઉત્પન્ન થયેલો વરદત્ત નામનો પુત્ર થયો તે જન્મથી જ વૈરાગી હતો. યૌવનકાલમાં વિશિષ્ટ પ્રકારે સમ્યકત્વમૂલ ધર્મમાં ઉદ્યમવાળો, દાની, વિવેકી, મધુરભાષી, શાંન્ત અને વિનયવંત થયો.

પૂર્વ ભવની પત્નિનો જીવ તો નર્કથી ચ્યવીને સંસારમાં ભવો ભમીને તેજ શ્રેષ્ઠિના ઘરમાં દાસીપુત્ર રૂપે જન્મ્યો અને દુષ્ટ, ઠગ એવો તે દાસીપુત્રના નામથી પ્રસિધ્ધ થયો અનુક્રમે પિતાનો સ્વર્ગવાસ થતાં વરદત્ત ઘરનો સ્વામિ બન્યો. તે પૂર્વ જન્મના સ્નેહથી દાસીપુત્રને સગાભાઈ સરિખો માને છે. તેને વસ્ત્રો વિ. આપવા છતાં પણ તે દાસીપુત્ર તો વરદત્તને શત્રુની જેમ જુએ છે. તેનો એવો ધર્મગુણ જોઈને રાજી થયેલો શ્રેષ્ઠિ વિચારે છે કે મારો આ ભાઈ જૈન ધર્મનો અનુરાગી છે પરંતુ કર્મના વશથી નીચ કુલમાં ઉત્પન્ન થયો છે. શ્રી જિનધર્મમાં કુલની પ્રધાનતા નથી. કારણ "અહી કુલ પ્રધાન નથી" મારે બીજો ભાઈ નથી માટે ધર્મથી આજ મારો ભાઈ છે. તેથી રાજાની સામે તેને લઈ જઈને ભાઈ તરીકે સ્થાપું તે પ્રમાણે તેને ભાઈ કરીને તેને આદર - માન આપવા લાગ્યા ત્યારબાદ શ્રેષ્ઠિ વિશ્વાસ પૂર્વક તેને બધું આપે છે. તો પણ પૂર્વના વૈરથી શ્રેષ્ઠિના વિશ્વાસને માટે બહારથી ધર્મમાં ઉદ્યમિત રહેલો એવો તે શ્રેષ્ઠિને હણવા માટે અનેક પ્રકારના ઉપાયો ચિંતવે છે.

એક વખત તાલપુર વિષને પાનમાં નાંખીને તે પાનનું બીડું તેણે શયન વખતે શ્રેષ્ઠિને આપ્યું. શ્રેષ્ઠિએ તો તેણે આપ્યા પૂર્વેજ ચારે પ્રકારના આહારના પચ્ચક્ખાણ કરી લીધા હતા. તો પણ તેના આગ્રહથી (માન રાખવા માટે) લઈને ઓશિકાની નીચે મૂક્યું..... હવે વિધિની વક્રતાથી પાન જમીન પર પડી ગયું. પ્રભાતે વરદત્ત શ્રેષ્ઠિની પત્નિ તે જોઈને તેને લઈને ઘરના આંગણે જ્યાં આવે છે. ત્યાં જ દાસીપુત્રને જોઈને કહ્યું હે દેવર ! આ તાંબુલને ગ્રહણ કર. તેણે પણ તે પાન લઈ ને ખાધું અને તૂર્તજ તે જમીન પર ઢળી પડ્યો. "સ્વામિ દ્રોહી છે એમ જાણી પ્રાણો તેને છોડી ચાલ્યા ગયા" આર્તધ્યાનથી મૃત્યુ પામીને આ જે દેખાય છે તે સમડી બની છે તે જાણો.

આવા પ્રકારનું તેનું સ્વરૂપ જાણીને ભવપર વૈરાગ્ય ભાવવાળા બનેલા

વરદત્ત શ્રેષ્ઠિએ પોતાની સંપત્તિને શુભ માર્ગમાં (ક્ષેત્રમાં) વાપરીને પ્રવજ્યા (દીક્ષા) લીધી તે હું છું. આ પ્રમાણે મારૂં ચરિત્ર મેં તમને કહ્યું.

આ પ્રમાણે સંસારમાં રાગદ્વેષનો વિલાસ જાણી ને જે યુક્ત (યોગ્ય) હોય તેનો આદર કરનારા થાઓ.

એ પ્રમાણે સાંભળીને કેટલાકે સર્વ વિરતિને અને બીજા કેટલાકે દેશવિરતિ આદિનો યથાશક્તિ સ્વીકાર કર્યો. તે સમડી પણ ઉત્પન્ન થયેલા જાતિસ્મરણથી સર્વ હકીકત સાક્ષાત્ જોઈને પ્રતિબોધ પામી અને ઝાડની ટોચ પરથી મુનિની આગળ એકાએક પડીને પોતાના દુશ્ચરિત્રની ક્ષમાપના કરી (યાચી) પછી મુનિના કહેવાથી અનશનનો સ્વીકાર કરી. નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં લીન બનેલી દવલોકમાં ઉત્પન્ન થઈ.

આ પ્રમાણે ભાવ રહિત હોવા છતાં, કષાયથી કલુષિત હોવા છતાં જીવ દ્રવ્યથી પણ ધર્મ કરે છે. તો પણ કેટલાક અલ્પ સમયમાં બોધિને પામે છે. આ પ્રમાણે ભાવ રહિત ધર્મ કરનારા દાસીપુત્રનો સંબંધ (દૃષ્ટાંત) કહ્યો. અને તેથી જ પૂર્વે કહેલા ભાંગાથી આ ભાંગો કંઈક શુધ્ધ જાણવો.

એ પ્રમાણે આગળ કહેવાતાં ભાંગા વિશુધ્ધ - વિશુધ્ધ સમજવા. આ પ્રમાણે બીજા ભંગમાં રહેલા શ્રાવકો જાણવા તેવી રીતે કેટલાંક શ્રાવકો હૃદયમાં સમ્યક્ધર્મના અનુષ્ઠાનની રુચી હોવાથી શ્રેષ્ઠિઓના આભૂષણની જેમ અંદરથી સારા હોય છે. અને વળી બહારથી અસાર હોય છે. કારણ કે ધર્મમાં વીર્યાંતરાય વિ. ની વિરતિ વિ. અનુષ્ઠાન કરવામાં ઉલ્લાસ ન જાગવાથી અથવા ક્રિયાના વિષયમાં તીવ્ર રુચિની વિશેષતાથી દીક્ષાની ઈચ્છાવાળા પોતાના બાળકોને નિષેધ કરતાં નથી. અને બીજા પણ જે કોઈ દીક્ષા લે છે. તેનો દીક્ષા મહોત્સવ પોતેજ કરાવે છે. અને દીક્ષા લેનારાના સ્વજનોની આ જન્મ સુધી નિર્વાહ આદિની ચિંતાને કરે છે. ઈત્યાદિનો સ્વીકાર કરનારા પોતાની બધી દીકરીઓને શ્રી નેમિ જિનેશ્વર પાસે દીક્ષા અપાવતા, જાતે જ અઢાર હજાર સાધુઓને વંદન કર્યું છે જેણે એવા શ્રીકૃષ્ણ મહારાજા, શ્રીશ્રેણિક રાજા આદિના દૃષ્ટાંત અહીંયા જાણવા આ ત્રીજા ભાંગાના શ્રાવકો ક્રિયાથી રહિત હોવાથી બહારથી લોકોમાં ક્રિયા કરનારા

શ્રાવક રૂપે પ્રસિધ્ધ પામતાં નથી. તેથી તેઓ બહારથી અસાર છે. અંતરમાં સારા પણાથી તો પહેલાં નહિ બંધાયેલ આયુષ્યવાળા અથવા અંતરમાં સમ્યક્ત્વ હોવાથી વૈમાનિક દેવને છોડી બીજી કોઈ ગતિનું આયુષ્ય બાંધતા નથી. આગમમાં પણ કહ્યું છે. કે સમ્યક્ત્વ ન ગયું હોય તો અથવા આયુષ્ય બંધાયેલું ન હોય તો નરકમાં જતા નથી. બાંધેલા આયુષ્યવાળા કે નહિ બાંધેલા આયુષ્યવાળા બન્ને પ્રાયઃ કરીને સંખ્યાત ભવોમાં સિધ્ધિ ગતિને મેળવે છે. અને કેટલાક તો ત્રીજે ભવેપણ મુક્તિ ને પ્રાપ્ત કરે છે.

હવે કેટલાંક રાજાના આભરણની જેમ અંદરથી અને બહારથી સારા હોય છે. હૃદયમાં રુચિનો ભાવ હોવાથી અને બહારથી રત્નની ઉપમાવાળા અતિશયથી યુક્ત સમ્યક્ત્વ મૂલ બાર વ્રતને ધરનારા, પડિમા આદિ વિશેષ પ્રકારના અનુષ્ઠાન વડે અધિકતર શોભાને ધારણ કરવા વડે કરીને આનંદ, કામદેવની જેમ સારા હોય છે. અને તેઓ આ લોકમાં પણ રાજાના અધિકારી મંત્રી વિ. માં મોટી પ્રશંસા માન - પાન બહુમાન પામે છે. અને પરલોકમાં બારમા દેવલોક સુધીના સુખ સંપત્તિને પામે છે.

જધન્યથી ત્રીજે ભવે અને ઉત્કૃષ્ટથી સાત-આઠ ભવમાં મુક્તિ સુખને મેળવે છે. ઈતિ. શ્રાવકોનો ચોથો ભાંગો કહ્યો અને એઓના ચારેય ભાંગાને પરસ્પર દરેક ભંગ ઉત્તરોત્તર વિશેષ પ્રકારે આગળ વિચાર્યા છે.

એ પ્રમાણે ક્રિયાને આશ્રયીને શ્રાવકોની ચુતર્ભંગી કહી છે. હવે તે ક્રિયાને જ ધર્મના વિષયથી અધિકારી કરીને (પ્રધાન્ય આપીને) વિચારાય છે. તે આ પ્રમાણે.

અન્ત : અને બાહ્ય શુધ્ધિ એમ બે પ્રકારે ધર્મને આશ્રયીને શુધ્ધિ છે ધર્મ અને ધર્મી જુદા નથી. તેથી ધર્મ કરનારાના જ મનના પરિણામ, તત્વાદિનું જાણ પણું, શાસ્ત્રના લખાણ, બહારની ક્રિયા આદિની અપેક્ષા કરીને ધર્મને શુધ્ધિ - અશુધ્ધિ વિચારવી (જાણવી) અને તેવીજ રીતે વિચારીએ છીએ. ધર્મની અંતઃ શુધ્ધિ તે આ રીતે સર્વજ્ઞનું કહેલું ધર્મને પ્રવર્તાવનારાઓનું સાચી રીતે જીવ અજીવ આદિ તત્ત્વના જાણ પૂર્વક, સ્થૂલ કે સૂક્ષ્મ સમસ્ત જીવ રક્ષાનો પરિણામ પોતાની સકલ શક્તિ મુજબ તે વિષયમાં પ્રયત્ન કરનારો

સમતા-નમ્રતા, સરળતા, સત્ય, શૌચ, બ્રહ્મચર્ય, અપરિગ્રહીતા આદિ, ગુણમયપણું ધર્મની અંતઃ શુધ્ધિ છે. એટલે કે અંતરમાં ધર્મ હોવાથી અંતર સાર રૂપ છે. વળી બહારની શુધ્ધિ કહે છે. બહારની દૃષ્ટિએ જોનારા જનને આનંદ આપનારા, ઠંડી ગરમી વર્ષાદાદિના કષ્ટને સહન કરનારા, વિવિધ પ્રકારના વનમાં વાસ કરવા વિ. ના કારણે સહન કરનારા, છઠ્ઠ - અઠ્ઠમ વિ. તપ ક્રિયા આદિ કરનારાની બહારની શુધ્ધિ જાણવી.

હવે ચાંડાલના આભરણની જેમ કેટલાક અંતરમાં ધર્મની શુધ્ધિ ન હોવાના કારણે અન્તઃ અસાર અને બાહ્ય શુધ્ધિના અભાવે બહારથી પણ અસાર છે. જેમ વેદ વિ. માં. કહેલ યજ્ઞ કરવો, સ્નાન કરવું, ગાય અને કન્યાનું દાન આદિ કરવું તે ધર્મ છે. તે ખરેખર સર્વજ્ઞ પણાથી રહિત વાળાથી કહેલ શાસ્ત્રના મૂલરૂપ હોવાથી હિંસા આદિથી યુક્ત મહા આરંભના કારણભૂત ધર્મ અન્તઃ શુધ્ધિના અભાવે અન્તઃ અસાર છે. આજ વાત આજ ગાથામાં પૂર્વે ગુરૂની ચતુર્ભંગીમાં લેશથી વિચારેલી છે. તેવા પ્રકારના ધર્મને કહેનારા બ્રહ્મા-મહેશ આદિ દેવોનું અને વિશ્વામિત્ર આદિ ઋષિઓનું અસર્વજ્ઞ (અજ્ઞાન) પણું પ્રત્યક્ષ છે. (છતું કરે છે.)

તેવા પ્રકારની સમતા આદિનો અભાવ શ્રાપ આપવા વિ. ની પ્રવૃત્તિ, ઈન્દ્રીયોથી પરાજિત, અજ્ઞાન રૂપી અંધકારથી યુક્ત અને અપરાધ કરનારા તે કારણે અનર્થ આદિ થવાથી તેમાં અસર્વજ્ઞ પણું (અજ્ઞાનતા) સારી રીતે સમજી શકાય છે.

અસર્વજ્ઞપણાની પુષ્ટિ કરતાં કહે છે. કે બ્રહ્મા શિર (મસ્તક) વિનાના છે. હરિની દૃષ્ટિમાં રોગ છે. મહાદેવનું લીંગ લુપ્ત થયેલું છે. સૂર્યની ત્વચા ઉખેડવામાં આવી, અગ્નિ બધું ખાનારો છે. ચંદ્ર કલંકથી અંકિત છે. દેવેન્દ્ર પણ શરીરમાં રહેલા લીંગ વડે ચંચળ કરાયો છે પ્રાયઃ કરીને સન્માર્ગથી ભ્રષ્ટ થયેલા સમર્થ હોવા છતાં પણ આપત્તિ ને પામે છે. આથી તેવા પ્રકારના તેઓએ કહેલા ધર્મની અંતરમાં શુધ્ધિ કેવી રીતે હોય ?

બહાર (બાહ્ય) પણ શુધ્ધિ નથી, બહાર પણ વિશેષ તપ રૂપ કષ્ટની ક્રિયા આદિનું દર્શન ન થવાથી બહારથી પણ શુધ્ધિ નથી.

વળી પણ કહે છે કે :- આ લોકમાં ૧ વર્ષ સુધી ચાંડાલને (કસાઈને) જે પાપ લાગે છે. તે પાપ એક દિવસ અળગણ પાણી વાપરવાથી લાગે છે. સૂર્યાસ્ત થયા બાદ પાણી લોહી કહેવાય છે. તેના કારણોથી જ સ્પર્શ થયેલું પાણી પવિત્રતાને પ્રાપ્ત કરે છે. ઈત્યાદિ કહીને ગળ્યા વગરનું પાણી અને રાત્રિ ભોજન વિ. ધર્મની બુધ્ધિથી આચનારાઓ યજ્ઞ આદિમાં નિર્દયતાથી બકરાદિનો વધ કરનારા ગોળની ગાય, સ્વર્ણની ગાય, બળતી ગાડર તથા પાપના ઘડા આદિ દાનને લેનારા ગૃહસ્થોથી પણ નિર્દયતાથી અધિક આરંભ કરનારા બ્રાહ્મણોનો તે ધર્મ ઉલ્ટો બહારનું જોનારા લોકોમાં પણ નિંદાને પાત્ર બને છે. આથી બહારથી અસાર છે. એ પ્રમાણે નાસ્તિકાદિ ધર્મની પણ અન્તઃ અને બાહ્ય એમ બન્ને પ્રકારની અસારતા પ્રગટ પણે દેખાય છે.

બૌધ્ધ ધર્મ પણ આજ ભાંગામાં આવે છે. તે બૌધ્ધોને પાત્રમાં પડેલું માંસ વિ. પણ કલ્પતું હોવાથી અને તપ રૂપ કષ્ટ આદિનો નિષેધ હોવાથી અન્તઃ અને બાહ્ય એમ બન્ને રીતે અસાર છે. અને તેઓનો મત છે કે કોમળ શૈયા, સવારે (પ્રભાતે) ઉઠીને પ્રવાહી, મધ્યાહને ખાણું, સાંજે પીણું અને દ્રાક્ષાખંડ અને શર્કરા અર્ધી રાત્રે લેવાથી શાક્ય પુત્રે અન્તે મોક્ષ જોયો છે. તેથી તેની પણ અન્તઃ અને બાહ્ય અસારતા સહજભાવે સહેલાઈથી પ્રગટ થાય છે. એ પ્રમાણે બીજા પણ દાવાનલ લગાડનારા એવી જાતીના બધા ધર્મો આ જ ભાંગામાં આવી જાય છે. એ પ્રમાણે પહેલો ભાંગો કહ્યો.

આવા પ્રકારના ધર્મ કરનારાઓની ગતિ પ્રાયઃ કરીને નરકાદિની થાય છે. તેઓના શાસ્ત્રમાં પણ કહ્યું છે કે વૃક્ષોને છેદીને, પશુઓને હણીને, લોહીનો કાદવ કરીને જો સ્વર્ગ મલતો હોય તો નરકે કોના વડે જવાય ? ઈત્યાદિ કદાચ કોઈક અલ્પ ઋધ્ધિવાળા વ્યંતર વિ. માં ઉત્પન્ન થાય.

વળી કોઈ ધર્મ વેશ્યાના આભૂષણની જેમ અન્તઃ અસાર અને બહારથી સારભૂત હોય છે. જેવી રીતે તાપસ વિ. નો ધર્મ, કારણ કે સમ્યક્‌જીવાદિ સ્વરૂપને નહિ જાણતા હોવાથી જીવરક્ષાના પ્રકારને નહિ જાણતાં, વિશેષ પ્રકારે તેવા પ્રકારના જીવરક્ષાના પરિણામ વિ. નહિ આવવાથી અલ્પ માત્ર અપરાધ કરનારને શ્રાપ વિ. આપનારા, અનંતકાય કંદમૂલ, શેવાલ, ફળ વિ.

ખાનારા, છ જીવની કાયના જીવોને દુઃખ આપનારા તાપસ વિ. ના ધર્મની કાંઈપણ અન્તઃ શુધ્ધિ નથી. બહારથી પણ શુધ્ધિ અલ્પાંશે છે. ભોળાલોકોને આનંદ આપનારા, વનમાં રહેનારા, ઝાડની છાલને પહેરનારા, કંઈક તપ રૂપ કષ્ટ અનુષ્ઠાન આદિને કારણે કંઈક બહારથી શુધ્ધિ છે આવા પ્રકારના ધર્મથી ઉત્કૃષ્ટગતિ જ્યોતિષ્ક દેવાદિ સુધી થાય છે.

આગમમાં કહ્યું છે કે :- તાપસો જ્યોતિષ્ક સુધી, ચરક અને પરિવ્રાજક, પાંચમા બ્રહ્મદેવલોક સુધી જાય છે. આવા પ્રકારના બીજા પણ ધર્મ આ ભંગમાં જાણવા ઈતિ ૨ જો ભંગ.

હવે બીજો ધર્મ શ્રેષ્ઠિઓના આભરણની જેમ અન્તઃ સારભૂત બાહ્ય અસારભૂત હોય છે. જેવી રીતે અવિરત સમ્યક્‌દૃષ્ટિનો ધર્મ આમાં સમ્યક્‌દેવ - ગુરૂ અને ધર્મ પરની શ્રધ્ધા અને તેની આરાધનાનો પરિણામ પાપ ભીરૂપણું વિ. લક્ષણ વાળી અન્તઃ શુધ્ધિ હોવાથી અન્તઃ સાર છે. સ્થૂલ પ્રાણાતિપાત આદિ વ્રતની અવિરતિ હોવાથી તપ રૂપ કષ્ટ અનુષ્ઠાન વિ. થી રહિત હોવાથી બાહ્ય અસાર પણું છે. સત્યકી વિદ્યાધર આદિની જેમ આવા પ્રકારના ધર્મ કરનારાઓ નિયમા વૈમાનિક દેવગતિને છોડીને બીજું આયુષ્ય બાંધતા નથી.....

આગમમાં કહ્યું છે કે :- સમ્યક્‌દૃષ્ટિજીવો વૈમાનિકને છોડીને આયુષ્ય બાંધતા નથી. એ પ્રમાણે ૩ જો ભાંગો થયો - કહ્યો કેટલાક ધર્મ અન્તઃ અને બાહ્ય બન્ને રીતે સારા હોય છે. રાજાના આભૂષણની જેમ.

જેવો જૈનીઓનો સર્વવિરતિ ધર્મ છે. તે ધર્મ જે રીતે કહ્યો છે, તે રીતે અંતઃ શુધ્ધિ અને બાહ્ય શુધ્ધિવાળો હોવાથી બન્ને પ્રકારે સાર રૂપ છે. આ વાત સહજ ભાવે સમજી શકાય તેવી છે. તેથી તેનો વિસ્તાર કરતા નથી. આ પ્રકારના ધર્મથી જીવોની જધન્યથી સૌધર્મ દેવલોક, ઉત્કૃષ્ટથી સર્વાર્થસિધ્ધ સુધી ગતિ થાય છે. (મોક્ષ પણ પ્રાપ્ત થાય છે.)

દેશવિરતિધર્મ પણ આજ રીતે સમજવો. અન્તઃ શુધ્ધિ અને બહારની શુધ્ધિની વિચારણા અહીંયા પણ દેશતઃ કરવી..... આ દેશવિરતિ ધર્મથી ઉત્કૃષ્ટથી બારમાં દેવલોક સુધી અને જધન્યથી સૌધર્મ દેવલોક સુધી ગતિ

થાય છે. દૃષ્ટાંતો યથાયોગ્ય જાતેજ વિચારી લેવા એ પ્રમાણે ધર્મ વિષયક શુધ્ધિને અનુસરીને ૪ ભાંગા કહ્યા.

હવે સામાન્યથી જીવોના ધર્મ ગુણ ને આશ્રયીને ચાર ભાંગા છે તે આ રીતે કેટલાક જીવો ચાંડાલના આભરણની જેમ ધર્મથી અંતઃ અને બાહરથી અસાર છે. હૃદયમાં પરિણામનો અને બહારથી ક્રિયાનો અભાવ હોવાથી કાલસૌકરિક કસાઈની જેમ ધર્મનો અભાવ હોવાથી બન્ને રીતે અસાર છે. અને તેવા જીવો નરકગામિ જાણવા.

બીજા ભાંગામાં વેશ્યાના આભરણની જેમ અંતરમાં અસાર અને બાહ્ય સારા હોય છે. હૃદયમાં ધર્મનો પરિણામ ન હોવાથી અસાર છે. બાહ્ય તેવા પ્રકારની ક્રિયાની આચરણાથી સાર છે. બાર વર્ષ સુધી યતિવેષ ને ધારણ કરીને ઉદાયિ રાજાના હત્યારા (વિનયરત્ન) સાધુની જેમ અન્તઃ અસાર અને બહારથી સારા ત્રણ ગામના મધ્યમાં રહેનારા **કૂટક્ષપકની** જેમ.

કેટલાંક અહીંયા પણ અનર્થનું પાત્ર બને છે. ઉભયવત્ એટલે કે વિનયરત્ન અને કૂટક્ષપકની જેમ પરલોકમાં નરકગતિના ગામી જાણવા. કેટલાક વળી અતિક્ષુદ્ર મનવાળા ક્રિયાના અભ્યાસ વિ. ના કારણે પરલોકમાં બોધિ ને પણ પામે છે. તેથી નજીકમાં સિધ્ધિપદને પણ મેળવે છે.

દૃષ્ટાંત :- પૂર્વે કહેલાં વરદત્ત શ્રેષ્ઠિ અને દાસીપુત્ર વિ. ના જાણવા કેટલાક તો તેજ ભવે પણ સમ્યક્ધર્મ પણ પામે છે. ક્ષુલ્લકકુમારની જેમ (બાળ સાધુની જેમ) નૂતન પરણેલા નાગીલાના ધ્યાનમાં લીન બનેલાભાઈ ભવદેવના આગ્રહને વશ થઈ ઘણા વર્ષ સુધી દ્રવ્ય પણે સાધુપણામાં રહેલા ભવદત્તની જેમ આ પ્રમાણે બીજો ભાંગો થયો.

વળી શેઠીયા ના આભૂષણની જેમ હૃદયમાં ધર્મના પરિણામ હોવાથી અન્તઃ સારા બલભદ્રમહર્ષિની સેવા કરનાર મૃગની જેમ ધર્મ ક્રિયાથી રહિત હોવાથી બહારથી અસાર છે.

તે વાત આગમમાં પંણ કહી છે. શ્રુતિ (ધર્મ શ્રવણ) અને શ્રધ્ધા પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ ધર્મમાં વીર્ય (પુરુષાર્થ) ફોરવવાનું દુર્લભ બને છે.

ધર્મ ઘણો રુચવા છતાં પણ ધર્મારાધનમાં પ્રવૃત્તિ રહિત બને છે. તેઓ આસન્ન સિધ્ધ થતાં નથી કારણ કે પ્રાયઃ કરીને ક્રિયાઅનુષ્ઠાનવિના ભવથી તરી શકાતું નથી.

કહ્યું છે કે :- તરવાની ક્રિયા જાણતો હોવા છતાં જો કાયાના યોગનો (હાથ હલાવવા વિ. ક્રિયા) ઉપયોગ કરતો નથી તે પાણીના પ્રવાહમાં ડુબે છે. એ પ્રમાણે ચારિત્ર વિનાનો જ્ઞાનવાળો (જ્ઞાની) પણ ડૂબે છે. કેટલાક તો ભવાન્તરમાં સમ્યક્ ક્રિયા અનુષ્ઠાનમાં વીર્ય ફોરવીને અન્ત : અને બાહ્ય સાર પણાને પામીને આસન્ન સિધ્ધ પણ થાય છે. **ઈતિ ૩ ભાંગો**

વળી કેટલાક રાજાના આભરણની જેમ બાહ્ય સારા અને અન્તઃ પણ સારા હોય છે. જેવી રીતે દેશવિરતિ ધારક કુમારપાળ આદિ સર્વ વિરતિ ધારક, મહાવીર પ્રભુનો પૂર્વભવ નંદનઋષિ વિ. અને તેઓ તેજ ભવમાં અથવા ત્રણ ભવમાં સિધ્ધિગામી થાય છે. **ઈતિ ૪ ભાંગો**

આ પ્રમાણે સંસારના કારણભૂત આંતર શત્રુ ઉપર જયરૂપ લક્ષ્મીને પ્રાપ્ત કરવા માટે ગુરુ—શ્રાવક-ધર્મ અને જીવને આશ્રયીને કહેલા જુદા જુદા ચાર ભાંગામાંથી છેલ્લા બે ભાંગાને વિષે ચિત્તને લગાવીને હે પંડીતો ! પ્રયત્ન કરવો.

આ પ્રમાણે તપાગચ્છીય શ્રીમુનિસુંદરસૂરિ રચિત શ્રી ઉપદેશરત્નાકર નામના આ ગ્રંથમાં શ્રી ગુરુ પરીક્ષાના અધિકારમાં ॥ **પંદરમો તરંગ પૂર્ણ** ॥

(પ્રતમાંલખ્યા મુજબ)

॥ इति द्वितीयेंऽशे प्रथमद्वितीय तरंगो ''समाप्त''

નોંટ :- તરંગ-૧૪ અને ૧૫ ને બીજા અંશના ૧-૨ તરંગ તરીકે ગણવો

અંશ-૨ (તરંગ-૩)

હવે કરંડીયાની ઉપમા દ્વારા શ્રી ગુરુની ચતુર્ભંગી કહે છે. **શ્લોકાર્ય :-** (૧) ચાંડાલ (૨) વેશ્યા (૩) ગૃહપતિ (શ્રેષ્ઠિ) અને (૪) રાજાના કરંડીયાની ઉપમા જેવા ચાર પ્રકારના ગુરુઓ હોય છે. શ્રુત અને ચરણ આદિ વડે ઉત્તરોત્તર અસાર અને ઉત્તરોત્તર સારા જાણવા.

વ્યાખ્યા :- ચાંડાલ આદિના કરંડીયાની ઉપમાવાળા ગુરુઓ ચાર પ્રકારના છે. શ્રુત - ચરણ આદિથી રહિત અતિશયોથી યુક્ત એ કારણથી પહેલો અસાર અને સારા એ પ્રમાણે બે ભાંગા વડે ચતુર્ભંગી કરવાથી અત્યંત અસાર અસારા અને અત્યંત સાર સારા થાય છે. એ પ્રમાણે સંબંધ છે. તેમાં શ્રુત એટલે અરિહંત પરમાત્મા એ કહેલા આગમ, ચારિત્ર એટલે પાંચ મહાવ્રતાદિ જેમાં છે તે.

આગમમાં કહ્યું છે કે :- ૫ વ્રત, ૧૦ યતિ ધર્મ, ૧૭ પ્રકારે સંયમ, ૧૦ વૈયાવૃત્ય, ૯ બ્રહ્મચર્યની ગુપ્તિ (વાડ) ૩ જ્ઞાનાદિ, ૧૨ તપ, ૪ ક્રોધાદિ તે ૪ નો નિગ્રહ આને ચારિત્ર કહેવાય છે. આદિ શબ્દથી ક્રિયાદિ ગ્રહણ કરવું.

શ્રી સૂરિ વિશેષ ગુણવંત અતિશયવંત અને લબ્ધિવંત આદિગ્રહણ કરવા તેમાં કરણ (ક્રિયા) એટલે પિંડની વિશુધ્ધિ આદિ જાણવું. આગમમાં કહ્યું છે કે :- પિંડ શુધ્ધિ ૪, સમિતિ ૫, ભાવના ૧૨, પડિમા ૧૨, ઈન્દ્રિયોનો નિરોધ ૫, પડિલેહણ ૨૫, ગુપ્તિ - ૩, અને અભિગ્રહ એ બધી ક્રિયાઓ છે. આચાર્યના વિશેષ ગુણો પ્રતિરુપત્વાદિ જાણવા.

કહ્યું છે કે :- પ્રતિરુપ, તેજસ્વી, યુગ પ્રધાન વળી અતિશયો, અઢીયોજનમાં દુકાળ, ડમરી આદિ વિદ્યા-મંત્ર ચૂર્ણ વિ. પ્રયોગથી ઉત્પન્ન થયેલા અથવા વશ કરેલા દેવતાદિથી થતાં ચમત્કાર વિશેષ તે અતિશયો છે. લબ્ધિઓ કોને કહેવાય તે કહે છે. ક્ષીરાશ્રવ આદિ કફ, વિષ્ટા, મલ, આમર્ષ, ઔષધિ વિ. અવધિજ્ઞાન વિ. લબ્ધિ હોય છે.

હવે તેની વિચારણા કરે છે :- જેવી રીતે ચાંડાલનો કરંડીયો ચામડાથી મઢેલો અને ચામડાથી ભરેલો હોવાથી અત્યંત અસાર છે. (ચામડાનો હોવાથી અત્યંત અસાર છે.) તેવી રીતે પાસત્થાદિ ષટ્પ્રજ્ઞકની ગાથાઓ (શ્લોકો)

જ્યોતિષાદિ, રુપ, સૂત્ર, અર્થ, ધરનારા તેવા પ્રકારની યતિ ક્રિયાથી રહિત (વિકલ) હોવાથી અત્યંત અસાર છે. તેઓનું તેવા પ્રકારનું શ્રુત અને ક્રિયા પાપકારી હોવાથી બીજાને ધર્મ ઉપર અશ્રધ્ધા અને મિથ્યાત્વ આદિના પોષક રૂપ હોવાથી ચામડાની વસ્તુ જેવા થાય છે.

આની વિચારણા પહેલા કહેલી ગાથામાં ચાંડાલના આભરણના દૃષ્ટાંતની વિચારણા દ્વારા કરી છે. ઈતિ. તેથી વિશેષાર્થિએ ત્યાંથી જાણી લેવું.

વેશ્યાનો કરંડીયો લાખથી ભરેલા સ્વર્ણના આભૂષણ આદિનું સ્થાન હોવાથી ચાંડાલના આભૂષણથી સારરૂપ હોવા છતાં પણ કહેવાતા કરંડીયાની અપેક્ષા વડે અસાર છે. તથા કેટલાક થોડુંક જ્ઞાન પામેલા કંઈક ક્રિયામાં પ્રવૃત્તિ કરવા વડે અને વાણીના આડંબર વડે ભોળા લોકોનું આકર્ષણ કરતાં હોવા છતાં પણ પરિક્ષામાં સફળ નહિ થતાં હોવાથી અસાર છે. પાસત્થાદિથી કંઈક સારપણું હોવા છતાં પણ તેઓના વિશિષ્ટ ચારિત્રની અપેક્ષાએ અસારપણું છે. ઈતિ.

તેવી રીતે શ્રેષ્ઠિઓનો કરંડીયો વિશિષ્ટ મણીના, સ્વર્ણના આભૂષણોનું સ્થાન હોવાથી સાર રૂપ છે. એ પ્રમાણે કેટલાક ગુરુઓ પોતાના સિધ્ધાંત અને બીજાના સિધ્ધાંતને જાણનારા અને સમ્યક્ ક્રિયાદિ ગુણયુક્ત હોવાથી સારરૂપ છે.

વળી જેવી રીતે રાજાનો કરંડીયો અમૂલ્ય રત્નથી જડેલા અલંકાર સમો અમૂલ્ય રત્નાદિનું સ્થાન હોવાથી અત્યંત સારભૂત છે. તેવી રીતે કેટલાક ગુરુઓ આચાર્યના સર્વગુણોથી યુક્ત વિશિષ્ટ અતિશય વાળા વિવિધ પ્રકારની લબ્ધિયુક્ત અને સ્મૃધ્ધિના સ્થાન હોવાથી અત્યંત સારભૂત છે. શ્રી ગૌતમ સ્વામી, શ્રી સુધર્મા સ્વામિ, શ્રી ભદ્રબાહુ સ્વામી, શ્રી સ્થૂલભદ્ર સ્વામીની જેમ. તે પ્રમાણે કરંડીયાની ઉપમા દ્વારા સ્પષ્ટ કરેલી ગુરુના વિષયની ચતુર્ભંગી જાણીને (સાંભળીને) હે પંડીત લોકો ! સંસારરૂપી શત્રુ ઉપર જય રૂપી લક્ષ્મીની જો ઝંખના હોય તો હંમેશા સદ્‌ગુરુઓનો આદર કરો. ઈતિ.

દ્વીતીય અંશે

॥ તૃતીય સ્તરંગ સમાપ્ત ॥

અંશ-૨ (તરંગ-૪)

હવે રત્નના દૃષ્ટાંતથી ફરી ગુરુની ચતુર્ભંગી અને પ્રસંગાનુસારે સામાન્ય જીવાદિની ચતુર્ભંગી કહે છે.

શ્લોકાર્થ :- રત્નોની જેમ કેટલાક આચાર્ય, શ્રમણ, શ્રાવક અને જીવો અન્તઃ સારા અને બાહ્ય પણ સારા હોય છે. પોતાના અને બીજાના બન્નેના ઉપર ઉપકાર કરનાર અને ઉપકાર નહિ કરનારા ચાર પ્રકારે હોય છે.

૧) પોતાના ઉપર ઉપકાર કરે અને બીજાઓ ઉપર પણ કરે,
૨) પોતાના ઉપર ઉપકાર કરે અને બીજાઓ ઉપર ન કરે,
૩) પોતાના ઉપર ઉપકાર ન કરે અને બીજાઓ ઉપર કરે,
૪) પોતાના ઉપર ઉપકાર ન કરે અને બીજાઓ ઉપર પણ ન કરે.

વ્યાખ્યા :- આચાર્યો, શ્રમણો, શ્રાવકો અને સામાન્યથી જીવો રત્નોની જેમ અંતઃ અને બાહ્ય સારા અને અસાર હોય છે. એ પ્રમાણે ચાર ભાંગા થાય છે. તેમાં કેટલાક રત્નોનું અંદરથી સારપણું અગર્ભિતપણાથી તથા અભંગુરપણાદિ થી જાણવું અને બહારથી સારપણું તેવા પ્રકારના તેજ વિશેષ થી જાણવું ! તેવી રીતે આચાર્ય આદિનું બહારથી અને અંદરથી સાર પણાને વિષે સૂત્રકાર જ હેતુ કહે છે.

''सपरु जायाणु जायाणो वयार ओत्ति'' આચાર્ય પોતાના ઉપર અને બીજાના ઉપર ઉપકાર કરનારા અને બન્ને ઉપર ઉપકાર નહિ કરનારા એ રીતે ઉપર બતાવ્યા મુજબ ચાર ભાંગા રૂપે વ્યાખ્યા કરવી. પોતાનું અને બીજા ભવ્યપ્રાણીઓનું બન્ને ઉપર ઉપકાર કરનારા અને બન્ને ઉપર ઉપકાર નહિ કરનારા એ કારણો થી ચાર પ્રકારે ભાંગા થાય છે. એ પ્રમાણે ગાથાર્થ થયો.

ફરી એની જ વિચારણા કરતાં કહે છે. કેટલાક રત્નોઅન્તઃ અને બાહ્ય અસાર હોય છે. જેમ કે કાચમણી અને કેટલાક અંદરથી અસાર અને બહારથી સારા હોય છે. દેડકી આદિ જેવા ડાઘવાળા અન્તઃ અસાર છે અને

બાહ્ય તેજ અને મજબુતાઈ વિ. સારા હોય છે. વળી કેટલાક અન્તઃ સારભૂત અને બાહ્ય અસાર હોય છે. ખાણ આદિમાં રહેલા માટી વિ. થી મલિન જાતિરત્નની જેમ.

કેટલાક રત્નો અન્તઃ અને બાહ્ય એમ બન્ને રીતે સારા હોય છે. તેવા પ્રકારની વિધિ પૂર્વક સંસ્કારિત ક્રોડોના મૂલ્ય વિ. થી પ્રસિધ્ધ નિર્મલ જાતિરત્નની જેમ.

તેવી રીતે કેટલાક આચાર્યો અત્યંત ગાઢ પ્રમાદ પણાથી ઉભય લોકમાં એકાન્ત પણે હિત કરનારા ચારિત્ર ધર્મને શિથિલ કરતાં પોતાના આત્મા ઉપર પણ અનુપકાર કરનારા હોવાને કારણે અન્તઃ અસાર ભૂત છે. બીજા પ્રાણીઓ પર પણ સમ્યક્ દેશના આદિ વડે સદ્ધર્મને આપતાં નથી તેથી બીજાઓ પર પણ ઉપકાર થતો નથી તે કારણે બહારથી અસાર છે. તે પાસત્થાદિ જાણવા તેનું સ્વરૂપ પૂર્વે ગાથામાં કહેવાયેલ છે. એ પ્રમાણે પ્રથમ ભંગ થયો.

બીજા કેટલાક વળી પોતાના ઉપર ઉપકાર નહિ કરનારા હોવાથી બીજા રત્નની જેમ અન્તઃ અસાર છે પૂર્વની જેમ વિચારણા કરવી અને સૂત્ર અર્થને વિસ્તારથી સમજાવવા આદિ થકી શિષ્ય વર્ગના ઉપર વિહાર વિ. દ્વારા દેશના આદિ આપવા વડે અને બીજા ભવ્ય પ્રાણીઓ ઉપર આ લોકને અને પરલોકને વિષે દ્રવ્યથી અને ભાવથી ઉપકાર કરનારા હોવાથી બાહ્ય સારભૂત છે. તે સંવિગ્ન પાક્ષિકો જાણવા તેનું લક્ષણ કહે છે :-

સુસાધુના શુધ્ધ ધર્મને કહે છે. અને પોતાના આચારને (દૂષણને) નીંદે છે. શુધ્ધ તપસ્વીઓની આગળ હું તુચ્છ છું. (એ પ્રમાણે પોતાના આત્માને નીંદે છે.)

વંદે પણ વંદન કરાવે નહિ, કૃતિ કર્મ કરે પણ કરાવે નહિ તે સંવિગ્ન પાક્ષિકો જાણવા પોતાનો શિષ્ય ન બનાવે બીજા સુસાધુ પાસે દીક્ષા અપાવે (બીજાનો શીષ્ય બનાવે) એ પ્રમાણે બીજો ભંગ થયો.

કેટલાક ત્રીજા રત્નની જેમ પોતાના આત્મા ઉપર ઉપકાર કરવામાં તત્પર હોવાથી અન્તઃ સારરૂપ હોય છે. આત્મા ઉપર એક નિષ્ઠા હોવાથી

બીજા શિષ્ય, ગચ્છ, શ્રાવક આદિની ચિંતા નહિ કરનારા આદિ વડે ઉપકાર નહિ કરવાના કારણે બહારથી અસાર રૂપ છે. શ્રી આર્યમહાગિરિ સૂરિની જેમ.... તેમણે આર્યસુહસ્તિ સૂરિને ગચ્છ સોંપીને તે વખતે જિન કલ્પનો વિચ્છેદ થયેલો હોવાથી જિન કલ્પને યોગ્ય કલ્પ (આચાર) ગચ્છની નિશ્રામાં રહીને પાળતા હતા.

એક વખત આર્યસુહસ્તિ સૂરિજી વિહાર કરતાં પાટલીપુત્ર નામના નગરમાં આવ્યા ત્યાં સુભૂતિ નામના શ્રેષ્ઠિએ ગુરુની વાણીથી પ્રતિબોધ પામી શ્રાવકપણું સ્વીકાર્યું - ગુરુ મહારાજે કહેલો ધર્મ સ્વજનોને બોધ પમાડવા માટે કહે છે. પરંતુ અલ્પ બુધ્ધિવાળા તેઓ બોધ પામતા નથી તેથી તેઓને પ્રતિબોધ કરવા માટે બોલાવાયેલા આર્યસુહસ્તિસૂરિજી તેના ઘરે આવ્યા. તેઓ દેશના જ્યાં શરૂ કરે છે તેટલામાં ત્યાં ભિક્ષા માટે **આર્યમહાગિરિસૂરિજી** પધાર્યા તે વખતે આર્યસુહસ્તિસૂરિજીએ ઉઠીને તેઓશ્રીને વંદન કર્યું. પછી ત્યાંથી એકાએક ભીક્ષાને લીધા વગર જ શ્રી મહાગિરિસૂરિજી નીકળી ગયા (પાછા ફર્યા) તેવી રીતે નીકળેલા જોઈને શ્રેષ્ઠિએ આર્યસુહસ્તિગુરુને પૂછ્યું કે આપના પણ કોઈ ગુરુ છે શું ?

સૂરિજી એ કહ્યું કે હે શ્રેષ્ઠિ આ અમારા ગુરૂ છે. ત્યાગ કરવા લાયક ભીક્ષાને હંમેશા ગ્રહણ કરે છે (ગૃહસ્થને ત્યાં છેલ્લે વધેલી લુખ્ખી-સુક્કી ભીક્ષા લે છે) આદિ તેઓશ્રીના ગુણોના વર્ણનને સાંભળીને ઉત્પન્ન થયેલી શ્રધ્ધાવાળા તે શ્રેષ્ઠિ શ્રાવકે સ્વજનોને કહ્યું કે જ્યારે તમે આવા પ્રકારના મુનિને જુઓ ત્યારે ત્યાગ કરવા યોગ્ય આહાર બતાવીને તેઓને આપવું જેથી કરીને મહાફલ પ્રાપ્ત થાય. પછી બીજે દિવસે તેઓશ્રીને ઉપયોગ મૂકતાં તે આહાર (ભીક્ષા) ને અશુધ્ધ જાણીને તે ગ્રહણ કર્યા વિના પોતાના સ્થાનમાં (ઉપાશ્રયમાં) જઈને શ્રી આર્યસુહસ્તિ સૂરિજીને ઠપકો આપ્યો કારણ કે તેં જે વિનય કર્યો તેનાથી તો અમારી ભીક્ષા ગ્રહણ યોગ્ય ન રહી અર્થાત્ અણેષણીય - અશુધ્ધ કરી, તે સાંભળી તેઓશ્રીએ કહ્યું કે હવે પછી ફરીથી આવી ભૂલ નહિ કરું એ પ્રમાણે કહીને શ્રી આર્ય સુહસ્તિસૂરિજી એ તેમની પાસે ક્ષમાયાચના કરી.

એ પ્રમાણે ગણ વિ. ની ચિંતાને છોડી દઈને પોતાનીજ સાધનામાં લીન તે આ ભાંગામાં જાણવા અંદરથી સારરૂપ અને બહારથી અસાર.

જિનકલ્પી આચાર્ય આદિના દૃષ્ટાંતોથી આ ત્રીજો ભાંગો જાણવો.

તેવી રીતે કેટલાક આચાર્ય ઉભય એટલે કે બન્ને રીતે ચોથા રત્નની જેમ સારરૂપ હોય છે. પોતાના આત્મા ઉપર ઉપકાર કરવામાં લીન અને બીજાના ઉપર પણ ઉપકાર કરવામાં લીન આલોક અને પરલોકમાં દ્રવ્યથી અને ભાવથી ઉપકાર કરવા પૂર્વક ૧૫૦૩ તાપસોને ઈચ્છા મુજબ ખીર આપવા વડે દ્રવ્યથી અને કેવળજ્ઞાન આપવા વડે કરીને ભાવથી શ્રી ગૌતમગણધરાદિની જેમ બન્ને રીતે સારા હોય છે.

કહ્યું છે કે :- કલ્પવૃક્ષ સમાન, અમાપઋદ્ધિવાળા નૂતન ગુરૂ ગૌતમ સ્વામી કવલ (આહાર)ની ઈચ્છાવાળાને કેવળજ્ઞાન આપનારા થયા. તપથી આકુળ વ્યાકુળને પ્રાર્થના ન કરાયા છતાં (માંગ્યું ન હોવા છતાં) અમૃતરસ, શીતલતા અને અજર - અમરત્વ શું પ્રદાન નથી કરતા ?

શ્રી કુમારપાલ રાજાને વિષે ઘણા અવસરે આલોકને અને પરલોકને વિષે ઉપકાર કરનારાશ્રી હેમચંદ્રસૂરિજી અને શ્રી આમ રાજા આદિના પણ બન્ને રીતે ઉપકારી શ્રી બપ્પભટ્ટસૂરિ આદિના દૃષ્ટાંતો વિચારવા ઈતિ **૪થો ભંગ.**

આમાં પહેલાં ભાંગાના ગુરૂઓ તજવા યોગ્ય છે બીજા ભંગના ગુરુઓ પણ સદ્‌ગુરુનો સંયોગ થતાં તજવા લાયક છે કારણ કે તેઓનું પ્રમાદવાળું ચારિત્ર જોઈને શ્રોતાઓને તેમણે કહેલો ધર્મ પણ અશ્રધ્ધા અને ઉલ્લાસ વિનાનો પ્રાયઃ કરીને થાય છે. તેથી તેમના ઉપકારથી સિધ્ધિ થતી નથી.

વળી ઉત્તરોત્તર ગુરુના બે ભાંગા યોગ્ય છે. અને કલ્યાણની ઈચ્છાવાળાએ તેમની આરાધના સેવા વિ. કરવું એ પ્રમાણે આચાર્યને લગતી ચતુર્ભંગી કહી.

હવે શ્રમણ (સાધુ) ના વિષયની ચતુર્ભંગીની વિચારણા કરે છે. તે આ પ્રમાણે સમ્યક્‌ચરણસિત્તરી અને કરણ સિત્તરીનું સુંદર આચરણ વિ. દ્વારા

સાધુઓનો ઉપકાર થાય છે. અને ગુરુ, બાલ, તપસ્વી, વૃધ્ધ બીમાર સાધુ ઓની સેવા વિ. કરવું તેને પરોપકાર કહેવાય છે. સમ્યક્ સમાચારીનો ઉપદેશ આપવો અને માર્ગમાં સ્થિર કરવાપણું વિ. પરોપકાર છે. તેમાં કેટલાક સાધુઓ સ્વ. પર ઉપકાર કરતા ન હોવાથી કાચમણીની જેમ (અન્તઃ અને બાહ્યઃ) બન્ને રીતે અસાર છે અને તે પાસત્થાદિ જ જાણવા.

કેટલાક પોતાના આત્મા ઉપર ઉપકાર કરનાર કારણ રૂપ સંયમ ગુણથી રહિત (વિકલ) હોવાથી બીજા રત્નની જેમ અન્તઃ અસાર છે. અને ગ્લાન વિ. અવસ્થામાં સુસાધુની સેવા વિ. ઉપકાર કરવામાં તત્પર હોવાથી બાહ્ય સાર રૂપ છે. અને તે સંવિગ્ન પાક્ષિક જ જાણવા.

કહ્યું છે કે વનમાં, બંધનમાં પડેલા, માર્ગમાં, ઓછું મળેલ હોય ત્યારે ગ્લાનપણા વિ. માં કાર્ય આવ્યે છતે સર્વ પ્રકારના આદર પૂર્વક અને જયણાદિ પૂર્વક જે સાધુનું કાર્ય કરે છે. તે મોક્ષનો ત્રીજો માર્ગ હોવાથી તે સંવિગ્ન પાક્ષિક કાંઈક યોગ્ય છે. વળી કહ્યું છેકે :-

સાવદ્ય (પાપકારી) યોગનો પરિહાર વિ. યતિ ધર્મ સર્વ પ્રકારે ઉત્તમ છે. બીજો શ્રાવક-ધર્મ અને ત્રીજો સંવિગ્ન પાક્ષિક.... ઈતિ **બીજો ભંગ** કહ્યો.

વળી કેટલાક તો પોતાની જ સિધ્ધિને ઈચ્છતા હોવાથી અન્તઃ સારભૂત અને પડિમાધારી જિન કલ્પીક સાધુની જેમ બહારથી અસાર છે ઈતિ **૩ જો ભાંગો.**

કેટલાક પોતાના ઉપર અને બીજાઓ ઉપર ઉપકાર કરતાં હોવાથી ચોથા રત્નની જેમ અંતઃ અને બાહ્ય એમ બન્ને રીતે સારા છે. શ્રી ભરત ચક્રી, બાહુબલી પૂર્વભવના બાહુસુબાહુ શ્રી કૃષ્ણના પિતા વસુદેવનો જીવ સેવાભાવી નંદીષેણ મુનિ વિ. મહર્ષિઓની જેમ અંતઃ અને બાહ્યઃ એમ બન્ને રીતે સારા છે. ઈતિ **૪ ભંગ.**

આ બન્ને (ત્રીજો અને ચોથો) ભાંગા યોગ્ય છે. તેઓ તે ભવમાં અથવા ત્રણ ચાર વિ. ભવમાં સિધ્ધિગામી થાય છે. ઉત્તરોત્તર પણ આ પ્રમાણેની ભાવના જાણવી એ પ્રમાણે સાધુઓની ચતુર્ભંગી કહી.

હવે શ્રાવકોની ચતુર્ભંગી વિચારે છે. તેમાં કેટલાક શ્રાવકો ધર્મક્રિયામાં પ્રમાદીપણાના કારણે પોતાને ભવસમુદ્રમાં ડુબાડે છે. અને ધર્મ કરવામાં તેનો ઉપદેશ આપવામાં અને ધર્મ કરનારને સહાયક બનવા વિ. થી રહિત હોવાથી. બીજા સ્વજન પરિવારને પણ દ્રવ્ય અને ભાવ આપત્તિથી તારતાં (બચાવતાં) નથી એમ બન્ને રીતે ઉપકારક નહિ બનતાં હોવાથી, કાચમણીની જેમ અન્તઃ અને બાહ્ય એમ બન્ને રીતે અસાર છે. સહદેવની જેમ, તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

સહદેવની કથા

કુશસ્થલ પુરમાં વિમલ અને સહદેવ નામના બન્ને ભાઈઓએ સાધુ મ. પાસેથી ધર્મનો સ્વીકાર કર્યો.

એક વખત તે બન્ને ભાઈઓ પૂર્વના દેશમાં દ્રવ્યને (વ્યાપારને) માટે ચાલ્યા અડધા માર્ગમાં આવ્યા ત્યારે કોઈ મુસાફરે નિર્મલ જલ વિ. થી યુક્ત માર્ગ છે ? એમ પૂછ્યું ત્યારે પાપના ભયથી વિમલે કહ્યું કે હું જાણતો નથી. વળી તું ક્યાં જાય છે ? એ પ્રમાણે પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે વ્યાપારાર્થે જાઉં છું. તારૂં ગામ કહે એમ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે હું રાજધાનીમાં રહું છું મારૂં કાંઈજ નથી પછી વળી પૂછ્યું કે હું તમારી સાથે આવું ? ત્યારે તેણે કહ્યું કે તમને ઠીક લાગે તે કરો અમે કોણ ? એ પ્રમાણે વિમલે કહ્યું.

પછી સાથે આવેલા મુસાફરે રસોડામાં અગ્નિની યાચના કરી ત્યારે તેણે કહ્યું કે હું અગ્નિ નહિ આપું (પાપના કારણે ના પાડી) પણ તું મારી સાથે ભોજન કર એમ કહ્યું ત્યારે આક્રોશ પૂર્વક મુસાફરે ડરાવવા માટે શરીરની વૃધ્ધિ કરી. પ્રાણાન્ત કષ્ટમાં પણ ડર્યા વગરનો જોઈ તે મુસાફરે પોતાનું દીવ્ય સ્વરૂપ પ્રગટ કર્યું ઈન્દ્રે સભામાં કરેલ પ્રશંસાનો વૃતાંત (વાત) કહ્યો અને બલાત્કારે ખેસમાં વિષને હરનાર મણી બાંધીને દેવચાલ્યો ગયો અને સહેદેવ આદિને તે વૃતાંત વિમલે કહ્યો. ત્યાર પછી એક વખત નગરમાં કોલાહલ થતો જોઈ પ્રશ્ન કર્યે છતે (પૂછતાં) કહ્યું કે પુરુષોત્તમ રાજા હમણાં સર્પથી ડંસાયેલા પુત્રને જીવાડનારને અડધું રાજ્યદાનમાં આપવાનો પડહ

વગડાવે છે. એ જાણીને સહદેવે બલાત્કારે વસ્ત્રના છેડામાંથી મણીને લાવીને પડહ ને સ્પર્શ કર્યો અને પુત્રને જીવિત કર્યો પછી સહદેવના કહેવાથી રાજાએ વિમલની પાસે આવીને રાજ્ય લેવાની પ્રાર્થના (વિનંતી) કરી ત્યારે તે વિમલે આરંભ (પાપનું કારણ હોવાથી)ની બીકથી તે રાજ્ય ન લીધું. ત્યારે રાજાએ હાથી ઉપર બન્નેને બેસાડી પોતાના મહેલમાં લાવીને સહદેવને દાનમાં અડધું રાજ્ય આપ્યું વિમલની ઈચ્છા ન હોવા છતાં પણ શ્રેષ્ઠિ પદ અને મકાન વિ. આપ્યું.

સહદેવ તો રાજ્યમાં અને વિષયમાં આસક્ત બન્યો અને મહારંભકરવા પૂર્વક ધર્મને ત્યાગી દીધો અને સાધર્મિકોને પણ અન્યાય કરવા વિ. થી પીડવા લાગ્યો અને તેઓને ધર્મમાં સહાય આદિ કરવી તો દૂર રહી ઉલ્ટું વિમલેવાર્યા છતાં પણ યુધ્ધ વિ. કર્યું અને કહ્યું કે રાજ્યના કેટલા બધા કાર્ય દેખાય છે. (હાલ રાજ્યને સંભાળું) ધર્મ તો અવસરે કરાશે (કરીશું) ઈત્યાદિ. તેના સંગથી તેનો પરિવાર પણ તેવી રીતે ધર્મથી વિમુખ બન્યો એક વખત તે શત્રુએ મોકલેલ હત્યારાથી મરાયો અને પહેલી નરકે ગયો. તે કારણે ઉત્પન્ન થયેલા વૈરાગ્ય થી અત્યંત ધર્મની આરાધના કરીને વિમલ સ્વર્ગમાં ગયો અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ મોક્ષમાં જશે ઈતિ. **પ્રથમ ભંગ**

કેટલાક વળી ચારિત્ર મોહનીય કર્મની પ્રાબલ્યતા (જોર) વિ. ના કારણે પોતે ધર્મ ક્રિયામાં પ્રમાદી (આળસુ) હોવા છતાં પણ બીજાઓ પાસે ધર્મ ક્રિયા કરાવે છે. તેવા પ્રકારનો ધર્મનો ઉપદેશ આપવો, વિઘ્ન નિવારણ આદિ કરવા વડે કરીને, સહાયક બનવા દ્વારા દીન (ગરીબ) અનાથ (સહાય વગરના) ને પણ ધનાદિ સામગ્રી આપવા દ્વારા ઉપકાર કરનાર બને છે તેથી તેઓ બહારથી સાર રૂપ રત્ન સરિખા છે.

પ્રવજ્યા લેવાની ઈચ્છાવાળા, પોતાના સંતાનનો નિષેધ નહિ કરનારા, પૂર્વે દીક્ષા લીધેલી સર્વ પુત્રીઓ અને બાકીના સઘળા તપના અર્થિઓના તપના મહિમાનો ઉત્સ્વ કરવા પૂર્વક અને જે કોઈ દીક્ષા લે તેવા કુટુંબનો નિર્વાહ આદિમાં સહાય કરનારા તેના હેતુભૂત તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરનાર, શ્રી કૃષ્ણ નૃપાદિની જેમ બાહ્ય સારા હોય છે.

શ્રી કૃષ્ણાદિજેવા કેટલાકનું અન્તઃકરણ સમ્યક્ત્વ આદિથી ભાવિત હોવા છતાં પણ વિરતિ વિ. વિશેષ ગુણથી રહિત હોવાથી વાંઝણી કન્યાદિની જેમ અન્તઃ અસાર વાળા હોય છે. ઈતિ **બીજો ભાંગો.**

બાહ્યતો ભાઈ, પત્નિ, પુત્રાદિ સ્વજન, પરિજન વિ. ને પ્રતિબોધ કરવામાં અસમર્થ અને બીજાને ધર્મમાં સહાય વિ. કરવામાં અસમર્થ. સમ્યક્ અનુષ્ઠાનથી પોતાના આત્માને ભવથી તારવા વડે કરીને પોતાના ઉપર ઉપકાર કરનારા અન્તઃ સાર રત્ન જેવા હોય છે.

પૂર્વ ભંગમાં કહેલ સહદેવના મોટાભાઈ વિમલની જેમ અન્તઃ સાર વાળા હોય છે. ઈતિ - **ત્રીજો ભાંગો.**

વળી કેટલાક સ્વ અને પરનો ઉપકાર કરવામાં સમર્થ હોય છે. તે અન્તઃ અને બાહ્ય બન્ને રીતે સારા એવા રત્નની ઉપમા જેવા છે. શ્રી કુમારપાલ રાજા વિ. ની જેમ તે આ પ્રમાણે.

શ્રી કુમારપાલ રાજા શ્રી સમ્યક્ત્વ મૂળ બારવ્રતનું પાલણ કરનારા, ત્રિકાળ જિન પૂજા, આઠમ અને ચૌદશે ઉપવાસ સહિત પૌષધ, પારણે દૃષ્ટિ પથમાં આવનારા બીજા સેંકડો ને પણ યથાયોગ્ય આજીવિકાને આપવા દ્વારા સંતોષને આપનારા સાથે પૌષધ કરનારાઓને પોતાના મહેલમાં પારણું કરાવનારા, ધન હીન સાધર્મિકનો ઉધ્ધાર કરવા માટે ૧ હજાર સોનામહોર અર્પણ કરનારા, ૧ વર્ષમાં સાધર્મિકોને ૧ ક્રોડ સોનામહોર દાનમાં આપતાં એ પ્રમાણે ૧૪ વર્ષમાં ચૌદ ક્રોડ સોનામહોરનું દાન કરનારા, ૯૮ લાખ દ્રવ્યનું સાધર્મિકો ને ઔચિત્ય દાન કરનારા ૭૨ લાખ અપુત્રવાળી રોતી વિધવાની મિલકતના વીલને ફાડનારા (મીલકતના હક્ક છોડી દેનારા) ૨૧ જ્ઞાન ભંડાર લખાવનારા (બનાવનારા), હંમેશા ત્રિભુવનપાલ વિહારમાં સ્નાત્ર ભણાવનારા, શ્રી હેમચંદ્ર ગુરુના ચરણકમલમાં દ્વાદશાવર્ત વંદન કરનારા, ત્યાર પછી અનુક્રમે સર્વ સાધુને વંદન કરનારા, પોતાના પહેલા પૌષધાદિ વ્રતને લેનારા યોગ્ય શ્રાવકને નમસ્કાર બહુમાન આદિ કરનારા, અઢારદેશમાં અમારીનો પડહ (ઢંઢેરો) પીટાવનારા, ન્યાયનો ઘંટ વગાડાવનારા, વળી **ચૌદ** દેશમાં ધન આપવા દ્વારા અને મૈત્રીપણાથી જીવરક્ષા કરાવનારા, ૧૪૪૪ નૂતન મંદિર બનાવનારા, ૧૬૦૦, જીર્ણોધાર કરાવનારા ૭ તીર્થ

યાત્રા કરનારા, પ્રથમ વ્રતમાં મારી એ પ્રમાણે અક્ષર-શબ્દ બોલી જવાય ત્યારે ઉપવાસ કરનારા, બીજા વ્રતમાં ભૂલથી અસત્ય (જુઠું) બોલાઈ જાય તો આયંબીલ કરનારા, ત્રીજા વ્રતમાં મૃત્યુ પામેલાનું ધન છોડનારા, ચોથા વ્રતમાં ધર્મની પ્રાપ્તિ પછી બીજી વાર લગ્ન નહિ કરનારા, ચાતુર્માસમાં મન, વચન, કાયા એમ ત્રણ યોગો વડે કરીને બ્રહ્મચર્યને ધરનારા (પાલણ કરનારા) મનથી ભંગ થાય તો ૧ ઉપવાસ, વાણીથી ભંગથાય તો ૧ આયંબીલ અને કાયાથી ભંગ અને સ્પર્શ થઈ જાય તો ૧ એકાસણું કરનારા અને પરસ્ત્રીને માટે ભાઈનું બિરૂદ ધરનારા, રાણીભોપાલ દેવી આદિ આઠે આઠ સ્ત્રીઓ આઠ મૃત્યુ પામી છતાં પ્રધાન મંત્રિ વિ. થી બહુ કહેવા છતાં પણ લગ્ન નહિ કરવાના નિયમમાં અચલ રહેનારા, આરતિને માટે ભોપાલદેવીની સુવર્ણની મૂર્તિ કરાવનારા, વાસક્ષેપ પુર્વક ગુરુ વડે રાજર્ષિ બિરૂદને (પામનારા) ધરનારા.

પાંચમાં વ્રતનો વિસ્તાર તો આ પ્રમાણે છે. ૬ ક્રોડનું સોનું, આઠ ક્રોડની ચાંદી, ૧૦૦૦ તોલા પ્રમાણ મહા મૂલ્ય રત્નવાળા, ૩૨ હજાર મણ ઘી, ૩૨ હજાર મણ તેલ, ૩ લાખ મણ ચાવલ, ચણા, જુવાર, મગ આદિ ધાન્યના પાંચ લાખના મૂઠા, ઘોડા ૧ હજાર, હાથી અને ઊંટ પ્રત્યેક પાંચશો વળી ઘર દુકાન, સભા, વહાણ ગાડા વિ. દરેક ૫૦૦/ ૫૦૦/, ૧૧૦૦ હાથીઓ, ૫૦ હજાર રથ, ૧૧ લાખ ઘોડા, ૧૮ લાખ શ્રેષ્ઠ સુભટો ઈત્યાદિ સર્વસૈન્યનો મેલાપ હતો. છઠ્ઠાવ્રતમાં વર્ષાઋતુમાં પાટણ શહેરની સીમા છોડીને અધિક નહિ જનારા.

સાતમાવ્રત ભોગોપભોગમાં દારૂ, માંસ, મધ, માખણ, બહુબીજવાળા ફળો, પાંચ ઉદુમ્બર ફળ, અભક્ષ્ય, અનન્તકાય, જમીનકંદ, ઘેબર, વિ. ના નિયમ ધરનારા, દેવે આપેલ વસ્ત્ર ફળ, આહાર વિ. નો ત્યાગ કરનારા, સચિત્તમાં માત્ર નાગરવેલનું પાન, દિવસમાં માત્ર આઠ પાનના બીડાની છૂટ રાખનારા, રાત્રિમાં ચારે આહારનો ત્યાગ કરનારા, વર્ષાઋતુમાં એક ઘી વીગઈ લેનારા પાંચનો ત્યાગ કરનારા, લીલાશાકભાજી નહિ લેનારા, હંમેશા એકાસણા કરનારા, પર્વના દિવસોમાં અબ્રહ્મ, વીગઈ અને સચિત્ત છોડનારા, આઠમા વ્રતમાં સાતે વ્યસનોને દેશમાંથી કાઢી સમુદ્રમાં ડુબાડનારા.

નવમા વ્રતમાં ઉભયકાલ સામાયિક કરનારા, સામાયિક કરે ત્યારે હેમચંદ્રાચાર્ય સિવાય બીજા સાથે નહિ બોલનારા, દરરોજ યોગ શાસ્ત્રના ૧૨ પ્રકાશ, વીતરાગના ગુણની સ્તવનાના વીતરાગ સ્તોત્રના વીશે પ્રકાશ નો પાઠ કરનારા, ૧૦ મા વ્રતમાં ચાતુર્માસમાં યુધ્ધ નહિ કરનારા, ગીઝનીનો સુલતાન મહમદ ગીઝની લડવા આવ્યો તો પણ નિયમથી વિચલિત નહિ થનારા.

૧૧ માં વ્રતમાં પૌષધોપવાસ કરીને રાત્રે કાઉસગ્ગમાં પગ ઉપર મંકોડો ચોંટી ગયો. લોકોએ દૂર કરવા છતાં ક્રોધિત થયેલો તે ત્યાંથી હટતો નથી. તેથી તે મૃત્યુ પામશે તેવી શંકાના કારણે પોતાના પગની ચામડી સાથે તે મંકોડાને દૂર કરનારા, પારણાના દિવસે પૌષધવ્રત લેનારા, સર્વને ભોજન કરાવનારા.

૧૨ મા અતિથિ સંવિભાગ વ્રતમાં દુઃખી સાધર્મિક શ્રાવક જનોનો ૭૨ લાખ દ્રવ્યનો કર માફ કરનારા, શ્રી હેમચન્દ્રસૂરિની, ધર્મશાળા (ઉપાશ્રયને) પડિલેહનાર (સાચવનાર) ધાર્મિકને ૫૦૦ ઘોડા તથા ૧૨ ગામનું અધિપતિ પણું આપ્યું. બીજી સઘળી ધર્મશાળાને પડિલેહનારાઓને ૫૦૦ ગામ આપનારા. એ પ્રમાણે તે વિવેકમાં શિરોમણી એવા તે કુમારપાળરાજાએ બીજા અનેક પ્રકારના પુણ્ય કાર્યો કર્યા હતા. અહીંયા લખવા માટે કેટલા સમર્થ બને ? અથવા અહીં કેટલા લખી શકાય ?

એ પ્રમાણે તેમને જાતે સમ્યક્‌ધર્મના અનુષ્ઠાન વડે બે ભવ જેટલો સંસાર કરવા રૂપ પોતાના આત્મા ઉપર ઉપકાર કરનારા, સાધર્મિક વિ. ને યથા યોગ્ય દાન, બહુમાન, ધર્મમાં સહાય કરનારા, કર માફ કરનારા, સીદાતાનો ઉધ્ધાર કરવા વડે અઢારે દેશોમાં અમારીના પ્રવર્તનાદિ વડે કરીને તેમનો પરોપકાર પણ પ્રગટ છે.

એ પ્રમાણે અન્તઃ અને બહાર સારપણું છે. એવી રીતે સાધુશ્રી પૃથ્વીધર, (સજ્જન એવા પેથડ મંત્રી) જગસિંહસાહ, મુહણ સિંહ સાહ, આદિના પણ દૃષ્ટાંતો યથા યોગ્ય રીતે અહીંયા દર્શાવવા (કહેવા). એ પ્રમાણે શ્રાવક ને આશ્રયીને ચતુર્ભંગી કહી, સામાન્યથી જીવોને આશ્રયીને પણ એજ પ્રમાણે

ચતુર્ભંગી જાણવી,માત્ર શ્રાવકોના સ્થાને કેટલાક જીવો એ પ્રમાણે કહેવું અને દૃષ્ટાંતો તો યથાયોગ્ય સાધુ અને શ્રાવક વિ. ના બધાય અહીંયા કહેવા ઈતિ.

શ્લોકાર્થ :- ગુર્વાદિના વિષયની આ ચતુર્ભંગી જાણીને હે ભવ્યજનો ! હંમેશા અંગીકાર કરેલા શુધ્ધ શ્રધ્ધાવાળા (દર્શનીઓ) તમે તેવી રીતે પ્રયત્ન કરો કે જેથી કરીને અલ્પ સમયમાં ભવ (સંસાર) રૂપી શત્રુ પર જયરૂપી લક્ષ્મી પ્રાપ્ત કરો, પ્રાપ્ત કરનારા થાઓ !

ઈતિ દ્વીતીય અંશે
॥ ચતુર્થ સ્તરંગ ॥

અંશ-૨ (તરંગ-૫)

શ્લોકાર્થ :- વળી બીજી રીતે ગુર્વાદિના સ્વરૂપને કહે છે વચન અને ક્રિયા વડે સાર અને અસાર પણું ગ્રહણ કરતાં જેવી રીતે ચાર પ્રકારે ખોપરીઓ થાય છે. તેવી રીતે ગુરુ શિષ્ય અને શ્રાવકના વચન અને વિનયાદિ ક્રિયા થી ચાર પ્રકારે ભાંગા થાય છે.

વ્યાખ્યા :- જેવી રીતે વચન અને ક્રિયા દ્વારા સાર અને અસાર એ પ્રમાણે ચાર પ્રકારની ખોપરી હોય છે. તેવી રીતે ગુરુ - શિષ્ય અને શ્રાવક વાણી અને વિનયાદિ ક્રિયા વડે સાર અને અસાર એ પ્રમાણે ચતુર્ભંગી થાય છે..... આ પ્રમાણે તેનો સંબંધ છે.

તેમાં કપોલોને કરાટિકા (ખોપરી) કહે છે. મહા પુરુષના સંબંધવાળી (મહાપુરુષની) કેટલીક કરોટિકા દેવતાથી અધિષ્ઠત હોય છે. તેમાં કેટલીક કોઈક વિધિ પૂર્વક પૂજેલી કહે છે કે ૫૦૦ રત્નોને લે અને તૂર્તજ તે રત્નોને આપે છે. એ પ્રમાણે વાણી અને ક્રિયા વડે બન્ને પ્રકારે (અન્તઃ અને બાહ્ય) સારા છે ઈતિ **પ્રથમ ભંગ** થયો.

વળી બીજી કેટલીક કરોટિકા તેવી રીતે કહે છે પણ કંઈપણ આપતિ નથી. એ પ્રમાણે વાણીથી સારભૂત અને ક્રિયાથી અસાર એ પ્રમાણે **બીજો ભાંગો** થયો.

વળી બીજી કેટલીક કંઈપણ બોલતી નથી પરંતુ પહેલાની જેમ પૂજાયેલી ઈચ્છિતને આપે છે. તેથી વાણીથી અસાર અને ક્રિયા થી સારભૂત હોય છે. એ પ્રમાણે **૩ ભાંગો.**

વળી જે સામાન્ય પુરુષ સંબંધી કરોટિકા અતિશય વગરની તે બોલતી પણ નથી અને કંઈપણ આપતી પણ નથી. એ પ્રમાણે બન્ને રીતે (અન્તઃ બાહ્ય) અસાર છે ઈતિ **૪ થો ભાંગો.**

તેવી રીતે ગુર્વાદિને પણ આશ્રયીને ચતુર્ભંગી થાય છે. તેમાં ગુરુ સદુપદેશની કુશળતાવાળા હોવાથી વાણીનું સારપણું પંચમહાવ્રતાદિ સમ્યક્ અનુષ્ઠાન રૂપ વિનયથી યુક્ત હોવાથી ક્રિયામાં સારપણું છે તે વિચારવું (જાણવું) અને તેથી કરીને કેટલાક ગુરુઓ બન્ને રીતે (ક્રિયા અને વાણીથી) શ્રી વજ્રા સ્વામિ વિ. ની જેમ સારરૂપ હોય છે.

બીજા કેટલાક વાણીથી સારા અને ક્રિયાથી અસાર હોય છે. તેવા પ્રકારના ઉપદેશ આપવામાં કુશળતાથી યુક્ત (વાણીથી સારા) નતુ ક્રિયાથી પાસત્થાદિ આચાર્યની જેમ.

વળી બીજા કેટલાક મૂકકેવલીની જેમ અને પ્રત્યેક બુધ્ધ વગેરેની જેમ વાણીથી અસાર (ઉપદેશ નહિ આપતા હોવાથી) ક્રિયાથી સારભૂત (ક્રિયા કરતાં હોવાથી).

"દેશના નહિ આપનારા પ્રત્યેક બુધ્ધ વિ. ઈતિ. આગમવચનથી જણાય છે કેટલાક બન્ને રીતે અસાર હોય છે. ઉપદેશ આપવામાં કુશળતા વિનાના પાસસ્થાદિ આચાર્યવત્ ઈતિ ચોથો ભાંગો.

હવે શીષ્યને આશ્રયીને વિચારણા કરે છે. વિનય એટલે (ઉત્તરાધ્યયનના) વિનયાધ્યયનમાં કહ્યું છે કે ગુરૂના વિષયમાં બહુમાન, યથાયોગ્ય ભક્તિ વિ. કરવું તે વિનય કહેવાય છે.

એ પ્રમાણે આગળ કહેતાં કહે છે હે સાધુ ! તું જ્ઞાનીઓ પ્રત્યે પ્રતિકૂલપણું આચરીશ નહિ તેમજ (તમો પણ થોડુંજ જાણો છો) ઈત્યાદિ

વચન વડે કરીને, તેમજ ગુરૂના સંથારા આદિને કચરવારૂપ કર્મે કરીને પ્રગટ રીતે અથવા ગુપ્ત રીતે તું કદાપિ ગુરુનો અવિનય કરીશ નહિ.

વળી પડખે નહિ, આગળ નહિ, પાછળ નહિ, સાથળ સાથળ અડકે તેવી રીતે પગ ઉપર પગ રાખીને બેસે નહિ, સંથારામાં સૂતેલો હોય ત્યારે સાંભળ્યું હોય છતાં જવાબ આપે નહિ, પલાંઠી વાળી બેસે નહિ, ગુરુની પાસે પગ લાંબા કરીને બેસે નહિ ઈત્યાદિ આ આઠ સ્થાનો (વિનય) શિક્ષાનો આચાર કહેવાય છે.

હાસ્ય ન કરે અને સદૈવ ઈન્દ્રિયોનું દમન કરે, ગુપ્તવાત કરે નહિ, શીલ રહિત ન હોય, અતિચારવાળા ચારિત્રવાળો ન હોય, લોલુપી બને નહિ, ક્રોધ કરે નહિ, સત્યમાં આનંદ માને આવો સાધુ શિક્ષા શીલ કહેવાય છે.

આ પંદર સ્થાનો સુવિનિતના છે. નમ્ર બને, અચંચલ રહે, માયાવિનાનો બને, કુતુહલ વિનાનો રહે, આત્માને અધિક શિક્ષિત કરનારો બને, વિકથા કરે નહિ, મંત્રી પણાને ભજે, જ્ઞાન પ્રાપ્ત થતાં મદ કરે નહિ, પાપમાં પડે નહિ, મિત્ર ઉપર કોપ કરે નહિ, અપ્રીય એવા પણ મિત્રને ગુપ્ત રીતે કલ્યાણને માટે કહે, કલહ, કંકાસ, છોડી દે આ પંડીતોનું કહેવું છે.

લજ્જાને ધરનારો, ઈન્દ્રિઓનું દમન કરનારો, આ સુવિનિત કહેવાય છે. ઈત્યાદિ

એ પ્રકારે જે વાણીથી વિનયને અંગીકાર કરે છે. અને તે પ્રમાણે આચરણ કરે છે. તે અન્તઃ વાચાથી અને બાહ્ય ક્રિયાથી બન્ને પ્રકારે સારા છે.

કેટલાક શિષ્યો શ્રી ચંડ રુદ્રાચાર્યના શીષ્યની જેમ અને સિંહગિરિસૂરિના શિષ્યની જેમ વાણી અને ક્રિયાથી સારા છે.

કહ્યું છે કે :- ''सिंहगिरि सुसी साण भद्रं''

કેટલાક વાચા વડે વિનયને કરે છે. અને આચરણ કરતાં નથી તેથી વાણી વડે સારા અને ક્રિયાથી અસાર હોય છે. યુગ પ્રધાન શ્રી **કાલિકસૂરિના**

શિષ્યોની જેમ અને યુગ પ્રધાનનો ઉપઘાતિ કુશિષ્યની જેમ વાણીથી સારા અને ક્રિયાથી અસાર હોય છે.

તે આ પ્રમાણે કોઈ એક યુગ પ્રધાન એવા ગુરુ ઉગ્ર વિહારી હોવા છતાં પણ જંઘા બલ ક્ષીણ થવાથી એક સ્થાને રહ્યા ત્યાં શ્રાવકોએ આ શાસનના આધાર છે. એમ વિચારીને યોગ્ય સ્નિગ્ધ મધુર આહાર વિ. તેમને રોજ આપી ભક્તિ કરે છે. ભારી કર્મી હોવાથી તેના શિષ્યોએ ચિતવ્યું કેટલા કાળ સુધી સ્થિરવાસીનું પાલણ કરવું તેથી અણસન ગ્રહણ કરાવવાની ઈચ્છાવાળા તે શિષ્યો ભક્ત શ્રાવકો એ આપેલો યોગ્ય આહાર તેને આપતા નથી છેલ્લે વધ્યું ઘટ્યું લાવીને તેમની આગળ ખેદ પૂર્વક બોલ્યા. અમે શું કરીએ ? તમારા જેવા મહાન પરુષોને પણ અવિવેકી શ્રાવકો યોગ્ય અન્ન વિ. હોવા છતાં પણ આપી શકતા નથી અને શ્રાવકોને તે મુમુક્ષુઓએ કહ્યું કે સંલેખનાની જ ઈચ્છાવાળા આચાર્ય સ્નિગ્ધ આહારને ઈચ્છતા નથી. તે સાંભળીને કોપિત થયેલા શ્રાવકોએ ગુરુની પાસે આવીને ગદગદ કંઠે કહ્યું હે ભગવાન ! વિશ્વમાં સૂર્ય સમાન અરિહંતનું શાસન લાંબો કાળ થઈ ગયો છતાં પણ આજે આપના પ્રતાપથી શોભી રહ્યું છે. તો પછી શા માટે અકાલે સંલેખના શરૂ કરી ? અમે તમને ભારરૂપ બનીએ છીએ તેવું વિચારો નહિ, કારણ કે અમારા શિરોધાર્ય છો તમે અમને ભારરૂપ નથી અને શિષ્યોને તો ક્યારે પણ ભાર રૂપ નથી પછી તેઓએ (આચાર્યે) ઈંગીત જ્ઞાનથી જાણ્યું કે અમારા શિષ્યોએ આ કામ કર્યું છે તો અપ્રિતિદાયક આયુષ્ય વડે શું ? ધર્મીઓ કોઈને પણ અપ્રીતિ ઉત્પન્ન કરતાં નથી. એ પ્રમાણે વિચારીને ખુલ્લા મનથી તેમણે કહ્યું સ્થાયી એવા અમારે કેટલા કાળ સુધી તમારી પાસે અને સાધુ પાસે વૈયાવચ્ચ કરાવવી. તેથી ઉત્તમાર્થને જ સ્વીકારું છું એ પ્રમાણે તેઓને જણાવીને ભક્ત પચ્ચક્ખાણ કર્યું.

કેટલાક વાણીથી વિનય કરતા નથી, પરંતુ યથાયોગ્ય આચરે છે તેથી વાણીથી સારા નહિ પરંતુ ક્રિયાથી સારા હોય છે. દૃષ્ટાંતો તો જાતે જાણી લેવા. વળી કેટલાક બન્ને રીતે અસાર હોય છે. કુલવાલક શ્રમણની જેમ શ્રી ઉત્તરાધ્યયનમાં પ્રસિધ્ધ શ્રી ગંગાચાર્યના કુશિષ્યની જેમ. અથવા વાણી વડે બીજાને ઉપદેશ આપે છે. તે વાણીથી સારા છે. જાતે જ સારી રીતે આચરે છે તે ક્રિયાથી સારા છે એ પ્રમાણે બાકી રહેલા ત્રણે ભાંગા વિચારવા.

હવે શ્રાવકને આશ્રયીને વિચારે છે.

શ્રાવકનો વિનય, સમ્યક્ત્વ મૂલ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષા વ્રતાદિરૂપ અને દેવગુરુ સાધર્મિક વિ. ની ચથોચિત્ત સેવારૂપ શ્રાવકનો વિનય કહેવાય છે તેમાં કેટલાક શ્રાવકો જેવો કહ્યો છે તેવો વિનય બીજાને ઉપદેશ છે - કહે છે. આદિ શબ્દથી યથાયોગ્ય અને યથા અવસરે ગુરુના મુખથી કરેલ શ્રવણના અનુસારે તે વિષયનું સ્મરણ વિ. બીજાને કરાવે છે એ પ્રમાણે વાણીથી સારા (વાણીનો વિનય) અને જાતે તેનું સમ્યક્આચારણ કરે છે. તેથી ક્રિયાથી સારા એટલે કે બન્ને રીતે (વાણી અને ક્રિયાથી) સારા શ્રીવીર જિનેશ્વરના સેવક પુષ્પકલી શ્રાવક વિ. ની જેમ તથા ગ્રંથકારના સમયમાં પાટણ નિવાસી મહેતા હેમાદિની જેમ.

કેટલાક વાણી વડે ઉપદેશ આપે છે. પરંતુ ક્રિયા કરતાં નથી. ગણિકાના ઘરમાં રહેલા નંદિષેણ મુનિની જેમ કેટલાક તો તેવા પ્રકારનો ઉપદેશ દેવાની શક્તિ ન હોવાથી ઉપદેશ આપતાં નથી (વાણીથી અસાર) અને આચરણ કરે છે. ક્રિયાથી સારા તેના દૃષ્ટાંતો સુલભ છે. અને કેટલાક બન્ને રીતે અસાર હોય છે. વિષયાદિમાં ડુબેલા વ્યાકુલ થયેલા, દુર્ગતિમાં જનારા, માત્ર શ્રાવકનું નામ ધરનારા છે. બ્રહ્મદત્ત ચક્રી, તાપસ, શ્રેષ્ઠિ આદિની જેમ આ પ્રમાણે ત્રીજી ચતુર્ભંગી વિચારી તેમાં બન્ને રીતે સારા અને કેવલ ક્રિયાથી સારા એ બન્ને ભાંગા યોગ્ય છે. બાકી રહેલા અયોગ્ય છે. ઈતિ. હે પંડીતજનો ! કરોટિકાના દૃષ્ટાંતથી યોગ્યાયોગ્યના વિભાગનો વિચાર કરીને વિશેષ રીતે મોહ પર વિજય પ્રાપ્ત કરનારી જય રૂપી લક્ષ્મી માટે યોગ્ય ગુણની પ્રાપ્તિમાં પ્રયત્નને કરનારા થાઓ.

ઈતિ દ્વીતીય અંશે

॥ પંચમ સ્તરંગ ॥

તરંગ - ૬

વળી બીજા દૃષ્ટાંતો દ્વારા ગુરુઆદિમાં રહેલું યોગ્યાયોગ્યનું સ્વરૂપ કહે છે.

શ્લોકાર્થ :- (૧) સર્પ (૨) ચોર (૩) ધૂતારો (૪) વણિક (૫) વાંઝણી ગાય (૬) નટ (૭) ગાય (૮) મિત્ર (૯) બંધુ (૧૦) પ્રીય (૧૧) માત (૧૨) કલ્પતરુ. આ ગુરુ અને શ્રાવકના વિષયના દૃષ્ટાંતો છે.

વ્યાખ્યા :- પદની ઘટના સુગમ છે આ પ્રમાણે એની વિચારણા કરવી જેવી રીતે સર્પ સ્વભાવથી ક્રૂર કર્મ વાળો છે. જેની પ્રકૃતિ (સ્વભાવ) ક્રોધ રૂપ જ છે અને આકૃતિ પણ ભયંકર છે. વિકસિત કરેલી ફણાના ફૂત્કાર વડે (ફૂંફાડા વડે) બાળકોને ડરાવનારો છે. અલ્પમાત્ર અપરાધ થતાં અવસર પ્રાપ્ત થતાં તેના જીવન (પ્રાણો) ને હરી લે છે. કહ્યું છે કે સર્પોનો અને લુચ્ચા પુરુષોનો અને ચોરોનો વિશેષ પ્રકારે અભિપ્રાય સિધ્ધ થતો નથી આ જગત પણ તે પ્રમાણે વર્તે છે. વળી કેટલાક લૌકિક અને લોકોત્તરકુગુરુઓ રાગ દ્વેષાદિ વિષયથી ઘેરાયેલા માત્ર આ લોકના અર્થમાં ડૂબેલા સંપૂર્ણ રીતે જીવદયાદિ મૂલ ધર્મના તત્વ (મર્મ) ને નહિ જાણનારા, અનેક પ્રકારના મંત્ર, તંત્ર, યોગ, પ્રયોગ, આકર્ષણ, ઉન્મૂલન (ઉખેડવા), વશીકરણ, હોમ (યજ્ઞ) શાતન, પાતન આદિ કર્મને કરવાના સ્વભાવવાળા, ક્રૂર કર્મ કરવાના સ્વભાવ વાળા, ક્રૂર કર્મ કરનારા, સુવિહિત ગુરુ આદિ ઉપર ઘણી ઈર્ષા કરવામાં રત બનેલા, ઉછળતા રોષના સમૂહથી ભરાયેલા, ભયંકર લાગતા એવા તે શુધ્ધ ધર્મ માર્ગમાં પ્રવૃત્તિ કરનારા ને, પોતાને શિખામણ આપનારાઓને, ભોળા લોકોને ડરાવતા તેવા પ્રકારના ક્ષુદ્ર પ્રાણીઓને અત્યંત ભયંકર, ઉદ્વેગ કરનારી, વાણીના ડીણડીમ આડંબર વડે પોતાના મનને ગમે નહિ તેવા આચરણ રૂપ અલ્પ અપરાધ થતાં શ્રાપાદિ વડે અથવા કામણ ટુમણાદિ વડે નિર્દય હૃદયી તેઓ પ્રાણ - જીવિત ને હરે છે. એવા પ્રકારના લૌકિક ઋષિઓ ઘણા છે. અહીંયા પરિવ્રાજકને દૃષ્ટાંતરૂપે કહે છે. તે આ પ્રમાણે.

પરિવ્રાજકનું દૃષ્ટાંત

કોઈ એક ગામમાં રોહિત નામનો પરિવ્રાજક તપ કરતો હતો, તેને એક વખત તેજોલેશ્યાની પ્રાપ્તિનો ઉપાય મળી ગયો. અને વિધિ પૂર્વક અનુષ્ઠાન કરવા દ્વારા તેને તેજોલેશ્યા પ્રાપ્ત થઈ.

એક વખત ઝાડ નીચે બેઠેલા એવા તેના માથા પર ઝાડ ઉપર રહેલા બગલાએ વિષ્ટા કરી અને તેથી ક્રોધિત થયેલા એવા તેણે તેજોલેશ્યા દ્વારા તે બગલાને બાળી નાંખ્યો.

એક વખત તે ભિક્ષાને માટે નગરમાં જિનદાસ શ્રેષ્ઠિના ઘેર ગયો અને ત્યાં અરિહંતના ધર્મથી ભાવિત થયેલા હૃદયવાળી, નામથી સાર્થક એવી શીલવતી નામની ઘરની સ્વામિની પતિની સેવામાં વ્યગ્ર હોવાથી કાંઈક વિલંબથી ભીક્ષા આપવા માટે જ્યાં આવતી હતી તેટલામાં મહા ક્રોધિત થયેલો વિલંબથી દાન આપવાના કારણે ગુસ્સે થયો અને તેથી તેને બગલાની દશાને પમાડવાની ઈચ્છાવાળા તે પરિવ્રાજકે મુખમાંથી તેજોલેશ્યાને છોડવા માટે ધૂમાડો કાઢ્યો તેનું આવું સ્વરૂપ જોઈને સમ્યક્શ્રી જિનધર્મના પાલણ દ્વારા અને નિર્મળ શીલગુણ ને પાળવા દ્વારા પ્રાપ્ત કરેલ અવધિજ્ઞાનથી બાળી નાંખેલા બગલાનું સ્વરૂપ જાણ્યું પોતાના સંપૂર્ણ શરીર ઉપર શીલનું દૃઢતર કવચવાળી તેણીએ તેને કહ્યું.

હે ભદ્ર ! હું બગલો નથી. એ પ્રમાણે તેના કહેવાથી આશ્ચર્ય પામેલો તે કાંઈક શાન્ત થયો હોય તેમ તેને પૂછ્યું બગલાનું સ્વરૂપ તું કેવી રીતે જાણે છે. તેણીએ કહ્યું તે વ્યતિકર (વૃતાંત) તને વાણારસીમાં રહેલો કુંભાર કહેશે. તેથી આશ્ચર્ય પામેલો તે વારાણસી ગયો મલતાંની સાથે જ તે કુંભારે તેને કહ્યું હે ભદ્ર ! શું તને શીલવતી એ સંશય પૂછવા માટે મોકલ્યો છે ? તે સાંભળીને તે અત્યંત આશ્ચર્ય ચકિત થયો ત્યાર પછી કુંભારે ફરી કહ્યું શીલ ગુણ વડે શોભતી શીલવતીને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે અને મને પણ ઉત્પન્ન થયું છે. તેથી કરીને જેવું છે તેવું બગલાનું સ્વરૂપ અમે જાણીએ

છીએ તેથી પ્રતિબોધ પામેલા તેણે સમ્યક્‌શીલથી યુક્ત ધર્મને સ્વીકાર્યો. એ પ્રમાણે લોકોત્તર ગુરુઓને આશ્રયીને દૃષ્ટાંતો સ્વયં જાણી લેવા (વિચારવા).

સ્વ સ્વાર્થને સિધ્ધ કરવાની ઈચ્છાવાળા સ્વેચ્છા મુજબ પ્રરુપિત ધર્મના આભાસ રૂપ, ઉપદેશ, દર્શન, ક્રિયાદિથી લોકોના શુધ્ધ ધર્મરૂપ જીવિતને હણે છે. (ધર્મથી દૂર કરે છે) તેવા કેટલાક કુગુરુઓ સર્પ જેવા હોય છે.

કહ્યું છે કે :- સર્પ એક વખત મારે છે. પરંતુ કુગુરુઓ તો અનંત મરણો કરાવે છે. (અનંતીવાર મારે છે) તે કારણે સર્પ સારો છે. તો હે ભદ્ર ! તું કુગુરુનું સેવન કરીશ નહિ આ પ્રમાણે સર્પના દૃષ્ટાંતની વિચારણા કરી.

હવે **ચોરની** વિચારણા કરે છે :- ચોરો શસ્ત્રાદિ વડે ડરાવીને લોકોના ધનને લૂંટે છે (ચોરે છે) એ પ્રમાણે કેટલાક કુલગુરુપણાના અભિમાનથી ભરેલા માત્ર આલોકના પદાર્થથી બંધાયેલા (ઈચ્છાવાળા) શ્રાપ, કામણ, જ્ઞાતિ પંક્તિમાંથી બહાર કાઢી નાંખવાપણું શિર-પેટ ફોડવા આદિ કરવા વડે વિવિધ પ્રકારના ભયો બતાવીને ભોળા લોકોના શુધ્ધધર્મ ધનને લુંટનારા - ચોરનારા છે. જે રીતે વસુરાજાનું પર્વતકે કર્યું તેમ. તે આ પ્રમાણે.

વસુરાજા અને પ્રવર્તક

શુક્તિ મુક્તિ નગરીમાં ક્ષીરકદંબક ઉપાધ્યાયનો પુત્ર પ્રવર્તક પિતાનો સ્વર્ગવાસ થતાં તેને સ્થાને બેસીને છાત્રોને ભણાવે છે. તેના સહઅધ્યાયી વસુનામનો રાજા અને નારદ એમ બે જણા હતા. તેમાં સત્યવાદી વસુરાજા આકાશને અવલંબીને રહેલી સ્ફટિકની પીઠિકા પર સિંહાસન મૂકીને બેસતો હતો સત્યવાદી પણાના પ્રભાવથી રાજાનું સિંહાસન આકાશમાં રહેલું છે. એ પ્રમાણે લોકોમાં પ્રસિધ્ધ થયું.

એક વખત ઉપાધ્યાયના પુત્ર પ્રવર્તકે છાત્રોને ભણાવતાં **अजैर्यष्टव्यम्** એ પ્રમાણે વાક્યનો અર્થ કરતાં **अज** એટલે છાગ (બકરો) એ પ્રમાણે અર્થ કર્યો ત્યારે ત્યાં આવેલા નારદે કહ્યું કે એ પ્રમાણે બોલ નહિ ઉપાધ્યાયે **अज** શબ્દ એટલે કે ત્રણ વર્ષ જુની ડાંગર કહી છે એ પ્રમાણે કહીને તેના અર્થનો

નિષેધ કર્યો પરસ્પર વિવાદ કરતાં તે બન્નેએ શિર આપવાની પ્રતિજ્ઞાપૂર્વક વસુરાજાને સાક્ષી રૂપે નક્કી કર્યા.

પછી પર્વતકે વસુરાજા પાસે વસુરાજાને પોતાનો પક્ષ અંગીકાર કરાવવા માટે પહેલાં તેની પાસે જઈને વિવિધ પ્રકારે કદાગ્રહ અને ડર બતાવવાપૂર્વક તેને સમજાવ્યો પોતાની વાતને વસુરાજાએ સ્વીકારી નથી તેમ માની ને પોતાની માતાની પાસે તેની વાતને (સ્વરૂપને) કહી તે અનુસાર તેની માતાએ વસુરાજાને કહ્યું "ગુરુની પત્નિ એવી મને પુત્રના જીવિતને આપ" અથવા જો નહિ આપે તો હમણાં જ આ ગુરુપત્નિની હત્યાનું પાપ લાગશે. એ પ્રમાણે કહીને જ્યાં તેણી મૃત્યુ માટે તૈયાર થઈ તેટલામાં ડરી ગયેલા તે રાજાએ તેના વચનને સ્વીકાર્યું પછી વિવાદ કરતાં તે નારદ અને પર્વતક ત્યાં આવ્યા ત્યાં રાજાએ પર્વતકનો પક્ષલેતાં (કરતાં) તૂર્તજ દેવતા વડે હણાયેલો રાજા જમીન પર પડ્યો અને નરક ગતિને પામ્યો એ પ્રમાણે બીજા દૃષ્ટાંતો પણ જાણવા ઈતિ આમોષક (ચોર) ભાવના કહી ॥૨॥

(૩) હવે **ઠગની** વાત કરે છે. ઠગ એટલે ધૂર્ત તે મધના ઢાંકણથી ઢંકાયેલા વિષના ઘડાજેવા છે. કેદારનીમાળાવાળા બિલાડા જેવા છે. (કેદાર તીર્થમાં જઈ માળા પહેરી બિલાડા જેવા ઢોંગી)

જેવી રીતે તે ચોરો કોડો પ્રકારની કપટ કરવાની ચતુરાઈથી ભોળા લોકોના ધનને હરે છે. અને જીવિતને પણ હરે છે. તેમ કેટલાક ગુરુ આભાસ માત્ર હોય છે. હૃદયમાં નાસ્તિકતાભરી હોય છે. અને બહાર ક્રિયાનો દંભ કરનારા, મીઠા વચન વિ. દ્વારા લોકોને છેતરીને પોતાની ઈષ્ટની સિધ્ધિ જેવી રીતે થાય તેવી રીતે ધર્મનો માત્ર આભાસ ઉભી કરતી દેશના આદિ વડે કરીને અને સુવિહિત સાધુના સંગમનું નિવારણ આદિ કરવા વડે તેઓના (ધર્મીઓના) શુધ્ધ ધર્મરૂપી ધનને અને શુધ્ધ ધર્મનું આચરણ કરવાવાળાનું જીવિત હરે છે.

કહ્યું છે કે :- દંભી (ધૂર્ત) લોકો પ્રથમ અમૃતધારા સમી વિશ્વસનીય વાણી બોલે છે. જ્યારે તેનું ફલ પ્રાપ્ત થવાનું હોય ત્યારે સમસ્ત દોષને ઉત્પન્ન કરનારી અથવા કાલકૂટની જેમ તે જ મારે (હણે) છે. (મારનારી બને છે.) વળી જટાઝુંડપણું, શિખા, ભસ્મ, ઝાડની છાલ અને અગ્નિ વિ.

ધારણ કરવા વડે હૃદયમાં નાસ્તિક એવા પાંખડીઓ ભોળા જનોને ડરાવે (ભડકાવે) છે.

કેદાર માર્જાર (બિલાડી) નો સબંધ આ પ્રમાણે છે.

કોઈક વૃક્ષની નીચે તેતર પક્ષી રહેતું હતું એક વખત પ્રાણની રક્ષા માટે (આજીવિકા માટે) નીકળેલા તેને પાકેલા ડાંગરનું ક્ષેત્ર પ્રાપ્ત થયું. ત્યારે એક સસલાએ તેના આવાસને રોકી લીધો. કેટલાક દિવસો પછી પોતાનાં આવાસે આવેલી તેણીએ સસલાને કહ્યું અમારું આશ્રય સ્થાન (ઘર) છે. જલ્દી બહાર નીકળી જા

સસલો :- આ આવાસ મારો જ છે.

તિત્તિર :- પાડોશીને પૂછીજો કહ્યું છે કે :- વાવ, તળાવ, ઘરના અને ઉપવન (ઉદ્યાન)ની માલીકીની ખાતરી પાડોશીથી થાય છે. એ પ્રમાણે મનુ સ્મૃતિમાં કહ્યું છે.

સસલો :- રે મૂર્ખ ! સ્મૃતિનું વચન શું સાંભળ્યું નથી ? જેણે જેનું ક્ષેત્ર પ્રત્યક્ષ રીતે દશ વર્ષ ભોગવ્યું છે તેનું તે થાય છે. અક્ષર (લખાણ) પ્રમાણ થતાં નથી. અથવા તેનો સાક્ષી તે જ થાય છે. અને તેવી રીતે નારદનો મત છે કે દશવર્ષ જેણે જે (ઘર) ભોગવ્યું છે તે મનુષ્યનું થાય છે. પક્ષિનું કે પશુનું આશ્રય સ્થાન તેમાં જ્યાં સુધી રહે ત્યાં સુધી તેનું સ્થાન હોય છે. જોકે આ તારું આશ્રય સ્થાન છે. ભલે તારૂં મકાન હોય તો પણ તે શૂન્ય (ખાલી) હોવાથી મેં આશ્રય કર્યો છે. તેથી તે મારૂં જ છે.

તિત્તિરિ :- જો તું સ્મૃતિને પ્રમાણ કરે છે. તો સ્મૃતિ (હિન્દુગ્રંથ) ને જાણનારાને આપણે પૂછીએ તે જેને આપશે તેનું તે થશે. પછી ગંગાના કાંઠે કેદાર - કંકણ આભરણવાળા, તપ, નિયમ, વ્રતમાં રહેલા દધિકર્ણ નામના માર્જાર (બિલાડા) ને જોયો, ત્યારે આ ધર્માત્મા વિવાદને મિટાવો. એ પ્રમાણે તે બોલી ત્યારે સસલો બોલ્યો. "આ ક્ષુદ્ર થી સરો" વિશ્વસનીય નથી તપના બહાનાથી આ અધમ છે. ગળામાં પહેરેલી માળાવાળા તપસ્વીઓ તીર્થમાંજ દેખાય છે. તે સાંભળીને કપટ (દંભ) નો ભંડાર તેના વિશ્વાસ ને માટે સૂર્યની સામે બે પગ વડે ઉભેલા, ઉંચા કરેલા હાથવાળો અને કંઈક ઢાળેલા નેત્રવાળા

એવા તેણે ધર્મનો ઉપદેશ આપવા માંડ્યો અહો ! આ સંસાર અસાર છે. પ્રીયવસ્તુનો સંગમ (સંયોગ) સ્વપ્ન જેવો છે. તે ધર્મ વિના બીજો કોઈ તરવાનો ઉપાય નથી કહ્યું છે કે :- ધર્મવિનાના જે માણસના દિવસો આવે છે. અને જાય છે. તે લુહારની ધમણ જેવા શ્વાસ લેતાં હોવા છતાં જીવતા નથી. અર્થાત્ મરેલા છે. ઈત્યાદિ દેશનાને સાંભળીને વિશ્વાસ પામેલા તે બન્ને જણા બોલ્યા.

હે તપસ્વી ! હે ધર્મદેશક ! અમારો વિવાદ ધર્મશાસ્ત્રથી મીટાવી (દૂર કરી) નિર્ણય ને આપો અમારા બેમાંથી જે જૂઠો પડે તે તમારો ભક્ષ્ય એટલે કે તમારે તેનું ભોજન કરવું.

માર્જાર :- ઓહ આવું પાપ શાન્ત થાઓ. નરકના હેતુભૂત એવી હિંસાથી હું ખેદ (વિરામ) પામ્યો છું સર્વ પ્રકારના કલ્યાણ ને માટે અહિંસા યુક્ત ધર્મમાં રત રહેવું તેથી કરીને જું - માંકડ - મચ્છર વિ. નું પણ રક્ષણ કરવું જોઈએ.

હિંસક એવા પશુઓને પણ જે મારે છે તે અત્યંત નિર્દયી છે. તે ઘોર નરકમાં જાય છે. તો પછી જે ઉત્તમ પ્રાણીઓને હણે છે. તેનું શું ? તેથી આવું બોલવું ન જોઈએ. પરંતુ હું વૃધ્ધ થયો છું. દૂરથી તમારી સાથેના તમારા પશ્ન અને ઉત્તર સારી રીતે સાંભળી શકતો નથી. તો ન્યાય કેવી રીતે કરૂં ? તેથી નજીકમાં આવીને નિવેદન કરો, જેથી જાણેલા પરમાર્થને કહેતાં પરલોકમાં મને બાધા (અંતરાય) ન થાય.

કહ્યું છે કે :- જો માનથી અથવા લોભથી, ક્રોધથી ભયથી જે અન્યાય કરે (ન્યાયને છોડી બીજું બોલે) તો તે મનુષ્ય નરકમાં જાય છે. ઈત્યાદિ કહીને એવી રીતે વિશ્વાસમાં લીધા કે જ્યાં તેઓ નજીકમાં આવ્યા તેટલામાં તો એકને પગ વડે અને બીજાને દાંત વડે આક્રમણ કરીને હણી નાંખ્યા. ઈતિ ઠગ ભાવના - (૩)

(૪) **હવે વેપારી (વણિક)ની વાત કરતાં કહે છે.** :- વ્યાપારી તેજ કહેવાય છે જે મૂલ્ય લઈને જ લોકોને કરીયાણું વિ. આપે છે. નહીં તો

આપતા નથી. અને માયા-મધુર વચન વડે. ગ્રાહકને એવી રીતે આકર્ષે છે કે જેથી તે બીજી દુકાન વિ. માં જાય નહિ અને તેમ કરી સુખેથી તેઓને ઠગી શકે છે.

કહ્યું છે કે :- રાજા કુટ પ્રયોગથી, વાણીયો કૂચેષ્ટાથી, બ્રાહ્મણ કૂટ ક્રિયાથી ભોળા લોકોને ઠગે છે. એ પ્રમાણે કેટલાક ગુરુઓ મૂલ્યથી જ સમ્યક્ત્વ, આલોચના વિ. આપે છે. અથવા પ્રતિષ્ઠાદિ કરે છે.

ચિકિત્સાદિ કરીને અને વિદ્યાની ચતુરાઈ વડે ચમત્કારાદિ વિવિધ પ્રકારના મંત્ર, તંત્ર, આપવા વડે કામણ, વશીકરણ વડે, લાભ અલાભ વિ. ના નિમિત્ત, શુકન મુહૂર્ત વિ. કહીને દાનાદિ ગ્રહણ કરે છે. વિવિધ પ્રકારના આકર્ષણ થકી પોતાને તાબે (કબ્જે) લોકોને એવી રીતે કરે છે કે જેથી ધર્મના અર્થી હોવા છતાં પણ તેઓ બીજા સુવિહિત ગુરુનો આશ્રય કરતા નથી ઉલ્ટું આશ્રય કરનારને હસે છે. અથવા મશ્કરી કરે છે.

કહ્યું છે કે :- ખભા પર બેઠેલો જાતિ અંધ જંગલમાં ભૂલી ગયેલી દિશાવાળા દૃષ્ટિહીનને ઈચ્છિત પુરાતન માર્ગને બતાવે તે કષ્ટ જ છે. એનાથી પણ અધિક કષ્ટતર તો સન્માર્ગ પર ચાલનારા દૃષ્ટિવાળાને અને તેના વચનને અનુસરનારાઓને જેઓ અજ્ઞાનીની જેમ અવજ્ઞાપૂર્વક હસે છે. દુઃષમ કાલમાં આવા પ્રકારના ઘણાય છે. તેથી તેના દૃષ્ટાંત મુક્યા નથી. માત્ર પોતાના નિર્વાહ માટે ધર્મ અને શ્રુતને વેંચનારા પરલોકને નહિ જોનારા.જાતે સંસારમાં ડૂબે છે અને પોતાના આશ્રિતોને સન્માર્ગથી ભ્રષ્ટ થયેલા કુમાર્ગને બતાવવા વડે ડુબાડે છે. ઈતિ વણિક દૃષ્ટાંતની કથા થઈ... (૪)

(૫) **વાંઝણી ગાય** :- જેવી રીતે વંધ્યા ગાય હંમેશા ઘાસ માગે છે. પરંતુ બચ્ચાને જન્મ આપતી નથી અને દૂધ પણ આપતી નથી. એ પ્રમાણે કેટલાક કુલગુરુ વિ. માત્ર અભિમાનથી બંધાયેલા હંમેશા વિશિષ્ટ પ્રકારના આહાર વસ્ત્ર, પૂજા આદિની ઈચ્છા કરે છે - માગે છે. તેમ ન કરતાં ગુસ્સે થાય છે. અને (ઈચ્છા પૂરી ન થતાં) બળાત્કારે ગ્રહણ કરે છે. વળી વિશિષ્ટ પ્રકારે આગમમાં કહેલી પુણ્ય ક્રિયા આદિ અતિ ઉજ્વલ વાછરડાની ઉપમા જેવા ધર્મને કહેતાં નથી. અર્થાત્ આપતાં નથી અને તેવા પ્રકારના દૂધની ઉપમા

જેવા પવિત્ર ઉપદેશ વડે શ્રાવકો ઉપર ઉપકાર કરતાં નથી.

કહ્યું છે કે :- જેઓએ ઉત્પન્ન કર્યો નથી. પોષેલો નથી, વેચાતો લીધો નથી, ઘરેણે રાખેલો નથી. પૂર્વે જોયેલો નથી. સંબંધી નથી. વ્હાલો નથી. ખુશી કરેલો નથી. એવા પણ મહાનીચમાં નીચ તથા કરેલ છે, મુનિપણાનો ડોળ જઓએ એવા કુગુરુઓ વડે કરીને નાથેલા પશુની જેમ બળાત્કારે આ લોક વહન કરાય છે. માટે હા ! હા ! આ જગત નાયક વિનાનું છે. અહીંયા ભૌતિક શિષ્યનું ઉદાહરણ આપતાં કહે છે કે,

ભૌતિક શિષ્ય

ગોદ ગામમાં સરક નામના ભૌતિક આચાર્ય છે. તેને ઘણા શિષ્યો છે પરંતુ તે કંઈપણ ભણતાં નથી, ગણતાં નથી અને ક્રિયા પણ કરતાં નથી. પરંતુ નિદ્રા, વાર્તા, વિકથા વિ. માં તત્પર બની રહે છે. તો પણ ત્યાં રહેલાં ઘણા મૂર્ખલોકો તેના ગુણથી રાજી થયેલા હું પહેલા હું પહેલા કરીને તેઓને ભોજન, વસ્ત્રાદિ ઘણા આદર પૂર્વક આપે છે. તેથી કરીને રોજ ઈચ્છા મુજબના આહાર વિહારાદિ કરવાથી પાડા જેવા પુષ્ટ શરીરધારી બન્યા.

પછી એક વખત તે ગામમાં રહેલા ગ્રામ્ય કવિ એવા બ્રાહ્મણને ગામમાં ઘણું માંગવા છતાં કંઈપણ ન મલવાથી તેઓને જોઈને આશ્ચર્ય પામેલા તેણે આશ્ચર્ય પૂર્વક એક શ્લોક રચ્યો ભરડા, ઠગારા તથા ચટ્ટુકા એવા આ લોકો નથી ભણતા, નથી ગણતા કે નથી કવિતા કરી જાણતા છતાં પણ રુષ્ટપુષ્ટ થઈને ફરે છે. અને અમો ભણીએ છીએ, તેમ કંઈક કાવ્ય પણ કરી જાણીએ છીએ છતાં પણ ભૂખે મરીએ છીએ માટે તેમાં કયા કર્મોનો દોષ છે. ?

એ પ્રમાણે લોકોની આગળ કહે છે. જગતમાં આ આશ્ચર્ય છે. એ પ્રમાણે લોકોત્તર ગુરુના વિષયમાં પણ દૃષ્ટાંતો જાતેજ વિચારવા. આવાઓને આપેલ આહાર, વસ્ત્ર, વિ. સર્વ પણ રાખમાં ઘી નાંખવા જેવું નકામું જાય છે. વાંઝણી ગાયને આપેલા ઘાસની જેમ નિષ્ફળ જાય છે. તેમ સરક આચાર્યાદિ

જેવાને આપેલું દાન નિષ્ફળ જાય છે. આવા કુગુરુઓ જાતેજ મહાપ્રમાદરૂપ કાદવમાં ડૂબેલા પોતાના આશ્રિતોને કેવી રીતે ભવથી તારી શકે ? પરંતુ તેઓ વડે વધારે ભારવાળા થઈને પોતાની જાતને અને બીજાઓને તેમાં જ ડૂબાડે છે. ઈતિ..... (૫)

(૬) **નટની વાત કરે છે :-** જેવી રીતે વાણી અને અંગના સાત્વિક આદિ નાના પ્રકારના અભિનય કરવામાં કુશળ એવા નટો વિશેષ પ્રકારના હાવભાવ વડે પોતાનામાં ન હોય તેવા શ્રૃંગાર આદિક રસને બહારથી જાણે સાક્ષાત્ સ્ફૂરાયમાન થતો હોય નહિ. સર્વ અંગોને આલિંગન કરતો હોય નહિ તેવા શૃંગારાદિરસને સભામાં બતાવે છે. અને સભામાં બેઠેલા લોકોને આનંદિત કરે છે. અને જીતી લીધેલા હૃદયવાળા એવા તેઓ અત્યંત આકર્ષિત કરવા વડે તેઓને ખુશ કરે છે.

એ પ્રમાણે કેટલાક ગુરુઓ બહારથી દેખાવ પૂરતાં ધર્મના મનવાળા હોવા છતાં પણ ગૃહસ્થ (લોકો) ની સમક્ષ તેવા પ્રકારની (ધર્મને અનુસરનારી) ક્રિયા કલાપ આદિ ને પ્રગટ કરવામાં તત્પર એવી આક્ષેપિણી આદિ વિવિધ પ્રકારની ધર્મ કથા આદિ વડે પોતાનામાં ન હોવા છતાંય લોકોની આગળ સંવેગ, વૈરાગ્ય આદિ ધર્મ રસને નીતરતો બતાવે છે. અને સભાજનો ને (સજ્જનોને) ખુશ કરે છે. ખુશ થયેલા તેઓ વિવિધ પ્રકારના આહાર વસ્ત્ર, પુસ્તક આદિ વડે તેઓનો સત્કાર કરે છે.

કહ્યું છે કે :- નટ એવો વૈરાગ્યને બતાવે છે કે જેથી કરીને ઘણા લોકો વૈરાગ્યને પામે છે. તેવી રીતે શ્રાવક પણ (કુગુરુઓ પાસેથી) વૈરાગ્ય સાંભળીને સંવેગ પામે છે અને તે જલથી અગ્નિ ઓલવવા સરીખું છે. અંગાર મર્દકાચાર્યનું દૃષ્ટાંત લેવું. તેવી રીતે જે ભટ્ટની જેમ પોતાની આજીવિકાને માટે દાતા એવા શ્રાવકોની સ્તુતિ કરીને તેની પાસેથી દાન ગ્રહણ કરે છે. **કહ્યું છે કે :-** ગુરુઓ ભાટ સરીખા છે કે જે શ્રાવકોની સ્તુતિ કરીને દાન લે છે. અને એવી રીતે બન્ને તત્વને નહિ જાણનારા તેઓ દુઃષમ કાલમાં ડૂબે છે તેઓ પણ આ ભાંગામાં જ આવી જાય છે.

એવી રીતે છએ ભાંગાવાળા ગુરુઓ ચરણ - કરણના ગુણોથી રહિત

થયા થકા ગુર્વાભાસ સરખા છે, માત્ર ભવાભિનંદીપણાથી પ્રમાદ અને ઉત્સૂત્રની પ્રરૂપણા વડે જાતે નાશ પામે છે. અને શુધ્ધ ધર્મના અપહાર વડે બીજાઓનો પણ નાશ કરે છે. એ પ્રમાણે તેવા ગુરુઓ બધીજ રીતે દૂર તજવા યોગ્ય છે. **કહ્યું છે કે :-** આથી મોટું પાપ કયું (શું) છે. અજ્ઞાનથી તે મૂઢ જાતને ડૂબાડે છે. એટલું જ નહિ પણ ભોળા સહચારીઓને પણ મિથ્યાત્વરૂપ અંધકૂપમાં પાડે છે. ઈતિ નટદૃષ્ટાંતની વિચારણા થઈ. (૬)

(૭) **હવે ગાયની ઉપમા દ્વારા વિચારણા કરે છે :-** ધેનુ - નવી જન્મેલી ગાય તે જે ઘાસ વિ. ખાય છે. તેનું તે દૂધ - ઘી બનાવે છે. પરોપકારને માટે દર વર્ષે બચ્ચાને જન્મ આપે છે. એ પ્રમાણે કેટલાક ગુરુઓ નિર્દોષ નિરસ આહાર પાણી આદિ માત્ર લેનારા છે. સુવિશુધ્ધ પ્રકૃતિવાળા દુધ - ઘી આદિ ઉપમાવાળા શુધ્ધ ધર્મ માર્ગના ઉપદેશ વડે અન્ય ઉપર સતત્ ઉપકાર કરનારા છે. વાછરડાની ઉપમા જેવા સમ્યક્ચરણ કરણ (ચારિત્ર અને ક્રિયા) અનુષ્ઠાન આદિને જન્મ આપનારા છે. (બીજામાં તે ઉત્પન્ન કરનારા છે) શ્રી પરદેશી રાજાના પ્રતિબોધક શ્રી કેશીગણધરની જેમ તેઓ યોગ્ય છે. કહ્યું છે કે મહાવ્રતને ધરનારા ધીર, ભીક્ષા માત્રથી જીવન નિર્વાહ કરનારા, સામાયિકમાં રહેલા, ધર્મનો ઉપદેશ આપનારા ગુરુઓ માન્ય છે.

જેવી રીતે ધેનુ ને આપેલ ઘાસ વિ. પણ દૂધ - ઘી વિ. રૂપે પરિણમે છે એ પ્રમાણે એઓને થોડું પણ આપેલું અનંત ફલને આપનારૂં બને છે. શ્રી ઋષભદેવે સાર્થવાહના પ્રથમ ભવમાં વિહાર કરતાં શ્રી ધર્મ ઘોષસૂરિ આદિને જેમ આપ્યું હતું તેમ ઈતિ ધેનુના દૃષ્ટાંતની વિચારણા થઈ. (૭)

(૮) **હવે મિત્રની ઉપમા દ્વારા સમજાવે છે. :-** સખા - મિત્ર ને જેવી રીતે પોતાના હૃદય સરખા મિત્રને આકર્ષણ કરવા વડે જ, નહિ કે વળી ધનાદિની લાલચથી અથવા જીવન આદિના કારણથી પ્રવર્તે છે. મર્યાદા પૂર્વક મિત્રના હિતમાં પ્રવર્તે છે. કુપ્રવૃત્તિથી પાછો ફેરવે છે. આપત્તિમાં આવેલાને બચાવે છે. તેના અપવાદો (અવગુણ) ને છુપાવે છે અને તેના ગુણો ને પ્રગટ કરે છે.

કહ્યું છે કે :- પાપને દૂર કરે છે. અને હિત માટે પ્રયત્ન કરે છે.

ગુપ્તવાતને છુપાવે છે. અને ગુણોને પ્રગટ કરે છે, આપત્તિમાં પડેલાં ને ત્યાગતાં નથી, અવસરે મદદ કરે છે. તે આ સન્મિત્રનું લક્ષણ છે. એમ સંતો કહે છે. પરંતુ તેઓ યોગ્ય અવસરે બહુમાન દાનાદિના ઉપચારની અપેક્ષા રાખે છે. પ્રાયઃ કરીને બહુમાન નહિ પામતાં સ્વલ્પ સ્નેહી બને છે અથવા સ્નેહ વગરના પણ થાય છે. વળી કહે છે કે નહીં મળવાથી અતિશય મળવાથી, મળવા છતાં નહિ બોલવાથી, અભિમાનથી અને પ્રવાસથી આ પાંચ કારણે પ્રેમજતો રહે છે. તેથી કરીને તેવા પ્રકારનો કોઈ અવસર આવતાં ઉદાસ પણ બને છે. (ઉદાસીપણું રાખે છે.) એ પ્રમાણે કેટલાક ગુરુઓ પ્રાણીઓને વિષે શ્રેષ્ઠ મૈત્રી પણાની બુધ્ધિથી, પવિત્ર થયેલા મનના શુભ ભાવથી, ધન વિ. ની ઈચ્છા વગર અથવા આજીવિકાના કારણ વિના વાદળની જેમ સ્વાભાવિક (સર્વજનને વિષે) ઉપકારની પ્રવૃત્તિવાળા, તેવા પ્રકારના અવસરે ઉચિત કાર્ય કરવાના મનવાળા, હૃદયને ગમે તેવી દેશના વડે હિતને કરનારા (બતાવનારા) બને છે. વિવેકને બતાવે છે. મોહરૂપી અંધકારના પટલનો નાશ કરે છે. પ્રમાદરૂપી નિદ્રાથી બંધ થયેલા વિવેકરૂપી ચક્ષુવાળા ભવ્ય જનને બોધ પમાડે છે. સમ્યક્ત્વાદિ ગુણોને પ્રગટ કરે છે. દુર્ગતિના દુઃષમ માર્ગને રોકે છે. સીમાવિનાના સંસાર રૂપ સમુદ્રમાં ઉછળતી વિવિધ આપત્તિની પરંપરાથી ઉગારનારા છે. (તારે છે) તો પણ તેઓ યથા ઉચિત અવસરે બહુમાન વિ. ની ઈચ્છા રાખે છે. બહુમાન નહિ પામેલા (પામતાં) તેઓ પણ ઉદાસીન બને છે. જેવી રીતે બપ્પભટ્ટિસૂરિજી તેનું દૃષ્ટાંત કહેતાં કહે છે કે :-

બપ્પભટ્ટસૂરિજીની કથા

ગુજરાત દેશમાં પાટલ નામના ગામમાં શ્રી સિધ્ધસેનસૂરિજી બિરાજમાન હતા. એક વખત તેઓશ્રી વીરપ્રભુને વંદન (દર્શન) કરવા માટે મોઢેરા ગામમાં આવ્યા અને ત્યાં રાત્રિમાં સ્વપ્ન જોયું તે આ રીતે છલાંગ મારીને સિંહના બચ્ચાને ચંદ્રના શિર ઉપર બેઠેલું જોયું. ઈતિ. પ્રભાત થતાં તે સ્વપ્ન

શિષ્યોને જણાવ્યું (સંભળાવ્યું) તે શિષ્યોએ વિનય પૂર્વક તેનું ફલ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે અન્ય દર્શનીઓ રૂપી હાથીના મદને ઉતારનારો મહાબુધ્ધિશાળી શિષ્ય આજે અહીંયા આવશે.

ત્યાર પછી મંદિરમાં દેવોને (પ્રભુને) વંદન કરતાં એવા તેઓની આગળ એક છ વર્ષનો બાળક આવ્યો તેને પૂછ્યું તું કોણ છે ? એ પ્રમાણે પૂછતાં જાતેજ તેણે પોતાના સ્વરૂપને કહ્યું. હું પંચાલ દેશના દુમ્બા ઉધી ગામનો રહેવાસી બપ્પનામના પિતા અને ભટ્ટિ નામની માતાનો સુરપાલ નામનો પુત્ર છું. શત્રુને હણવાને માટે તૈયાર (ઉત્સૂક) થતાં એવા મને પરાક્રમ કરવાની આ તારી ઉંમર નથી એમ કહી પિતાએ જાતે જ મને વાર્યો (રોકી દીધો) પિતા જાતે શત્રૂને હણતાં નથી અને મને હણતાં રોકે છે. તેથી નારાજ (નિરાશ) થયેલો માતાને પણ પૂછ્યા વિના (જણાવ્યા વગર) અહીંયા હું આવ્યો છું. એનું દેવતાઈ તેજ જોઈને ગુરુએ આ પ્રમાણે કહ્યું અમારી પાસે રહે ત્યારે છોકરાએ કહ્યું "મારૂં ભાગ્ય ખીલી ગયું" એ પ્રમાણે કહીને તે ત્યાં તેમની પાસે રહ્યો એકી સાથે સાંભળવા માત્રથી ૧૦૦૦ (એક હજાર) અનુષ્ટુપ શ્લોકો કંઠસ્થ કરવાની બુધ્ધિ પ્રભા જાણીને તુષ્ટ થયેલા ગુરુએ તેના માતપિતાને વિનંતી કરીને દીક્ષા આપી. પિતાની વિનંતીને માન આપીને બપ્પભટ્ટિ એ પ્રમાણે નામ આપ્યું (સ્થાપ્યું) વિક્રમ સંવત ૮૦૭ના વૈશાખ શુદી ત્રીજ દિવસ ગુરુવારે તેની દીક્ષા થઈ.

એક વખત શ્રી ગુરુએ તેને સારસ્વત (સરસ્વતી) મંત્ર આપ્યો તે મંત્રનું સ્મરણ કરતાં ગંગાના પ્રવાહમાં રાત્રિએ નિર્વસ્ત્ર સ્નાન કરતી સરસ્વતી તે મંત્રના જાપના માહત્મ્ય (પ્રભાવ) થી જેવી ન્હાતી હતી તેવી તેની પાસે આવી અને તેને (બપ્પભટ્ટીએ) જરાક મુખ ફેરવી નાંખ્યું પોતાના સ્વરૂપને ભૂલી ગઈ હોય તે રીતે તે બોલી મુખને શા માટે ફેરવો છો. તમારા મંત્રના જાપથી તુષ્ટ થયેલી હું આવી છું. વરદાન માંગો. એ પ્રમાણે તેણે કહ્યું ત્યારે બપ્પભટ્ટિએ કહ્યું કે હે માતા ! તમારૂં આવા પ્રકારનું વિસદૃશ (નિર્વસ્ત્ર) રૂપ કેવી રીતે જોવાય ? નિર્વસ્ત્ર એવા તારા શરીરને તું જો. એમ કહ્યું ત્યારે તેણીએ પોતાના શરીરને જોયું અહો ! આનું બ્રહ્મચર્ય વ્રત કેટલું મજબૂત (પાક્કું) છે. એ પ્રમાણે વિચારીને મંત્રના પ્રભાવથી બીજું સઘળું ભાન

ભૂલીને અહીંયા હું આવી છું. એમ કહીને તેને વરદાન માંગવાનું કહ્યું ત્યારે વરદાન માંગવામાં પણ નિસ્પૃહપણાથી તારા ઉપર તુષ્ટ થઈ છું, તારી ઈચ્છા હોય ત્યારે મને યાદ કરજે હું આવીશ એ પ્રમાણે વરદાન આપીને અદૃશ્ય થઈ ગઈ.

એક વખત વરસાદ વરસતો હતો ત્યારે દેવકુલમાં રહેલા બપ્પભટ્ટિની પાસે દેવની ઉપમા જેવો કોઈક મનુષ્ય આવ્યો શિલા લેખમાં લખેલા કાવ્યોને તેણે વાંચ્યા અને બપ્પભટ્ટિએ તેને બોલાવ્યો. વર્ષાદ બંધ થયે છતે બપ્પભટ્ટિની સાથે ઉપાશ્રયમાં તે આવ્યો તું કોનો પુત્ર છે ? એ પ્રમાણે ગુરુએ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે સૂર્યવંશીય ચંદ્રગુપ્તરાજાના વંશના ભૂષણરૂપ કન્યકુબ્જ દેશના રાજા યશોવર્મ રાજાનો હું પુત્ર છું પિતાએ શિક્ષા આપતાં કંઈક કહ્યું તેથી ગુસ્સે થયેલો હું અહીં આવ્યો છું. અને તેણે પોતાનું નામ આમ છે એ પ્રમાણે ખડી (ચોક) થી લખ્યું ત્યારે ગુરુએ કહ્યું હે વત્સ ! નિશ્ચિત મનથી મિત્ર બપ્પભટ્ટિની સાથે શાસ્ત્રનો અભ્યાસ કર પછી ત્યાં રહેવાથી તેને બપ્પભટ્ટિની સાથે ગાઢ મૈત્રી થઈ.

એક વખત બપ્પભટ્ટિને તેણે કહ્યું જો મને રાજ્ય મળશે ત્યારે હું તમને આપીશ. કેટલોક કાલ ગયા પછી તેના પિતાએ રાજ્યાભિષેક (પટ્ટાભિષેક) માટે પ્રધાનોને મોકલ્યા. બપ્પભટ્ટિને પૂછીને તેઓની સાથે કન્યકુબ્જ દેશમાં ગયો. પિતાએ તેને રાજ્ય પર બેસાડયો યાને રાજ્યાભિષેક કર્યો ત્યારે તેના રાજ્યમાં બે લાખ અશ્વ, ૧૪૦૦ (ચૌદશો) રથો અને હાથીઓ, એક ક્રોડનું પાયદલ (સૈન્ય) હતું. એક વખત આમ રાજાએ પોતાના મિત્ર એવા બપ્પભટ્ટિને બોલાવવાને માટે પોતાના પ્રધાનોને મોકલ્યા તેઓના (તે પ્રધાનોના) અતિ આગ્રહથી ગુરુએ તેને (બપ્પભટ્ટીને) મોકલ્યા અને તે ધર્મોન્નતિને કાજે આમ રાજાના નગરમાં ગયા તેના આગમનથી ખુશ થયેલા તેણે સર્વ આડંબર પૂર્વક સામે આવીને પ્રવેશ સમયે હાથી ઉપર બેસવા માટે વિનંતી કરી બપ્પભટ્ટિએ કહ્યું કે સાધુને હાથી ઉપર બેસવું કલ્પતું નથી.

રાજાએ કહ્યું. :- મેં આપેલ રાજ્યદાનનું વચન તમે પહેલા સ્વીકારેલું છે. રાજ્યનું પહેલું ચિહ્ન હાથી છે. (માટે તેના પર તમે બેસો) એ સાચું તારી પ્રતિજ્ઞા પૂર્ણ થાય પરંતુ સર્વ સંગને છોડનારા એવા અમને અમારી

પ્રતિજ્ઞાનો ભંગ થાય (અથવા તુટી જાય) રાજા આશ્ચર્યતાને પામ્યો. નગર પ્રવેશ પછી મહેલમાં સાધુના માટે રાજાએ સિંહાસન મૂકાવ્યું. તે વખતે બપ્પભટ્ટિએ કહ્યું સૂરિપદ પ્રાપ્ત કર્યા બાદ સિંહાસનરૂપી આસન કલ્પે છે. (તેથી હાલ આચાર્યપદ વિનાના અમને તે કલ્પે નહિ) તેથી દુઃખી થયેલા રાજાએ બીજું આસન મૂકાવ્યું.

કેટલાક દિવસો સુધી તેને ત્યાંજ રાખીને આચાર્યપદના અર્થિ (ઈચ્છાવાળા) રાજાએ પ્રધાનોની સાથે ગુરુની પાસે બપ્પભટ્ટિને મોકલ્યા પ્રધાનોએ ગુરુને વિનંતી કરી કહ્યું કે ચંદ્ર વિના જેમ ચકોર આનંદિત થતો નથી તેમ બપ્પભટ્ટિ વિના અમારા સ્વામિ હર્ષને પામતા નથી. એથી આચાર્યપદવી આપીને પછી એમને મોકલજો જેથી કરીને એના ઉપદેશથી રાજા ધર્મની ઉન્નતિ કરે. અર્થાત્ કરનારો થાય ગુરુએ કહ્યું :- ભો ! ભો ! આ શિષ્યની ઉપસ્થિતિ (હાજરી) વિના અમને આનંદ આવતો નથી. તેઓએ (પ્રધાનોએ) કહ્યું સૂર્યના તાપને ઝાડ સહે છે. સૂર્ય આકાશને ઉલ્લંઘવાનું કષ્ટ સહે છે. સમુદ્ર નૌકાના શ્રમને સહે છે. કાચબો પૃથ્વીના ભારને સહે છે. વાદળ (મેઘ) વરસવાની તકલીફ લે છે. પૃથ્વી સમસ્ત પ્રાણી (જીવો) ના ભારને સહે છે. તેઓનું તેમાં ઉપકાર સિવાય બીજું કોઈ ફળ દેખાતું નથી અર્થાત્ તેઓ નિઃસ્વાર્થ સહન કરી ઉપકાર કરે છે.

એ પ્રમાણે તેની વાણીથી (કહેવાથી) શ્રી સંઘે કરેલા ઉત્સવ પૂર્વક ગુરુએ તેમને (બપ્પભટ્ટીને) આચાર્ય પદ ઉપર આરુઢ કર્યા વિક્રમ સંવત ૮૧૧ ના ચૈત્રવદની આઠમના દિવસે આચાર્ય પદને પામ્યા પછી ગુરુએ શિક્ષા આપી કે હે વત્સ ! વિધિવત્ બ્રહ્મચર્યની રક્ષા માટે તરુણ અવસ્થા અને રાજપૂજા બન્નેથી સાવધાન રહેવું કારણ કે એ બન્ને અનર્થકારી છે.

તે સાંભળીને શ્રી બપ્પભટ્ટિસૂરિજીએ જે કાંઈ કર્યું તેને શ્લોક વડે કહે છે. ભક્ત લોકોના આહાર પાણી અને છએ વિગઈઓનો પણ આ જન્મ સુધી ત્યાગ કરું છું. એ પ્રમાણેનો નિયમ ગ્રહણ કર્યો. પછી રાજાના આગ્રહથી ગોપગિરિમાં આવ્યા તેમના ઉપદેશથી રાજાએ ઊંચા શિખરવાળું એકસો હાથ ઉંચુ મંદિર બંધાવ્યુ તેમાં ૧૮ ભાર પ્રમાણવાળી જાત્ય (શુધ્ધ) સુવર્ણની શ્રી મહાવીર પ્રભુની પ્રતિમા સ્થાપી.

એક વખત આમ રાજાએ પુરોહિતના કહેવાથી પહેલાં જ્યાં સિંહાસન હતું (તેને હટાવીને) ત્યાં ગુરુ માટે બીજું સમાન્ય આસન મૂકાવ્યું ત્યારે રાજાને પ્રતિબોધ કરવા માટે સૂરિજીએ કહ્યું "વિનય રૂપી શરીરના નાશક સર્પ સમાન માનરૂપી ઉન્મત્ત ગજના અભિમાનને ચૂરી નાંખ જેના સરખો જગતમાં કોઈ ન હતો તેવો રાવણ પણ અભિમાનના કારણે નાશ પામ્યો એ સાંભળીને ગર્વનો ત્યાગ કરી રાજાએ ફરીથી કાયમને માટે સિંહાસન મુકાવ્યું.

એક વખત રાણીનું મુખ કરમાયેલું જોઈને રાજાએ તેની સમસ્યા સૂરિજીને પૂછી.

"હજુ પણ તે કમલમુખી પોતાના પ્રમાદથી દુઃખી થાય છે." સરસ્વતી જેઓને સિધ્ધ છે. તેવા તે સૂરિજીએ કહ્યું કે વહેલા જાગેલા તારા વડે જેણીનું અંગ ઢંકાયું માટે. વળી એક વખત ચાલતી એવી પટ્ટરાણીને પગલે પગલે જાણે વ્યથા અનુભવતી ન હોય તેવી જોઈ રાજા બોલ્યો 'ચાલતી એવી બાલા ડગલે ડગલે ક્યા કારણથી મુખ મચકોડે છે'

સૂરિજી :- 'અવશ્ય તેણીના ગુહ્યભાગમાં નખ પંક્તિને કંદોરો ઘસાતો હશે' તે સાંભળીને રાજાનું મુખ ઉદાસીન થઈ ગયું. અને ગુરુ એવા સૂરિજી પર જે માન - આદર હતા તે તેના હૃદયમાંથી નિકળી ગયા. તેવા પ્રકારનો આદર વિનાનો તેને જોઈને ગુરુજી ઉપાશ્રયે આવી કાંઈક બહાનું બતાવીને દરવાજાના દ્વાર પર કાવ્ય લખીને વિહાર કરી ગયા. સૂરિજીએ શું લખ્યું હતું તે કહે છે. હે રોહણગિરે (રોહણગિરિ સમાન એવા રાજા) હું જાઉ છું. તારું કલ્યાણ થાઓ મારા જવાથી આનું શું થશે. એવું સ્વપ્ને પણ તું વિચારીશ નહિ. મણી જેવા અમે જેમ તારા સહવાસથી પ્રતિષ્ઠા મેળવી છે. તેમ મણીરૂપ એવા અમને પણ શૃંગારરસના રસિયા અન્ય રાજાઓ પણ પોતાના મસ્તક ઉપર (મુગટમાં) ધારણ કરશે. આ પ્રમાણે લખીને ગુરૂજી ગૌડ દેશમાં પહોંચ્યા ત્યાં **ધર્મ** નામનો રાજા હતો તેના આગ્રહથી ત્યાં રોકાયા અને નક્કી કર્યું કે જ્યાં સુધી આમ રાજા જાતેજ બોલાવવા માટે નહિ આવે ત્યાં સુધી હું વિહાર નહિ કરું એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને રહ્યા.

એક વખત રાજા શહેરમાં ફરવા માટે નીકળ્યા ત્યારે કોઈક (મણિવાળા મરેલા) કાળા સર્પને જોઈને મુખથી સારી રીતે પકડીને મુઠ્ઠીમાં લઈને અને સર્પના મોઢા પર બીજો હાથ મૂકીને "શસ્ત્ર, શાસ્ત્ર, ખેતી વિદ્યા કે બીજા જે જેના વડે નિર્વાહ ચલાવે છે એ પ્રમાણે સમસ્યાને પૂછી પરંતુ રાજાના મનના અભિપ્રાય (વિચાર) ને અનુરૂપ કોઈપણ સમસ્યા પૂરતું (કહેતું) નથી. ત્યારે રાજાએ ગુરૂને ખૂબ જ યાદ કર્યા પછી જે મારા અભિપ્રાય ને કહેશે તેને એક લાખ સુવર્ણ ટંક ઈનામ આપીશ એ પ્રમાણે પડહ વગડાવ્યો. તે સાંભળીને કોઈક જુગારી ગૌડ દેશમાં જઈને બપ્પભટ્ટી ગુરુ (સૂરિજી) ને પૂછી આવીને સમસ્યા પૂરી તે આ પ્રમાણે જે રીતે કાળા સર્પના મુખને પકડ્યું તે રીતે સારી રીતે ગ્રહણ કરવું જોઈએ એટલે કે શસ્ત્રને મજબૂત પકડવું, શાસ્ત્રને છોડવું નહિ, કૃષિ વિદ્યા (ખેતી ની કળા) ભૂલવી નહિ. આ સમસ્યા કોણે પૂરી એ પ્રમાણે આગ્રહ પૂર્વક રાજાએ પૂછતાં ગુરુએ બતાવ્યું છે તેમ કહ્યું વિસ્તારથી જાણવાની ઈચ્છાવાળાએ તેમનું ચરિત્રઆદિ જોવું પછી પશ્ચાત્તાપ કરતાં એવા તેણે શ્રી આ. બપ્પભટ્ટિની પાસે પ્રધાનોની સાથે કાવ્યોને મોકલ્યા તે આ પ્રમાણે...

छाया कारणि सिरिधरिअ :- વૃક્ષ છાયાના કારણે પોતાના શિર પર (પત્રો) પાંદડાને ધારણ કરે છે. છતાં પ્રચંડ પવનના યોગે તે ભૂમિ પર પડી જાય છે. તેમાં વૃક્ષ બિચારૂં શું કરે ? ॥૧॥

न गंगा गांगेयं सुयुवतिकपोलस्थलगतं,

તરુણ યુવતિના કપોલ ભાગ પર રહેલા લોચન ગંગા કે સરસ્વતીને યાદ કરતાં નથી.

સ્ત્રીની છાતી પર રહેલ મુક્તા ફલ (મોતિની માળા) શુક્તિ (છીપ) ને યાદ કરતા નથી. મુગુટમાં જડેલો મણિનો સમુહ રોહણાચલની જન્મભૂમિ ને યાદ કરતો નથી. તેથી હું એમ માનું છું કે પોતપોતાના સુખમાં મગ્ન જગત્ (લોકો) બીજાના સ્નેહથી વિરત રહેછે. (એટલે કે પોતાને ગમતિ.... મનપસંદ ચીજ મલતાં મૂળ વસ્તુનો પ્રેમ ઉડી જાય છે.) ॥૨॥ ઈત્યાદિ પ્રધાન પાસેથી સાંભળીને ગુરુ બોલ્યા કે આમ રાજાને આ ગાથાઓ સંભળાવવી :-

વિંધ્ય પર્વત છોડીને રાજાના ભવનમાં ગયેલા હાથીઓ ગૌરવતાને પામ્યા છે. છતાં પણ વિંધ્યાચલમાંથી ઘણા હાથીઓ જવા છતાં પણ વિંધ્યાચલ હાથીઓ વગરનો બન્યો નથી ॥૧॥ **माणसविण सुहाइं.....॥२॥ परिसेसि ॥३॥** જેમ માનસરોવર વિના રાજહંસો સુખને પામતા નથી તેમ રાજહંસો વિના માનસરોવર પણ શોભાને પામતું નથી. બધા હંસો માનસરોવર છોડીને જતા રહે તો પણ માનસરોવર માનસરોવર રહે છે. હંસ પણ જ્યાં જાય ત્યાં હંસ જ રહે છે. તે જ્યાં જશે ત્યાં શોભા રૂપ જ બનશે. બીજે ક્યાંય જવાથી તે બગલા બનતા નથી. ॥ ૨+૩ ॥

मलउ सचंदणुच्चिय..... ॥४॥ નદીના પ્રવાહો ગમે તેટલા ચંદન વૃક્ષોને તાણી જાય તો પણ મલયાચલ ચંદન વૃક્ષોથી ભરેલો જ રહે છે. અને તણાઈ ગયેલું ચંદન ગમે ત્યાં જાય તો પણ તે મૂલ્યવાન જ રહે છે. ॥૪॥

इक्केण कोत्थुहेण विणा वि..... એક કૌસ્તુભ રત્ન વિના પણ સમુદ્ર બીજા રત્નો વડે સમુદ્ર છે. અને કૌસ્તુભરત્ન જેની છાતી પર મૂકાય છે તે પણ બહુ મુલ્યવાન (પૂજનીય) બને છે. ॥૫॥

पइमुक्काहि विवरतरु..... ॥६॥

હે ઉત્તમવૃક્ષ ! તેં પત્રોને ત્યજી દીધા એટલે કંઈ એનું પત્રપણું નષ્ટ થતું નથી ! અને વળી તારી છાયા પણ નવા પાંદડા આવ્યા પછી જ થવાની છે. !

આ દુનિયામાં જેટલા મોટા માણસો છે તે બધાં શેલડીના સાંઠા જેવા છે. જડ (કાતરી) છે ત્યાં રસ ધરાવે છે અને જ્યાં પત્ર (પાંદડા) છે તે નિરસ હોય છે. અને આમ રાજાને આ પ્રમાણે સંદેશો કહેવડાવ્યો કે હે પ્રધાનો !

આમ રાજાને ગુરુજીએ આ પ્રમાણે કાવ્યો (શ્લોકો) મોકલ્યા અને આમ રાજાને આ પ્રમાણે સંદેશો કહેવડાવ્યો જો અમારૂં કામ હોય તો (ત્યારે) છૂપી રીતે ધર્મરાજાની સભામાં જાતે આવીને પૂછવું (અનુમતિ લેવી) પ્રતિજ્ઞાનું પાલન પૂર્ણ થતાં જેવી રીતે ગયા હતા તેવી રીતે તારી પાસે આવીશું પૂજ્ય સૂરિજીએ શિક્ષા (શિખામણ) આપવા પૂર્વક પ્રધાનોને પાછા મોકલ્યા અને

તેઓ કાન્યકુબ્જ (કનોજ) નગરમાં આવીને રાજાને મળ્યા અને ગુરુજીએ કહેલો સંદેશો કહ્યો.

રાજા ખૂબ ઉત્સાહ પૂર્વક ઝડપભેર ઊંટ પર બેસીને નિઃશંક **ગોદાવરીના** કાંઠે એક ગામમાં આવ્યો તેના પાદરે (સીમાપર) ખંડીયેર જેવા થયેલ દેવકુલમાં રાત્રિએ વાસ કર્યો ત્યારે તેના રૂપમાં મોહિત થયેલી તે મંદિરની દેવીએ તેને પ્રાર્થના કરવા પૂર્વક તેની સાથે રતિ ક્રિડાકરી, સવાર થતાં તેને પૂછ્યા વગર જ ઊંટ ઉપર બેસીને તે આમરાજા ગુરુની પાસે આવ્યો અને વિરહ ને બતાવતાં કાવ્યો વડે સ્તુતિ કરી. પછી શ્લોકનો અર્ધો ભાગ બોલ્યા "એક રાત્રિનો કેવો પ્રેમ ? જેથી આજે પણ તેણી યાદ આવે છે. "ગુરુએ શ્લોકની પૂર્તિ કરતાં કહ્યું કે :- "ગોદાવરીના કાંઠે ખંડીયેર મંદિરમાં જેવીરીતે વિસામો લીધો હતો. (રહ્યો હતો) આ રીતે સમસ્યાની પૂર્તિ સાંભળી ખુશ થયેલા રાજાએ શાસ્ત્ર વાર્તા આદિ કરીને બાકી રહેલો દિવસ પસાર કર્યો. સવારે સ્થગીધર - (પાનદાની ઉપાડનાર) નો વેષ ધારણ કરીને આમ રાજા અને સૂરિજી ધર્મરાજાની સભામાં આવ્યા. આમ રાજાએ કરેલી વિનંતી ને (ગુરુજીએ) ધર્મરાજાને બતાવી તે વિરહવેદના વાંચીને દૂતને પૂછયું તારો રાજા કેવો છે ?

તેણે કહ્યું :- આજ સ્થગીધર (છડીદાર) સરખો જ તેને (રાજાને) જાણો હાથમાં બીજોરૂં ધારણ કરેલા તે સ્થગીધરને સૂરિજીએ પૂછ્યું તારા હાથમાં શું છે. ? ત્યારે તેણે કહ્યું આ બીજરાજ-બીજોરૂ છે. સ્પષ્ટ દેખાય છે. દૂતે આઢકી પત્ર (તુવેરનું પત્ર) બતાવતાં તે સૂરિજી પહેરેગીર (વેષ ધારી રાજા) ને આગળ કરીને બોલ્યા. આ તૂઅરિ પત્ર છે. (શત્રુ) આ પ્રમાણે દ્વીઅર્થી ભાષા કહેવા છતાં પણ સરળ એવા ધર્મરાજા સમજ્યા નહિ. ત્યાંથી આમ રાજા ઉઠીને વેશ્યાને ઘરે રહ્યા. તેને ઘણી કીમ્મતવાળું એક કંકણ આપીને. સવારે તેના ઘરમાંથી બહાર નીકળી ગયા અને બીજું કંકણ રાજાએ મહેલના દરવાજાના આંગળીયા (હાલગરા) માં મૂકીને ત્યાંથી નીકળી ગયા અને બહાર ગુપ્ત રીતે વનમાં રહ્યા પછી પ્રભાત થતાં ગુરુએ ધર્મરાજાની સભામાં જઈને કાન્યકુબ્જ જવા માટે રાજાની રજામાંગી ત્યારે તે રાજાએ કહ્યું કે

પ્રતિજ્ઞા કેમ ભૂલી ગયા ?

ગુરુએ કહ્યું કે તે પ્રતિજ્ઞા પૂર્ણ થઈ છે. તે કેવીરીતે પૂર્ણ થઈ તેમ રાજાએ પૂછતાં આમરાજાના આગમન વિ. નું સ્વરૂપ જેવું હતું તેવું કહ્યું તેટલામાં દરવાજા પર લટકતું આમરાજાના નામથી અંકિત કંકણ દ્વારપાળે રાજાની આગળ મૂક્યું પછી વિશ્વાસ પામેલા રાજાને પૂછીને ગુરુએ કાન્યકુબ્જ દેશ તરફ પ્રયાણ કર્યું અને આમ રાજાની સાથે **ગોપગિરિમાં** આવ્યા ત્યાં ક્યારેક શાસ્ત્ર ગોષ્ઠિ, ક્યારેક ધર્મગોષ્ઠિ કરી દિવસ પસાર કર્યા શ્રી બપ્પભટ્ટિએ સમજાવટથી શ્રી આમરાજાને પ્રતિબોધ કરવા માટે ઘણા ઉપાયો કર્યા પરંતુ તે ધર્મ ન પામ્યો.

એક વખત સુંદર સ્વરવાળા ગાયકો ત્યાં આવ્યા તેમાં રહેલી એક ચંડાલણે રાજાને રૂપથી અને સ્વરથી આકર્ષિત (મોહિત) કર્યા, તેના રૂપમાં મોહિત થયેલા તેણે બહાર આવાસ કર્યો (ભમવા લાગ્યો) અને બોલવા લાગ્યો 'હે ! ચન્દ્રમુખી ! તારું વદન પૂર્ણિમાના ચન્દ્ર જેવું છે, ઓષ્ઠલતા અમૃત સરખી છે, મણિઓની હારમાળા જેવા તારા દાંત છે, કાંતિ લક્ષ્મી જેવી છે, ચાલ હાથી જેવી છે. સુગંધ કલ્પવૃક્ષ જેવી છે, વાણી કામધેનું જેવી છે, કટાક્ષની શ્રેણિ કાલકૂટ ઝેર જેવી કાતિલ છે, ને શું દેવતાઓએ તારા માટે ક્ષીર સમુદ્રનું મંથન કર્યું હતું ?

જેનું જન્મ સ્થાન નિર્મલ નથી, વર્ણ (રંગ) વર્ણવવા યોગ્ય નથી. શોભા તો દૂર રહો શરીર ઉપર વિલેપન કરેલી જે કાદવની શંકા પેદા કરે છે. વિશ્વના લોકો જેને ચાહે છે અને જે સર્વ સુગંધી પદાર્થોના ગર્વને હરનારી છે. તે કસ્તુરીનો કયો પરિમલ ગુણ છે તે અમે જાણતા નથી.

આ. શ્રી. બપ્પભટ્ટીસૂરિએ વિચાર્યું અહો ? મોટા પુરુષને પણ કેવા પ્રકારની મતિનો આ વિપર્યાસ (વિપરિતતા) છે.

भस्त्रा काचन भूरिरन्ध्रविगलत्तत्तन्मलक्लेदिनी..... ॥१॥

સ્ત્રીની કાયા અનેક કાણાં છીદ્રો દ્વારા બહાર પડતાં મેલથી મલીન થયેલી ધમણ જેવી છે. સેંકડો સંસ્કારોથી શુધ્ધ કરાયેલી આ કાયા બહુ બહુ

તો અડધી ક્ષણ સુધી ચમકતી રહી શકે છે. આવી ધમણ જેવા દુર્ગંધીવાળા નારી દેહને તત્ત્વના રસિક પુરુષો પણ પત્નીની બુધ્ધિથી આલિંગન કરે છે. સ્તવે છે. નમન કરે છે, ત્યારે કોની પાસે જઈ પોકાર કરવો ? સભાપૂરી (બરખાસ્ત) થઈ ત્રણ દિવસમાં જ રાજાએ માતંગી (ચંડાલણી) ની સાથે હું અહીંયા રહીશ એવી બુધ્ધિથી નગરની બહાર એક મહેલ બનાવરાવ્યો તે વાતને શ્રી બપ્પભટ્ટિગુરુએ જાણી. પછી રાજા આ કુકર્મથી નરકમાં ન જાય એવા હેતુથી ગુરુએ દયા લાવી બનતા એવા મહેલની બાર શાખ પર રાત્રિએ ખડી (ચોક) થી પ્રતિબોધક કાવ્યો લખ્યા તે આ પ્રમાણે હે જળ ! ખરેખર શીતલતા એ જ તારો ગુણ છે. તારામાં નિર્મલતા સ્વાભાવિક છે. તારી પવિત્રતાની તો શી વાત કરીએ કારણ કે તારા સંગથી બીજા પણ સ્વચ્છતા અને પવિત્રતાને પામે છે. તું દેહધારીઓને માટે જીવન રૂપ છે. આથી તારી વધારે સ્તુતિ શું કરીએ ?

હે નીર ? જો તું નીચા ઢોળાવવાળા માર્ગે જાય છે. (નીચ માર્ગ પસંદ કરે છે) તો તને રોકવા કોણ સમર્થ છે.

सद्वृत्तसद्गुणमहार्घमहार्हकान्त, ...

હે હાર ! તું સદ્ વૃત્ત (વર્તન પક્ષે ગોળાકાર) યુક્ત છે, સદ્ગુણ (પક્ષે સારા દોરા)વાળો છે. મોટા અર્થવાળો, મહામૂલ્યવાન છે. મનોહર યુવતીઓના કઠીન સ્તનપ્રદેશ ઉપર રહીને શોભી રહ્યો છે. !

આવો તું એક પામર નારીના કઠીન કંઠમાં પડીને આમ-તેમ અથડાઈને તુટી જઈશ ! અરેરે ! તેં હારની ગુણવત્તા નષ્ટ કરી નાંખી !

જીવન જલ બુંદ સમ છે. સંપત્તિ જલ તરંગ જેવી ચંચળ છે. પ્રેમ સ્વપ્ન જેવો છે એ તું જાણે છે. માટે હે ભદ્ર ! યોગ્ય લાગે તેમ તું કર ॥૩॥

જગમાં જે કારણથી કુળ લજ્જા પામે છે. જેનાથી નિજકુલની પરંપરા મેલી થાય છે. એવું કંઈ પણ કુલીન પુરુષોએ પ્રાણ કંઠે આવી જાય તો પણ કરવું નહિ ॥૪॥

આ પ્રમાણે લખીને બપ્પભટ્ટિ ગુરુ પોતાને સ્થાને ચાલી ગયા. પ્રભાત

થતાં આમ રાજા તે મહેલને જોવાને માટે ગયો અને તે કાવ્યો જોયા. જેમ જેમ તે વાંચતો ગયો તેમ તેમ ધત્તૂરાથી ઘેનમાં પડેલાનું જેમ દૂધથી ઘેન ઉતરે છે. તેમ આમ રાજાનો ભ્રમ નાશ પામ્યો. તેથી કરીને જેનું મુખ શ્યામવર્ણવાળું થઈ ગયું છે તેવો તે રાજા પણ અત્યંત પશ્ચાતાપ કરવા લાગ્યો અને વિચાર્યું કે મારા મિત્ર વિના બીજો એવો કોણ છે કે આ પ્રમાણે બોધ (શિખામણ) આપે ? હવે મારું મુખ કેવી રીતે બતાવું ? મારી શુધ્ધિ અગ્નિજ કરશે કલંક યુક્ત મારા જીવનને ધિક્કાર હો એ પ્રમાણે વિચારીને તેણે ત્યાંજ ચિત્તાને તૈયાર કરવા માટે પાસે રહેલા (મંત્રિ વિ.) ને હુક્મ કર્યો તે ઈચ્છતા ન હોવા છતાં પણ રાજાના તે આદેશને તેઓએ સ્વીકારવો પડ્યો અને તે પ્રમાણે કરીને આદેશને પૂર્ણ કર્યો આ વાત રાજ પુરુષોએ જાણીને ગુરુની આગળ ગદ્‌ગદ્ કંઠે દુઃખ પૂર્વક રજુ કરી પછી સૂરિજી એ ત્યાં જઈને કહ્યું "હે રાજન્ ! સ્ત્રી જાતને યોગ્ય આવું શું કરવા તૈયાર થયા છો".

રાજા બોલ્યો :- મારા આ દુષ્કૃત્યનું પ્રાયશ્ચિત દેહનો ત્યાગ કરવો એ જ છે. જે રીતે દુર્જન (દુષ્ટમાર્ગે જનારા) લોકનો અમે દંડ કરીએ છીએ (શિક્ષા આપીએ છીએ) તેવી રીતે કર્મનું છેદન કરવા માટે પોતાની જાતને પણ શું શિક્ષા ન જ કરવી ?

ગુરુએ કહ્યું :- મન વડે કર્મ બંધાય છે અને મન વડે જ કર્મ છૂટે છે. સ્મૃતિ મત વાળાને પૂછ ? કારણ કે સ્મૃતિ ગ્રંથોમાં બધા જ પ્રકારના પાપથી છૂટવાનો ઉપાય (માર્ગ) બતાવ્યો છે. પછી તે વાત જાણીને પોતાના મનના પાપથી છૂટવા માટે રાજાએ તેઓને બોલાવ્યા.

સ્મૃતિના જ્ઞાપકોએ કહ્યું કે અગ્નિ વડે તપાવવાથી લાલચોળ વર્ણવાળી થયેલી લોખંડની પૂતળીને આલિંગન કરતાં ચાંડાલણીના સંગમથી ઉત્પન્ન થયેલા પાપથી છૂટી જવાશે. એ પ્રમાણે સાંભળીને રાજાએ તેવી પૂતળીને બનાવરાવી તેને ભેટવા તૈયાર થયો ત્યારે પુરોહિતે અને બપ્પભટ્ટિએ હાથથી અટકાવ્યો (પકડી લીધો) અને તે બન્ને એ કહ્યું "હે રાજન્ ! ક્રોડો લોકોને સહાય ભૂત એવા આત્માનો ફોગટ નાશ ન કર" દુષ્કર (કઠીન) કાર્ય કરવાના તારા મનના વિચાર (પરિણામ) માત્રથી જ તારું તે પાપ નાશ

પામ્યું છે પછી ગુરુના ઉપદેશથી તે બોધ પામ્યો અને પ્રધાનોએ સુંદર નગર પ્રવેશ મહોત્સવ કર્યો.

એક વખત ધર્મોપદેશ વખતે આ. શ્રી. બપ્પભટ્ટિસૂરિજીએ જૈનાદિ ધર્મના તત્ત્વોને કહ્યા અને હે રાજન્ ! જૈન ધર્મનો પરીક્ષા કરવા પૂર્વક આશ્રય કર' એ પ્રમાણે કહ્યું ત્યારે રાજા બોલ્યો. મારા જેવાની પરીક્ષામાં જૈન ધર્મ તો ઉત્તીર્ણ થાય છે. પરંતુ શૈવધર્મમાં દ્રઢરીતે ચિત્ત લાગેલું છે તેથી તે ધર્મને હું નહિ છોડું ઈત્યાદિ.

હે ભગવન્ ! હવે હું બીજું કંઈક કહું છું. આપ તો બાલક જેવા અજ્ઞાનીઓને બોધ પમાડો છો પંડિતજનોને નહિ, જો તમારી શક્તિ હોય તો મથુરામાં રહેલા વાક્પતિરાજને બોધ પમાડો. કેવા વાક્પતિને ? હૃદયમાં વિષ્ણુનું ધ્યાન ધરતાં, જનોઈથી અલંકૃત, નાકના અગ્ર ભાગ પર રહેલી દ્રષ્ટિવાળા, તુલસીની અને પત્રજીવની માળાથી ઢંકાયેલી છાતીવાળા, કૃષ્ણના ગુણને ગાનારા, વૈષ્ણવોથી (વિષ્ણુના ભક્તોથી) ઘેરાયેલા, વિષ્ણુના મંદિરમાં રહેલા, વૈરાગ્યથી અનશનને સ્વીકારનારા પદ્માસને બેઠેલા વાક્પતિ રાજસામન્તને પ્રતિબોધિને જૈન મતમાં સ્થાપન કરો' એ પ્રમાણે કહ્યું ત્યારે ગુરુએ તેને પ્રતિબોધ કરવા માટે પ્રતિજ્ઞા કરીને ૮૪ સામન્તો (પ્રધાનો) અને એક હજાર પંડિતોથી પરિવરેલા આચાર્ય મથુરામાં રહેલા વરાહના મંદિરમાં આવ્યા. ત્યાં તેને તેવીરીતે રહેલો જોઈને તેની પાછળ ઉભા રહીને સૂરિએ કહ્યું 'હે શંકર ! તું સંધ્યાને નમસ્કાર કરીને લોકોની પાસેથી હાથ જોડીને માંગે છે. અને લજ્જા વિનાના શિરવડે બીજી સ્ત્રીને ધારે છે. તે પણ મેં સહન કર્યું અમૃત મંથન કરતાં ઉત્પન્ન થયેલી લક્ષ્મી વિષ્ણુની પત્ની થઈ, તો તેં શા કારણથી ઝેરને પીધું ?

માટે હે સ્ત્રી લંપટ ? મને સ્પર્શ કર નહિ એ પ્રમાણે પાર્વતીએ જેને કહ્યું છે. તે મહાદેવ તમારું રક્ષણ કરો ॥૧॥

ધ્યાનમાં જોડાવાના કારણે એક ચક્ષુ જેની બંધ છે અને વળી બીજી આંખ શૃંગારના સમૂહના ઘર જેવા વિસ્તારવાળા પાર્વતીના નિતમ્બ પર ખુલ્લી રીતે નજર કરી રહી છે. ત્રીજી આંખ બાણને ખેંચતા (પણ છ

ચડાવેલા) દૂર ઉભેલા કામદેવ પર ક્રોધ રૂપી અગ્નિથી પ્રજ્વલિત છે. એવા તે મહાદેવના ભિન્ન પ્રકારના ત્રણે નેત્રો સમાધિના સમયે તમારૂં રક્ષણ કરો ॥૨॥

रामो नाम बभूवहुं तदबलासीतेति.... ॥૩॥

રામ નામનો રાજકુમાર હતો. તેને સીતા નામની સ્ત્રી હતી. તે બન્ને પિતાના વચનથી પંચવટીમાં ગયા. ત્યાં રાવણ સીતાને ઉપાડી ગયો માતા દ્વારા કહેવાતી એ વાત સાંભળતાં તેને નિદ્રા માટે હુંકાર કરતાં પૂર્વાવસ્થાનું સ્મરણ કરતાં હરિના કોપથી કુટિલ થયેલ ભ્રકુટીવાળી દ્રષ્ટિ તમારૂં રક્ષણ કરો ॥૩॥

કોઈએ આપેલા દર્પણમાં પોતે બનાવેલા (વિકુર્વેલા) બનાવટી સ્ત્રી રૂપને જોઈને પોતાનામાંજ રાગવાળો બન્યો છે. તે કેશવ (વિષ્ણુ-કૃષ્ણ) લક્ષ્મીને આપો ॥૪॥ ઈત્યાદિ

તે સાંભળીને વાક્પતિ સામે આવીને બોલ્યો — હે સૂરિ મિશ્રા ! અમારી આગળ શ્રૃંગાર અને રૌદ્ર રસવાળા કાવ્યો શા માટે બોલો છો ?

સૂરિ :- તમારા દેવના આશિષને બોલુ છું. (કહું છું.) શ્રોતાઓને જેવી રુચી હોય તેવું બોલવું જોઈએ.

વાક્પતિ :- જો એ પ્રમાણે જ હોય તો પણ મુમુક્ષુ એવા અમે અમારું નિધન (મરણ) નજીકમાં છે એમ જાણીને પર બ્રહ્મનું ધ્યાન કરવા માટે અહીંયા અમે આવ્યા છીએ.

સૂરિ :- તો શું મહાદેવ વિ. મુક્તિને આપનારા નથી ? એ પ્રમાણે તમે માનો છો ?

વાક્પતિ :- હા ! એ પ્રમાણેની સંભાવના છે.

સૂરિ :- તો જે મુક્તિ આપવામાં સમર્થ છે તેને હું કહું છું તે સાંભળો.

જેનો આકાર પ્રશમરસથી યુક્ત છે. પરિકર (પરિવાર) શાન્ત છે. જેનું શરીર પ્રસન્ન છે. જન્મ - જરા અને મરણને હરનાર એવા દેવાધિદેવ

જિનેશ્વર છે. એમના સિવાય જગતમાં બીજા દેવનું એવું સ્વરૂપ દેખાતું નથી.

વાક્પતિ :- તે જિનેશ્વર ક્યાં છે ?

સૂરિ :- સ્વરૂપથી મુક્તિમાં, મૂર્તિ રૂપે જિનમંદિરમાં છે.

પછી આમ રાજાએ બનાવેલા મંદિરમાં જિનેશ્વરની મૂર્તિ બતાવીને તેને પ્રતિબોધિત કરીને જિનધર્મમાં સ્થાપન કરીને કેટલાક દિવસો પછી કાન્યકુબ્જ નગરે પહોંચ્યા ચરપુરુષોવડે પહેલેથી વૃતાંત જાણેલો છે એવો રાજા તેની સામે ગયો અને સામે જઈને તેણે મહોત્સવ પૂર્વક નગરમાં તેઓનો પ્રવેશ કરાવ્યો.

રાજા :- હે ભગવન્ ! આપની વચન શક્તિ અદ્ભુત છે. કારણ કે તમે તેને પણ પ્રતિબોધિત કર્યો છે.

સૂરિજી :- મારામાં એવી શક્તિ ક્યાં છે ? કારણ કે તું પ્રતિબોધિત થતો નથી.

રાજા :- હું સારી રીતે બોધ પામ્યો છું તમારો ધર્મ એજ ધર્મ નિશ્ચિત છે. પરંતુ મહાદેવનો ધર્મ મૂકતાં (છોડી દેતાં) મને મોટી વ્યથા થાય છે. તેથી હે ભગવન્ ! મારો પૂર્વ ભવ કહો એમ હું પુછું છું. ત્યારે પ્રધાનો પણ બોલ્યા :- હે ભગવન્ ! કૃપા કરીને રાજાનો પૂર્વભવ કહો પછી સુરિજીએ પ્રશ્નચુડામણિ શાસ્ત્રના આધારે તેને કહ્યું હે રાજા ! સાંભળ, કાલિંજર નામના પર્વત ઉપર રહેલા શાલવૃક્ષની ઉપર રહેલી શાખામાં બે હાથ જેના બંધાયેલા છે. અને મુખ જેનું નીચે લટકી રહ્યું છે. જેની જટા જમીનને અડકીને રહેલી છે. બે દિવસે મિતાહારી અને રાગદ્વેષાદિથી રહિત ૧૦૦ વર્ષથી અધિક ઘોર તપ તપીને છેવટે તું રાજા થયો છે. જો તને વિશ્વાસ ન હોય તો સુભટોને મોકલી આજે પણ તે ઝાડ નીચે રહેલી જટાને મંગાવી લે એ સાંભળીને રાજાએ જટા મંગાવી. અહો ! આ મુનીન્દ્ર ! કોઈ અદ્ભૂત જ્ઞાની છે એ પ્રમાણે પ્રશંસા કરી એક વખત રાજાએ લાખો પ્રપંચ કરવા વડે દુઃખે કરીને જીતી શકાય તેવી રાજગૃહીનગરીને ઘેરો ઘાલ્યો ત્યાં (તે રાજગૃહીનગરીમાં) સમુદ્રસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. તે નગરીનો

કીલ્લો કોઈ પણ રીતે જીતવા માટે શક્ય ન લાગતાં રાજાએ સૂરિજીને પૂછ્યું હે ભગવન્ ! આ કીલ્લો કેવી રીતે જીતી શકાય ? સૂરિજી એ પ્રશ્નચુડામણિ શાસ્ત્રાદિનો વિચાર કરીને કહ્યું કે તારો પૌત્ર ભોજ આ કીલ્લાને ગ્રહણ કરશે. (જીતી લેશે) પછી હઠાગ્રહ કરીને રાજા બાર વર્ષ સુધી ત્યાંજ રહ્યો. ત્યારબાદ દુન્દુક નામના પુત્રને પુત્ર જન્મ્યો. પારણામાં સૂતેલા એવા તેને જન્મતાંની સાથેજ પ્રધાનો કીલ્લાની નજીક લઈને આવ્યા. અને કીલ્લાની સામે તે બાળકના મુખને કરીને તે કીલ્લો ગ્રહણ કર્યો પરંતુ કીલ્લાનો અધિષ્ઠાયક યક્ષ કીલ્લામાં રહેલા લોકોને હણી નાંખે છે. તેથી ત્યાં જઈને રાજાએ કહ્યું લોકોને છોડીને મને માર (હણીનાંખ) રાજાના આવા પ્રકારના સત્વ (પરાક્રમ)થી ખુશ થયેલો તે યક્ષ લોકોને ઉપદ્રવ કરતો બંધ થયો અને મૈત્રીને સ્વીકારી. ત્યાર બાદ આમ રાજાએ મિત્ર એવા યક્ષ પાસે પોતાના આયુષ્યને પૂછ્યું ત્યારે છ માસ બાકી રહેશે ત્યારે કહીશ એમ કહીને યક્ષ અદૃશ્ય થઈ ગયો. પછી અવસર પ્રાપ્ત થતાં તેણે કહ્યું કે ગંગા નદીની અંદર આવેલું માગધ તીર્થ નાવ દ્વારા ઉતરતા તારૂં મૃત્યુ થશે પાણીમાંથી જ્યારે ધૂમાડો નીકળતો જોવામાં આવે ત્યારે તે મૃત્યુની નિશાની જાણવી માટે હે રાજન્ ! પરલોક માટે ધર્મનું આચરણ કરવું હિતાવહ છે.

પછી રાજાએ ગુરુના ઉપદેશથી શત્રુંજયનો મોટો સંઘ કાઢીને તેની યાત્રા કરીને દિગંબરોએ કબ્જે કરેલ શ્રી ગિરનાર તીર્થને પાછું મેળવ્યું. ત્યાંથી રાજા પોતાના પુરમાં આવ્યો. દુન્દુકને રાજ્ય પર બેસાડીને પ્રજાને ખમાવીને ગંગાના કાંઠે રહેલા માગધ તીર્થ તરફ ચાલતાં સૂરિની સાથે નાવમાં બેઠા નાવ વચ્ચે આવતાં ધૂમ્ર નીકળતો જોઈને વ્યંતરે કહેલું યાદ આવતાં સૂરિએ આમ રાજાને કહ્યું અંત સમયે પણ જૈન ધર્મનો સ્વીકાર કર પછી રાજા જૈન ધર્મને સ્વીકારી અનશન કરી નમસ્કાર મહામંત્રની આરાધનામાં તત્પર બન્યો.

ત્યારબાદ બપ્પભટ્ટિગુરુ કાન્યકુબ્જમાં આવ્યા અને પોતાના ગચ્છનું પાલન કર્યું આ બપ્પભટ્ટિગુરુએ દુષ્પ્રતિબોધક હોવા છતાં પણ આમ રાજાને મનમાં રહેલી સમસ્યા કવિત્વાદિ ગોષ્ઠિ વડે જેવી રીતે તેના મનને ગમે તે રીતે તેને આલોકની આપત્તિથી છૂટવા માટે તેના ઉપાયને પ્રગટ કરવા

સુંદર આચરણ વડે ખુશ કરતા અને મૈત્રીની બુધ્ધિથી પ્રતિબોધ કરતાં થોડો જ ધર્મ રાજાને અનુકુલ છે. એમ જાણીને દુઃખી હૃદયે દેશાન્તરમાં વિહાર કરી ગયા તે કારણથી મિત્ર તુલ્ય એ પ્રમાણે હું માનું છું. આ રીતે મૈત્રી ભાવનાનો વિચાર કર્યો.

હવે બન્ધુની વાત કરે છે :- જેમ ભાઈ સ્નેહ પૂર્વક પોતાનાભાઈને યથાવસરે હિત વિ. થાય તેવી શિક્ષા આપે છે. પરંતુ તેવા પ્રકારના વિનય ઉપચારાદિ કરવામાં ઢીલા હોય, વિનયાદિ ગુણરહિત હોય, તો પણ તેની અપેક્ષા રાખ્યા વિના અન્ય લોકથી વિશેષ પ્રકારે પરાભવમાં અને સંકટમાં તે સહાયક બને છે. તેવી રીતે કેટલાક ગુરુઓ શ્રધ્ધાલુ લોકોને કુદરતી રીતે વાત્સલ્ય ભાવથી ભરેલા નિત્ય પરમાર્થ અને હિતને કરનારા ધર્મનો ઉપદેશ આપે છે. પરંતુ તે વિષય (ઉપદેશ)ની ગુણ પ્રશંસા આવર્જન વિ. વિશેષ ઉપચાર રૂપ ક્રિયામાં તેવા પ્રકારનો આદર ધરતાં નથી. તો પણ તેઓ તેવા પ્રકારના બાહ્ય ઉપચારાદિની ઈચ્છા રાખતા નથી. પરંતુ વિશેષ પ્રકારે પરાભવમાં (મુશિબતમાં) અને ભયંકર રોગના આતંકના સંકટમાં આ લોકને વિષે ધર્મમાં સ્થિરતા વિ. કરવા માટે અને પરલોકમાં પણ ધર્માદિના વિષયમાં તેઓને સંપૂર્ણ શક્તિ વડે સહાય કરનારા જ થાય છે. જેવી રીતે **હેમચંદ્રાચાર્યગુરુ** કુમારપાલ રાજાને માટે બંધુ સમાન થયા. તે આ પ્રમાણે એક વખત જયસિંહ દેવ ગુર્જરભૂમિ ઉપર રાજ્ય કરતો હતો તેના ભયથી નાસતા ભાગતા શ્રી કુમારપાલ સ્થંભનતીર્થે આવ્યા. ત્યાં તેને હણવાની ઈચ્છાથી આવેલા રાજપુરુષોથી શ્રી હેમચંદ્રસૂરિજીએ કોઈપણ રીતે એક મકાનના ભોંયરામાં છૂપાવીને રક્ષણ કર્યું. પછી ક્રમે કરીને રાજ્ય પ્રાપ્ત થયા પછી પાટણમાં હેમચંદ્રગુરુએ વીજળીના વિઘ્નથી તેને બચાવ્યો તેની વાત કરતાં કહે છે કે :- એક વખત સૂરિજીએ ઉદયન મંત્રિને પૂછ્યું રાજા અમને સંભાળે છે કે નહિ ? ત્યારે મંત્રિએ કહ્યું. ના નથી સંભાળતા પછી એક વખત ગુરુએ કહ્યું કે હે મંત્રી ! આજે રાજાને ગુપ્ત રીતે કહેજે કે તમારા કારણે ઉપસર્ગ આવવાના કારણે તમારે નવીરાણીના ઘરે સૂવું નહિ કોને કહ્યું એમ જો આગ્રહ કરીને પૂછે તો (ત્યારે) મારું નામ આપવું (કહેવું) પછી મંત્રિએ તે પ્રમાણે કહેતાં રાજાએ તે પ્રમાણે કર્યું અને ત્યાં રાત્રીએ વીજળી પડવાથી તે બળી જતાં અને રાણી મૃત્યુ

પામતાં આશ્ચર્ય પામેલા રાજાએ આદર પૂર્વક મંત્રીને પૂછ્યું હે મંત્રિન્ ! મોટો ઉપકાર કરનારૂં આ ભવિષ્ય જ્ઞાન કોણે કહ્યું છે એ પ્રમાણે ઘણા આગ્રહથી પૂછતાં મંત્રીએ ગુરુનું સ્વરૂપ (ગુરુએ કહેલીવાત) કહ્યું. ખુશ થયેલા તે રાજાએ સભામાં તેમને બોલાવ્યા શ્રી ગુરુને જોઈને આસનથી ઉઠીને અને વંદન કરીને હાથ જોડીને કહ્યું હે ભગવન્ ! આપ પૂજ્યે તે વખતે સ્થંભન તીર્થે મારું રક્ષણ કર્યું હતું અને હાલમાં આ ઉપસર્ગથી બચાવ્યો છે તેથી નિષ્કારણ ઉપકારી એવા આપનો હું કેવી રીતે ઋણ મુક્ત થાઉં (બનું) ? તેથી મારા આ રાજ્યને લઈને મારા ઉપર ઉપકાર કરો ઈતિ.

પછી **સૂરીએ** કહ્યું કે હે રાજન્ ! નિઃસંગ એવા અમને રાજ્યથી શું ? કૃતજ્ઞતા વડે હે રાજેન્દ્ર ! પ્રતિ ઉપકાર કરવાની જો ઈચ્છા હોય તો તારા મનને જૈન ધર્મમાં જોડ.

રાજા : આપે જે કહ્યું તે હું જાતે ધીરે ધીરે કરીશ. હે પ્રભો ! નિધિની જેમ હું આપનો રૂડો સંગ ઈચ્છું છું. ઈત્યાદિ. પછી ગુરુ રાજાને જ્યારે જ્યારે અવસર પ્રાપ્ત થાય છે. ત્યારે ત્યારે અવસરોચિત્ત ધર્મ બતાવે છે. અને રાજા ક્યારેક ગુરુને સભામાં બોલાવે છે. એક વખત કુમારપાલ રાજા સોમેશ્વરની યાત્રાએ જતાં હતાં. ત્યારે ગુરુને બોલાવીને સાથે લઈ ગયા. અનુક્રમે તીર્થમાં આવ્યા અને સકલ કાર્ય કરીને રાત્રિએ સોમેશ્વર મંદિરના ભોંયરામાં ગુરુને બોલાવીને કહ્યું હે ભગવન્ ! સોમેશ્વરદેવ આપના જેવા મહાતપસ્વી સાધુ અને મારા જેવો તત્વનો અર્થી એ પ્રમાણે આ તીર્થમાં ત્રણયોગરૂપ ત્રિવેણી સંગમ થયો છે. પરસ્પર વિરુધ્ધ સિધ્ધાંતને કહેનારા દર્શનીઓ દેવ - ગુરુ અને તત્વને જુદી જુદી રીતે બતાવે છે. તેથી આજે દ્વેષ છોડી કૃપા કરીને સમ્યક્ (સાચા) દેવાદિ તત્વોને બતાવો. પછી કાંઈક વિચાર કરીને ગુરુ બોલ્યા હે રાજન્ ! શાસ્ત્રના સંવાદથી સરો તારી આગળ હું શીવને બતાવું છું. ધર્મ અથવા દેવપણું જે કાંઈપણ આ શંકર કહે તેની તારે આરાધના-ઉપાસના કરવી. દેવની વાણી મિથ્યા હોતી નથી. પછી સૂરિજીએ મંત્રનું સ્મરણ કર્યું અર્ધિ રાત્રે લિંગની મધ્યમાંથી જ્યોતિ નીકળી તેની વચ્ચે ગંગા, જટા, અર્ધચંદ્ર, ત્રણ નેત્ર વિ. થી યુક્ત મહાદેવ પ્રત્યક્ષ થયા, ગુરુએ ધ્યાન છોડીને રાજાને કહ્યું હે નૃપ ! તારી આગળ રહેલા શિવ (મહાદેવ) ને

જો એને ખુશ કરીને અને પૂછીને સમ્યક્ત્વને જાણનારો થા આનંદિત થયેલા રાજાએ પણ તેને નમસ્કાર કરીને પૂછ્યું ત્યારે મહાદેવે કહ્યું હે કુમાર ! જો તું ભોગને અને મુક્તિદાયક ધર્મને ઈચ્છતો હોય તો સર્વ દેવના અવતાર રૂપ સંપૂર્ણ બ્રહ્મરૂપ જેવા, હાલ પૃથ્વી ઉપર આજ ગુરુ બ્રહ્માની જેમ જય પામે છે. એટલે કે આજ બ્રહ્મા છે. તે જે કહે તે કર તારા ઈચ્છિતને મેળવીશ એ પ્રમાણે કહીને અદ્રશ્ય થઈ ગયો.

ત્યારબાદ આશ્ચર્ય પામેલા રાજાએ સૂરિજીને કહ્યું જેને ઈશ્વર વશ છે એવા તમે જ મારા માટે ઈશ્વર છો એથી કરીને મારા દેવ, ગુરુ, પિતા, માતા, બંધુ, મિત્ર તમેજ એક જ છો. બીજા નહિ આ લોકમાં પહેલા મને તમે જીવનદાન (જીવિતદાન) આપેલું છે શુધ્ધ ધર્મના ઉપદેશથી આજે પરલોકના સુખને આપો છો.

પછી અનુક્રમે સૂરિના વચનથી સમ્યક્ત્વની અભિમુખ થયો અને ઘરમાં શાન્તિનાથ ભ. ની પ્રતિમાને સ્થાપી. હવે રાજાને જૈન ધર્મમાં રાગવાળો થયેલો જોઈને બ્રાહ્મણોએ બોલાવેલો, પ્રત્યક્ષ સરસ્વતી જેવો મહાઈન્દ્ર જાલ વિ. વિદ્યા ચુડામણિ આદિ શાસ્ત્રો વડે ભૂતકાળ અને ભવિષ્યકાળ આદિને જાણનારો પૂરક, રેચક, કુમ્ભક, પવન (પ્રાણાયામ)ની સાધનામાં ચતુર અને ૮૪ આસન કરવામાં હોંશિયાર, કાચાદોરાના તંતુથી બંધાયેલ કમલની દાંડીવાળા અને કેળના પાનના આસન ઉપર બેઠેલો યથાયોગ્ય (જેવું જોઈએ તેવું) રૂપ બનાવવામાં નિપુણ એવો દેવબોધિ પાટણમાં આવ્યો. રાજાએ મહોત્સવ પૂર્વક પ્રવેશ કરાવ્યો આઠ વર્ષના બાળકના ખભા ઉપર મુકાયેલી કમળની નાલના દંડને કાચા સૂતરના તંતુથી બાંધેલી અને કેળના પાનની બનાવેલી પાલખીમાં બેસીને રાજાની સભામાં આવ્યો બધાયને આશ્ચર્યકારી આસન (પાલખી)માં બેઠેલો આશીષ આપવા પૂર્વક તે તે અદ્‌ભુત પ્રકારની કલાના વિજ્ઞાન યુક્ત અપૂર્વ પ્રબંધનાદિ (ચરિત્ર, કથા આદિ) વડે રાજાના પરિવારને ખુશ કર્યા પછી સભાને વિસર્જિત કરીને રાજા પૂજા કરવાને માટે આવ્યો અમે પણ રાજાની પૂજા વિધિને જોઈશું ઈત્યાદિ બોલતો રાજાએ બોલાવેલો દેવબોધિ ત્યાં આવ્યો રાજા પણ સોનાના પાટલા પર શંકરાદિ દેવોને અને શાન્તિનાથ ભ. ની પ્રતિમાને મૂકીને પૂજવા લાગ્યો ત્યારે જિન પ્રતિમાને

જોઈને દેવબોધિ બોલ્યો હે રાજન્ ! તારૂં આવા પ્રકારનું પૂજન આદિ યોગ્ય નથી. કારણ કે વેદ અને સ્મૃતિના મૂલથી રહિત હોવાથી જિનધર્મ ઉત્તમ નથી વળી કુલ અને દેશનો ધર્મ છોડવા યોગ્ય નથી વળી નીતિને જણાવનારની નિંદા કરો કે પ્રશંસા કરો ઈત્યાદિ.

પછી રાજા બોલ્યો હે દેવબોધિ ! વેદ ધર્મ હિંસાથી કલુષિત (ખરડાયેલો) હોવાથી અને અસર્વજ્ઞ એ કહેલો હોવાથી મારા મનને રુચતો નથી જૈન ધર્મ તો સંપૂર્ણ જીવદયાથી સુંદર હોવાથી ઘણોજ રુચે છે. ત્યારે ફરી દેવબોધિ બોલ્યો. હે રાજન્ ! જો તને વિશ્વાસ ન હોય તો મહાદેવ આદિ દેવોને અને સાક્ષાત્ (પ્રત્યક્ષ) અહીંયા આવેલા તારા પૂર્વજોને તું જાતે જ પૂછી લે એ પ્રમાણે કહીને વિદ્યા શક્તિથી તેઓને બતાવ્યા. અહીંયા મહાદેવ આદિ ત્રણ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) દેવો અને પૂર્વજોની સાથેની વાત (સંવાદ) દેવબોધિના બોલવાથી જાણવી (એટલે કે વિદ્યા શક્તિથી દેવબોધિ જ બોલ્યો છે તેમ સમજવું) મહાસાધુ દેવબોધિ અમારી પ્રતિકૃતિ (નકલરૂપ) છે એને ગુરુરૂપે સ્વીકારવા ઈત્યાદિ કહીને તે બધા અદશ્ય થઈ ગયા. તેથી આશ્ચર્ય પામેલો રાજા મહાદેવે કહેલું અને તેને કહેલું યાદ કરતાં જડ જેવો બની ગયો. પછી મંત્રિના કહેવાથી હેમચંદ્રસૂરિએ તે સ્વરૂપ જાણ્યું અને રાજાને સાંશયિક મિથ્યાત્વની આપત્તિથી ઉગારવાને માટે પ્રભાતના સમયે દિવાલથી સાત ડગલા દૂર રહેલા આસન ઉપર બેઠા પછી દેવબોધિ સરખો કલાવાન્ કોઈપણ ગુરુ દેખાતો નથી. ઈત્યાદિ રાજા બોલતો હતો ત્યારે મંત્રીએ કહ્યું કે હે રાજન્ ! સવારે દેવબોધિ આદિની સમક્ષ ગુરુને પૂછીશું પછી પ્રભાત થતાં દેવબોધિ આદિથી પરિવરેલા રાજાએ ગુરુને નમન કર્યું અને ત્યારબાદ અધ્યાત્મ શક્તિ વડે કરીને પાંચે પ્રકારના પવનને રોકી ને આસનથી ઉંચે (અધ્ધર) રહીને ગુરુએ વ્યાખ્યાન શરૂ કર્યું તેટલામાં પૂર્વે કરાયેલા સંકેતથી શિષ્યે નીચેનું આસન ખેંચી લીધું. ત્યારબાદ આધાર વિના જ અસ્ખલિત વચન ધારાએ દોઢ પહોર સુધી દેશના આપી.

દેવબોધિનું તો કેળના પત્તાનું આસન હતું અને મૌન કરીને કાયા અને શ્વાસોશ્વાસ રોકેલા હતાં. પરંતુ વ્યાખ્યાન કરતાં હેમચંદ્રસૂરિજીની સ્થિતિ

બોલવું અને અધ્ધર રહેવું આશ્ચર્યકારી હતું એ પ્રમાણે ચિંતવતો રાજા ગુરુને આસન ઉપર બેસાડીને બોલ્યો હે સૂરિશેખર ! તમારી કલાના વિલાસ થકી કલાવાનોની સર્વ કલાઓ ઝાંખી થઈ (ઢંકાઈ) ગઈ છે. તેજસ્વી એવા સૂર્યનો પ્રકાશ થતાં ગ્રહ, નક્ષત્ર, તારા વિ. નું તેજ ક્યાં સુધી રહે અર્થાત્ બધી બાજુથી ઢંકાઈ જાય છે. આવરાઈ જાય છે.

મારો પૂજાનો અવસર જો એ પ્રમાણે કહીને સૂરિજી કુમારપાલને ઉપાશ્રયમાં રહેલા બીજા કમરામાં લઈ ગયા અને ત્યાં પહેલેથી સોનાના આસન પર બેઠેલા ચાર મુખવાળા આઠ પ્રાતિહાર્યથી શોભતા, ચોસઠ ઈન્દ્રોથી સેવાતા પ્રત્યક્ષ ૨૪ જિનેશ્વરોને, ચૌલુક્ય આદિ એકવીશ પોતાના પૂર્વજોને રત્નના આભરણાદિ, સમસ્ત અતિશય રૂપ સંપદાથી યુક્ત શ્રી જિનેશ્વરોની આગળ અંજલી બધ્ધ ઉભેલા જોઈને કુમારપાલ નમ્યો તેઓ (પૂર્વજો) પણ બોલ્યા :- હે રાજન્ ! તમેજ જગતમાં એક વિવેકવાળા છો. હિંસાદિથી દુષ્ટ શૈવ ધર્મને તજીને દયા ધર્મથી યુક્ત ધર્મનો સ્વીકાર કર સર્વદેવના અવતાર રૂપ આજ ગુરુ છે. તેમના કહેલા તત્વની આરાધના કર ! હે વત્સ ! પૂર્વજો એવા અમે પણ તારા જૈન ધર્મના આદરથી સદ્ગતિના ભાગી (ભોક્તા) બન્યા છીએ અને આવા પ્રકારની મોટી ઋધ્ધિને ભોગવીએ છીએ ઈત્યાદિ કહીને અદૃશ્ય થઈ ગયા. પછી જેનું મન ડોલાયમાન (વિચાર કરતું) થઈ ગયું છે. એવા રાજાએ સત્ય શું છે ? એમ પૂછ્યું એટલે સૂરિજીએ કહ્યું હે રાજન્ ! ઈન્દ્ર જાલરૂપ કલાનો આ વિલાસ (આડંબર) હતો એમાં કોઈ પરમાર્થ (વાસ્તવિકતા) નથી. દેવબોધિ પાસે તો એક જ વિદ્યા છે. મારી પાસે તો આવી સાત વિદ્યા છે. તે શક્તિથી આ બધું મેં બતાવ્યું છે. જો તને વિશ્વાસ ન હોય અને કહેતો હોય તો સંપૂર્ણ વિશ્વને બતાવું પરંતુ તેમાં કાંઈજ સાર નથી. તને સોમનાથ મહાદેવે જે તત્વ કહ્યું હતું તેજ તત્વ છે. ઈત્યાદિ પછી ગુરુની કૃપાથી મિથ્યાત્વરૂપી આપત્તિનો પાર કરી (મિથ્યાત્વ દૂર કરી) તે અનુક્રમે દૃઢ સમ્યક્ત્વવાળો બન્યો.

હવે એક દિવસ નવરાત્રિના દિવસોમાં દેવતાના પૂજનારાઓએ રાજાને વિનંતી કરી કે હે નરેન્દ્ર ! કણટકેશ્વરીઆદિ કુલદેવીને બલી માટે ૭,૮,૯ ના

દિવસે અનુક્રમે ૭૦૦-૮૦૦ અને ૯૦૦ બકરા અને પાડાને અપાય છે. નહીં તો તે દેવી વિઘ્નને કરનારી થાય છે. પછી રાજા ગુરૂના કહેવાથી ત્રણ દિવસ ફળ નૈવેદ્યાદિ ધરતો જિનેશ્વરના ધ્યાનમાં લીન બનીને રહેલો હતો. ત્યારે નોમની રાત્રિએ કંટકેશ્વરીદેવી હાથમાં ત્રિશૂલ સાથે સાક્ષાત્ આવીને બોલી હે રાજન્ ! અમને આ બલી આપવી જોઈએ શા માટે ના આપી તારા પૂવર્જોએ પહેલાં અમને આપેલ છે. (આપતાં હતા) ઈત્યાદિ.

રાજા બોલ્યો :- હે કુલ દેવતે ! હે વિશ્વ વિત્સલે ! હાલમાં જીવદયા રૂપ ધર્મના મર્મને જાણનાર હું જીવોને મારીશ નહિ. ઈત્યાદિ અહીંયા જીવદયા રુપ ધર્મની સ્થાપના કરી અને દેવીને તેનો ઉપદેશ આપ્યો. પછી ક્રોધે ભરાયેલી તે દેવી ત્રિશૂલ વડે રાજાના માથામાં ઘા કરીને અદૃશ્ય થઈ ગઈ. તે દીવ્ય ઘાતથી તૂર્તજ રાજા આખા શરીરમાં કોઢ વિ. રોગથી ભરાયો. (ઘેરાયો) તેથી મંત્રીને બોલાવીને રાત્રિએ બનેલ દેવીની વાત કરી અને પોતાના દેહનું સ્વરૂપ બતાવ્યું તેથી જાણે (તે મંત્રી) વજાથી હણાયેલો હોય તેવો મૂઢ થઈ ગયો રાજાએ કહ્યું હે મંત્રીન્ ! મને કુષ્ટાદિરોગનું દુઃખ નથી પરંતુ મારા કારણે જૈન ધર્મમાં લાંછન લાગશે. તેથી જ્યાં સુધી કોઈપણ ન જાણે ત્યાં સુધીમાં રાત્રિએ જ અગ્નિમાં પ્રવેશ કરી દઉં ઈત્યાદિ બોલતા રાજાને નિષેધ કરીને ગુરુને તેના સ્વરૂપને બતાવ્યું પછી ગુરુએ આપેલું અભિમંત્રીત પાણીથી સિધ્ધરસની જેમ જાત્ય સુવર્ણની કાન્તિ જેવો રાજા થઈ ગયો. તેથી તેને ઘણો હર્ષ થયો અને જિન ધર્મની પ્રભાવના થઈ.

પ્રભાતે ગુરુને વંદન કરવા માટે જતાં ઉપાશ્રયના ભાગમાં (પ્રદેશમાં) સ્ત્રીનો કરુણ સ્વર રાજાએ સાંભળ્યો પછી રાત્રિએ જોયેલી એવી તે કંટકેશ્વરીને ઓળખી લીધી પછી ગુરુને ખુશ કરીને મંત્રના બંધનથી છોડાવી.

તે પછી અઢાર દેશમાં જીવોની રક્ષા માટે ચોકી કરતી તે કંટકેશ્વરી દેવી રાજભવનના દરવાજે રહી એક વખત કુમારપાલ રાજાએ વર્ષાઋતુમાં પાટણ શહેરમાંથી બહાર નહિ જવાનો નિયમ ગ્રહણ કર્યો તે નિયમને ગુપ્તચરોથી જાણીને ગુજરાત દેશને જીતવા માટે ગીઝનીના રાજા મહમદ ગીઝની એ મોટા સૈન્ય સાથે પ્રસ્થાન કર્યું તે વાત ગુપ્તચરો દ્વારા રાજાએ જાણીને એક બાજુ દેશનો ભંગ, અત્યંત લોક પીડા અને બીજી બાજુ વ્રતનો

ભંગ એ પ્રમાણે "વાઘ અને નદી ન્યાયે" એક બાજુ વાઘ અને બીજી બાજુ નદી બેની વચ્ચે ઉભેલાની જેમ સંકટમાં પડ્યો પછી અમાત્યની સાથે ગુરુની પાસે જઈને ગુરુને કુમારપાલે બધી વાતથી વાકેફ કર્યા તે પછી ગુરુએ કહ્યું હે રાજન્ ! તારો આરાધેલો ધર્મ તને સહાય કરશે. કોઈપણ જાતની ચિંતા કરીશ નહિ એ પ્રમાણે આશ્વાસન આપીને પોતે ધ્યાનમાં ચઢી ગયા (લાગી ગયા)

એક મુહુર્ત ગયા પછી રાજાએ ગગનમાર્ગથી આવતો એક પલંગ જોયો અને તેમાં સૂતેલા એક પુરુષવાળો તે પલંગ ક્ષણવારમાં ગુરુની પાસે આવી અટકી ગયો. (પહોંચ્યો) આ શું છે ? આ કોણ છે ? ઈત્યાદિ રાજાએ પૂછતાં ગુરુએ કહ્યું કે આગીઝનીનો રાજા મહમદગીઝની છે જે તારા ઉપર ચઢાઈ કરવા આવતો હતો. એ પ્રમાણે ગુરએ કહ્યા પછી ઉઠેલા જાગૃત થયેલ શકદેશનો રાજા (મહમદગીઝની) કુમારપાલના મહિમાને, તેના ઐશ્વર્યને, દેવતાની સહાય અને ગુરૂની શક્તિને વિચારીને શ્રી કુમારપાલરાજાની સાથેનું વૈર છોડી દીધું. અને પોતાના દેશમાં છ મહિના સુધી સર્વજીવોને નહિ મારવા (અમારી)નું સત્કૃત્ય સ્વીકાર્યું અને પછી રાજાએ તેને વિસર્જીત કર્યો અથવા છોડી દીધો હવે એક વખત રાત્રિને વિષે સુખે સૂતેલા રાજાની પાસે શ્યામ શરીર હોવાથી ભયંકર રૂપવાળી કોઈદેવી પ્રત્યક્ષ થઈ ત્યારે કુમારપાલ રાજાએ તેને પૂછયું તું કોણ છે ? ત્યારે તેણે કહ્યું હું કોઢ (લૂતા)ની અધિષ્ટાયિકા છું. પૂર્વના શ્રાપથી તારા અંગમાં પ્રવેશ કરીશ. એ પ્રમાણે કહીને તે ચાલી ગઈ સવાર થતાં રાજાએ તે સ્વરૂપ (વાત)ને સૂરિજીને કહ્યું (જણાવ્યું) તે જાણીને સૂરિજીએ ધર્મોપદેશ આપ્યો હે રાજન્ ! ધર્મ કરો ઈત્યાદિ રાત્રિમાં રાજાને મહાવેદના થઈ અને પીઠમાં કરોળીયાના જાળા જેવા ચાઠા પડી ગયા તેનો પ્રતિકાર કરવા છતાં પણ વ્યથા શાન્ત ન થતાં તે વ્યથાના દુઃખને ગુરુની પાસે આવીને કહ્યું રાજાએ આ રીતે દુઃખથી પીડાતો જોઈને અવસરોચિત ઉપદેશ આપીને મંત્રીને કહ્યું કે હે મંત્રિન્ ! અપાય (રોગ) નો ઉપાય છે. બહુરત્નાવસુંધરા (પૃથ્વી ઘણા રત્નોવાળી છે) મંત્રીએ કહ્યું શું ઉપાય છે. તે જણાવો.

ગુરુએ કહ્યું :- અહીંયા (આ વ્યથા પર) મંત્રનો કોઈ પ્રભાવ પડશે નહિ પરંતુ જો બીજાને રાજ્ય અપાય તો રાજા સારો થાય. પરંતુ શ્રાવકોનો આ ધર્મ નથી તેથી રાજ્ય મારૂં થાઓ (મને આપો)

રાજાએ કહ્યું :- હે ભગવન્ ! શા માટે એક ખીલી ને માટે મહેલને તોડવાનું ઈચ્છો છો. ઈત્યાદિ.

ગુરુ બોલ્યા :- હે રાજન્ ? જો કે મારામાં શક્તિ નથી તો પણ મેં જે કહ્યું છે તે યોગ્ય છે. કારણ કે જેવી રીતે શક્તિશાળી હનુમાન જાતે બંધાયા હતા, વિષ્ણુએ અગ્નિના સ્વરૂપને ધારણ કર્યું હતું અને સૈલેન્દ્રિ નામની સ્ત્રીના રૂપને ભીમે ધારણ કર્યું હતું. તેવી રીતે હું પણ આ કાર્ય કરવા સમર્થ થઈશ, પછી અનુક્રમે નિરાશ વદને (મનથી) રાજાએ બધા (મંત્રિ પ્રધાન વિ.) ની સંમત્તિથી શ્રી સૂરિજીને રાજ્ય પર બેસાડ્યા તેજ વખતે જ રાજાની પીડા સૂરિજીના શરીરમાં પ્રવેશી. ગુરુની પીડાને જાણીને રાજા વજાથી હણાયેલાની જેમ જેનું બધું ચાલ્યું જાય તેમ તે ખેદ દુઃખવાળો થયો.

પછી કોળું લાવીને ગુરુએ જાતેજ તેમાં પ્રવેશ કર્યો તે વખતે ત્યાં લૂતાએ પણ તેમાં (કોળામાં) પ્રવેશ કર્યો તેજ વખતે તે નકામી થઈ ગઈ યાને શક્તિ હિન બની ગઈ. પછી જેવી રીતે કોઈ ઉલંઘે નહિ, તે રીતે ઉપાડીને કુવામાં તે કોળાને નાંખી દીધું તેની સાથે તે પણ કુવામાં ગઈ પછી રાજાનો પુનઃ જન્મ થયો હોય તે રીતે બધા સ્વસ્થતાને પામ્યા ઈતિ અહીંયા જે રીતે આ લોકના સંકટમાં ધર્મના વિષયમાં દેવબોધિ વિ. ના કરેલા સંકટમાં, સહાય કરવાના કારણે વાસ્તવિક હિતોપદેશ આપવાથી અને અકૃત્રિમ સ્નેહ આદિવાળા હોવાથી હેમચંદ્રસૂરિજી કુમારપાલ રાજા પ્રતિ ભાઈ સરિખા થયા તેવી રીતે બીજા પણ ભાઈના દૃષ્ટાંતો વિચારવા.

પિતા :- જે રીતે હૃદયમાં એકાન્ત વાત્સલ્ય ભર્યું છે તેવા પિતા પુત્રને શામ, દામ, દંડ, ભેદ અને તાડન વિ. થી પણ શિક્ષા આપે છે. અને શ્રેષ્ઠ કીર્તિ પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરાવે છે. તે રીતે કેટલાક ગુરુઓ પણ શ્રાવક જનને શિક્ષા આપવા વડે યુવરાજ ઋષિની જેમ પ્રતિષ્ઠાવાન્ (કીર્તિવંત) બનાવે છે તે આ પ્રમાણે :-

યુવરાજ ઋષિનું દષ્ટાંત

અચલપુર નગરમાં જિતશત્રુ રાજાને યુવરાજ નામનો પુત્ર હતો તેણે રોહસૂરિની પાસે દીક્ષા ગ્રહણ કરી અને અનુક્રમે સર્વ આગમને જાણનાર અને વિવિધ પ્રકારની લબ્ધિવાળો થયો.

એક વખત વિહાર કરતાં અચલપુરમાં આવીને પૂછે છે. કે અહીંયા કોઈપણ સાધુઓ છે? શ્રાવકો કહે છે કે સાધુને ઉપદ્રવ કરતાં એવા રાજપુત્ર અને પુરોહિતપુત્રની પાસે રહેવાને માટે કોઈ શક્તિશાળી નથી અર્થાત્ તેની પાસે કોઈ ટકી શકતું નથી. તે પછી તેને પ્રતિબોધ કરવાનું મનમાં નક્કી કરીને તેઓના ઘરે લોકોએ અને ઘરના માણસોએ ઘણા વારવા છતાં પણ ભિક્ષા માટે પહોંચ્યા ત્યારે અમારી નજર સમક્ષ ઋષિની અવજ્ઞા ન થાય તેથી કરીને ડરતાં ડરતાં અન્તઃ પુરની સ્ત્રીઓએ કહ્યું કે હે મહર્ષિ ! ધીમે ધીમે બોલો ઉપરના માળમાં રહેલા બે કુમારો સાંભળશે ઈત્યાદિ કહીને વાળવા છતાં પણ અત્યંત ઉંચા સ્વરે (અવાજે) ધર્મલાભ રૂપ આશીર્વાદ આપ્યા. તે સાંભળીને નીચે આવેલા બન્ને કુમારો બોલ્યા અને ઋષિને કહ્યું કે નાચવાનું જાણો છો ? ઋષિએ કહ્યું સારી રીતે પરંતું તમારે સારી રીતે વગાડવું પડશે પછી મુનિએ નૃત્ય કર્યું અને તે બન્ને જણાએ ઢોલવાજા વિ. વગાડ્યા પરંતું તે વગાડવાનું સારી રીતે જાણતા ન હતા. તેથી અવસર પામીને નૃત્ય છોડીને તે બન્ને પુત્રોના અંગોના સાંધઓને ઉતારી તેમને રડતા મૂકીને મહર્ષિ પોતાના સ્થાનમાં ચાલી ગયા. આ બધું રાજાએ જાણ્યું અને ગુરુની પાસે આવ્યા. મુનિને ઓળખ્યા અને ખમાવ્યા.

પછી રાજાના ઘણા આગ્રહથી દીક્ષાનો ઉપદેશ આપીને પહેલાં લોચ કરીને ઉતારેલા હાડકાને બરાબર કર્યા અને દીક્ષા આપી કારણ કે બલાત્કારથી બાળકોને આપેલા વિદ્યા આહાર અને ઔષધ અને ગાયને નળી વડે ઘી, જેવી રીતે પુષ્ટિને માટે થાય છે તેવી રીતે અપાયેલો ધર્મ પણ પુષ્ટિને માટે થાય છે. ઈતિ જેવી રીતે આ યુવરાજઋષિએ ભત્રીજાને અને પુરોહિત પુત્રને મારીને પણ ધર્મને આપ્યો. એ પ્રમાણે કેટલાક ગુરુઓ પણ પિતા સરિખા

હોય છે. આ પ્રમાણે પિતાના દૃષ્ટાંતની વિચારણા થઈ.

માતા :- માતા પણ પિતાથી પણ અધિક્તર એકાન્તે અંતરમાં વાત્સલ્યને ધરનારી હોય છે -ધરે છે.

કહ્યું છે કે :- અમૃત, મધ, ચંદ્રની જ્યોત્સના (ચાંદની) દ્રાક્ષ અને શર્કરા વિ. માંથી બ્રહ્મા-વિધાતા એ સાર ગ્રહણ કરીને માતાનું હૃદય બનાવ્યું છે. વિવિધ પ્રકારની લાલચ આપવા થકી અનુકુલ આચરણ કરવા થકી અને શામ, દામ, દંડ અને ભેદ વિ. સેંકડો ઉપાયો વડે પુત્રને શિક્ષા (શીખામણ, સંસ્કાર) આપે છે. શ્રેષ્ઠિ પુત્ર કમલના પ્રતિબોધક ત્રીજા આચાર્યની જેમ તે આ પ્રમાણે :-

શ્રેષ્ઠિ પુત્ર કમલનું દૃષ્ટાંત

શ્રીપુર નગરમાં પરમ સમ્યક્દૃષ્ટિથી યુક્ત શ્રીપતિ નામનો શ્રેષ્ઠિ રહેતો હતો. તેને કમલ નામનો પુત્ર હતો. પરંતુ તે ધર્મથી પરાંગમુખ નિર્લજ્જ, વ્યસની અને ગુરુના દર્શનને પાપ માનનારો હતો. સાધર્મિકોને સર્પની જેમ માની તેમના ઉપર દ્વેષ કરનારો, દેવાધિદેવની સ્તુતિના પાઠને શોકથી આક્રંદ કરનારાની જેમ માનનારો, ધર્મના વિષયમાં ઘણા પ્રકારની પિતાની શિક્ષા રાખમાં ઘી હોમવા બરાબર હતું બધી રીતે નાસ્તિક, ખરાબ વચન બોલનારો નિરંકુશ, ગર્જના કરતો નગરમાં ફરતો હતો. એક વખત શ્રી શંકરસૂરિનું ત્યાં આગમન થયું ત્યારે શ્રેષ્ઠિએ પુત્રની વાત કરી અને પછી ગુરુની પાસે કમલને મોકલ્યો ગુરુએ ઉપદેશ આપ્યો અને પૂછ્યું હે વત્સ ! કંઈક જાણ્યું ? શું જાણ્યું ?

કમલ :- ના કંઈ પણ નથી જાણ્યું

ગુરુ :- શું કારણ ?

કમલ :- કથાદિ ને કહેતાં એવા આપના મેં હાડિયાને ૧૦૮ વાર ગણ્યો અને પછી ચમર - મેરુ - તોમરાદિ કેટલાક, શબ્દો પણ ગળી જતા હોય તેમ

જલ્દી જલ્દી બોલ્યા તે વખતે હાલતા એવા હાડીયાની સંખ્યા જાણી શકાઈ નહિ પછી આ અયોગ્ય છે. એ પ્રમાણે તેઓ થકી (ગુરુથકી) ઉપેક્ષા કરાયો અને કમલ ઘણો હસ્યો આ ઘરડો બળદ છે એ પ્રમાણે લોકોમાં બોલવા લાગ્યો. લોકો દ્વારા તે વૃતાંત જાણીને શ્રેષ્ઠિ લજ્જિત થયો વળી એક વખત શીલસાગર નામના ગુરુ પધાર્યા શ્રેષ્ઠિએ તેમને પણ પુત્રનું સ્વરૂપ કહ્યું તે પૂર્વની જેમ બધું સમજવું, પછી ગુરુએ કહ્યું કે માત્ર નીચે જોઈને અમારા વ્યાખ્યાનની સારી રીતે ચિંતવના કરવી. ત્યારે કમલે નીચે જોઈને દરમાં પ્રવેશ કરતી કીડીની સંખ્યા ગણવાનું કામ કર્યું તેથી તે બધાથી ઉપેક્ષિત થયો (હાંસીને પાત્ર થયો)

હવે એક વખત વિદ્વાનોના મનને આનંદ આપનારા કોઈક આચાર્ય ત્યાં આવ્યા, તેમને પણ કમલના સ્વરૂપ (જીવન) ની વાત સાંભળી તેના હિતાર્થની બુધ્ધિથી પ્રિતિબોધ માટે મનમાં પ્રતિજ્ઞા કરી અને તે શ્રેષ્ઠિને જણાવ્યું ગુરુનો આદર (ભાવના) જોઈને શ્રેષ્ઠિએ કમલને ગુરુની પાસે મોકલ્યો પહેલાની જેમ નાચવાની બુધ્ધિથી તે ત્યાં આવ્યો દુષ્ટ અને મૂઢ એવો આ અનુકુલ આચરણ વડે, ખુશ કરવા વડે અને આ લોકમાં મળતા ફળના ઉપદેશ વડે શામ - દામ - દંડ અને ભેદ વડે બોધ પમાડવા યોગ્ય છે. એ પ્રમાણે વિચારીને ગુરુજી બોલ્યા :- હે ભદ્રકમલ ! તું વાત્સાયંન શાસ્ત્રનું કંઈ પણ રહસ્ય જાણે છે ?

કમલ :- હે ભગવન્ ? હું જાણું તે માટે કૃપા કરીને કંઈક તેના સાર - તત્વને કહો.

ગુરૂ :- પહેલાં તો સ્ત્રી રસના અર્થીઓએ સ્ત્રીના ગુણોને જાણવા જોઈએ. ગુણો કરતાં પણ ભાવની વિશેષતા પ્રધાન છે. કારણ કહ્યું છે કે :- કેટલીક સ્ત્રીઓ મુખના આકાર વડે (હાવભાવ વડે), કેટલીક કુટિલ (કટાક્ષ) વાણી વડે, કેટલીક સ્મીત વડે, કેટલાક સ્વચ્છંદ વિચરનારી સ્ત્રીઓ કામદેવને વશ થયેલા મનને (કામદેવને વશ થયેલી છે એમ) બતાવે છે.

વળી કેટલીક અંગકેષુ :- દર્પણમાં કમળની જેમ ભાવને ખુલ્લા કરતી દેખાય છે. ઈત્યાદિ કામ કથા વડે આકર્ષિત થયેલા હૃદયવાળો કમલ બોલ્યો

હે ભગવન્ ! આ પ્રમાણે બીજો કોણ જાણે ? રસહિન પૂર્વસૂરિની વાણીરૂપી વિષથી બળી ગયેલું મારૂં મન રૂપી વૃક્ષ આપની વાણીરુપ અમૃતના સિંચનથી ફરીથી ખીલી ગયું છે. તેથી વંદન માટે અને કથા સાંભળવા માટે હું નિત્ય આવીશ ત્યારથી તે નિત્ય આવવા લાગ્યો.

ક્યારેક અર્થ કથા, ક્યારેક સ્ત્રીકથા ક્યારેક ઈન્દ્રજાલ વિદ્યા-વિનોદ ક્યારેક પ્રશ્ન પૂછવા વગેરે કરતાં ૧ માસ વીતી ગયો વિહારનો અવસર નજીક આવતાં શ્રાવકોએ યથા યોગ્ય નિયમોને લીધા કમલે પણ વિનય પૂર્વક ગુરુને પૂછ્યું (કહ્યું) કે મારા યોગ્ય મને પણ નિયમ વિ. જે કરવા યોગ્ય કાર્ય હોય તે કહો.

ગુરુએ કહ્યું કે :- હે ભદ્ર ! અમે વિહાર કરવાની ભાવનાવાળા છીએ (વિહાર કરીએ છીએ) તું કંઈ પણ નિયમ ગ્રહણ કર પુરુષાર્થોમાં ધર્મ એજ સાર છે. અને તે સંયમ દ્વારા સાધી શકાય છે. ઈત્યાદિ કમલ પણ મશ્કરી કરતાં બોલ્યો મેં પહેલા ઘણા બધા નિયમો લીધેલા જ છે. તે આ પ્રમાણે બેઠા બેઠા ઉંઘવું. પોતાની ઈચ્છાથી મરવું નહિ, આખું નાળિયેર મુખમાં મૂકવું નહિ, પારકાનું ધન લઈને આપવું નહિ, જો કદાચ પાછું આપવું પડે તો મોટા વિલંબે (બહાના કાઢી લાંબા ટાઈમે) આપવું.

ગુરુ :- હે ભદ્ર ! આ હસવાનો - મશ્કરી કરવાનો અવસર નથી. કંઈપણ નિયમ રૂપી રત્નને ગ્રહણ કર તે સાંભળી મશ્કરી કરનારો તે બોલ્યો.

કમલ :- પાડોશી એવા ઘરડા કુંભારની ટાલ જોઈને મારે ખાવું. નહિ તો નહિ ખાવું, એ પ્રમાણેનો મારે નિયમ હો. ગુરુએ પણ તેથી કરીને તેને ધર્મની પ્રાપ્તિ થશે. એમ જાણીને બધાની હાજરીમાં (સામે) તે જ નિયમને દૃઢ કરાવ્યો. લોકોની લજ્જાદિ વડે કરીને અને કોઈક આચાર્યના સંપર્કથી ઉત્પન્ન થયેલી ધર્મની શ્રધ્ધાથી તે નિયમને પાળે છે.

એક વખત રાજકુલમાં કોઈ વિશેષ કાર્યના કારણે રોકાઈ જવાથી ઘરે મોડો આવ્યો. જમવા માટે જ્યાં બેસે છે. તેટલામાં નિયમ યાદ આવ્યો. કુંભારના ઘરે ગયો પરંતુ તે ઘરે ન હતો તેથી તે ખાણમાં ગયો (માટીની

ખાણ પાસે ગયો) તે વખતે તે કુંભાર નીચી દૃષ્ટિથી માટી ખોદતો હતો ત્યારે નિધિ (ચરુ) ની પ્રાપ્તિ થઈ છે તેવા તે કુંભારની ટાલને જોઈ-જોઈ-જોઈ-જોઈ એ પ્રમાણે બોલતો મુઠ્ઠીવાળીને પાછો ફર્યો. શંકાશીલ બનેલા કુંભારે અડધું અથવા આખું તારૂં પરંતુ ઉંચા સ્વરે બોલ નહિ એ પ્રમાણે કહીને તેને બોલતો પાછો વાર્યો અને તેને (કમલે) નિધિને પ્રાપ્ત કર્યો. વળી કુંભાર પર દયા કરીને તેણે કંઈક થોડું તેમાંથી આપ્યું પછી આ લોકમાં અહીંયા પણ ધર્મના ફલને જોયું અને તેજ ગુરુનું શરણ સ્વીકાર્યું કહ્યું છે કે ધર્મને સમ્યક્ (સારી રીતે) આરાધીને સ્વર્ગપ્રાપ્ત કર્યું ક્રમે કરીને શિવ-મોક્ષને પ્રાપ્ત કરશે.

જેવીરીતે આ ગુરુએ કમલને શામ-દામ-દંડ ભેદ અને મનોરંજનના વિવિધ પ્રકારો વડે બોધ પમાડ્યો તેવી રીતે જે ગુરુઓ ભવ્યજનોને તે તે પ્રકારના મનોરંજન આદિ વડે અને શામ - દામ -દંડ - ભેદ વડે ધર્મમાં જે પ્રવર્તન કરાવે છે. તેઓ માતા સરિખા છે. ઈતિ **માતાના દૃષ્ટાંતની** વિચારણા થઈ.

કલ્પતરુ :- કલ્પતરુની જેમ કેટલાક ગુરુઓ શ્રેષ્ઠ જ્ઞાન લબ્ધિ સમૃધ્ધિથી યુક્ત દેવોને પણ આરાધ્યં ત્રણે જગતને પણ આરાધ્ય, ગ્રહણ કરવા યોગ્ય ગુણવાળા, જેની દેશના દુર્લભ છે તેવા, સર્વ ઈચ્છિત ફલને આપવાની શક્તિવાળા, ભક્તિરૂપી જલના અભિષેકથી પૂજાએલા, પોતાના આશ્રિતોને મન સારી રીતે માન્ય થયેલા, સંપૂર્ણ સુખરૂપી ફલને આપનારા હોય છે.

૧૫૦૩ તાપસાદિને પ્રતિબોધ કરવામાં તત્પર ખીરનું ભોજન વિ. કેવળ જ્ઞાન, અવધિજ્ઞાન, મનોવાંછિત ફલને આપનારા ગૌતમ ગણધરાદિની જેમ સંપૂર્ણ સુખને આપનારા કેટલાક ગુરુઓ હોય છે. એ પ્રમાણે સર્પાદિ દૃષ્ટાંતો દ્વારા બાર પ્રકારના ગુરુઓ કહ્યા તેમાં પહેલાં છ સર્વ રીતે અયોગ્ય છે. એવા કુગુરુઓ ત્યાગવા યોગ્ય છે. અને બીજા છ ભવરૂપી સમુદ્રને તરનારા અને તારવામાં સમર્થ ઉત્તરોત્તર અધિક અધિક અધિક ફલને આપનારા એવા તે સદ્ગુરુઓ આદર પૂર્વક સેવવા યોગ્ય છે. એ પ્રમાણે આનો સાર છે.

હવે આજ બાર પ્રકારની ભંગી (ભાંગા) સાંભળનારાઓને પણ આશ્રયીને ટુંકમાં બતાવે છે.

તેમાં કેટલાક શ્રોતાઓ **સર્પની** ઉપમા જેવા હોય છે. જેને અમૃતની ઉપમા સમાન પણ સદ્‌ગુરુઓનો ઉપદેશ એકાન્તિક હિતને કરનાર અમૃતની ઉપમા યોગ્ય હોવા છતાં પણ વિષરૂપ જ પરિણમે છે. કહ્યું છે કે :-

સ્વાતિ નક્ષત્રનું જલ પાત્ર વિશેષ કરીને મોટા અંતરવાળું બને છે. સર્પના મુખમાં પડેલું ઝેર બને છે અને છીપલીના મુખમાં પડેલું મોતિ બને છે. દૃષ્ટાંત તરીકે કાલિક સૂરિજીનો ભાણીયો, તુરમણીનગરના રાજા દત્તરાજા વિ.

તેવી રીતે કેટલાક **ચોર** સરિખા હોય છે. જેઓ ગુરુના છિદ્રોને શોધતાં પગલે પગલે સત્ અસત્ પ્રમાદથી જેમ તેમ બોલનારા, તેવા પ્રકારની નિન્દા કરવામાં હંમેશા તત્પર, ભવાદિના કારણ ભૂત ખરાબ વચનરૂપ શસ્ત્રો વડે તર્જના કરતાં ગુરુની પાસેથી ધર્મોપદેશ આદિ ગ્રહણ કરે છે. જેવી રીતે ચોરો ધનિક લોકો પાસેથી તર્જના, મારફાડ કરીને જેમ ધન લે છે. તેવી રીતે ગુરૂઓ પણ, તર્જના કરતાં શ્રોતાઓ હોવા છતાં આ ધર્મનો દ્વેષી ન બનો. ઈત્યાદિ વિચાર કરીને અકલ્યાણના ભયથી તેવા પ્રકારના શ્રાવકોને યથા યોગ્ય ધર્મોપદેશાદિ આપે છે. તેથી તેઓ ચોર સમાન કહેલા છે. તેઓને વિષ્ટાદિ સરખા પણ આગમમાં કહ્યા છે. જેવી રીતે શિથિલ અશુચિ દ્રવ્ય (વિષ્ટા) ને હાથ વડે છૂપાવવા માટે (ઢાંકવા) જતાં હાથ ખરડાય છે. તેમ શિક્ષા આપવા દ્વારા દોષને ઢાંકવા જતાં દોષથી ખરડાય છે. એમ કહ્યું છે. અભિમાની છીદ્રને જૂએ છે. પ્રમાદી સ્ખલના પામતો ખરાબ ઉચ્ચાર કરે છે. શ્રાવક શોક જેવો છે. સાધુ જનને ઘાસ (તૃણ) સરિખા ગણે છે. તે નિશ્ચયથી મિથ્યાદૃષ્ટિ છે. વિષ્ટા જેવો અને શોક જેવો છે (સાવકી મા જેવો છે.) જિન મંદિરાદિમાં જવા આદિ નો વ્યવહાર ઘણીવાર કરે છે. જેવી રીતે ઠગ-ધૂતરાઓ માયા વડે બીજાના ધનને લૂંટે છે તેવી રીતે કેટલાક શ્રાવકો તેવા પ્રકારનો વિનય, સંવેગ, વૈરાગ્યનો આભાસ ઉભો કરતાં - બતાવતાં સમ્યક્ શ્રાવક - ક્રિયા, દેવ, ગુરુ, સાધર્મિક ભક્તિ આદિથી વિશ્વાસ પમાડી ને બીજાના ધનને લુંટે છે.

સાંભળ્યું છે કે :- દેવ, ગુરુને નહિ માનનારા એવા કેટલાક દાંભિકો જગતમાં ફરે છે. દા.ત. બીજા દેશમાંથી આવેલા વેપારીએ બેમુનિઓને વેંચ્યા હતા તેનો સંબંધ કહેતાં કહે છે કે :-

સાધુને વેચનાર દાંભિક વણિક કથા

ભરુચ શહેરમાં કોઈક આચાર્ય હતા. તેઓનો ગચ્છ મોટો હતો. બાલ અને નૂતન અભ્યાસીઓથી ભરપૂર હતો. એક વખત ત્યાં બીજા દ્વીપથી વહાણ આવ્યું તે વહાણમાંથી માયાવી કંજુસ (દાંભિક) અને શ્રાવકના આચારને જાણનારો એક શ્રાવક ભમતો ભમતો તે ઉપાશ્રયમાં આવ્યો. ગચ્છને વંદન કરીને પરિચય કરવા લાગ્યો જાણે ગચ્છને ઓળખતો ન હોય ! તેવો તે લાગતો હતો (ધીરે ધીરે પરિચય કરતાં) બે બાળ સાધુને આવર્જિત કર્યા - આકર્ષિત કર્યા. તેઓની આગળ વહાણની વાર્તા કરવા લાગ્યો તેથી તેઓને તે વહાણ જોવાની ઈચ્છા થઈ ગુરુને પૂછીને આવેલા તે મુનિઓ શઠ - ખલ વેપારીને આગળ કરીને સાગરના કાંઠે પહોંચ્યા તે વખતે વહાણમાં માલ ચડતો હતો અને સઢને ઊંચો કરતા હતા ઈત્યાદિ પછી જ્યારે વહાણ ચાલવાની તૈયારીમાં હતું ત્યારે તે લુચ્ચાએ વહાણ બતાવવાની ઈચ્છાના બ્હાનાથી તે બન્ને સાધુને વહાણમાં ચઢાવ્યા તેટલામાં વહાણ ચાલવા લાગ્યું. અને **બર્બર** દેશમાં આવ્યું તે બન્ને સાધુને ત્યાં વેંચી દીધાં તેનું ઘણું મૂલ્ય પ્રાપ્ત કર્યું ત્યાં માણસના રક્તથી કપડાં રંગે છે. ત્યાં તે બે નાના સાધુને તીક્ષ્ણ છરી વડે ચીરે છે. અને તેઓના શરીરમાંથી રક્ત ખેંચે છે. એ પ્રમાણે કષ્ટ - દુઃખને સહન કરતાં ઘણો સમય ચાલ્યો ગયો. એક વખત ભરુચ શહેરથી આવેલા પરિચિત શ્રાવકે તેઓને ઓળખી લીધા અને તેઓને છોડાવ્યા ત્યાંથી પાછા આવેલા આલોચના પ્રતિક્રમણ કરતાં અને ક્રીયામાં તત્પર બની તે ગચ્છની સેવા કરે છે. કેટલાક વર્ષ ગયા બાદ તેજ દ્રોહી વેપારી પાછો ત્યાં આવ્યો નિસીહિ ઈત્યાદિ પ્રક્રિયા કરવા પૂર્વક વંદન કરવા માટે પ્રવૃત્ત થયો તેટલામાં તે બન્નેએ તેને ઓળખી લીધો પણ તેણે (વેપારીએ) તેઓને ઓળખ્યા નહિ આવતાની સાથે તે બન્ને બાલ મુનિને વહાણ જોવાને માટે આમંત્રણ આપ્યું તે બન્ને જણાયે કહ્યું કે બર્બર દેશ અમે જોયો છે. તારું અશુભ ચરિત્ર પણ જોયું છે. જેઓ તમારા ગુણને જાણતા નથી તેવા બીજાને વંદન કરો તે સાંભળીને તે નાસી ગયો તત્વ જેની જાણમાં આવ્યું છે તેવો

ગચ્છ લાંબા કાળ સુધી શાન્તિ આનંદને પામ્યો આવા પ્રકારના બીજા ઘણા દૃષ્ટાંતો પ્રસિધ્ધ છે.

એ પ્રમાણે અહીંયા વણીકની જેવા કેટલાક શ્રાવકો આ લોકને વિષે મંત્ર, તંત્ર, નિમિત્ત, ચિકિત્સાદિ વડે કરીને ઉપકાર કરતાં એવાને જ ગુરુ કરીને સેવા કરે છે - ભજે છે. અને વસ્ત્ર, આહાર વિ. આપે છે. પરંતુ નિઃસ્પૃહ પણે આપતા નથી એ પ્રમાણે વણિક જેવા દ્રષ્ટાંતો પ્રસિધ્ધ છે.

વળી કેટલાક વંધ્યાગાય જેવા હોય છે. જેને સુદ્‌ગુરુનો ઘણોપણ ઉપેદશ રાખમાં ઘી નાંખવા સમાન બને છે. પરંતુ કોઈપણ જાતના ગુણને માટે બનતો નથી. બ્રહ્મદત્ત ચક્રી વિ. ની જેમ.

વળી બીજા કેટલાક શ્રાવકો નટની ઉપમા જેવા હોય છે. જેઓ સદ્‌ગુરુએ કહેલ ઉપદેશને રસવાળી કથા સુકૃતાદિને ધારે છે. તે બધુંય લોકોને ખુશ કરવા માટે જ માત્ર કંઠસ્થ કરવા રૂપ જ હોય છે. પરંતુ અંતરમાં અલ્પપણ ઉતરતું નથી. આ છ ભાંગાવાળા અભવ્યકે દુર્ભવ્ય અથવા ભારી કર્મવાળા બધી જ રીતે તજવા યોગ્ય હોવાથી તે ઉપદેશ માટે અયોગ્ય છે.

તેવી રીતે કેટલાક ધેનુ જેવા હોય છે. જેને આપેલો થોડો પણ ધર્મોપદેશ મહાફલને આપનારો થાય છે. ધનપતિ શ્રેષ્ઠિની જેમ તે આ પ્રમાણે.

ધનપતિ શ્રેષ્ઠિ ની કથા

નન્દ નામના રાજાના શાસન કાલમાં શ્રાવકોમાં પ્રતિષ્ઠિત ધનપતિ નામનો શ્રેષ્ઠિ રહેતો હતો તે સ્વક્રિયા નિષ્ઠ, યથાયોગ્ય વ્યવહારની શુધ્ધિ વડે વેપાર કરે છે.

એક વખતે બહુમૂલ્યવાન (અપૂર્વ) વસ્તુ વિ. આપવાથી ખુશ થયેલા રાજાએ તેને મુખ્ય મંત્રી બનાવ્યો તેના કારણે પ્રમાદરૂપી કાદવમાં ડૂબેલો બધી જ ધર્મક્રિયા ભૂલી ગયો વેપારની શુધ્ધિ (નિતિમત્તા) દૂર કરી સાધર્મિકોને જાણતો નથી, ગુરુને દેવોને પણ જાણતો નથી. જાણે દારૂ પીધેલાની જેમ ઉન્મત્ત બનેલો એવો તે વિવેક રૂપી ચૈતન્ય વિનાનો થયો હોય તેવો બન્યો.

તેથી ગુરુએ તેને પ્રતિબોધ કરવા માટે ગાથા (શ્લોક) મોકલી તેમાં લખ્યું હતું કે, શું તેં જરા (વૃધ્ધત્વ) ઉખેડી નાંખી છે ? રોગો શું નાશી ગયા છે ? મરણ શું ચાલી ગયું છે ? અને નરકના દ્વારને ઢાંકી દીધાં છે ? જેથી કરીને તું માનવ ધર્મચૂકી જાય છે. તે વાંચીને તુર્તજ સાવધાન બની ગયો અર્થાત્ બોધને પામ્યો અને સમ્યક્ ધર્મની આરાધના કરી.

બીજા કેટલાક મિત્ર સમાન હોય છે :- જે ગુરુ ઉપર સારી રીતે પ્રીતીને ધરે છે. તેઓએ કહેલા ધર્મોપદેશને પરમાર્થની હિત બુધ્ધિથી સ્વીકારે છે અને ગુરુને પોતાના સગા સંબંધીથી અધિક માને છે. પરંતુ અવસર પ્રાપ્ત થયે છતે વિશેષ કાર્ય વિ. માં સલાહ સૂચન આપવાની પૂછપરછની બહુમાનની ઈચ્છા રાખે છે. જો પૂછવામાં ન આવે તો કંઈક રોષે ભરાય છે. તેવી રીતે **આગમમાં** પણ કહ્યું છે કે :- મિત્ર સરિખો માનતો હોવા છતાં પણ કાર્ય આવે જો પૂછવામાં ન આવે તો કંઈક (રોષ) ગુસ્સે થાય છે. મુનીને પોતાના સગાથી અધિક માને છે.

કેટલાક શ્રાવકો બંધુ જેવા હોય છે :- બંધુની જેમ ગુરુના વચનને મોક્ષની બુધ્ધિથી અંગીકાર - સ્વીકાર કરે છે. મુનિઓ ઉપર એકાન્તે હૃદયમાં સ્નેહ ભરેલો હોય છે. અને પરાભવમાં યાને કોઈ વિઘ્ન આવે ત્યારે સહાય કરનારા બને છે. પરંતું વિનય કરવામાં જેવો જોઈએ તેવો આદર ધરતા નથી ઈતિ બંધુ સરિખા શ્રાવકો થયા - કહ્યા.

કહ્યું છે કે :- મુનિ ઉપર હૃદયમાં સ્નેહ ભરેલો હોવા છતાં વિનય કરવામાં મંદ આદરવાળા હોય છે. પરાભવમાં, વિઘ્ન વિ માં સાધુને સહાય કરવામાં બંધુ સરિખા હોય છે. તથા વળી કેટલાક શ્રાવકો પિતા સરિખા અને માતા સરિખા હોય છે. તેનાથી પણ અધિક વાત્સલ્ય ધરનારા હોય છે. બન્ને (જણ) ઉ. એકાન્ત વાત્સલ્ય ભાવથી ભરેલા પ્રમાદથી સ્ખલિત વિ. થયેલા સાધૂઓને પણ યથા યોગ્ય શિક્ષા-શીખામણ આપે છે, અને સ્ખલિત થયેલા જોવા છતાં પણ તે સાધુઓ પર અલ્પ પણ મનમાં નિઃસ્નેહવાલા થતા નથી. યુગ પ્રધાન કાલિકસૂરિના શિષ્યને શિક્ષા કરનારા શય્યાતર શ્રાવકની જેમ અને શ્રી શ્રેણીક વિ. ની જેમ.

કહ્યું છે કે :- યતિના કાર્યની ચિંતા કરે, ભૂલો જોવામાં આવે તો પણ નિઃસ્નેહ ભાવવાળા બનતા નથી. યતિજન પર એકાન્ત વાત્સલ્ય ધરનાર માતાની સરિખા શ્રાવકો હોય છે.

પિતા સરિખા જે શ્રાવકો છે તેઓ યથાયોગ્ય અવસરે સાધુઓને ધારદાર (તીક્ષ્ણ) વચન વડે પણ શીખામણ આપે છે. **બલભદ્ર રાજાની** જેમ તે આ રીતે :- શ્વેતિકા પુરીમાં શ્રી આષાઢાચાર્ય પોતાના શિષ્યોને આગાઢ યોગોને કરાવતા હતા ત્યારે રાત્રિમાં હૃદયનો દુઃખાવો થતાં મૃત્યુપામ્યા અને દેવલોકમાં ગયા પોતાના શિષ્ય પરના સ્નેહથી પોતાના દેહમાં પ્રવેશ કરીને યોગોને પૂર્ણ કરાવ્યા પછી નવિન આચાર્યને સ્થાપીને અને પોતાનું સ્વરૂપ કહીને પોતાના સ્થાને ગયા. પછી તેના શિષ્યો તે સ્વરૂપને જોઈને કોણ કેવો છે તે જાણતા નથી. એ પ્રમાણે તત્વને નહિ જાણનારા પરસ્પર વંદન નહિ કરતા હોવાથી રાજગૃહીનગરમાં મૌર્ય વંશમાં ઉત્પન્ન થયેલા સુશ્રાવક એવા બલભદ્ર રાજાએ સમજાવવા છતાં પ્રતિબોધ નહિ પામેલા એવા તેઓને પ્રતિબોધ કરવાના બીજા ઉપાયનો વિચાર કરીને આ ચોરો છે એમ કરીને પકડ્યા અને માર મારવા (કુટવા) લાગ્યા. ત્યારે તેઓ બોલ્યા અમે ચોર નથી પરંતુ અમે યતિ (સાધુ)ઓ છીએ તમે શ્રાવક થઈને અમને શા માટે મારો છો ?

રાજા બોલ્યો :- કોણ કેવો છે તે કોણ જાણે છે. ઈત્યાદિ વાણીની યુક્તિ વડે તેઓને પ્રતિબોધિત કર્યા. વળી એ પ્રમાણે કેટલાક **માતા સમાન** હોય છે. જેઓ શ્રેણિક મ. ની જેમ પ્રાયઃ કરીને સમજાવટથી જ શિક્ષા - ઉપદેશ દે છે. એક વખત સૌધર્મેન્દ્ર શ્રી સમ્યકત્વની દૃઢતાને વિષે શ્રેણિક મ. ની પ્રશંસા કરી. તે વાતની શ્રધ્ધાને નહિ ધરતો, તેની પરીક્ષા કરવાના મન (ઈચ્છા)વાળો, સાધુ વેષધારી એક દેવને નદીમાં માછલાઓને પકડવા માટે જાલ નાખવા વિ. નું કુકર્મ કરતો હતો ત્યારે વીર જિણંદને વંદન કરીને પાછા આવતા શ્રેણિક મ. એ તેને જોયો અને વિચાર્યું કે :- હા ! આને ધીક્કાર છે. નિષ્કલંક બીજ ચંદ્ર જેવા નિર્મલ ભ. ના શાસનને કલંકિત કરે છે. તેથી જે રીતે બીજા ન જૂએ તે રીતે તેને આવા દુષ્કર્મથી પાછોવાળી દઉં પછી તેણે એકાન્તમાં તેને શિક્ષા આપી.

ત્યાંથી વળી આગળ જતાં રાજાએ એક મોટા પેટવાળી (સગર્ભા) સાધ્વીને જોઈ. શાસનની અવહેલના ન થાઓ એ પ્રમાણે વિચારીને સજ્જન (ગંભીર) પુરુષો વડે પોતાના મહેલમાં બોલાવરાવીને શિક્ષા આપી અને પ્રસૂતિ ન થાય ત્યાં સુધી એક ગંભીર (ગુણિયલ) દાસીને તેની સેવામાં રાખીને એક ઓરડામાં તેને રાખી ઈત્યાદિ વળી કેટલાક શ્રાવકો **કલ્પતરુસરખા** હોય છે. જે રીતે પરમ અવધિજ્ઞાનને ધરનારા દેવોથી સેવાયેલા અને સ્વઆશ્રિતોને સકલ ઈચ્છિતને આપનારા તરુઓની જાતિમાં કલ્પતરુઓ હોય છે. તે રીતે શ્રાવકોમાં કેટલાક શ્રાવકો પ્રમુખ સ્થાનને પામેલા તેવા પ્રકારના દૃઢ શીલ, સમ્યક્ત્વ ગુણને ધારવાને કારણે દેવોને પણ સેવનીય છે. પોતાના આશ્રિતોને આ લોકોને વિષે યથાયોગ્ય ધન વિ. આપવા દ્વારા, પદ, પ્રતિષ્ઠા, સત્તા આપવા દ્વારા, ધર્મનું રોપણ કરવા દ્વારા, તેને સહાય કરવા વડે કરીને પરલોકમાં પણ વાંછીતને આપનારા થાય છે. શ્રી સંપ્રતિરાજાદિની જેમ.... ૩૬૦ વણિક પુત્રોને પોતાના સરખા બનાવનાર જગસિંહની જેમ, શ્રી ઋષભદેવના વંશના અલંકારભૂત સાધર્મિક ભક્તિનિષ્ઠ શ્રી ભરત ચક્રી, શ્રી દંડ વીર્ય રાજાદિની જેમ, શ્રી અભયકુમાર, શ્રી વસ્તુપાલ વિ. મંત્રીની જેમ તે સર્વેનો સંપર્ક પણ કલ્પતરુની છાયાની જેમ મહા અભ્યુદયના કારણ ભૂત થાય છે. જેવી રીતે શ્રી અભયકુમાર મંત્રીનો સંગ શ્રી આદ્રકુમારને અને કાલસૌકરીકના પુત્ર સુલસ આદિને જેમ લાભ કારક બન્યો હતો. તેમ કેટલાક શ્રધ્ધાલુ શ્રાવકોનો સંગ લાભકારક - ગુણકારક બને છે.

હે લોકો ! આ પ્રકારના દૃષ્ટાંત વડે યોગ્યાયોગ્ય ગુરુને અને શ્રોતા જનોને સારી રીતે જાણીને યોગ્યનો આદર કરો જેથી કરીને આ લોકમાં શુધ્ધ ધર્મની પ્રાપ્તિથી શિઘ્ર મોક્ષપદની પ્રાપ્તિ કરો. ઈતિ.

॥ દ્વીતીય અંશે ષષ્ઠસ્તરંગ ॥

બીજા દૃષ્ટાંતો વડે ફરી પણ ગુરુના વિષયનું જ યોગ્યાયોગ્ય પણું કહે છે.

શ્લોકાર્થ :- (૧) લોઢાની નાવ (૨) શિયાળ (૩) વાનર (૪) હાથી (૫) સિંહ (૬) ભારંડપક્ષી (૭) ઉત્તમ વહાણની સરખા પોતાને અને બીજાને ભવરૂપી સમુદ્રને તારવામાં ઘણા ગુરુઓ શક્તિશાળી હોય છે. અને નથી પણ હોતા.

વ્યાખ્યા :- લોખંડની નાવ વિ. જેવા ઘણા ગુરુઓ પોતાને અને બીજાને ભવરૂપી સમુદ્ર પાર કરાવવામાં સમર્થ હોય છે. અને નથી હોતા. આ પ્રમાણે પીણ્ડાર્થ (સાર) કહ્યો.

હવે તેની વિચારણા કરે છે :- (૧) લોખંડની નાવને જ નાવની બુધ્ધિથી મુગ્ધ જનો વડે આશ્રિત થયેલી હોવા છતાં તે જેવી રીતે ભારે હોવાથી જાતે પાણીમાં ડુબે છે અને તેને આશ્રીયીને રહેલા બીજાને પણ ડુબાડે છે.

કહ્યું છે કે :- પરિગ્રહ અને આરંભમાં ડુબેલા બીજાને કેવી રીતે તારે ? જાતે દરીદ્રી હોવાથી બીજાને ઐશ્વર્યવાન્ બનાવવામાં શું શક્તિશાળી બને ?

વળી પણ કહે છે કે :- દુઃખ યુક્ત ખેતી કરીને શું ઘર ભરાય ? કોને શિષ્ય કોને ગુરુ કહેવો અજ્ઞાનથી યુક્ત મૂઢ લોકો બોધ પામતાં નથી. કાદવ થી કાદવ શું સાફ થાય ખરો ?

(૨) **શિયાળ :-** જેવી રીતે શિયાળ અત્યંત નીંદનીય, ફેંકી દીધેલા આંતરડા ચરબી, હાડકાં વિ. નો આહાર કરનાર, ક્ષુદ્ર, અત્યંત સત્વહીન, અત્યંત માયાવી, બીજાને છેતરવામાં ચાલાક શઠ પ્રકૃતિવાળા હોય છે. અને તે પ્રવાહને અને નદી આદિના પાણીને જાતે પાર કરવામાં શક્તિશાળી બનતા નથી અને એ પ્રમાણે બીજાને પણ તારવા માટે શક્તિશાળી બનતા નથી. તેવી રીતે કેટલાક શિયાળની વૃત્તિને ધરનારા હંમેશ આધાકર્માદિ દોષે કરીને દુષિત નીંદ્ય આહારને ખાનારા, ક્રિયા વિ. માં પ્રમાદી, સત્વહીનમાં શિરોમણી, ક્ષુદ્ર, પાસત્થાદિઓ, પોતાની પૂજાને માટે ફાલતુ લોકોને વિવિધ રીતે વશ કરવામાં તત્પર કુગુરુઓ, બાલીશ લોકો વડે સુખથી સેવવા યોગ્ય એવા કેટલાક ગુરુઓ, પોતાના કંઈક દેવ, ગુરુ, ગોત્ર દેવીની પૂજાને માટે ધર્મનો ઉપદેશ આપનારા, કંઈક રક્ષા, મંત્ર, તંત્ર આદિ આ લોકની બાબતમાં

ઉપકાર કરવામાં તત્પર આ બગલાની વૃત્તિવાળા છે. દુરારાધ્ય છે. ઈત્યાદિ વાણી (વચન) વડે સારા ગુરુઓથી છુટા પાડી તેઓને પોતાને આધીન કરનારા તે શ્રાવકો પણ કંઈક આ લોકના પદાર્થમાં લુબ્ધ બનેલા પ્રમાદથી આધીન થયેલા મનની વૃત્તિથી ગાઢ મોહાન્ધ (અજ્ઞાન) થી ઢંકાઈ ગયેલા. વિવેકરૂપી લોચન વડે કરાતાં ધર્મોપદેશથી આ સુખે સેવવા યોગ્ય છે. આ સરળ વૃત્તિવાળા છે. સુવિહિત વેષ ધરનારાઓ બકવૃત્તિવાળા અને દુરારાધ્ય છે. બુધ્ધિ વડે આશ્રય કરનારાઓ ભવ સમુદ્રમાં પોતે ડુબે છે અને બીજાને પણ ડૂબાડે છે. અને આ ભાવના વિશેષ રીતે જાણવા માટે આગમ - છેદ ગ્રંથમાં આવેલા કથાનકથી જાણવું.

શિયાળનું દૃષ્ટાંત

તે આ પ્રમાણે :- કોઈ એક વનમાં સિંહ રહેતો હતો અને તે વનના બધા વનચર પ્રાણીઓ બીજા વનમાંથી એક એક પ્રાણી લાવીને તેને આપીને અને સેવા વિ:- થી ખુશ કરીને તેને આપેલા અભય વચનથી અને સર્વ ઉપદ્રવોથી રક્ષણ કરાતા તેઓ વડે સેવા કરાતો રહે છે.

તે વનમાં એક મોટી નદી વહેતી હતી. એક વખત તે વનમાં નદીના સામે કીનારે મોટો દવાનલ સળગ્યો ત્યારે બધા પ્રાણીઓ ભેગા થઈને બીજા વનના સિંહથી ડરવાના કારણે બીજા વનમાં જવા માટે અશક્ત - નિર્બળ - કાયર એવા તેઓ પોતાના સ્વામિ સિંહની પાસે આવ્યા અને કહ્યું કે હે સ્વામિન્ અશરણ એવા અમારૂં તેનાથી રક્ષણ કરો. રક્ષણ કરો એ પ્રમાણે કહ્યું, ત્યારે સિંહે પણ વિચાર્યું કે હું રક્ષક છું. એ પ્રમાણે વિચારીને તેઓને આશ્વાસન આપીને તેઓને બોલાવીને નદીના કાંઠે ગયો. અને કેટલાક તેની પીઠ પર ચડી ગયા. કેટલાક ખભા પર કેટલાક કેસરાદિ પર અને કેટલાક પૂંછડી વિ. પર દૃઢ રીતે તેને લાગી ગયા. અને તે તેઓને ઉતારીને ફરી છલાંગ મારીને સામે કાંઠે આવી ગયો વળી એ પ્રમાણે ફરીથી બાકી રહેલા બધા પ્રાણીઓને બે ત્રણ વારમાં છલાંગ મારીને ઉતાર્યા, દવાગ્નિ શાન્ત થતાં તેવી જ રીતે બધાજ શ્વાપદો (પશુઓ) ને સામે કીનારે લાવી મૂક્યા ત્યારે તે

પશુઓ સિંહ ઉપર અધિક ભક્તિ ભાવવાળા થયેલા તેની સેવા કરતાં સુખથી રહેછે. ત્યાં એક શિયાળે વિચાર્યું કે પશુઓને ઉતારવાનો કંઈક ઉપાય મને જડી ગયો. હું પણ તેઓને તેવી રીતે ઉતારીને તેઓની સેવા લેતો સુખેથી રહીશ. એવી રીતે ગર્વ કરતો એક વખત તેવીજ રીતે ફરીથી લાગેલા દવાગ્નિ વખતે સિંહની પાસે રહેલા પશુઓને કહ્યું કે ક્રૂર એવા સિંહની પાસે તમે શા માટે જાઓ છો ? હું તમને નદી પાર કરાવીશ એ પ્રમાણેનું તેનું (શિયાળનું) કહેવું સાંભળીને કેટલાક બુધ્ધિશાળી (જાણકારો) એ કહ્યું કે અમારાથી હીન બલી (તાકાત) હોવા છતાં પણ તું અમને કેવી રીતે નદીને પાર કરાવીશ ? એ પ્રમાણે મશ્કરી પૂર્વક તેને અવગણીને પહેલાંની જેમ સિંહની પાસે રહેલા અને તેનાથી રક્ષણ કરાયેલા સુખી થયા. કેટલાક જડ બુધ્ધિવાળા આની સેવા સુખેથી થશે એવી બુધ્ધિથી શિયાળની પાસે આવ્યા સિંહની જેમ તેણે પોતાની પીઠ પર બેસાડ્યા કેટલાક પૂંછડા પર લાગી ગયા પછી તે શિયાળ કોઈપણ રીતે છલાંગ લગાવીને સામે કીનારે જવાને માટે ફાળ મારવામાં નબળો હોવાથી નદીની મધ્યમાં જ પડી ગયો. પોતાના આત્માને અને બીજાને પણ (તેઓને પણ) ડુબાડ્યા એ રીતે કેટલાક સિંહ સરિખા ગુરુઓ પોતાને અને પોતાના આશ્રિતોને જન્મ-જરા-મરણાદિ દુઃખરૂપ દવાગ્નિમાં બળતા. ભવની વિષય રૂપ તૃષ્ણા નદીને તરવા માટે અને તારવા માટે સમર્થ હોવાથી હિતને ઈચ્છનારાઓએ સેવવા યોગ્ય છે. અને શિયાળ જેવા કુગુરુઓ શ્રુત અર્થ આદિ જ્ઞાન, ક્રિયા અનુષ્ઠાનાદિથી વિકલ (રહિત) પોતાને અને પોતાના આશ્રિતોને ભવરૂપ સમુદ્રમાં ડુબાડે છે. તેવી રીતે આગમમાં પણ કહ્યું છે કે :-

कुसिललींगं ईह धारईत्ता..... આ લોકને વિષે કુશીલ સાધુના લક્ષણોને ધારણ કરીને રજોહરણ (ઈસિજઝયં) વડે જીવનને વહન કરે છે (આજીવિકા મેળવે છે) અસંયમી હોવા છતાં સંયમી છું એમ કહેનારો લાંબાકાળ સુધી પતનને પામે (નોતરે) છે ॥૧॥

આધાકર્મિ, ઔદ્દેશિક, ખરીદેલું..... કોઈપણ જાતનું ન કલ્પતું છોડતો નથી. અગ્નિની જેમ સર્વભક્ષી થાય છે. તે સંયમથી ચ્યુત થયેલો પાપ કરીને

દારુણ દુઃખને પામે છે આથી આ બીજું દૃષ્ટાંત (શિયાળાનું) દૂરથી છોડવા યોગ્ય છે. ॥૨॥

ઈતિ (૩) મર્કટ :- એટલે વાનર બન્ને એકજ અર્થવાળા છે. તે તેવા પ્રકારના ફલાદિનો અનીંદનીય આહાર કરનારા છે. અને સ્વભાવથી ચિત્ત ચંચળવાળા જડ તથા સ્વલ્પ સત્વવાળા હોય છે. આ પૂર્વે વર્ણન કરેલા સ્વરૂપવાળા સિંહે ઉલ્લંઘન કરેલી કોઈક નદીને શક્ય હોય તે રીતે બહુ જલવાળી શાખા (ડાળીઓ) થી ભરાયેલા તટ પર રહેલા વૃક્ષની શાખાદિને અવલંબનના બળ વડે (અવલંબીને) કુદકા પૂર્વક કોઈપણ રીતે તે નદીને પોતે ઉલ્લંઘે છે. પરંતુ તે બીજાને ઉલ્લંઘન કરાવવામાં સમર્થ નથી તેવીરીતે કેટલાક ગુર્વાદિની પરતંત્રતા વડે નિર્દોષ આહારની ઈચ્છાવાળા પણ અલ્પસત્વ, અલ્પજ્ઞાન, વિષય કષાયરૂપ પ્રમાદ વડે ચંચળ બનાવેલ ચિત્તવાળા હોવાના કારણે જ સમ્યક્સંયમ ક્રિયામાં જોઈએ તેવો ઉપયોગને ધરતા નથી.

સ્તુતિકાર કહે છે કે :- ક્ષણવારમાં આસક્ત, ક્ષણવારમાં નિરાસક્ત ક્ષણમાં ક્રોધી, ક્ષણમાં ક્ષમાવાન આવા પ્રકારનું વાનર જેવું ચાપલ્ય (ચંચળપણું) મોહાદિ ક્રિયા (રમત) વડે મેં કર્યું છે તે પણ તેવા પ્રકારના સારણા, વારણાદિ સાવધાન રૂપ મોટી શાખા (ડાળી)ઓથી વિસ્તારવાળા કીનારા પર રહેલા તરુ સમાન સદ્ગુરુના સહાયરૂપ બલથી કોઈપણ રીતે ભવરૂપસાગરને ઉતરે છે. પરંતુ બીજાને ઉતારવા માટે શક્તિશાળી બનતા નથી. યુગ પ્રધાનશ્રી કાલિકસૂરિના શિષ્યાદિના ઉદાહરણો અહીંયા વિચારવા અથવા જેવી રીતે વાનરો સ્વભાવથી ચપલ, પ્રમાદી અને લોક પ્રસિધ્ધ ઉદાહરણ વડે સુગ્રીવાદિ બીજાના ઘર (માળા) ને ભાંગવામાં જ સમર્થ હોય છે. પરંતું બનાવવા વિ. માં સમર્થ નથી બનતા તેવી રીતે કેટલાક અવહેલના, કલહ, ઈર્ષાદિ વડે જિન શાસનના મહિમાનો ધ્વંસ જ કરે છે. પરંતું વૃધ્ધિને કરતા નથી. તેથી બીજાના બોધિ બીજના નાશના કારણ થવા વડે પોતાના પણ બોધિબીજનો તેઓ નાશ કરે છે.

કહ્યું છે કે :- દેવ દ્રવ્યનો નાશ, સાધુનો ઘાત, પ્રવચનની અપભ્રાજના (અવહેલના) સાધ્વીના ચતુર્થવ્રતનો ભંગ બોધિના મૂલમાં અગ્નિ સમાન છે.

(૪) **હાથી** :- જેવી રીતે હાથીઓ પરાક્રમના ભંડાર, અત્યંત અભિમાનના ભારથી વશ થયેલા, ઉછળતા પ્રચંડ તાકાતથી અત્યંત ઉંચા તરુખંડને મૂલથી ઉખેડવાની એક રમતવાળા, જલથી ભરેલા વાદળના જેવા ગંભીર રવથી ક્ષુદ્ર પશુઓને ત્રાસ આપનારા, વિંધ્યા અટવી વિ.માં ક્યારેક ઘાસ વિ. થી યુક્ત મનોભિરામ તરુવરના બગીચાઓમાં ઈચ્છામુજબ (યથેચ્છ) હાથણીઓની સાથે આનંદથી ક્રીડા કરનારા, વળી ક્યારેક સળગતા મહાદાવાનલને જોઈને ત્રાસ પામતાં - ભાગતાં, ક્યારેક પહેલાં વર્ણન કરેલી ગુણવાળી અગાધ (ઉંડી) નદીને પ્રાપ્ત થતાં જલક્રિડાની રસિકતા વડે સર્વ પ્રકારના બહારના અને અંતરનાં આનંદને પ્રાપ્ત કરતાં, પરમ શીતલતાનું સુખ અનુભવતાં, ક્ષણમાત્રમાં પોતાની જાતને નદીથી પાર ઉતારે છે. અને ઉપદ્રવ વગરના સ્થાનને પામે છે. પરંતુ તેઓની (હાથીઓની) ઉપર મૃગ વિ. પશુઓનો અધિપતિ વિ. નો વ્યવહાર નથી. સ્કંધ વિ. ઉપર ચડાવીને ક્યારેક પણ કોઈને પણ ઉતારતો નથી.

એ પ્રમાણે કેટલાક મહર્ષિઓ (સાધુઓ) તપના ભંડાર, પાંચ પ્રકારના (વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, અને ધર્મકથા) સ્વાધ્યાય રૂપ ધ્વનીના ગંભીર નાદથી વિવિધ પ્રકારના વિકલ્પોના સમૂહને ત્રાસ પમાડતા અત્યંત ઉછળતા પ્રબળ ધર્મ, શુકલ ધ્યાન યુક્ત મહાપરાક્રમયુક્ત તાકાત વડે ઉત્કટ શિઘ્ર ભેગા કરેલા કર્મરૂપી વૃક્ષને મૂલ સહિત ઉખેડવાની થાક્યાવિના એક જ ક્રિયા કરનારા ભવ અટવીમાં મનને સુંદર શ્રીમતિ સર્વ વિરતિ રૂપ લક્ષ્મીની સાથે આત્મરૂપ બગીચામાં સહજતાથી રમે છે. અને ક્ષુદ્ર પ્રાણીઓના હજારો સંકુલને સળગતા ભયંકર કષાયરૂપ દાવાનલમાં ત્રાસ પામતાં જોઈને તૃષ્ણારૂપી મહાનદીને ઉછાળા મારતા સમતા રૂપી અમૃતના તરંગ વડે સર્વ પ્રાણીના ફેલાઈ રહેલા તાપના વિસ્તારને શાન્ત કરવા વડે અત્યંત શીતલતાના સુખનો જાતે અનુભવ કરતાં રમત માત્રમાં (ભવ સમુદ્ર) ઉતરીને એકાન્ત આત્યંતિક આતંક (ઉપદ્રવ) વિનાના મોક્ષના સુખને પામે છે. પરંતું પોતાના આત્માને તારવાની એક તત્પરતા હોવાથી બીજાને તારવા માટે સમર્થ બનતા નથી. કારણ કે તેવા પ્રકારની ધર્મદેશના ન આપવાને કારણે અથવા તેવા પ્રકારની

શક્તિના અભાવના કારણે તારવા માટે સમર્થ બનતા નથી શ્રી શાલીભદ્ર, ધન્નાદિ મહર્ષિ - સાધુની જેમ.

(૫) **હરિ** :- હરિ એટલે સિંહ, જેવી રીતે સિંહો મહાબળને ધરનારા (લડાઈમાં) પાછા નહિ પડનારા સૂકા ઘાસ વિ. ના ત્યાગ વડે એઠું જુઠું (અશુધ્ધ) નહિ ખાનારા, બલની પુષ્ટિ કરનારા મહામાંસનોજ આહાર કરનારા કોઈથી પણ પાશમાં નહિ બંધાનારા, મહા યોધ્ધાઓ (સુભટો) આદિને પણ વશ નહિ થનારા, પોતાની ગંધ અને ત્રાડ (ગર્જના) માત્રથી રમતમાં મદોન્મત્ત મોટા હાથીઓના ટોળાને પણ વેર વિખેર કરનારા સંગ્રામ વિ. માં પૂંછની છટાદાર પછડાટ વડે ભયંકર રીતે ડરાવનારા, ક્ષુદ્ર - અક્ષુદ્ર પ્રાણીઓને ત્રાડના ભયંકર અવાજ વડે, દાંતના ભયંકર કચકચાવવા વડે અને તીક્ષ્ણ નખ રૂપી શસ્ત્રવડે, બીજા શૂરવીરોને પણ શિઘ્ર ઉઠતાંની સાથે જ ત્રાસ પમાડનારા (ભગાડનારા) અને નહિ ભાગનારાઓને ફાડી નાંખનારા પોતાના (સ્વના) સ્થાન રૂપ પર્વત, વન, ગુફાદિને ભાંગનારા હાથી, સુકર, શિકારી પુરુષો વિ. થી રક્ષણ કરનારા, બીજા પ્રાણીઓથી બીજા વનમાંથી એક એક આદિ કરીને આપવા વડે સેવા અને શરણ માંગનારા, અન્ય પ્રાણીઓથી ખુશ થયેલા પોતપોતાના વનમાં રહેનારા પશુઓનું સર્વ ઉપદ્રવોથી રક્ષણ કરતા, તેઓ ઉપર માલિકપણું (આધિપત્ય) ભોગવતા, તેઓથી પરિવરેલા અને પ્રશંસા કરાતા શોભે છે. અને વળી પ્રસંગ આવ્યે વનમાં દાવાનલ પ્રગટ થયે છતે ગભરાયેલા બીજા વન તરફ ભાગતાં હોવા છતાં પણ માર્ગમાં રહેલી મહા નદીને ઉતરવા માટે શક્તિહીન પણાના કારણે શરણમાં આવેલા એવા તેઓને પાર ઉતારે છે. આ ભાવના પહેલાં કહેલા શિયાળના દષ્ટાંત વિષે **છેદગ્રંથમાં** આવેલ કથાનકની પ્રરુપણાથી કરેલ છે.

તેવીરીતે કેટલાક મહર્ષિઓ તપ, તેજના ભંડાર, સ્વ પરના શાસ્ત્રના તર્ક વિ. સમસ્ત શાસ્ત્રના જાણવા દ્વારા ઘણા પ્રકારની લબ્ધિ-મહિમા કળા વિ. થી શોભતા, મહાબલને ધરનારા, સર્વપ્રકારે પ્રાપ્ત વાદ વિ. ની શક્તિવડે કરીને મિથ્યાદૃષ્ટિઓનો પરાભવ કરવાની શક્તિ વડે પાછા નહિ પડનારા, પરાભવ કરનારા કઠીણ આચારનું પાલન કરવામાં સમર્થ તેવી પ્રકૃતિવાળા

તૃણ સમા અશુધ્ધ વિ. ના આહારના ત્યાગ વડે ધર્મરૂપી શરીરને પુષ્ટ કરનારા, શુધ્ધ આહાર, શય્યા વસ્ત્ર, પાત્ર વિ. નો પરિભોગ કરનારા સોના, ચાંદી વિ. ના પાત્ર, મનુષ્ય, દેવની સ્ત્રીઓ અને ધન વિ. વડે કરીને પણ મોહના બંધનમાં નહિ પડનારા, સગાસંબંધી (સ્વજન) ભક્ત શ્રાવક શ્રાવિકાના પણ મહાભક્તિ, દાન, વંદન, પૂજા સ્તવનાદિ વડે પણ બંધનમાં નહિ આવનારા.

पलिमंथमहं विआणिआ.....

ઈત્યાદિ આગમાનુસારે તે મહર્ષિઓ આ લોકને વિષે પ્રતિ ઉપકાર નહિ કરવા વડે અહંકારાદિ સૂક્ષ્મ શલ્યાદિની ઉત્પત્તિ નહિ હોવાના કારણે અથવા વશમાં નહિ આવનારા, મદોન્મત્ત હાથીઓના ટોળાની જેમ મિથ્યાત્વ, કષાય, વિષયેચ્છારૂપ દુર્ગંધને ભવ્ય જીવોના મનરૂપી વનમાંથી પોતાના ઉપદેશ માત્ર વડે ત્રાસ પમાડનારા (ભગાડનારા) અને બીજા તીર્થી (દર્શનકારો)ના વિશેષ પ્રકારના જીતી ન શકાય તેવા વાદોને વિવિધ પ્રકારના પ્રમાણ હેતુ યુક્તિના સમુહ વડે પરાભવ થવાથી આકુળ વ્યાકુળ થયેલાઓને ત્રાસ પમાડનારા (ભગાડનારા) અને ત્રાસ નહિ પામેલાઓને જીતી લેનારા, પોતાના ગચ્છને અને જિનશાસનને પ્રમાદ વિ. વડે અને કુવાદિઓથી રક્ષણ કરતા ઘણા ભવ્યજનોને પ્રતિબોધ રૂપ પુણ્યના લાભને અનુરૂપ વિવિધ ક્ષેત્રોમાં વિહાર કરતાં અને ઉચિત (યોગ્ય) ઘણા પ્રકારના વસ્ત્ર, આહારાદિને આપવામાં તત્પર રાજા અમાત્ય શ્રેષ્ઠિ વિ. ભવ્ય જીવોથી શુધ્ધ ઉપદેશ દ્વારા છોડવા યોગ્ય પદાર્થોને છોડાવનારા, યોગ્ય પ્રેરણા વિ. વડે મિથ્યાત્વ કષાય વિષય પ્રમાદ વિ. આંતર શત્રુઓથી રક્ષણ કરનારા થાક્યા વગર વંદના - સ્તુતિ - પૂજાદિમાં તત્પર લોકોથી ઘેરાયેલા (પરિવરેલા) શોભે છે. જન્મ - જરા - મરણ આદિ દુઃખ રૂપ દાવાનલથી ત્રાસ પામેલા એવા તેઓને જોઈને ભવના કારણભૂત વિષય તૃષ્ણા રૂપ નદીને તરાવે છે. (પાર ઉતારે છે) અને મોક્ષ પદને અપાવે છે, અને જાતે તરે છે. વજાસ્વામી વિ. ની જેમ.

(૬) **ભારંડ** :- પક્ષિ વિશેષ છે. બેજીભ, બેમુખ અને એક પેટ ઈત્યાદિ તેના લક્ષણો છે અને તેઓ સદૈવ અપ્રમત્ત હોય છે. કારણ કે કંઈક પાશાદિ ભય સ્થાનની શંકા કરતાં કોઈપણ રીતે નહિ પકડાનારા, અત્યંત ઉંચે

ઉડનારા કોઈના વડે ક્યારે પણ પાશાદિમાં બાંધી શકાતા નથી (બંધનમાં નહિ આવનારા) પોતાની જાતમાં પ્રવેશ વિ. કરવા વડે અને પોતાના આશ્રિતોને ક્યારેક કેટલાકને નદી સમુદ્રાદિ જલને ઉતારે છે. તેવી રીતે જિનકલ્પી પ્રતિમાને સ્વીકારનારા કેટલાક મુનિઓ ગુરુની આજ્ઞા વડે કરીને એકાકી બંધન વિનાના વિહાર કરનારા, બધી રીતે સંગ વગરના, પ્રમાદવિનાના, જિન કલ્પ વિ. આચરણને ધરનારા વિશેષ ઉપદેશ આપવા વિ. થી રહિત તથા કેટલાકને પોતાના આશ્રિતોને ભવ તૃષ્ણારૂપ જલથી પાર ઉતારે છે. ઈતિ.

(૭) **ઉત્તમ વહાણ :-** કેટલાક ઉત્તમ વહાણ જેવા હોય છે. મોટા વહાણની જેમ અત્યંત મજબૂત આત્માને લાભકારી સમ્યક્ત્વરૂપી પાટીયાથી બંધન પ્રાપ્ત કરનારા, ચારે બાજુથી અત્યંત દૃઢ રીતે રોકાયેલા છે શુભાશુભ આશ્રવ દ્વારોવાળા, સર્વ રીતે પવિત્ર, મૈત્રિ, પ્રમોદ, પુણ્યકારી, કારુણ્ય વિ. મહા ઉંચા ગુણ સ્વરૂપ કૂપના સ્થંભને આધારે રહેલા, નિર્મળ ધર્મ શુક્લ ધ્યાન રૂપ શ્રેષ્ઠ સઢથી શોભનારા, નિરંતર ચારિત્રરૂપ વેપારના વિષયમાં પ્રમાદના ત્યાગથી અટક્યા વગર (સતત્) પ્રવૃત્તિ કરનારા, સમ્યક્ ક્રિયારૂપ અનુકુળ પવનના જોરથી નિશ્ચય પૂર્વક નજીકમાં ભવ સમુદ્રને પાર કરનારા સારી રીતે પોતાના અને પરતીર્થીઓના શાસ્ત્રના તત્વાદિ જાણવા રૂપ મજબૂત કોઈથી ખેંચાય નહિ તેવા લંગરની સહાયતાવાળા, પ્રતિકૂલ એવા વાદિઓના અત્યંત મહાબલ વડે ક્ષોભ નહિ પામનારા (ક્ષોભિત નહિ થનારા) છત્રી છત્રીસી થી યુક્ત જ્ઞાનાદિલક્ષ્મી યુક્ત ગુરુ ગુણ આદિથી લઈ વધતી એવી લક્ષ્મીના સારરૂપ હજારો પ્રકારના કરીયાણાથી પરિપૂર્ણ અંતરવાળા, નિશ્ચિત સ્થિતિને (મોક્ષને) લક્ષ્ય કરીને વિશુધ્ધ માર્ગને અનુસરનારા, સારા પ્રમાણમાં શાસ્ત્રના શ્રમથી અત્યંત સંવેગ રંગથી અભંગ વૈરાગ્ય યુક્ત વિનય વિવેકાદિ રૂપ ઉંચા, ભંયકર સુભટના સંકુલ (પરિવાર)વાળા અત્યંત ઉગ્ર અને જાગૃત મોહમિથ્યાત્વાદિ કુગ્રહરૂપી હજારો જલજંતુઓને અત્યંત દૂર ભગાડનારા સદ્દેશના..... પ્રકાશમાન અનેક પ્રકારની બુધ્ધિ, લબ્ધિ, મહિમારૂપ સમૃધ્ધિ વિ. અનેક પ્રકારે શાન્તિ કરનારી વિધિમાં તત્પરતા વડે સંપૂર્ણ દીવ્યાદિ અનેક ઉપસર્ગોના સમૂહને નિષ્ફળ કરનારા તેવા પ્રકારના ગુણયુક્ત

હજારો બીજા નાના મુનિવર રૂપ વહાણથી પરિવરેલા સુગુરુઓ ક્ષણમાત્રમાં પોતાને દુઃખે કરીને તરી શકાય તેવા પણ ભવ સમુદ્રના જલથી પોતાની જાતને પાર ઉતારે છે. અને લાખોપ્રમાણમાં પોતાના આશ્રિતોને પણ તારે છે. શ્રી ગૌતમ ગણધર, શ્રી જંબુસ્વામિ વિ. ની જેમ.

હે બુધ જનો ! આ ભવ રૂપ સમુદ્રમાં વિવિધ પ્રકારના સાત દૃષ્ટાંતો વડે ગુરુના સ્વરૂપને જાણીને પોતે તરતાં અને બીજાને તારવામાં સમર્થ એવા સદ્‌ગુરુનો જયરૂપ લક્ષ્મી મેળવવા માટે આશ્રય કરો.

॥ ઈતિ દ્વીતીય અંશે સપ્તમ તરંગ પૂર્ણ ॥

અંશ ૨ (તરંગ ૮ મો)

વળી પણ બીજીરીતે ગુરુમાં રહેલા યોગ્યાયોગ્યનું સ્વરૂપ કહે છે.

શ્લોકાર્થ :- (૧) રીંગણ (૨) તાડ (૩) કેળાનું ઝાડ અને (૪) પર્વતની ટોચ પર રહેલા શ્રેષ્ઠ આંબા વિ. ઝાડ જેવા ચાર પ્રકારના ગુરુઓ હોય છે. સુખે અને દુઃખે કરી ગ્રહણ અને અગ્રહણ યોગ્ય શુભ અને અશુભ ધર્મ ફલ આપનારા અને કેટલાક વાંઝીયા (ફળ નહિ આપનારા) ઝાડ જેવા હોય છે.

વ્યાખ્યા :- રીંગણના, કેળાંના અને તાડના ઝાડો પ્રસિધ્ધ છે. પર્વતના શિખર પર કઠીન ઉંચા પ્રદેશ પર શ્રેષ્ઠ પ્રશંસાને યોગ્ય જે ઝાડ છે તે આમ્રાદિ તેના જેવા ચાર પ્રકારના ગુરુઓ હોય છે.

તે જેવા છે તેવા જ વિશેષણ પૂર્વક કહે છે. સુખથી અને દુઃખથી ગ્રહણ કરવા યોગ્ય અને શુભ અશુભ ધર્મફલ આપનારા વિશેષતાથી કહે છે. ઈતિ જે પ્રમાણે તે ચાર પ્રકારના ઝાડો અનુક્રમે સુખથી અને દુઃખથી ગ્રાહ્ય શુભ અશુભ ફલને આપનારા થાય છે. તેવી રીતે ગુરુઓ પણ અનુક્રમે સુખે કરીને ગ્રાહ્ય દુઃખે કરીને ગ્રાહ્ય (સેવાદિ કરવા યોગ્ય) શુભ અશુભ ધર્મફલ ને આપનારા ચાર પ્રકારના હોય છે. તે આ રીતે :- (૧) સુખથી ગ્રાહ્ય અશુભ ધર્મફલ આપનારા, (૨) દુઃખે કરીને ગ્રાહ્ય અશુભ ફલ આપનારા, (૩) સુખે કરીને ગ્રાહ્ય શુભ ફલ આપનારા, (૪) દુઃખે કરીને ગ્રાહ્ય શુભ ધર્મફલ આપનારા, તેમાં દુર્ગતિના કારણ - ભૂત હિંસા, રાત્રિ ભોજનાદિ

રૂપધર્મ તે અશુભ ધર્મ છે. મોક્ષપદ સુધી સદ્‌ગતિના કારણ ભૂત જીવદયા સત્ય, શીલ, સંતોષાદિ રૂપ ધર્મ તે શુભ ધર્મ છે.

કેટલાક ગુરુઓ વાંઝીયા ઝાડની જેમ કોઈ ફળને આપનારા હોતા નથી. શુભધર્મ રુપ અને અશુભધર્મરુપ ફળને આપનાર હોતા નથી - આપતા નથી. એ પ્રમાણે તેનો ભાવાર્થ છે. તેમાં રીંગણના ઝાડના ફળો ખરાબ, કડવારસના કારણે અશુભ છે. બાળકોને પણ જેવી રીતે તે ફળો સુખથી ગ્રાહ્ય બને છે. તેવી રીતે કેટલાક ગુરુઓ રીંગણના ઝાડની જેમ ગુરુના ગુણથી રહિત હોવાથી અત્યંત નીચા (હલકા) અશુભ ધર્મ ફલને પોતાના આશ્રિતોને આપે છે. તેવા પ્રકારના ક્ષય, ઉપશમથી ઉત્પન્ન થયેલી વાણીની યુક્તિ ઘણા પ્રકારના દૃષ્ટાંતાદિ પ્રયોગ દ્વારા, તેવા પ્રકારની ચમત્કારની શક્તિના દર્શન વિ. થી રાજી કરવાની કલાની ચતુરાઈ વડે તેવી રીતે આપે છે. જેવી રીતે બાલ બુધ્ધિવાળાઓને પણ સુખથી ગાહ્ય બને છે. પીપ્પલાદિની જેમ...

પિપ્પલાદની કથા

ચંપાનગરીમાં ભાનુ નામના શ્રેષ્ઠિને સુભદ્રા નામની પત્નિ હતી. તેઓનો પુત્ર ચારુદત્ત એક વખત વનમાં ગયો ત્યાં વૈતાઢ્ય પર્વતમાં રહેતા અમીતગતિ નામના વિદ્યાધરને કોઈ વૈરીએ ખીલાથી બંધનમાં નાંખેલા જોઈ દિલમાં દયા ઉત્પન્ન થઈ તેથી તેને છોડાવવાનો ઉપાય શોધતાં તે વિદ્યાધરની પાસે રહેલી તલવારના મ્યાનમાં વિશલ્યા નામની ઔષધીને જોઈ તેના પ્રયોગ વડે તેને છોડાવી ઘા વિ. રૂઝાવ્યા, તે વિદ્યાધર તેના ઉપકારને યાદ કરતો પોતાના સ્થાને લઈ ગયો. અને ત્યારબાદ ત્યાં ચારૂદત્તને પોતાની કન્યા પરણાવી તેની સાથેના વિલાસથી પરાંગમુખ થયેલા એવા તેને માતાએ કોઈપણ રીતે વેશ્યાના ઘરે મૂક્યો, ત્યાં તેને બાર વર્ષમાં ૧૬ ક્રોડ પ્રમાણ સુવર્ણનો ખર્ચ કર્યો એક વખત ધનથી નિર્ધન થયેલો તે વેશ્યાનો તિરસ્કાર પામેલો પોતાના ઘરે પાછો આવ્યો ત્યારે માતપિતાનું સ્વર્ગગમન થઈ ગયું હતું. ધનથી ભ્રષ્ટ થયેલો તે પત્નિનું પિતાના ઘરે જવા વિ. નું જાણીને ખેદ પામેલા તે સસરાના ઘરે ગયો ત્યાંથી સસરાનું ધન લઈને ધન મેળવવા માટે જમીન રસ્તે, પછી

પિતાના મિત્રની પાસેથી ધન લઈને જલમાર્ગે અને ત્યારબાદ મામાનું ધન લઈને બીજે સ્થાને ગયો.

પરંતુ અંતરાય કર્મના ઉદયથી તે બધું ચોરની ધાડમાં, વન દવમાં, વહાણ ભાંગી જવા વિ. ના કારણે મનોરથ જેના ભાંગી ગયા છે. અથવા વિફલ થયા છે તેવા તેને એક યોગી મલ્યો. તે યોગિએ તેને રસને માટે રસના કૂવામાં નાખ્યો પછી ચંદન ઘોના આધારે કોઈપણ રીતે તે બહાર નીકળ્યો વનના હાથી વિ. થી નાસતા એવા તેણે સુવર્ણ ભૂમિ તરફ જતાં એવા મામાનો પુત્ર રુદ્રદત્તને ત્યાં જોયો અને તેને મલ્યો તેણે બે બકરા ખરીદ્યા, તેના ઉપર બેસીને બન્ને જણા સમુદ્ર કીનારે આવ્યા. રુદ્રદત્તે કહ્યું છરી લઈ બકરાને મારી બકરાના ખોળીયામાં પ્રવેશવું. તેથી ભારંડ પક્ષી માંસની બુધ્ધિથી સ્વર્ણ દ્વીપે લઈ જશે. તે સાંભળીને ચારુદત્તે કહ્યું :- જીવનો વધ શા માટે કરવો ? એમ કહ્યું ત્યારે રુદ્રદત્તે પોતાનો બકરો હણી નાંખ્યો જ્યાં તે બીજો હણે છે તેટલામાં ચારુદત્તે અનશન (ચારે આહારનો ત્યાગ) કરાવ્યું. અને નમસ્કાર મહામંત્ર (નવકાર) સંભળાવ્યો પછી બન્ને જણા જુદા જુદા બકરાના ખોળીયામાં પ્રવેશ્યા અને ભારંડ પક્ષીઓએ આવીને બન્નેને ઉંચકી લીધા અને ઉડ્યા રસ્તામાં ચારૂદત્તની ભસ્ત્રીકા ભારંડ પક્ષીના મુખમાંથી સરોવરમાં પડી તેમાંથી ચારુદત્ત બહાર નીકળ્યો અને એક પર્વત ઉપર સાધુને જોયા અને તેમને તેણે નમસ્કાર કર્યા.

સાધુએ કહ્યું :-હે ભદ્ર ! તે હું અમીતગતિ વિદ્યાધર છું જેના ઉપર તેં બંધનથી મુક્ત કરવાનો ઉપકાર કરેલો છે. તે વખતે ત્યાં વિમાનમાં બેસેલા સાધુના બે વિદ્યાધર પુત્રો પિતાને વંદન કરવા માટે આવ્યા. તેટલામાં કોઈક દેવે આવીને ચારુદત્તને વંદીને પછી સાધુને નમસ્કાર કર્યા ત્યારે તે બે વિદ્યાધર પુત્રે કહ્યું કે :- હે દેવ ! આ તમારી કેવા પ્રકારની વિધિ છે. ત્યારે તે દેવે કહ્યું સાંભળો; વારાણસી નગરીમાં વિદ્યાના બલથી ગર્વિત સુલસા અને સુભદ્રા નામની બે સાધ્વીઓ (પરિવ્રાજિકીની) રહે છે. ત્યાં યાજ્ઞ વલ્ક્ય નામનો પરિવ્રાજક આવ્યો, તેણે સુલસાને વાદમાં જીતીને દાસી બનાવી. કર્મ વશે તે બન્નેના સ્નેહ સંબંધના કારણે પુત્ર જન્મ્યો લોકમાં બે આબરૂ થવાના

ભયથી પીપળાના વૃક્ષની નીચે તાજા જન્મેલા તે બાળકને (પુત્રને) છોડીને તેઓ બીજા દેશમાં ચાલી ગયા. તેની શોધ કરતાં મુખમાં પડેલા પીપળાના ફલવાળા બાળકને સુભદ્રાએ જોયો અને તેને લઈને મોટો કર્યો. પીપ્પલાદ એ પ્રમાણે તેનું નામ પાડ્યું. અને સર્વ પ્રકારની વિદ્યા ભણાવી.

એક વખત તેણે વિદ્યાના અભિમાનથી પાંદડાને ઉંચા કર્યા, ઘણાવાદિઓને જીત્યા પછી ઘણો સમય વિત્યા બાદ તે પીપ્પલાદ મહાવાદિ છે. એમ સાંભળીને પોતાનો પુત્ર છે. એમ નહિ જાણતા તેની સાથે વાદને માટે સુલસાની સાથે યજ્ઞવલ્ક્ય ફરી વાણારસી નગરીમાં આવ્યો. પિપ્પલાદે તેને વાદમાં જીતી લીધો. તેને દાસ કરતાં સુભદ્રા પોતાના પિતાની અવજ્ઞા ન કરો. એ પ્રમાણે બોલતી પિપ્પલાદનું જન્મથી આરંભીને વૃતાંત કહ્યું. તે સાંભળીને માતપિતા પ્રત્યે ક્રોધે ભરાયેલા તેણે પોતાની બુધ્ધિથી માતૃમેધ, પિતૃમેધ, અશ્વમેધ, ગોમેધ પ્રમુખ યજ્ઞોને કલ્પીને માતપિતાને હણી નાંખ્યા અને તેણે તેવા પ્રકારની હિંસાદિમય ધર્મને તેવાતેવા પ્રકારના શાસ્ત્રો રચીને તેમાં રહેલાં સંવાદને બતાવવા વડે અને ક્યારેક આરાધેલા દેવે બતાવેલા ચમત્કાર વડે પોતાના શિષ્ય વિ. ની આગળ તેવી રીતે બતાવ્યો (પરુપ્યો) કે જેવી રીતે તેઓના હૃદયમાં સુખ પૂર્વક સારી રીતે શ્રધ્ધા (વિશ્વાસ) બેસે તેવી રીતે તેણે તે ધર્મ તેઓ પાસે અંગીકાર કરાવડાવ્યો તેવા પ્રકારના યજ્ઞોને કરીને પાંચમી નરકે ગયો. ત્યાંથી પાંચ ભવમાં પશુ થયો અને યજ્ઞમાં હણાયો, વળી છઠ્ઠા ભવમાં આને (ચારુદત્તે) મને અનશન (ચારે આહારનો ત્યાગ) કરાવ્યું અને નવકાર મંત્ર સંભળાવ્યો. તેના મહિમાથી હું દેવ થયો છું. તેથી ચારુદત્ત ધર્મગુરુ હોવાથી મેં તેમને પ્રથમ નમસ્કાર કર્યા છે. તે સાંભળીને બધાને જિન ધર્મ ઉપર વિશેષ આસ્થા-શ્રધ્ધા થઈ અને પછી દેવે ચારુદત્તને ચંપાનગરીમાં પોતાના ઘરે મૂક્યો - પહોંચાડ્યો અને ત્યાં સુવર્ણાદિની વૃષ્ટિ કરી જેવી રીતે પિપ્પલાદ સુખ પૂર્વક ગ્રાહ્ય અશુભ ધર્મ ફલ પામ્યો તેમ કેટલાક બીજાપણ દૃષ્ટાંત સમજવા એ પ્રમાણે **પ્રથમ ભંગ થયો.**

તાલ વૃક્ષ :- તાલ વૃક્ષના ફળો સાધુ લોકોને અભક્ષ્ય હોવાથી નીંદ્ય છે. અને તાલ વૃક્ષ ડાળી વિનાનું અને ઊંચુ હોવાથી તેના ફળો દુઃખે કરીને ગ્રાહ્ય છે. તેવી રીતે કેટલાક ગુરુઓ પહેલાં કહેવાયેલા મુજબ અશુભ ધર્મરૂપ

ફલને આપે છે. પરંતુ તે પણ તેઓ વિદ્યાદિના અભિમાન રૂપ ઉંચાઈથી, ક્રોધાદિ સ્વભાવથી, અત્યંત લોભવૃત્તિથી અથવા પ્રમાદથી, બુધ્ધિની મંદતા, વાણીની અસુંદરતા વિ. હેતુથી ગુરુઓ પાસેથી લેવા માટે દુઃશક્ય છે. માત્ર ક્યારેક તે ધર્મના વિષયમાં તીવ્ર અધ્યવસાયવાળા અત્યંત ઔદાર્યાદિગુણવાળા બહુ ધનાદિ વડે પૂજામાં તત્પર તેઓને પ્રમાદ વિ. છોડીને તેવીરીતે ઉપદેશ આપે છે. જેવીરીતે તે ધર્મ તેઓના હૃદયમાં વસી જાય છે. એ પ્રમાણે દુઃખ ગ્રાહ્ય અશુભ ફલ આપનારા હોય છે. અને જેના પર દૃષ્ટાંતની છટા કરવાની છે તેનો સબંધ સુગમ છે. ફક્ત તાલના ઉંચાપણાની ઉપમા જેવા ગુરુની અભિમાન રૂપી ઉંચાઈ ક્રોધ સ્વભાવ વિ. જાણવા ઈતિ **બીજો ભાંગો.**

કદલીતરુ :- જેવી રીતે કેળાનું ઝાડ ઉત્તમ અને તેના ફળો સુંદર અને સુખ પૂર્વક ગ્રાહ્ય છે. તેવી રીતે કેટલાક ગુરુઓ સકલ સદ્‌ગુણથી શોભતા હોવાથી ઉત્તમ છે. ક્ષીરાસ્ત્રવ, મધવાસ્ત્રવ વિ. લબ્ધિથી સંપન્ન પરોપકાર કરવો એજ પ્રવૃત્તિ યુક્ત નિસ્પૃહ ભાવથી આલોક અને પરલોકમાં હિતકારી અહિંસા જેનું મૂલ છે. તેવા ધર્મને તેવી રીતે ઉપદેશે છે. જેવીરીતે બાળકાદિ તે ધર્મને સુખપૂર્વક ગ્રહણ કરે છે. (સ્વીકારે છે.) અને પશુ વિ. પણ સ્વીકારે છે. તો પછી તીવ્ર બુધ્ધિમાન પુરુષોની તો શી વાત ? એ પ્રમાણે સુખથી ગ્રાહ્ય અને શુભ ધર્મફલ આપનારા કહ્યા છે જે રીતે શ્રી કેશી ગણધરે પ્રદેશી રાજાને પ્રતિ બોધિત કર્યા તે આ રીતે :-

કેશીગણધર અને પ્રદેશી રાજાની કથા

શ્વેતામ્બિ નગરીમાં નાસ્તિક ધર્મથી વાસિત પ્રદેશી નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને ચિત્રનામનો મંત્રિ હતો, તે એક વખત રાજ્યના કામ માટે શ્રાવસ્તિ નગરીમાં ગયો. ત્યાં ચાર જ્ઞાનને ધરનારા કેશીગણધરને વંદન માટે આવેલા જન સમુદાયને જોઈને તે પણ કૌતુકતાથી ત્યાં ગયો. આ પ્રતિબોધ પામશે એમ વિચારીને ગુરુએ તેને બોલાવ્યો અને તેના હૃદયના ભાવને કહ્યો. તેથી તે આશ્ચર્ય પામ્યો અને તેણે સમ્યક્‌ત્વમૂલ ધર્મને સ્વીકાર્યો અને ગુરુને નિમંત્રણ આપ્યું. અમારી નગરીને પાવન કરો. ત્યાં તમને ઘણો

લાભ થશે. અમારો સ્વામિ નાસ્તિક હોવા છતાં પણ આપની પાસેથી ધર્મને પામશે. તમારા આવવાથી ત્યાં ધર્મનું સામ્રાજ્ય થશે (સ્થપાસે) કારણ કે તમારામાં તેવી લબ્ધિ દેખાય છે.

પછી અનુક્રમે વિહાર કરતાં કેશીગણધર ગુરુએ વર્તમાન જોગ એમ કહીને સ્વીકાર કર્યા પછી અનુક્રમે વિહાર કરતાં કેશીગણધર શ્વેતામ્બિકા નગરીના ઉદ્યાનમાં પધાર્યા, પૂર્વના સંકેતાનુસાર ઉદ્યાન પાલકે મંત્રીને ગુરુનું આગમન જણાવ્યું આનંદિત થયેલ મંત્રીએ રાજાથી ડરતાં સ્થાનમાં રહીને જ નમસ્કાર કર્યા અને વિચાર્યું કે જો રાજા ગુરુનું આગમન જાણશે તો તે તેમની અવજ્ઞા કરશે. તેથી પહેલાં જ કોઈપણ ઉપાયે રાજાને ગુરુની પાસે લઈ જવું પછી ઘોડે સ્વારીના છદ્મ (બહાના) થી રાજાને ઉદ્યાનની નજીકમાં લઈ ગયો. ત્યાં થાકી ગયેલા રાજાએ ઝાડની છાયા નીચે વિશ્રામ લીધો. થોડીવાર થયે સ્વસ્થ થયેલો એવો તે રાજા મધુર અવાજ સાંભળીને બોલ્યો હે મંત્રીન્ ! આ અવાજ કોનો છે ? મંત્રીએ કહ્યું હું જાણતો નથી પરંતુ આપ પધારો અને વનની રમણીયતાને નિહાળો.

પછી ત્યાંથી આગળ જતાં ઘણી જન મેદની વચ્ચે મુનિના સમુહથી પરિવરેલા ધર્મનો ઉપદેશ આપતાં ગુરુને જોઈને મંત્રીને પૂછ્યું આ મુંડીયો રાડો શા માટે પાડે છે ? આ ચોર ક્યારે આવ્યો છે ? હમણાંજ આ પાખંડી દૂર કરો (કાઢી મૂકો) બીજા દેશની જેમ આપણા દેશને પણ લૂંટે - ચોરે નહિ રાજાની આજ્ઞાથી કેટલાંક પગલાં જઈને પાછા ફરીને રાજાને કહ્યું હે દેવ ! એ પ્રમાણે તેને કાઢવા જતાં દેશાન્તરમાં ગયેલો તે લોકોની આગળ કહેશે કે પ્રદેશી રાજા મૂર્ખ શિરોમણી છે. કંઈ જાણતો નથી. ઉલ્ટું ગુણી જનોની અવજ્ઞા કરે છે. તો તેને વાદ વડે જીતીને કાઢી મૂકવો તે અભિમાનનો ભંગ થવાથી જાતે જ પલાયન થઈ (નાસી) જશે. તમારી આગળ બૃહસ્પતિ પણ વાદ કરવા (બોલવા) માટે સમર્થ નથી. તો પછી આ બીચારાનું તો શું ગજું ?

એ પ્રમાણે ઉત્સાહિત (પાણી ચડાવેલ) કરેલો રાજા ત્યાં જઈને બોલ્યો હે આચાર્ય ! ક્યારે આવ્યા છો ? હમણાંજ એ પ્રમાણે તેમણે કહ્યું પછી બન્ને જણા આસન ઉપર બેઠા.

રાજાએ કહ્યું :- હે આચાર્ય કઈ કઈ ધૂર્ત વિદ્યા ભણેલા છો ? જેથી કરીને આ લોકોને તમે મોહિત કરો છો ? પરંતુ આ પ્રમાણેની આકૃતિ (મુખ) જોતાં તો તમે કોઈ રાજપુત્ર હો તેવા લાગો છો ? તો પછી આ પાખંડીપણું શા માટે આદર્યું છે ? નપુંસક યાને કાયર લોકો ભીક્ષાને માગે છે. તેથી આ છોડી દ્યો મારા માંડલીક રાજા બનો ઉત્તમ ઘોડા પર બેસો અને મારું આપેલું રાજ્ય ભોગવો અને આ જન્મનું ફલ પ્રાપ્ત કરો, તપના કષ્ટ ભોગની ઠગાઈ રૂપ સંયમ બાલક્રિડા જેવી ક્રિયાના કષ્ટને શા માટે કરો છો ? તપના ફલને ભોગવનારો આત્મા છે - નહિ પરંતુ મને અવિચારક માનશો નહિ. કારણ કે મારીમાતા તમારી શ્રાવિકા હતી. પિતા તો નાસ્તિક હતા. માતાએ મને દયા ધર્મને શીખવાડ્યો છે. પિતાએ પણ પોતાનો ધર્મ શીખવાડ્યો છે. હું બન્ને ને પ્રીય હતો. અંત સમયે માતાને કહ્યું તેં દયા ધર્મનું પાલન કર્યું છે. તેથી તું સ્વર્ગમાં જઈશ તું મને બોધ આપજે જેથી કરીને હું દયા ધર્મના મૂલરૂપ ધર્મને કરું (દયા મૂલક ધર્મને આચરું) તેવી રીતે અંત સમયે પિતાને પણ કહ્યું જો તમે નાસ્તિક ધર્મ કરીને નરકે જાવ ત્યારે મને કહેવું જેથી કરીને હું તે નાસ્તિક ધર્મને છોડી દઉં.

પરંતુ અત્યંત પ્રીય હોવા છતાં પણ મને તેઓ તરફથી કાંઈ કહેવાયું નથી. તેથી મેં નિશ્ચિય કર્યો છે કે "ધર્મથી પ્રાપ્ત થતું સ્વર્ગ અને પાપથી પ્રાપ્ત થતી નરક છે નહિ" તેથી મેં આત્મા છે કે નહિ તે વિષે પરીક્ષા કરી છે.

તે આ પ્રમાણે :- એક ચોરના બધી રીતે સેંકડો ટુકડા કરાવ્યા પરંતુ આત્મા ક્યાંય પણ દેખાયો નહિ વળી બીજા જીવતાને હણ્યો અને તોલ્યો પરંતુ તેનું વજન તેટલું જ થયું પરંતુ લેશ પણ અધિક કે ઓછું થયું નહિ વળી પણ એક જીવતા ચોરને લોખંડની પેટીમાં રાખ્યો તેનું છીદ્ર વિનાનું દ્વાર બરાબર ઢાંકીને કેટલાક દિવસ પછી દ્વાર ઉઘાડીને જોયું તો ત્યાં ચોર મૃત્યુ પામેલો હતો અને તેના શરીરમાં કીડા ઉત્પન્ન થયા હતા. જીવને પ્રવેશ કરવાનું કે બહાર નીકળવાનું કોઈ દ્વાર હતું નહિ. તેથી નિશ્ચય કર્યો કે જીવ પણ નથી માટે તે અવિચારિત મેં કર્યું નથી ત્યારે સૂરિજીએ કહ્યું :-

હું પણ અવિચારિત કાર્ય કરનારો નથી. આજીવિકાને માટે વ્રતનો સ્વીકાર કર્યો નથી. પરંતુ તત્વને માટે સ્વીકારેલ છે. સાવધાન થઈને સાંભળો :-

અરણિના કાષ્ટમાં અગ્નિ હોય છે. તેવું સાંભળીને મેં તેના સેંકડો ટુકડા કર્યા ॥૧॥ પરંતુ હે મહારાજા ! તેમાં ક્યાંય પણ અગ્નિ દેખાયો નહિ. તો પછી અરૂપી - આકાર વિનાના જીવનું ન દેખાવામાં વિરોધ શું ? ॥૨॥ પરંતું વિશિષ્ટ જ્ઞાનના બલથી અનલ-અગ્નિ દેખાય છે. (તે રીતે આત્મા છે.) હે રાજન્ ! એક વખત વાયુથી ભરેલી મસકને મેં તોલી અને વળી તેજ મસક ખાલી કરીને તેવી રીતેજ તોલી તો તે બન્ને પ્રકારે તોલવા છતાં પણ એક સરખું જ તેનું વજન થયું વળી વાયુથી ભરાયેલી તે મસક કાંઈ પણ હીન અધિક વજનવાળી ન થઈ. શંખ વાદક પુરુષને મોટી કુંભીમાં નાંખીને ઢાંકણ ઢાંકી ઉપર લાખ લગાવીને તેણે શંખ વગાડ્યો ॥૬॥ તેનો તે અવાજ બહાર સંભળાયો તે પણ છીદ્ર ન હોવા છતાં પણ બહાર નીકળ્યો તેનાથી પણ સુક્ષ્મ જીવ શું આવાગમન ન કરે ? ॥૭॥ તેથી દેહથી ભિન્ન સર્વે પ્રાણીઓના દેહમાં જીવ હોય છે. તે જાતે જ મનના અનુભવથી પ્રત્યક્ષ દેખાય છે. ॥૮॥

ચેતન (આત્મા)ની અપૂર્વ ગત્યાદિ ચેષ્ટા રૂપ લક્ષણ વડે આત્મા જણાય છે. હે રાજન્ ! ધજાના ફરકવાથી જેમ પવન જણાય છે. તેમ ગત્યાદિ ક્રિયાવડે કરીને આત્મા જણાય છે. ॥૯॥

અને હે રાજન્ ! જીવ હોવે છતે પરલોકમાં સાથે આવનાર ધર્મ અધર્મથી પ્રાપ્ત થનાર (ઉત્પન્ન થતાં) સ્વર્ગલોક અને નરકલોક છે. એમ જાણવા ॥૧૦॥

વળી હે નૃપ ! સ્વર્ગમાંથી માતા આવી નથી. તેનું કારણ એ છે કે કુદરતી રીતે સુંદર એવા સુખમાં દેવો વિલાસ કરતાં રહે છે. (ભોગમાં મસ્ત રહે છે) ॥૧૧॥

મનુષ્યને આધીન કર્તવ્યો બાકી રહેલા હોય દા.ત. યોગ કરાવતાં કરાવતાં દેવલોકમાં પહોંચી ગયેલા આચાર્યે શિષ્યોના પ્રેમને કારણે ત્યાંથી દેહમાં પ્રવેશ કરી શિષ્યોને જોગ પૂર્ણ કરાવ્યા.

પ્રેમ, સ્નેહના પાશથી બંધાયેલા વશમાં હોય ત્યારે, નાટક વિ. જોવામાં રહેલા હોય ત્યારે અને પ્રયોજન (કામ) બાકી રહી ગયું હોય ત્યારે ॥૧૨॥ અરિહંત ભ. ના કલ્યાણક વિ. ને છોડીને ક્યારે તીર્ચ્છાલોકની દુર્ગંધના

કારણે દેવો કદી આવતા નથી. જવીરીતે આત્મા અદ્‌ભુત શૃંગારવાળા અને દીવ્ય વિલેપન કરેલા શરીરવાળા લોકો દુર્ગંધવાળા અશુદ્ધિ સ્થાને જતાં નથી તેમ તેઓ સ્વર્ગમાંથી આવતા નથી નરકથી પણ આવતા નથી ॥૧૪॥ તારા પિતા આવ્યા નથી કારણ કે નરકની વેદનાને સહન કરતાં અને પરમાધાર્મિકો વડે જકડાયેલા અહીંયા આવવા માટે સમર્થ બનતા નથી ॥૧૫॥

જેવીરીતે તારા વડે પકડાયેલો ગુનેગાર કંઈ પણ કરવાને સમર્થ બનતો નથી. આરક્ષકથી છૂટીને સ્વજનોને મલવા માટે જઈ શકતો નથી ॥૧૬॥ એ પ્રમાણે સ્વર્ગ અને નરકની સ્થિતિ જાણી મુંઝાવું નહીં તે સાંભળીને ઉલ્લસિત રોમાંચવાળા થયેલા રાજાએ બે હાથ જોડી અંજલી દ્વારા ગુરુને વિનંતિ કરી. હે સ્વામિન્ ! માન્ત્રિકના મંત્રવડે હણાયેલો પિશાચ ભાગી જાય છે તેમ તમારી વાણીથી મારામાં રહેલો મોહરૂપી પિશાચ ભાગી ગયો છે ॥૧॥

જિન વાણીરૂપ અમૃતરૂપી (સુરમા) ની સળી વડે અજ્ઞાનરૂપી અંધકારથી ઘેરાયેલા મારા અંતર લોચન આજે ઉઘડવાથી ॥૨॥ હે સ્વામિન્ ! જૈનધર્મથી બીજો કોઈ ધર્મ નથી. તે મેં જાણ્યું છે જેવીરીતે સૂર્યને છોડીને બીજો કોઈ પ્રત્યક્ષ તેજનો ભંડાર છે નહિ ॥૩॥ પછી પ્રતિબોધિત થયેલા તે રાજાએ સમ્યક્‌ત્વમૂલ ધર્મનો સ્વીકાર કર્યો ઈતિ **શ્રી પ્રદેશી રાજા (નૃપ) કથા.**

જેવીરીતે કેશીગણધર પ્રેદશીરાજાને સુખે ગ્રાહ્ય અને શુભ ધર્મ ફલને આપનારા થયા તેવીરીતે બીજા પણ ગુરુઓ હોય છે. તેમ જાણવું **ઈતિ ત્રીજો ભાંગો થયો.**

આમ્રાદિતરુ :- પર્વતના શિખર પર રહેલા આમ્ર વિ. ના ઝાડોના ફળો સારા (શુભ) હોવા છતાં પણ પર્વતની ટોચ પર હોવાથી દુઃખે કરીને પ્રાપ્ત થનારા તે પ્રકારની મહેનત વડે કેટલાકને ક્યારેક પ્રાપ્ત થાય છે તેવી રીતે કેટલાક ગુરુઓ સુંદર ગુણથી અલંકૃત હોવાથી ઉત્તમ હોય છે એ પ્રમાણે આમ્રાદિ શ્રેષ્ઠ ઝાડની જેવા હોવા છતાં તેવા પ્રકારની ક્રોધાદિ પ્રકૃતિને કારણે દુઃખે કરીને સેવનીય હોય છે. તેથી તેઓની પાસેથી શુભ ધર્મ રૂપ ફલ મેળવવું દુઃશક્ય (કઠીન) છે. માત્ર કેટલાક જ તેવા પ્રકારના વિનયાદિ ગુણથી યુક્ત ક્યારેક તે ધર્મફલને મેળવવા માટે શક્ય બને છે. એ પ્રમાણે દુઃખે કરીને ગ્રાહ્ય શુભ ધર્મ ફલને આપનારા હોય છે. ચંડરુદ્રાચાર્યની જેમ **ઈતિ ચોથો ભાંગો.**

અવકેશિતરુ :- વાંઝીયું ઝાડ ઘણી માવજત કરવા છતાં સીંચવા છતાં, રક્ષણ કરવા છતાં, અને મોટા કરવા છતાંય ક્યારે પણ ફળને આપતાં નથી. માત્ર છાયા જ આપે છે. તેવીરીતે કેટલાક ગુરુઓ ઘણી સેવા કરવા છતાં પણ ખાનપાનાદિ વડે ઘણી વૈયાવચ્ચ કરવા છતાં અને વસ્ત્રાદિ વડે સત્કારવા છતાં પણ કંઈપણ શુભધર્મફલને કે અશુભ ધર્મ ફલને પોતાના આશ્રિતોને ક્યારે પણ આપતા નથી. માત્ર તેઓનું આવર્જન કરવા માટે તેઓના ગુણની પ્રશંસા, તેઓના મનને ગમતી સુંદર વાર્તા, શ્લોકો, કવિતાદિ ઉપદેશે છે. તેના શ્રવણથી આકર્ષાયેલા તેઓ તેની ઉપાસના (સેવા) કરે છે. વળી ક્યારેક કંઈક ધર્મોપદેશ આપે છે. તો પણ દેવ પૂજા દાનાદિ રુપ જ ધર્મોપદેશ જ આપે છે. પરંતું વિશેષ પ્રકારની વિધિ અનુષ્ઠાનતત્વાદિનો ઉપદેશ આપતાં નથી. ગોત્રાદિ દેવી વિ. નું પૂજન, પિતૃદાન વિ. કરવા વિ. નો ઉપદેશ આપે છે. તેઓએ આપેલો ઉપદેશ કંઈક મિથ્યાત્વ મિશ્રિત દેવ પૂજાદિ ધર્મનું અલ્પપણું હોવાથી તેની ગણતરી (વિવક્ષા) કરી નથી કરતાં નથી પાસત્થાચાર્ય વિ. ના દૃષ્ટાંત અહીંયા જાણવા અથવા (જ્યારે) કેટલાક સારા આચરણવાળા (સુવિહિત) આચાર્યો પણ સારા જ્ઞાનવાળા હોવા છતાં પણ વ્યાખ્યાન વિ. માં અને વીરાદિ રસના પોષણમાં નિપુણ છતાં પણ તેવા પ્રકારના ધર્મરસને પુષ્ટ કરતાં નથી. જેથી કરીને તેઓથી ભાવિત શ્રોતાઓ ધર્મને અંગીકાર કરતાં નથી ઈતિ અવકેશી (વાંઝીયા) ઝાડ જેવા.

શ્લોકાર્થ :-આ પ્રમાણે અહીંયા આપેલા દૃષ્ટાંતથી હે બુધ (પંડિત) જનો ! ગુરુમાં રહેલાં પાંચ પ્રકારોને જાણીને ભવના શત્રુપર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે ત્રીજા અને ચોથા ભાંગાવાળા બે ગુરુનો આશ્રય (સેવા) કરો અને બીજાનો ત્યાગ કરો.

॥ ઈતિ અષ્ટમ તરંગ પૂર્ણ ॥

અંશ-૨ (તરંગ-૯)

હવે ગુરુની દેશનામાં આવેલ યોગ્યાયોગ્યપણું કહે છે :-

શ્લોકાર્થ :- ખારો - ખાટો - પુષ્કર - સંવૃર્તાદિ મેઘની જેમ ધર્મ બીજનો નાશ કરનાર અને ધર્મ બીજને ઉગાડનાર ગુરુનો ઉપદેશ હોય છે.

વ્યાખ્યા :- જેમ ખારો, ખાટો વિ. અને પુષ્કર, સંવૃર્ત વિ. વરસાદ બીજનો નાશ કરે છે. અને બીજને વધારે (ઉત્પન્ન) કરે છે. તેમાં ખારો વર્ષાદ - ખાટો વર્ષાદ - અગ્નિનો વરસાદ - વિષનો વરસાદ - ઉલ્કાનો વરસાદ યુગના અંતસમયે (અવસર્પિણીનો પાંચમો આરો પૂર્ણ થતાં) વર્ષે છે તે ઉત્તરોત્તર બીજના સંપૂર્ણનાશ માટે થાય છે. અને પુષ્કરાવર્ત મેઘ - ક્ષીર મેઘ - ઘૃતનો મેઘ - અમૃત મેઘ - રસમેઘ - યુગની આદિમાં એટલે કે (ઉત્સર્પિણિના બીજા આરાની શરૂઆતમાં) ઉત્તરોત્તર બીજની વૃધ્ધિ માટે થાય છે.

કહ્યું છે કે :- ખારો - ખાટો - અગ્નિ - વિષ અને ઉલ્કા (અશનિ)નો વર્ષાદ પોતપોતાના નામના ગુણ પ્રમાણે વર્ષે છે. જેથી કરીને ખાંસી - દમ - શૂલ - કોઢ - જલોદર - તાવ - માથાનો દુઃખાવો અને વળી બીજા પણ મહારોગો મનુષ્યોને થાય છે. અને જલચર જંતુ - ખેચર પક્ષી - સ્થલચર તીર્યંચ પ્રાણીઓ (અવસર્પિણીના પાંચમા આરાને અંતે) દુઃખવાળા બનશે. અને ખેતર - વન - ઉદ્યાન - વેલડીઓ - ઝાડ - ઘાસનો ક્ષય થશે અને વળી (ઉત્સર્પિણિના બીજા આરાની શરૂઆતમાં) પુષ્કરાવર્ત મેઘ પૃથ્વીને ઠંડી - શાન્ત કરશે, બીજો ક્ષીર મેઘ ધાન્યને ઉત્પન્ન કરશે, ત્રીજો ધૃત્તમેઘ ચીકાશને પેદા કરશે. ચોથો અમૃત મેઘ ઔષધાદિ કરશે અને પાંચમો રસ મેઘ પૃથ્વીને રસવાળી બનાવશે.

હે શિષ્ય ! ૩૫ દિવસ સુધી વરસાદની વૃષ્ટિ થશે (દરેક વરસાદ સાત - સાત દિવસ સુધી વરસશે)

એ પ્રમાણે અવસરૌચિત્ય નહિ જાણનારા પાત્ર - અપાત્ર વિ. ની પરિક્ષા નહિ કરીને અથવા રાગદ્વેષ વિ. થી યુક્ત ગુરુનો ઉપદેશ પણ કેટલાકને ધર્મરુપી બીજના નાશનું કારણ બને છે મહાનિશિથમાં પ્રસિધ્ધ

એવા ધર્મઘોષ સૂરિના ભાણેજ મુનિચંદ્રની જેમ અને યથાછંદીક વિ. ની જેમ.

કહ્યું છે કે :- મિથ્યાત્વ - બહુવિકલ્પ - ઉત્સૂત્ર આચારણ જે જાતે કરે છે. અને બીજાને પ્રરૂપે છે. કહે છે તે યથાછંદીક જાણવો.

આથી તેઓના ઉપાશ્રયમાં..... આવેલો સાધૂ તેઓની કથામાં બળ (શક્તિ) હોવે છતે વિઘાત (અંતરાય) કરે છે. ॥૨॥

તેમની વાતને સાંભળનારા સાધુ પણ મિથ્યાત્વી બને છે. તો પછી જીવાજીવાદિ તત્વથી અનભિજ્ઞ એવા કાયર શ્રાવકની તો શું વાત કરવી ॥૩॥

વળી અવસરૌચિત્યાદિમાં ચતુરાઈવાળા કેટલાક ઉપદેશકોનો ઉપદેશ પાત્રાદિ વિશેષતાથી ઉત્તરોત્તર ધર્મબીજને કરનારો બને છે. ॥૪॥

ધર્મઘોષ સૂરિજીનું દૃષ્ટાંત કહે છે. :- તે આ રીતે સાકેતપુરમાં સમરકેતુ રાજા અને સુરસુંદરી રાણીનો પુત્ર સાગરચંદ્ર બત્રીસ કન્યાનો પતિ એવા તેને ધર્મઘોષસૂરિજીની પાસે દીક્ષા ગ્રહણ કરી અને આગમને જાણનારા યુગપ્રધાન થયા.

સૂરિજીનો ભાણેજ મુનિચંદ્ર અર્થ નહિ જાણતો માત્ર શ્રુતને જ જાણતો ગર્વધારી બની રહેતો હતો. તેથી સૂરિજી સાગરચંદ્રમુનિને પોતાના પદે (આચાર્ય પદે) સ્થાપીને અનશન કરવા પૂર્વક સ્વર્ગમાં ગયા. દ્વેષને ધારણ કરતો મુનિચંદ્ર જુદો વિચરવા લાગ્યો અને (ફરતાં ફરતાં) સાકેતપુરમાં આવ્યો. ત્યાં ધર્મઘોષસુરિજીએ પહેલાં જે કોઈ શાસન ઉપર પ્રત્યનિક ભાવને ધરતા હતા તેઓને તેવા પ્રકારની દેશના વડે કંઈક ઉપશાન્ત કર્યા હતા.

ફલની ઈચ્છાવાળાઓ ઘરડા ઠાકોર (કૂતરા)ની પણ સેવા કરે છે. તો પછી આલોક અને પરલોકના ફલની ઈચ્છાવાળાઓએ દેવની સેવા કેમ ન કરવી ? દેવના પરોક્ષ ગુણો દેવો પણ જાણવા માટે અસમર્થ છે. વળી પરલોક, પુણ્ય અને પાપ છે. તેના પ્રરુપક પણ કોઈ છે. તે દેવો પણ પ્રત્યક્ષ દર્શીઓ વડે જણાતા નથી. તેથી કરીને ભેદ વિના (બધા સરખા) દેવને જોઈને પ્રણામ કરવા, તેના મંદિરમાં સેવા પૂજામાં પ્રવૃત્તિ કરવી. તે દેવોમાં જે કોઈ દેવાધિદેવ હશે તે નિસ્તાર કરનારા પણ થઈ જશે. વળી જે એક જ પક્ષની સેવના અને બીજાઓની નિંદા તે તત્ત્વ દર્શનમાં રત પુરુષોને યોગ્ય

નથી આથી બધેજ સમદૃષ્ટિવાળા થવું જોઈએ (આ પ્રમાણેના સૂરિજીના વચનો સાંભળીને (તેઓના ધર્માર્થી બનેલાઓના) હૃદયમાં સ્થાન (વિશ્વાસ) ને પામ્યા આ મધ્યસ્થ વચનવાળા છે. અને સાચું બોલે છે. તેથી તેઓ પ્રત્યનિક ભાવને છોડી ભદ્રિક મનવાળા થયા તથા જેમને મિથ્યાત્વમાં બાંકોરું માર્ગ (પ્રકાશ) મેળવ્યો છે તેવા તેઓ જિન વચનમાં વિશ્વાસવાળા (શ્રધ્ધાળુ) થયા. તેમને શુધ્ધ સમ્યક્ત્વના આરોપણ કરવા વડે સમકીત ધારી (દર્શન શ્રાવક) બનાવ્યા તથા દેશવિરતીને જેઓ યોગ્ય હતા તેઓને એક પ્રકારે વિ. પ્રાણાતિપાતાદિની યથાશક્તિ વિરતીને ગ્રહણ કરાવી. તે બધાએ મુનિચંદ્રનું આગમન સાંભળીને આ ગુરુનો ભાણેજ છે. એમ માની વંદન કરવા આવ્યા ત્યાં જે યથા ભદ્રિકો આવ્યા હતા. તેઓની આગળ કહેવા લાગ્યો અર્થાત્ પૂછ્યું તમે ધર્માનુષ્ઠાન શું કરો છો ? તેઓએ કહ્યું કે બધા દેવોને પ્રણામ વિ. તમારા ગુરુએ કહ્યું હતું તે પ્રમાણે કરીએ છીએ. ત્યારે મુનિચંદ્રે કહ્યું તમને મારા ગુરુએ છેતર્યા છે. આ પ્રમાણે કહી ઉન્માર્ગની દેશના વડે પોતાના આત્માને ડુબાડ્યો અને તમને પણ મિથ્યાત્વમાં સ્થિર કરી સંસારમાં પણ પાડ્યા તેથી આવા પ્રકારના ધર્માનુષ્ઠાન વડે કંઈ પણ સિધ્ધિ થતી નથી. ત્યારે તે યથાભદ્રિકો સારી રીતે ધર્મથી પાછા પડ્યા અને ચૈત્ય અને સાધુના બાધક થયા સારી રીતે ધર્મને છોડવાથી સંસારના ભાજન બન્યા એ પ્રમાણે મુનિચંદ્ર ઘણા લોકોને અસદ્ભાવ ઉત્પન્ન કરવા વડે ઉન્માર્ગ પ્રવર્તાવી મરીને પરમાધામી અસુરોમાં ઉત્પન્ન થયો. ત્યાંથી અંડગોલિક નામે જલ મનુષ્ય તરીકે ઉત્પન્ન થયો ત્યાં અંડગોલને માટે તેને મારવામાં આવે છે. એક વર્ષ સુધી પરમઘોર ભયંકર દુઃખને સહન કરતો ઉન્માર્ગ દેશના, ગુરુપર આક્ષેપ પરમાધામી પણામાં કરેલા ન કરવા યોગ્ય કાર્યોના કારણે બંધાયેલા કર્મના પ્રભાવથી વારંવાર સાત વખત ત્યાંજ ઉત્પન્ન થશે અને વચ્ચે - વચ્ચે નરકમાં જશે. ફરી ફરી એ રીતે જ રત્નદ્વીપના મનુષ્ય વડે ૧ વર્ષ સુધી યંત્રમાં પીલાવાની વિધિ (ક્રિયા) વડે મારવામાં આવશે એ પ્રમાણે મહા દુઃખનો અનુભવ કરીને નરક, મનુષ્ય, તીર્યંચ અને કુદેવની ગતિઓમાં ફરતાં અનંત કાલ સુધી સંસારમાં ભમશે આથી અવિધિ દેશના વડે માર્ગ (ધર્મ) સન્મુખ જીવોને ધર્મ વિમુખ કરવા નહિ આવા પ્રકારનો વિપાક

જાણીને એ પ્રમાણે વિધિ અવિધિ ધર્મ દેશના ઉપર ધર્મઘોષ સૂરિજી અને મુનિચંદ્રનું દૃષ્ટાંત મહાનિથમાં કહ્યું છે. તે જાણવું.

શ્લોકાર્થ :- આ પ્રમાણે સત્ અસત્ દેશનાના મહાવિપાકને જાણીને - સાંભળીને ભવરૂપી શત્રુઓ પર વિજયરૂપ લક્ષ્મી મેળવવા માટે સુવિધિ દેશના વડે સ્વ અને પરના ઉપકાર માટે પ્રયત્ન કરો.

॥ ઈતિ નવમસ્તરંગ પૂર્ણ ॥

અંશ-૨ (તરંગ-૧૦)

વળી પણ બીજા દૃષ્ટાંતો વડે ગુરુની દેશનાના અવસરે અને સામાન્યથી જીવોનું યોગ્યાયોગ્ય પણું કહે છે :-

શ્લોકાર્થ :- નગરની ખાળ (૨) લઘુ સરોવર (ખાબોચીયું) (૩) મોટું સરોવર (૪) માનસ સરોવરની જેવા દોષ અને ગુણવાળા ચાર પ્રકારના ગુરુઓ હોય છે. અને તેની દેશના માટે જીવો.

વ્યાખ્યા :- નગરના પાણીને જવાનો માર્ગ તે લોકોમાં ખાળ તરીકે પ્રસિધ્ધ છે. નવા વરસાદના જલથી ભરાયેલું નાનું તળાવ (ખાબોચીયું) અને તેમાં રહેલું પાણી અલ્પ દિન રહેવાને કારણે અને ઉંડું ન હોવાથી લઘુપણું કહ્યું છે. તેજ પાણીવડે ભરાયેલું મોટું સરોવર જેમાં પાણી હંમેશા રહે છે, અને નાશ પામતું નથી તેથી તેને પ્રૌઢ સરોવર કહ્યું છે. અને માનસ સરોવર તો પ્રસિધ્ધ જ છે. તેની સરખા ગુણ દોષના હેતુવડે કરીને ચાર પ્રકારના ગુરુઓ હોય છે. તેઓનો ક્રમસર અર્થ આ પ્રમાણે છે. દોષ અને ગુણ એ પ્રમાણે બે પદ કહેવા છતાં પણ (૧) કેવલ દોષ (૨) ઘણાદોષ અલ્પગુણ (૩) અલ્પદોષ બહુગુણ અને (૪) કેવળગુણ એ રીતે ચાર ભાંગા થાય છે. તેમાં દૃષ્ટાંત તરીકે દોષો એટલે ધૂલ વિ. થી કલુષિત અને વિષ્ટા - મૂત્રાદિથી અપવિત્ર જલ વડે ભરાયેલ વિ. દોષો કહ્યા છે.

હવે એની ચતુર્ભંગીમાંથી પ્રથમ ગુરુને આશ્રયીને વિચારે છે. તેમાં

ગુરુમાં રહેલા દોષો, આઠ પ્રકારના પ્રમાદ વિ. અને ઉત્સૂત્ર પ્રરુપકતા વિ. અને ગુણો એટલે નિર્મળ જલ - પવિત્ર પણું વિ. (આ સરોવરના ગુણ કહ્યા) તે રીતે ગુરુના ગુણો પાંચ પ્રકારના આચારોને સારી રીતે આચરવામાં નિપૂણપણું વિ. અને શુધ્ધ ધર્મનું પ્રરૂપકપણું વિ. જેવીરીતે સમસ્ત નગર લોકની વિષ્ટા વિ. મળ-મૂત્રાદિ અપવિત્ર જલવડે વહેતી નગરની ખાળ વર્ષાઋતુમાં પાણીથી ભરાયેલી થાય છે. તેથી તે કેવળ (માત્ર) દોષમય છે. તેવીરીતે કેટલાક ગુરુઓ મળની ઉપમા સમા ઘણા પ્રકારે વ્રતમાં અતિચાર લગાડવા પ્રમાદ વિ. અને અપવિત્ર જેવા (સરખા) ઉત્સૂત્રની પ્રરૂપણા વડે અત્યંત કલુષિત ધર્મને વહાવનારા હોય છે. અને એ પ્રમાણે નગરની ખાળ સરિખા યથાછંદકની જેમ સર્વરીતે તેઓ અયોગ્ય છે. (છોડવા યોગ્ય છે) જેવી રીતે નવા વરસાદની વૃષ્ટિથી ભરાયેલું નાનું સરોવર - તળાવ - કહો કે ખાબોચીયું ઘણી ધૂલના પડલોથી કલુષિત (કાદવવાળા) જલ વડે પોતાના શરીરને વિષે તેવા પ્રકારના આરોગ્યની ઈચ્છાવાળાઓને સ્નાન વિ. માં અને તેવા પ્રકારની શુધ્ધિની ઈચ્છાવાળા વિવેકીઓને દૂરથી પણ આશ્રય કરવા યોગ્ય નથી. તેવા પ્રકારનું નિર્મળ જળનું સ્થાન (નદી - નાળું - કૂવો વિ.) પ્રાપ્ત ન થયે છતે અશુચિ (અપવિત્ર પણાથી) રહિત પાણીનો પીવા વિ. માટે ઉપયોગ કરે પરંતુ તેમાં આનંદ ન પામે.

તેવી રીતે કેટલાક ગુરુઓએ અત્યંત પ્રમાદાદિથી મલીન કરેલા ચારિત્રરૂપજલને ઘણાં દોષવાળું માની સંસારને પાર કરવાની ઈચ્છાવાળા વિવેકી જનોને તેવા ગુરુઓ છોડવા યોગ્ય જ થાય છે.

આગમમાં કહ્યું છે કે :- પાસત્થા, ઓસન્ન, કુશીલ, સંસક્તજન અને યથાછંદકને જાણીને સુવિવેકીઓએ સર્વ પ્રયત્નોથી તેમને છોડવા જોઈએ. ઉત્સૂત્રાદિ અપવિત્રના પરિહાર વડે અને શુધ્ધ ધર્મ માર્ગના ઉપદેશપણા વિ. કરીને કંઈક ગુણથી યુક્ત છે એમ માનીને સુદગુરુના અભાવમાં તેવા પ્રકારનો અવસર પ્રાપ્ત થયે છતે અપવાદ માર્ગથી વિધિ પૂર્વક ધર્મશ્રવણાદિને માટે આશ્રય કરવા યોગ્ય પણ થાય છે. તેવીરીતે આગમમાં પણ કહ્યું છે કે :-

श्लोक :- आयरिये आलोयण पंचण्हं असइ गच्छबहिआओ ।
वुच्चत्थे चउलहुगा, अगीअत्थे हुंति चउ गुरुगा ।।१।।

व्याख्या :- આચાર્યે આચાર્યની પાસે આલોચના લેવી જોઈએ ગચ્છમાં પાંચ પ્રકારના આચાર્યાદિ ન હોય ત્યારે ગચ્છની બહાર જવું.

એનો વિચાર કરે છે :- પ્રાયશ્ચિતનું સ્થાન પ્રાપ્ત થતાં સાધુએ નિયમથી પોતાના આચાર્યની પાસે આલોચના કરવી જોઈએ. તેઓના અભાવમાં ઉપાધ્યાયની પાસે, તેના અભાવે પ્રવર્તકની પાસે તેના અભાવે સ્થવિરની પાસે તેના પણ અભાવ માં ગણાવચ્છેદકની પાસે હવે જો પોતાના ગચ્છમાં પાંચેનો પણ અભાવ હોય તો પછી બહાર બીજા જે ગચ્છમાં વંદનાદિ વ્યવહાર હોય તેની (સાંભોગિકની) પાસે જઈ આલોચના કરવી - લેવી. ત્યાં પણ આચાર્યાદિ ક્રમ પૂર્વક આલોચના કરવી. વંદનાદિ વ્યવહારવાળા ગચ્છમાં (સાંભોગિક) આચાર્યાદિનો અભાવ હોય તો પછી અસાંભોગિક સંવિગ્નની પાસે જઈ આચાર્યાદિના ક્રમ પૂર્વક આલોચના કરવી વળી જો કહેલા ક્રમના ઉલ્લંઘન પૂર્વક આલોચના કરે તો પ્રાયશ્ચિત ચાર લઘુ માસ અને વળી જો કહેલા ક્રમનું ઉલ્લંઘન કરતો અને ગીતાર્થ પાસે આલોચના ન કરે તો પ્રાયશ્ચિત ચાર ગુરુ માસ આવે છે.

श्लोक :- संविग्गे पासत्थे सरुवि पच्छाकडे अ गीयत्थे ।
पडिकंते अब्भुट्ठिअ, असई अन्नत्थ तत्थेव ।।१।।

વંદનાદિ વ્યવહાર વગરના સંવિગ્ન ન હોય તો ગીતાર્થ એવા પાસત્થાદિની પાસે આલોચના કરવી તે ન હોય તો આગળ જેનું સ્વરૂપ કહેવાશે તેવા સારૂપિક ગીતાર્થની પાસે, તે ન હોય ત્યારે પ્રશ્ચાત્ કૃત (સાધુ પણું છોડી દીધું હોય તેવા)ની પાસે આલોચના કરવી. અને એઓની વચ્ચે જેની પાસે આલોચના લેવા ઈચ્છે છે. તેને વંદનાદિ કરીને પછી તેની આગળ આલોચના કરવી.

ચતુર્લઘુ - આયંબીલ

ચતુર્ગુરૂ - ઉપવાસ

ષટ્ લઘુ - છટ્ઠ

ષટ્ ગુરુ - અટ્ઠમ

ગુરુમાસ - એકાસણું

લઘુમાસ - નીવી બેસણું પુરિમુઢ

એકેંન્દ્રિય - એકાસણું સંઘટ્ટો - અગ્નિ - પાણી વિ.

બેઈન્દ્રિય - લુખી નીવી

તેઈન્દ્રિય - આયંબીલ

ચઉરીંદ્રીય - ઉપવાસ

પંચેન્દ્રિય - અટ્ઠમ

સુખ સાતા પૃચ્છા તેની પાસે જઈને કરવી. અભ્યુત્થાન એટલે કે વંદન કરે.

ઉપસ્થિતિ થયે છતે વંદના સુખસાતા પૂર્વક તેની પાસે જઈને પ્રતિક્રમણ (પાપથી પાછો પડે) પ્રાયશ્ચિત કરે. બીજી રીતે ન કરે.

હવે તે (પ્રાયશ્ચિત લેનાર) પ્રાર્શ્વસ્થાદિને પોતાના આત્માથી હીન ગુણવાળો જોતો વંદનાદિ ન કરે તો કહે છે કે વંદનાદિ ન કરે તો પાર્શ્વસ્થાદિને આસન વિ. આપીને પ્રણામ કરીને આલોચના કરે અથવા પશ્ચાતકૃત્ (છોડી દીધેલા સાધુપણાવાળા ગૃહસ્થ) માં સામાયિકનું આરોપણ અને લીંગ (રજોહરણ) આપીને વિધિ પૂર્વક તેની પાસે આલોચના કરે અથવા બીજી રીતે પાર્શ્વસ્થાદિને વંદનાદિ કરે તો તેની સાથે બીજે જઈને (વંદનાદિ) કરવું જેથી શાસનનું લાઘવપણું ન થાય અને ત્યાં જઈને તેણે મળેલા પ્રાયશ્ચિતની શુદ્ધિરૂપ તપ એક માસથી લઈ ઉત્કૃષ્ટ છ મહિના સુધીનો તે (વહન) કરે અથવા પૂર્વે કહેલ પરિહાર તપ કરે હવે તે (લેનાર) વંદન વિ. ન કરે. તેણે આપેલા પ્રાયશ્ચિતની શુધ્ધિરૂપ તપ ત્યાંજ તે તપને વહન કરે - પૂર્ણ કરે.

તે ન હોવે છતે ઈત્યાદિની વ્યાખ્યા કરે છે.

श्लोक :- असइ इति लिंगकरणं, सामाइअ इत्तरं च किइ कम्मं ।
तत्थेव य सुध्धतवो, गवेसणा जाव सुहदुक्खे ।।३।।

ગૃહસ્થ લીંગ હોવાથી પશ્ચાત્ કૃત ને વંદનાદિ ન કરતાં થોડા કાલ માટે લીંગ (રજોહરણ) આપવા પૂર્વક અને થોડા કાલ માટે સામાયિકનું આરોપણ કરી (આપી) પછી તેને આસન પર બેસાડી વંદનાદિ કરીને આલોચના કરવી. તે ન હોય તો તેની વ્યાખ્યા કરી. હવે તત્થેવત્તિની વ્યાખ્યા કરે છે.

જો પાર્શ્વસ્થાદિને વંદનાદિ કરતો નથી પણ તેણે આપેલા પ્રાયશ્ચિતની શુદ્ધિરૂપ તપને ત્યાંજ રહીને તે પ્રાયશ્ચિતની શુદ્ધિ રૂપ તપને પૂર્ણ કરે. જ્યાં સુધી તપ કરે છે ત્યાં સુધી તે આલોચના આપનારની સુખે કે દુઃખે કરી એટલે કે બધી જ રીતે સહન કરવા પૂર્વક સેવા કરવી તે તેનો અર્થ છે.

પશ્ચાત્કૃત વિષયની વિધિ કહે છે.

श्लोक :- लिंग करणं निसिज्जा, किइकम्ममणिच्छओ पणामोअ ।
एमेव देवयाए, नवरं सामाइयं मुत्तुं ।।४।।

પશ્ચાત્કૃતને વિષે થોડા કાલ માટેનું સામાયિક કરાવી અને રજોહરણ રૂપ લીંગને આપીને વંદનાદિ વિનય કરવો વંદનાદિને જો તે ઈચ્છતો ન હોય તો વાણી અને કાયાથી માત્ર પ્રણામ કરવા. પાર્શ્વસ્થાદિ પણ જો વંદનાદિ ન ઈચ્છતા હોય તો પ્રણામ કરવા.

આજ પ્રકાર વડે કરીને સમ્યક્ત્વથી ભાવિત દેવતાની આગળ આલોચના કરવી. ફક્ત સામાયિકનું આરોપણ અને લીંગ (રજોહરણ) આપવું નહિ. અવિરતિવાળા અને તેવા પ્રકારની યોગ્યતાનો અભાવ હોવાથી સુખ દુઃખમાં ગવેષણાની વ્યાખ્યા કરે છે.

श्लोक :- आहार उवहिसिज्जाएसणमाइसु होइ जइ अव्वं ।
अणुमोअणकारावण, सिक्खत्ति पयंमि तो सुद्धो ।।५।।

આહાર, ઉપધિ અને શૈયાની એષણા (શોધવું તે) ને વિષે આદિ શબ્દથી વિનય વૈયાવૃત્યાદિ ને વિષે તેઓ પ્રયત્નશીલ બને - થવું.

કેવીરીતે તે કહે છે :- અનુમોદન વડે અને કરાવવા વડે તેનું તાત્પર્ય શું ? જો તે આલોચના યોગ્યને ક્યારેક આહાર વિ. મેળવે છે. પરંતુ શુધ્ધ મળતો નથી. તેથી શ્રાવકોને ઉત્સાહિત કરીને (કહીને) અકલ્પ્ય પણ આહાર વિ. યત્નાપૂર્વક પ્રાપ્ત કરે.

હવે અકલ્પનીય આહાર વિ. પ્રાપ્ત કરતાં તેને મોટી મલિનતા (દોષ) ઉત્પન્ન થાય છે. હવે અહીંયા કહે છે કે :-

શ્લોક :- सिक्खत्ति पयंमितो सुद्धो :-

જો કે આલોચના આપવાની યોગ્યતાવાળા માટે અકલ્પનીય પણ આહાર વિ. લાવે છે. તે પણ આસેવના -શિક્ષા તેની પાસે કરવી જોઈએ તે અપવાદ માર્ગ સમજવો તે વર્તમાનમાંતો શુધ્ધ જ છે. એની જ વિચારણા કરતાં કહે છે.

શ્લોક :- चोअइसे परिचारं, अकरेमाणे भणाइ वा सड्ढे ।
अव्वुच्छित्ति करस्स उ. सुअ भत्ति अे कुणह पूअं ।।६।।

પહેલાં તે આલોચના આપનાર યોગ્યતાવાળાની વૈયાવૃત્યાદિ નહિ કરતાં પરિવારને પ્રેરણા કરે, શિક્ષા (શિખામણ) આપે તથા આવી રીતે આ ગ્રહણ - આ સેવના શિક્ષામાં નિષ્ણાત છે. તેથી કરીને તેમનો વિનય, વૈયાવૃત્યાદિ કરતાં મહા નિર્જરાનું કારણ થાય છે. એ પ્રમાણે પ્રેરણા કરતાં પણ જો ન કરે તો પછી તેઓ ન કરતાં હોવાના કારણે જાતેજ આહાર વિ. લાવે. હવે સ્વાભાવિક યોગ્ય શુદ્ધ આહારાદિ ન પ્રાપ્ત થાય તો શ્રાવકોને જણાવે અને જણાવીને તેઓની પાસેથી અકલ્પનીય પણ યતના પૂર્વક પ્રાપ્ત કરે. અને કહે નહિ. આ પ્રમાણે તેની સેવા કરતાં દોષ કેમ લાગે નહિ તેમ કહેવું નહિ (બોલવું નહિ) કારણ કહે છે.

શ્લોક :- अव्वोच्छित्तीत्यादि.....

અવિચ્છિન પાર્શ્વસ્થાદિની શ્રુત ભક્તિના કારણરૂપ અકલ્પનીય આહારાદિથી તમે પૂજા કરો ત્યાં દોષ નથી. એ પ્રમાણે અહીંયા પણ સમજવું એની અહીંયા વિચારણા કરે છે.

કારણ પ્રાપ્ત થયે છતે પાર્શ્વસ્થાદિની પાસેથી સૂત્ર અને અર્થ ગ્રહણ કરતાં અકલ્પનીય પણ આહારાદિ યતના પૂર્વક તેના માટે ગ્રહણ, શિક્ષા લેવાને કારણે આહારાદિ લાવતાં દોષ લાગે તો પણ તે શુધ્ધ છે. એ પ્રમાણે આલોચના આપનાર યોગ્યના માટે પણ દોષ સેવતાં તે શુધ્ધ જ છે. ગ્રહણ આ સેવના તેઓની પાસેથી લેવાના કારણે એજ વાતને સારી રીતે ખુલ્લી કરતાં કહે છે.

શ્લોક :- દુવિહા સતી એતેસિં. આહારાદિ કરેઇ સવ્વં સે ।
પણહાણીએ જયંતો, અત્તઠાએ વિ. એમેવ ।।૭।।

અહીંયા પરિવારનો અભાવ હોવે છતે તે આલોચના આપનાર યોગ્યની સેવા કરવી તે કર્તવ્ય છે. એ પ્રમાણેની સામાચારી જાણવી. અને તે પાર્શ્વસ્થાદિને પરિવારનો અભાવ બે પ્રકારે છે. વિદ્યમાન અભાવ અને અવિદ્યમાન અભાવ (૧) પરિવાર વિદ્યમાન હોવા છતાં વૈયાવૃત્યાદિ ન કરતાં હોવાના કારણે વિદ્યમાન અભાવ કહ્યો છે. (૨) પરિવાર ન હોવે છતે અવિદ્યમાન અભાવ કહ્યો છે. તેમાં બન્ને પ્રકારના અભાવમાં તે આલોચના આપનાર યોગ્યને માટેનો આહારાદિક બધું કલ્પનીય કે અકલ્પનીય યતના પૂર્વક લાવે યતના પૂર્વક અકલ્પનીય કેવી રીતે ઉપાર્જન કરે ? પંચક હાનીની જયણા પૂર્વક. કેવી રીતે જયણા પૂર્વક ? કહ્યું છે કે :-

એ પ્રમાણે પાંચ હાનીનો પ્રયત્ન કરતો. તે કેવી રીતે થાય ?

વિચારણા :- અપૂર્ણ માસિક પ્રાયશ્ચિતના સ્થાનની દોષની આપત્તિમાં ગુરૂ - લાઘવ આલોચના વડે પાંચ પાંચ દિન ઓછા કરતો પ્રાયશ્ચિત સ્થાનના દોષોને સેવે તે પણ યતના પૂર્વક પંચક ગ્રહણના ઉપલક્ષણથી દશાદિની હાનિની જયણા પણ જાણવી. એ પ્રમાણે બધે કેવલ આલોચના આપનાર યોગ્યના માટે જ પ્રયત્ન ન કરે પરંતુ કારણ પ્રાપ્ત થયે છતે પોતાના માટે પણ એજ પ્રમાણે પ્રયત્ન કરે. એ પ્રમાણે શ્રી વ્યવહાર ભાષ્યના પહેલા ઉદ્દેશકમાં આલોચનાના અધિકારમાં કહ્યું છે.... પરંતુ તેમાંજ આનંદ માનવો (કરવો) નહિ. પરંતુ સદ્‌ગુરુનો યોગ શોધવો અને તે પ્રાપ્ત થયે છતે પાર્શ્વસ્થાદિનો ત્યાગ કરી સુગુરુઓને જ સેવવા કહ્યું છે કે :-

જેવીરીતે ઠંડીમાં પણ પ્રયત્ન પૂર્વક લભ્ય સ્મશાનમાં રહેલો અગ્નિ કોઈથી સેવાતો નથી. અર્થાત્ કોઈ સેવતું નથી. સદાચારથી ભ્રષ્ટ થયેલાના વચનો સારા હોવા છતાં ગ્રહણ થતાં નથી તેની જેમ..... પાર્શ્વસ્થાદિને છોડી સુગુરુને સેવવા એ પ્રમાણે **બીજો ભેદ થયો.**

(૩) જેવી રીતે **પ્રૌઢ સરોવર** પહેલાં પણ નિર્મળ જલથી ભરાયેલું હોવાથી નવા વરસાદનું પાણી આવતાં સ્વલ્પજ કલુષિત (મેલા) પણાને પામે છે. અને કમલાદિથી શોભાપણાને પામે છે. (ધારણ કરે છે.) વળી તે જલના આવવાના માર્ગને વિષે પણ દૂરથી અપવિત્ર (મેલ) વિ. પ્રસંગને છોડી દે છે. (એટલે કે જલને આવવા જવાના માર્ગમાંજ અશુચિનો ત્યાગ કરે છે.) એ પ્રમાણે બહુ ગુણવાળું અને સ્વલ્પ દોષ વાળું કહ્યું છે. અને તેથી બધા જલ વિ. ની ઈચ્છાવાળાઓ અનીંદનીયતા વડે આશ્રય કરે છે એ પ્રમાણે કેટલાક ગુરુઓ પણ જલની જેમ જ્ઞાનાદિ આચારનું સારી રીતે પાલણ કરવામાં પ્રવીણ, કમલની ઉપમા સમા, સવિશેષ (અતિશય) પ્રભાવવાળા, પ્રશમાદિ ગુણરૂપ સંપત્તિથી પ્રાપ્ત કરેલી અધિક શોભાને ધરનારા, શુધ્ધ ધર્મ માર્ગના પ્રરુપક, દૂરથી જ અશુધ્ધ માર્ગની પ્રરુપણા અને અપવિત્ર પ્રસંગોને છોડી દેવાવાળા છે. પરંતુ વચ્ચે વચ્ચે પોતાના ધર્મરૂપી જલને અતિચારો વડે કંઈક કલુષિત કરે છે. તેથી બહુગુણવાળા અને અલ્પ દોષવાળા તેઓને સમજીને ધર્માર્થિઓએ અનીંદનીયતા વડે.... નિંદા કર્યા વગર સેવવા યોગ્ય છે. પંચાશકમાં કહ્યું છે કે :-

શ્લોક :- ગુરુગુણરહિઓ અ ગુરુ, દવ્વવ્વો મૂલગુણવિઉત્તો જો ।
નઉ ગુણમિત્તવિહીણત્તિ, ચંડરુદ્દોઉદાહરણં ।।૧।। ઇતિ ।।૩।।

(૪) વળી જેવી રીતે **માનસ સરોવર** હંમેશા નિર્મલ જલવાળું હોય છે. વર્ષાઋતુમાં પણ કલુષિતતાને ધારણ કરતું નથી. કમલાદિથી શોભે છે. અને રાજ હંસો વડે નિરંતર સેવાય છે એ પ્રમાણે કેવલ ગુણથી ભરેલું છે. તેવી રીતે કેટલાક ગુરુઓ હંમેશા અતિચાર વગરના ચારિત્રવાળા અને સીમા વગરના પ્રશમાદિ ગુણથી શોભતા હોય છે. તેથી જ ગુણથી આકૃષ્ટ થયેલા દેવો વડે પણ હંમેશા સેવાય છે. એ પ્રમાણે કેવળ ગુણોવાળા શ્રી વજ્રાસ્વામિ

વિ. ની જેમ વળી આવા પ્રકારના સદ્‌ગુરુનો સંયોગ અતિશય ભાગ્યથી પ્રાપ્ત થાય છે. ઈતિ ૪ **ચોથો ભાંગો.**

હવે આ ચતુર્ભંગી સામાન્યથી જીવોને આશ્રયીને વિચારે છે. તેમાં જીવોના દોષો કયા છે તે કહે છે. બ્રાહ્મણ, સ્ત્રી, ગાય, ગર્ભાદિની હત્યા કરવાપણું, કરેલા ઉપકાર પર અપકાર કરવાપણું, વિશ્વાસ ઘાતીપણું, અસત્ય બોલવા પણું, ચોરી કરવા પણું, અસદાચારીપણું, દ્રોહ કરવાપણું, અભક્ષ્ય, અપેય, અયોગ્ય ગમન વિ. સ્વકુલ વિરુધ્ધ, રાજ વિરુધ્ધ આદિ કરવા પણું, દેવ, ગુરુ, દ્રવ્યાદિનું ભક્ષણ, ચોરવાપણું વિ. મોટા દોષો કહ્યા છે. કારણ કે.... એમાંનો એકપણ દોષ બધા પ્રકારના ગુણોનો નાશ કરે છે. વિષ્ટાના લેશ પણ સંસર્ગવાળા ગંગાના નિર્મલ જલથી ભરાયેલો કળશ જેમ અનુપયોગી બને છે. તેવી રીતે દોષને સેવનારા મનુષ્યો અહીંયા એટલે કે આ લોકોને વિષે પણ જ્ઞાતિથી બહિષ્કૃત થાય છે. રાજા વડે નિગ્રહિતાને પામે છે, ઈન્દ્રિયોનો છેદ, અર્થની હાનિ, દેશ નિકાલ, કોઢ વિ. રોગ આદિ દુઃખોને પ્રાપ્ત કરે છે.

વળી એ પ્રમાણે પરલોકમાં નરકના ઘોર ભંયકર દુઃખો પ્રાપ્ત કરે છે. કંઈક નિર્દયપણું, ક્રોધ, માન, માયા, લોભ મદ-મત્સર (ઈર્ષા) કંજુસાઈ, ક્રૂરપણું અને કુવ્યવહારપણું વિ. પહેલાં કહેલા દોષોથી નાના દોષો છે વળી ગુણો દયા, સત્ય, નિર્લોભપણું, ક્ષમા, ઈન્દ્રિયોનું દમન, નમ્રતા, સરળતા, દેવ ભક્તિ, ગુરુ ભક્તિ, સદાચાર, સંતોષ, વિવેક, વિનય, વિશેષજ્ઞપણું, ગાંભીર્યતા, ચાતુર્યતા, ઔદાર્યતા વિ. ગુણો છે. અને એમાં સદાચાર, સત્ય, ઔચિત્ય, દાનાદિ ગુણો મોટા છે. કારણ કે તેમાંનો એક પણ ગુણ સો દોષો ને પણ હણે છે.....ઢાંકી દે છે.

કહ્યું છે કે :- એક બાજુ એક ઔચિત્ય ગુણ અને બીજી બાજુ ક્રોડો ગુણ હોય તો પણ ઔચિત્ય ગુણ છોડી દેતા કોટિ ગુણો પણ વિષપણાને પામે છે. ॥૧॥

વળી કહ્યું છે કે :- એક જ વિવેકરૂપી તેજ કિરણે મોટા પણ દોષો શિઘ્રતયા નાશને પામે છે સિંહની એકજ ગર્જનાથી હાથીઓનું ટોળું નાશી

જાય છે. તેમ ॥૧॥

પાષાણ હોવા છતાં પણ વિવેકથી રહિત શરીરવાળો ચિંતામણી લોકોમાં વખણાય છે. વિચેતન એવો હાડકાનો સંખ અને જડ શરીરવાળું કલ્પવૃક્ષ (જગતમાં) પૂજાય છે. અજ્ઞાની ગાય પણ મોટા ગૌરવપૂર્વક લોકોમાં કામધેનુના નામે સ્થાન પામે છે દાન આપનારના સેંકડો દોષો દૂર થઈ જાય છે અને બધા લોકોનો બધી રીતે તે દાન આપનાર આદર પામે છે. ઈત્યાદિ.

વળી કેટલાક મનુષ્યો વિષ્ટાની ઉપમા સમાન બ્રાહ્મણ હત્યા વિ. મોટા દોષો વડે અને બીજા જલની (ખાબોચિયાની) ઉપમાની જેમ બીજા દોષોથી કલુષિત જલની ઉપમા સરખા મન, વચન, કાયાના નિરંતર વેપારને કરનાર, ગાયની હત્યા કરનાર, જ્ઞાતિથી બહિષ્કૃત થયેલા બ્રાહ્મણની જેમ નગરની ખાળની ઉપમા સમાન છે. અને વળી એ પ્રમાણે બહુદોષ અલ્પ ગુણવાળા બીજા કેટલાક પુરુષો નૂતન વરસાદના જલથી ભરાયેલા લઘુ સરોવર સમાન છે. આજ ભાંગામાં આવેલા જ પ્રાયઃ કરીને બધાજ માનવો તરતમ (જુદાજદા) ભાવથી તેવી રીતે જ અનુભવાય છે. દૃષ્ટાંતની જરૂર નથી. પૂર્વે કહેલા બ્રાહ્મણ હત્યાદિ મોટા દોષોના મધ્યમાંથી એક દોષ સમગ્ર ગુણને દોષી કરવામાં સમર્થ હોવાથી એકથી પણ દુષિત થયેલા જીવો પ્રથમ ભાંગામાં જ આવે છે. ઈતિ **બીજો ભાંગો.**

કેટલાક અલ્પ દોષ અને ઘણા ગુણવાળા પ્રૌઢ સરોવર જેવા હોય છે. જેવી રીતે કુમારપાલ રાજાઆદિ.

ગુણદોષ પર કુમારપાલ અને સિધ્ધરાજનું દૃષ્ટાંત :- વળી ક્યારેક એક ગુણ ઘણા દોષો ઢાંકી દે છે (નષ્ટ કરે છે) તેવા પ્રકારના એક ગુણથી પણ શોભતા બહુદોષો હોવા... છતાં ઘણા ગુણવાળા અને અલ્પદોષવાળા જાણવા શ્રી કુમારપાલ રાજા અને સુમતિની જેમ.

તે આ પ્રમાણે એક વખત સભામાં બેઠેલા કુમારપાલે આલિંગ નામના વૃધ્ધ પુરુષને આ પ્રમાણે પૂછ્યું કે હું સિધ્ધરાજ રાજાથી અધિક છું સરખો છું કે હીન છું ? ત્યારે તેણે છલ વિના નિર્દોષ ભાવે હાથ જોડીને કહ્યું કે સિધ્ધરાજ રાજામાં અઠ્ઠાણું ગુણ અને બે દોષ છે. અને સ્વામિન્ એવા

તમારામાં બે ગુણ અને અઠ્ઠાણું દોષ છે. અને તેનું આવું વચન સાંભળીને પોતાના આત્માને દોષમય જોતો, વિરાગને ધારણ કરતો જ્યાં છૂરીને આંખમાં નાખવા જાય છે. તેટલામાં તેના આશયને જણાવતાં તેણે આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી. શ્રી સિધ્ધરાજ રાજામાં અઠ્ઠાણું ગુણો યુધ્ધમાં કાયરતા (અસુભટપણું) અને સ્ત્રી લંપટતા એ બે દોષ વડે ઢંકાઈ જાય છે. કંજુસાઈ વિ. તમારા દોષો તો યુધ્ધમાં નિશ્ચલતા વીરતા (સુભટપણું) અને પરનારીને બહેન માનનારા બે ગુણો વડે ઢંકાઈ જાય છે. એ પ્રમાણેના તેના વચનથી ખુશ થયેલો તે પૃથ્વીનાથ કુમારપાલ પોતાના મહેલમાં આવીને રહ્યો ॥ઈતિ॥

વિવેક પર સુમતિની કથા

શ્રીપુરનગરમાં શ્રીષેણ નામે રાજા હતો તેનો સોમ નામનો પુરોહિત હતો. તે પુત્ર ન હોવાને કારણે દુઃખી હતો એક વખત રાજાએ તેને કહ્યું :- તારો પુત્રનો અભાવ મને જેવીરીતે દુઃખી કરે છે તેવી રીતે તને દુઃખી કરતો નથી અર્થાત્ તને પુત્ર ન હોવાથી મને જેટલું દુઃખ થાય છે. તેટલું દુઃખ તને થતું નથી. કારણ કે :- આપણા વંશની પરંપરાથી ચાલી આવતો ક્રમ આટલા કાળસુધી ચાલ્યો પરંતુ હવે મારા પુત્રનો પુરોહિત કોણ થશે ?

પુરોહિત બોલ્યો :- બીજાના હાથની વસ્તુમાં ચિંતા શી ? જીવિત (આયુષ્ય) સંતતિ અને દ્રવ્ય આ ત્રણ નસીબને આધીન છે. ત્યારે રાજાએ કહ્યું. જો દેવ અનુકુલ બને તો ઉપાય છે. તેથી સ્વકુલદેવીની આરાધના કર પછી પુરોહિત "પુત્ર દાનની કૃપા જ્યારે કરશે ત્યારે હું આહાર પાણી લઈશ, એ પ્રમાણેનો અભિગ્રહ કરી કુલદેવીને આરાધવા લાગ્યો. પછી ત્રીજે દિવસે આસન કંપ્યુ છે એવી તે દેવી એ પુરોહિતને સન્તતિ નથી એમ જોયું તેથી તેણે સિધ્ધયજ્ઞ પાસે જઈને કહ્યું..... શું કરૂં ? હે ભદ્ર ! મારા ઉપર આજે કષ્ટ આવ્યું છે. કારણ બ્રાહ્મણી મારી પાસેથી તેને પુત્ર નથી ને પુત્ર માગે છે. પરંતુ તેને તેવા પ્રકારનો (તેને યોગ્ય) પુત્ર નથી..... તે મરણને સ્વીકારશે તેથી લોકોમાં મારી પૂજા સન્માન વિ. નહિ થાય. એ પ્રમાણેની હકીકત સાંભળીને યક્ષે કહ્યું હે મુગ્ધા ! ઉત્તર સહેલો છે. તેને કહેવું કે અહો

વિપ્ર ! તને પુત્ર છે પરંતુ તે નિશ્ચિત પરસ્ત્રીમાં લંપટ, ચોર અને જુગારી થશે. તેથી દોષોના ઘર જેવા તેને તે શું કરશે ? તે સાંભળીને હર્ષિત થયેલી તેણીએ યક્ષે કહેલું તે પુરોહિતને કહ્યું. તે પુરોહિત પણ તેવા પ્રકારની દેવીની વાત રાજાને કહી તે સાંભળીને મહા ચતુર એવા રાજાએ કહ્યું કે હે દેવી ! એવા પ્રકારનો હોય તો પણ ભલે પરંતુ વિવેકવાન્ આપજે કારણ કે એક વિવેકના તેજથી મોટા મોટા દોષો પણ શિઘ્રતાએ નાશ પામે છે. જે રીતે એક સિંહથી હાથીઓનો સમુહ ભાગી જાય છે તે રીતે પછી તે શિક્ષાને ગ્રહણ કરીને તે બ્રાહ્મણે તેવા પ્રકારના પુત્રની દેવી પાસે યાચના કરી.

ક્રમે કરી ધૃત નારીની કુક્ષિમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો પછી તેનો કુક્ષેત્રમાં જન્મવાના કારણે ખેદ પામેલા એવા તેને રાજાએ કહ્યું હે સોમ ! ખેદ પામેલાની જેવો કેમ દેખાય છે ? ત્યારે તે બ્રાહ્મણે કુક્ષેત્રમાં પુત્રની ઉત્પત્તિના સ્વરૂપને કહ્યું. પછી રાજાએ કહ્યું ખેદ કર નહિ કારણ કે દેવતાએ કહેલા તેવા પ્રકારના કુલમાં આવા પ્રકારનું થાય છે. તારી તેમાં શું ભૂલ ? પરંતુ જન્મથી લઈને દોષરૂપી અંધકારને ભેદનારો વિવેકરૂપી સૂર્ય પ્રગટ ન થાય ત્યાં સુધી આને જાહેર કરવું નહિ તે શિક્ષાને રાજાની પાસેથી અંગીકાર કરીને તે સ્ત્રીને ગુપ્ત રાખી, ક્રમે કરીને પુત્રનો જન્મ થયો અને તેને ભૂગૃહે (ભોંયરામાં) રાખીને તેના ઉપરના ભૂ ભાગમાં રહેલા બીજા વિદ્યાર્થીઓને અધ્યયન કરાવવાના બહાનાથી લાકડાના પાટલા પર બેસીને તે ભણાવતો હતો. પોતાના અંગુઠામાં દોરો બાંધીને સંદેહ પડે ત્યારે ખેંચવાના સંકેત પૂર્વક પુત્રને આપ્યો. થોડામાં ઘણું જાણવાવાળો મહાબુધ્ધિશાલી પુત્ર એક વખત નિતિ શાસ્ત્રનો આ પ્રમાણેનો એક શ્લોક આવ્યો.... ધનની, દાન, ભોગ, અને નાશ, ત્રણ ગતિ હોય છે. અર્થાત્ જે આપતો નથી, ભોગવતો નથી તેની ત્રીજી ગતિ એટલે કે નાશ થાય છે. તે આ પ્રમાણે વ્યાખ્યાન કરતાં સૂત્ર (દોરો) હાલ્યો એટલે બ્રાહ્મણે ફરી સ્પષ્ટ રીતે વ્યાખ્યા કરી તો પણ પાછો દોરો ખેંચાયે છંતે ક્રોધિત થયેલા પુરોહિતે બધા છાત્રોને વિસર્જન કરીને પુત્રને જાતેજ બહાર લાવીને બોલ્યો રે સાગર જેવડા શાસ્ત્રને પાર પામીને ખાબોચિયા જેવા અત્યંત સહેલા અર્થવાળા આ શ્લોકમાં મતિહિન (મૂઢ) કેમ થઈ ગયો ? પછી પુત્ર બોલ્યો હે તાત ! તમે અહીંયા વિત્તની ત્રણ

ગતિ વર્ણવી પરંતુ મારા મનમાં તે બેસતું નથી. કારણ કે પ્રાણથી પણ વધુ સેંકડો યત્નો વડે પ્રાપ્ત કરેલા ધનની એક જ ગતિ છે તે છે દાન બીજી વિપત્તિને માટે છે. તેમાં સર્વશ્રેષ્ઠ દાન સુપાત્રમાં છે. દયા ધર્મને માટે દુઃખી થયેલાને વિષે, કીર્તિના પોષણ માટે, યાચકને વિષે, સ્નેહના પોષણ માટે, બન્ધુ વર્ગને વિષે, વિઘ્નના નાશ માટે, ભૂતાદિને વિષે, વૈરના નાશ માટે, વૈરીને વિષે, ઔચિત્ય પૂર્વક રાજાને આપેલું દાન ક્યારે પણ નિષ્ફળ જતું નથી. આ લોકને વિષે ભોગથી પ્રાપ્ત કરેલું સુખ ક્ષણિક હોય છે. આલોકના અને પરલોકના સુખના વિનાશ માટે થાય છે. તેથી તેનો નાશ નિશ્ચિત છે. પુરોહિત તેના ચાર્તુર્ય પૂર્ણ વિચાર, વાણી સાંભળીને હૃદયમાં હર્ષને પામતો રાજા પાસે જઈને રાજાને કહ્યું. આનંદ પામેલા રાજાએ કહ્યું હે ભદ્ર ! તેનામાં આ વિવેક સૂર્ય ઉગ્યો છે. તેથી તે મારા મનના મનોરથને પૂર્ણ કરશે. અહો ! એનું વિચાર ગાંભીર્ય, અહો ! એની અદ્‌ભુત બુધ્ધિ જે શિક્ષક અને શાસ્ત્રને ઉલ્લંઘીને વર્તે છે. ॥૧૦॥

જેવી રીતે ખોદતા એવા કોઈક કૂવાની અંદરથી ક્યારેક વહેતું ઝરણું ફૂટી જાય છે. જેથી કરીને ખોદનારો પાણી વડે ભીંજાઈ જાય છે. ॥૧૧॥ તેવીરીતે કોઈક છાત્રને ભણાવતાં કયારેક જ્ઞાન એકદમ પ્રગટ થઈ જાય છે. જેથી કરીને ગુરુ આશ્ચર્ય પામી જાય છે. ॥૧૨॥ તેથી તેને હાથી પર બેસાડીને અહીંયા લાવ અને તેનું સુમતિ એવું નામ થાઓ ॥૧૩॥ પછી રાજાએ મોકલાવેલા હાથી ઉપર બેઠેલા તેને મોટી ઋધ્ધિ પૂર્વક (મહોત્સવ પૂર્વક) બ્રાહ્મણ રાજાના મહેલે લઈ ગયો અને રાજાએ પણ સામે જવા વિ. સત્કાર પૂર્વક પુરોહિત પદે તેને બેસાડીને સન્માન - પૂજા વિ. કર્યું તેથી રાજાથી પૂજાયેલો તે લોકો વડે પૂજાને પામ્યો એક વખત રાજાએ વિવેકની પરીક્ષા કરવા માટે જીવ વિ. ની વાતો પૂછી. જેવું હતું તેવું તેણે કહ્યું. તે વિચાર (ઉત્તર) સાંભળીને ખુશ થયેલા રાજાએ તેને બધે અસ્ખલિત હરવા - ફરવાની છૂટ આપી.

એક વખત દેવતાએ કહેલા દોષોના ઉદયના કારણે (વશથી) તેણે એકાન્તમાં રાજાનો હાર જોઈને ચલ ચિત્ત થયેલા તેણે તે (હારને) ચોર્યો

॥૧॥ તેને છૂપાવીને જ્યાં જલ્દી શંકા સહિત ચંચળ આંખવાળો તે જવા માટે તૈયાર થયો ત્યાં વિવેકથી આશ્રિત થયેલો એવો તે ક્ષણવારમાં વિચારવા લાગ્યો કે ॥૨॥ અહો ધિક્કાર છે મને મારા હાથમાં રહેલા રાજાવાળા રાજ્યમાં વિશ્વમાં નિંદિત કર્મ મારાથી થયું ॥૩॥ અહો જગતમાં ચોરી જેવું ભયંકર દૂષણ બીજું કોઈ નથી. જેના કારણે હું રાજ્યમાં પૂજ્ય હોવા છતાં પણ મેં રંકથી પણ હલકું કાર્ય કર્યું ॥૪॥ પછી તેણે તે હાર યથાસ્થાને મૂકી દીધો.

એક વખત રાજપત્નિથી પ્રાર્થના કરાયેલો ત્યાં જવા માટે પ્રવૃત્ત થયો તેટલામાં વિવેક રૂપી બન્ધુ વડે બોધિત (પ્રેરિત) થયેલો તેણે ચિંતવ્યું અહા ! મારો મોહ કેવો છે. કારણ કે ભોગ સુખની સામગ્રી હોવા છતાં માતા સમાન રાજાની પત્નિમાં વિકારવાળું મન કર્યું ॥૧॥ પરસ્ત્રીનો સંગ કરનાર પરલોકમાં નરકનું દુઃખ અને આલોકમાં શિરચ્છેદ. જેવી રીતે અહલ્યાનો સંગ કરનાર ઈન્દ્ર પણ અપયશને પામ્યો ॥૨॥ દાક્ષિણ્ય પણ એમાં નથી (કરવા યોગ્ય નથી) તેથી શ્રેષ્ઠ કલ્યાણને માટે પર નારી બહેન સમાન વ્રતનું મારે પાલણ કરવું જોઈએ ॥૩॥

વળી ક્યારેક જુગારના કૌતુકથી જુગારખાને ગયો તેટલામાં વિવેકના આવવાથી જુગારના દોષો અને વિપાક તથા નલ રાજા વિ. ના દૃષ્ટાન્તોને વિચારીને પાછો ફર્યો તેથી વિવેકથી આકૃષ્ટ થયેલા બધા ગુણો વડે તે આશ્રય કરાયો એટલે કે વિવેકથી ખેંચાયેલા બધા ગુણો તેનામાં આવીને વસ્યા - રહ્યા.

એક વખત તેણે રાજાને પૂછ્યું હે દેવ ! રાજાનો ધર્મ કોઈનો વિશ્વાસ કરવો નહિ તે છે. છતાં પણ તમારો મારા જેવા પર આટલો વિશ્વાસ શા માટે છે. ?

રાજાએ કહ્યું :- આ લોકમાં વિવેકવાળા દોષવાળા પણ નિર્દોષ અને ખરાબ કુલમાં ઉત્પન્ન થવા છતાં પણ કુલીન બને છે. તારામાં તે (વિવેક) પ્રગટ દેખાય છે.

કહ્યું છે કે :- કુલથી પણ શ્રેષ્ઠ શીલ (સદાચાર) રોગથી દરિદ્ર શ્રેષ્ઠ, રાજ્યથી પણ વિદ્યા શ્રેષ્ઠ છે. તપથી પણ ક્ષમા શ્રેષ્ઠ છે. ગમે ત્યાં જન્મ્યો હોવા છતાં ગુણવાન્ નર પૂજાય છે. સારા વાંસવાળો ધનુર્દંડ (ધનુષ્ય) દોરા વગર શું કરે ? તેથી તારામાં વિશ્વાસ છે. આથી સદ્ વિવેક વડે દોષ નાશ પામે છે. એવું સજ્જનોનું માનવું છે. (મત છે) ક્રમે કરીને સદ્ધર્મ સ્વીકારીને (પાળીને) સુમતિ સુગતિ ને પામ્યો. આ પ્રમાણે વિવેક ઉપર સુમતિની કથા અને જેઓએ પહેલાં આવા પ્રકારના દોષો સેવ્યાં હોવા છતાં પણ પાછળથી તેનાથી નિવૃત્ત થયેલા. તેઓ પણ નિવૃત્તિ અવસ્થામાં કેટલાક બહુગુણવાળા અને કેટલાક સર્વગુણવાળા બને છે. ચિલાતિપુત્ર વિ. ની જેમ કેવલી થયેલા **કેસરી ચોરની** જેમ ઈતિ **ત્રીજો ભાંગો**

વળી કેટલાક માન સરોવરની જેમ બધાજ નિર્મલ ગુણવાળા જ હોય છે. જેવી રીતે તીર્થંકર, ગણધર, વિ. એ પ્રમાણે. **ચોથો ભાંગો.**

આમાં બહુગુણવાળા અને સર્વ ગુણવાળા ગુરુ વિ. સેવવા યોગ્ય છે. અને બીજા છોડવા યોગ્ય છે. ॥ઈતિ॥

નગરની ખાળ વિ. ઉદાહરણ વડે ગુરુ દેશના અને જીવો જાણવા એ પ્રમાણે ચાર પ્રકારના વિધાન (પ્રકારને) જાણીને હે લોકો ! જય રૂપી લક્ષ્મી માટે અનલ્પ ગુણવાળાનો આશ્રય કરો. ॥૧॥

॥ ઈતિ દ્વિતીય અંશે દશમ સ્તરંગ ॥

અંશ-૨ તરંગ-૧૧

વળી બીજા ભાંગાઓ વડે ગુરુમાં રહેલ યોગ્યાયોગ્યપણું કહે છે. (૧) દારુનું ઢાંકણ અને દૂધનું ઢાંકણવાળા ચાર કળશો (ઘડા) થાય છે. તેવીરીતે જ્ઞાનાદિ અને ગુણ વિનાની દેશના મળીને ચાર પ્રકારના ગુરુઓ થાય છે. ॥૧॥

કામધેનુ આદિનું દૂધ, મદીરા અને તે બેના ઢાંકણને વિષે રહેલા જેવી

રીતે ચાર કલશો થાય છે. તેવી રીતે જ્ઞાનાદિ (દૂધ) ગુણ, દેશના અને સૌભાગ્ય વડે ગૂરૂઓ ચાર પ્રકારના હોય છે.

અહીંયા જ્ઞાનાદિ ગુણ, દેશના અને સૌભાગ્ય દૂધની ઉપમાવાળા છે. જ્ઞાનાદિ ગુણનો પ્રતિપક્ષ એટલે કે તેથી ઉલટું કુજ્ઞાન, કુચારિત્રાદિ ચારિત્રાદિના વિનાશનું કારણ પ્રમાદ (મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ) તે દારૂની ઉપમાવાળા છે.

વિવેકરૂપી ચેતનાના વિનાશના કારણભૂત હોવાથી પ્રમાદાદિ ને દારૂની ઉપમા આપી છે. દેશનાના વિષયમાં અચાતુર્ય ને પણ દારૂની ઉપમા આપી છે, સાંભળનારાઓને મિથ્યાત્વ વિ. માં વ્યામોહ (સુખનો ભ્રમ) વધારવાના કારણ ભૂત હોવાથી (દારૂની ઉપમા આપી છે.) અને તેથી કરીને જેવી રીતે કેટલાક કળશાઓ દારૂથી ભરેલા અને દારૂના ઢાંકણવાળા હોય છે. તેવી રીતે કેટલાક ગુરૂઓ કોઈપણ કારણ વિના સતત્ બહુ પ્રમાદના સેવનના કારણે કુચારિત્રવાળા અને તેમની દેશના પણ ઉત્સૂત્રથી યુક્ત હોય છે. તેવા પ્રકારના પાર્શ્વસ્થાદિ જાણવા, જેવી રીતે મરીચિએ કપીલને વિષે "કવિલા ઈત્થંપિઈહંપિ" ઈત્યાદિ દેશનાને આપી હતી.

વળી કેટલાક કલશા દારૂથી ભરેલા અને દૂધના ઢાંકણવાળા હોય છે. તેવી રીતે કેટલાક ગુરૂઓ પહેલાં કહેવાયેલા પ્રમાદમાં તત્પર હોય છે પરંતુ તેમની દેશના સુંદરતા ભરેલી (શાસ્ત્રાનુસારી) હોય છે. તેવા પ્રકારના કેટલાક સંવિગ્ન પાક્ષિકાદિ જાણવા ઉત્સૂત્ર ભાષણ વિનાની દેશના સૌભાગ્ય શાલિની હોય છે. સુંદર સભાના અવસરે ઔચિત્યાદિ ગુણયુક્ત જાણવી, આગળ કહેતાં કહે છે. જેવી રીતે કેટલાક કલશા દૂધથી ભરેલા હોય છે. પરંતું ઢાંકણ દારૂવાળું હોય છે. તેવી રીતે કેટલાક ગુરૂઓ જ્ઞાનાદિ ગુણોથી ભરેલા અને પરંતુ પહેલાં કહેલી (પ્રમાદાદિ વડે અથવા રાગદ્વેષાદિના કારણથી) દેશનાના સૌભાગ્યને ધારતાં નથી. તેમાં રાગદ્વેષાદિને આશ્રયિને આ ભાંગામાં સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત જાણવું તે આ પ્રમાણે.

સાવધાચાર્યનું દૃષ્ટાંત

આ અવસર્પિણીની ચોવીશીથી થઈ ગયેલી પૂર્વની અનન્ત ચોવીશીને વિષે સાત હાથની કાયાવાળા ધર્મ નામના છેલ્લા તીર્થંકર થયા તેમના તીર્થમાં સાત આશ્ચર્ય થયા તેમાં અસંયતીઓએ પૂજામાં આવેલા અને અનેક શ્રાવકો પાસેથી ગ્રહણ કરેલા દ્રવ્ય વડે પોત પોતાના બનાવેલ ચૈત્યમાં રહેનારા ચૈત્ય વાસિઓ થયા ત્યાં એક નીલવર્ણની આકૃતિવાળા, ઉગ્રવિહારી મહાતપસ્વી શિષ્ય ગણથી પરિવરેલા કુવલય (કમલ) પ્રભ નામના એક સાધુ આવ્યા. તેમને વંદન કરીને તેઓએ કહ્યું. અહીંયા એક વર્ષાકાલનું ચાતુર્માસ રહો - કરો જેથી કરીને તમારી આજ્ઞાથી અનેક ચૈત્યાલયો થશે અમારા પર ઉપકાર કરો. ત્યારે તે મુનિએ કહ્યું આ પાપ કારી વ્યાપાર છે. હું વાણી (શબ્દ) માત્ર પણ નહિ બોલું. આ પ્રમાણે તેઓએ બોલતાં તીર્થંકર નામ કર્મનું અર્જન (પ્રાપ્ત) કર્યું એક ભવમાત્ર સંસાર કરી દીધો પછી તેઓ બધા એક મત થઈને તેમનું સાવદ્યાચાર્ય એ પ્રમાણે નામ આપ્યું તો પણ તેમને તેઓના ઉપર લેશમાત્ર ક્રોધ કર્યો નહિ.

એક વખત લીંગ માત્રથી સાધુ થયેલા એવા તેઓએ પરસ્પર આગમનો વિચાર કરતાં શ્રાવકોના અભાવમાં સંયતીઓ જ મઠ દેવકુલો (મંદિર)નું રક્ષણ કરે છે. જીર્ણ થયેલાનો જીર્ણોધ્ધાર કરે છે. બીજે પણ સર્વત્ર સ્થાને જે કરવા યોગ્ય છે. તેને કરવામાં દોષ નથી. કેટલાક બોલ્યા :- સંયમ મોક્ષમાં લઈ જનાર છે. કેટલાકે કહ્યું :- પ્રસાદમાં પૂજા સત્કાર, બલિ વિધાન, વિ. વડે તીર્થની ઉન્નતિ કરવા વડે કરીને જ મોક્ષમાં ગમન છે. આ પ્રમાણે ઈચ્છા મુજબ બોલતા વિવાદને વિષે આગમ કુશલ બીજો કોઈ હતો નહિ જે વિવાદનો નાશ કરે તેથી તે બધા (અસંયતીઓ) એ સાવદ્યાચાર્યને જ પ્રમાણ કર્યા. દૂર દેશથી તેમને બોલાવ્યા તેઓ વિહાર કરતાં સાત મહિને આવી ગયા. ત્યારે એક આર્યા (સાધ્વી) મ. સા. શ્રધ્ધાને કારણે પ્રદક્ષિણા આપીને

સાહજીક (અચાનક) પગ ઉપર મસ્તક વડે સંઘટ્ટો કરતાં વંદન કર્યું. વંદન કરતાં તે અસંયતીઓએ જોયું.

એક વખત તેમને તેઓની આગળ શ્રુતના અર્થને કહેતાં એજ મહાનિશિથના પાંચમાં અધ્યયનના વ્યાખ્યાનમાં આ પ્રમાણેની ગાથા આવી આંતર કારણ ઉત્પન્ન થયે છતે પણ સ્ત્રીના કરનો સ્પર્શ અરિહંત કરે તો પણ મૂલ ગુણથી મુકાઈ ગયેલા તેમનું સંયમ ચાલ્યું જાય છે, તેથી અંતરમાં શંકા વડે વિચાર્યું કે સાધ્વીનું વંદન આ અસંયતીઓએ જોયું છે અને સાવદ્યાચાર્ય એ પ્રમાણેનું નામ પાડશે બીજી વાત પ્રરૂપતાં મોટી આશાતના અને અનંત સંસારી બનીશ તો હવે શું કરવું ? અથવા જે થવાનું હોય તે થાય. જેવું છે તેવું જ કહું એ પ્રમાણે વિચારીને ગાથાનો જે અર્થ હતો તે કર્યો ત્યારે તે પાપીઓએ કહ્યું કે જો એ પ્રમાણેનું મૂલગુણ હીન તત્વ હોવા છતાં પણ આ સાધ્વી વડે વંદન કરાતા જોયા છે પછી અપયશના ડરવાળા એવા તેમણે વિચાર્યું શું ઉત્તર આપું ? આચાર્યાદિએ મન, વચન, કાયાના યોગ (વ્યાપાર) વડે કોઈપણ પ્રકારનું પાપસ્થાન સેવવા યોગ્ય નથી જે સેવે છે. તે અનંત કાલ સુધી સંસારમાં ભમે છે. આ પ્રમાણે તેમને વિલખા (શરમિંદા) બનેલા જોઈને તેઓ બોલ્યા. કેમ પ્રત્યુત્તર આપતા નથી (બોલતા નથી) તેમણે વિચાર્યું શું કહું ? પછી તેમણે લાંબા કાળ સુધી વિચારીને કહ્યું અયોગ્યને સૂત્રાર્થ આપવા ન જોઈએ કાચા ઘડામાં નાંખેલું પાણી જલનો અને ઘડાનો એમ બન્નેનો નાશ કરે છે. આ સિધ્ધાંતનું રહસ્ય અલ્પ પાત્રમાં નાશ કરે છે. એટલે કે અયોગ્ય જનને આપવાથી જ્ઞાનનો અને પાત્રનો એમ બન્નેનો નાશ થાય છે. એવું આગમ વચન છે.

તેઓએ કહ્યું :- સંબંધ વિનાનું કેમ બોલો છો નજર સામેથી દૂર થાઓ અહો ! તમને પણ (તમારા જેવાને પણ) સંઘે પ્રમાણ કર્યા છે પછી તે લાંબુ સંસારી પણું સ્વીકારીને એટલે કે સંસાર વધે તો વધે એમ ધારીને બોલ્યા આગમ ઉત્સર્ગ અને અપવાદ વડે રહ્યું છે. તમે જાણતા નથી "એકાંત મિથ્યાત્વ છે. અનેકાન્ત જિનેશ્વર ભ. ની આજ્ઞા છે. છે તે દુષ્ટોએ તેના તે વચનને પ્રશંસા પૂર્વક માન્યા.

તે અણગાર એક વચનના દોષથી અનંત સંસારીપણું ઉપાર્જન કરી ભવમાં ભમ્યા આ પ્રમાણે જો કે મહાનિશિથ સૂત્રના પ્રવચનમાં ઉત્સર્ગ અપવાદ અને અનેકાન્તની વાત કરી છે. તો પણ તે સર્વત્ર (કરવા યોગ્ય) નથી. કહ્યું છે કે :- કોઈ એવા એકાન્ત આજ્ઞાકે એકાન્ત પ્રતિષેધ જિનેશ્વર ભ. કરેલ નથી. મૈથુન ભાવને છોડીને કારણ કે તે રાગ અને દ્વેષના પરિણામ વિના થતું નથી અને તેથી આ પ્રમાણે સૂત્રના ઉલંઘનથી ઉન્મમાર્ગનું પ્રકટન થાય છે. તેથી આજ્ઞા ભંગનો દોષ લાગે છે. તે કારણથી તેઓ અનંત સંસારી થયા. અને વળી તે આચાર્યે આ પ્રમાણે બધે સ્થાને અનેકાન્તવાદને કહેતા સાંભળનાર શ્રોતા એવા ચૈત્યવાસિઓને અને તેની નજીકમાં રહેલા બીજાઓને માટે તેવા પ્રકારની પ્રમાદ પ્રસંગની વૃધ્ધિ કરનારા થયા તેથી તેમની આ દેશના દારૂની ઉપમા સમાન થઈ એ પ્રમાણે **ત્રીજો ભંગ થયો.**

કેટલાક કલશા દૂધથી ભરેલા અને દૂધના ઢાંકણવાળા હોય છે. તેમ કેટલાક ગુરુઓ સમ્યગજ્ઞાન ચારિત્રાદિ ગુણથી યુક્ત અને તેવા પ્રકારની દેશનાના સૌભાગ્ય (સુંદરતા) ના ભાજન રૂપ હોય છે. દા.ત. વજ્રસ્વામિ આદિ. શ્રીમદાચાર્ય સુહસ્તિ સૂરિ, શ્રી બપ્પભટ્ટિસૂરિ અને હેમચંદ્રસૂરિઆદિ જાણવા આમાં પહેલાં ત્રણ ભાંગાવાળા ગુરૂઓ અયોગ્ય જાણવા ચોથા ભાંગામાં આવેલા ગુરૂઓજ સવેવા યોગ્ય છે.

સુગુરૂ યોગના અભાવ આદિમાં અને કારણ પ્રાપ્ત થયે છતે અપવાદ માર્ગથી બીજા ભાંગામાં રહેલા પણ પૂર્વ ગાથામાં કહેલ યુક્તિ વડે સેવવા યોગ્ય છે. એ પ્રમાણે તેનો સાર છે.

આ પ્રમાણે ચાર કલશાના દૃષ્ટાંતથી ચાર પ્રકારના ગુરુઓ જાણીને હે લોકો ! શુધ્ધ વાણીને વર્ષાવનારા સદ્‌ગુરુને જો મોહ ઉપર જય રૂપી લક્ષ્મીને ઈચ્છતા હો તો સેવો.

॥ ઈતિ દ્વીતીય અંશે એકાદશ સ્તરંગઃ ॥

વળી પણ બીજા દૃષ્ટાંતો વડે ગુરુનું યોગ્યાયોગ્ય પણું કહે છે.

શ્લોકાર્થ :-(૧) શિશુને ક્રિડા કરવાનું સરોવર (૨) રાબ (૩) બીજો સમુદ્ર (કાલોદધિ) (૪) પહેલો સમુદ્ર (લવણ સમુદ્ર) આ ચાર પ્રકારે..... સાર અને અસાર છે. તેવી રીતે ગુરુઓ ગુણ અને વાણી આદિએ કરી ચાર પ્રકારના સાર અને અસાર છે.

(૧) **વ્યાખ્યા :**- (૧) શિશુ કેલિસર એટલે કે વર્ષાઋતુમાં બાળક ક્રિડાને માટે ભીની માટી વડે પાળ આદિના બંધનથી જે બનાવે છે. તે (સરોવર, મકાન, નકશો વિ.) (૨) રબ્બા (રાબ) પ્રસિધ્ધ છે. અને તે અહીંયા પકાવતી (બનાવતી) ગ્રહણ કરવી. (૩) દ્વીતીય અર્ણવ કાલોદધિ સમુદ્ર અને (૪) પ્રથમ (લવણ) સમુદ્ર જંબુદ્વિપને ઘેરીને રહેલો લવણ સમુદ્ર... ગુણવાયા ઈહિંતિ ગુણો - સમ્યગ્જ્ઞાનાદિ અને ગાંભીર્ય (ઊંડાઈ) વિ. વાણીની શુધ્ધિ તે દેશનાદિ રૂપ આદિ શબ્દથી ક્ષીરાસ્ત્રવ, અક્ષિણ મહાનસ લબ્ધિધારીઓને અને વિશેષ અતિશયવાળાને ગ્રહણ કરવા. દૃષ્ટાંત અને દાષ્ટાન્તિક (એટલે કે જેના માટે દૃષ્ટાંત આપવું હોય તે દાષ્ટાન્તિકની યોજના રહેલી છે.)

ભાવના આ પ્રમાણે :- જેવી રીતે બાળકનું ક્રિડાનું સરોવર વેંત પ્રમાણ ઉંડુ હોવાથી અંતઃ અસાર છે. તેવી રીતે કેટલાક ગુરુઓ અંતઃ અસાર છે. તેવા પ્રકારના જ્ઞાનાદિગુણથી રહિત હોવાથી (અંતઃ અસાર છે) બહારથી પણ તેવા પ્રકારની દેશનાની અશક્તિ વડે અને લબ્ધિ વિ. ન હોવાથી અસાર છે. દૃષ્ટાંતો પ્રસિધ્ધ છે ઈતિ **પ્રથમ ભંગ.**

(૨) **રાબનું દૃષ્ટાંત :**- આપતાં કહે છે કે જેવી રીતે બનાવાતી રાબ અગ્નિના તાપથી ઉછળવાના કારણે બહારથી તરંગવાળી દેખાય છે. બુડ બુડના અવાજ પણાથી તે તેવા પ્રકારના અવસરોચિત - કવિતા - ગાથા ચરિત્રવિ. કહેવાની ચતુરાઈ વડે અથવા કંઈક મંત્ર, તંત્ર, જ્યોતિષાદિમાં રહેલાં ચમત્કાર પણાથી બહારથી સારભૂત છે. વળી જ્ઞાનાદિ ગુણ રહિત

પણાથી અન્તઃ અસાર છે. તેવા પ્રકારના પાર્શ્વસ્થાદિ આચાર્યની જેમ. ઈતિ **બીજો ભાંગો**

આ બન્ને ભાંગા વાળા ગુરૂઓ પણ અયોગ્ય જ છે. શુધ્ધ પ્રરુપણાને વિષે બીજા ભાંગામાં રહેલા ગુરૂઓ અપવાદથી તેવા પ્રકારના સદ્‌ગુરુના યોગ વિ. ના અભાવમાં પૂર્વે કહેલા કારણોથી આશ્રય કરવા યોગ્ય પણ છે. ઈતિ.

(૩) જેવી રીતે **બીજો (કાલોદધિ)** સમુદ્ર બધે એક સરખી અવગાહના વડે ૧૦૦ યોજન ઉંડાઈ અને શ્રેષ્ઠ રત્નોથી પૂર્ણ તલવારો હોવાથી અન્તઃસાર અને કલ્લોલાદિ (તરંગાદિ) થી રહિત હોવાથી બહારથી અસાર છે. લવણ સમુદ્રને છોડીને બાકી રહેલા સમુદ્રોમાં પાતાલ કલશાદિના અભાવને કારણે કલ્લોલ (તરંગ), ભરતી અને તેનો અવાજ વિ. હોતા નથી. તેવી રીતે કેટલાક ગુરુઓ સમ્યગ્ જ્ઞાનાદિ ગુણપણા વડે અન્તઃસારવાળા હોય છે. સ્વ આત્માને એકને જ તારવામાં તત્પરપણા વડે અને દેશનાદિને વિષે અનાદરવાળા (દેશના દેતા નહિ) હોવાથી બહારથી અસાર છે. બહાર રહેલા લોકોમાં મહિમ (મોટી) પ્રસિધ્ધિ આદિ ન પામવાથી (બહારથી અસાર છે.) જેવી રીતે શ્રીમદાચાર્ય મહાગિરિસૂરિજી અને પ્રત્યેક બુધ્ધાદિ ઈતિ **તૃતીય ભાંગો** આ યોગ્ય છે. પરંતુ એકલા પોતાના જ આત્માનેજ તારવાવાળા છે. અને વળી પ્રથમ (લવણ) સમુદ્ર તેવા પ્રકારની ઉંડાઈ અને રત્નથી ભરાયેલો હોવાથી અન્તઃ સારવાળો છે. કલ્લોલ, ભરતી - ગર્જના આદિના આડંબરથી ભરાયેલો હોવાથી બહારથી પણ સારવાળો છે. તેવી રીતે કેટલાક ગુરુઓ સમ્યગ્‌જ્ઞાનાદિ ગુણ વડે અન્તઃસારવાળા હોય છે. શ્રી વજ્રાસ્વામિ, શ્રી સિધ્ધસેન દિવાકર, શ્રી પાદ લિપ્તસૂરી ગુરુ આદિની જેમ સ્વ અને પરને તરવામાં અને તારવામાં સમર્થ હોવાથી એકાન્તે તેઓ યોગ્ય જ છે. આ પ્રમાણે **ચોથો ભાંગો થયો.** આ પ્રમાણે ગુરુને આશ્રયીને ચતુર્ભંગી વિચારી હવે એજ રીતે શિષ્યોને આશ્રયીને પૂર્વની જેમ ચતુર્ભંગી વિચારવી ફક્ત દ્રાષ્ટાંતિકમાં કહેવાયેલી ગુણ વાણી આદિ વડે કરીને એની વ્યાખ્યા આ પ્રમાણે કરવી.

ગુણો :- હૃદયની ભક્તિ પૂર્વકના વિનયની ચતુરાઈ વિ. વાણી વિ.

એટલે કે મન - વચન અને કાયાથી ઔપચારિક વિનયને અનુસરનાર યથાક્રમ અન્તઃ સારપણું અને બાહ્ય સારપણું કહેવું.

ઔપચારિક વિનય આ પ્રમાણે છે. વળી ઔપચારિક વિનય સંક્ષેપથી બે પ્રકારનો છે. પડેલા યોગમાં જોડાવું તથા અનાશાતના વિનય પ્રતિરુપ યોગનું જોડવું તે વિનય, મન - વચન અને કાયાના યોગમાં છે. તેની પ્રરુપણા ૮,૪ અને ૨ પ્રકારે આ પ્રમાણે છે.

(૧) ઊભા થવા રૂપ (૨) હાથ જોડી નમવું. (૩) આસન આપવું (૪) નિયમ કરવો (૪) દ્વાદશ વંદન (૬) શુશ્રૂષા (૭) થોડે દૂર સાથે અનુસરવું (જવું) (૮) સંસાધન (જતાંની પાછળ જવું) આ કાયાનો ૮ પ્રકારનો વિનય છે.

વાણીનો વિનય :- (૧) હીતકારક (૨) થોડું (૩) કોમળ (૪) આનંદ આપે તેવી વાણી બોલવી તે વાણીનો વિનય છે.

મનનો વિનય :- (૧) અકુશલ મનનો નિરોધ (૨) કુશલમનની ઉદીરણા તે મનનો વિનય છે.

પ્રતિરુપ વિનય એટલે બીજાને અનુકુળ થવું તે અને અપ્રતિરુપ વિનય કેવલીનો જાણવો એમ ત્રણ પ્રકારનો પ્રતિરુપ લક્ષણવાળો વિનય કહ્યો.

હવે બાવન પ્રકારનો અનાશાતના વિનય કહ્યો છે. તે કહું છું :-

(૧) તીર્થંકર (૨) સિધ્ધ (૩) કુલ (૪) ગણ (૫) સંઘ (૬) ક્રિયા (૭) ધર્મ (૮) જ્ઞાન (૯) જ્ઞાની (૧૦) આચાર્ય (૧૧) સ્થવીર (૧૨) ઉપાધ્યાય અને (૧૩) ગણી આ તેર પદનો (૧) અનાશાતના (૨) ભક્તિ (૩) બહુમાન તથા(૪) વર્ણન (જ્ઞાનાદિગુણોની પ્રશંસા) તીર્થંકરાદિ તેરને બતાવેલા અનાશાતના વિ. ચાર વડે ગુણતાં બાવન પ્રકારનો વિનય થાય છે. અર્થસ્પષ્ટ છે.

અભ્યુત્થાન :- આવતાં જતાં ગુરુને જોતાં આસનનો ત્યાગ કરવો.

અભિગ્રહ :- ગુરુની સેવાનો નિયમ.

કૃતિ :- દ્વાદશાવર્તાદિ વંદન કરવું.

શુશ્રૂષણ :- પખવાડે નહિ, આગળ નહિ, પાછળ નહિ ઈત્યાદિ વિધિ પૂર્વક ગુરુના વચનને સાંભળવાની ઈચ્છા પર્યુપાસના (સેવા વિ.) કરવી તે શુશ્રૂષા.

અનુગમનં :- આવતા હોય તેની સામે જવું.

સંસાધનં :- જતાંની પાછળ સારી રીતે જવું.

કુલ :- નાગેંદ્ર વિ. કુલ

ગણ :- કોટિક વિ. ગણ

ક્રિયા :- પરલોક છે. આત્મા છે. સંપૂર્ણ કલેશથી રહિત સંપૂર્ણ દુઃખ રહિત મુક્તિ પદ છે ઈત્યાદિ પ્રરુપણા કરવા યોગ્ય ક્રિયા ગ્રહણ કરવી.

ધર્મ :- શુધ્ધ ચારિત્ર રૂપ.

જ્ઞાન :- મતિ, શ્રુતજ્ઞાનાદિ.

આચાર્ય :- અનુયોગાચાર્ય (શાસ્ત્રાનુસાર વ્યાખ્યાન કર્તા)

ગણિ :- ગણાચાર્ય

અનાશાતના :- મન - વચન - કાયા વડે સુંદર પ્રવર્તન (મનાદિનું સુંદર આચરણ)

ભક્ત :- ઉભા થવા આદિ રૂપ.

બહુમાન :- મનમાં (આંતરિક) બહુમાન (આદરભાવ) વર્ણસંજ્વલના :- જ્ઞાનાદિ ગુણોને પ્રકાશિત કરવા (પ્રશંસા કરવી) આ પ્રમાણે ઉત્તરાધ્યનવૃત્તિમાં કહ્યું છે.

આજ પ્રમાણે શ્રાવકને આશ્રયીને પણ આ ચતુર્ભંગી કહેવી. વિશેષ પ્રકારે આ શ્રાવકોને કપટ રહિતતા, શ્રીદેવ ગુરુની ભક્તિમાં રતતા, સમ્યક્ત્વ વિશેષ પ્રકારે વિરતિ આદિ ગુણો વડે અન્તઃ સારતા જાણવી. વળી વાણી વિ. પૂર્વની જેમ સમજવું. હવે તેમાં આદિ શબ્દથી તીર્થયાત્રા, પ્રાસાદ, સાધર્મિક ઉધ્ધારાદિ પુણ્ય કાર્ય, જિન મંદિર, યોગ્યતા અને શિષ્ટ લોકોથી પ્રમાણ ભૂત વિ. પણાથી બહારથી સારપણું જાણવું. પરંતુ વાણી એટલે

બીજાને પ્રત્યુપદેશ આપવા રૂપ વાણી અને આદિ શબ્દથી કાયા વડે કરાતી ક્રિયા તેના વડે બહારનું સારપણું નહિ ॥ઈતિ॥

(૧) સામાન્યથી જીવોને આશ્રયીને પણ પૂર્વની જેમ જ આ ચતુર્ભંગી કહેવી વળી તેમાં ગુણો દેવગુરુ ભક્તિ, દયા, દાક્ષિણ્ય, ગાંભીર્ય, ધૈર્ય, ઔદાર્ય, વિવેક, જ્ઞાન દાનાદિ વળી વાણી વિ. પૂર્વની જેમ. ઔપચારિક વિનયાદિમાં તત્પર અને લોકોપચાર વિનયાદિથી શોભતા, યથાયોગ્ય તેના વડે ક્રમાનુસાર અન્તઃ અને બ્રાહ્યનું સારત્વ વિચારવું તેમાં લોકોપચાર વિનય આ પ્રમાણે છે. ઉભા થવું. હાથ જોડવા, આસન આપવું, અતિથિનો સત્કાર (પૂજા) કરવો અને સ્વવૈભવાનુસાર દેવ પૂજા કરવી તે લોકોપચાર વિનય છે. આ પ્રમાણે ઉત્તરાધ્યયનની વૃત્તિમાં કહ્યું છે. લૌકીકોએ પણ કહ્યું છે કે (લોકોમાં પણ કહેવાય છે.) આવો - જાઓ આ આસન પર બેસો તમારા દર્શનથી હું ખુશ આનંદિત થયો છું. નગરના શું સમાચાર છે ? અને તમે ઉદાસીન - દુર્બલ કેમ દેખાઓ છો. શા કારણે લાંબા કાળે દર્શન થયા (મલ્યા) એ પ્રમાણે ઘેર આવેલા સ્નેહી જનને જેઓ પ્રેમ પૂર્વક કહે છે. (બોલાવે છે.) તેના ઘરે મનથી પણ શંકા વગર હંમેશા જવું યોગ્ય છે. (યુક્ત છે.) આજ ચતુર્ભંગી પાણીના દૃષ્ટાંતથી શ્રી સ્થાનાંગ સૂત્રમાં કહેલ છે. જેવી રીતે મેઘ ચાર પ્રકારના કહ્યા છે. તે આ રીતે કેટલાક (૧) ગર્જે છે પણ વર્ષતા નથી (૨) કેટલાક વર્ષે છે. પણ ગર્જતા નથી (૩) કેટલાક ગર્જતા નથી અને વર્ષતા પણ નથી (૪) અને કેટલાક ગર્જે છે. અને વર્ષે છે. એ પ્રમાણે ચાર પ્રકારના પુરુષો છે. દૃષ્ટાંતો બધે યથાસ્થાને, યથા યોગ્ય જાતેજ વિચારવા.... યોજવા.... ઈતિ.

આ પ્રમાણે ગુરુ વિ. ના વિષયમાં સારી રીતે સ્પષ્ટ સ્થિતિ થઈ. વિવિધ પ્રકારના બતાવેલા દૃષ્ટાંતોને વિચારીને હે બુધ્ધ જનો ! ભવ રૂપી શત્રૂની ઉપર જય રૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરવા માટે સદ્‌ગુરુનો યોગ અને તેજસ્વી ગુણોરૂપી બખ્તરને અંગીકાર કરવામાં પુરુષાર્થ કરો ॥૧॥

॥ ઈતિ દ્વીતીય અંશે દ્વાદશ સ્તરંગ ॥

અંશ બીજો (તરંગ - ૧૩)

વળી ગુરુનું યોગ્યાયોગ્ય પણ દૃષ્ટાંતથી સરખામણિ કરતાં મુનિ શ્રાવક અને સામાન્ય જીવોના ચાર પ્રકાર બતાવે છે.

(૧) લીંબોળી (૨) રાયણ (૩) નાળિયેર (૪) કદલી ફળ (કેળા) સરિખું બહારથી અને અંદરથી ચાર પ્રકારના અસાર અને સારવાળા (૧) ગુરુ (૨) મુનિ (૩) શ્રાવક અને (૪) જીવો હોય છે. પદની વિચારણા સહેલી છે.

વિચારણા :- જેવી રીતે લીંબોળી બહારથી અને અંદરથી અસાર છે. બહારથી છાલ અને અંદર ઠરિયો હોય છે. અને તેવા પ્રકારના શુભ રસ વિ. થી રહિત હોવાથી અસારપણું છે. આ પ્રમાણે હેતુની વિચારણા આગળ પણ કરવી (વીચારવી) તેવી રીતે કેટલાક ગુરૂઓ પણ બન્ને રીતે અસાર હોય છે. અન્તઃ જ્ઞાનાદિ ગુણથી રહિત હોવાથી અને બહારથી તેવા પ્રકારની દેશનાની સુંદરતા, વાદ વિ. લબ્ધિ વિવિધ પ્રકારની સિધ્ધિ - પ્રસિધ્ધિથી રહિત હોવાથી અસારતા છે.

વળી જેવી રીતે રાયણ ફળની બહારથી સારતા હોય છે. કારણ તેવા પ્રકારની છાલ અને શુભ રસ હોવાથી અંદરથી ઠળીઓ હોવાથી અસારતા છે. તેવી રીતે કેટલાક ગુરુઓ બહારથી તેવા પ્રકારની દેશનાની સુંદરતાદિ સહિત હોવાથી સાર છે. વળી અંદરથી જ્ઞાનાદિ ગુણથી રહિત હોવાથી અસાર છે. આ પ્રમાણે આગળ પણ યથાસ્થાને હેતુ યોજવા જેવી રીતે નાળીયેર ફલ બહારથી અસાર છે. કારણ ઉપર નીરસ, રૂંછા, કઠણ છાલ આદિવાળું હોવાથી અંદરથી તેવા પ્રકારનો કોપરાનો ગોળો હોવાથી સારભૂત તેવી રીતે કેટલાક ગુરુઓ પણ બહારથી અસાર અને અંદરથી સાર રૂપ છે.

વળી જેવી રીતે કદલી ફળ બન્ને રીતે સાર ભૂત છે. એટલે કે ઉપરના ભાગમાં સ્વલ્પ છાલ શુભરસ પૂર્ણ અને બહુ (જાડું) દલ હોવાથી સારભૂત છે. અને અંદરથી ઠળીયા વિનાનું હોવાથી સારભૂત છે. તેવી રીતે કેટલાક

ગુરુઓ પણ બહારથી અને અંદરથી સારવાળા હોય છે. દૃષ્ટાંતો સ્વયં વિચારવા - યોજવા.

પૂર્વ ગાથાઓમાં કેટલુંક અત્યંત સંક્ષેપથી કહ્યું છે અને અહીંયા પણ એ પ્રમાણે જાણવું.

હવે આજ ચતુર્ભંગી મુનિને આશ્રયીને પહેલાંની જેમ જ કહેવી. માત્ર તેઓનું જ્ઞાનાદિ ગુણો વડે. ગુરુઆજ્ઞામાં પરાયણ (રત) તા અને વિનય ચાતુર્યાદિ અન્તઃસારતા તે તે પ્રકારના તપ ક્રિયાનુષ્ઠાનાદિ ગુણોમાં વિનયનો અન્તર્ભાવ હોવા છતાં તેનું જ જુદું પ્રતિપાદન સર્વ ગુણનું મૂળપણું બતાવવા માટે કહ્યું છે. અને તે વિનય પૂર્વગાથાઓમાં વિસ્તરિત કર્યો છે. તે પ્રમાણે અહીંયા પણ જાણવો અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વચન, કાયા અને લોકોપચાર વિનય એમ મૂલભેદથી સાત પ્રકારે છે તેમાં મતિશ્રુતાદિજ્ઞાન, તેનો જ વિનય છે. અથવા જ્ઞાનનો વિનય એટલે ભક્તિ આદિ કરવું. આશાતનાથી દૂર રહેવું તે જ્ઞાનનો વિનય છે. કહ્યું છે કે ભક્તિ એટલે બહુમાન કરવું. સત્કાર, સન્માન કરવું. વિધિપૂર્વક ગ્રહણ કરવું અને અભ્યાસ કરવો આ પ્રકારનો વિનય જિનેશ્વર ભગવંતોએ કહ્યો છે. એ પ્રમાણે દર્શન વિનય પણ સમ્યક્‌દર્શન ગુણવાળાનો શુશ્રૂષા અને અનાશાતના રૂપ બે પ્રકારે છે.

સત્કાર એટલે ઊભા થવા રૂપ (આવો, બેસો વિ.) સત્કાર, ઊભા થવું., સન્માન, અભિગ્રહ (નિયમ) તથા આસન આપવું કૃતિ કર્મ અને અંજલી જોડવી, બેસવું. જતાંને અનુસરવું આ શુશ્રૂષા વિનય કહ્યો છે. અહીંયા સત્કાર વિનય એટલે ગુણવાળારૂપ વંદનાદિ ઉભા થવું. વંદનને યોગ્યના દર્શન થતાં જ આસનને છોડી દેવું તે સત્કાર વિનય કહેવાય છે. સન્માન વિનય વસ્ત્ર, પાત્રાદિ વડે ભક્તિ કરવી, પૂજન કરવું, આસન આપવું. વિ.

અભિગ્રહ વિનય :- બેસતા હોય ત્યારે આસન લાવીને આદર પૂર્વક અહીંયા બેસો કહેવું.

આસન અનુપ્રદાન :- એક સ્થાનથી બીજે સ્થાને મૂકવું (લઈ જવું.)

કૃતિકર્મ :- દ્વાદશાવર્ત વંદન, અંજલી જોડવી વિ. ના અર્થ સ્પષ્ટ છે. દર્શન થયે ઉચિત ક્રિયા કરવી તે શુશ્રૂષા વિનય છે. અનુચિત ક્રિયા નિવૃત્તિ રૂપ અનાશાતના વિનય ૧૫ પ્રકારે છે.

કહ્યું છે કે (૧) તીર્થંકર (૨) ધર્મ (૩) આચાર્ય (૪) ઉપાધ્યાય (૫) સ્થવીર (૬) કુલ (૭) ગણ (૮) સંઘ (૯) સાંભોગિક (વન્દનાદિ વ્યવહાર વાળા, યા એક સરખી સમાચારીવાળા) (૧૦) ક્રિયા તથા મતિજ્ઞાનાદિ પાંચ એમ પંદર પ્રકારે છે.

સાંભોગિક = એક સરખી સમાચારી વાળા.

ક્રિયા :- પરલોક છે. આત્મા છે અને સંપૂર્ણ કલેશથી રહિત (દુઃખ વિનાનું) મુક્તિ પદ ઈત્યાદિની પ્રરુપણા કરવી તે ક્રિયા.

અહીંયા **ભાવના =** તીર્થંકર આદિને વિષે અનાશાતનામાં રહેવું એ પ્રમાણે બધે વિચારવું **ચારિત્ર વિનય =** મનથી સામાયિકાદિ, ચારિત્રની શ્રધ્ધા તથા કાયા વડે પાલન કરવું અને વચનથી સર્વપ્રાણિઓ આગળ સારી રીતે પ્રરૂપણા કરવી તે.

મન - વચન અને કાયાનો વિનય :- મન વિ. વડે કરીને વિનયને યોગ્ય વ્યક્તિને વિષે કુશલ (શુભ) પ્રવૃત્તિ કરવી તે.

લોકોપચારવિનય :- વ્યવહાર વડે કરીને સાત પ્રકારે છે.

(૧) **અભ્યાસ વર્તિત્વં** :- શ્રુતાદિના અર્થિએ આચાર્યાદિની પાસે રહેવું.

(૨) **પચ્છન્દોડનુ વર્તિત્વં** :- બીજાના અભિપ્રાય ને અનુકૂળ થવું.

(૩) **કાર્યહેતો** :- શ્રુત પ્રાપ્તિ આદિનું કાર્ય પૂર્ણ થયે હું આનાથી શ્રુત પામ્યો છું. એ પ્રમાણેના કારણથી વિશેષે કરી તેનો વિનય કરવો.

(૪) **કૃતપ્રતિ કૃતિતા** :- ભક્ત (ગોચરી) આદિ કર્યે છતે પ્રસન્ન થયેલા ગુરુ સૂત્રાદિને આપવા વડે પ્રત્યુપકાર (મારા ઉપર ઉપકાર) કરશે. નિર્જરા થશે. એટલા માત્રથી ભક્તાદિ કરવામાં પ્રયત્ન કરવો નહિ (આ તો જ્ઞાનાદિ આપશે જ તેવો ભાવ રાખવો બદલાની આશા રાખવી નહિ.)

(૫) **આર્તગવેષણતા :**-ઔષધાદિવડે દુઃખથી પીડાતા પર ઉપકાર કરવો.

(૬) **દેશકાલજ્ઞતા :**- અવસરનું જાણપણું હોવું.

(૭) **સર્વાર્થેષુ અપ્રિતિ લોમતા :**- સર્વ વિષયને વિષે અનુકુળ બનવું. એ પ્રમાણે પ્રાક્ષિક સૂત્રની વૃત્તિમાં કહ્યું છે. (વિનયીના સર્વ વિષયને વિષે અનુકુલ રહેવું. એટલેકે વિનય કરવા યોગ્ય વ્યક્તિને સર્વ રીતે અનુકુલ રહેવું.)

ભક્તિ, બહુમાનાદિ, આન્તર્વિનય અને સત્કાર.

સન્માનાદિ બહિર્વિનય, આ જ્ઞાનાદિ અને વિનયાદિ ગુણો વડે સત્ અને અસત્ વડે અન્તઃ સારાસારપણું તપ ક્રિયાદિ અને બહિ ર્વિનયાદિ બહિર્ગુણો વડે સત્ અને અસત્ વડે બહિ : સારાસાર પણું મુનિને આશ્રયીને જાતે જ વિચારી લેવું. ॥ ઈતિ ॥

શ્રાવકોને પણ આશ્રયીને આજ ચતુર્ભંગી પૂર્વની જેમ કરવી માત્ર શ્રાવકોને વિષે સમ્યક્ત્વાદિ ગુણો વડે કરીને અન્તઃ સારતા, ધન, પ્રભુબહુમાન સુપાત્રાદિ દાન, શાસન પ્રભાવનાદિ પુણ્ય કર્મવડે અને બહિર્વિનયાદિ વડે બહિ : સારપણું કહેવું.

સામાન્યથી જીવોને આશ્રયીને પૂર્વની જેમ જ આ ચતુર્ભંગી યોજવી અર્થાત્ કહેવી માત્ર તેમાં દેવગુરુની ભક્તિ, સત્ય, સાહસ, વિવેક, વિદ્યા, વિજ્ઞાન (વિશેષ જ્ઞાન), સદાચાર, સદ્બુધ્ધિ, ગાંભીર્યાદિ વડે અન્તઃ સારપણું અને સમૃધ્ધિ, જન પ્રસિધ્ધિ પાત્રાદિદાન, પ્રભુ બહુમાન, પૂજાદિ વડે બહિઃસારત્વ જાણવું. એ પ્રમાણે બધે યથા યોગ્ય દૃષ્ટાંત કહેવા - ઉતારવા - યોજવા ઈતિ.

એ પ્રમાણે હે ચતુરજનો ! ગુર્વાદિચારના વિષયમાં ઘણા (ચાર) પ્રકારના ભાંગાને જાણીને અયોગ્યના પરિહાર વડે (ત્યાગ કરીને) વિશેષ પ્રકારે મોહના ઉપર જય રૂપી લક્ષ્મી મેળવવા માટે પ્રયત્ન કરો.....

॥ ઈતિ દ્વીતીય અંશે ત્રયોદશઃસ્તરંગઃ ॥

વળી પણ બીજા દૃષ્ટાંતો વડે યોગ્યાયોગ્યપણું કહે છે. :-

(૧) ફલ (૨) જલ (૩) છાયાથી યુક્ત એક બે ત્રણ ભાંગાવાળા ૮ જાતના વન હોય છે. તેવી રીતે ચારિત્ર, જ્ઞાન અને ઉપદેશ વડે કરીને આઠ પ્રકારના ગુરુઓ હોય છે.

વ્યાખ્યા :- ફલ, જલ અને છાયા વડે કરીને જેવી રીતે વનો એક, બે અને ત્રણના યોગ વડે કરીને યુક્ત અને ત્રણેનો અભાવ એમ થઈ આઠ પ્રકારના ભાંગા થાય છે. કારણ કે ત્રણ પદોનો એક એક યોગ (ભાંગો) કરીને ત્રણ, બે યોગ વડે કરીને ત્રણ અને ત્રણેનો યોગ મળીને એક અને ત્રણનો અભાવ થઈ એક એમ આઠ ભાંગા થાય છે.

તેવી રીતે ચારિત્ર, જ્ઞાન અને ઉપદેશ વડે કરીને એક, બે ત્રણ અને ત્રણેનો અભાવ મળીને એક એમ આઠ પ્રકારના ગુરૂઓ હોય છે. આ પ્રમાણે તેનો સાર છે.

તેની વિચારણા આ પ્રમાણે છે :- (૧) જેવી રીતે કેટલાક વનો માત્ર ફલવાળા હોય છે. પરંતુ છાયા અને જલથી રહિત હોય છે. જેવી રીતે (દા.ત.) કોળા - કાકડી વિગેરેના વેલા વાળા જલ અને છાયા રહિત વનો હોય છે. તેવી રીતે કેટલાક ગુરુઓ કેવલ ચારિત્ર ગુણ વાળા હોય છે. પરંતુ જ્ઞાન અને ઉપદેશ રહિત હોય છે. માસતુષ મુનિ, યવરાજર્ષિ આદિની જેમ પ્રાયઃ કરીને તેઓ પોતાના આત્માનેજ તારનારા હોય છે. (૨) જેવી રીતે કેટલાક વનો માત્ર જલથી યુક્ત હોય છે. પરંતુ ફલ અને છાયાથી રહિત હોય છે. સરોવરાદિ જલમાં થયેલા શાલ્મલિ (એક ફળ, છાયા વગરનું ઘાસ) વિ. યુક્ત વનની જેમ અને બૈયડાદિ ઔષધિવાળા વનની જેમ બૈયડાની છાયા કલહ (દુઃખ) ઉત્પાદક હોવાથી સેવવા યોગ્ય ન હોવાથી તેમાં છાયાપણું નથી એમ સમજવું. તેવી રીતે કેટલાક ગુરુઓ માત્ર સમ્યક્ આગમના જ્ઞાન વાળા હોય છે. પરંતુ પ્રમાદથી ગ્રસ્તપણાદિના કારણે ક્રિયા અને ઉપદેશ

છોડી દીધેલ હોય છે. મથુરાવાળા મંગુ આચાર્યની જેમ અને રસાદિ ગારવમાં અને નિદ્રાદિ પ્રમાદમાં પડેલી અવસ્થાવાળા શ્રી શૈલકાચાર્યની જેમ અને તેઓ પોતાને કે બીજાને તારવા માટે સમર્થ બનતા નથી. તેથી કહ્યું છે કે જેવી રીતે ચંદનને વહન કરનારો ગદર્ભ ભારનો ભાગી બને છે. પરંતુ ચંદનનો ભાગી બનતો નથી એ પ્રમાણે ચારિત્રથી હીણ જ્ઞાની જ્ઞાનના ભાગી બને છે પરંતુ સદ્‌ગતિના ભાગી બનતા નથી. ॥ ઈતિ ॥ (૨)

(૩) વળી કેટલાક વનો જેવી રીતે છાયા વાળા હોય છે. પરંતુ જલ અને ફલથી રહિત હોય છે. સર્વથા જ્ઞાનથી રહિત વાળાને ઉપદેશ પણાનો યોગ હોતો નથી પરંતું અહીંયા જ્ઞાન હોવે છતે સ્વલ્પ જ્ઞાનની વિવક્ષા કરી નથી (અલ્પ જ્ઞાની ઉપદેશ આપે પરંતુ જ્ઞાની કહેવાય નહિ)

દૃષ્ટાંત આપતાં કહે છે કે :- સંપ્રતિ મહારાજાએ અનાર્ય દેશમાં પ્રતિ બોધ કરવાને માટે પહેલાં મોકલાવેલ ભાંડ (નાટકીયા - તરગાળા) વિ. ઉદયન મંત્રીનો નિર્યામક ભાંડ અને તેવા પ્રકારના પાર્શ્વસ્થાદિ જાણવા અને તેઓ શુધ્ધ પ્રરુપક અને પરને તારનારા બને છે. પરંતુ તેવા પ્રકારના સદ્‌ગુરુના અભાવમાં સ્વધર્મની રક્ષાને માટે તેનો આશ્રય કરવો (તેને સેવવા) પરંતુ અગીતાર્થનું શુધ્ધ પ્રરૂપકપણું દુઃસંભવ છે. શુધ્ધ પ્રરૂપકપણું ગુરુ પારતંત્રતામાં (ગુરુની નિશ્રામાં રહેલા) સંભવે છે. (૩)

(૪) કેટલાક વનો જેવી રીતે જલ અને ફળથી શોભે છે. પરંતુ છાયા વડે શોભતા નથી. અર્થાત્ છાયા વિનાના હોય છે. જેવી રીતે સરોવરને આશ્રયીને રહેલા કાકડી વિ. ની વેલડીવાળા અને બૈયડાવૃક્ષાદિના વન, તેવી રીતે કેટલાક ગુરુઓ ચારિત્ર અને જ્ઞાનથી શોભતા હોય છે. પરંતુ ઉપદેશ આપનારા હોતા નથી પ્રત્યેક બુધ્ધાદિની જેમ અને જિનકલ્પીની આચારણા કરવામાં તત્પર આર્યમહાગિરિસૂરિની જેમ અથવા શુધ્ધ ઉપદેશ નહિ આપનારા સાવદ્યાચાર્યની જેમ તેથી તેઓ બિભીતક (બૈયડા) ના વૃક્ષના વનની જેવા છે. (૪)

(૫) વળી બીજા વનો જલ અને છાયાથી યુક્ત હોય છે. પરંતુ ફલ આપનારા હોતા નથી જલાશયવાળા અશોક વૃક્ષ વિ. ની જેમ. તેવી રીતે

કેટલાક ગુરુઓ સમ્યક્‌આગમમાં ડૂબેલા હોવાથી જ્ઞાન અને ઉપદેશ આપવા વડે યુક્ત હોય છે. પરંતુ ચારિત્રથી રહિત હોય છે. અભ્યાસી એવા શ્રાવકે પ્રશ્ન કર્યો કે સેંકડો દોષના મૂલવાળા ધન પૂર્વ ઋષિ એ છોડી દીધા છે. યતિઓએ વમી નાંખેલ છે. એવા અનર્થકારી અર્થને તમે શા માટે વહન કરો છો ? એ પ્રમાણે સેંકડો ગાથાની વ્યાખ્યાના અવસરે પ્રતિ બુધ્ધ થયેલા એવા જેણે વિંટી વિ. નો ત્યાગ કર્યો છે. એ પ્રમાણે સેંકડો જનોમાં ખ્યાતિને વર્યા છે તેવા પ્રમાદ અવસ્થામાં રહેલા સોમપ્રભસૂરિ (જ્ઞાન અને ઉપદેશથી યુક્ત અને ચારિત્રથી રહિત છે.) આ ભાંગાવાળા ગુરુઓ શુધ્ધ પ્રરુપક પણામાં રહેલા હોવાથી પૂર્વ રીતે અપવાદ માર્ગે આશ્રય કરવા યોગ્ય છે. ઈતિ (૫)

(૬) વળી બીજા વનો જેવી રીતે ફલ અને છાયાથી યુક્ત હોય છે. પરંતુ જલ યુક્ત હોતા નથી. અર્થાત્‌ જલ રહિત હોય છે. જલના આશ્રય વિનાના સદા ફલાદિ વાળા સહકાર વનની જેમ. તેવી રીતે કેટલાક ગુરુઓ ચારિત્ર અને ઉપદેશવાળા હોય છે. પરંતુ જ્ઞાન વાળા હોતા નથી **ઉત્સાર કલ્પીકાચાર્ય**ની જેમ. તેવી રીતે કોઈ એક ગચ્છમાં ગુરુએ પોતાના આયુષ્યનું પૂર્ણપણું નજીકમાં જાણીને કોઈક શિષ્યને આગમ અભ્યાસ ન કર્યો હોવા છતાં ઉત્સારકલ્પને કરીને આચાર્ય પદે સ્થાપન કર્યો તેથી પ્રતિષ્ઠા (પ્રસિધ્ધિ) પ્રાપ્ત થવાના કારણે તે પ્રમાદિ બન્યો તેથી શ્રુતાદિ ન ભણવા છતાં ગુરુના મહિમાથી બધે ખ્યાતિ ને પામ્યો. એક વખત વિહાર કરતાં પૃથ્વીતિલકપુરે આવ્યો પ્રૌઢ શ્રાવકોએ પ્રવેશ મહોત્સવ કર્યો એવી રીતે કર્યો કે જેથી કરીને અત્યંત પ્રસિધ્ધિ અને શાસન પ્રભાવના થાય.

તે નગરમાં પહેલાં જૈનાચાર્યો વડે પરવાદિઓ (પરતીર્થીઓ) રાજ સભામાં અનેક વખત પરાજીત થયા હતા. વળી તે આચાર્યની તેવા પ્રકારની ઉન્નતિ જોઈને પૂર્વે પરાજીત થવાના કારણે અત્યંત ઈર્ષા ભાવવાળા પોતાની ક્ષતિની બીકથી તેના શાસનના જ્ઞાનની પરીક્ષાની ઈચ્છાવાળા એવા તેઓએ શ્રાધ્ધવિધિના અભ્યાસી એવા પોતાના વર્ગના એક જ માણસને તેની પાસે મોકલ્યો અને તેણે ત્યાં જઈને વિધિ પૂર્વક ગુરુની સેવા કરતાં એક વખત પ્રશ્ન પૂછ્યો હે ભગવન્‌ ! પુદ્‌ગલને કેટલી ઈન્દ્રિય હોય છે. પછી સૂરિએ પ્રાપ્ત

કરેલા શ્રુતના અર્થનો લાંબો કાળ વિચાર કરીને પૂર્વે કંઈક આવું સાંભળેલું છે કે પુદ્‌ગલ એક સમયમાં લોકાન્તે પહોંચી જાય છે. એ પ્રમાણે યાદ કર્યું અને તેથી પંચેન્દ્રિય વિના આટલી શક્તિ ક્યાંથી હોય એ પ્રમાણે પોતાના મનમાં વિચારીને તેને ઉત્તર આપ્યો હે ભદ્ર ! પુદ્‌ગલ પંચેન્દ્રિય છે. પછી પોતાના સિધ્ધાંત (આગમ)નું આને જ્ઞાન નથી તો પછી પરમત વાદિનું તો જ્ઞાન ક્યાંથી હોય ? એમ વિચારીને તેના જ્ઞાનને જાણીને તે વાદિઓથી રાજસભામાં તે પરાભવ પામ્યો અને જિનમતની મોટી (ઘણી) અપભ્રાજના (અવહેલના) થઈ અને મિથ્યાત્વની ઉન્નતિ થઈ અને ધર્મની ઘણી હાની થઈ પછી તેથી કરીને સંઘે રાત્રિમાં તેને દૂર વિહાર કરાવી દીધો એ પ્રમાણે કલ્પવૃત્તિમાં કહ્યું છે.

એ પ્રમાણે કેટલાક ગુરૂઓ ચારિત્રથી યુક્ત અને ઉપદેશ આપવામાં તત્પર હોવા છતાં તેવા પ્રકારના જ્ઞાનથી રહિત હોવાથી ઉત્સૂત્રની પણ પ્રરૂપણા કરે છે. ઉલ્ટું પોતાના આશ્રિતોને ભવ રૂપી સમુદ્રમાં ડુબાડે છે. અને ઉત્સૂત્રના ભાષણ થી (બોલવાથી) પોતે પણ ડૂબે છે.

કહ્યું છે કે :- જેમ અગીતાર્થ યતિઓ અને અગીતાર્થની નિશ્રામાં રહેલા યતિઓ ગચ્છને પ્રવર્તાવે (ચલાવે) છે. તે અનંત સંસારી થાય છે. વળી શાસનની હીણ (ઓછી) પ્રભાવના કરવાવાળો પણ અધિક જ્ઞાનવાળો શ્રેષ્ઠ છે. અલ્પજ્ઞાન વાળો પુષ્કર (ઘણી) પ્રભાવના કરે તો પણ તે સારો નથી. વળી પણ ઘણા જ્ઞાન વાળા ગુરુની નિશ્રા વગરના અબહુ શ્રુતને ધર્મ દેશના આપવી કલ્પતી નથી (યોગ્ય નથી.)

કહ્યું છે કે :- સારી રીતે આગમનો સદ્‌ભાવ (રહસ્ય) જાણ્યા વગર બીજાને કુદેશના વડે કષ્ટમાં પાડે છે. આથી વધારે કષ્ટ શું છે ? ॥૧॥

બહુશ્રુત ગુરુની નિશ્રામાં નિશ્ચિત ધર્મ વિચારાદિ ઉપદેશ આપતા બહુ શ્રુતની ઉપાસના કરનારા અબહુશ્રુતોને પણ દેશનાનો અધિકાર સંભવે છે. એ પ્રમાણે છઠ્ઠો પ્રકાર થયો (૬)

(૭) વળી કેટલાક વનો જેમ ફલ, જલ અને છાયાથી શોભે છે. અને તેવા પ્રકારના સરોવર સાથે સદા ફલનારા સહકાર વનની જેમ. તેવી રીતે

કેટલાક ગુરુઓ ચારિત્ર, જ્ઞાન અને ઉપદેશથી યુક્ત નિર્મલ સૌભાગ્યને પામે છે. શ્રી વજાસ્વામિ આદિની જેમ (૭)

(૮) અહીંયા તરુઓની સાર્થકતા (સારતા) ફલથી છે. તેમ ગુરુની **સારતા ચારિત્ર રૂપ ફલ થી છે. એટલે ચારિત્રને ફલની ઉપમા આપી છે. અને** જેવી રીતે ફલનું પણ ઉત્પન્ન થવું તેમાં વૃક્ષને વિષે જલનો પ્રભાવ છે. તેવી રીતે જીવોને વિષે ચારિત્ર રૂપી ફલનો લાભ પણ જ્ઞાન પૂર્વકનોજ હોય જ્ઞાન વિનાનું ચારિત્રરૂપ ફલ પણ લાભદાયી બનતું નથી.

આગમમાં પણ કહ્યું છે કે :- "પઢમં નાણં તઓદયા" ઈત્યાદિ અથવા ફલનો લાભ પામવા છતાં જીવો જલવિના દુઃખી થાય છે. તેવી રીતે ચારિત્રનો લાભ થવા છતાં જીવો સમ્યક્‌જ્ઞાન વિના ચારિત્રને સ્થાને સ્થાને કલુષિત કરવાથી દુઃખી થાય છે. એથી સમ્યગ્‌જ્ઞાનને જલની ઉપમા આપી છે. તે અહીંયા અવસર હોવાથી બહુશ્રુતમાં મગ્નતા રુપ (જ્ઞાન) ગ્રહણ કરવું.

અબહુ શ્રુતને ઉત્સર્ગ અપવાદ નહિ જાણવાના કારણે પદે પદે સ્ખલનાની સંભાવના હોવાથી અગ્રાહ્ય છે.

કહ્યું છે કે :- અલ્પ જ્ઞાનવાળો યતિ અતિ દુષ્કર તપ કરે તો પણ તે કષ્ટકર થાય છે. સુંદર (સારી) બુધ્ધિથી ઘણો કરેલો તેવો તપ પણ સુંદર બનતો નથી ॥૧॥

વળી પણ કહે છે કે :- અબહુશ્રુત (અલ્પજ્ઞાની) એવો તપસી નહિ જાણતો એવા પથ પર વિહરવાની ઈચ્છાવાળો સેંકડો દોષને સેવવા છતાં પણ માર્ગને જાણી શકતો નથી ॥૨॥ ઈતિ.

જેમ તરુની છાયા ઘણા ભ્રમણથી થાકી ગયેલા અને વિશ્રામને માટે આવેલા મુસાફરોને તાપ વિ. થી શાન્તિ, શીતલતા, સુખ અને આનંદના કારણ રૂપ બને છે. તેમ દુઃખે કરીને જેનો અન્ત આવે છે તેવી ભવઅટવીમાં ભમતાં ખીન્ન (કંટાળી-દુઃખી) થયેલા, કષાયરૂપી દાવાનલની અગ્નિથી વ્યથિત થયેલા, મનની વિશ્રાંતિને માટે આવેલા ભવ્ય જનોને સદ્‌ગુરુ એ કહેલી સમ્યગ્‌ ધર્મ દેશના, ભવમાં ભ્રમણથી ઉત્પન્ન થયેલા શ્રમ અને

સંતાપાદિની શાન્તિને સમ્યક્ત્વાદિના પરિણામને, અત્યંત શીતલતાને, વિષય તૃષ્ણાદિના ઉપશમનને અને પરમાનંદ એવા સુખને પોષે છે. (વધારે છે.) તેથી ધર્મ દેશનાને છાયાની ઉપમા આપી છે વળી કેટલાક વનો જેવી રીતે ફલ અને છાયાથી રહિત હોય છે. જલના આશ્રયથી રહિત કેરડાના વનની જેમ તેવી રીતે ધતુરો અથવા આકડાના વનની જેમ, કેરડાના વનને વિષે કેટલાકને ફળો આવે છે પરંતુ તે ખાવા માટે યોગ્ય ન હોવાથી અથવા તેનો કોઈ ઉપયોગ ન હોવાથી તેની વિવક્ષા (ગણના) કરી નથી. તેવી રીતે કેટલાક ગુરુઓ ચારિત્ર, જ્ઞાન અને ઉપદેશ એ ત્રણેથી રહિત હોય છે. પરતીર્થિકોની જેમ મિથ્યાત્વમાં મુંઝાયેલા (ઘેરાયેલા) હોવાથી તેઓના તપને, તેઓના વેદાદિશાસ્ત્રોનો અને તેઓના ધર્મોપદેશનો, ચારિત્ર - જ્ઞાન અને ઉપદેશપણાને યોગ્ય ન હોવાથી જલ - ફલ અને છાયા રહિત વનના જેવા હોય છે. ॥૮॥

આ આઠ ભેદમાં સાતમો ભંગ શુધ્ધ છે. બીજા અશુધ્ધ છે. તેમાં પણ સમ્યગ્જ્ઞાન અને શુધ્ધ ઉપદેશ વાળા ભેદો કારણ વિશેષે કરીને અપવાદથી આચારવા યોગ્ય છે. પરંતુ પ્રધાન પણે નહિ.

કહ્યું છે કે :- ચારિત્રથી હીન શ્રુતવાન (જ્ઞાની) હોવા છતાં પણ સજ્જનો વડે કરીને સેવવા યોગ્ય નથી નિર્મલ જલથી ભરેલા (પરિપૂર્ણ) કુલવાનો વડે ચાંડાલનો કૂવો સેવાતો નથી (ઉપયોગમાં આવતો નથી) એ પ્રમાણે પ્રગટ રીતે ગુરૂના વિષયના વિચારને વિવિધ પ્રકારના દૃષ્ટાંતો વડે જાણીને, શ્રેષ્ઠ ગુરુના યોગને પ્રાપ્ત કરીને સારા વિવેકવાળા હે બુધ્ધ જનો ! ભવરૂપી શત્રુપર વિજય લક્ષ્મી માટે પ્રયત્ન કરો (ઈતિ) ॥

॥ દ્વીતીય અંશે - ચતુર્દશ સ્તરંગઃ ॥

અંશ - ૨ તરંગ - ૧૫

હવે પર્વતના દૃષ્ટાંત વડે ગુરુનું સ્વરૂપ કહે છે. :- (૧) જલ (૨) ફલ (૩) છાયા અને (૪) તીર્થવાળા પર્વત સોલ પ્રકારે છે. તેવી રીતે ગુરુઓ

(૧) શ્રુત (૨) ચારિત્ર (૩) વચન અને (૪) અતિશયે કરી એક, બે, ત્રણ અને ચાર યોગે કરી સોલ પ્રકારે છે.

પદની ઘટના પૂર્વની જેમ વિચારવી માત્ર તીર્થ = મહિમાથી યુક્ત જિન પ્રાસાદાદિ રુપ તેને તીર્થ કહેવાય છે. અહીંયા શ્રુતાદિ ૪ પદો છે અને તેનો ચાર રીતે વિસ્તાર કરતાં સોલ પ્રકારે થાય છે. તેમાં ચારમળીને એક, ત્રણમળીને ચાર, બે મળીને છ, એક એક મળીને ચાર અને ચારના અભાવે એક એમ સોલભાંગા થાય છે.

હવે તેનો જ વિચાર પશ્ચાનુપૂર્વિથી (છેલ્લેથી) કરે છે. જેવી રીતે કેટલાક પર્વતો જલ - ફલ - છાયા અને તીર્થથી રહિત હોય છે. અને તે માત્ર પોતાના આશ્રિતોને કલેશ (દુઃખ) ને આપનારા હોય છે. તેવી રીતે કેટલાક ગુરુઓ શ્રુત (જ્ઞાન), ચારિત્ર, ઉપદેશ અને અતિશયથી રહિત હોય છે. અને તેઓ પોતાના આશ્રિતોને કુમાર્ગનો ઉપદેશ આપવા વડે ઉલ્લું ભવ રૂપી સમુદ્રમાં ડુબાડવા વડે એક માત્ર કલેશ (દુઃખ)ને આપનારા થાય છે. (બૌધ્ધ શૈવાદિ - દર્શનની જેમ) કારણ કે તેઓના આગમો સર્વજ્ઞે કહેલા નથી. અસર્વજ્ઞે કહેલા હોવાને કારણે યુક્તિ યુક્ત ન હોવાથી સમ્યક્જ્ઞાનવાળા નથી. તેઓના પ્રણેતાનું રાગ દ્વેષાદિથી યુક્ત હોવાથી અસર્વજ્ઞ પણું સિધ્ધ જ છે. અને તેઓના કહેલા આગમને વિષે પણ જે કાંઈ યુક્તિ દેખાય છે. તે સર્વ જિનેશ્વર પ્રભુ પ્રણિત આગમ રૂપ સમુદ્રના જ બિંદુઓ છે.

તેથી કહ્યું છે કે :- શ્રી જિનધર્મની પ્રાપ્તિબાદ જૈન - શૈવાદિ સકલ દર્શનના આગમના સ્વરૂપને જાણનારા ધનપાલ પંડીતે (કવિએ) શ્રી ઋષભદેવની સ્તુતિને વિષે કહ્યું છે કે અર્થાત્ ગાયું છે કે :- યુક્તિ વગરના પરમતના સિધ્ધાંત જે વચન વડે યશને પામે છે. તે તમારા આગમ રૂપી મહાસાગરના થોડા સારભૂત બિંદુઓ છે. ॥૧॥

સમ્યગ્જ્ઞાન મૂળ હોવાથી તે વિનાના ચારિત્ર અને ઉપદેશ હોવાથી તેઓને ચારિત્ર અને ઉપદેશ નથી. અતિશય પણ તેઓને નથી.

તેઓને અતિશય (પ્રભાવ) પણ નથી કારણ કે તે પણ મિથ્યાત્વને વધારવામાં એક તત્પર સમ્યક્ ધર્મને વિઘ્નભૂત હોવાથી અતિશય પણાનો

અભાવ છે. અર્થાત્ અતિશય હોય તો પણ તે આત્માને લાભકારી ન હોવાથી અતિશય વાળા નથી. એ પ્રમાણે આગળ પણ યથા યોગ્ય વિચારણા કરવી.

વળી કેટલાક પર્વતો જેવી રીતે તેવા પ્રકારના સરોવરાદિ વાળા હોવાથી જલથી યુક્ત હોય છે. પરંતુ ફલાદિ (ફલછાયા અને તીર્થ-એટલે કે અતિશય) એ ત્રણને ધારતાં નથી. તેવી રીતે કેટલાક ગુરૂઓ માત્ર સમ્યક્શ્રુતવાળા હોય છે. પરંતુ ચારિત્રાદિ (ચારિત્ર-ઉપદેશ-(વચન) અને અતિશય) ત્રણથી રહિત હોય છે. પ્રમાદાવસ્થામાં રહેલા શ્રી શૈલકાચાર્યની જેમ અથવા અશુધ્ધ પ્રરુપણા હોવાથી ઉપદેશનો પણ અભાવ છે તેથી જેઓ બહુશ્રુત હોવા છતાં પણ ઉત્સૂત્ર ઉપદેશ આપનારા અને ચારિત્રથી ભ્રષ્ટ એવા તે પણ આ ભાંગાવાળા જાણવા (૨)

(૩) વળી કેટલાક પર્વતો કોળાદિની વેલડીથી મંડીત હોવાના કારણે ફલવાળા હોય છે. પરંતુ જલાદિ (જલ-છાયા, તીર્થ) ત્રણથી રહિત હોય છે. તેવી રીતે કેટલાક ગુરૂઓ ચારિત્રવાળા હોય છે. પરંતુ શ્રુત જ્ઞાનાદિ (શ્રુત - વચન અને અતિશય) એ ત્રણથી રહિત હોય છે. માષતુષ મુનિ વિ. ની જેમ (૩)

(૪) કેટલાક પર્વતો છાયાવૃક્ષ એવા અશોકાદિ વૃક્ષથી અલંકૃત હોવાથી છાયાવાળા હોય છે. પરંતુ જલાદિ (જલ-ફલ અને તીર્થ) થી રહિત હોય છે.

તેવી રીતે કેટલાક ગુરૂઓ ઉપદેશ આપનારા હોય છે. પરંતુ શ્રુતજ્ઞાનાદિ (જ્ઞાન, ચારિત્ર અને અતિશય) થી રહિત હોય છે. અંગાર - મર્દકાચાર્યની જેમ મિથ્યાદૃષ્ટિના કારણે તેનું ભણેલું જ્ઞાન જ્ઞાન નથી. ક્રિયા ક્રિયા નથી. અને ચારિત્ર ચારિત્ર નથી. (૪)

(૫) વળી બીજા કેટલાક પર્વતો તીર્થથી ભૂષિત હોય છે. પરંતુ જલાદિ (જલ-ફલ અને છાયા) ત્રણથી યુક્ત હોતા નથી. તેવી રીતે કેટલાક ગુરુઓ અતિશય (મહિમા) વડે કંઈક શોભતા હોય છે. પરંતુ શ્રુતાદિ (શ્રુત-ચરણ અને ઉપદેશ-વચન) યુક્ત હોતા નથી શ્રી યશોભદ્રસૂરિના શિષ્ય બલભદ્ર નામના બાલ સાધુની જેમ.... તેની કથા કહેતાં કહે છે :-

બલભદ્ર મુનિની કથા

પલ્લીપુરીમાં શ્રી યશોભદ્રસૂરિને આચાર્ય પદવી આપવાના અવસરે યાવત્જીવ (આજીવન) આઠ કવલથી આયંબીલ કરીશ એ પ્રમાણે પૂર્વે કરેલા અભિગ્રહવાળા એક વખત સ્થંડીલ ભુમિએ જતાં વર્ષાદ આવતાં સૂર્ય ભવન (મંદિર) માં ગયા તેમાં તપ પ્રભાવથી પ્રત્યક્ષ થયેલા સૂર્યદેવે વરદાન માંગવાનું કહ્યું ત્યારે વરદાન માંગવા ને નહિ ઈચ્છતા પોતાના ઉપાશ્રયમાં આવેલા એવા તેમને બ્રાહ્મણનું રૂપ લઈને આવેલા તે સૂર્યદેવે સર્વ જીવને જોવા માટેની અંજનની દાબડી અને દીવ્ય પુસ્તક આપ્યું. સૂરિને પુસ્તક વાંચવા માત્રથી જ પરંપરા સિધ્ધ થઈ (વિદ્યા પ્રાપ્ત થઈ) પછી આ વિદ્યા પાછળની પ્રજાને માટે અયોગ્ય છે એમ વિચારીને બલભદ્ર મુનિને બોલાવીને આ પુસ્તક ઉઘાડીશ નહિ એ પ્રમાણે કહીને તેના હાથે તે પુસ્તિકાને સૂરિએ સૂર્યમંદિરમાં મૂકાવી. પરંતુ ગુરુનો નિષેધ હોવા છતાં પણ પુસ્તિકાને ખોલી પરંપરાના ત્રણ પાના કાઢયા.

એક વખત ગુરુજી સ્થંડીલ ગયા ત્યારે પરીક્ષા કરવા માટે બકરીની વિષ્ટાની લીંડીઓ ભેગી કરીને બકરીની વિદ્યામૂકી કે તરત જ બધી લીંડીઓ બકરી બની ગઈ તેટલામાં જ ત્યાં ગુરુ આવી ગયા. આ પ્રમાણે બકરીઓને જોઈને ઠપકો આપ્યો. પછી જીવ રક્ષાને માટે ઉપદેશ આપીને બીજા સ્થાને વિહાર કરી ગયા.

ત્યારબાદ બલભદ્રમુનિ અવ્યક્ત વેષમાં પર્વતની ગુફામાં રહીને બકરીના વૃંદને ઘાસ ચરાવતા તેની લીંડીઓ વડે હોમ કરે છે. અનુક્રમે તેમને ઘણી વિદ્યા સિધ્ધ થઈ.

એક વખત શ્રી રૈવતગિરિ (ગિરનાર) તીર્થને બૌધ્ધ લોકોએ ગ્રહણ (કબ્જે) કર્યું ત્યાંના રાજાને અને રાણીને બૌધ્ધ લોકોએ પોતાના ઉપાસક બનાવ્યા તે રાજાએ શ્વેતાંબરોને તે તીર્થમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો એક વખત શ્વેતાંબરના ૮૪ ગચ્છો - સંઘો ભેગા થયા પરંતુ બૌધ્ધ થઈને દેવને વાંદવા એ પ્રમાણેની રાજાની આજ્ઞાથી ખીન્ન - નારાજ થયેલા તેઓએ એક

પાત્રમાં અંબાને ઉતારી પૂછ્યું તેણીએ કહ્યું બૌધ્ધ વ્યન્તરોએ તીર્થને કબ્જે કર્યું છે તેથી કોઈ સહાય કરનાર વિના મારાથી કાંઈ થશે નહિ જો બલભદ્ર મુનિને લાવો તો તીર્થ પાછું મળશે પછી સંઘપતિઓએ ઊંટવાળાને બોલાવવા માટે તેઓને તે સંદેશો આપ્યો. તે મુનિ આકાશ ગામિની વિદ્યા વડે ગગન માર્ગે ત્યાં આવ્યા અને વિદ્યાનાબલથી સંઘની ફરતો અગ્નિનો કીલ્લો અને તેની ચોમેર જલથી ભરેલી ખાડી બનાવીને રાજ સભામાં જઈને રાજાની પાસે તીર્થના દર્શનની અનુમતી માંગી બૌધ્ધ થઈને તીર્થને વંદન કરો નહિ તો નહિ.

એ પ્રમાણે રાજાના કહે છતે તેના શરીરમાં ચોખા છાંટવા વિ. વડે કરીને વેદનાને ઉભી કરીને સંઘની પાસે ગયા ત્યારે ક્રોધિત થયેલા રાજાએ સેનાપતિને સંઘની સાથે તેને હણવા માટે મોકલ્યો અને તે ત્યાં આવ્યો ત્યારે તેણે અગ્નિનો કીલ્લો જોયો અને ડરી ગયેલ એવા તેણે મુનિની પાસે કૃપામાંગી અને કહ્યું કે હે મુનિ ! રાજાના ઉપર ક્રોધ ના કરો ઈત્યાદિ તેથી મુનિએ પોતાનો અતિશય (ચમત્કાર) બતાવવા માટે મંત્રીને કહ્યું. મારૂં બલજો એમ કહીને લાલ કરેણની સોટીને ભમાવી વૃક્ષની બધીજ શાખાને ભૂમિ પર પાડી ત્યારે મંત્રીએ કહ્યું ઉંદર પણ ઢાંકણું પાડવા શક્તિવાન છે. પરંતું તેને ઉપાડવા કે ઢાંકવા સમર્થ નથી. આ સાંભળીને શ્વેત કણવીર (સફેદ કરણની સોટી) વડે ભમાવીને તે બધી શાખા (ડાળીઓ) ને ઝાડ પર પોતપોતાના સ્થાન પર ગોઠવી દીધી.

આ જોઈને ચમત્કૃત (આશ્ચર્ય) પામેલા મંત્રિએ રાજાને તેની શક્તિની જાણ કરી પછી ડરી ગયેલા તે રાજાએ મુનિના વચનથી જૈન ધર્મને અંગિકાર કર્યો આ પ્રમાણે તીર્થ પાછું મેળવ્યું અને શાસનની પ્રભાવના થઈ અને તેનાથી શત્રુનો નાશ થયો. આ પ્રમાણે **બલભદ્ર મુનિની કથા** પૂર્ણ થઈ ॥

જેવી રીતે આ બલભદ્ર મુનિ અબહુશ્રુત હોવા છતાં પણ ચારિત્ર અને ઉપદેશ થી રહિત હોવા છતાં પણ અતિશયવાળા થયા. તેવી રીતે બીજા પણ કેટલાક અતિશયવાળા શાસનની પ્રભાવના વડે કરીને ચારિત્રાદિથી રહિત હોવા છતાં પણ પોતાને અને બીજાને તારનારા થાય છે. એ પ્રમાણે અતિશયને તીર્થની ઉપમા આપી છે.

શ્રુતાદિને જલાદિની ઉપમા આપી છે તેના કારણની પૂર્વની ગાથામાં વ્યાખ્યા કરેલી છે. (વિચારેલ છે)

(૬) જલ, ફળ, પર્વતની જેમ કેટલાક ગુરૂઓ સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર વડે સહિત હોય છે. ઉપદેશ અને અતિશયો વડે કરીને હોતા નથી. અશુધ્ધ પ્રરૂપણામાં રહેલા સાવદ્યાચાર્યની જેમ (૬)

(૭) અને જલ છાયા યુક્ત પ્રર્વતની જેમ કેટલાક ગુરૂઓ શ્રુત (જ્ઞાન) અને ઉપદેશને ધરનારા હોય છે. એક શ્લોકના સો અર્થ કરવાવાળા શ્રી સોમપ્રભાચાર્યની જેમ (૭)

(૮) વળી બીજા જલ અને તીર્થથી શોભતા પર્વતની જેમ કેટલાક ગુરૂઓ શ્રુત અને અતિશયને ધરનારા હોય છે. તેના વડે શોભતા હોય છે. પરંતુ ચારિત્ર અને ઉપદેશ વડે નહિ દૃષ્ટાંત યથા યોગ્ય જાતેજ વિચારી લેવા.... (૮)

(૯) કેટલાક પર્વતો જેવી રીતે ફલ, છાયા વડે શોભે છે પરંતુ જલ અને તીર્થ (અતિશય) વડે શોભતા નથી તેવી રીતે કેટલાક ગુરૂઓ ચારિત્ર અને ઉપદેશ વડે શોભે છે. પરંતું જ્ઞાન અને અતિશય વડે શોભતા નથી. પહેલાં કહેલા ઉત્સાર કલ્પિકાચાર્યની જેમ (૯)

(૧૦) વળી કેટલાક પર્વતો ફલ અને તીર્થ વડે શોભે છે. પરંતુ જલ અને છાયા વડે શોભતા નથી, તેવી રીતે કેટલાક ગુરુઓ ચારિત્ર અને અતિશય વડે શોભે છે. પરંતુ શ્રુત (જ્ઞાન) અને ઉપદેશ વડે શોભતા નથી. મોટી ઉંમરે પ્રવર્જિત થયેલા, વિવિધ અભિગ્રહાદિ તપ સેવન કરનારા ચમત્કારીક (શુભ, સુંદર) ગુણોથી આકૃષ્ટ થયેલા દેવોથી સેવાતા યશોભદ્રસૂરિના શિષ્ય ક્ષમાઋષિની જેમ અને હેમચંદ્ર સૂરીશ્વરજી ના શિષ્ય **યશચંદ્રગણી**ની જેમ તેનો સંબંધ આ પ્રમાણે છે. તે કહે છે. શ્રી આમ્રભટ્ટ મંત્રીએ પોતાના પિતા ઉદયનમંત્રીના કલ્યાણને માટે ભરુચ શહેરમાં શ્રી શકુનિકા વિહારનો ઉધ્ધાર કર્યે છતે શ્રી હેમસૂરિની પાસે વિસ્તાર પૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવ કરાવ્યે છતે શ્રી કુમારપાલ રાજા, હેમચંદ્રાચાર્ય ગુરુ અને પાટણ વિ. ના સંઘો પોત

પોતાને સ્થાને ગયે છતે ભરુચમાં રહેલા આમ્રભટ્ટમંત્રીને કોઈ વિષયમાં દેવીનો કોપ ઉત્પન્ન થયો તેનો સેવક લોકોએ જલ્દી હેમચંદ્ર ગુરુને તે સ્વરૂપને બતાવતો લેખ મોકલ્યો તેથી તેના સ્વરૂપને જાણીને શ્રી ગુરુયશચંદ્ર મુનિની સાથે સંધ્યા સમયે આકાશ ગામિનીની વિદ્યા વડે ગગન માર્ગે ભરુચ નગરે આવ્યા. પ્રતિષ્ઠાના સમયે ભોગ, બલિ વિ. નું દાન નહિ દેવાના કારણે રુષ્ટ (ક્રોધિત) થયેલી સૈન્ધવાદિ દેવીને બોલાવવા (વશકરવા) માટે કાયોત્સર્ગ શરૂ કર્યો. ત્યારે તે દેવીને ગુરુની અવગણના કરતી જોઈને યશચંદ્ર ગણિવરે ખાંડણીયામાં ડાંગરવાળા ચોખાને નાંખીને મુશળ (સાંબેલા) ના પ્રહાર કર્યા.

તે વખતે પ્રથમ પ્રહારે દેવીનો મહેલ ધ્રુજવા લાગ્યો. બીજા પ્રહારે દેવીની મૂર્તિજ પોતાના સ્થાનથી ઉડીને ઈન્દ્રના વજ્રાના પ્રહારથી મારું રક્ષણ કરો રક્ષણ કરો ! એ પ્રમાણે બોલતી ગુરુના ચરણોમાં આવીને પડી એ પ્રમાણે યશચંદ્રગણિએ મિથ્યાદૃષ્ટિ વ્યંતરોનો દોષ દૂર કર્યે છતે શ્રી આમ્ર ભટ્ટ મંત્રી નિરોગી થયા અને લાંબા કાળ સુધી વિવિધ ધર્મ કાર્યો વડે જિન શાસનની ઉન્નતિ કરી અર્થાત્ જિન શાસનને પ્રકાશિત કર્યું આ તે યશચંદ્રગણિ (સાધુ) બહુ શ્રુત પણાથી અને ઉપદેશથી રહિત અને ચારિત્ર અને અતિશયથી સહિત હતા (૧૦)

(૧૧) બીજા પણ કેટલાક ગુરુઓ છાયા વૃક્ષ અને તીર્થથી યુક્ત હોય છે. પરંતુ જલ અને ફળ વિનાના હોય છે. તેવી રીતે કેટલાક ગુરુઓ સદુપદેશ અને અતિશય વડે શોભે છે. પરંતુ જ્ઞાન અને ચારિત્રથી શોભતા નથી આ પ્રમાણે બે યોગના ભાંગા પૂર્ણ થયા.

(૧૨) હવે ત્રણના યોગથી ચાર ભાંગા થાય છે. તેમાં કેટલાક પર્વતો જલ - ફલ અને છાયાથી યુક્ત હોય છે. તેવી રીતે કેટલાક ગુરુઓ જ્ઞાન-ચારિત્ર અને ઉપદેશવાળા હોય છે. (૧૨)

(૧૩) કેટલાક પર્વતો જલ-ફળ અને તીર્થવાળા હોય છે. તેવી રીતે કેટલાક ગુરુઓ જ્ઞાન-ચારિત્ર અને અતિશય વાળા હોય છે. પરંતુ ઉપદેશથી રહિત હોય છે. (૧૩)

(૧૪) કેટલાક પર્વતો જેવી રીતે જલ - છાયા અને તીર્થવાળા હોય છે તેવી રીતે કેટલાક ગુરુઓ જ્ઞાન-ઉપદેશ અને અતિશય વાળા હોય છે. પરંતુ ચારિત્રથી યુક્ત હોતા નથી. (૧૪)

(૧૫) વલી બીજા કેટલાક પર્વતો ફલ-છાયા અને તીર્થથી શોભે છે.તેવી રીતે કેટલાક ગુરુઓ ચારિત્ર-ઉપદેશ અને અતિશયથી શોભે છે. પરંતુ જ્ઞાનથી શોભતા નથી. દૃષ્ટાંતો સ્વયં વિચારી લેવા (૧૫)

(૧૬) વળી કેટલાક પર્વતો જેવી રીતે જલ - છાયા ફલ અને મહિમા (પ્રભાવ) યુક્ત તીર્થ વડે શોભે છે. જેમ વિસ્તરિત કીર્તિવાળા શ્રી રૈવતાચલ (ગિરનાર) આબુ વિ. શોભે છે. તેવી રીતે કેટલાક ગુરૂઓ જ્ઞાન-ચારિત્ર, ઉપદેશ અને અતિશયો વડેશોભે છે અને તેઓ જિન શાસનના પ્રભાવક થાય છે. પાદલિપ્તસૂરિ, યશોભદ્રસૂરિ વિ. ની જેમ (૧૬)

આ સોલ ભાંગાને વિષે બારમો અને સોલમો ભાંગો શુધ્ધ છે અને બીજા પણ કેટલાક અપવાદ પદે આચરવા—આશ્રય અથવા સેવવા યોગ્ય છે. પરંતુ અબહુશ્રુત અશુધ્ધ પ્રરૂપકવાળા ભાંગા તજવા યોગ્ય છે. એ પ્રમાણેનું તત્ત્વ જાણવું.

હે બુધ્ધજનો ! પર્વતાદિના દૃષ્ટાંતો વડે ગુરુના વિષયને જાણીને મોહરૂપી શત્રુ પર વિજય રૂપી લક્ષ્મી મેળવવા માટે યથોત્તર ગુણ સ્પૃષ્ટ ગુરુનો સદા આદર કરો - સેવો.

॥ ઈતિ દ્વીતીય અંશે પંચદશ સ્તરંગઃ ॥

અંશ - ૨ (તરંગ - ૧૬)

વળી બીજા ભાંગા વડે ગુરુનું યોગ્ય પણું આદિ કહે છે :-

શ્લોકાર્થ :- (૧) કીટ (૨) આગીયા (ખદ્યોત) (૩) ઘડો (૪) ઘર (૫) શિખર (૬) ઘરનો દીપ (૭) ચંદ્ર (૮) સૂર્યપ્રભા.... સ્વપર અલ્પ પ્રકાશક છે. તે રીતે ગુરૂઓ જ્ઞાનાદિ વડે કરીને આઠ પ્રકારના હોય છે.

(૧) **કીટ :- વ્યાખ્યા :-** જ્ઞાનાદિ વડે એટલે કે જ્ઞાન, મહિમા, ક્રિયા વિ. ગુણ રૂપી પ્રભા વડે પોતાને અને બીજાને અલ્પ અને ઘણો પ્રકાશ જેના વડે થાય છે. તેઓ સ્વ - પર અલ્પ, બહુ પ્રકાશ કરનારા આ કલિકાલમાં કીડા વિ. સરિખા આઠ પ્રકારના ગુરુઓ હોય છે. એ પ્રમાણે એનો સાર છે. તેમાં સામાન્ય રીતે કીટ કહેવા છતાં પણ ભૃંગારિક એ પ્રમાણે પ્રસિધ્ધ અને ચમકતાં શરીરવાળા (કીડા) લેવા જે રીતે તે કીટપણું વિશેષ ન હોવા છતાં પણ કીટકથી જુદો તે જાતનો ચમકવાળો અધિક છે. પરંતુ અંધારામાં પોતાના દેહને પણ પ્રકાશ કરનાર હોતા નથી તેવી રીતે કેટલાક ગુરુઓ જ્ઞાનાદિ વિશેષ પ્રભાવથી રહિત છતાં પોતાના પરિવારમાં (મંડલમાં) આસન વિ. નો માત્ર બાહ્ય આડંબર હોય છે. પરંતુ પોતાની જાતને પણ તત્ત્વના બોધ રૂપ પ્રકાશને કરતાં નથી (૧)

(૨) જેવી રીતે **ખદ્યોતો** (આગીયા) પોતાના દેહ માત્રથી પ્રકાશક અને થોડે ઉંચે ગગન તરફ ઉડનારા અંધારામાં જ પ્રકાશે છે. તેવી રીતે કેટલાક ગુરૂઓ અલ્પજ્ઞાન વડે પોતાનાજ મંડલ (પરિવાર)માં માત્ર પ્રસિધ્ધિવાળા અને અલ્પ સંયમ ક્રિયાવાળા અજ્ઞાન રૂપી અંધકારને વિષે કંઈક ખુલ્લી દૃષ્ટિવાળા મુગ્ધ જન વિષે દીપે છે. (પ્રકાશે છે) પોતાની જાતને પણ તત્ત્વના બોધ રૂપ પ્રકાશને અલ્પજ કરે છે. પરંતુ બીજાને તત્વ રૂપ બોધનો પ્રકાશ કરવા માટે સમર્થ બનતા નથી. (૨)

(૩) **ઘટ પ્રદીપ :-** જેવી રીતે ઘડામાં રહેલો પ્રદીપ બહુ નિર્મલ પ્રકાશથી યુક્ત હોવા છતાં ઘરમાં જ પ્રકાશ કરે છે. તેવી રીતે કેટલાક ગુરુઓ નિર્મલ જ્ઞાનાદિ ગુણ રૂપ તેજથી ભરેલા છતાં પણ પોતાને જ પ્રકાશિત કરે છે. (હિતકર બને છે) પરંતુ વ્યાખ્યાનાદિ કરવાની લબ્ધિ (શક્તિ) થી રહિત હોવાથી બીજાને બોધ પમાડી શકતા નથી (૩).

(૪) **ઘર :-** ઘરમાં રહેલો દીપ વધારે પ્રકાશ કરનારો પોતાના ગૃહમાં રહેલા પદાર્થની રાશિ (વસ્તુઓ)ને બતાવે છે. (પ્રકાશે છે.) અને ત્યાં રહેલા મનુષ્યો (લોકો) પોતાના કાર્યોમાં પ્રવર્તે છે. અથવા કાર્યો કરે છે. પરંતુ બહાર રહેલા લોકો પ્રવર્તના કરતા નથી. તેવી રીતે કેટલાક ગુરુઓ વિશેષ

પ્રકારે જ્ઞાનાદિ ગુણ તેજ ને પોતાના વર્ગમાં જ જાતે તત્ત્વ બોધના પ્રકાશના તેજને પ્રસારે છે (ખુલ્લો કરે છે) અને બીજાને ધર્મઅધર્મ વિ. અર્થનો પ્રકાશ કરે છે. અને ધર્મ કર્મ ને વિષે પ્રવૃત્તિને કરે છે. પરંતુ બીજા વર્ગ વિ. માં તે કરતાં નથી તેવા પ્રકારના ઘરની દિવાલ, ભીંત વિ. સરખા જ્ઞાનાવરણાદિ કારણ રૂપ ચતુરાઈનો અભાવ હોવાથી બીજા વર્ગમાં પ્રકાશક બનતા નથી. એ પ્રમાણે પોતાને અને બીજાને અલ્પ પ્રકાશ કરનારા છે. (૪)

ગિરિ પ્રદીપ :- શિખર પર રહેલો તેવા પ્રકારનો મોટો, વાટ વિ. થી યુક્ત દીપક પૂર્વે કહેલા દીપથી અધિકતર તેજવાળો ઘણા યોજન સુધી પોતાને પ્રકાશે છે અને બીજાને ઘણા પદાર્થોનો પ્રકાશ કરે છે. અર્થાત્ બતાવે છે. તેવી રીતે કેટલાક ગુરુઓ વિશિષ્ટ પ્રકારના જ્ઞાન, ક્રિયાદિ પ્રભા વડે પોતાના સમુદાયમાં અને બીજાના સમુદાય આદિમાં પ્રસિધ્ધિને ધારણ કરે છે. પોતાના શિષ્યોને અને સાથે બહારથી અભ્યાસાર્થે આવેલાઓને આગમના અર્થો બતાવનારા હોય છે. અને ઘણા ભવ્ય જનોને ધર્મક્રિયાની પ્રવૃત્તિના કારણરૂપ ધર્મમાર્ગને બતાવવા વડે સ્વપર ઘણા પ્રકાશક છે. ઈતિ (૫)

(૬) **ગ્રહ** :--શુક્ર આદિ ગ્રહો જેવી રીતે વિશેષ પણે સ્વયં પ્રકાશક છે. અને તે ચરાચર જગતમાં જણાય છે. પરંતુ સમસ્ત પદાર્થોને ઝાંખા બતાવે છે. તેથી તે તે ક્રિયા કરનારા હોવા છતાં પણ તેવી રીતે પ્રકાશક થતા નથી. તેવી રીતે કેટલાક ગુરુઓ નિર્મલ ક્રિયાદિ ગુણ પ્રભા વડે ચરાચર જગતમાં પ્રસિધ્ધિ ને પામેલા હોય છે. પરંતુ આગમના સંદેહ રૂપી અંધકાર વાળા અને અસ્પષ્ટ આગમના અર્થનું જ્ઞાન ધરનારા હોય છે. (અર્થાત્ આગમના અર્થને સંપૂર્ણ રીતે બતાવનારા હોતા નથી) તેથી કરીને જ બીજાને તેવી રીતે ધર્મમાં પ્રવર્તાવનારા હોતા નથી પરંતુ પહેલા કહેલ તેના કરતાં અધિક પણે પ્રકાશનારા છે.... (૬)

કેટલાક ગુરુઓ વળી ચંદ્રની જેમ સ્વપર પક્ષને વિષે શીતલ છતાં સૌમ્ય પ્રકૃતિવાળા, કિરણોના વિલાસ વડે જગતના પણ મિથ્યાત્વ કષાયાદિ તાપને દૂર કરનારા, ચારે દિશાઓમાં વિસ્તરિત નિર્મલ કીર્તિ યુક્ત ચાંદનીથી ભરેલા દેવોથી પણ અધિક અમૃત દાન આપનારા સ્વલ્પ શંકારૂપી અંધકારવાળા

અને સારી રીતે આગમાર્થને બતાવનારા દુષમકાલ રૂપી રાત્રિને વિષે ધર્મરૂપી ઉદ્યોતને કરનારા ગ્રહસરિખા બીજા સૂરિઓથી અધિકતર શોભે છે. તેથી કરીને જ બહુ ભવ્યજનને અવસર યોગ્ય ધર્મ ક્રિયાને વિષે પ્રવર્તન કરાવે છે. એ પ્રમાણે બહુતર પ્રકાશ કરનારા કહ્યા છે. ॥૭॥

(૮) **સૂર્ય** :- સૂર્યની જેમ કેટલાક ગુરુઓ અત્યંત નિર્મલ પણે સમસ્ત આગમના અર્થના જ્ઞાનને પ્રકાશનારા, સંપૂર્ણ શંકા રૂપી અંધકારને દૂર કરનારા, મિથ્યાદૃષ્ટિવાળા મહા ઘુવડની આંખોને બંધ કરનારા, શક્તિશાળી વાદિ રૂપી ગ્રહ સમુદાયના ચડતા તેજને સંપૂર્ણ પણે દૂર કરનારા અને સમ્યક્ક્રિયાની પ્રવૃત્તિના કારણે જિન શાસન રૂપી ગગનને પ્રકાશનારા, એ પ્રમાણે સ્વપર અત્યંત પ્રકાશ કરનારા હોય છે. (૮) યથા યોગ્ય સ્થાને અને જેવી રીતે સારૂં લાગે તે રીતે દૃષ્ટાંત યોજવા અને ઉત્તરોત્તર ગુરૂ ગણની સેવાને માટે પ્રયત્ન કરવો વળી તેમાં સૂર્ય, ચંદ્ર, સરિખા ગુરુઓ એકાંતે યોગ્ય જાણવા.

શ્લોકાર્થ :- હે કલ્યાણના ઈચ્છુક ! એ પ્રમાણે વિશ્વમાં ઉત્તરોત્તર સમસ્ત શ્રેષ્ઠ ગુણવાળા એવા તે સદ્‌ગુરુના ગુણોને સાંભળીને (જાણીને) તેઓની સેવા કરો, જેથી કરીને તમે બાહ્ય અને અભ્યંતર શત્રુના સમુહ ઉપર જલ્દી નિર્દોષ એવી જય રૂપી લક્ષ્મીને વરો ॥૧॥

એ પ્રમાણે તપાગચ્છાધિપતિ શ્રી દેવસુંદરસૂરિ શ્રીજ્ઞાન સાગરસૂરિના શિષ્ય, શ્રી સોમસુંદરસૂરિના પટ્ટાલંકાર શ્રી મુનિસુંદરસૂરિ, રચિત ઉપદેશ રત્નાકર ગ્રંથના પૂર્વ તટના બીજા અંશમાં ગુરુના યોગ્યાયોગ્ય પણાનો વિચાર કરતાં ૧૬ મો તરંગ પૂર્ણ થયો.

દ્વિતીય અંશ સંપૂર્ણ

॥ સંપૂર્ણોઽયંદ્વિતીયોંઽશઃ ॥

અંશ - 3 (તરંગ - ૧)

યોગ પાસ કહ્યો એ પ્રમાણે ફરીથી તે યોગના ત્રીજા દ્વારનું વિવરણ કરવાની ઈચ્છાવાળો હું કહું છું.

જય રૂપી લક્ષ્મી અને સુખની ઈચ્છાવાળા ! અનિષ્ટ હરણ કરનાર અને ત્રિવર્ગમાં સારભૂત, આ લોકને પરલોકમાં હીતકારક સમ્યક્‌ધર્મમાં તમે ઉદ્યમવાળા બનો ॥૧॥

તે વળી ભાવ પ્રમાણે ઈષ્ટ ફલને કરનારા, અનિષ્ટ ફલરૂપ પાપને દૂર કરનારા એ બાલાદિના ચાર પ્રકારના દૃષ્ટાંતથી જાણવું ॥૨॥

તે આ પ્રમાણે એક દેખતો બાલક અને એક અંધ બાલક એક દેખતો વૃધ્ધ અને એક અંધ વૃધ્ધ, એક દેખતો યુવાન અને એક અંધ યુવાન.

તેઓએ એરંડાનો સાંઠો અને શેરડીનો સાંઠો અને તેનો રસ પીધો તે ક્રમથી (૧) અલ્પ (૨) બહુ (૩) બહુતર અને (૪) બહુતમ ફલ આપનાર બને છે. તેમાં એક પિત્તનો અતિરેક અને એક પિત્તનો ઉપશમ કરનાર થાય છે. તેમ મિથ્યાત્વ અને સમ્યક્‌ત્વાદિ રૂપ જિનધર્મ પાઠાંતરથી આરંભાદિ પાપ અને વિરતિનો ગુણ પ્રત્યેક ભાવાદિના વિશેષપણાથી ચાર પ્રકારના શુભ - અશુભ ફલને આપનાર થાય છે.

તેની ભાવના (વિચારણા) આ પ્રમાણે છે :- જેમ કોઈ બાલકે બીજા કોઈક બાલકને શેરડીનો સાંઠો ખાતો (ચૂસતો) જોઈને "બાલક તે જોઈને શ્રધ્ધાલુ બને છે" એ ન્યાયે કરીને શેરડી ખાવાની ઈચ્છાથી માતા પ્રેમવાળી હોય છે. એવી બુધ્ધિથી અપરમાતાની પાસેથી શેરડીના સાંઠાની માંગણી કરી. માતાએ નિષેધ કરવા છતાં શાન્ત થતો નથી ત્યારે તેના કદાગ્રહથી ઉદ્વેગ પામેલી એવી તેણે શેરડી નો સાંઠો નહિ હોવાથી અને તે બાલક ઉપર વિશેષ પ્રકારનો સ્નેહ ન હોવાથી વિશેષ પ્રકારનો વિચાર કર્યા વિના તેને ઠગવાને માટે ઘરના પાછળના ભાગમાં (વાડામાં) રહેલા એરંડાના ઝાડમાંથી

એક એરંડાનો ટુકડો લાવીને તેને આપ્યો અને તેણે તે ટુકડાને કંઈક ચાવીને (ચૂસીને) બીજું ખાવાનું મલવાથી ચંચલપણાના કારણે તે સાંઠો ફેંકી દીધો તેને ચાવવાથી આવેલો તાપ (પિત્તનો ઉછાળો) તે અલ્પ પ્રમાણમાં થાય છે. અને તે જાતે અથવા સ્વલ્પ ઉપચારાદિથી શાન્ત થઈ જાય છે. એ પ્રમાણે કોઈક ભદ્ર પરિણામિ જીવ કુલ પરંપરાથી આવેલા કદાગ્રહ વિનાનો મિથ્યાત્વી સમ્યક્‌જિન પૂજાદિમાં તત્પર શ્રાવકોને જોઈને ધર્મની શ્રધ્ધાવાળો બનેલો કુલ પરંપરાથી આવતા ગુરુને સદ્‌ગુરુની બુધ્ધિથી ધર્મને પૂછે છે તે પણ લોભ, મોહ વિ. ના કારણે શિવાદિની પૂજા, ગાયનું દાન સ્નાન વિ. કરવાનો તેને ઉપદેશ આપે છે. અને તે કદાગ્રહ વિના બાલકની જેમ આદર વિના ક્યારેક કરે છે. અને ક્યારેક કરતો નથી અને ક્યારેક દ્વેષ વગર સમ્યક્‌ધર્મને પણ સામગ્રીનો યોગ પ્રાપ્ત થયે છતે કરે છે. (આચરે છે.) તેવી રીતે કોઈ ભદ્ર પરિણામી અથવા સમ્યક્‌દૃષ્ટિ અપર માતા જેવા કુટુમ્બે કહેલા (ઉપદેશેલા) એરંડાના ટુકડાની સમાન આરંભાદિ પાપ ને નહિ આચરતા લોભાદિથી રહિત આંતરે આંતરે ધર્મ ને કરતાં અને યથાશક્તિ ઉપકારાદિ કરતાં પાઠાતરમાં કહેલા આરંભાદિ પાપભાવના અને વિરતિગુણની ભાવના પણ સર્વ દ્રષ્ટાંતમાં જાણવી.

વળી એ પ્રમાણે તેને મિથ્યાત્વાદિથી ઉત્પન્ન થયેલ સુખ પૂર્વક દૂર કરી શકાય તેવો અલ્પ કર્મ બંધ થાય છે. અને તેથી હીન મનુષ્યપણું પ્રાયઃ કરીને અલ્પ ઉત્તમ એવી તીર્યંચાદિ ગતિ અને પ્રાયઃ સુલભ બોધિ થાય છે. એ પ્રમાણે પહેલો મિથ્યાત્વ પાપ ભેદ થયો ॥૧॥

હવે અહીંયા મિથ્યાત્વને આશ્રયીને જંગલી ગેંડો થયેલો વિષ્ણુદત્ત શ્રેષ્ઠિ વિ. ના દૃષ્ટાંતો જાણવા.

વળી આરંભાદિ પાપને આશ્રયીને વૈતરણિ વૈદ્યનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

વૈતરણિ વૈધનું દૃષ્ટાંત

બારામતિ નગરીમાં કૃષ્ણવાસુદેવને ધનવંતરી અને વૈતરણી નામના બે વૈદ્યો હતા ધનવંતરી અભવિ અને વૈતરણી ભવિ જીવ હતો તે ગ્લાન સાધુઓને મીઠા શબ્દથી કહે છે. (સમજાવે છે.) અને પ્રાસુક (નિર્દોષ) ઔષધ સાથે પરોપકારની બુધ્ધિથી સેવા કરે છે. (ઉપચાર કરે છે) અને તે પોતાની પાસે રહેલા ઔષધો આપે છે. વળી ધન્વંતરી વૈદ્ય સાધુને અયોગ્ય અને પાપકારી (સાવદ્ય) ઔષધો આપે છે. ત્યારે તેને સાધુઓ કહે છે કે અમને આ કેવી રીતે ખપે ? ત્યારે વૈદ્ય કહે છે હું સાધુઓ માટે શાસ્ત્ર નથી ભણ્યો આરંભી અને મહા પરિગ્રહી એવો તે આખી બારામતીમાં ચિકીત્સા કરે છે.

હવે એક વખત - કૃષ્ણવાસુદેવ તીર્થંકર (નેમનાથ) ને પુછે છે કે આ લોકો ઘણાં ઢંકાદિ જંતુઓનો વધ કરવાના કારણે કોણ કઈ ગતિમાં જશે ? ત્યારે ભગવાન કહે છે કે આ ધન્વંતરી વૈદ્ય સાતમી નસકમાં અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં ઉત્પન્ન થશે. અને આ વેતરણી વૈદ્ય ગંગા નામની મહાનદીમાં આવેલા વિંધ્યાચલ પ્રર્વતમાં આવેલી કાલિંગજર નામની અટવીમાં વાનર પણે ઉત્પન્ન થશે. ત્યાં તે મોટો થતાં જાતેજ યુથપતિ પણું કરશે. ત્યાં એક વખત સાધુઓ સાર્થની સાથે વિહાર કરતાં આવશે અને ત્યારે એક સાધુને પગમાં શૂલ વાગશે (પેસી જશે) ત્યારે તે સાધુઓ કહે છે કે અહીંયા રહી જઈએ તે વખતે સાધુએ કહ્યું કે બધા મરી જઈશું તે કારણે તમે વિહાર કરી જાઓ હું ભક્ત પચ્ચક્ખાણ કરૂં છું એમ કહી કદાગ્રહ પૂર્વક તે રોકાઈ ગયા તેઓ પણ જાતે શલ્ય દૂર કરી શકતા નથી. પછી શુધ્ધ ભૂમિ અને છાયા હતી ત્યાં ગયા તે વખતે ત્યાં વાનર યુથ પતિ તે સ્થાનમાં આવ્યો અને ત્યાં સાધુને નજર સમક્ષ જોતાં તે કીકીયારી કરવા લાગ્યો ત્યારે તે યુથપતિની કીકીયારી સાંભળીને સામે જોતાં તેને રોષે ભરાયેલો આવતો જોયો. તે યુથપતિ વાનરે તે સાધુને જોઈને આવા સાધુ મેં ક્યાંક જોયા છે. એ પ્રમાણે

વિચાર કરતાં તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું અને બારામતી નગરી જોઈ ત્યારે તે સાધુને વંદે છે. નમન કરે છે. ત્યારે તેણે તેમને શલ્યવાળા જોયા તે વખતે તેને ચિકીત્સા શાસ્ત્રયાદ આવ્યું પછી તે પર્વતમાં રહેલી શલ્યને ઉધ્ધારનારી અને ઘાને રુઝવનારી ઔષધી (જડીબુટી) લઈને આવ્યો પછી તેણે શલ્ય ઉધ્ધારવા (કાઢવા) પગ પર લેપ લગાડ્યો શલ્ય નીકળ્યા પછી પડેલા ઘા પર સંરોહણી લગાવી ઘા રુઝાવ્યો પછી તેમની આગળ શબ્દો લખ્યા "જ્યારે હું પૂર્વ ભવમાં બારામતી નગરીમાં વૈતરણી નામનો વૈદ્ય હતો" ત્યારે તે જાણીને સાધુએ તે સાંભળે તે રીતે ધર્મને કહ્યો અને ભક્ત પચ્ચક્ખાણ કરાવ્યું ત્રણ રાત્રિજીવીને તે સહસ્ત્રાર નામના (૮ માં) દેવલોકે ગયો અને ત્યાં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે. ત્યારે પોતાના પૂર્વ ભવના શરીરને (અવતારને) અને સાધુને જુએ છે. પછી તે ત્યાં આવીને દેવઋધ્ધિ બતાવે છે અને કહે છે. તમારી કૃપાથી મને આવી દેવઋધ્ધિ પ્રાપ્ત થઈ છે. પછી તે દેવે તે સાધુને લઈને તેમને સાધુઓની પાસે મૂક્યા. એ પ્રમાણે વાનરને સમ્યક્સામાયિક, શ્રુત સામાયિક, દેશવિરતિની સાધુની અનુકંપાથી લાભ થયો નહીં તો નરક યોગ્ય કર્મ કરીને નરકમાં ગયો હોત હવે તે ત્યાંથી ચ્યવીને ચારિત્ર લઈને મોક્ષને પામશે એ પ્રમાણે વૈતરણી વૈદ્ય-કથા કહી ॥

તેવી જ રીતે કોઈક બાલક માતાની પાસે શેરડીનો સાંઠો માંગે છે. તેણે પણ સ્નેહના કારણે સંભવિત પિત્તના ઉપશમ માટે પ્રયત્નપૂર્વક લાવીને તેને આપ્યો તેણે (બાલકે) પણ પહેલાની જેમ કંઈક ચાવ્યો અને માતા બીજા કામમાં વ્યગ્ર (લાગેલી) હોવાથી તેને તે ફેંકી દીધો. અને પિત્તના ઉપશમથી થોડી શાન્તિ થઈ.

એ પ્રમાણે કોઈક ભદ્ર પ્રકૃતિવાળો મિથ્યાદૃષ્ટિ અથવા શ્રાવક કુલમાં ઉત્પન્ન થયેલો નસીબ જોગે કુલની પરંપરામાં આવેલા ગુરુને અથવા જૈન સાધુને પૂછ્યું તેમણે પણ સમ્યક્ત્વ દેશવિરતિ આદિ ધર્મ બતાવ્યો અને તેણે તે ધર્મ સ્વીકાર્યો પરંતુ આદર પૂર્વક નહિ છતાં સમ્યક્જ્ઞાન આદિના કારણે કદાગ્રહ વિના પાલન કરે છે. ક્યારેક છોડી પણ દે છે. એ પ્રમાણે બાલકની જેમ તેવા પ્રકારની ધર્મારાધનાથી અલ્પ પ્રમાણમાં કુકર્મરૂપ પિત્તના ઉપશમનથી

શાન્ત થાય છે. અને સુખ ને પામે છે. મનુષ્યમાં અલ્પ ઋધ્ધિ અને દેવ આદિ ગતિ પામે છે.

દા.ત. શ્રી ગૌતમ સ્વામિથી પ્રવર્જિત ખેડૂત વિ. સઢ, શ્યામલ વણિક આદિના દૃષ્ટાંતો અહીંયા જાણવા.

કેટલાક ધર્મની વિરાધનાથી તીર્યંચ ગતિમાં પણ ઉત્પન્ન થાય છે. પરંતુ સુલભ બોધિ થાય છે. શ્રીમુનિસુવ્રત સ્વામિથી બોધ પામેલો ઘોડો પૂર્વભવના શ્રેષ્ઠિની જેમ ઈતિ ધર્મનો પ્રથમ ભેદ થયો.... આ પ્રમાણે બાલકના દૃષ્ટાંતથી વિચાર્યું.

હવે કોઈક વૃધ્ધ (વયસ્ક) જરા આદિના કારણે અંધ થયેલાને ક્યારેક પિત્તનો ઉપદ્રવ થયો વૈદ્યાદિના વચનોથી તેના ઉપશમન માટે શેરડી ખાવાની ઈચ્છા વાળો એવો તે શેરડીને વહુ પાસે માંગે છે. અને તે વહુ બીજા ઘરથી આવેલી હોવાથી કંટાળેલી તે કાર્ય માટે (શેરડી લાવવા માટે) અશક્ત અને ભક્તિ ન હોવાના કારણે ઉલ્ટું તેને શોધવા માટે આળસુ, ઉદ્વિગ્ન અથવા અવજ્ઞાઆદિ કરવા વડે પાછળ રહેલા ઘરના વરંડામાંથી એરંડાનો એક ટુકડો લાવીને તેને આપ્યો. તેણે તે ચાવ્યો પરંતુ તે ચાવતાં તેનો રસ કડવો લાગ્યો અને કહ્યું કે આ શેરડીનો સાંઠો નથી. એ પ્રમાણે કહેતાં તેણીએ (વહુએ) કહ્યું અહીંયા આવા પ્રકારની જ શેરડી થાય છે. પિત્ત વિ. ના કારણે તમને સ્વાદ ઉલ્ટો (કડવો) લાગે છે તો પણ ચાવતાં પિત્તનો ઉપશમ થશે. તો એ પ્રમાણે પ્રયત્ન પૂર્વક તમે ચાવો તે સાંઠો તેને નહિ દેખાવાથી તેની સાથે અધિક વિચાર વિમર્શ નહિ કરતાં તે વહુના વચન પર શ્રધ્ધાને ધારણ કરતો સર્વ શક્તિ વાપરી તેને ચાવે છે. પરંતુ દાંત. વિ. ન હોવાથી શક્તિના અભાવે થોડું જ ચાવ્યું પછી તેના શરીરમાં રસનું પરિણતપણું અલ્પ થયું એક મનથી ચાવવાથી બાળકના પિત્તથી અધિકતર પિત્તનો ઉદ્વેગ ઉપદ્રવ વધી ગયો.

એ પ્રમાણે કેટલાક જીવો મિથ્યાત્વપણાથી લેપાયેલા પરંતુ તત્વદૃષ્ટિવાળા ધર્મના અર્થી કુગુરુની પાસે ધર્મને માંગે છે. તે પણ રાગ, દ્વેષ, લોભાદિના કારણે પોતાને માન્ય સ્નાન, યજ્ઞ, કુગુરુ, કુદેવાદ્રિ મિથ્યા ધર્મનું આલંબન

કરો વળી કુલમાં ખવાતી માછલીને, પોતાના ઘરમાં ઝાડને પીડા કરતાં પક્ષિઓને પાપ રહિત ઘાસને ખાનારા નિર્દોષ હરણોને શિકારમાં મારતા (હરણોનો શિકાર કરતાં) પાપ લાગતું નથી.

આ પ્રમાણેની યુક્તિઓ વડે શાન્ત્નું રાજા, દશરથ રાજા આદિની જેમ રાજાઓને શિકારનો પણ નિષેધ નથી રાજ્યને માટે પાંડવોની જેમ ગોત્રનો વધ કરતાં પણ પાપ લાગતું નથી. પાપઘટાદિના દાન વડે સર્વ પાપોનો નાશ થાય છે. ॥ ઈત્યાદિ॥ હિંસા મહાઆંરભાદિ પાપનો ઉપદેશ આપે છે. તે પણ જીવ પ્રયત્ન પૂર્વક કરવા માટે તૈયાર થાય છે. અર્થાત્ તે કરે છે. અને બીજા પાસે તે પ્રમાણે કરાવે છે. પરસ્પર શાસ્ત્રાર્થમાં વિસંવાદ જીવઘાત વિ. આવા પ્રકારના કર્મમાં વિઘ્ન સંભવ વિ. જોતાં કંઈક ઉદ્વિગ્ન થતો ભૌતિક સુખ માટે કરાતાં ઘીના હોમ આદિ દર્શિશ્રેષ્ઠની જેમ કંઈક કુગુરુને તેનું કારણ વિ. પૂછે છે. ત્યારે તે પણ પુરાણ, માનવ ધર્મ, અંગ સહિતનો વેદ, ચિકિત્સા, આચાર, આજ્ઞા સિધ્ધિના કારણે યુક્તિઓ વડે પણ હણવા નહિ (અથવા તેમાં તર્ક વિતર્ક કરવા નહિ) ઈત્યાદિ જૈન મુનિના દર્શન, તેની સાથે વાર્તાલાપ આદિ વડે મહા પાપ બંધાય છે. (વાર્તાલાપ કરવો મહાપાપ છે)" હાથી વડે મારે તો પણ જિન ભવનમાં પ્રવેશ ન કરવો ઈત્યાદિ ઉપદેશ આપે છે. તે પણ જીવ મોહથી અંધ બનેલો હોવાને કારણે અધિક પરિક્ષાદિ કરવામાં અસમર્થ કુલ ગુરુની જેમ વાત્સલ્ય ભાવ વાળા છે. એવી બુધ્ધિથી તેનોજ એક ભક્ત થઈ તેના વચન ઉપર શ્રધ્ધા ને ધરતો સર્વ શક્તિ એ કરી કુધર્મને કરે છે. (પાળે છે. આચરે છે.) પરંતુ તેવા પ્રકારના શરીર, ધન, મોટાઈ, સત્તા વિ. ની શક્તિના અભાવે પશુમેધ વિ. યજ્ઞ, કોટિહોમ વિ. દેવ, ગુરુ, સંઘનો અનાદર વિ. ક્રૂર કર્મ કરવામાં સમર્થ ન હોવાથી કેટલુંક જ (અલ્પ) તિર્યંચ, નરકાદિ યોગ્ય કર્મ બાંધે છે. તેવા પ્રકારના જીવના"

''खदुकखणावियपइं छगले''

ઈત્યાદિ મુનિ વચન થી બોધ પામેલ વાસણ છાગ, ચારુદત્તની નિર્યામણાથી તેના મિત્ર વડે હણાયેલો બકરો દેવ થયો. ધર્મરુચિ મુનિ વડે બળાયેલો ગંગા

નદીનો નંદ નાવિક, મુનિ વડે હણાયેલો ગોશાળાનો ભાવિભવ ક્ષત્રિય વિ. જાણવા.

એ પ્રમાણે કોઈ સારી આંખવાળા વૃધ્ધ પુરુષે પુત્ર કે પત્નિ પાસેથી શેરડીનો સાંઠો માંગ્યો અને તેમણે તે ભક્તિથી આપ્યો તે સાંઠાને ચાવતાં ચક્ષુ વડે જોતો અને જીભ વડે તેનો સ્વાદ લેતો આપનારના વિશ્વાસથી સર્વશક્તિ (મહેનત) થી ચાવવા છતાં દાંતની શક્તિના અભાવથી કેટલોક (થોડો) રસ શરીરમાં પરિણામ પામ્યો અને તેથી પિત્તનું ઉપશમન અને શાન્તિ (ઠંડક) ને પણ થોડીક જ અનુભવી પરંતુ બાલકથી શેરડીને ચાવવા કરતાં અધિક્તર (શીતલતા અનુભવી)

એ પ્રમાણે કોઈક શ્રાવકાદિ ભવ્યજીવ સુગુરુના ઉપદેશથી અને બીજાના ઉપદેશથી ધર્મ ક્રિયા દર્શનાદિ એ કરીને ધર્મકર્મ પર શ્રધ્ધા વાળો બન્યો. ભવ રોગના વૈદ્ય સદ્‌ગુરુ એ કહેલા ધર્મને કરતાં શરીર, ધન, મોટાઈ, આદિના સામર્થ્યના અભાવે આજીવિકાદિના વ્યગ્રપણાથી કંઈક અલ્પ જ ધર્મ કર્મ કરતો મધ્યમ ઋધ્ધિ વાળા દેવાદિ ગતિ ને પામે છે.

અહીંયા **"सिन्दुवार पुष्प"** દ્વારા જિનપૂજાની ઈચ્છાવાળી સ્થવીરા, નવ પુષ્પી જિન પુજાદિ કારક અશોક નામનો માળી, સામાયિક કરનારી વૃધ્ધા આદિ દૃષ્ટાંતને અનુષ્ઠાનના અનુસરણથી જ જેની ધ્યાનની શક્તિ પણ તેને આશ્રયીને વ્યવહારથી છે. એ પ્રમાણેનું આ દૃષ્ટાંત જાણવું.

એક વખત દુર્ધ્યાન અને સુધ્યાન ને જ આશ્રયીને કેટલાક સાતમી નરક અને મોક્ષનું અર્જન પણ કરે છે. મેળવે છે.

તેનો ભેદ આગળ કહીશ-કહેવાશે.

એ પ્રમાણે વૃધ્ધાના દૃષ્ટાંતની વિચારણાથી બીજો પુણ્ય ભેદ થયો ॥૨॥

હવે કર્મ વિવશતાથી અંધ થયેલો કોઈક યુવાન વિમાતા (અપરમાતા) એ આપેલા એરંડાના ટુકડાને શેરડીની બુધ્ધિથી સર્વ શક્તિએ ચાવતાં દાંત આદિના બલથી સારી રીતે ચૂસીને ફેંકી દેતા તેના રસનું અધિક પરિણમન થવાથી અને પહેલાંના પિત્તથી અધિક પણે ઉદ્વેગની વૃધ્ધિ થવાથી મૃત્યુ પામે

છે. અથવા કુષ્ટાદિ દુષ્ટ વ્યાધિને પામે છે. અને દુઃખી થાય છે.

એ પ્રમાણે શરીર - ધન - મોટાઈ આદિની શક્તિવાલો, કદાગ્રહી મિથ્યાત્વવાળો, કુગુરુએ કહેલો, શ્રી દેવ - ગુરુ - સંઘ, ચૈત્યની સેવામાં વિઘ્ન કરનારો (તેનાથી છોડાવનાર) અશ્વમેઘ વિ. યજ્ઞ - મહાસ્નાન, હોમ, મિથ્યાદાનાદિ મિથ્યાત્વરૂપ કુકુર્મોને અને વળી સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં પણ પંચેન્દ્રિયની હિંસા, માંસ ભક્ષણ, મહા આરંભ, પરિગ્રહ, મહાસંગ્રામાદિ મહાપાપ રૂપ કર્મો કરીને વિવિધ પ્રકારની દુર્ગતિમાં જાય છે.

દત્તપર્વતક, ગોશાલો, કલ્કિ, કુલવાલક, કાલસૌકરિક આદિ મિથ્યાદૃષ્ટિના અને કોણિક, બ્રહ્મદત્ત, સુભૂમ, વાસુદેવ, પ્રતિવાસુદેવ આદિ સમ્યગ્દૃષ્ટિના દૃષ્ટાંતો જાણવા એ પ્રમાણે અંધ યુવાનની વિચારણા થઈ ઈતિ **ત્રીજો પાપ** ભેદ થયો.

એ પ્રમાણે કોઈક સારી આંખ વાળાને માતાએ આપેલો શેરડીનો સાંઠો પહેલાની જેમ ચાવીને અને કૂચો કરીને ફેંકી દીધો અને તે પીધેલા રસની પરિણતિથી તેના પિત્તનો ઉપશમ થતાં અને અત્યંત શીતલતા થી ઉત્પન્ન થયેલા ઉલ્લાસથી પરમ સુખને પામે છે. તેવી રીતે કેટલાક સમ્યક્દૃષ્ટિ જીવો શરીર, ધન, મોટાઈ, પ્રતિષ્ઠા, સત્તા વિ. બલવાળા સદ્ગુરુએ ઉપદેશેલા મહાતીર્થ યાત્રા સાતે ક્ષેત્રોમાં ધનનો વ્યય, જિનમંદિર, દેવ, ગુરુ, સંઘ, જીર્ણોધ્ધાર વિ. દ્રવ્ય પૂજા, મહાતપ, ક્રિયા, અમારી પ્રવર્તન, સામાયિક, પૌષધ આવશ્યક (પ્રતિક્રમણ) આદિ શ્રાવક કર્તવ્ય અથવા સાધુ કર્તવ્ય કરીને ઘણા (બહુશઃ) શુભ કર્મો ઉપાર્જિત કરવાથી બારમા દેવલોકે અથવા અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા છે. યાવત્ સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી મુક્તિને પામે છે. અને અનંત સુખનો ભોક્તા બને છે. આથી પાપીઓની શક્તિ નીંદનીય છે. અને પુણ્ય શાલીઓની શક્તિ પ્રશંસનીય છે.

કહ્યું છે કે હે ભગવન્ ! શક્તિ શાળી સારો કે દુર્બલ સારો ?

પ્રભુ કહે છે :- કેટલાક જીવો દુર્બલ સારા અને કેટલાક જીવો શક્તિશાળી સારા.

જયંતી :- હે ભગવન્ ! આમ કેમ કહો છો ?

પ્રભુ :- હે જયંતી ! જે જીવો અધર્મિ, અધર્મ માર્ગી, અધર્મીષ્ટ, અધર્મ કહેનારા અને અધર્મથી જ વૃત્તિ (આજીવિકા, વેપાર) કરનારા, અધર્મદર્શી, અધર્મથી લજ્જા નહિ પામનારા અને અધર્મ આચરનારા હોય છે. અધર્મથી જીવન જીવનારા હોય છે. તેવા પ્રકારના જીવો દુર્બલ સારા, કારણ કે આવા પ્રકારના જીવો ઘણા પ્રાણીઓને, જીવોને, આત્માઓને (એકેંદ્રિય - વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને) દુઃખથી લઈ પરિતાપાદિ કરવામાં લીન બનતાં નથી. આવા પ્રકારના જીવો દુર્બલ હોવાના કારણે પોતાના આત્માને અને બીજાઓને અથવા સ્વપરને ઘણી રીતે અધર્મમાં જોડતા નથી. એટલે કે બહુ પાપ કરતા નથી. અને કરાવતા નથી. આવા પ્રકારના જીવોનું દુર્બલ પણું સારૂં છે.

જે જીવો ધર્મી હોય તે સશક્ત સારા છે. તેઓ ઘણા પ્રાણીઓને જીવોને - આત્માઓને (એકેન્દ્રિય - વિકલેંદ્રિય અને પંચેન્દ્રિય જીવોને) દુઃખી કરતા નથી. યાવત્ પરિતાપ ઉપજાવતા નથી. વળી તે સશક્ત હોવાથી પોતાને અથવા બીજાને અથવા સ્વપરને ઘણી રીતે ધર્મમાં જોડે છે. અને બીજાઓને જોડાવનાર બને છે. આવા પ્રકારના જીવો ઘણા પ્રકારે ઉપવાસ, છઠ્ઠ - અઠ્ઠમ - દસ વિ. નાના પ્રકારના તપ કર્મથી આત્માને ભાવિત કરતાં વિચરે છે. આવા પ્રકારના જીવોનું બળવાન પણું સારૂં છે તેથી હે જયંતી ! એ પ્રમાણે કહેવાય છે કે કેટલાક જીવો બલવાન સારા કેટલાક દુર્બલ સારા એ પ્રમાણે ભગવતી સૂત્રમાં જયંતી શ્રાવિકાના પ્રશ્નનો પ્રભુએ ઉત્તર આપેલ છે.

દા.ત. મહાવીર પ્રભુના પૂર્વ ભવનો જીવ નંદનમુનિ, રાજા કુમારપાળ, સંપ્રતિ મહારાજા, પેથડમંત્રી, અભયકુમાર, દૃઢપ્રહારી, દ્રોણ, ગાંગેય, (ભીષ્મ પિતામહ) પાંડવો, ગજસુકુમાલ, ઢંઢણકુમાર આદિ જાણવા ઈતિ યુવાન દૃષ્ટાંતથી વિચારણા કરી તે આ ત્રીજો પુણ્યભેદ થયો ॥૩॥

તેવી રીતે કોઈ બાલક વિ. મુગ્ધ કે અંધ પહેલાંની જેમ શેરડીનો સાંઠો ચાવવા માટે સમર્થ નહિ હોવાથી શેરડીનો રસ માંગતાં અપર માતાએ આપેલો એરંડાનો રસ પીધો તે ચાવવા વિ. ક્રિયાનો પ્રયાસ કર્યા વિના પણ

જલ્દી પિત્તનો ઉપદ્રવ થતાં મૃત્યુ પામ્યો અથવા કોઢ વિ. મહા રોગ ને પામે છે.

એ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યક્‌દૃષ્ટિ અતિ ઉગ્ર કષાય-વિષય આદિને વશ થવાથી થયેલ અશક્તિના કારણે સમય સામગ્રી આદિના અભાવ આદિના કારણે મિથ્યાત્વ, આરંભાદિ દુષ્ટ ક્રિયા વિના પણ અતિ ઉગ્ર રૌદ્ર ધ્યાનાદિની પરિણતીથી ઉપાર્જન કરેલા ભારી કર્મોને કારણે સાતમી નરકમાં જાય છે. તંદુલ મત્સ્ય વિ. દૃષ્ટાંતો અહીંયા જાણવા બાલાદિની વિચારણાથી આ ચોથો પાપ ભેદ થયો ॥

એ પ્રમાણે જ કોઈક સારી દૃષ્ટિ વાળા બાલ વિ. એ શેરડીનો સાંઠો ચાવવાની અશક્તિ હોવાથી અથવા પોતાની ઈચ્છા પ્રમાણે ઈક્ષુનો રસ અથવા સાંઠાને માંગ્યો ત્યારે અધિક સ્નેહના કારણે માતાએ આપ્યો અને તેણે તે રસ પીધો તે ચાવવા વિ. ના પ્રયાસ વગર પણ શીઘ્રાતિ શિઘ્ર સંપૂર્ણ પિત્તના ઉપશમથી અનુપમ શીતલતાના સુખને ભોગવાનારો બને છે. એ પ્રમાણે કોઈક તેવા પ્રકારના ભવ્યાત્મા પૂર્વ ભવમાં કરેલા તપ, અનુષ્ઠાન વિ. વડે ઘણા કર્મોની નિર્જરા કરનારો અથવા કર્મની અલ્પતમ સ્થિતિવાળો સદ્‌ગુરુએ ઉપદેશેલા ઉપદેશનું ચિંતન કરવાથી પ્રાપ્ત થયેલ શુક્લ ધ્યાન રૂપ રસ ઈક્ષુ રસની જેમ પીએ છે. અને તેથી તપરૂપ અનુષ્ઠાનાદિમાં પ્રયાસ કર્યા વિના પણ ઘાતિ કર્મરૂપ પિત્તનોનાશ થવાથી કેવળ જ્ઞાનને પામે છે. સર્વ કર્મના ક્ષયથી મુક્તિ પણ પામે છે. દા.ત. મરુદેવા માતા, વસુદેવની સ્ત્રી કનકવતી, ભરત ચક્રવર્તિ, કુર્માપુત્ર, ઈલાપુત્ર, નાગકેતુ, પૃથ્વીચંદ્ર શ્રી આદિત્યયશાવિ. રાજાઓ ગુણસાર અને તેની પત્નિ વિ. જાણવા. આ પ્રમાણે બાલાદિની વિચારણાથી ચોથો પુણ્યનો ભેદ થયો.

એ પ્રમાણે આરંભાદિ પાપ રૂપ મિથ્યાત્વ અને સમ્યક્‌ત્વ તથા વિરતિ રૂપ જિનધર્મ ચાર ચાર પ્રકારના કરવાથી અને બન્નેના મેળવવાથી આઠ પ્રકારના થાય છે. તે ચાર પ્રકારે અને આઠ પ્રકારે ફલને આપે છે. એ પ્રમાણે પુણ્ય અને પાપને વિષે ચાર પ્રકારે વિચાર કરીને આગળ આગળ વધતા એક એકમાં પ્રયત્ન પૂર્વક વિચારીને હે બુધ્ધજન ! ગૃહસ્થીઓ એ

પ્રમાણે દાનમાં પ્રયત્ન કરો અને અજ્ઞાન ઉપર જયરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરો અથવા સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરો ॥૧॥

એ પ્રમાણે સદુપદેશ યુક્ત મહા મુનિસુંદરસૂરિની વાણીરૂપી અમૃતને જેઓ પીએ છે. તેઓ ભવના દુઃખથી ઉત્પન્ન થયેલા સંતાપને દૂર કરીને નિરંતર - અવિચલ અદ્વીતીય સુખને પામે છે. ॥૨॥

॥ ઈતિ તૃતીય અંશે ॥

એકી સાથે પુણ્ય - પાપ સ્વરૂપ વર્ણન નામનો

(પ્રથમ તરંગ પૂર્ણ થયો)

અંશ - 3 (તરંગ-૨)

શ્લોકાર્થ :- હે ભવ્ય લોકો ! જો જય રૂપી લક્ષ્મીની ઈચ્છા હોય તો આલોક અને પરલોકમાં પણ હીતકારી અને અનિષ્ટ ને દૂર કરનાર એવા આ ત્રણવર્ગના સારભૂત શ્રેષ્ઠ ધર્મમાં ઉજમાળ બનો ॥૧॥

તે વળી લૌકિક, લોકોત્તર વિ. ઘણા પ્રકારના ભેદો વડે કહ્યો છે. તેમાં પણ સર્વોત્તમ ફલ આપનાર જિનધર્મ સારભૂત છે.

જેમકે :- (૧) કંથેરીવન (૨) સમી બબ્બુલવન (૩) ગિરિવન (૪) નૃપવન (૫) સુરવન સમાન (૧) નાસ્તિકોનો (૨) ભીક્ષાચરોનો (૩) તાપસોનો (૪) શ્રાવકોનો અને (૫) યતિઓનો ધર્મ એ પ્રમાણે પાંચ પ્રકારના ધર્મો છે. આ સામાન્યથી અર્થ કહ્યો છે.

વિશેષ પ્રકારે ભાવાર્થ આ પ્રમાણે છે :- (૧) કંથેરીવન જેવી રીતે નિષ્ફલ (ફલવિનાના) હોય છે. અને ચારે બાજુ કાંટાઓથી વ્યાપ્ત હોવાથી લોકોને વાગવા વડે અનર્થકારી બને છે વળી તેમાં પ્રવેશવાનું અને નિકળવાનું દુઃખ કારક છે. એ પ્રમાણે નાસ્તિક ધર્મ બધી જ રીતે અલ્પ પણ શુભ ફલને આપતો નથી અને આલોકને વિષે તિરસ્કાર વિ. પરલોકમાં નરકગતિ વિ.

દુઃખ દાયક, અનર્થ કારક બને છે. વળી તેમાં લોકો તરફથી નિંદા, તિરસ્કાર, રાજા તરફથી દંડ વિ. ની ભીતીથી પ્રવેશ દુષ્કર છે. અને જેઓ પ્રવેશ કરી ગયેલા છે. તેઓનું સ્વેચ્છા પૂર્વક મધ - માંસ વિ. ભક્ષણ, સ્વ અને પરસ્ત્રીના વિશેષ પ્રકારે ભોગાદિ વિષય સુખના સ્વાદમાં લંપટતા વિ. ના કારણે તેમાંથી બહાર નીકળવું દુર્ગમ છે. તેથી તે સર્વથા સંપૂર્ણ પણે છોડવાજ લાયક છે. "દુર્ગતિમાં પડતા જીવોને જે ધારે છે (બચાવે છે)" તેને ધર્મ કહેવાય છે. ઈત્યાદિ અર્થ ઘટનમાં અભાવ હોવા છતાં પણ તેના આશ્રિત લોકો વડે ધર્મ ધારણ કરવાથી ધર્મનો ઉપચાર કર્યો છે. એ પ્રમાણે આગળ ઉપર પણ એ પ્રમાણે વિચારવું ઈતિ **પ્રથમભેદ** ॥૧॥

(૨) **સમી બબ્બુલ વન :-** ઉપલક્ષણથી ખદીર (ખીજડાનું ઝાડ), બોર, કેરડો વિ. ના વન એકલા અથવા મિશ્ર કહ્યા છે. (જાણવા) તેમાં વિશેષ પ્રકારના ફળો હોતા નથી. પરંતુ કંકાહ, સંગર, કરીર, બબ્બુલ (બાવળ)ના ઝાડમાં ઉત્પન્ન થયેલા ફળો સામાન્ય અને નિરસ હોય છે. સંગર ના ફળો પ્રસિધ્ધ છે. શરૂઆતમાં કંઈક મીઠું હોય છે. તે કાંટાથી વ્યાપ્ત હોવાથી કાંટા વાગવાથી અનર્થના કારણ ભૂત થાય છે.

એ પ્રમાણે બૌધ્ધોનો ધર્મ બ્રહ્મચર્ય વિ. કેટલાક ક્રિયા ધ્યાનાદિ યુક્ત હોવાને કારણે વ્યંતર દેવાદિ કંઈક શુભ ફલને આપે છે. કોમળ શૈયા, પ્રભાતે પીણું (દુધ, વિ. પ્રવાહી) મધ્યાહ્ને ભોજન, મધ્યરાત્રિએ દ્રાક્ષાસ્ત્રવ અને સાકર લેવાથી અન્તે શાક્ય પુત્રે (બુધ્ધે) મોક્ષ જોયો છે. ॥૧॥ મુનિએ સુંદર ભોજન કરવું, કોમળ (સુંદર મુલાયમ) શયન, આસન રાખવું, સુંદર ઘરમાં રહેવું અને સુંદર ધ્યાન કરવું ॥૧॥ ઈત્યાદિ વચનથી શરીરને સારી રીતે પુષ્ટ કરનાર, મનને અનુકુલ આહાર શય્યાદિના પરિભોગથી, પાત્રમાં પડેલા માંસાદિનો પણ ત્યાગ નહિ કરવાથી અને જીભને (મુખને) મીઠો હોવા છતાં પણ ભવાન્તરે દુર્ગતિઆદિ અનર્થ ફલને આપતો હોવાથી તે પણ છોડવા યોગ્ય જ છે. આ પ્રમાણે **બીજો ધર્મ ભેદ** થયો (૨)

(૩) **ગિરિવનો :-** તે જુદા જુદા પ્રકારના હોય છે. ઉપલક્ષણ થી જંગલો, ઉદ્યાનો ગ્રહણ કરવા તેમાં કેટલાક ઝાડો સ્નુહિ (રસ ઝરતાં) કંથેરી -

કુમારી વિ. ફલને આપનારા અને કંટકાદિ વાગવાથી અનર્થકારી હોય છે. ॥૧॥ કેટલાક ધવ, સલ્લકી (ઘાસની જાત) પલાશ, પનસ, શિંશપ વિ. નિઃસાર, નિષ્ફલ (ફલ વગરના) અને વિશેષ રીતે અનર્થ ઉત્પન્ન કરનારા છે. ॥૨॥ કેટલાક બોરના ઝાડ, શમી, ખદીર આદિના ઝાડો નિસ્સાર શુભફળ વાળા પરંતુ કંટકો વડે ઘાવ કરનારા આદિ અનર્થને કરનારા છે. કેટલાક કીમ્પાકાદિ વૃક્ષોના ફળો ખાવામાં મીઠા પરિણામે રસ વિનાના ફળવાળા છે. ॥૪॥ કેટલાક ઉદુમ્બર, બીજોરાદિ નિસ્સાર ફળવાળા અને કંટક વિનાના હોવાથી (અભાવથી) અનર્થ ને નહિ કરનારા હોય છે. ॥૫॥ કેટલાક નારંગી, જાંબુ, કરણ વિ. ના ઝાડો મધ્યમ પ્રકારના ફલવાળા અને અનર્થ નહિ કરનારા હોય છે ॥૬॥ કેટલાક રાજાદન (રાયણ) આંબા, પીયંગુ વિ. રસ યુક્ત સારા પુષ્પ અને સારા ફળ વાળા હોય છે. અહીંયા આ ઝાડો (માલિકી વગરના જંગલના જાણવા) ગ્રહણ કરેલા એટલે કે રાજાના ઉદ્યાનમાં થયેલા ગણવા (જાણવા) ॥૭॥ એ પ્રમાણે તરતમતાથી અધમ - મધ્યમ અને ઉત્તમ ઝાડોના વિવિધપણાથી ગિરિવનો પણ વિવિધ (વિચિત્ર) પ્રકારના હોય છે.

તેવી રીતે તાપસો જે કહ્યા છે. તે શ્રી ઋષભદેવ પ્રભુના સમયમાં થયેલા (ધરમ નહિ સમજનારા) જે પહેલાં થયાં છે. તે તાપસો ગ્રહણ કરવા તેના ઉપલક્ષણથી નૈયાયિક, વૈશેષિક, જૈમીનીય, સાંખ્ય, વૈષ્ણવ આદિને આશ્રયીને રહેલા બધાજ લૌકિક ધર્મો ગ્રહણ કરવા અને ચરક પરિવ્રાજક આદિ પણ લેવા વળી તેઓ જુદા જુદા હોવાથી જુદા જુદા ફલ આપનારા છે.

તે આ પ્રમાણે કેટલાક મહાયજ્ઞ, સ્નાન, હોમ આદિ કંથેરી વિ. ની જેમ પ્રાયઃ કરીને પરલોકમાં નરકાદિ અનર્થરૂપ ફલ આપનારા છે. કેટલાક આ લોકને વિષે પણ તુરુમીલ્લી નગરીના દત્તરાજાની જેમ કોઈપણ જાતના શુભફલવાળા નથી. અને તેવી રીતે આરણ્યક (ઉપનિષદ)માં કહ્યું છે કે "જેઓ અહીંયા "જે જે રીતે યજ્ઞમાં પશુઓને પ્રવેશ કરાવે છે. તેઓ"

તેવી રીતે શુક સંવાદમાં કહ્યું છે કે :- યૂપખોદીને પશુઓને હણીને,

લોહીનો કાદવ કરીને જો એ પ્રમાણે સ્વર્ગમાં જવાય છે તો નરકમાં કેવી રીતે જવાશે ?

સ્કંધ પુરાણમાં પણ કહ્યું છે કે :-વૃક્ષોને છેદીને, પશુઓને હણીને, લોહીનો કાદવ કરીને, તિલ, ઘી આદિ અગ્નિમાં હોમીને સ્વર્ગની અભિલાષા (ઈચ્છા) કરવી તે એક આશ્ચર્ય છે. ઈત્યાદિ

કેટલાક અપાત્રમાં દાન અશુધ્ધ દાન, ગાયત્રી આદિના જાપ વિ. ધવ, પલાશ વિ. ની જેમ પ્રાયઃ કરીને ફલ વગરના બને છે. વિશેષ સામગ્રી વડે કેટલાક ફલને આપનારા અને અનર્થ કરવા વાળા હોવાથી વનને વિષે અને ધર્મને વિષે વિવિક્ષા (વિચારણા) કરી નથી.

અહીંયા હંમેશા લાખનું દાન કરનારા ગજ્જીભૂત શ્રેષ્ઠિ દાનશાલાદિ બંધાવાના કારણે, મહાદાનાદિ પ્રવર્તાવનારા નંદન મણિયાર, સેચન ગજ્જીભૂત, લાખ મૂલ્યવાળું ભોજન કરાવનાર બ્રાહ્મણાદિના દૃષ્ટાંતો જાણવા.

કેટલાક પાપકારી અનુષ્ઠાન તપ, નિયમ, દાન વિ. વૃક્ષારોપણ, વાવ, કૂવા, તળાવ આદિ ખોદાવવા, અનીતિ દ્વારા દ્રવ્ય ઉપાર્જન અને કુપાત્રમાં દાન વિ. બોર, શમી વૃક્ષની જેમ કેટલાક રાજ્ય વિ. અસાર-શુભ ફલને દુર્લભ બોધિપણું, હીન જાતિ પણું, પરિણામમાં વિરસતા (શુભ નહિ) આદિ અનર્થને આપનારા થાય છે. કોણિકના પૂર્વ ભવના તપની જેમ અને જે લોકોત્તર મિથ્યા દૃષ્ટિ સુદૃઢ, આદિ દેવ વિ. પણામાં ઉત્પન્ન થયેલા અને ચીરકાલ સંસારમાં ભટકનારા તે પણ મિથ્યા તપમાં તત્પર (લીન) પણાથી આજ ભાંગામાં જાણવા.

કેટલાક તો કિંપાક ફલ વિ. ની જેમ તે તે પ્રકારના કદાગ્રહ દેવગુરુ આદિ પ્રત્યે શત્રુતા (અરુચિ, અનાદર) વિ. વિશેષ ભાવના કારણે તેવા પ્રકારના તપ, અનુષ્ઠાન વિ. એક વાર સ્વર્ગાદિ ફલને આપીને ચીરકાલ સંસારમાં તીર્યંચપણું, નારક વિ. દુઃખને આપનારૂં બને છે. ગોશાલક અને લાન્તક દેવલોકની નીચે તેર સાગરોપમના આયુષ્યવાળો કિલ્બિષિપણે ઉત્પન્ન થયેલો જમાલી વિ. ની જેમ (દુઃખ આપનાર બને છે.)

કેટલાક ભદ્રક ભાવે વિશેષ પાત્ર ગુણને નહિ જાણતાં દાન, પૂજા વિ. કરનારા, મિથ્યાત્વના અનુરાગ વડે કરીને ઉદુમ્બરાદિની જેમ કંઈક રાજ્ય, નર ભોગ્ય સામગ્રી, આદિ અસાર શુભ ફલને જ પામે છે. પરોપકાર માટે દાનને આપનારા સુંદરવણિક આદિની જેમ. હવે સુંદર વણિકની કથાનો સંબંધ આ પ્રમાણે છે.

સુંદર વણિકની કથા

ઉજ્જયનીનગરીમાં શ્રી વિક્રમ નામનો રાજા હતો ત્યાં ધનવાન પણ મિથ્યાદૃષ્ટિ સુંદર નામનો શ્રેષ્ઠિ હતો. તેને યશોમતિ નામની સ્ત્રી હતી. અને પ્રિયવર્ધન નામે પુત્ર હતો. હવે એક વખત દૈવયોગે દરિદ્ર અવસ્થા આવી ગઈ. તેથી ખીન્ન (દુઃખી) થયેલો એવો તે સ્વજનમાં પરાભવ થશે એમ માનતો કુટુંબ સાથે પરદેશ તરફ ચાલવા લાગ્યો. રસ્તામાં તેને અલ્પ સંખ્યાવાળા માણસોનો સાર્થ મલ્યો. એક વખત કોઈક સરોવરના તીર (કાંઠા) પાસે તે સાર્થની સાથે ભોજન કરતાં કોઈકે કહ્યું રે ! રે ! કોઈક આત્માનો પુણ્યોદય દેખાય છે. કારણ કે કોઈક સાધુ આવે છે.

મુનિ આવતાં સાર્થમાં રહેલા લોકો ધન્યતા અનુભવે છે. ઉઠો-ઉઠો આ મુનિને નમસ્કાર કરીને સ્વેચ્છા પૂર્વક ભીક્ષાને આપો ત્યારે તે સુંદર વણિકે પણ મિથ્યાદૃષ્ટિ હોવાં છતાં પણ તેઓના કહેવાથી ભાવ વિના પણ (શરમથી) તપસ્વિ (મુનિ) ને કંઈક ભીક્ષા આપી સાધુ ચાલ્યા જતાં તે સર્વે જમી જમીને પોત પોતાના સ્થાને ગયા અને સુંદર પોતાના કુટુંબ સાથે નગરમાં આવ્યો.

હવે નગરમાં આવેલા તેને લોકો અપરિચિત હતા છતાં ભાઈની જેવો સંબંધ લોકો સાથે થઈ ગયો. દાનના પ્રભાવથી શું નથી બનતું ? તેણે બીજા વેપારીઓની દુકાનો વચ્ચે દુકાન માંડતાં. વેપારીઓ ચંદ્રનો ઉદય થતાં કમળની જેમ સંકોચાવા લાગ્યા.

એક વખત દુકાનેથી ઘેર આવેલા એવા સુંદરને ઠંડીથી વેલડીની જેમ તેજ હીન થયેલી યશોમતિ આ પ્રમાણે કહેવા લાગી હે શ્રેષ્ઠિ ! જે ચાલીને

આવતાં સેવક ભક્તની જેમ માર્ગમાં તમારી પાસેથી ખસ્યો નથી અને જે મને પ્રાણ સરિખો હતો તે કૃતજ્ઞ મોતિ નામનો કૂતરો મૃત્યુને પામ્યો છે. તેથી તેને પુત્રની જેમ માનીને ભોજન છોડી દેવું અર્થાત્ ભોજન કરવું યોગ્ય નથી. તે સાંભળીને સુંદર આ પ્રમાણે બોલ્યો કે માર્ગમાં કોઈના કહેવાથી મેં જે દાન આપ્યું હતું તે દિવસથી મને શુભ ફલ મળે છે. જેથી કૂતરો અકાળે મર્યો છે તે પણ શુભ ને કરનારૂં મને જણાય છે. એમ કહીને બલાત્કારથી યશોમતિને ભોજન કરાવ્યું પછી એક વખત સુધાથી (કળી-ચુનાથી) લેપાયેલું તેના ઘરનું અગ્રદ્વાર અકસ્માત્ (ઓચિંતું) મૂળથી ભાગ્ય હીનની જેમ પડી ગયું અને ટુકડાઓ થઈ ગયા. એટલે ચૌટામાં જઈને તે યશોમતિએ તે શ્રેષ્ઠિને તે વાત કરી તેણે ઉત્તર આપ્યો આ પણ થયું તે સારૂં થયું એમ જણાય છે.

હવે એક વખત સુવર્ણ કમળો વડે પોષાતી (પાલણ કરાતી) હોવા છતાં અને રોષ વિના વળી પિતાએ બોલાવી ન હોવા છતાં પૂત્રવધુ પિતાને ઘેર જતી રહી. આ પ્રમાણે યશોમતિએ સુંદરની આગળ કહેતાં અંતરમાં વિચાર કરીને તેવા જ પ્રકારનો પ્રત્યુત્તર આપ્યો તે પછી એક વખત સાંકડી ગલી વાળી શેરીમાંથી પાછળથી ચલાવી રહેલા બળદોમાંથી એક બળદ છુટો પડી ગયો તેમાં દેશી વેપાર કરનારાનો જાતિ રત્નથી ભરેલી ગુણીવાળો એક બળદ પુણ્યના ભંડારની જેમ તેના ઘરમાં ઘૂસી ગયો. વિચારવાન એવા સુંદરે પ્રવેશ કરેલા બળદને જોઈને ચારે દિશાઓમાં ધ્યાન રાખીને ગોણિને લઈ તેને મૂકીને તે બળદને કાઢી મૂક્યો.

પછી ગોણિને ખાડો ખોદી તેમાં તે મૂકીને ઉપર લેપ કરીને કલ્યાણકારી સ્વસ્તિકનું નિશાન કર્યું પછી ઘણા દિવસો ગયા પછી તેને બહાર કાઢીને જાતિરત્નો જોયા અને વિચારીને યશોમતિ ને કહ્યું કે જો કૂતરો મર્યો ન હોત તો કર્કશ ભસતો એવો તે દોડ્યો હોત (સામે ધસ્યો હોત) અને બળદે તેના આ ત્રાસથી તારા ઘરમાં પ્રવેશ પણ ન કર્યો હોત (કરી શકત) તે મર્યા છતાં પણ જો મારા ઘરનું દ્વાર પડ્યું ન હોત તો આ બળદ ગુણી સાથે ઘરમાં આવી શક્યો ન હોત વળી આને પ્રવેશ કર્યો પણ જો પૂત્રવધૂ પિતાને ઘેર ગઈ ન હોત તો કોઈપણ સ્થાને તેણે કહ્યું હોત અને તેથી લોકોમાં આ ખુલ્લુ

થઈ જાત તેથી આ લાભનો વૃંતાત ત્રીજાએ જાણ્યો નથી. તેથી નિશ્ચિત આ આપેલા દાનનોજ પ્રભાવ છે. આ પ્રમાણે તપસ્વીને આપેલા દાનના પ્રભાવમાં વિશ્વાસ થવાથી મિથ્યાત્વ ભાવને છોડી દઈ હંમેશા દાન આપવામાં ઉજમાળ (તત્પર) થયો.

એક વખત તે નગરના રાજાને પેટમાં શૂલ ઉપડી વિવિધ પ્રકારે ઉપાયો કરવા છતાં પણ તે શૂલ શાન્ત ન થતાં તે નગરમાં મંત્રિએ પડહ વગડાવ્યો. સુંદર શ્રેષ્ઠિએ તેને સ્પર્શ કરીને શૂલને (દુઃખાવાને) છેદનારા રત્નવાળી વીંટીને પાણીમાં હલાવીને તે પાણી રાજાને પાઈને રાજાને સારો (નિરોગી) કર્યો તેથી સંતુષ્ટ થયેલા તે રાજાએ તેને નગર શેઠ બનાવ્યો. પછી તે શ્રેષ્ઠિપણું ઘણાં વર્ષો સુધી પાળીને સમય પ્રાપ્ત થયે છતે ચારિત્રનો સ્વીકાર કરીને દેવ થયો યાને સ્વર્ગમાં ગયો.

આ પ્રમાણે કોઈના કહેવાથી (પ્રેરણાથી) દાન દેવામાં સુંદર શ્રેષ્ઠિની કથા પૂર્ણ થઈ.

જિનધર્મને આશ્રિત હોવા છતાં પણ નિદાન પૂર્વક, અવિધિ પૂર્વક તપ, દાન વિ. પણ આ ભાંગામાં જાણવા તેને કરનારા સૂર્ય - ચંદ્ર, બહુપુત્રિકા વિ. ના દૃષ્ટાંતો આમાં જાણવા.

કેટલાક ઘણા સાવદ્ય (પાપકારી) નહિ એવા તાપસાદિ ધર્મો કન્દમૂલ, ફલાદિ સચિત્ત ભોજનાદિ કરનારા, અલ્પ તપસ્વીઓ (તાપસો) ને નારંગી, જાંબુ, કરણ આદિ તરુની જેમ વિમધ્યમરૂપ જ્યોતિષિક, ભવનપતિ આદિ દેવ ઋધ્ધિના ફલને આપનારા છે. શ્રી વીર પ્રભુના પરિવ્રાજક તરીકેના પૂર્વભવો, પૂરણ શ્રેષ્ઠિ વિ. ની જેમ રોષ પૂર્વક, ગૌરવ પૂર્વક વિ. પ્રમાદ સહિત સંયમ વિ. પણ આજ રીતે ફલને આપનારા સમજવા મંડુકીનો વધ કરનાર, ક્ષપક મુનિ, મંગુ આચાર્ય વિ. ની જેમ અને કેટલાક તામલિતાપસ વિ. ની જેમ, ઉગ્રતપવાળા ચરક પરિવ્રાજક વિ. ધર્મો, જિનમતને સારી રીતે સમજેલાઓએ છોડવા યોગ્ય જ છે. ઈતિ ત્રીજો પુણ્ય (ધર્મ) ભેદ વિચાર્યો॥૩॥

નિવણત્તિ :- રાજાના વન (ઉદ્યાન) સમાન શ્રાવકોના ધર્મો છે. ઉપલક્ષણથી શ્રેષ્ઠિજન વ્યવાહરી (વેપારી) વિ. ના વનો પણ ગ્રહણ કરવા

રાજાઓના વનમાં આમ્ર, જાંબુ, રાયણ આદિના જઘન્ય વૃક્ષો, કેળા નાળીયેરી, સુપારીઆદિ મધ્યમવૃક્ષો, માધવી, લત્તા, તમાલ, ઈલાયચી, લવિંગ, ચંદન, અગરુ, તગર આદિ ઉત્તમવૃક્ષો, ચંપો, રાજ ચંપક, જુઈ, પાટલ વિ. ફુલોના ઝાડ વિવિધ પ્રકારના હોય છે. અને તેઓ બધાય, પાલણ વગરના, સિંચ્યા વગરના ગિરિવનથી પ્રાયઃ અધિક, ફળ, પાન, પૂષ્પથી શોભાવાળા ગ્રહણ કરાયેલા સારીરીતે રક્ષણ કરાયેલા અને હંમેશા સિંચાતા વિવિધ પ્રકારના રસ યુક્ત મહામૂલ્યવાળા ફળો આપે છે.

એ રીતે શ્રાવક ધર્મો પણ સમ્યક્ત્વયુક્ત વ્રતોને આશ્રયીને ૧૩૦૦ (તેરસો) ક્રોડથી અધિક વિવિધ પ્રકારના ભેદવાળા હોવા છતાં પણ સમ્યક્ગુરુની પાસે અંગીકાર કરેલ હોવાથી પરિગ્રહિતા, અજ્ઞાનમય લૌકિક ધર્મોથી અધિક જ્ઞાનના કારણે અતિચાર, વિષય, કષાય વિ. જંગલી પશુઓથી સારી રીતે રક્ષાયેલા, ગુરુના ઉપદેશથી, આગમના અર્થના અભ્યાસ વિ. થી હંમેશા સારી રીતે સિંચાતા હોવાથી પહેલા સૌધર્મ દેવલોકના સુખો ને જઘન્ય ફલ, સુલભ બોધિપણા વડે કરીને નિશ્ચિત આસન્ન (નજીકમાં) સિધ્ધિકારી પણા વડે મિથ્યાત્વીના સુખોથી સુંદર, આનંદ શ્રાવક વિ. ની જેમ સુખો આપે છે. ઉત્કૃષ્ટથી જીરણ શ્રેષ્ઠિની જેમ બારમાં અચ્યુત દેવલોકના સુખોને પણ આપે છે. તેથી સર્વ પુરુષાર્થ વડે સ્વીકાર્ય અને અધિક અધિક આરાધવા યોગ્ય છે. ઈતિ ધર્મનો **ભાવથી ચોથો** (૪) **ભેદ** થયો.

હવે સુરવન સરિખા યતિ ધર્મો છે તે કહે છે :- સુરવનોમાં જ ઋધ્ધિના જુદાજુદા પણાથી (તારતમ્યતાથી) ક્રીડાવન અને નંદનવન વિ. ના વિષે પણ નૃપવનની જેમ જઘન્ય, મધ્યમ અને ઉત્તમ વૃક્ષો હોય છે. સર્વ ઋતુનાફલ આદિ વડે કરીને દિવ્ય પ્રભાવથી સર્વરોગ, વિષ વિ. નું દૂરપણું મનમાં ધારેલું રૂપ કરવાપણું, ઘડપણ, શરીર પર પડતી કરચલી, વાળના સફેદપણાનો નાશ કરનાર, ચક્ષુ આપવા આદિ બહુ શક્તિના પ્રભાવવાળી ઔષધી, પત્ર, ફલ, પુષ્પ વિ. વડે પહેલા કહેલાં સર્વ વનોથી અધિક મહિમાશાલી, સૌભાગ્ય શાલી, લત્તા, તરુ વિ. તેમાં હોય છે. જો કે ક્યારેક ગિરિવનાદિમાં પણ મહિમાશાલી વૃક્ષ લતા વિ. હોય છે. ત્તો પણ પ્રાયઃ કરીને દેવતા અધિષ્ઠિત

હોવાથી સુરવનમાં જ ગણ્યા છે અથવા ગણના કરી છે. નંદનવનાદિમાં કલ્પવૃક્ષોબહુ હોય છે. અનેક પ્રકારે સર્વ પ્રાણિઓને ફલ આપનારા છે.

એ પ્રમાણે ચારિત્ર ધર્મો પણ પુલાક, બકુશ કુશીલ, નિગ્રંથ, સ્નાતક વિ. વિવિધ પ્રકારનાભેદવાળા છે. શ્રાધ્ધ - યતિ - ધર્મની વિરાધના કરનારાઓનો મિથ્યાદૃષ્ટિ ધર્મોમાં જ સંગ્રહ હોવાથી તેઓને ગિરિવનસમા ગણ્યા છે. અને અવિરાધિત સાધુજનોને જઘન્યથી પણ સૌધર્મ દેવલોકની ઋધ્ધિના સુખના ફલને આપે છે. પ્રાયઃ કરીને શ્રાવક ધર્મવાળાને જઘન્ય સુખ મલે છે. તેનાથી અધિક સુખ સાધુને જઘન્યથી હોય છે. (મલે છે.) દા.ત. પૂર્વભવમાં વર્ધમાન આયંબીલ તપ કરનાર સાધુ પોતાના તેજથી અલ્પ એવા સર્વ સૌધર્મેન્દ્રની સભા સમૂહના તેજને પણ હણનાર બને છે. જેમકે બીજા દેવલોકથી આવેલા દેવ વિ. ની જેમ.

બારમા દેવલોક, ગ્રૈવેયકાદિના સુખો મધ્યમ જાણવા, સાંસારિક ઉત્કૃષ્ટ સુખો અનુત્તરવાસિ દેવોના જાણવા અને સંસારથી પર મોક્ષફલને આપે છે. તેથી તે બધા ઉત્તરોત્તર આરાધવા યોગ્ય છે. અત્ર ગતિસંગ્રહની ગાથા.

मुच्छिमनिरिभवणवणे, पणिंदि सहसारिमिच्छनरवंभे ।
अच्चु अ सङ्खअभव्वा, गेविज्जे मुणि सिवे धम्मा ।।१।।

પોતાની બનાવેલી આ ગાથાનો કાંઈક અર્થ (વ્યાખ્યા) કરે છે :-

સંમુર્છિમ તિર્યંચોને પહેલું જ ગુણસ્થાનક જ હોવાથી મિથ્યા તપ, ક્રિયા વિ. ના કારણે અથવા અકામ નિર્જરાદિના કારણે ઉત્કૃષ્ટથી ભવનપતિ અને વ્યંતરમાં ઉત્પન્ન થાય છે. પ્લયોપમના અસંખ્યભાગવાળા આયુષ્યમાંજ ઉત્પન્ન થાય છે. પરંતુ જ્યોતિષિકાદિમાં નહિ કારણ કે તેઓનું જઘન્યથી પણ પલ્યોપમના આઠમા ભાગનું આયુષ્ય હોવાથી તેમાં ઉત્પન્ન થાય છે. (ભવનપતિ, વ્યંતરમાં) સંમુર્છિમ તીર્યંચ કરતાં મિથ્યાત્વી ગર્ભજ તીર્યંચ પંચેદ્રિય પાંચમા બ્રહ્મદેવલોક સુધી જાય છે. ત્યાંથી આગળ (નહિ જઈ શકતા હોવાથી) ગતિનો અભાવ હોવાથી.

જાતિસ્મરણ વિ. ના કારણે અથવા જ્ઞાની પુરુષોના ઉપદેશ વડે બોધિ (સમ્યક્ત્વ) પ્રાપ્ત કરેલાઓ જૈન તપ, ક્રિયા વિ. કરવા થકી ઉત્કૃષ્ટથી

આઠમા સહસ્ત્રાર દેવલોક સુધી જાય છે. અરવિંદ ઋષિથી બોધિ પામેલા શ્રીપાર્શ્વપ્રભુના હાથીના ભવનો જીવ વિ. ની જેમ.

મિથ્યાદૃષ્ટિ મનુષ્યો, તામલિ તાપસ, પૂરણ વિ. ની જેમ બહુતપ કષ્ટકારી અનુષ્ઠાન વિ. કરવા થકી પણ ઉત્કૃષ્ટથી પાંચમાં બ્રહ્મદેવ લોક સુધી જાય છે.

શ્રાવકો ઉત્કૃષ્ટથી બારમા અચ્યુત દેવલોક સુધી, મિથ્યાત્વી અભવ્યો પણ સાંસારિક સુખની અભિલાષા રાખવા વડે સમ્યક્ ચારિત્ર, દુષ્કર તપ, ક્રિયા કરવા થકી નવ ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થાય છે.

દ્રવ્ય અને ભાવ એ બન્ને ચારિત્ર ધરનારા મુનિઓ અને ગૃહસ્થ વેષાદિ ધરનારા ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાનવાળા અંતે વલ્કલચીરી, ભરતાદિની જેમ મોક્ષે જાય છે. અને અન્તકૃત કેવલી (કેવળજ્ઞાન થયા પછી તૂર્તજ મોક્ષે જનારા) મરૂદેવા માતા વિ. ની જેમ પણ મોક્ષે જાય છે. ઈતિ સામાન્યથી ગતિનું સ્વરૂપ વિચાર્યું.

વિભાગ કરતાં તો તાપસ જ્યોતિષી સુધી, ચરક, અને પરિવ્રાજક પાંચમા બ્રહ્મદેવલોક સુધી, પંચેન્દ્રિય તીર્યંચ આઠમા સહસ્ત્રાર દેવલોક સુધી, શ્રાવકો બારમા અચ્યુતદેવલોક સુધી, ચૌદ પૂર્વિઓ લાંતક (છઠ્ઠા) દેવલોક સુધી, અને તાપસ વિ. વ્યંતરપણામાં ઉત્પન્ન થાય છે. ઈતિ આગમથી જાણવું.

આ પ્રમાણે સર્વશ્રેષ્ઠ પાંચમો ધર્મ ભેદ વિચાર્યો.

ગાથાર્થ :- હે ભવ્યો ! આ પ્રમાણે પાંચ પ્રકારના ધર્મમાં (નો) વિચાર કરીને તે ઉત્તરા (છેલ્લા) બે ભેદને વિષે પ્રયત્ન કરો જેથી કરીને મોહ ઉપર જયરૂપી લક્ષ્મી મેળવવા વડે કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી સુલભ અને જલ્દી તમોને પ્રાપ્ત થાઓ ઈતિ.

ધર્મના યોગ્ય અયોગ્યપણાના વિષયમાં ૩ જા અંશે પાંચ પ્રકારના વનના દૃષ્ટાંત યુક્ત પુણ્યના પ્રકાર બતાવતો પુણ્ય પ્રકાર દર્શન નામનો

॥ દ્વિતીય સ્તરંગ પૂર્ણઃ ॥

અંશ - 3 (તરંગ - 3)

શ્લોકાર્થ :- હે ભવ્યો, જય રૂપી લક્ષ્મીની, સુખની અને અનિષ્ટ દૂર કરવાની ઈચ્છાવાળાએ ત્રણે વર્ગમાં સારભૂત એવા આ લોક અને પરલોકમાં હીતકારી એવા શ્રેષ્ઠ ધર્મમાં ઉજમાળ બનો ॥૧॥

તે દુર્લભ છે. સુખના અર્થિઓ અત્યંત મોહને વશ પડેલા તેવા તેવા પ્રકારના ઘણા કર્મો બાંધે છે. જેથી કરીને દુઃખની પરંપરાને પામે છે. ॥૨॥

વળી સદ્‌ગુરુથી પ્રાપ્ત થયેલા તેના ઉપાયોવાળા થોડા એવા કેટલાક સુખાર્થિઓ હોવા છતાં જુદા જુદા સુખીઓ પણ પરિણામવાળી પ્રવૃત્તિવાળા હોય છે. ॥૩॥

જેમકે :- (૧) પતંગીયા (૨) દંશક (૩) મત્સ્ય (૪) સર્પ (૫) મૃગ (૬) માસાહસ પક્ષી (૭) બીલાડો (૮) પોપટ (૯) હાથી (૧૦) સિંહ (૧૧) ભારંડ પક્ષીની જેમ સુખાર્થિ મનુષ્યો દુઃખને અને સુખને પામે છે. ॥૪॥

(૧) નાસ્તિક (૨) બલાત્કારથી પિંડ લેનારા (૩) નોકર (૪) રાજા (૫) મિથ્યાદૃષ્ટિ (૬) પાસત્થા (૭-૮-૯) ત્રણ પ્રકારના ગૃહસ્થી (૧૦-૧૧) બે પ્રકારના મુનિ. આ અગ્યાર જનો કુગતિ અને સુગતિમાં જનારા થાય છે. ॥૫॥

હવે એની વ્યાખ્યા કરતાં કહે છે. અહીંયા પ્રથમ શ્લોકમાં અગિયાર દૃષ્ટાંતો છે અને બીજી ગાથામાં જેના ઉપર દૃષ્ટાંતો ઘટાવવાના છે તેવા જીવો છે. તે આ પ્રમાણે પતંગીયા વિ. સુખના અર્થિ હોવા છતાં પણ અજ્ઞાન, મોહ, પરતંત્રતા અને જ્ઞાન, નિર્મોહ, સ્વતંત્રતા વડે કરાતા કર્તવ્યના કારણે દુર્ગતિમાં અને સુગતિમાં જાય છે. અને દુઃખી અને સુખી થાય છે. તેવી રીતે વિશેષ પ્રકારે ધર્મસાધના અરિહંત વિ. ના યોગના કારણે તેની મુખ્યતાથી મનુષ્યના ઉપચારથી મનુષ્યો પણ કેવલ સુખના અર્થિ હોવા છતાં અજ્ઞાન, મોહ વિ. ના વશપણાથકી અને અવશપણા થકી કરેલા પોત પોતાના કર્મોથકી દુઃખી અને સુખી થાય છે.

બીજી ગાથામાં કહેવાયેલા નાસ્તિક વિ. અગ્યાર એ પ્રમાણે અગ્યાર પ્રકારના છે ઈતિ ગાથાનો સાથે મળીને અર્થ થયો હવે પ્રત્યેક દૃષ્ટાંત ને દૃષ્ટાંત વાળાની સાથે યોજવા વડે બે ગાથાનો વિચાર (વિનિમય) આ પ્રમાણે છે.

(૧) **ચક્ષુ ઈન્દ્રિયને** વશ થવાથી તેજ માત્રમાં વિશેષ મોહિત થયેલા પતંગિયા હિત અહિતના વિચારની શૂન્યતાના કારણે સુખનાઅર્થિ હોવા છતાં ઝડપથી દીપની જ્યોતિ (અગ્નિ)માં પડતાં બળવાના દુઃખને જ અનુભવે છે.

તેવી રીતે નાસ્તિકો :- પાંચ પ્રકારના વિષય સુખની લંપટતાથી માત્ર આ લોકના જ સુખના અર્થિઓ પરલોકના સુખની શ્રેણિને પ્રાપ્ત કરવાના ઉપાયોની વિચારણા કરવામાં શૂન્ય, નરકાદિના દુઃખને અવગણિને સુખના અર્થિ હોવા છતાં પણ નાસ્તિકવાદ રૂપી અગ્નિમાં પડેલા અનંત દુઃખરૂપ દાહને મેળવનાર જ થાય છે. ઈતિ પ્રથમ દૃષ્ટાંત અને દાષ્ટાંતિક યોજના ॥૧॥

(૨) **મસય** :- જેવી રીતે મચ્છરો ઉપલક્ષણથી ડાંસ વિ. મનુષ્ય, સિંહ, હાથી, બળદ વિ. ના દંશો વડે રક્ત પીવાના કારણે બીજાને પીડા -સંતાપ આપવા થકી જ આજીવિકા વડે જીવનારા મરણ સુધીનું આવતું દુઃખ ભૂલીને દંશતા એવા તેઓ તેના વડે જ મરે છે. અહીંયા અને પરભવમાં દુઃખને પામે છે.

એ પ્રમાણે **"બલ પિંડોલગત્તિ"** એટલે કે બલાત્કારથી ભીક્ષા લઈને જીવનારા ચારિક, કંગક, નપુંસક (પાવૈયા) કોઢની વ્યાધિવાળા, નાવિક, ઝીણું ઝીણું બોલનારા, મુંડનવાળા, સર્પને ધરનારા વિ. (માંગણ જાતો) ઉપલક્ષણથી ચોર, ઉઠાઉગીર, ચાડીયા, જેલમાં પડેલા અને માર્ગથી વિમુખ, દામ્ભિકાદિ અને હંમેશા બીજાના છીદ્રો જોનારા વિવાહ વખતે, સાધર્મિક વાત્સલ્ય વિ. આનંદના પ્રસંગ વિ. માં અને બીજી રીતે પણ માથું, પેટ કુટવા આદિ કુકર્મ વડે હંમેશા પારકું ધન ગ્રહણ કરવાના ઉપાયની એક ચિંતા કરીને આર્ત - રૌદ્ર દુર્ધ્યાન વડે ઉપાર્જન કરતા નરકાદિ યોગ્ય પાપ અને વિવિધ પ્રકારે પૈશુન્ય (ઈર્ષ્યા) વિ. કુકુર્મ થકી બીજાને ઉદ્વેગ કરનારી પ્રવૃત્તિથી જીવનારા પોતાના પેટની પૂર્તિ માત્ર જ સુખના અભિલાષી બીજાને સંતાપ ઉપજાવનારા પરલોકના દુઃખને નહિ જોનારા તેવા તેવા પ્રકારના સુખના

અર્થિપણા વડે કરીને કુકર્મમાં વર્તનારા આલોકને વિષે સર્વજનને માટે નીંદનીય બને છે. પરલોકમાં દુર્ગતિના દુઃખોને અનુભવે છે ઈતિ બીજુ દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકની વિચારણા કરી ॥૨॥

(૩) **ઝષા :-** મત્સ્ય રસનાના સુખની લંપટતાથી પોતાના ઉદરને પૂરવા માટે જ પ્રવૃત્તિવાળા, પોતાના શરીરની મોટાઈના બળથી ગર્વધારી (મોટા મત્સ્યો) અલ્પ બલવાળા (નાના) પોતાની જાતનાં હોવા છતાં પણ ખાવાના પાપથી સાતમી નરક સુધીના દુઃખને પામે છે. અહીંયા પણ આહાર વિ. ને માટે પ્રમાદશીલ ભમતાં ભમતાં માછીમારની જાલમાં પડેલા કદર્થનાને પામે છે. અને મોટા માછલાઓ વડે પણ ખવાઈ જાય છે.

તેવી રીતે નિયોગિઓ એટલે કે રાજાના માણસો પોતાના સ્વામિના બલથી ગર્વ ધરનારા સારા એવા ધનવાન (શ્રીમંત) લોકોના છીદ્રોને જોનારા (જોતાં) પોત પોતાના વિષય સુખ અને મોટાઈ વિ. ની સાધના માટે અને સ્વામિને ખુશ કરવાને માટે, ધનની પ્રાપ્તિ માટે લાંચ લેવા વિ. સારા માણસોને દંડ, સંતાપ આદિને કરે છે. ચોરોનો અને ગામોનો ઘાત પણ કરે છે. અને કરાવે છે. વળી ચાણક્યની જેમ ઉપાયો યોજી રાજાઓનો પણ ઘાત કરાવે છે. એવા પાપો વડે સમય પાકતાં અહીંયા પણ રાજાના દંડ, જેલ, બેડી વિ. ના બંધનો, માર, ભૂખ, તરસ, અડચણ, મરણ કુટુંબ પકડાવા આદિ વિવિધ પ્રકારના પરાભવ વિ. કદર્થનાને ભોગવે છે. પામે છે, સહે છે.

નવા રાજાને માન્ય માણસો વડે જુના દ્રવ્યના અભિલાષિ નોકરો વખત જતાં ઈર્ષાળુઓ વડે પરાભવ પામે છે. વિરોધિ મંત્રી વડે કલ્પક મંત્રીની જેમ, (પરાભવ પામે છે.) સુબંધુ મંત્રિઆદિથી ચાણક્ય વિ. ની જેમ, વરરુચિ બ્રાહ્મણ વિ. થી શકટાલ વિ. ની જેમ, અને વર્તમાનમાં અનુભવવાળા ઘણા ઈર્ષાળુ મંત્રિની જેમ, વળી પરલોકમાં વિવિધ દુર્ગતિઓમાં જવાનું અનંત ભવ ભ્રમણાદિ દુઃખોને પામે છે. ઈતિ દૃષ્ટાન્ત દૃષ્ટાન્તિકની યોજના પૂર્વક ત્રીજો પ્રકાર પૂર્ણ થયો ॥૩॥

(૪) **સર્પ :-** જેવી રીતે સર્પો સ્વભાવથી પણ ક્રૂર, ક્રોધવાળા અભિમાની પ્રકૃતિવાળા, પગના સ્પર્શ વિ. સ્વલ્પ કારણ માત્રથી પણ અભિમાનના

કારણે ઉત્પન્ન થયેલા ક્રોધથી સ્વેચ્છાએ ઉત્તમ પુરુષોને અને નાના મોટા બીજા બધા જીવોને દુઃખ આપી આપીને કદર્થના કરે છે. અને મારી પણ નાંખે છે. આહારાદિ માટે દેડકા, ઉંદર વિ. નાના પક્ષી અને તેના બચ્ચાઓ, નાના સર્પો વિ. ને પણ ગળી જાય છે. ખાઈ જાય છે. વિકસિત ફેણ કરીને જગતને પણ ડરાવે છે. અને કેટલાક મોહ વિ. ના કારણે ધન ઉપર અધિષ્ઠાયક બનીને બેસે છે. અને તેના માટે બીજાઓને દૃષ્ટિવિષ વિ. વડે હણે છે. ઈત્યાદિ પાપોએ કરીને અહીંયા પણ સમર્થ લોકો વડે પકાતા (રંધાતા) પાપોદયે અથવા ડરથી પણ મરાય છે. ગારુડીઓ (મદારી) પકડી પકડીને ઘરે ઘરે ફેરવીને વિવિધ પ્રકારે કદર્થના (પીડા) કરે છે. કરંડીયામાં પુરાવા પણું, ભૂખ, તરસ વિ. કષ્ટોનો અનુભવ કરે છે. અને મોટા સર્પો પણ ખાઈ જાય છે વળી મરીને પાંચમી નરક સુધીના દુર્ગતિના દુઃખોને અનુભવે છે.

એ પ્રમાણે રાજાઓ ક્રૂર પ્રકૃતિવાળા, મિથ્યા વૈભવ વિ. ના અભિમાનથી ઉધ્ધત બનેલા મહાપાપોથી પણ પરલોકના ભયને નહિ જોનારા (ગણકારનારા) સ્વલ્પ પણ અપરાધ વડે ક્રોધી બની નગર, મનુષ્યના ઘાત વિ. કરવા વડે મહાપાપ ને કરે છે. શ્રી મહાવીરપ્રભુનો જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવ વડે ગાયકોને દૂર નહિ કરનાર પુરોહિત (મંત્રી) ના કાનમાં તપાવેલું સીસું નંખાવી ઘાત કરવાની જેમ (મહા પાપ કરે છે) દેશ - ગામનો ઘાત સળગાવવા વિ. પણ કરે છે. અનાર્યો (મ્લેચ્છો) વિ. અને ચૈત્ય વિ. (મંદિર વિ.) નો ધ્વંસ પણ કરે છે. ભયંકર યુધ્ધ કરવા થકી કોણિક આદિની જેમ નકરના દુઃખોને પામે છે અને ગોત્ર વધ વિ. પાપો વડે કરીને પાણ્ડવાદિની જેમ કનકકેતુ પરશુરામ વિ. ની જેમ પુત્ર, પિતા, માતા, ભાઈ, પત્નિ વિ. નો ઘાત આદિ પણ કરે છે અને મોટા રાજાઓ નાના રાજાઓને ઉદ્વેગ પમાડે છે. વિડંબના કરે છે. હણે પણ છે એ પ્રમાણે સુખના અર્થિ હોવા છતાં પણ મહા પાપના આચરણથી અને તેના પરિપાક (ઉદય) વડે (થતાં) રાજ્યથી ભ્રષ્ટ, જેલ, ઘેર ઘેર ભીક્ષા માટે ભ્રમણ (ભીખારીપણું) તાડન, બેડી વિ. અનેક પ્રકારે વિડંબનાવધ - બંધ આદિ દુઃખો મુંજ, સહસ્ત, અર્જુન, ચંણડપ્રદ્યોત ઈન્દ્ર નામના વિદ્યાધરોની જેમ પામે છે. બીજા મોટા રાજાઓ વડે અહીંયા પણ દુઃખ પામે છે. અને

પરલોકમાં સાતમી નરક સુધીના ભયંકરમાં ભયંકર દુર્ગતિના દુઃખોને અનુભવે છે. - પામે છે. ઈતિ દૃષ્ટાંત દાષ્ટાંતિકના વિચાર વડે ચોથા પ્રકારના ધર્મની વિચારણા થઈ અને આ ચાર પ્રકાર પણ માત્ર ભોગ માટેની જ ઈચ્છાથી પ્રાયઃ સર્વથા ધર્મથી વિમુખ જ બને છે. ॥૪॥

(૫) હવે **મૃગ** આદિના દૃષ્ટાંતો વડે ધર્મના અર્થિઓ મિથ્યાત્વ આદિથી સંસ્કારિત થયેલા સુખના ઈચ્છુક હોવા છતાં પણ સમ્યક્‌સુખના ઉપાયોને નહિ જાણવાથી તેને અનુકુલ રહેતાં દુઃખને અનુભવે છે. અથવા અલ્પ સુખને અનુભવે છે.

જેવી રીતે મૃગ મૃગલી એક દિશામાં પાશમાં બંધાયેલાને જોઈને મરણથી ડરતાં શરણને અને રક્ષણને ઈચ્છતા હોવા છતાં પણ તેના ઉપાયને અને નાશવાની દિશાને નહિ જાણતા તેવી રીતે નાશે છે કે જેથી કરીને જાળ (પાશ)માં જ પડે છે. સુખના અર્થિ હોવા છતાં પણ બંધ મરણાદિ કદર્થનાના દુઃખો, પીડા વિ. ને અનુભવે છે.

એ પ્રમાણે લૌકિક મિથ્યાદૃષ્ટિઓ બૌધ્ધ શીવ-શક્તિ-જૈમીનીય-વૈશેષિક વિમલને માનનારા વ્રતિ (યતિ)ઓ બ્રાહ્મણ વિ. અને ચરક, પરિવ્રાજક, ત્રિદંડીક, યાજ્ઞિક, આદિ અને તેને અનુસરનારા અથવા રાજા, પ્રધાન, વેપારી વિ. કંઈક કેટલાક વૈરાગ્યવાળા ઉપદેશના શાસ્ત્રો વડે જન્મ - જરા - મરણાદિ ભવ દુઃખોથી ડરતાં હોવા છતાં પણ તેઓથી શરણરક્ષણની દિશાને નહિ જાણનારા કુગુરુએ કહેલા કુશાસ્ત્રોના વચનોથી ભરમાયેલા તેણે બતાવેલ ધર્મની બુધ્ધિથી યાગ, અગ્નિ હોમ, કુદેવની પૂજા, પશુ હોમ, વધ, માઘાદિસ્નાન, કુદાન, વૃક્ષારોપણ, કન્યા વિવાહ આદિ મહા આરંભથી યુક્ત અનુષ્ઠાનોને, સત્યધર્મની સાધનાદિ ન કરવાથી ખોટા (ફોગટ - મિથ્યા) કરતાં કર્મ વિપાક રૂપ મૃગયૂપ ઉપર સ્થાપન કરેલા પાપ બંધ રૂપ પાશમાંજ પડેલાં અહીંયા અને પરલોકમાં પણ સ્વર્ગ-અપવર્ગ મોક્ષાદિના સુખના અર્થિ હોવા છતાંય જૈનાગમમાં પ્રસિધ્ધ ભદ્રપરિણામી પાડો પૂર્વે કહેલા ચારૂદત્ત અને તેના સંબંધવાળા બકરા વિ. ના દૃષ્ટાંતો વડે અનંત ભવરૂપ દુઃખની શ્રેણિના સંતાપને જ પામે છે. અને કેટલાક અતિ ઉગ્ર તપ ક્રિયા વડે યોગાદિના

અભ્યાસ થકી કંઈક સ્વર્ગ, રાજ્ય વિ. ના સુખોને પ્રાપ્ત કરવા છતાં પણ ભવના દુઃખથી છુટતાં નથી.

સૂયગડાંગ સૂત્રમાં કહ્યું છે કે :- જેઓ માંસ વિ. અને અંતવાળું ખરાબ ભોજન ખાય છે. જેઓ આ લોકની માયામાં મુંઝાય છે. તેવા અનંતશઃ ગર્ભમાં આવ્યા છે. ઈતિ પાંચમું દૃષ્ટાંત અને દાષ્ટાંતિકની યોજના વડે નરપ્રકાર થયો ॥૫॥

(૬) હવે આગળ જેવી રીતે **માસાહસ પક્ષીઓ** રસનાને વશ થયેલા પરિણામે ખરાબ ક્રિયાને જાણતાં હોવા છતાં પણ માંસની લોલુપતાના કારણે સૂતેલા સિંહના ખુલ્લા મુખની દાઢમાં રહેલા માંસના નાના કણોને શિઘ્રતાથી ચાંચ વડે ખેંચીને તરુ વિ. ઉપર બેસીને મા સાહસ મા સાહસ એ પ્રમાણે બોલતાં માંસને ખાઈને ફરી વારંવાર તેવું કરવામાં નહિ અટકતાં એક વખત સિંહના મુખરૂપી યંત્રથી પીડાયેલા (પકડાયેલા) સુખનાઅર્થિ હોવા છતાં પણ મરણાદિ દુઃખને પામે છે.

તેવી રીતે પાર્શ્વસ્થા ઉપલક્ષણથી કુશીલ વિ. ભણેલા જિનાગમ વડે લોકોત્તર દૃષ્ટિવાળા પ્રમાદથી ભવદુઃખ રૂપ જાલમાં પડવાના કારણોને જાણતા હોવા છતાં પણ ઇન્દ્રિયાદિના સુખના લંપટપણાથી બીજાઓને મોક્ષમાર્ગને અનુકુલ અનુષ્ઠાનાદિનો ઉપદેશ આપવા છતાં પણ પોતે તે ન કરતાં અસંયમ માર્ગમાં ચાલનારા સુખની ઈચ્છાવાળા હોવા છતાં પણ અનંત ભવ દુઃખના ભાજન બને છે. કેટલાક બ્રહ્મચર્યાદિ કંઈક ક્રિયા વિ. કરીને કિલ્બિષિક દેવ રૂપે ઉત્પન્ન થવા છતાં ત્યાંથી ચ્યવી ભવમાં ભટકનારા પ્રાયઃ કરીને થાય છે. ઈતિ માસાહસ પક્ષીના દૃષ્ટાંત વડે છઠ્ઠો પાર્શ્વસ્થાદિ રૂપ નર (મનુષ્ય) પ્રકાર પૂરો થયો ॥૬॥

(૭) હવે જેવી રીતે **બીલાડો** રસનેંદ્રિયના સુખની લંપટતાથી દૂધ પીતાં તે શ્રીમંતથી અનર્થ થશે તેમ જાણતો હોવા છતાં પણ તે દૂધના પીવા પણાથી નહિ વિરમતો (અટકતો) લાકડીને જોઈને કેટલાક ક્યારેક ભાગી જવા માટે સમર્થ બને છે. અને કેલાક અચાનક એકદમ તેનાથી ઘવાયેલા સુખના અર્થિ હોવા છતાં પણ દુઃખી થયેલા તે મરે છે.

એ પ્રમાણે કેટલાક સામાન્ય ગૃહસ્થો અને રાજાના નોકરો વિ. શ્રાવક ધર્મને જાણનારા ઘોર આરંભ રૂપ આશ્રવની પ્રવૃત્તિઆદિ પાપો વડે ભાવીમાં ભયંકર દુર્ગતિના દુઃખો મલશે એવું જાણતા હોવા છતાં પણ તેઓ પાપકારી પાંચે ઈન્દ્રિયોના પાંચે પ્રકારના વિષયાદિમાં લુબ્ધ બનેલા તેવા પ્રકારના ધન, રાજમાન, રાજ્ય વિ. માં ખોટા ગર્વને ધરનારા બહુ (મોટા) આરંભ, રાજવ્યાપાર, યુધ્ધ, ગામ, નગર વિ. ના ઘાત કરનારા વધુ શું કહેવું ? કેટલાક સર્વ પ્રકારના પાપોમાં પ્રવર્તન કરનારા, બધી રીતે આસ્ત્રવની વિરતિ (સંવરભાવ) સ્વીકારેલ હોવા છતાં પણ તેના પાલણ વિ. થી રહિત હોય છે. અને કેટલાક ક્યારેક અન્ત સમયે આરાધવાનેમાટે સમર્થ બને છે. અને તેઓ કંઈક સદ્‌ગતિને પામે છે. ચેટક, કોણિક, સંગમ, મૃગ, વરુણ વિ. ની જેમ દુર્ગતિ અને મધુ રાજા વિ. ની જેમ સદ્‌ગતિને પામે છે.

વળી કેટલાંક અંતે પણ પૂર્વના અભ્યાસના કારણે (પડેલકુસંસ્કારના કારણે) આત્માને પાપથી પાછો હટાવવામાં અસમર્થ બનેલા, મરણ રૂપ લાકડીથી હણાયેલા માર્જાર (બાલાડા)ની જેમ દુર્ગતિમાં ગયેલા વિવિધ દુઃખોને ભોગવે છે - અનુભવે છે. શ્રેણિક રાજા, સત્યકી, બ્રહ્મદત્ત ચક્રિ વિ. ની જેમ આનંદ વિ. અને નિયોગી તાપસ, શ્રેષ્ઠિની જેમ.

આ પ્રમાણે સુખના અર્થિ હોવા છતાં પણ દુઃખી અથવા અલ્પ સુખવાળા બને છે. ઈતિ સાતમો નર પ્રકાર અને જૈનધર્મને જાણનાર ગૃહસ્થોનો પહેલો પ્રકાર પૂર્ણ થયો ॥૭॥

(૮) હવે જેવી રીતે પોપટ બંધાયેલા નહિ હોવા છતાં પણ ઝુલતી કમલની નાલ પર બેઠેલા પોપટની જેમ ઠગાતા હોય છે. ઈતિ એ પ્રમાણેના વચનથી પોતાની જાતને બંધાયેલા માનતા અથવા થોડા પણ બંધનથી બંધાયેલા પાંજરાના રહેવાસની નિયંત્રણાને માને છે. - સ્વીકારે છે. અથવા પાંજરાથી મુક્ત પણ મનુષ્યના હાથ વિ. માં રહેલા નિરંતર મિષ્ટ, ફલાહાર થકી પુષ્ટ થતાં - પોષાતા તે સુખના આસ્વાદમાં રસિક (લાલચુ) બનેલા જાતે ઈચ્છા મુજબ ઉડી જતાં નથી. અને બીલ્લી વિ. ની ભીતીના કારણે પાંજરામાં જ રહે છે. પરંતુ કીડા માંસાદિ ખાવાનું પાપ કરતાં નથી આહાર અલંકાર લાલન, પાલણની ક્રિડા આદિનું સુખ અનુભવે છે.

વળી કેટલાક શ્રાવકવિ ના સંસર્ગથી કંઈક તેવા પ્રકારના શ્રાવક ધર્મને જાણવાથી અને આદર કરવાથી શત્રુંજય ઉપર મરેલો પોપટ તથા જિનેશ્વરની આગળ અક્ષત ફલ પૂજા કરનારા પોપટના યુગલની જેમ સદ્ગતિને પામીને સુખના અર્થિ સુખને પામે છે. બીજા તો શ્રાવક ધર્મને નહિ જાણવા છતાં પણ વિશેષ પાપ ન કરવાના કારણે વિશેષ દુઃખનો અનુભવ કરતા નથી. તેવી રીતે કેટલાક ગૃહસ્થીઓ શ્રાધ્ધ ધર્મને કંઈક જાણેલો અને કંઈક સ્વીકારેલો હોવા છતાં પણ વિષય લાલસાને છોડવામાં અસમર્થ બને છે. પહેલાં પત્નિ, પુત્ર વિ. ના મોહના બંધનો વડે બંધાયેલા આશા માત્રથી બંધાયેલા માનતા અને પછી સ્વજનો વડે બંધનો છેદવા માટે શક્ય હોવા છતાં પણ અસાત્વિક પ્રકૃતિના કારણે વિષય રૂપ તૃષ્ણાથી બંધાયેલા ગૃહસ્થરૂપ પીંજરાનાવાસની નિયંત્રણા (પીડા)ને પામે છે. અનુભવે છે. પછી નીકળવા માટે શક્ય હોવા છતાં પણ પરિષહ વિ. થી ડરતાં હોવાથી તેમાંજ (ગૃહસ્થીપણામાંજ) રહે છે. અર્થાત્ તેનો જ આશ્રય લે છે. પરંતુ સુખની ઈચ્છાવાળા હોવા છતાં પણ સ્વીકારતા નથી. કેટલાક લોકો સ્થૂલપ્રાણાતિપાત વિ. વિરતિ સામાયિક આદિ ક્રિયારૂપ મધ્યમ પ્રકારનો શ્રાવક ધર્મ પાળ્યો હોવાથી વિશેષ પ્રકારે મહા આરંભાદિ પાપ નહિ કરવાથી પરલોકમાં સૌધર્માદિક દેવલોકના સુખને અનુભવે છે - પામે છે. શ્રી મહાવીર પ્રભુના પૂર્વભવનો જીવ નયસારની જેમ અર્થાત્ મહાવીર પ્રભુના નયસારના ભવની જેમ.

કેટલાક વિશેષ પ્રકારે શ્રાવક ધર્મના અનુષ્ઠાનાદિથી રહિત હોવા છતાં પણ વિશેષ પ્રકારના આરંભાદિ પાપોને નહિ સેવતાં થોડાક દાનાદિ ધર્મ વડે કરીને ધનાસાર્થવાહ વિ. ની જેમ મનુષ્યાદિના ભોગનું સુખ ભોગવે છે. પામે છે. ઈતિ. ધર્મને જાણનારા ગૃહસ્થનો પ્રકાર થયો. આ માનવનો આઠમો પ્રકાર પૂર્ણ થયો ॥૮॥

(૯) હવે જેવી રીતે **હાથી** ઉત્તમ સ્વભાવવાળા છે. (૧) રાજરૂપી લક્ષ્મીને શોભાવનારા છે. (૨) અને સારા લક્ષણવાળા તેની લક્ષ્મીને વધારતા તેના અને પોતાના મહિમાને વિસ્તારે છે (૩) શ્રેષ્ઠ આહારજ ખાય છે. અને રાજા અને પ્રજા વડે પૂજાય છે. (૪) અને રક્ષાય છે. (૬) સુંદર અલંકાર વિ.

થી શોભતા અને સર્વ જન વડે પ્રશંસાય છે. (૭) પ્રાયઃ કરીને નિયંત્રિત (કબ્જામાં) હોય છે. (૮) યુધ્ધ વિ. માં બળ-તાકાત ને બતાવનારા અને પાછા નહિ પડનારા હોય છે. (૯) અને જયને પામે છે. (૧૦) સરોવર, નદીમાં સારી રીતે તરતાં ઈચ્છા મુજબ નિર્મલ જલને પીએ છે અને તાપ - તૃષ્ણા વિ. થી રહિત બની શીતલતા રૂપી સંપદાને પામે છે. (૧૧) સ્વભાવમાં થોડી થોડી વારે પોતાની જાતને ખરડે છે. (૧૨) વળી સ્નાન વિ. થી શુધ્ધ થાય છે. (૧૩) અને શિથિલ થયેલા સારી રીતે પળાય છે. (૧૪) વળી મરેલાંની પણ સારી રીતે પશ્ચાત્ ક્રિયા થાય છે. (૧૫)

એ પ્રમાણે કેટલાક શ્રાવકો પરિણામ વાળા, આદર પૂર્વક શુધ્ધ શ્રાવક ધર્મને પાળનારા ઉત્તમ પ્રકૃતિવાળા હોય છે. (૧) શ્રી જિનેશ્વર પ્રભુની શાસન રૂપી લક્ષ્મીને શોભાવે છે. - અલંકૃત કરે છે. (૨) ધર્મરૂપી રત્નથી યુક્ત અક્ષુદ્ર રૂપ પ્રકૃતિએ સૌમ્ય (૩) ઈત્યાદિ ગુણને ધરનારા તેના અને પોતાના મહિમાને વિસ્તારે છે અથવા ફેલાવે છે. (૪) અને ઉત્તમજનો પાપની ભીરૂતાથી સચિત્ત વિ. ના ત્યાગી, અચિત્ત પ્રાસુક (નિર્દોષ) વિ. ગુણવાળા આહારને લેનારા હોય છે. (૪) તેઓના ગુણ અને પ્રીતિથી રાજા, પ્રધાન આદિ પ્રૌઢ લોકવડે પ્રતિષ્ઠા, તીર્થયાત્રા, સાધર્મિક વાત્સલ્ય વિ. મહોત્સવોમાં ફલ-પુષ્પ-વસ્ત્ર- અલંકારો વડે પૂજાય છે. જેવી રીતે કુમારપાળ રાજાએ છાડા શ્રાવકનું સન્માન કર્યું હતું તે રીતે (૫) સારભૂત હોવાથી ચોર વિ. ના ઉપદ્રવોથી અને રાજાઓથી રક્ષણ થાય છે. પૂર્વ ભવમાં હલકા માણસોથી ધર્મદત્ત વડે રક્ષણ કરાયેલા શ્રાવકની જેમ (૬) ધર્મના આધાર ભૂત ઔચિત્ય, સાત ક્ષેત્રાદિથી માન્ય વિવિધ દાન, શીલ આદિ અલંકારથી શોભતા એવા તેઓની સર્વજનો પ્રશંસા કરે છે. (૭) પ્રાયઃ કરીને સમ્યક્ત્વ, અણુવ્રત, ગુણવ્રત, તપ, યોગ, નિયમ વિ. વડે આત્માને નિયંત્રિત કરે છે. (૮) સારી રીતે પોતાના શાસ્ત્ર અને બીજાના શાસ્ત્રાદિના તત્ત્વના અર્થને જાણવાવડે મિથ્યાત્વાદિના વાદરૂપ યુધ્ધમાં શુકભટ્ટારક (પરિવ્રાજક) પ્રેરિત સુદર્શન શ્રેષ્ઠિની જેમ, બૌધ્ધથી ક્ષોભ નહિ પામનાર શ્રીમતી બુધ્ધ સંઘની જેમ, સુજયેષ્ઠ વિ. ની જેમ, સ્વયંબુધ્ધમંત્રી આદિની જેમ ક્ષોભ પામતા નથી અથવા પરિષહ, દેવનો ઉપસર્ગ દ્રવ્યાદિ (દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવ) એ

ચાર પ્રકારની વિપત્તિ, રોગ, સંકટ વિ. માં. રણયુધ્ધ વિ. ની જેમ જાણે ધર્મ કાર્યથી જરાપણ પાછા પડતા નથી. (૯) એ પ્રમાણે કર્મરૂપી શત્રુ પર જયને પામે છે. (૧૦)

આવશ્યક, પૌષધાદિને વિષે, સમ્યક્ (ઉત્તમ) સંવેગ સદ્ધ્યાન રૂપ જલને પીતાં જિન આગમના અર્થરૂપ રસ વડે આત્માને પવિત્ર કરે છે. અને કષાય રૂપી તાપ, ભવરૂપી તૃષ્ણા વિ. થી રહિત, અમર્યાદિત સંતોષધર્મ, સમાધિ રૂપી શીતલતા રૂપ સંપત્તિને અનુભવે છે. - પામે છે. (૧૧) ન્યાય શાસ્ત્રમાં યોગ્ય રીતે વિષયનો ઉપભોગ, સ્વપરિવારના નિર્વાહ માટે દ્રવ્ય ઉપાર્જનના હેતુરૂપ પોતાના કુલ પરંપરાથી આવેલા અનિંદ્ય, ઉચિત ધર્મ વ્યાપાર વિ. કેટલાક આરંભાદિ થકી ઉત્પન્ન થયેલા કર્મની રજ વડે પોતાની જાતને મેલી કરતા હોવા છતાં પણ પાપથી પાછા પડવા રૂપ સમ્યક્ પ્રતિક્રમણ આલોચના પ્રાયશ્ચિત, અનુષ્ઠાન વિ. થી આત્માને શુધ્ધ કરે છે. (૧૨) (૧૩) ક્યારેક કર્મની પરતંત્રતાથી ઉપભોગ વિ. થી ઉત્પન્ન થયેલ પ્રમાદથી સ્ખલના પામેલા શિથિલ બનેલાઓને ગીતાર્થ ગુરુઓ દ્વારા વિધિ પૂર્વક યાદ કરાવવું વિ. શ્રી ગૌતમ ગુરુ દ્વારા શુધ્ધ ધર્મમાં તૈયાર કરાયેલા મહાશતક શ્રાવકની જેમ રક્ષણ (સ્થિર) કરાય છે. (૧૪) સારી વિધિ પૂર્વક દેહને છોડનારા યાવત્ બારમાં અચ્યુત દેવલોક સુધીની સુખ રૂપ સંપદાની પદવીને પામે છે. અને અનુક્રમે અલ્પ ભવમાં મુક્તિ સુખને પામે છે. (૧૫) એ પ્રમાણે સુખની ઈચ્છાવાળા તેના સારા ઉપાયવાળી પ્રવૃત્તિ કરીને સુખી જ થાય છે. ઈતિ ત્રીજો ગૃહસ્થનો પ્રકાર થયો અને નવમો માનવ પ્રકાર થયો (૯)

એવી રીતે બીલાડો, પોપટ, હાથીના ત્રણ દૃષ્ટાંતોથી વિવિધ પ્રકારના ગૃહસ્થી બતાવ્યા (વિચાર્યા).

(૧૦) હવે મુનિઓ બે પ્રકારના હોય છે. સ્થવીર કલ્પી અને જિન કલ્પી તેમાં જેમ સિંહ દુઃખે કરી પકડી શકાય તેવા મહાબલવાનશાલી પ્રકૃતિવાળા હોય છે. (૧) ઘાસ વિ. ના ત્યાગી બલને પુષ્ટ કરનારા મહામાંસને જ ખાય છે. (૨) પોતાની ગંધ અને ગર્જના થી મૃગ વિ. ક્ષુદ્ર

જંતુઓને ત્રાસ પમાડતો મોટા હાથીઓ ને પણ લક્ષ બનાવનાર (૩) ગમે તેમ કરીને કોઈનાથી પાશમાં પકડવા માટે શક્ય બનતો નથી (૪) મહા સુભટો વિ. થી પણ વશમાં આવતો નથી (૫) યુધ્ધાદિ માટે શૂરવીરો આહ્વાન્ કરે ત્યારે ભયંકર ગર્જનાના અવાજથી પૂંછડાના પછાડવા પૂર્વક ભયંકર દાઢાઓને કચકચાવવા વડે અને તીક્ષ્ણનખ રૂપી શસ્ત્ર વડે બીજા બહાદુર હોવા છતાં પણ તેઓને ડરાવતો અચાનક ઊભો થતાં જ ત્રાસ પમાડતો (નસાડતો) અને નહિ ત્રાસ પામેલાને (નહિ નાશેલાઓને) ચીરી મારી નાંખનાર છે (૬) પોતાના રહેઠાણ એવા પર્વતની ગુફા, વનના રહેઠાણને ભાંગનાર, હાથી, ભૂંડ અને તોડનારા પુરુષથી રક્ષણ કરે છે. (૭) પોતાની તાકાતથી આત્માને સુખી કરતો અને બીજા વનમાંથી એક એક પશુનું દાન કરનારા અને સેવા, શરણ વિ. માંગવા વડે ખુશ કરનારા પોતાના વનમાં રહેનારા પશુઓને સર્વ પ્રકારના ઉપદ્રવોથી યથા યોગ્ય રક્ષણ કરતો અને તેઓ વડે પરિવરાયેલો બધા જંગલી પશુઓનું અધ્યક્ષ (મુખી) પણું કરતો અને તેઓ વડે પ્રશંસાતો શોભે છે.

તેવી રીતે સ્થવીર કલ્પીઓ વિશુધ્ધ આચારવાળા મહામુનિઓ તપ તેજથી શોભતા, ગૂરૂ વિ. પદને ભોગવતા અને બીજાના આગમના તર્ક વિ. તત્ત્વ જાણવા થકી સર્વ પ્રકારના મિથ્યાદૃષ્ટિઓનો પરાભવ નહિ સહન કરવા થકી દુઃખે કરીને જીતી શકાય તેવા વાદ વિ. બલથી શોભતા, વધતા પ્રભાવવાળા હોય છે. (૧)

ઘાસની જેમ અશુધ્ધ આહારના ત્યાગી, ધર્મરૂપી શરીરને પુષ્ટ કરનાર, શુધ્ધ આહાર, શય્યા, વસ્ત્ર, પાત્રા વિ. નો ઉપયોગ કરનારા (૨) મૃગ વિ. ની જેમ મિથ્યા વિષય કષાયને ઈચ્છનારા (ચાહનારા) ને ભવ્ય મન રૂપ વનમાંથી સ્વઉપદેશ માત્રથી ત્રાસ પમાડતા અને મોક્ષ મહિમા રૂપ તેજના પ્રભાવથી સર્વ રોગ, દુકાળ, મરકી વિ. ના ઉપદ્રવોને મોટા હાથીની જેમ અઢી યોજન ભૂમિ સુધી હણે છે. (૩) વળી કેટલાક મોટા પ્રભાવવાળા મિથ્યા ધર્મનો ઉપદેશ કરનારા કેટલાકો વડે કુશાસ્ત્રના ઉપદેશ વિ. થી શંકા, કાંક્ષાદિ અતિચારો રૂપ પાશમાં પડાયેલાઓને શુક્ર, પરિવ્રાજકથી ઉધ્ધરેલા

થાવચ્ચા પુત્રની જેમ ઉધ્ધરે છે. રૂપાદિપાત્ર રૂપ દેવી મનુષ્યની લલના (સ્ત્રી) વિ. વડે અભયા અંતરીથી ક્ષોભિત કરાયેલો અક્ષુબ્ધ સુદર્શન ઋષિ વિ. ની જેમ.

કુસુમપુર નગરના ધનનામના શ્રેષ્ઠિથી પુત્રી, ધન આદિથી લોભાવવા છતાં વિચલિત નહિ બનેલા શ્રી વજ્રાસ્વામિની જેમ મોહપાશમાં પાડવા માટે અશક્ય છે (૪)

સ્વજનો, ભક્ત એવા શ્રાવક, શ્રાવિકા વિ. ની પણ મહાભક્તિદાન, વન્દન, પૂજન, કીર્તન આદિ વડે પણ અશક્ય છે આ વંદન પૂજન જે જે છે તે નાશના કારણ રૂપ જાણીને દુઃખે કરીને કાઢી શકાય તેવા પ્રશંસારૂપ સૂક્ષ્મ શલ્યને છોડી દેવું (૧) ઈત્યાદિ આગમાનુસારે કરીને આલોકને વિષે પ્રત્યુપકાર કરનાર વિ. થી અહંકાર વિ. સુક્ષ્મ શલ્યની ઉત્પત્તિ વગર એટલે કે સૂક્ષ્મ પણ અહંકાર ધર્યા વિના અથવા તેના વશમાં આવ્યા વિના મહાવાદિઓએ વાદને માટે બોલાવાતાં સ્વાભાવિક ઉઠીને વિવિધ પ્રકારના પ્રમાણ હેતુ, યુક્ત વિ. સમુહ વડે દુઃખે કરીને સામનો કરી શકાય તેવા પ્રમાણો ઉપન્યાસ (રજુઆત) પશ્નો વિ. થી પરાભવના ભયથી વ્યાકુલ થયેલા એવા તેઓને ત્રાસ પમાડતાં અને ત્રાસ નહિ પામેલાઓને સારી રીતે જીતી લેતાં (૬) પોતાના રહેવાના સ્થાનભૂત શ્રી જિન શાસનનું અથવા સ્વગચ્છનું કુવાદિઓથી અને પ્રમાદોથી રક્ષણ કરે છે ॥૭॥ તેવી રીતે જિનશાસનરૂપ વનમાં અને સ્વગચ્છરૂપ ગુફા સ્થાનમાં ઘણા પ્રકારે ભવ્યજનને પ્રતિબોધવાના પુણ્યના લાભને અનુરૂપ વિવિધ ક્ષેત્રોમાં વિહાર કરતાં અને રહેતાં ઉચિત વિશુધ્ધ આહાર, વસ્ત્ર, શય્યા, પાત્ર આદિ દાન આપવા થકી શ્રી ગુરુની પૂજા કરતાં જે પોતાને કૃતાર્થ માનતા બહુ પ્રકારે રાજા, મંત્રિ, શ્રેષ્ઠિઓ વિ. ભવ્ય સમુહો થકી પોતાના શુધ્ધ ઉપદેશ રૂપ સારણા હેય અર્થે વારણા, ઉચિત પ્રેરણાઓ વડે મિથ્યાત્વ વિષય કષાય વિ. શત્રુઓથી થાક્યા વિના રક્ષણ કરવા વડે વંદન, સ્તુતિ પૂજા, સેવા વિ. કરનારાઓથી પરિવરેલા શોભે છે. અહીંયા વિશેષ આગમ ગ્રન્થ, છેદગ્રંથમાં પ્રસિધ્ધ કથાનક દવાગ્નિ સળગ્યો ત્યારે પહેલાં જણાવેલો જંગલી પશુઓનો નદી ઉતરવા આદિનો સંબંધ અહીં જાણવો.

વળી કોઈ વનમાં એક સિંહ રહેતો હતો અને તે, તે વનના બધા જંગલી પશુઓથી બીજા જંગલમાંથી લાવીને એકએક પશુને આપવા થકી અને સેવા થકી ખુશ થયેલા તેણે આપેલા અભય વચનથી અને બધા ઉપદ્રવોના રક્ષણથી સેવાતો શોભે છે.

હવે કેટલાક દિવસ ગયા પછી એક કોઈક જંગલી પશુ ક્યારેક કૂવામાં પડી ગયું અને તેને જોઈને પશુઓએ સિંહની પાસે આવીને કહ્યું કે તમે અમારા સ્વામિ છો તેથી ગમે તેમ કરીને આને કૂવામાંથી બહાર કાઢો તે સિંહ પણ ઉત્પન્ન થયેલી દયાના કારણે તેઓની સાથે કૂવાના કાંઠે આવીને તેઓને કહ્યું.

હે ! તમારામાંથી સમર્થ હોય તે મારા પૂંછડાને દૃઢપણે પકડો અને તેની પછી બીજો તેને પકડે એ પ્રમાણે ત્યાં સુધી કરો કે જ્યાં સુધી કૂવાના પાણી સુધી પહોંચાય તેના પૂંછડાને પકડી પહેલા પડેલો સુખેથી કૂવામાંથી બહાર નીકળશે. ઈતિ. તે પ્રમાણે તેઓને કર્યે છતે તે શ્રેણી કૂપમાં નાખીને સિંહે પણ મહાબલ વડે કરીને તેના પૂંછડે લાગેલા પહેલાં પડેલાં તે પશુને ખેંચીને કૂવામાંથી બહાર કાઢ્યો અને તેથી ઉત્પન્ન થઈ છે અધિક ભક્તિ એવા તેઓથી સેવાતો સુખને ભોગવે છે.

હવે તે જોઈને પ્રાપ્ત થયેલા ઉપાય વડે ગર્વિષ્ઠ થયેલો કોઈક શિયાળ તે પ્રમાણે કરીને તે પશુઓની શ્રેણીના ભારથી ગભરાયેલો તેઓને ધારી રાખવા માટે અશક્ત બનેલો તે જાતેજ કૂવામાં પડ્યો અને તે પશુઓ પણ તેમાં પડ્યા.

એ પ્રમાણે સિંહ સરિખા ગુરુઓ પોતાને અને પોતાને આશ્રયીને રહેલાઓને જન્મ - મરણ દુઃખાદિ રૂપ દવાગ્નિમાં લાગેલાઓને સંસારની (ભવ) વિષય તૃષ્ણા રૂપ નદીને સારી રીતે ઉતારીને રક્ષણ કરવા માટે સમર્થ બને છે. અને દુર્ગતિરૂપ કૂવામાં પડેલાઓને તેમાંથી ઉધ્ધરવા માટે સમર્થ બને છે. અને શિયાળ જેવા કુગુરુઓ શ્રુત, અર્થ, જ્ઞાન, ક્રિયા અનુષ્ઠાનાદિના બલથી રહિત હોવાથી પોતે અને પોતાની જાતને ડૂબાડે છે અને પાડે છે. ઈતિ સિંહ સરિખા સદ્‌ગુરુઓનો સુખના અર્થિઓએ આશ્રય કરવા યોગ્ય છે. અને આ

રીતે તીર્થંકર, ગણધર વિ. ની પણ અત્યંત પ્રભાવવાળા વિ. બતાવનાર વિશેષણો વડે વ્યાખ્યા કરવી (બતાવવી) એ પ્રમાણે તે મુનિઓ આલોક ને વિષે અધ્યક્ષતા (વડાપણું) અનુભવતાં તેઓ વંદન, નમસ્કાર, પૂજન, કીર્તન આદિ વડે મહાપ્રભાવ પણાને પામેલા તે ભવે જ અથવા એકાદિ થોડા જ ભવમાં શિવગામી થાય છે. માટે સુખના અર્થિઓ સમ્યક્ તેવા પ્રકારના ઉપાયો વડે ઉત્તરોત્તર સુખને અનુભવે છે. અથવા પામે છે. ઈતિ પ્રથમ મુનિ પ્રકાર થયો મૂળથી દશમો મનુષ્ય પ્રકાર થયો ॥૧૦॥

(૧૧) હવે જેવી રીતે ભારંડ પક્ષીઓ બે જીવ, બે મુખ અને એક પેટવાળા ઈત્યાદિ લક્ષણવાળા મોટા શરીરવાળા પક્ષી વિશેષ છે. વળી હંમેશા અપ્રમત્ત રહેનારા પોતાને અને પોતાને આશ્રયીને (પકડીને) રહેલાઓને કેટલાક દુર્લંઘનીય પર્વત નદી, સમુદ્ર વિ. થી પાર ઉતારતાં કંઈક પાશાદિ ભય સ્થાનની શંકા આવતાં કોઈથી પકડી ન શકાય તેટલા ઉંચે ઉડતા કોઈથી પણ ક્યારેય પણ પાશ વિ. માં પાડવા (પકડવા) માટે અશક્ય બને છે. સુખના અર્થિઓ એવા તે ઈચ્છા મુજબ વિહારાદિ ના સુખને અનુભવે છે. એ પ્રમાણે જિન કલ્પિક પ્રતિમા સ્વીકારનારા મુનિઓ વિ. પૂર્વના અભ્યાસ વિ. થી યોગ્ય પણાને પામેલા ગુરૂની અનુજ્ઞાથી એકલા દ્રવ્યાદિ ચારથી અપ્રિતબધ્ધ વિહાર કરનારા સંપૂર્ણ રીતે નિઃસંગ (સંગ વગરના, અપરિગ્રહી) પ્રમાદ રહિત જાતે વિશેષ પ્રકારના ઉપદેશ આપવા વિ. થી રહિત અને કેટલાક જ પોતાના આશ્રિતોને પ્રમાદ - તૃષ્ણા, ભવના દુઃખથી પાર ઉતારતા, સૂર્યાસ્ત થાય ત્યાં રહેનારા આગમમાં કહેલા જિન - કલ્પ આદિ આચારને આચરતાં (સેવતાં) આ લોકને વિષે પણ જગત્ પૂજ્ય અને એકાદિ ભવમાં મોક્ષગામી સુખના અર્થી બારમાસ સુધી અહીંયા પણ અનુત્તર સુખને અને ભવાન્તરમાં નિરુપાધિક, અમિશ્ર, અવિનાશી, અનંત સિધ્ધિ સુખને અર્થાત્ મોક્ષ સુખને અનુભવે છે. અર્થાત્ પામે છે. ઈતિ. મુનિનો બીજો પ્રકાર અને મનુષ્યનો ૧૧ મો પ્રકાર થયો.

આ અગ્યાર નર પ્રકારોમાં પહેલાં ચાર પ્રકાર પ્રાયઃ બધી રીતે ધર્મ વિનાના જ લાગે છે. અને બાકીના ધર્મવાળા ક્રમથી બધાય ઉત્તરોત્તર ઉત્તમ છે. ઈતિ.

એ પ્રમાણે મનુષ્યના ૧૧ પ્રકાર જાણીને હે સુખના અર્થિ પંડિતો ! કર્મરુપી શત્રુ પર જય મેળવવા માટે એવી રીતે પ્રયત્ન કરો કે જેથી કરીને અનુક્રમે મુક્તિ સુધીના સુખ પ્રાપ્ત થાય ॥ઈતિ॥

મુનિસુંદરસૂરિ રચિત ઉપદેશ રત્નાકર ગ્રંથમાં જયરૂપી લક્ષ્મીના ખોળામાં પ્રથમ તટમાં ત્રીજે અંશે ૧૧ સુખાર્થિ નરના પ્રકાર કહ્યા.

॥ ઈતિ તૃતીયસ્તરંગ પૂર્ણઃ ॥

અંશ - 3 (તરંગ - ૪)

કર્મરૂપી શત્રુ પર જય રૂપ લક્ષ્મી માટે, ભવરૂપ અટવીને ઓળંગવા માટે, શિવપુર માટે અને જો અનંત સુખની ઈચ્છા હોય તો જિન પ્રણિત ધર્મમાં પ્રયત્ન કરો ॥૧॥

વળી સુખના અર્થિ એવા જીવોને મોક્ષમાં જે સંપૂર્ણ સુખ છે. તે શુધ્ધજ્ઞાન અને ક્રિયાથી જે યુક્ત હોય તે જલ્દીથી શિવપુરમાં જાય છે. બીજી કોઈ રીતે જવાતું નથી.

જેમ :- સબલ પગવાળો ભ્રાંત (૨) અબલ પગવાળો ભ્રાંત (૩) પંગુ ભ્રાંત (૪) સબલ પગવાળો અભ્રાંત (૫) અબલ પગવાળો અભ્રાંત (૬) પંગુ અભ્રાંત.

તેવી રીતે :- (૧) સમ્યક્દૃષ્ટિ સબલ ક્રિયાવાન (૨) સમ્યક્દૃષ્ટિ અબલ ક્રિયાવાન (૩) સમ્યક્દૃષ્ટિ અક્રિયાવાન (૪) મિથ્યાદૃષ્ટિ સબલ ક્રિયાવાન (૫) મિથ્યાદૃષ્ટિ અબલ ક્રિયાવાન (૬) મિથ્યાદૃષ્ટિ (ભવ્ય) અક્રિયાવાન આ છ શિવપુર (મોક્ષ) માં જાય છે.

એની વ્યાખ્યા દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકથી કરાય છે. જેવી રીતે છ મનુષ્યો ઉપકરણ એટલે કે સાધન - સામગ્રી સાથે પોતાને ઈષ્ટ પ્રાપ્ત કરવા માટે નગરમાં જેવી રીતે ગમે તેમ કરીને જલ્દી એથી જલ્દી અને એથીયે જલ્દી, ધીમે એથી ધીમે અને એથી યે ધીમે જાય છે. ઉપલક્ષણથી જતાં પણ નથી. તે રીતે છ પુરુષો જાતિને આશ્રયીને મિથ્યાદૃષ્ટિ આદિ ૬ પ્રકારના

સબલ વિ. ૬ પુરુષો જેમ નગરમાં જાય છે. તેમ શિઘ્રાદિ પ્રકાર વડે મોક્ષમાં જાય છે. ઈતિ બન્ને વાક્યની સમુદાય રૂપે યોજના થઈ.

હવે તે પુર તરફ જનારા છ પુરુષો કોણ છે ? તે કહે છે. સબલ અબલ એ પ્રમાણે સબલ એટલે ત્વરિત (ઝડપી) ગતિમાં સમર્થ. અને અબલ એટલે બલ વગરનો પગયુત અને પંગુ એ પ્રમાણે ત્રણ થયા (સબલ પગવાળો અબલ પગવાળો અને પંગુ) આ ત્રણે જણા ભ્રાન્ત દિશાના વ્યામોહવાળા હોવાથી પૂર્વાદિ દિશાને પશ્ચિમાદિ દિશાને માનનારા છે. અને બીજા અભ્રાન્ત જે દિશા છે તે દિશાને જોનારા છે. આમાંથી કોણ મોક્ષે જનારા છે. તેવા તે છ છે તે કહે છે.

મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ એમ બન્નેઉ સબલ ક્રિયાવાળા, અબલ ક્રિયાવાળા અને ક્રિયા વગરના એ પ્રમાણે છ છે.

ક્રિયા એમ સામાન્ય પણે કહ્યાં છતાં પણ મિથ્યાદૃષ્ટિની ક્રિયા તે મિથ્યા ક્રિયા જાણવી સમ્યક્દૃષ્ટિની સમ્યક્ક્રિયા જાણવી.

અહીંયા દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકમાં છ મનુષ્યો કહે છે. તે પણ જાતિની પ્રધાનતાથી નિર્દેશ કરેલા છ નર જાતિઓ ગ્રહણ કરવી. એ પ્રમાણે ગાથાનો સાર છે.

છ પુરુષનું દૃષ્ટાંત

હવે દૃષ્ટાન્ત દ્વારા વિચારણા કરે છે :- ક્ષિતિ પ્રતિષ્ઠ નામના નગરમાં છ પુરુષો વ્યવસાય માટે વેપારની ક્રિયામાં મિત્ર થઈને રહ્યા છે. તેઓએ એક વખત સાંભળ્યું કે અહીંથી વીશ યોજન દૂર રત્નપુર નામનું નગર પૂર્વદિશામાં આવેલું છે. ત્યાં બીજા દેશમાંથી વસ્ત્ર વિ. ઘણું કરિયાણું લઈને વેપારીઓ વેંચવાને માટે આવ્યા છે. પહેલાં પણ આવ્યા હતાં તેને લેવાને માટે બીજાનગરમાંથી પણ વેપારીઓ ત્યાં આવશે. ઈત્યાદિ પછી તેઓએ વિચાર્યું જો આપણે જલ્દી જઈએ તો સારા વસ્ત્રો સુખ પૂર્વક (સહેલાઈથી) મળી જશે. પછી ઘણાં ગ્રાહકોના આવવાથી ઘણાં મોંઘા મળશે. આ નગરનો દરવાજો મોડો ઉઘડે છે. તેથી જો નગરથી બહાર વનમાં રહેલા યક્ષના મંદિરમાં વાસ કરીએ તો મોડી રાત્રે વહેલા ઉઠીને નગરમાં જલ્દી પહોંચી જઈએ. એ પ્રમાણે વિચારીને તેઓ સંધ્યા સમયે તે યક્ષના મંદિરે સાથે બાંધેલું (લાવેલું)

ધન ભેગું કરીને ત્યાં જઈને ગોપવીને સૂઈ ગયા. હું પહેલો જાઉં હું પહેલો જાઉં એમ વિચારીને ઘણી રાત્રિ બાકી રહે છતે ઉઠીને શિઘ્ર ત્યાં જવાની ઈચ્છાવાળા તેઓમાંથી એક તાકાતવાળા પગવાળો હતો. પગની તાકાતના કારણે જલ્દી જવા વિ. થી ધનની પ્રાપ્તિ અને લોકની પ્રશંસા આદિના કારણે અભિમાન વાળો સ્વભાવ હોવાથી દિશાનો ભ્રમ થયો.....

બીજો તાકાત વગરના પગવાળો અલ્પ અભિમાની હતો તેને પણ દિશાનો ભ્રમ થયો. અને ૩જો તાકાતવાળા પગવાળો દિશાના ભ્રમવિનાનો અને ૪ થો તાકાત વગરના પગવાળો પણ દિશાના ભ્રમ વિનાનો આ બે લંગડા જે યક્ષના મંદિરે આવતાં જતાં ઘણા સાર્થ વિ. ના મળવાના સંકેતવાળા સ્થાનેથી બળદ ગાડા વિ. ભાડે કરીને ઈચ્છિત નગરમાં જઈશું એ પ્રમાણેની બુધ્ધિથી બળદગાડી આદિ કરીને ત્યાં આવ્યા ઈતિ અને ત્યાં તે યક્ષ પૂજા પ્રણામ વિ. માત્રથી પણ ખુશ થાય છે. અને ખુશ થયેલો તે પોતાના ભક્તોને દિશાની ભ્રાંતિ વિ. દૂર કરવા વડે કરીને અને વિઘ્નને દૂર કરનાર ઉપદેશ વિ. આપીને ઈચ્છિત નગરમાં પહોંચાડે છે. તેથી બધાય મુસાફરો તેના તે સ્વરૂપને જાણતા પ્રાયઃ તેને પ્રણામ વિ. થી સંતોષીને તેના કહેવા મુજબના માર્ગે જવા માટે પ્રવર્તે છે. અને ઈચ્છિત પૂર વિ. પ્રાપ્ત કરે છે. અને જેઓ ગુરુ (ભારી) અજ્ઞાનતા વડે તેને અવગણીને પ્રવૃત્તિ કરે છે. તેઓ ઘણાં હોવા છતાં દિશાની ભ્રાંતિ વડે ઉત્પન્ન થયેલા વિઘ્ન વડે અથવા અજ્ઞાન આદિના કારણે ઈચ્છિતને પામતાં નથી. એ પ્રમાણે હકીકત છે.

હવે પહેલો (સબલ પગવાળો) કરિયાણાનાં વિષે ઘણા લોભવાળો હોવાથી હું પહેલો તે નગરમાં જાઉં એવી એકજ ચિંતા ને કારણે તેને ગાઢ નિંદ્રા ન આવી પહેલા જ પ્રહરના અન્તમાં જ ઉઠી ગયો બીજાઓ જાગી જવાના ભયથી ચાલવાના અવાજ કર્યા વિના અતિ પૈસા (ધન) કમાવવાના લોભથી શીઘ્ર તથા જોયા વિનાના માર્ગે નક્ષત્રાદિના જ્ઞાન વિનાની સ્થિતિ વાળો ગુરુ (ભારી) અજ્ઞાનથી જલ્દીપણા આદિના કારણે યક્ષને પ્રણામ વિ. ન કરવા રૂપ અવગણના કરીને ઉત્પન્ન થયેલ દિશાની ભ્રાંતિથી પશ્ચિમ દિશામાં ઉતાવળના અને અભિમાનના કારણે માર્ગને નહિ જાણવાના અને

અનાદરના કારણે જંગલની ભ્રાંતિથી કોઈક માર્ગના આભાસથી દોડે છે. રાત્રિ ઘણી બાકી હોવાથી જંગલમાં જવા આદિના કારણે વિશેષ મુસાફરો ન મલવાથી અને જો મલે છે તો પણ અભિમાનથી ગ્રસાયેલો હોવાથી પૂછયા વગર પગની તાકાતના કારણે અત્યંત ત્વરિત ગતિએ જવાથી ત્રણ પહોરમાં દશ યોજન ચાલી ગયો અને પછી પોતાની પાછળ સૂર્યોદયને જોઈને ઉત્પન્ન થયેલા દિશાની ભ્રાન્તિના અતિરેકવાળો સૂર્યોદયથી નિશ્ચિત કરેલ ઉલટી દિશાના ગમન વાળો એવો તે પોતાના પગની તાકાત ઉતાવળાપણાને અને અભિમાન વિ. ને વિચારતો ઈચ્છિત પુરની પ્રાપ્તિ નહિ થવાના કારણે નિરાશ થયેલાની જેમ જલ્દી પાછો વળ્યો પરંતુ મોટા અરણ્યમાં આવી જવાથી માર્ગને નહિ જાણતો હોવાથી અત્યંત ભૂખ તરસ થાક ઉત્પન્ન થયેલો પગનો દુઃખાવો અને ઢીલાપણા વિ. થી રહેવાનું સ્થાન એવા યક્ષના મંદિર સુધી પણ જવા માટે સમર્થ નથી. વળી રસ્તો બહુ દૂર થઈ જવાના કારણે ઈચ્છિત પુરે કેવી રીતે જવાય ?

હવે ક્યારેક અરણ્યમાં આમ તેમ ભ્રમણ કરતાં સ્વભાવિક રીતે નસીબ જોગે તેવા પ્રકારના મળેલા પુરુષના કહેવાથી માર્ગને પામીને ઘણા સમયે યક્ષના મંદિરે પહોંચ્યો - આવ્યો અને ત્યાર પછી પહેલાં કરેલા પોતાના અભિમાન પ્રમાદ વિ. ને વિચારતો પ્રણામ વિ. થી યક્ષને સંતોષીને તેના ઉપદેશ, પ્રભાવ વિ. થી ઈચ્છિત માર્ગ ને જાણ્યો અને પૂર્વના ચાલેલા બધા સાથિઓને ઈચ્છિત પુરને પામેલા જાણીને અભિમાન વગરનો થઈને ચાલતાં કેટલાક સમયે બધાની પછી તેણે તે ઈચ્છિત પુરને પ્રાપ્ત કર્યું ॥૧॥ હવે બીજો તેવા પ્રકારની ગાઢ નિદ્રા ન આવવાથી રાત્રિના બીજા પહોરે ઉઠીને પહેલાં પોતાનાં સાથિઓને ત્યાં ન જોતાં પોતાની જાતને તેનાથી ઠગાયેલી માનતો, કરિયાણાને માટે ઉતાવળ કરતાં અભિમાન, અજ્ઞાન વિ. ના કારણે યક્ષને અવગણીને પહેલાની જેમ ઉત્પન્ન થયેલ દિશાની ભ્રાંતિથી પશ્ચિમ દિશા પ્રતિ ચાલ્યો જલ્દી ચાલતો હોવા છતાં પણ પાછળથી જાગેલો હોવાથી વળી બલ વગરના પગવાળો હોવાથી સૂર્યોદયે ત્રણ-ચાર યોજન ચાલી ગયો પછી પાછળ ઉગતા સૂર્યને જોઈને ઉલટી દિશામાં છું એવું નિશ્ચિત કરી પહેલાંની જેમ અફસોસ આદિ કરતો પાછો વળ્યો થોડું ચાલવાથી લાગેલા થોડા થાકને

કારણે પહેલાં ઉઠેલ હતો તેનાથી પહેલાંજ યક્ષ મંદિરને પામીને (આવીને) યક્ષની ભક્તિ અને તેના ઉપદેશ વિ. થી સત્ય માર્ગે ચાલ્યો પહેલાં જે ઉઠેલો હતો તેનાથી ઘણાં સમય પહેલાં ઈચ્છિતપુરને પ્રાપ્ત કર્યું ॥૨॥

હવે કેટલીક રાત્રિ પસાર થયા બાદ ત્રીજો ઉઠ્યો અને બેજણ ચાલી ગયા છે જાણીને અધિક શીઘ્રતા એ સ્વભાવથી પણ દિક્મોહ વિનાનો વળી યક્ષની સ્તુતિ, પૂજા ઉપદેશ વડે કરીને ઘણા નક્ષત્ર અને માર્ગના ચિહ્નાદિ જોવાથી નિર્ણય કરેલા પોતાના ઈચ્છિત માર્ગે ઝડપથી ચાલ્યો. તાકાતવાળા પગના કારણે બધાથી જ પહેલાં ત્યાં આવ્યો મનગમતું કરીયાણું ત્યાં સહેલાઈથી મેળવ્યું ॥૩॥

હવે ચોથો પણ તેવી રીતે ઉઠ્યો પંગુને છોડીને બધાય ચાલી ગયા જાણીને વિશેષ ઉતાવળ પૂર્વક તેવીજ રીતે ત્રીજા મિત્રની જેમ યક્ષની ભક્તિ સદુપદેશાદિએ કરીને નિર્ણિત (નક્કી) કરેલા માર્ગે કંઈક પગની તાકાત ન હોવાથી ત્રીજા મિત્રની પછી અને પહેલાં, બીજાની પૂર્વે ઈચ્છિત પૂરને પ્રાપ્ત કર્યું અને ઈચ્છિત કરીયાણું મેળવ્યું ॥૪॥

આ ચારે જણા ચાલવામાં શક્તિશાળી હોવાથી સ્વઈચ્છિત નગરને પ્રાપ્ત કર્યું. જે પંગુ (લંગડા) હતા તે ત્યાં જ રહ્યા પછી કેટલોક સમય વ્યતિત થયા બાદ પહેલો પંગુ ઉઠ્યો. મિત્રો ચાલી ગયા છે. એમ જાણીને જલ્દી ઈચ્છિત પૂરે જવાને માટે ભમવા છતાં પણ ચાલવાની શક્તિ ન હોવાથી પોતે અફસોસ કરતો બેસી રહ્યો.

કેટલાક સમય બાદ પશ્ચિમ દિશામાં પણ જતાં જે કાંઈ ગાડા અશ્વ. વિ. વાહનને જોઈને સ્વભાવથી યક્ષની અવગણનાએ કરીને ઉત્પન્ન થયેલી ભ્રાન્તિના કારણે સૂર્યોદયાદિને નહિ જાણતો ઉલ્ટી દિશામાં દ્રવ્ય વિ. આપી ભાડે કરાયેલા સાધન પર બેસીને એવી રીતે કેટલોક દૂર ગયો કે જેથી તે નગરના સમાચાર ક્યારેય પ્રાપ્ત ન થાય પ્રાપ્તિ ક્યાંથી થાય ? વાહન હોવા છતાં પણ અટવીમાં પડેલા એવા તે અસંખ્ય વર્ષો સુધી અસંખ્ય દુઃખને ભોગવનારો થયો.

વળી ક્યારેક ફરીને અસંખ્ય વર્ષ વીત્યા બાદ પહેલા કહેલાં યક્ષવન

(મંદિર) ને પ્રાપ્ત કરીને યક્ષની આરાધના કરવા થકી તેને આપેલ વિશેષ પ્રકારના ફલ ઔષધિ વિ. થી પગ સારો થયો અને વાહન મલતાં ઘણાં વર્ષો ગયા બાદ પોતાને મન ગમતા નગરની દિશાની ભ્રાન્તિ જતાં સન્માર્ગે ચાલ્યો અને ઈચ્છિત પૂરને પામ્યો અને કરીયાણું મેળવ્યું ॥૫॥

હવે છઠ્ઠો મિત્ર તેજ રીતે બધા ચાલી ગયા જાણીને જાતે અફસોસ કરતો યક્ષના પ્રભાવથી સ્વાભાવિક દૂર થયેલી ભ્રાન્તિવાળો (ભ્રાન્તિવગરનો) ભવિતવ્યતાના યોગે (નસીબ યોગે) ઘણા અલ્પ સમયમાં પ્રાપ્ત થયેલા વાહનથી અને સારી આરાધનાથી સંતોષ પામેલા યક્ષે આપેલ વિશેષ પ્રકારના ફલ, ઔષધિ વડે સારા પગવાળો થયેલો તે એકાદ વર્ષમાં તે નગરમાં પહોંચ્યો અને કરીયાણું પ્રાપ્ત કર્યું ॥૬॥

ઈતિ દ્રષ્ટાંતરૂપે છ મનુષ્યની વિચારણા કરી. હવે છ નરની વિચારણાને ઘટાવે છે.

ક્ષિતિ પ્રતિષ્ઠિત પુર સરખો સંસાર, યક્ષવન સરિખી મનુષ્ય ગતિ, યક્ષમંદિર સમો સુવિહિત ગચ્છ, યક્ષસરિખા શ્રી સદ્‌ગુરુ, યક્ષ આદેશ સરખો ગુરુનો ઉપદેશ અથવા જૈનાગમ ઈષ્ટ પુર સરિખો મોક્ષ અથવા સ્વર્ગ કરીયાણા સરિખા મોક્ષનું અનંત સુખ અથવા સ્વર્ગના પણ સુખ, છ માનવ સરિખા છ મોક્ષાદિની ઈચ્છાવાળા પુરુષો, દિશા મોહ સરિખું મિથ્યાત્વ, દિશા મોહ (ભ્રાન્તિ) વિનાના સરિખું સમ્યક્‌ત્વ, પગના બલ સરિખા તપ, નિયમ વિ. ક્રિયા અને તે ભ્રાન્તિવાળાને મિથ્યાત્વવાળી ક્રિયા, તપ, પારણું કન્દમૂલ (જમીન કંદ) ફલાહાર, સ્નાન, અગ્નિહોત્ર, યજ્ઞ, મિથ્યાદાન, કુગુરુ, કુતીર્થ, કુદેવ સેવા, સંધ્યા, વંદનાદિ જાણવું.

ભ્રાન્તિ વિનાનાને સમ્યક્‌ ક્રિયા, સમ્યક્‌ તપ, યમ નિયમ છ આવશ્યક (પ્રતિક્રમણ) સુપાત્ર દાન, બ્રહ્મવ્રત, તીર્થ સેવાદિ જાણવું.

હવે જેવી રીતે ક્ષિતિ પ્રતિષ્ઠિત નગરમાં રહેનારા છ પુરુષો કરીયાણાની ઈચ્છાથી ઈચ્છિત પુર તરફ જવાની ભાવનાથી યક્ષ વન (મંદિર)માં રહ્યા, તેવી રીતે સંસારવાસિ વૈરાગી જીવો દેવાદિગતિમાં ચ્યવનાદિ દુઃખથી ઢીલા (ભાંગી) બનેલા અને કંટાળી ગયેલા મોક્ષ સુખ અનુપમ છે. એમ જાણીને

તેની ઈચ્છા રહી છે તેવા કર્મની પરિણતિના કારણે લઘુ કર્મી થવાથી ભવિતવ્યતા (નસીબ)ના યોગે મનુષ્ય ગતિને પ્રાપ્ત કરી તેમાં પહેલો એક કુગુરુએ કહેલા શાસ્ત્રના અર્થથી ભાવિત થવા થકી કદાગ્રહી મિથ્યાત્વી બનેલો દિશાની ભ્રાન્તિ સમ ઉલ્ટા તત્વમાં મુંઝાયેલો, પહેલાં કહેલી મિથ્યા ક્રિયાને વિષે મન - વચન, કાયા, ધન આદિના બલથી અતિ ઉદ્યમશીલ બનેલો વિષ્ણુ પુરાણ વિ. માં કહેલ શતધનુરાજા વિ. ના દૃષ્ટાંતોથી અને વેદ પુરાણમાં કહેલ વચનોથી ઉત્પન્ન થયેલા જૈન ધર્મના દ્વેષથી અને પોતાના જ્ઞાન ક્રિયાના અભિમાનથી યક્ષ સરિખા સદ્‌ગુરુનો અને તેમના ઉપદેશનો દૂરથી ત્યાગ આદિ કરવા પૂર્વક અવગણીને બધાથી પહેલો ઈષ્ટપુર સરિખા મોક્ષપુરે જવા માટે ઊભો થયેલો (તૈયાર થયેલો) પોતાના જ્ઞાન, ક્રિયાદિના ગર્વ થકી બીજા દર્શનકારોના સંસર્ગ અને વાર્તાલાપથી ઉત્પન્ન થયેલા પ્રાયશ્ચિત્તની બીકથી માર્ગમાં મળેલા સારા મુસાફર સરિખા જૈન સાધુ - શ્રાવકો ને સન્માર્ગને નહિ પૂછતો શક્તિશાળી એવા પગની ત્વરિત ગતિ સરખા જેમ જેમ અનંત જીવના સમૂહવાળા કંદમૂલ, સેવાલ વિ. ના ભોજન, અગ્નિ હોત્ર, યજ્ઞ વિ. મિથ્યાત્વની ક્રિયા અત્યંત કરે છે. તેમ તેમ તેનાથી ઉત્પન્ન થયેલા મહાઆરંભ જીવ ઘાત વિ. પાપ કર્મના કારણે અશ્વગ્રીવ રાજાના પુરોહિત વિ. ની જેમ અત્યંત એથી અત્યંત એનાથી પણ અત્યંત દુઃખમય હલકા મનુષ્ય, તિર્યંચ, નરક વિ. માં પડેલો, દુર્લભ બોધિપણા વડે કરીને અનંત ભવરૂપી વનમાં ૮૪ લાખ જીવાયોનિની માંહી ભટકતાં શિવપુરથી ઘણો દૂર થઈ જાય છે. વળી અનંત કાલ ગયે છતે (જતાં) ત્યાં આગમમાં કહ્યા પ્રમાણે ક્રિયાવાદિ નિયમા ભવ્ય અને શુક્લ પાક્ષી હોય છે. અને એક પુદ્‌ગલ પરાવર્તન કાલમાં નિયમા સિધ્ધિ ગતિને પામે છે. ભલે તે સમ્યગ્‌દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિવાળો હોય તો પણ આ પ્રમાણે દશાશ્રુત સ્કંધની ચૂર્ણિમાં બતાવેલા શ્રાવક પ્રતિમાના અધિકાર વિ. ના વચનથી ક્રિયાની રુચી હોવાથી અવશ્ય શિવગામી પણા થકી યથા પ્રવૃત્તિ કરણ કરવાથી પાર ઉતરેલો અપૂર્વકરણરૂપ સૂર્યોદય થયે છતે પોતાને ભ્રાન્તિવાળો માનતો અકામ નિર્જરાના યોગ વિ. થી ક્યારેક મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને કર્મનો ક્ષયોપશમ થવાના કારણે તત્વના શોધનથી ઉત્પન્ન થયેલી શ્રધ્ધાવાળો મિશ્રાદિ (?) ગુણ

સ્થાનકના યોગથી ચાલ્યો ગયો છે દિશાના ભ્રાન્તિરૂપ મિથ્યાત્વના કારણરૂપ તત્વનો વ્યામોહ જેનો એવો કોઈ પણ રીતે યક્ષસમા સદ્‌ગુરુને પામીને તેમના ઉપદેશ, બહુમાનથી જ્ઞાનાદિ મોક્ષમાર્ગને જાણીને તેને અનુસાર સમ્યક્‌અનુષ્ઠાન વિ. વડે કરીને તે માર્ગને સેવતો ઉત્કૃષ્ટથી એક પુદ્‌ગલપરાવર્તનકાલમાં બીજા ચાર મિત્રોથી પછી અનંતકાલે સ્વઈષ્ટ પુર સરિખું મોક્ષપુરને પામે છે. ઈતિ પ્રથમ પુરુષની વિચારણા થઈ ॥૧॥

શતધનુ રાજાનો સબંધ આ પ્રમાણે છે :- કોઈ એક નગરમાં શતધનુ રાજા હતો તેને પતિવ્રતા એવી શૈલ્યા નામની પત્નિ હતી તે દંપતિએ પરમ વૈષ્ણવ કાર્તિકમાસમાં ઉપવાસવાળા, ગંગામાં સ્નાન કરેલા એ દંપત્તિએ સામે આવતાં એક પાખંડીને જોયો રાજાએ પોતાને ધનુર્વિદ્યા બતાવનારનો મિત્ર હોવાથી તેની સાથે ગૌરવ પૂર્વક વાર્તાલાપ કર્યો રાજાની પત્નિએ તેને જોઈને સૂર્યનું દર્શન કર્યું પછી સમય જતાં રાજા મરીને વૈદશપુરમાં શ્વાન (કૂતરો) થયો. તેની પાછળ પત્નિ મરીને કાશીરાજાની પુત્રી થઈ અને જાતિસ્મરણ જ્ઞાનવાળી બની તે યૌવન વયમાં આવતાં વરને (મુરતીયો) જોતાં-શોધતાં પિતાને નિષેધ કરીને જ્ઞાનવડે જાણી ત્યાં જઈને તે કૂતરાને શ્રેષ્ઠ આહારવડે મોટો કર્યો - પોષ્યો અને ખુશામત (ગેલ) કરતાં એવા તેને તેણીએ કહ્યું તને યાદ છે ? તીર્થ સ્થાન કર્યા પછી પાખંડી સાથે વાર્તાલાપ કરતાં મારી ખુશામત કરનાર તું કૂતરો થયો છે. પછી તે આહાર ત્યાગી, મરીને શિયાળ થયો ત્યાં પણ તેને તેવી રીતે પૂર્વભવની જાતિ યાદ દેવડાવી અને તે પછી તે આહારને ત્યાગીને વરુ થયો એ પ્રમાણે ગીધ કાગડો અને મયૂર થયો તે મયૂરના ભવમાં તે રાજકુમારી વડે, જનકરાજા વડે કરાતા અશ્વમેઘ યજ્ઞના હોમ માટે સ્નાન વાળો મરીને જનક રાજાનો પુત્ર થયો. પછી ત્યાંથી પિતાને ઘરે આવેલી એવી તેણે તેના આદેશથી પિતાએ કરેલા સ્વયંવર મંડપમાં તેને પરણીને ભોગોને ભોગવી સ્વર્ગમાં ગયો તેણી પણ સ્વર્ગમાં ગઈ તે કારણથી પાપી એવા પાખંડી સાથે વાર્તાલાપ અને સહવાસ છોડી દેવો. વિશેષથી ક્રિયાના સમયે અથવા યજ્ઞ આદિમાં દીક્ષિત થયેલા એવા આ પાખંડી સાથેના વાર્તાલાપનો દોષ હે બ્રાહ્મણો ! મેં કહ્યો અને તેવી રીતે અશ્વમેઘ, હવન, સ્નાનનું મહાત્મય એ પણ દોષ રૂપ જ છે. ॥૨॥

જેના ઘરમાં ક્રિયા નથી ત્યાં એક માસમાં (દોષ) ઉત્પન્ન થાય છે. તેથી હે બુધ્ધિમાન નર! તેને જોઈ જવાથી સૂર્યને જો અર્થાત્ સૂર્યનું દર્શન કર ॥૩॥

વળી હે દ્વિજ ! વેદ વાક્ય (શાસ્ત્ર)ના વિરોધિ પાપી પાખંડીનું ખાનારાઓએ સર્વરીતે ત્રણે સારી રીતે છોડ્યા છે. તેનું શું પૂછવું ? ॥૪॥

હે બુધ જન ! આ પાપી પાખંડીઓ સાથે બોલવું નહિ તેની સાથે વાર્તાલાપ કરવાથી તે દિવસે ઉત્પન્ન થયેલું પુણ્ય નાશ પામે છે. આ વાત વિષ્ણુ પુરાણના ત્રીજા અંશના ૧૮ મા અધ્યાયમાં કહી છે.

હવે બીજો તાકાત વગરના પગવાળો અને દિશાની ભ્રાન્તિવાળાની સરખો કોઈક અનભિગૃહિત (કદાગ્રહવિનાનો) ભવ્યાત્મા કંઈક માર્ગને અનુસરનારો મિથ્યાદર્શનમાં કહેલા વ્રત, દાન, તપ, કંદમૂલ ભક્ષણ, સ્નાન વિ. ક્રિયાને કરતો જૈન ચૈત્ય, મુનિ, શ્રાવક વિ. ઉપર દ્વેષ વગરનો હોવાથી તેમનો પણ સંસર્ગ, વચન સુણવા વિ. કરીને નાગ, દેવતા, પશુબલિ, મહા કોટિહોમ આદિ મહાઆરંભ રૂપ ક્રૂર ક્રિયામાં આનંદ નહિ પામતો ચંડાલ થયેલા બ્રાહ્મણ વિ. ની જેમ, મનુષ્ય, કુગતિ અને તિર્યંચ યોનિ ભમીને પહેલા પુરુષની જેમ મોક્ષથી દૂર નહિ (આસન્ન) થઈને પહેલાંની જેમ અપૂર્વકરણ રૂપ સૂર્યોદય થતાં દિશાની ભ્રાન્તિ નિકળવા સરિખા મિથ્યાત્વના કારણે થયેલી તત્વની ભ્રાન્તિથી દૂર થયેલા મનવાળા કોઈ પણ રીતે યક્ષવત્ સરિખિ મનુષ્ય ગતિને પામીને અને યક્ષ સરિખા ગુરુને પામીને તેના ઉપદેશથી સમ્યગ્ માર્ગમાં પ્રવર્તન કરવાથી અલ્પ ભ્રમણે કરીને પૂર્વ પુરુષની પહેલાં ઉત્કૃષ્ટથી અનંત ભવ કરીને કંઈક ન્યુન (ઓછા) પુદ્ગલ પરાવર્તમાં મુક્તિ પામે છે. એ પ્રમાણે બીજા પુરુષની વિચારણા કરી.

ચંડાલ થયેલા બ્રાહ્મણનું વૃતાંત

વારાણસી નગરીમાં ઈન્દ્રશર્મા નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે વેદાદિ સર્વ વિદ્યાનો પારગામી અને કુલમદથી ઉન્મત્ત બનેલો હતો. યાત્રા - વિવાહ, દીક્ષા - ઘર, મંદિર, તળાવ, વાવ આદિની સ્થાપના વિ. માં અને જન્મ - મરણ વિ. માં તેને જ લોકોએ અગ્રેસર બનાવ્યો હતો અને તેને

પૂજતા હતા અને જૈન મુનિ, શ્રાવકાદિના સંસર્ગ વિ. થી પશુઘાત આદિવાળા હોમ વિ. ક્રિયામાં આનંદ વગરનો અર્થાત્ આનંદ નહિ માનતો પોતાના કુલને ઉચિત સ્નાનાદિ મિથ્યા ક્રિયાને કરે છે. એક વખત યાત્રા પ્રસંગે લોકોવડે સત્કાર કરાતો અભિમાનમાં આવી જવાથી નીચ ગોત્ર બાંધીને ત્યાંજ ચંડાલનો પુષ્પદંત નામે પુત્ર, કુરૂપ, કાળાવર્ણવાલો અને ગીતની રુચિવાળો થયો લોકો તેની નિંદા કરે છે. વળી તેને કોઈ કન્યા આપતું નથી. તેથી દુર્ભાગી, દરિદ્ર પોતાના કર્મની નીંદા કરતો દરરોજ ઈન્દ્રશર્માના ઘેર ગીત ગાતો ભીક્ષા માંગે છે.

એક વખત તે નગરમાં અતિશય જ્ઞાની ચંદ્ર નામના આચાર્ય આવ્યા તે કુલમદવાળા બનેલા રાજપુત્ર વિ. સ્વ શિષ્યોને પ્રતિબોધવા તેની સાથે ઈન્દ્રશર્માના ઘરે ભીક્ષા લેવાના બહાનાથી અને પુષ્પદંત વિ. ને પ્રતિબોધવા આવ્યા તેટલામાં તે વખતે ઘરના લોકો વડે નીંદા કરાતા એવા પુષ્પદંતને જોયો પછી ઈન્દ્રશર્માના મોટા પુત્ર મધુશર્મા બ્રાહ્મણને ગુરુએ કહ્યું :- હે મધુશર્મન્ ! પોતાના પીતાની નીંદા, અપમાન હીલના, અવહેલના ન કર તેથી વિસ્મય પામેલો તે બોલ્યો સ્નાનાદિ ક્રિયા કરનારા મારા પિતા ચંડાલપણાને કેવી રીતે પામ્યા ? ત્યારે ગુરુએ કહ્યું હે ભદ્ર ! બાહ્ય સ્નાન વડે આંતર પવિત્રતા આવતી નથી. હવે આ વખતે યુક્તિ પ્રયુક્તિ કરી તે સાંભળતાં પુષ્પદંતને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી નિશાની વિ. બતાવવા વડે પુત્ર વિ. પરિવારને વિશ્વાસ કરાવ્યો, તે પછી ગુરુએ કહેલા ધર્મનો સ્વીકાર કરવાથી કાન્તા નામની નગરીમાં વિભુરાજાનો નંદ નામે પુત્ર થયો. ક્રમે કરીને સર્વગુણ કલાથી સંપૂર્ણ થયેલો રાજાવડે એકી સાથે બત્રીસ કન્યાઓ સાથે પાણી ગ્રહણ કરાવાયું અર્થાત્ પરણાવાયો અને રાજ્ય પર બેસાડ્યો.

વિષય સુખમાં આસક્ત થયેલો સૂર્યોદય કે સૂર્યાસ્ત વિ. ને જાણતો નથી. એટલે કે રાત કે દિવસ વિ. ને પણ જાણતો નથી. ધર્મ તો દૂર રહ્યો ધર્મની તો વાત શી ?

એક વખત શ્રાવક ધર્મની આરાધનાથી સહસ્ત્રાર નામના આઠમા દેવલોકમાં ગયેલા પૂર્વભવના પુત્રે આવીને રાત્રિમાં ઘણા ઉપાયો કરીને બોધ

પમાડ્યો અને બોધ પામેલા તેણે ગુરુની પાસે દીક્ષા લઈને અચ્યુત નામના બારમા દેવલોકમાં ગયો. અનુક્રમે થોડા ભવમાં મોક્ષને પામશે. ઈતિ.

હવે ત્રીજા દિશાની ભ્રાન્તિ વિનાનો અને સશક્ત પગવાળા પુરુષની સરિખા કેટલાક ભવ્યજનો યક્ષ સરિખા સદ્‌ગુરુને પામીને તેના ઉપદેશથી મોહનીય વિ. કર્મનો ક્ષયોપશમ થવાથી ઉત્પન્ન થયેલા ચારિત્રના પરિણામવાળો સમ્યક્ ચારિત્ર અંગીકાર કરીને (સ્વીકારીને) ચરણ કરણમાં આવેલા બાર પ્રકારના તપ - અનુષ્ઠાનાદિ ક્રિયા કરતો પરિષહ ઉપસર્ગોને સારી રીતે સહન કરતો વળી હંમેશા અપ્રમત્ત પણે જ્ઞાનાદિ ગુણોને આરાધીને તેજ ભવમાં અથવા ઉત્કૃષ્ટથી સાત આઠ ભવમાં બધાથી પહેલાં મુક્તિ અને તેના સુખોને પામે છે. ઈતિ ત્રીજા નરની વિચારણા થઈ ॥૩॥

હવે ચોથો દિશાની ભ્રાન્તિ વિનાનો અને અશક્ત પગવાળા સમાન કોઈ ભવ્ય તેવીજ રીતે ગુરુના ઉપદેશથી ચારિત્ર ધર્મની આરાધના કરવાની અશક્તિના કારણે બાર પ્રકારના ગૃહસ્થ ધર્મને સ્વીકારીને સમ્યગ્‌જ્ઞાન, દાન, ક્રિયા, તપ, છ આવશ્યક (પ્રતિક્રમણ) પૌષધ વિ. ક્રિયાને કરતા સાતે ક્ષેત્રની આરાધનામાં તત્પર (લીન) ત્રીજે ભવે અથવા ઉત્કૃષ્ટથી અપ્રતિપાતી સમ્યક્‌ત્વના પરિણામવાળો બે વખત વિજય વિ. માં જઈને અથવા ત્રણવાર અચ્યુતે જઈને" એ પ્રમાણેના વચનથી પાંચમે અથવા સાતમે ભવે મોક્ષે જાય છે. અને પ્રતિપાતિ સમ્યક્‌ત્વના પરિણામવાળો સંખ્યાતા વિ. ભવમાં ત્રીજા ભવ્ય પુરુષથી પછી અને પહેલાં અને બીજા પુરુષ થી પૂર્વે (પહેલાં) મુક્તિને અને તેના સુખને સારી રીતે પામે છે. ઈતિ ચોથા પુરુષની વિચારણા થઈ. ॥૪॥

હવે બે પંગુ પુરુષની વિચારણા કરે છે :- જેવી રીતે પાંચમો પુરુષ પંગુ, દિશાની ભ્રાન્તિથી વાહનવાળો હોવા છતાં અટવીમાં ભમ્યો તેવી રીતે કોઈ મિથ્યાદૃષ્ટિ ક્રિયાને નહિ માનનારો, અજ્ઞાનતાથી ભરેલો, નિયતિ આદિને માનનારો, અથવા નાસ્તિક વિ. બધી રીતે મિથ્યાત્વમાં રહેલો, અથવા સમ્યગ્ દર્શનમાં રહેલો, ક્રિયામાં રુચિ વગરનો, ક્રિયા ન કરવાના કારણે" જો કપિલ મતને જેણે જાણેલો છે તે ઘણા લાંબા કાળે મોક્ષને પામશે. ઈત્યાદિ શાસ્ત્રાનુસારે જ્ઞાન માત્રથી અથવા નિયતિ આદિ વડે જ મોક્ષને જાણતો

(માનતો) અથવા સંપૂર્ણ પણે જીવાદિ તત્વ નથી તેથી મોક્ષનો પણ અભાવ જ છે. એમ બોલતો તે હિંસા વિ. આશ્રવ પ્રવૃત્તિ વડે ઈચ્છાનુસાર ઈન્દ્રિયના વિષયોમાં રમતો ઘણાં પ્રકારે કુકર્મો ભેગા કરીને નરકાદિ ઘણા પ્રકારની કુયોનિમાં જન્મ મરણ આદિ વડે અનંત પુદ્ગલ પરાવર્ત ભમતો અભવ્ય કયારે પણ મોક્ષ પામતો નથી અને જો ભવ્ય હોય તો તે અનંત પુદ્ગલ પરાવર્ત કાલે પહેલા ભવ્યની જેમ ક્યારેક કોઈ રીતે સામગ્રીની પ્રાપ્તિ વડે સિધ્ધ પણ થાય છે. એટલે કે મોક્ષે જાય છે. ઈતિ પાંચમી ભવ્ય - અભવ્યની વિચારણા થઈ ॥૫॥

હવે દિશાની ભ્રાન્તિ વિનાના બીજા પંગુરૂપ છઠ્ઠાનરની જેમ કોઈક ભવ્ય અને સમ્યગ્દૃષ્ટિ ચારિત્રાવરણીય કર્મના પ્રભાવથી તપ, વ્રત, આવશ્યકાદિ ક્રિયાને વિષે સર્વથા શક્તિવાળો હોવા છતાં યક્ષના ઉપદેશ સરિખા ગુરુના ઉપદેશ આદિથી યથાવત્ (જેવું છે તેવું) સમ્યક્તત્વમાં શ્રધ્ધાવાળો ક્રિયાની અનુમોદના વિ. દ્વારા વૈમાનિકમાં ઉત્પન્ન થઈને બાંધેલા આયુષ્યના કારણે અથવા રાજ્ય વિ. બહુ આરંભની પ્રવૃત્તિ વિ. થી શ્રેણિક, કૃષ્ણ, સત્યકી વિદ્યાધરાદિની જેમ નરકમાં ઉત્પન્ન થઈને ફરી સમ્યક્ત્વના પ્રભાવથી યક્ષવન સરિખી મનુષ્યગતિને પામીને યક્ષ સરિખા સદ્ગુરુના ઉપદેશથી ચારિત્ર, ક્રિયા વિ. ની સુંદરતા પામેલા અપ્રતિપાતિ (જાય નહિ તેવા) સમ્યક્ત્વવાળા છાસઠ સાગરોપમની અંદર, ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલ પરાવર્તન કાલમાં મોક્ષ અને તેના સુખોને પામે છે ભોગવે છે વળી કેટલાક પ્રાપ્ત થયેલા વાહન સરખા સદ્ગુરુના ઉપદેશથી અથવા કર્મના ક્ષયોપશમથી પૂર્વભવમાં આરાધેલા સંયમના પ્રભાવથી પ્રાપ્ત થયેલી અલ્પ ભવ સ્થિતિપણાથી મરુદેવા માતા, ભરત ચક્રવર્તિ, પૃથ્વીચંદ્ર રાજા, ગુણ સાગરકુમાર, કૂર્માપુત્રાદિના દૃષ્ટાંતોથી ઉત્પન્ન થયેલા ચારિત્રના પરિણામ માત્રથી ભાવ સંયમના સ્વીકારની પ્રબલ ભાવનાના કારણે આવેલા શુક્લ ધ્યાનના પ્રભાવથી કર્મ ખપી જવાથી પ્રાપ્ત (ઉત્પન્ન) થયેલા કેવળજ્ઞાનવાળા તે જ સમયે ઘણું આયુષ્ય જોઈને દ્રવ્યભાવ ચારિત્રનો સ્વીકાર કરી અથવા થોડા સમયબાદ ગ્રહણ કરી મોક્ષની સંપત્તિને પામે છે. ઈતિ છઠ્ઠા નરની વિચારણા થઈ ॥૬॥

અને એ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ અને પ્રબલ સંયમ ક્રિયાવાળો બધાથી પણ પહેલો (પૂર્વે) મુક્તિને પામે છે. તે ભવે પણ મુક્તિને પામે છે. (૧)

તેની પછી સમ્યગ્દૃષ્ટિ યતિ ધર્મની ઈચ્છાવાળો થોડી બલવાન ક્રિયાવાળો (૧) શ્રાવક (૨) તેની પછી અનભિગ્રહી (અકદાગ્રહી) મિથ્યાદૃષ્ટિ ગાઢ નહિ એવી મિથ્યા ક્રિયાવાળો (૩) તેની પછી અભિગૃહિત (કદાગ્રહી) મિથ્યાદૃષ્ટિ ગાઢ ક્રિયાવાળો અને ત્યારબાદ (૪) મિથ્યાદૃષ્ટિ ક્રિયાવાળો પણ જો તે ભવ્ય હોય તો, (૫) અભવ્ય તો મોક્ષે જતોજ નથી.

(૬) સમ્યગ્દૃષ્ટિ ક્રિયાવાળો તો સામગ્રીના વિશેષપણાથી જલ્દી અથવા ધીમે અર્ધ પુદ્ગલ પરાવર્તન કાલની અંદર શિવસુખને પ્રાપ્ત કરે છે મેળવે છે. ઈતિ મોક્ષે જવાના અનુક્રમના તત્ત્વને જાણીને સમ્યગ્જ્ઞાન દર્શન યુત જ ક્રિયાને વિષે હે બુધ્ધિ નિધાન ! પ્રયત્ન કરો આ પ્રમાણે આ ઉપદેશનું રહસ્ય-તત્વ છે.

શ્લોકાર્થ :- આ છ પુરુષવાળું દૃષ્ટાંત જાણવાથી સમ્યગ્ જ્ઞાનદર્શન યુક્ત ક્રિયામાં લીન બનેલા હે પંડિતો ! કર્મ રૂપી શત્રુ પર વિજય લક્ષ્મી પ્રાપ્ત કરી - મોક્ષને પામો ॥૧॥

ઈતિ. તપાગચ્છાધિપ મુનિસુંદરસૂરિએ રચેલા શ્રી ઉપદેશ રત્નાકરમાં પ્રાચ્યતટે ત્રીજા અંશે છ પુરુષવાળા દૃષ્ટાંતની વિચારણા દ્વારા

શિવ સુખ પ્રાપ્તિ - તત્વ ઉપદેશવાળો

॥ ૪ તરંગ પૂર્ણ ॥

શ્લોકાર્થ :- જયરૂપી લક્ષ્મીની, સુખની અને અનીષ્ટને દૂર કરવાની ઈચ્છાવાળાઓ ત્રણ વર્ગમાં સાર ભૂત એવા આ લોકને પરલોકમાં હીતકારી સમ્યક્‌ધર્મમાં ઉજમાળ બનો ॥૧॥

તે વળી લૌકિક અને લોકોત્તર આદિ ભેદે ઘણા કહ્યા છે તેમાં સર્વોત્તમ ફલદાયક જિનધર્મ સાર રૂપ છે. ॥૨॥

જેમકે :- (૧) લઘુ (૨) વૃધ્ધ (૩) સાર (૪) અસાર

જેવી રીતે :- (૧) આકડો (૨) દ્રાક્ષ (૩) વડવૃક્ષ (૪) આમ્ર વૃક્ષ છે તેવી રીતે (૧) મિથ્યા (૨) સમ્યક્‌ક્રિયા (૩) દાન (૪) યાત્રાદિ ધર્મો છે.

લઘુ અને વૃધ્ધ પદની સાથે સાર - અસાર પદ વડે ચતુર્ભંગી કહી છે :- અને તેથી (૧) લઘુ અસાર (૨) લઘુ સાર (૩) વૃધ્ધઅસાર અને (૪) વૃધ્ધ સાર આમ ચાર પ્રકારના જેમ વૃક્ષો છે તેને જ દૃષ્ટાંત રુપે બતાવવા માટે નામથી કહે છે જેમકે (૧) આકડો (૨) દ્રાક્ષ (૩) વડ અને (૪) આમ્રવૃક્ષ છે. તેમ ધર્મો પણ ચાર પ્રકારના છે. તેને વિશેષ પ્રકારે કહે છે મિથ્યા ઈત્યાદિ. આદિ શબ્દ બધાની સાથે જોડવાથી (૧) મિથ્યા ક્રિયાદિ (૨) સમ્યક્‌ક્રિયાદિ (૩) મિથ્યાદાનયાત્રાદિ (૪) સમ્યક્‌ દાનયાત્રાદિ વિ. (૧) તેમાં જેમ આકડાનું ઝાડ નાનું હોવાથી બાળક પણ તોડી શકવાના કારણે લઘુ છે અને અત્યંત અલ્પ છાયા નખથી છેદી શકાય તેવી છાલ અને ખાઈ ન શકાય તેવા ફલ વિ. ના કારણે અસાર છે. અને તેવી રીતે બીજા વાદિના વચનથી કહે છે.

હે આકડા ! તારા ફલને ભેગા કરવાથી શું અને તારા નવીન તાજા પુષ્પ અને ફલથી શું ? અથવા ઘણી ડાળીઓ ભેગી કરવાથી શું ? ઘણા મોટા ગોત્રથી શું ?

વળી એક થયેલા એવા કોઈક કુલની છાયામાં રહીને પથિક ફલ

(પરિણામ) વડે તૃપ્તિ અનુભવતો (પામતો) નથી. તેનાથી શું ? અર્થાત્ તેવા કુલથી શું ? ॥૧॥

તેવી રીતે મિથ્યાક્રિયા, સંધ્યા, વંદન, સ્નાન, યજ્ઞ, વૃક્ષારોપણ ગોત્ર દેવી આદિ દેવ પૂજા, જીવાદિની બલી, સપ્તશતી પાઠ, મહાભારત, રામાયણ સાંભળવા તે વિ. રૂપ ધર્મ બધાને સુખ પૂર્વક સેવવા યોગ્ય હોવાથી લઘુ અને ચૂર્ણ (રેતી) ની જેમ અસાર છે અને તેવી રીતે તે ધર્મને અનુસરનારાના વચનો છે કે :- પુરાણ, માનવ, ધર્મ, અને અંગ સહિત વેદ આ ચારેય પરીક્ષા કરાયેલા આજ્ઞા સિધ્ધ છે કોઈપણ હેતુથી તેનું ખંડન કરવું નહિ આ હિંસાદિ થી કલુષિત હોવાથી પોતાના આરાધકોને ઉલટું દુર્ગતિમાં પાડે (લઈ જાય) છે તેથી અસાર છે.

ગાથાર્થ :- એ પ્રમાણેની ગાથાના શ્રવણથી ઉધ્ધત બકરી થયેલા બ્રાહ્મણ આદિના પૂર્વ ભવના ધર્મની જેમ ઈતિ ॥૧॥

હવે જેવી રીતે દ્રાક્ષવેલ લઘુ છે કારણ કે મંડપાદિ ઉપર ચઢીને પણ બાળકોને સુખેથી લઈ શકાય તેમ હોવાથી લઘુ છે અને તેના ફળોનું મધુર પણું પિત્ત વિ. વિકાર દૂર કરવા આદિના કારણે સારરૂપ છે. તેવી રીતે સમ્યક્ ક્રિયા, છ આવશ્યક વિધિ, પ્રતિલેખના, પ્રમાર્જના જૈન મુનિને નમસ્કાર વંદન, જિનવાણીનું શ્રવણ, તેના ગુણોની અનુમોદના વિ. રુપ ધર્મ, શરીર, ધન વિ. ની શક્તિ રહિત હોવા છતાં પણ તે લોકોને સુખે કરીને આચરી શકાય તેવો હોવાથી બહિરાત્મદશાવાળા લોકોમાં તેવા પ્રકારના મહિમા (પ્રભાવ) નું કારણ ન હોવાથી લઘુ છે અને તેજ ભવે અથવા ભવાન્તરે આશ્ચર્યકારી લક્ષ્મી સામ્રાજ્ય આદિ મોક્ષ સુધી મહાફલને આપનાર હોવાથી સારરૂપ છે અને તેવી રીતે આગમમાં પણ કહ્યું છે કે :- જિન શાસનમાં યોગેયોગે દુઃખનો ક્ષય કહ્યો છે (થાય છે) એક એક યોગમાં વર્તનારા અનંતા કેવળ જ્ઞાની થયા છે ॥૧॥

દૃષ્ટાંત રૂપે અતિમુક્ત ઋષિ એ કરેલી પાણી અને માટીની વિરાધનાની ઈરિયાવહી રૂપ પ્રતિક્રમણ કરતાં, સામાયિકના પરિણામ વાળો કેસરી ચોર, પૂર્વભવના ભીખારી સાધુનું અવ્યક્ત સામાયિક, સંપ્રતિ મહારાજાનું અઢાર

હજાર સાધુને વંદન કરતાં કૃષ્ણ મહારાજા, કેવળ જ્ઞાની બનેલા ભાણેજને ભાવથી વંદન કર્મ કરતાં શ્રી શીતલાચાર્ય, મિચ્છામિદુક્કડમ્ આપતાં મૃગાવતી, પશ્ચાતાપ કરતાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ, પાત્ર લેખના કરતાં પ્રસન્નચંદ્ર રાજાના ભાઈ વલ્કલ ચીરી, અડદનું દાન આપતાં મૂલદેવ, શ્રી સિન્ધુવાર પુષ્પોવડે શ્રીવીરની પૂજાના પરિણામવાળી દુર્ગતાનારી, જિનેશ્વરના વંદન કરવાના મનોરથવાળા નંદ મણિયારનો દેડકાનો ભવ, પંચ પરમેષ્ઠિ મંત્રના શ્રવણે ધરણેંદ્ર બનેલો પૂર્વ ભવનો સર્પ અને પંચ પરમેષ્ઠિનું મંત્ર સ્મરણ વિ. દ્વારા રાજસિંહ બનેલા પૂર્વભવના ભીલદંપતી, સુદર્શના બનેલી સમડી.

(૩) **વડ (ન્યગ્રોધ)** ઝાડ જેમ મોટું અને અસાર છે તેમાં બીજા વૃક્ષથી અધિક મૂલ, મોટી ડાળીઓ, નાની ડાળીઓ, પાંદડા વિ. થી યુક્ત વિસ્તારવાળું હોવાથી વૃધ્ધ છે અને તેના ફળો તુચ્છ હોવાથી અસાર છે. તેવી રીતે અન્યવાદિના વચન છે કે પોતાના પાંદડાઓથી આકાશને રુંધીને અને મૂલ વડે જમીનને રોધિને રે **ન્યગ્રોધ !** તુચ્છ ફળને આપતો તું કેમ લજ્જા નથી પામતો ? ઈતિ મિથ્યા દાન યાત્રાદિ ધર્મ વૃધ્ધ અને અસાર છે તેમાં મિથ્યા શબ્દનો બન્ને સ્થાને સબંધ હોવાથી મિથ્યાદાન શૈવાદિ શાસ્ત્રમાં પ્રસિધ્ધ હજારને જમાડવા, લાખને જમાડવા વિ. રુપ અથવા યજ્ઞાદિમાં સુવર્ણ વિ. રુપ દાન પર્વ સંક્રાન્તિ વિ. ના અવસરમાં બીજું પણ બ્રાહ્મણોને આપવા યોગ્ય ગાય, કન્યા, સુવર્ણ, પૃથ્વી આદિનું દાન અને સુવર્ણ ગાય વિ. નું દાન મિથ્યાયાત્રા ગંગા, ગોદાવરી, ત્રંબકાદિ તીર્થ વિષયક આદિ શબ્દથી વાવ, કૂવા, તળાવ, પાણીની પરબ, વિ. નું ગ્રહણ તે સ્વરૂપ ધર્મ ઘણા ધનના વ્યયથી સાધ્ય, ઘણા સમુદાયના મિલનથી પ્રસિધ્ધિનું કારણ હોવા આદિના કારણે વૃધ્ધ અને બીજા ભવમાં તુચ્છ ફલને એકવાર ભોગ સુખ અથવા અલ્પ ભોગ સુખ રૂપ તીર્યંચ ગતિ વિ. માં ગયેલાને આપે છે એથી અસાર છે. લાખજનોને ભોજન કરાવનાર સેચનક હાથી થયેલા પૂર્વભવનાં બ્રાહ્મણની જેમ અને દરરોજ લાખ સુવર્ણનું દાન કરનાર હાથી થયેલા શ્રેષ્ઠિની જેમ.

હાથી થયેલ શ્રેષ્ઠિ

તેનો સબંધ આ પ્રમાણે છે :- કોઈક એક નગરમાં કોઈક દાનેશ્વરી શ્રેષ્ઠિ રહેતો હતો તે પાત્ર અપાત્ર ના વિવેકથી રહિત હોવાથી હંમેશા લાખ સોનામહોર આપીને જ ખાટલા (પલંગ)માંથી નીચે ચરણ (પગ) મૂકે છે અને તેની પડોશમાં એક વૃધ્ધ ડોશી સામાયિક કરે છે. એક વખત તે બન્નેઉ ને કોઈક કારણથી પોતપોતાના કર્તવ્યના વિષયનો ભંગ થયો. તેથી તે બન્નેને ખેદ (અફસોસ) થયો. અધિક પણે અફસોસ કરતી વૃધ્ધાને જોઈને ગવાક્ષ (ઝરુખા)માં બેઠેલા શ્રેષ્ઠિ હાસ્ય પૂર્વક બોલ્યા આ પ્રમાણે અફસોસ કેમ કરે છે. હમણાં (આજે) ઘણા ઘણા પડપડા (મોટા મોટા) કાર્યો છે. ત્યારે વૃધ્ધા બોલી પોતાના દાનથી ગર્વિત થયેલા તમે આ પ્રમાણે સામાયિકની અવગણના કેમ કરો છો ? જેમ "કંચન મણિ સુવર્ણ" ॥૧॥ એટલે કે એક સામાયિકનું ફલ કંચનમણિ અને સુવર્ણનું મંદિર બનાવીએ તેથી અધિક છે.

હવે એક વખત શ્રેષ્ઠિ મરીને હાથી થયો. વૃધ્ધા સામાયિકના ધ્યાનથી રાજાની પુત્રી થઈ.

એક દિવસ તે હાથીને તે રાજાએ પકડ્યો અને તેને પટ્ટહસ્તિ બનાવ્યો તેને એક વખત રાજમાર્ગમાં પોતાના ઘર આદિ જોઈને જાતિ સ્મરણ જ્ઞાન થયું. ખેદ પૂર્વક જમીન પર પડી સ્થિર રહ્યો અને ઉઠતો નથી વૈદ્યાદિઓ વડે ઉપચાર કરવા છતાંય ત્યાંજ પડી રહ્યો અર્થાત્ ઉઠતો નથી તેને જોવાને માટે આવેલી તે રાજાની પુત્રીને પણ પોતાના ઘર વિ. જોઈને જાતિસ્મરણ થયું. પછી રાજપુત્રી બોલી હે શ્રેષ્ઠિ ? હાથી રૂપે થયેલા ઉઠો. દાનના વ્યસનથી હાથી થયા છો હું બહુગુણ યુક્ત સામાયિક કરવાથી રાજપુત્રી બની છું આવા તેના વચનો સાંભળીને હાથી જલ્દી ઉભો થઈ ગયો. રાજા વિ. ને આશ્ચર્ય થયું. પછી રાજ કન્યાએ કહેલ હાથીનો પૂર્વ ભવ સાંભળીને તેઓને ધર્મના વિષયમાં આદર વિ. થયો એટલે કે ધર્મને માન આપનારા થયા.

અહીં વૃધ્ધાનું સામાયિક બીજાભંગના વિષયમાં પણ ઉદાહરણ રૂપે

લેવું વળી જેઓ પંચેદ્રિય વધ આદિથી કલુષિત મહાયજ્ઞ વિ. કરે છે: તેઓ મહા નરક વિ. અનર્થકારી ફલોજ પામે છે એટલું જ નહિ પરંતુ વડના ઝાડની જેમ તુચ્છફલને પણ પામતાં નથી બહુધન વિ. બહુ સાધના (મહેનત) થી સાધ્ય હોવાથી અત્ર ભંગીમાં પણ આવતું નથી ॥૩॥

આમ્ર :- જેવી રીતે આમ્ર વૃધ્ધ અને સાર છે. તેમાં વૃધ્ધ એટલે બીજા ઝાડોથી વધારે શાખા પ્રશાખાનો વિસ્તાર હોવાથી વૃધ્ધ છે અને છાયા, પત્ર આદિ મંગલ રૂપ હોવાથી સારરૂપ છે વલી મંજરી (આંબાના ફૂલ) કુંપળ ફલ વિ. નો બીજા ઝાડોથી અધિક પ્રભાવ હોવાથી (સાર રૂપ છે).

તેવી રીતે બીજાવાદિના વચનો છે કે :- તેવા પ્રકારના મનુષ્યને ભક્ષણ કરવા માટે વિષમ એવી તે લંકા (સોનાની) એક ટકાથી પણ ગ્રાહ્ય નથી સમુદ્ર સોનાનો પર્વત અને રત્નોને પાણીમાં ધારણ કરે છે. તો પણ તે ગ્રાહ્ય નથી હે દેવ ! એ પ્રમાણેના વચન વિના રત્નની ખાણો રત્ન આપતી નથી તેથી હે આંબા ! સાર (સુંદર) ફલને આપનારા તારી પાસે હું માંગુ તે ઉચિત છે.

તેવી રીતે સમ્યગ્ દાન યાત્રા વિ. ધર્મો વૃધ્ધ અને સારરૂપ છે. **તેમાં ન્યાયથી મેળવેલ ધનનું દાન તે સમ્યગ્દાન છે.** તે જિન મંદિર, જિર્ણોધ્ધાર, જિનપ્રતિમા તેની પ્રતિષ્ઠા, પૂજા, ગુરુ અને સાધર્મિક વિ. માં વિધિ પૂર્વક વાપરવું તે અને સમ્યગ્ યાત્રા વિધિ પૂર્વક જંગમ સ્થાવર તીર્થયાત્રા, રથયાત્રા આદિ શબ્દથી બીજા પણ પ્રભાવનાના અંગ રૂપ તપ, સત્ય, શીલ વિ. ગુણો અથવા દેશવિરતિ સર્વવિરતિ આદિ ધર્મો જાતિને વિષે એક વચનનો પ્રયોગ છે. તેથી આ ધર્મ સારા એવા ધન વિ. સામગ્રીથી સાધ્ય હોવાથી અને સર્વલોકમાં ઘણી પ્રસિધ્ધિનું કારણ હોવાથી વૃધ્ધ છે અને મિથ્યા દૃષ્ટિઓને પણ જિનધર્મ વિષે બોધિનું કારણ હોવાથી તીર્થંકરપણું, ચક્રવર્તિપણું, ઈન્દ્રપણું આદિ પદરૂપ સમૃધ્ધિનું કારણ હોવાથી સાર રૂપ છે. જેમ શ્રી ભરતચક્રી, દણ્ડવીર્ય રાજા, શ્રી વીક્રમાદિત્ય, શ્રી કુમારપાળ, શ્રી વસ્તુપાલ, શ્રી ઉદયન મંત્રી શ્રી વાગ્ભટ્ટ, શ્રી પૃથ્વીધર, આભૂ, જગસી મહુણસિ વિ. નું સમ્યગ્દાન યાત્રા વિ. ધર્મ છે.

હવે યથાયોગ્ય પ્રાસાદ કરાવવા, યાત્રા વિધિનો વિસ્તાર અને સાધર્મિક

વિ. ના દાનના દૃષ્ટાંતો બીજા કોઈ સ્થાનેથી (પ્રતમાંથી) જોઈ લેવા-કહેવા.

શ્લોકાર્થ :- હે પંડીતો ! જો તમને ભવ રૂપ શત્રુ પર વિજયરૂપ લક્ષ્મી મેળવવાની ઈચ્છા હોય તો ચાર પ્રકારના આકડા વિ. વૃક્ષના દૃષ્ટાંતથી ધર્મના પ્રકાર સાંભળીને મોહને છોડી સાર ધર્મમાં અધિક પ્રયત્ન કરો.

ઈતિ તપાગચ્છાધિપતિ મુનિસુન્દરસૂરિ વિરચિત ઉપદેશ રત્નાકર ગ્રંથમાં જયરૂપ લક્ષ્મીના અંકમાં પ્રાચ્યતટે ત્રીજા અંશે

॥ પાંચમો તરંગ પૂર્ણ ॥

અંશ-૩ તરંગ-૬

જયરૂપી લક્ષ્મીની, સુખની અને અનિષ્ટ દૂર કરવાની ઈચ્છાવાળાઓ ત્રણવર્ગમાં સારભૂત એવા આ લોકને પરલોકમાં હીતકારી સમ્યક્‌ધર્મમાં ઉજમાળ બનો ॥૧॥

તે વળી લૌકીક અને લોકોત્તર આદિ ભેદે ઘણા કહ્યા છે તેમાં સર્વોત્તમ ફલદાયક જિન ધર્મસાર રૂપ છે ॥૨॥

જેમકે કેવલ (૧) બહુ (૨) અલ્પ (૩) સાર અને (૪) અસાર જેવી રીતે ચાર પ્રકારના ઝાડોના વનો હોય છે. તેવા ફલવાળા (૧) સર્વ વિરતિ (૨) દેશવિરતિ (૩) મિથ્યાત્વ અને (૪) નાસ્તિક એવા ચાર પ્રકારના ધર્મો છે ॥૧॥

વ્યાખ્યા :- વન પ્રાકૃત હોવાથી પુલીંગ વાળું છે. કેવલ ઈત્યાદિ કેવલ બહુ અને અલ્પમાં અને કેવલ બહુ અલ્પમાં સાર અને અસાર (સારા સાર) કેવલ બહુ અલ્પમાં સારાસાર એ પ્રમાણે વિશેષણ કર્મધારય સમાસ છે. કેવળ બહુ અલ્પ સારાસાર જેમાં ઝાડો છે. તે વનોનાં આ વિશેષણો વડે ચાર ભાંગા થાય છે. તેથી તેનો આ અર્થ છે. જેમકે (૧) કેવલ સારઝાડો (૨) કેવલ બહુસાર ઝાડો અને અલ્પ અસાર ઝાડો (૩) અલ્પ સાર ઝાડો અને બહુ સારા ઝાડો (૪) કેવલ અસાર ઝાડો આ પ્રમાણે ચાર પ્રકારના વનો

થાય છે. અને જેવી રીતે ફળો આપે છે. તેવી રીતે ફલ દાષ્ટાંતિકમાં કહ્યા છે. એ પ્રમાણે કહેવાથી ફલ આપનારા એ પ્રમાણે અહીંયા અધ્યાહારથી લેવું.

જે જેવું છે તેવું કેવલ (ફક્ત) શુભ વિ. પ્રકારથી અર્થ કરવો. હમ્મેંશા ફલ, અમૃત ફલાદિ આમ્ર, નાળિયેર, કેળાં, દ્રાક્ષ,વિ. ના ઝાડો જેમાં છે. તે સાર ઝાડોવાળું વન સમજવું. વળી અસાર, ગુંદા, ધત્તુરો, આકડો, મીંઢળ, રંજેન્દ્ર, વારણ, કીમ્પાક વિ. અને કંથેરી, શમી, બાવળ, બોર, કેળ વિ. ના ઝાડોવાળું અસાર વન જાણવું.

તેવી રીતે તે વનના પ્રકારોથી કહેવાતા ચાર પ્રકારના ધર્મો થાય છે.

તેવી જ રીતે તેથી જ કેવલ શુભ વિ. પ્રકારે ફલ આપનારા થાય છે. તે ધર્મો ક્યા છે ? **તે કહે છે** :- જિનેશ્વર સબંધી જિનેશ્વરે કહેલો તે સર્વ વિરતિ અને દેશ વિરતિ ધર્મ બન્ને સ્થાને પદના એક દેશમાં પદનો ઉપચાર જાણવો એ પ્રમાણે આગળ પણ વિચારવું.

જિનેશ્વર ભ. ને કહેલા ધર્મથી વિપરિત ધર્મ તે મિથ્યાદૃષ્ટિનો ધર્મ નૈયાયિકાદિ આસ્તિકવાદિ બધાયને માન્ય, નાસ્તિક કે જેઓ ધર્મ - અધર્મ આત્મા પરલોકાદિનું અસ્તિત્વ ને સ્વીકારતો નથી. તેવી રીતે તેને માનનારા કહે છે કે :-

હે ભદ્ર ! ઈન્દ્રિયોથી દૃષ્ટિમાં આવતો આ લોક આવડો જ છે. જેને પંડિત લોકો વરુના પગ કહે છે. તેને જો ॥૧॥

હે સુંદર લોચના ! ખા અને પી. હે વરગાત્રિ ! જે ગયું છે તે ગયું છે (જે નથી તે નથી.) હે ભીરુ ! ગયેલું પાછું આવતું નથી. આ શરીર તો માત્ર સમુદાયનો પીંડ છે. ઈત્યાદિ અને તેનો ધર્મ માંસ ખાઓ, શરાબ પીઓ, ભોગ ધર્મ કોને નથી ગમતો ? ઈત્યાદિ લક્ષણ અત્ર ઉક્તિ (કહેલું) બની જાય છે. તે પ્રમાણે ઘંટના લોલકની જેમ બન્ને બાજુ જોડવા તેવી રીતે પૂર્વે વ્યાખ્યા કરી છે.

હવે તેનીજ વિચારણા કરે છે :- જેવી રીતે પહેલા વનમાં અમૃત આંબાવિ.

બધાય ઝાડો કેવલ સારરૂપ જ છે. વનો કેવલ શુભ રસદાર કેરી વિ. ફળો આપે છે. કોઈપણ જાતના અશુભ ફલને આપતા નથી. તેની છાયા વિ. પણ તરસ, તાપ, શોક વિ. નું હરણ કરનારી છે. અને એ પ્રમાણે તેવા પ્રકારની શીતલતા, આનંદ વિ. સુખ આપનારી છે. એ પ્રમાણે ગાથામાં નહિ કહેલું હોવા છતાં સ્વયં જાણી લેવું.

તેવી રીતે શ્રી જિનશ્વર ભ. ને કહેલા સર્વ વિરતિ ધર્મ ક્ષમા વિ. સમિતિ ગુપ્તિ વિ. આ બધું માત્ર સારભૂત છે. ક્રોધ વિ. દોષનાં વિરોધી હોવાથી, જીવ રક્ષા વિધાન વિ. વિવેકવાળું હોવાથી એક જ શુભ પરિણામનું કારણ હોવાથી દરેક પ્રકારના મોક્ષ સુધી સમસ્ત ઈચ્છિત શુભ ફલ આપવામાં સમર્થ હોવાથી તે સાર યુક્ત શુભ ધર્મ છે. તેમાં ક્ષમાવાનોમાં કુરગડુ વિ. નમ્રતામાં બાહુબલી વિ. સરળતામાં મૃગાવતી વિ. લોભના ત્યાગમાં કપીલ ઋષિ વિ. જાણવા એ પ્રમાણે જીવરક્ષાના પરિણામ વિ. સર્વ ધર્મનાભેદોને વિષે દરેક પ્રકારના મોક્ષ સુધીના સુખરૂપ ફલને આપવામાં મેતાર્ય ઋષિ (મુનિ) વિ. ના દૃષ્ટાંતો જાતે સમજી લેવા ॥

તેથી સર્વ વિરતિ ધર્મ કેવલ સારરૂપ અને કેવલ શુભફલને આપનાર છે અશુભ ફલ આપનારા અધર્મના ભેદોનો અને પ્રમાદ આદિનો તેમાં સંપૂર્ણ નિષેધ હોવાથી તે કેવલ સારભૂત અને શુભ ફલ આપનાર જ છે.

કારણ કે આગમમાં કહ્યું છે કે :- સતત્ દેહને વોસિરાવ્યું છે (મમત્વ કાઢી નાંખ્યું છે) તેના ઉપર ક્રોધ - વધ કે આભૂષણનો શણગાર કરો તો પણ તે મુનિ પૃથ્વીની જેમ સમતા ભાવમાં જ રહે છે. નિયાણા વગરનો અને કુતુહલ વિનાનો જે છે તે ભીક્ષુક (મુનિ) છે. ॥૧॥ ઈત્યાદિ તેમના હૃદયમાં રહેલી પરિણામ રૂપ છાયા પણ સમસ્ત વિયોગ, રોગ, શોક વિ. દુઃખ સંતાપાદિને હણનારી છે.

સ્ત્રીના વિયોગથી દુઃખી થયેલા શ્રીદત્ત શ્રેષ્ઠિની જેમ, ઉત્પન્ન થયેલા સાત મહાવ્યાધિવાળા સનતકુમાર ચક્રીની જેમ, ૬૦ હજાર પુત્રોના મરણથી ઉત્પન્ન થયેલા શોકથી દુઃખી થયેલા સગરચક્રી વિ. ની જેમ અને અત્યંત

શીતલતાનો-આનંદનો અને સુખનો હેતુ (કારણ) તે ધર્મ છે.

તેવી રીતે **આગમમાં કહ્યું છે કે** :- જે પ્રર્યાયમાં રત રહે છે. તેને દેવની ઉપમા જેવા ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. તે તમે જાણો. અને વળી વર્તમાન કાલમાં નિર્ગ્રંથ શ્રમણ વિચરે છે તેને તેજો (ચિત્તને સુખ આપનારી) લેશ્યા કેટલી વધે છે. ઓળંગે છે ? હે ગોયમા ! એક માસ પર્યાયવાળા શ્રમણને વાણવ્યંતરથી અધિક સુખ હોય છે, બે માસ પર્યાયવાળાને અસુરેંદ્રને છોડી ભુવનપતિથી અધિક, ત્રણ માસ પર્યાયવાળા ને અસુરેંદ્રથી અધિક, ચાર માસ પર્યાયવાળાને ગૃહ, નક્ષત્ર, તારાઓથી અધિક, પાંચ માસ પર્યાયવાળાને સૂર્ય, ચંદ્રથી અધિક, છ માસ પર્યાયવાળાને સૌધર્મ ઈશાન દેવથી અધિક, સાત માસ પર્યાયવાળાને સનત્કુમાર મહેન્દ્ર દેવ થી અધિક, આઠમાસ પર્યાયવાળાને પાંચમાં છઠ્ઠા દેવ લોકથી અધિક, નવમાસવાળાને શુક્ર સહસ્ત્રાર દેવથી અધિક, દશમાસ પર્યાયવાળાને આનત પ્રાણત, આરણ, અચ્યુત દેવલોકથી અધિક, અગિયાર માસવાળાને ગ્રૈવેયકથી અધિક, બારમાસ પર્યાયવાળાને અનુત્તર વાસિ દેવોથી અધિક સુખ હોય છે. તે પછી શુક્લ ધ્યાનવાળા એવા તેઓ સિધ્ધ થાય છે. અહીં તેજો લેશ્યા એટલે મનની શાન્તિ રૂપ સુખ સમજવું.

ભગવતી સૂત્રના ૧૪ શતકે નવમા ઉદેશામાં કહ્યું છે કે :- અથવા તેની છાયા ચારિત્રવાળાઓને સમતા રૂપ છે. તે પણ વૈર વિ. તાપ ને હરનારી છે. જેમ બળદેવ ઋષિની સમતાથી વાઘ, હરણ વિ. ના વૈર વિ. ઉપશાન્ત થયા હતાં અને ઘણાંને મિથ્યાત્વનો ઉપશમ અને બોધિ બીજની પ્રાપ્તિ વિ. થયું હતું. આમર્ષ ઔષધી વિ. લબ્ધિવાળા મહર્ષિની સમતા આદિ તેના શરીરને સ્પર્શેલ પવન આદિ વડે પણ સર્વ રોગ નાશ પામે છે. જંગમ અને સ્થાવર વિષ વિ. નો આવેગ, ક્ષુદ્ર વ્યંતરાદિનો દોષ વિ. અને સંપૂર્ણ ઉપદ્રવ ચાલ્યા જાય છે. બીજા પણ તેવા પ્રકારના ચારિત્રવાનોની સમતાથી સર્વ રોગ મરકી વિ. ઉપદ્રવ, દુકાળ વિ. ની ભીતી શાન્ત થાય છે. આ પ્રમાણે શાસ્ત્રમાં પદે પદે સંભળાય છે. તેના દૃષ્ટાંતો પંડીત જનોને યથા યોગ્ય રીતે જાતેજ કહેવા જાણવા ઈતિ કેવલ સાર રૂપ **પ્રથમ વિરતિ** રૂપ ધર્મ ભેદની વિચારણા થઈ.

વળી બીજા વન સમાન જિનેશ્વર ભ. ને કહેલો દેશવિરતિ રૂપ ગૃહસ્થ ધર્મ છે.

જેવી રીતે બીજા વનમાં ઘણા ઝાડો સાર રૂપ અને કેટલાક અસાર પણ હોય છે. તેવી રીતે દેશવિરતિ રૂપ ગૃહસ્થ ધર્મમાં દેશથી (સામાન્યથી) જીવદયા, સત્ય, શૌચ, શીલ, સંતોષ વિ. સર્વ સારરૂપ જ છે.

શ્રી જિન પૂજા, તીર્થયાત્રા અને સુપાત્રદાન વિ. આ ભવમાં પણ તેવા પ્રકારનો યશ, પ્રતિષ્ઠા, પ્રાયઃ દેવની સહાય વિ. સુખનું કારણ હોવાથી અને પરલોકમાં બારમાં દેવલોક સુધીના સુખ સંપત્તિની પ્રાપ્તિનો હેતુ હોવાથી સાર રૂપ છે. અહીંયા ઘણાં દૃષ્ટાંતો પણ પ્રસિધ્ધ છે. વળી કેટલાક તેમાં આ લોક સબંધી કુટુંબના પાલન આદિને માટે દેશવિરતિના વચનથી અપ્રતિષેધ (જેની ના પાડી નથી તે) ખેતી વિ. અને પાણિ ગ્રહણ વિ. આરંભો પાપના હેતુ (કારણ) હોવાથી અસાર છે. ઈતિ **બીજો ધર્મ ભેદ થયો.**

વળી આસ્તિક એવા મિથ્યા દર્શનીનો ધર્મ ત્રીજા વન સરિખો છે. જેવી રીતે ત્રીજા વનમાં ઘણા સાર વિનાના (અસાર) વૃક્ષો હોય છે. વળી કેટલાક સારરૂપ પણ હોય છે. તેવી રીતે તે ધર્મમાં ગાળ્યા વિનાનું પાણી, સ્નાન, રાત્રિ ભોજન, કંદમૂળ વિ. ખાવાનું, દેવ પૂજા, યજ્ઞ વિ. ના બહાનાથી બકરાવિ. જીવનો વધ. ગોળ, સુવર્ણ વિ. અને ગાયનું દાન, અગ્નિહોત્ર, પંચાગ્નિની સાધના વિ. કન્યા વિ. નું દાન, કન્યા દાનના ફલ (ધન) માટે નપુંસક સાથે વિવાહ વિ. જે તે ખોટી કલ્પનાઓથી જીવવધ, અસત્ય, ચોરી, અબ્રહ્મ વિ. માં દોષ રહિત પણું અને વિસ્તાર વિ. પ્રાયઃ બધાય એક પાપ રૂપ હોવાથી અને દુર્ગતિ રૂપ ફલના કારણ હોવાથી અસારજ છે. અને અબ્રહ્મ વિ. ની અનુજ્ઞાનું પ્રતિપાદન સ્મૃતિ વિ. માં છે તેમ આત્રેય સ્મૃતિમાં કહ્યું છે કે જાર પુરુષથી સ્ત્રી દોષવાળી બનતી નથી, દહન કર્મથી અગ્નિ દુષિત થતો નથી, મૂત્ર વિષ્ટા થી પાણી દુષિત થતું નથી, વેદ કર્મથી બ્રાહ્મણ દુષિત થતો નથી ॥૧॥

દુષિતનારી ત્યાજ્ય નથી, એના ત્યાગનું વિધાન નથી સ્ત્રી જ શ્રેષ્ઠ દ્રવ્ય છે તે ક્યારે પણ દુષિત બનતી નથી ॥૨॥ ઈત્યાદિ.

ભાગવતમાં કહ્યું છે કે કામથી વ્યાકુલ બનેલો હલકી સ્ત્રી પાસે પણ જાય જિતેંદ્રિ હોવા છતાં પણ તેને છોડી દે તો સ્ત્રી વધના પાપવાળો થાય છે. ॥૧॥

કામથી વિવશ બનેલી જાતે આવેલી સ્ત્રીને જો ભોગવતો નથી તો તેના નિશાસાથી હણાયેલો તે પુરુષ નિશ્ચિત નરકમાં જાય છે. ઈત્યાદિ ॥૨॥

તેવી રીતે જો કોઈ બ્રાહ્મણ કપટથી બીજાનું લે છે તો પણ તેને અદત્તાદાન લાગતું નથી કારણ કે આ બધું બ્રાહ્મણોને આપેલું છે. (મળેલું છે.) પરંતું બ્રાહ્મણોની નબળાઈથી દુરાચારિઓ ભોગવે છે. તેથી બ્રાહ્મણનું હરેલું જાતે લીધેલું બ્રાહ્મણ જાતેજ ભોગવે છે. પોતાનું તેઓ તેમને જાતે ધન આપે છે. તેવી રીતે હે રાજન્ ! સ્ત્રીને વિષે, વિવાહ કાલે, કોમળતા યુક્ત જુઠ, વળી પ્રાણ જતા હોય ત્યારે, બધું ધન હરાતું (ચોરાતું) હોય ત્યારે, આ પાંચ જુઠ પાપ વગરના કહ્યા છે. જુઠ જુઠ રહેતા નથી.

તેવી રીતે સૌત્રામણીય નામના અધ્યયનમાં વિશ્વરૂપ પ્રશ્નમાં, પ્રથમકાંડમાં, ઈષ્ટિકલ્પમાં કહ્યું છે. તે કારણથી મોટી કે નાની વહુ અને સસરો સુરા (દારૂ) પીને બબડે (ગણ ગણે) છે. તેથી બ્રાહ્મણો સુરાપીએ, તે સૌત્રામણીય યજ્ઞમાં પોતાના ઘરમાં દારૂ રાખે અને પીએ એમ કહ્યું છે. અને વળી તે યજ્ઞમાં એ પ્રમાણે દારૂ પીને જે હણતાં નથી આ પ્રકારે દારૂને જે પીએ છે તે બ્રહ્માના વીર્યને ધારણ કરે છે. આ પ્રમાણે સુરા પાનના વચનો છે. તેવી રીતે તિત્તિરિ આણક સૂત્રમાં કહ્યું છે કે ૩૬ વર્ષ થયે છતે ગૃહપતિ શિકારે જાય તે ત્યાં જઈને જે મૃગલાઓને હણે છે. તેને જલ્દી લઈ આવે તેઓને પુરોહિતના આશિર્વાદ મલે છે. એ પ્રમાણે યાગ કરમમાં કહ્યું છે. તથા છ હજાર પશુઓને દિવસના મધ્યે હોમવા, અશ્વમેઘના વચનથી ઓછામાં ઓછા ત્રણ પશુઓ હોમવા ॥૧॥ ઈત્યાદિ બે પ્રકારના ઋષિઓ છે. એક માંસ ખાનારા અને એક માંસ નહિ ખાનારા, જે માંસ ખાતાં નથી તેઓ દહીં, દૂધ, મધથી મિશ્રિત મધુ પર્ક ખાય, જેઓ માંસ ખાય છે. તે તેના ઘેર આવેલા યજ્ઞ કારક ને માટે મોટો બળદ અથવા મોટો બકરો અથવા વાછરડાને પકાવે ઈત્યાદિ માંસ ભક્ષણના વચનો છે. એ પ્રમાણે રાગદ્વેષ મોહથી અંધ

મિથ્યાદૃષ્ટિઓ પગલે પગલે જે રીતે પોતાના આ લોકના અર્થને સાધનારા જીવ વધુ, જુઠ, ચોરી, પરસ્ત્રીગમન, સુરા, માંસ ભક્ષણ આદિ મહાપાપ ને પણ ધર્મરૂપે કલ્પીને કરે છે. તેઓએ કહેલા વચનો (વાત) કેટલા લખવા ? આ પ્રમાણે આ તો દિશા માત્ર બતાવ્યું છે. શ્રી નેમિ ચરિત્રમાં આવતાં વસુદેવ હિણ્ડિમાં ચારુદત્ત અધિકારમાં પ્રસિધ્ધ બકરા વિ. ના દૃષ્ટાંતો પણ અહીંયા યથા યોગ્ય કહેવા-જાણવા એ પ્રમાણે તેઓના ધર્મમાં ઘણા ધર્મના પ્રકારો અસાર જ છે ઈતિ.

વળી કેટલાક અતિ અલ્પ કોઈકમાં કાંઈક બ્રહ્મચર્ય તપ વિ. ગુણો સાર રૂપ હોવા છતાં પણ કષાયનું બહુલપણું સમ્યક્ જીવ અજીવ આદિ સ્વરૂપને નહિ જાણવા પણું જીવ રક્ષા, સત્ય વચન વિ. માં વિવેકના અભાવ વડે કલુષિત હોવાથી તેવો ધર્મ બહુ પ્રશંસનીય નથી પરલોકમાં પણ જોઈએ તેવું ફલ આપનારો નથી. તે ધર્મ ઉત્કૃષ્ટથી પણ પાંચમા દેવલોક (બ્રહ્મલોક) થી અધિક સુખ સંપદા આપવા માટે અશક્ય હોવાથી પ્રશંસનીય કે આચરણીય નથી. આમાં પૂરણ શ્રેષ્ઠિ વિ. ના દૃષ્ટાંતો જાણવા તેવી રીતે આગમમાં કહ્યું છે કે :- પહેલાં જેને કાંઈ પૂરણ શેઠે લાંબા વખત સુધી અતિ દુષ્કર જે કર્યું તે જે દયાવાન્ જો જૈન ધર્મમાં અહીંયા કરે તો તે સફલતાને પામતે ॥૧॥

પ્રાયઃ કરીને તે ભવનપતિ જ્યોતિષ્ક દેવ વિ. પદવી અથવા કંઈક રાજ્યની સંપદા તે પણ અતિ ઉગ્ર તપ વડે આપવા સમર્થ બને છે. તે પણ સંપત્તિ પ્રાયઃ કરીને પાપાનું બંધીની નરક વિ. દુર્ગતિનો હેતુ બને છે. જેમ હંસ, કોણિક રાજા, તાપસ વિ. નો પૂર્વભવ..આ **ત્રીજો ધર્મભેદ** વિચાર્યો ॥૩॥

(૪) નાસ્તિક ધર્મ ચોથા વન સમાન છે જેવી રીતે ચોથાવનમાં બધાય ઝાડો સ્નુહિ, કન્થેરી, ધત્તુરો, આકડો, કીમ્પાક, ઈન્દ્રવારણ વિ. અશુભ જ છે અને એ અશુભ ફલને આપનારા છે. તેવી રીતે નાસ્તિક ધર્મે પણ તેમણે કહેલા બધા ધર્મ માર્ગો અશુભ છે. અહીંયા પણ લોકમાં નીંદ્ય પણું, સજ્જન લોકોમાં સ્થાન વગરના વિ. અપયશના કારણ વિ. હોવાથી અશુભ છે. અને અશુભ ફલ આપનારા છે. આ લોકમાં પણ રાજા વિ. ને આપવાથી ધનહાની અને પરલોકમાં દુર્ગતિ આપવાના કારણે અશુભ છે. ઈતિ.

હે પંડીતો ! આ પ્રમાણે લોકમાં ચાર પ્રકારના વનના દૃષ્ટાંતથી શુભ અશુભ ફલ આપનારા ચાર પ્રકારના ધર્મને જાણીને એકજ શુભ ફલને આપનારા જિનેશ્વર ભ. ના ધર્મમાં પ્રયત્ન કરો જેથી કરીને જલ્દીથી ભવ ઉપર જય રૂપ લક્ષ્મી પ્રાપ્ત થાય ઈતિ.

તપાગચ્છાધિપતિ મુનિસુંદરસૂરિ વિરચિત ઉપદેશ રત્નાકર નામના ગ્રંથમાં જયશ્રી અંકે પશ્ચિમ તટનાં **ત્રીજે અંશે....**

॥ છઠ્ઠો તરંગ પૂર્ણ થયો ॥

અંશ-૩ (તરંગ-૭)

વળી બીજા દૃષ્ટાંતો વડે ધર્મ વિષયના સ્વરૂપને જ કહે છે :-

શ્લોકાર્થ :- જેવી રીતે મુખ અને પરિણામને વિષે રમ્ય અરમ્ય રૂપે ચાર પ્રકારે ઔષધ છે. તેવી રીતે (૧) બુધ્ધ ધર્મ (૨) જિનેશ્વરનો તપ અને (૩) પ્રભાવના રૂપ ધર્મ (૪) મિથ્યાત્વ રૂપ ધર્મ એમ ચાર પ્રકારનો ધર્મ છે.

વિશેષાર્થ :- જેવી રીતે મુખમાં (શરૂઆતમાં) અને પરિણામમાં રમ્ય અને અરમ્ય એ પ્રમાણે ઔષધ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે મુખમાં સારૂં લાગવાથી મુખને પ્રીય (સારૂં) અને પરિણામમાં ખરાબ વિપાક હોવાથી અરમ્ય જેમકે નૂતન તાવવાળાને દૂધ - સાકર રૂપ ઔષધ મુખને પ્રિય લાગે છે. પરિણામે કટુફલ આપનારૂં છે..... ૧

તેવી રીતે કડવાપણા વિ. થી મુખને નહિ ગમતું અપ્રિય અને ગુણના કારણભૂત હોવાથી પરિણામમાં સારૂં જેમકે ત્રિદોષ (કફ, પિત્ત-વાયુ) થી ઉત્પન્ન થયેલા તાવથી પીડાતાને મુખને અરમ્ય અને પરિણામે ગુણકારક અષ્ટાદશ કવાથ..... ૨

મુખને સારૂં અને પરિણામમાં પણ સારૂં જેવી રીતે જીર્ણ તાવવાળા ને સાકર અને ગોક્ષીર ઔષધ બન્ને રીતે સારૂં લાગે છે..... ૩

મુખમાં અને પરિણામમાં બન્ને રીતે અરમ્ય (સારૂં નહિ) જેવી રીતે પિત્તથી ઉત્પન્ન થયેલા તાવથી જેમ તેમ બોલતા દુઃખીને ત્રિદોષના તાવની ભ્રાન્તિથી કરાતા અષ્ટાદશ કવાથ નો ઉપચાર જ મુખમાં કટુ હોવાથી અરમ્ય અને પરિણામે અધિક્તર પિત્તનો ઉદ્વેગ (વધારનાર) હોવાથી અરમ્ય છે ૪

એ રીતે આ પ્રકારે મુખ અને પરિણામે રમ્ય અરમ્ય (સારાખરાબ) ચાર પ્રકારે ઔષધ છે.

એ પ્રમાણે (૧) બુધ્ધ ધર્મ (૨) જિનેશ્વર સંબંધી તપ અને (૩) પ્રભાવના રૂપ ધર્મ (૪) મિથ્યા ધર્મ એમ ચાર પ્રકારે (ધર્મ) જાણવા.

તે આ પ્રમાણે :- પાંચે ઈન્દ્રિયોને પ્રીતીકર (સુખકર) શયન, આસન વિ. રૂપ હોવાથી બુધ્ધ ધર્મ શરુઆતમાં પાલન કરતાં સારો લાગે છે. અને તેવી રીતે તેને માનનારા પણ કહે છે કે :- કોમળ શૈયા, સવારે ઉઠતાં પીણું (પ્રવાહી) પીવું, બપોરે ભોજન અને સંધ્યા સમયે (સાંજે) પીણું પીવું, દ્રાક્ષ, ખાંડ, સાકર મધ્યરાત્રીએ લેવું તેના અંતે બૌધ્ધ ધર્મે મોક્ષ જોયો છે. કહ્યો છે. અને વળી મનોજ્ઞ ભોજન કરવું. મનોહર શયનમાં સુવું. આસન વાપરવું. સુંદર મકાનમાં રહેવું અને સુંદર ધ્યાન મુનિ કરે, આ બધું શરૂઆતમાં સારૂં લાગે છે. પણ પરિણામે કટુફલના કારણરૂપ દુર્ગતિનું ફલ (કારણ) હોવાથી રમ્ય નથી અને હિંસાદિ યુક્ત હોવાથી તે ધર્મ દુર્ગતિ રૂપફલને આપનાર છે.

તે આ પ્રમાણે :- પાત્રમાં પડેલું માંસ વિ. પણ તાજ્ય નથી. આ પ્રમાણે તેનો તે ધર્મ છે.અને તેથી માંસના ખાનારાઓની હિંસા પ્રકટ છે.(પ્રત્યક્ષ છે.)

તેથી કહ્યું છે કે અનુમોદક, વિશ્વાસ કરનારા, (સાથે રહેનારા) મારનારા, વેચાણ અને ખરીદ કરનારા, રાંધનારા અને ભેટમાં આપનારા અને ખાનારા ઘાતકો છે. (હિંસા કરનારા છે.) અને વળી પોતાના માંસ (શરીર) ની પુષ્ટિ ને માટે બીજાનું માંસ ખાય છે. તેઓ હિંસક (ઘાતકો) છે ખાનારા ન હોય તો વધક (હિંસા કરનારા) હોતા નથી. એ પ્રમાણે દારૂપાન વિ. ને વિષે દુર્ગતિ રૂપ ફલજ જાણવું અને કહેવું કે **ઈન્દ્રિયોનું પોષણ પણ દુર્ગતિનો જ હેતુ છે.**

કહ્યું છે કે :- કુપંથે જનારા દમન વગરના ઈન્દ્રિય રૂપી ઘોડાઓ ખેંચીને નરક રૂપી વનમાં પ્રાણીઓને જલ્દી લઈ જાય છે. અને ઈન્દ્રિયોનું પોષણ અને આસક્તિવાળાઓને મનની શુધ્ધિ પણ દુર્લભ છે અને તેથી રાજ ભયાદિથી કાયા વડે કરીને કાંઈક બ્રહ્મચર્યને ધરનારા હોવા છતાં પણ તેઓને મનની શુધ્ધિ ન હોવાથી બ્રહ્મચર્યનું ફલ કેવું ? (અર્થાત્ મળતું નથી) ઉલ્ટું પ્રદિપ્ત થયેલી ઈન્દ્રિયોવાળા એવા તેઓને રાગના કારણે દુર્ગતિ રુપ ફલ અને કર્મનો બંધ પણ સંભવે છે. કારણ કહ્યું છે કે :- હે વિદ્વાન ! મનને કાબુમાં લે કારણ કે કાબૂમાં લીધા વગરના મનવાળો તંદુલ મત્સ્ય શીઘ્ર સાતમી નરક તરફ જાય છે. ત્યાં કોઈપણ જાતનું બીજું પણ સુકૃત થતું નથી. કારણ કે દુર્ગતિમાં પડવાના સ્વભાવવાળાઓને બીજો કોઈ આધાર નથી એટલે કે પડે જ છે. એ પ્રમાણે મુખેમિષ્ટ અને પરિણામે કટુતર છે તે યુક્તિ યુક્ત જ છે.

તેવી રીતે જિનેશ્વર ભ. ને કહેલું હોવાથી જિન સંબંધી જે બાર પ્રકારનો તપ અથવા તપ એટલે ક્ષમાદિ રૂપ સાધુ ધર્મ તે જ ધર્મ બાવીશ પરિસહ સહન કરવાદિ દુષ્કર ચર્યારૂપ હોવાથી મુખે (શરુઆતમાં) રમ્ય (પ્રીય) નથી.

કહ્યું છે કે :- આ મોટા તરંગોથી ઉછળતો સમુદ્ર ભૂજા વડે ઉતરવા (તરવા) જેવો છે. અને સદા નિસ્સાર (નિરસ) રેતીને ચાવવા જેવું કઠીન છે. ॥૧॥ મેરુ પર્વતને તોલવા જેવું, સામા પ્રવાહે ગંગાને તરવા જેવું અને ભયંકર શત્રુના શસ્ત્ર (બાણ વિ.) ને જીતવા જેવું છે ॥૩॥ તીક્ષ્ણ તલવારની ધાર પર અપ્રમત્ત પણે ચાલવા જેવું અને ચારે બાજુ સતત્ સળગતી અગ્નિની જ્વાળાથી ઘેરાયેલા ઝાડ પર સહજ રીતે ચડવા જેવું કઠીન છે ॥૨॥ રાધા વેધ પર રહેલી માર્ગ દેખાતો નથી એવી પુતળીને વિધવા જેવું જેમ કઠીન છે તેની જેમ આ (ઉપસર્ગો) જીતવા કઠીન છે. ॥૪॥

પહેલાં ગ્રહણ નહિ કરેલી ત્રણ લોકની જય પતાકા ને પામવી જેમ દુષ્કર છે. તેમ આ સાધુની દીક્ષા દુષ્કર છે. પરિણામે રમ્ય (સારૂં) એક દિવસની સંયમની જઘન્ય આરાધના પણ વૈમાનિક દેવની સુખની ઋદ્ધિનું સુખ રૂપ ફલ પ્રાપ્ત થતું હોવાથી પરિણામે રમ્ય છે.

આગમમાં કહ્યું છે કે :- જ્ઞાન - દર્શન - ચારિત્રની આરાધના કેટલા પ્રકારે કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારે કહી છે તે આ પ્રમાણે :- ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય તેમાં **ઉત્કૃષ્ટ** :- દર્શન - જ્ઞાન - ચારિત્રની આરાધનાથી તેજ ભવમાં ભવનો ક્ષય અને સિધ્ધિ - મોક્ષની પ્રાપ્તિ થાય છે. મધ્યમ આરાધનાથી ત્રણ ભવથી વધારે ભવ થતા નથી. જઘન્ય આરાધનાથી સાત-આઠ ભવમાં મોક્ષ સુખ પામે છે. તેમ ભગવતીમાં કહ્યું છે.

તપની બાબતમાં પણ શરૂઆતમાં અને પરિણામમાં રમ્ય અરમ્ય જાતે વિચારી લેવું તેમાં ધમ્મિલ વિ.ના દૃષ્ટાંતો યથા યોગ્ય જાણવા ઈતિ **બીજો ધર્મભેદ** ॥૨॥

હવે જિનેશ્વરના સબંધી એટલે કે તેમને કહેલો હોવાથી પ્રભાવના રૂપ ધર્મ છે. પ્રકાશ કરે તે પ્રભાવના અને તે ધર્મ અહીંયા જિનધર્મના અધિકારથી - ઉપચારથી જિનશાસનનો ઉદ્યોત કરવાવાળો ધર્મ તે પ્રભાવના ધર્મ અને તે ધર્મ શ્રાવકોને સંઘપતિ થઈને શ્રી તીર્થયાત્રા કરાવવી, નવા શ્રી જિન મંદિર કરવા કરાવવા, જિર્ણોધ્ધાર કરણ, પ્રતિમા - પ્રતિષ્ઠા કરાવવી, પુસ્તક, વાંચન, ચતુર્વિધ સંઘની વિવિધ પ્રકારે ભક્તિ કરવા આદિ રૂપ છે, સાધુને તો રાજાને પ્રતિબોધ કરવા આદિ રુપ છે.

કહ્યું છે કે :- (૧) પ્રાવચનિક (૨) ધર્મકથાકાર (૩) વાદિ (૪) નૈમિત્તિક (૫) તપસ્વી (૬) વિદ્યા જાણકાર (૭) સિધ્ધયોગિ (અંજનાદિ યોગ કારક) અને (૮) કવિ આ આઠે પ્રભાવક કહ્યા છે. અને દેવગુરુ ધર્મના પ્રત્યનીક (દુશ્મન)નો પરાજય કરનારા વિ. બન્ને પ્રભાવના કારક છે. અને આ ધર્મ ત્રીજા ઔષધની જેમ મુખે (શુરઆતમાં) રમ્ય છે. અને કરવાના અવસરે પણ આ ધર્મ કરનારાને તેવા પ્રકારનું શરીરને કષ્ટનું કારણ ન હોવાથી મુખે રમ્ય છે. તેવા પ્રકારના હૃદયને આનંદ આપવાના કારણે ચતુર - અચતુર વિ. ને વિષે પ્રશંસાદિના એક (કારણ) હેતુપણા વિ. થી અને તેવા પ્રકારની મોટાઈ વિ. ના કારણે મુખે રમ્ય છે. પરિણામે તીર્થંકરત્વ, ચક્રિપણું મહાઈન્દ્ર પદવીનું કારણ હોવાથી પરિણામે રમ્ય જ છે.

કારણ કે કહ્યું છે કે :- ચતુર્વિધ સંઘને અને તીર્થને વંદન કરનારો નિયમા ઈન્દ્ર, ચક્રવર્તિ અને તીર્થંકર થાય છે. એ પ્રમાણે શેષ (બાકી બધું) પ્રભાવનાના

પુણ્ય ફલને કહેનારા આગમાદિ પદોને યથાયોગ્ય કહેવા ઈતિ **ત્રીજો ભેદ ॥૩॥**

તેવી રીતે મિથ્યાત્વી પણું એટલે કે દેવ, ગુરુ, ધર્મ રૂપ તત્વને વિષે ઉલ્ટી (વિપરિત) બુધ્ધિ.

મિથ્યાત્વીપણા વડે કરાતા સ્નાન, સંધ્યા, વંદન, યજ્ઞાદિ કરનારા, બુધ્ધ ધર્મની ક્રિયા પણ જુદી કહી છે. અને તેથી જુદી નૈયાયિક, જૈમીનીય આદિ કુતીર્થિઓને માન્ય તે અહીંયા ગ્રહણ કરવી. તે વળી ત્રીજા ઔષધની જેમ મુખે (શરૂઆતમાં) પણ રમ્ય નથી વળી પશુમેધ વિ. યજ્ઞ કરનારાઓને અને ગુડ, સુવર્ણ, ધેનુ (ગાય) અગ્નિ, ઘેટાં, પાપ ઘટ આદિ કરનારાઓને અહીંયા પણ તેવા પ્રકારનો અવર્ણવાદ (નિંદા), નિર્દયતાદિ દેખાવાથી પરિણામે રમ્ય નથી. અને પરલોકમાં નરકાદિ દુર્ગતિનું કારણ હોવાથી દત્તરાજાની જેમ પરિણામે પણ રમ્ય નથી.

અથવા માસક્ષમણાદિ તપના પારણે કંદમૂળ સેવાલ વિ. ખાવાનું અગ્નિ સેવન, જટા રાખવી અને ભસ્મ લગાડવા રૂપ પંચાગ્નિ સાધના, અધોમુખ રહેવું. ધૂમ્રપાન કરવું. માઘાદિ સ્નાન, વનવાસ વિ. કષ્ટ કરનારાઓની તે તે ક્રિયા શરૂઆતમાં પણ રમ્ય નથી. કારણ કે શરીરને અતિ કલેશ (કષ્ટ) આદિ કારક હોવાથી અને એકજ સંસારના દુઃખનું જ કારણ હોવાથી પરિણામે પણ રમ્ય નથી. અને વળી બીજે ભવે અલ્પ ઋધ્ધિ વાળું વ્યંતરાદિ દેવપણું, અલ્પ રાજ્ય વિ. રુપ કેટલુંક ફલ આપનાર હોવા છતાં પણ તે પછી અનંતર નરકાદિ દુર્ગતિનું જ કારણ થાય છે. કોણિક રાજાના પૂર્વ ભવના તાપસની જેમ એ પ્રમાણે મિથ્યાત્વ રૂપ **ચોથો ધર્મ થયો ॥૪॥**

શ્લોકાર્થ :- એ પ્રમાણે ચાર પ્રકારના મહાઔષધના દૃષ્ટાંતથી ચાર પ્રકારના ધર્મને જાણીને સંસાર શત્રુ પર જયરૂપ લક્ષ્મી પામવા માટે ભાવ પૂર્વક બન્ને રીતે (શરૂઆતમાં અને પરિણામે પણ) રમ્ય છે. તે ધર્મમાં પ્રયત્ન કરો.

ઈતિ તપાગચ્છેશ મુનિસુંદરસૂરિ વિરચિત ઉપદેશ રત્નાકર ગ્રંથનાં પ્રાચ્યતટે તૃતીય અંશે.....

॥ સાતમો તરંગ પૂર્ણ ॥

અંશ-૩ તરંગ - ૮

ઔષધના દૃષ્ટાંતથી શાસ્ત્રોને પણ આશ્રયીને ચાર ભાંગા કહે છે :-

શ્લોકાર્થ :- (૧) મુખે (૨) પરિણામે જેવીરીતે મીષ્ટ અને અમીષ્ટ ઔષધ ચાર પ્રકારના છે. તેવી રીતે (૧) મહાભારત (૨) નરકસ્વરૂપ (૩) જિનાદિ શાસ્ત્ર (૪) ધૂર્તાદિ ચાર પ્રકારના ચરિત્રો છે.

વ્યાખ્યા :- ઔષધિની ચતુર્ભંગીની વ્યાખ્યા પહેલાંની જેમ વિચારી લેવી. દૃષ્ટાંતની ઘટના (યોજના) આ પ્રમાણે છે. :-

(૧) મહાભારત ઉપલક્ષણથી મિથ્યાત્વીઓએ કહેલા રામાયણાદિ ગ્રહણ કરવા, પ્રાયઃ કરીને તે યુધ્ધ વિ. થી રસવાળું હોવાથી સાંભળનારાઓને શરૂઆતમાં રસને ઉત્પન્ન કરે છે. (મીષ્ટ છે) વળી પરિણામે અમિષ્ટ છે. એ પ્રમાણે **પ્રથમ ભંગ થયો....** ॥૧॥

નરક વિભક્તિ એટલે નરકના સ્વરૂપને બતાવનાર અધ્યયન જે જૈન શાસ્ત્ર છે. ઉપલક્ષણથી તેવા પ્રકારના પાપ કર્મના વિપાક (ફલ)નું પ્રતિપાદન કરતાં શાસ્ત્રોને ગ્રહણ કરવા અને તે શાસ્ત્રો સાંભળનારાઓને ભય ઉત્પાદક હોવાથી શરૂઆતમાં કટુ લાગે છે. પરંતુ પાપ પ્રવૃત્તિથી નિવૃત્તિ થવાના કારણે પરિણામે મિષ્ટ (સુંદર) છે. ઈતિ બીજા ઔષધની જેમ શરુઆતમાં અમિષ્ટ છે. પરિણામે મિષ્ટ છે. ઈતિ **બીજો ભાંગો થયો** ॥૨॥

જિનેશ્વરો (તીર્થંકરો) આદિ શબ્દથી શ્રી ભરત ચક્રવર્તિ, શ્રી રામ, શ્રી કુમારપાળ વિ. ધર્મવીર, દયાવીર, વિ. પુરુષગ્રહણ કરવા તેઓના ચરિત્રો પણ સાંભળનારાઓને શરૂઆતમાં પણ વીરરસ વિ.નું પ્રધાન પણું હોવાથી રસને ઉત્પન્ન કરે છે. અને મોક્ષ વિ. સદ્‌ગતિનું કારણ એવા ચારિત્રાદિના શુભ પરિણામનું કારણ હોવાથી પરિણામે પણ મહારસને આપનાર છે. એ પ્રમાણે ત્રીજા ઔષધની જેમ બન્ને રીતે મિષ્ટ (સારૂં) છે. ॥૩॥

ધૂર્ત :- શશિ મૂલદેવ વિ. પ્રસિધ્ધ છે. તેઓના ચરિત્રો ચતુર અચતુર જનને ઠગવા વિવિધ પ્રકારે કપટ (માયા) બુધ્ધિવાળા છે. (જાણવા) તેમાં તેવા પ્રકારના કોઈપણ જાતના શ્રૃંગારાદિના રસ સમાવ્યા નથી. અને ધર્મજેવું પણ નથી. પરંતુ કપટ બુધ્ધિ, બીજાને ઠગવા વિ. નું જ છે. અને તે ન્યાય વગરનું હોવાથી સજ્જનોને સર્વથા અનુચિત છે. એ પ્રમાણે સાંભળનારાઓને શરુઆતમાં સ્વાદ આવતો નથી. બીજાને ઠગવાની બુધ્ધિના બતાવનાર હોવાથી અને કેટલાક ને તેવા પ્રકારની પાપ પ્રવૃત્તિનું કારણ બનવાથી પણ પરિણામે પણ સુંદર નથી એ પ્રમાણે ચોથા ઔષધની જેમ શરૂઆતમાં અને પરિણામમાં પણ મીષ્ટ નથી. જોકે સાંભળનારા ને કંઈક કૌતુક કરનાર પણું હાસ્યાદિ રસના આભાસનું કારણ તેમાં પણ છે. તો પણ ઘણું અલ્પ હોવાથી તેની વિવક્ષા કરી નથી ઉપલક્ષણથી કાર્પાસિકાદિ (કાપાલિક) ના પણ શાસ્ત્રો આ ભાંગામાં જાણવા.

એ પ્રમાણે શાસ્ત્રના વિષયમાં ચતુર્ભંગી વિચારીને પરિણામે રમ્ય એવા શાસ્ત્રોને સાંભળવાનું છોડીને બીજે ન જવું એજ ઉપદેશનો સાર છે.

શ્લોકાર્થ :- હે બુધ્ધ જનો ! ચાર પ્રકારના ઔષધના દૃષ્ટાંત થી ધર્મના વિષય રૂપ આ વિપાક શાસ્ત્ર ની ચતુર્ભંગી વિચારીને ભવના શત્રુ ઉપર જય રૂપ લક્ષ્મી ને મેળવવા માટે જેના બન્ને પ્રકારે પરિણામ સારા છે. તેમાં તમે પ્રયત્ન કરો. ઈતિ.

તપાગચ્છાધિપતિ મુનિસુંદરસૂરિ રચિત ઉપદેશ રત્નાકરના પ્રાચ્યતટે

તૃતીય અંશે

॥ ૮ મો તરંગ પૂર્ણ ॥



અંશ – ૪ તરંગ – ૧

યોગ્યની વાત થઈ ગઈ વિધિ પૂર્વક ગ્રહણ કરવું એ પ્રમાણેનું ચોથા દ્વાર (અંશ) ને કહેવાની ઈચ્છાવાળો હું કહું છું.

શ્લોકાર્થ :- વિધિ અનુસાર ઔષધ અને ચૂર્ણ લોકમાં જેવીરીતે ફળ આપે છે. તેવી રીતે પરિપૂર્ણ વિધિએ ગ્રહણ કરેલો ધર્મ પણ ફળ આપે છે.

વિશેષાર્થ :- ઔષધ અને ચૂર્ણ ઔષધો જુદા જુદા પ્રકારના હોય છે તેમાં કેટલાક સુવર્ણ સિધ્ધિનું કારણ બને છે. કેટલાક ધનને અક્ષય (ખૂટે નહિ તેવું) કરનારા છે. કેટલાક ઈચ્છિત ધનને આપનારા છે. કેટલાક મનુષ્યમાંથી પશુ અને પશુમાંથી મનુષ્ય વિ. નું રુપ બદલવાના પ્રભાવથી ભરેલા છે. કેટલાક પુરુષમાંથી સ્ત્રી અને સ્ત્રીમાંથી પુરુષ રૂપ કરવાના કારણવાળા છે. કેટલાક સર્પના વિષને દૂર કરનારા છે. કેટલાક ભૂત, શાકિની આદિના દોષને (ઉપદ્રવને) દૂર કરનારા છે. એ પ્રમાણે અનેક પ્રકારે મહિમાથી ભરેલા બીજા બીજા પણ મહા ઔષધો છે એ પ્રમાણે સંભળાય છે. તેવીરીતે ચૂર્ણો પણ સુવર્ણ સિધ્ધિથી માંડીને અનેક પ્રકારની સિધ્ધિના કારણભૂત એવા ચૂર્ણો લોકમાં પ્રસિધ્ધ છે. આદિ શબ્દથી મંત્ર, અંજન, ગુટિકાદિ ગ્રહણ કરવા.

ચિકિત્સા શાસ્ત્રમાં પ્રસિધ્ધ ઔષધિ ચૂર્ણ, ગુટિકા, અંજન, રસાયણ વિ. પણ અહીંયા સ્વીકારવા.

આ બધાય યથા વિધિ અનુસારથી ફળે છે. અર્થાત્ ફળને આપે છે. તેનો શું અર્થ ? પૂર્ણ વિધિ પૂર્વક ગ્રહણ કરવાથી પોતાના ઈચ્છિત ફલને પૂર્ણપણે આપે છે. અધુરી વિધિ કરતાં અધુરું ફળ મળે છે. અને એથી હીન વિધિ કરતાં હીન ફળ મળે છે. સંપૂર્ણ વિધિનો લોપ કરતાં કંઈ પણ ફળ મળતું નથી. અવિધિ કરવાથી અનર્થ ફલને પણ આપે છે. વળી સાંભળવામાં આવ્યું છે કે :-

બે દરિદ્ર બ્રાહ્મણની કથા

કોઈ એક ગામમાં બે દરિદ્ર બ્રાહ્મણો ધનની પ્રાપ્તિ માટે ભમતાં ભમતાં તેમણે કોઈક સિધ્ધ પુરુષની આરાધના કરી અને તેઓના વિનયથી ખુશ થયેલા તેણે તે બન્ને ને સુવર્ણ સિધ્ધિને આપનારી વિદ્યાથી સિધ્ધ થનાર તેવા તુંબડાના ફલના બીજો આપ્યા અને વિધિને કહી સો વખત ખેડાયેલા ખેતરમાં આ બીજોને વાવવા. પછી અંકુર ફુટે ત્યારે તેના ઉપર સંપૂર્ણ છાયા થાય તેવો મંડપ કરવો જેથી કરીને તેને સૂર્યનો તાપ ન લાગે પછી વિધિ પૂર્વક ઉગેલા તે વેલ વિ. ને બાળીને તેની ભસ્મ કરવી. ત્યારબાદ અગ્નિથી તપેલા તાંબા ઉપર તે ભસ્મનો અંશ માત્ર નાંખવો તેથી તે બધું તાંબુ સુવર્ણ બની જશે. ઈત્યાદિ પછી તે બન્ને બ્રાહ્મણો ઘરે આવ્યા પછી પોતાના ગુરુમાં શ્રધ્ધાવાન ઉદ્યમી (પુરુષાર્થ શીલ) એવા તેમાંના એક બ્રાહ્મણે સંપૂર્ણ પચાસ વખત ખેડાયેલા ખેતરમાં તેને વાવવા વિ. પ્રકારે માત્ર અર્ધ વિધિ કરતાં રોપ્ય (ચાંદી) ની સિધ્ધિને પ્રાપ્ત કરી એ પ્રમાણે હીન નિર્દેશ જાણી લેવો.

દૃષ્ટાંતની ઘટના કરે છે. :- તે ઔષધ વિ. ના પ્રકારે કરીને ધર્મપણ વિધિ અનુસારે પૂર્ણફલ, અપૂર્ણફલ, હીનફલ, નિષ્ફલ અને અનર્થફલને આપે છે. તેમાં પૂર્ણ વિધિ પૂર્વક કરેલો જિન પૂજા રૂપ ધર્મ પૂર્ણ ફળને આપે છે. દા.ત. શ્રી શ્રેણિક રાજાને તીર્થંકરની સંપદા પ્રાપ્ત થઈ તે સંપૂર્ણ વિધિનું ફલ જાણવું.

અપૂર્ણ વિધિ કરનાર દેવપાલને અપૂર્ણ ફલ રૂપ રાજ્યાદિની પ્રાપ્તિ થઈ. હીન વિધિ કરનારને હીનફલ પ્રાપ્ત થાય છે. જેમકે હીન વિધિ કરનાર મિથ્યાદૃષ્ટિ આ લોકના અર્થિ કવિ વિહલણ વિ. ને ઈચ્છિત ધન વિ. માત્ર મલવાથી હીનફલ જાણવું. વળી ફલ વિનાનું એટલે કે ભાવની શૂન્યતાથી કરાયેલું જેમ નંદક ને અફલ થયું અને તેનો સંબંધ મધ્યમાધિકારે બીજા અંશના આઠમાં તરંગમાં લખ્યો છે એ પ્રમાણે ભાવ શૂન્યતાથી કરાયેલી સર્વ પ્રકારની વિધિ પણ ન કર્યા બરાબર બને છે. ફલની પ્રાપ્તિ નહિ થવાથી વિધિ ન કર્યા બરાબર છે. ભાવ શૂન્ય ક્રિયા કરવા છતાં પણ વિધિનો અભાવ જ જાણવો.

પુણ્યસાર અને તેની માતા આદિને અવિધિ કરવાથી અનર્થ ફલ પ્રાપ્ત થયું. તેની કથા કહેતાં કહે છે કે :-

અવિધિ પર પુણ્યસારની કથા

કામરૂપ નગરમાં એક ચંડાલને ત્યાં પુત્રનો જન્મ થયો. તેનું જન્મતાં જ પૂર્વ ભવના વૈરી એવા વ્યંતરે હરણ કરી તેને વનમાં મૂકી દીધો.

હવે આ બાજુ તે નગરનો રાજા બહાર ખેલવા ગયો ત્યાં વનમાં તે બાળકને જોઈને પુત્ર ન હોવાથી તેને લઈને તેનું પાલણ કર્યું (મોટો કર્યો) અને એનું પુણ્યસાર એવું નામ રાખ્યું. ક્રમે કરીને મદ ભર્યું યૌવન પ્રાપ્ત કર્યું અને તેને રાજ્ય પર બેસાડીને રાજાએ દીક્ષા લીધી. કાલ જતાં અનુક્રમે કેવળી થયા અને કામરુપ નગરે આવ્યા.

પુણ્યસાર તેમને વંદન કરવા માટે ગયો નગરના લોકો અને પુણ્યસારની માતા ચંડાલની પણ ત્યાં આવી લાગ્યા. રાજાને (પુણ્યસારને) જોતાં જ તેના સ્તનમાંથી દૂધ ઝર્યું તે જોઈને કારણ પૂછ્યું કેવલી ભગવાને કહ્યું કે હે રાજન્ ! આ તારી માતા છે. મને તું વનમાં પડેલો (વનમાંથી) પ્રાપ્ત થયો છે. અર્થાત્ મને તું વનમાંથી મળેલો છે.

રાજાએ પૂછ્યું હું કયા કર્મે કરીને ચાંડાલ કુળમાં ઉત્પન્ન થયો. જ્ઞાનીએ કહ્યું પૂર્વ ભવમાં તું શ્રેષ્ઠિ હતો એક વખત તેં જિન પૂજા કરતાં ભૂમિ પર પડી ગયેલ ફૂલ નહિ ચડાવવા યોગ્ય જાણવા છતાં અવજ્ઞા પૂર્વક ચડાવ્યું તેથી તું ચાંડાલ થયો છે.

કહ્યું છે કે :- પડી ગયેલું (ફેંકાઈ, ગયેલું, ઉજિઝત) ફલપુષ્પ અથવા નૈવદ્ય જિનેશ્વર ભ. ને જે ચડાવે છે તે પ્રાયઃ કરીને આગળના ભવમાં નીચ ગોત્રમાં જન્મવાનું કર્મ બાંધે છે. (બાંધીને જન્મે છે)

અને પૂર્વભવમાં તારી જે માતા હતી તેણે એક વખત ઋતુ ધર્મવાળી

હોવા છતાં જિનેશ્વર પ્રભુની પૂજા કરી તે કર્મના કારણે આ તારી માતા ચાંડાલણી થઈ છે.

કારણ કે :- ધર્માનુષ્ઠાનની અવિધિથી ઉલ્ટું મોટો અપાય થાય છે. ભયંકર દુઃખના સમુદ્રને ઉત્પન્ન કરનાર ઔષધથી મહાઉપદ્રવ પેદા થાય છે. અવિધિથી વાપરેલ ઔષધની જેમ તે સાંભળીને વૈરાગ્ય પૂર્વક રાજાએ દીક્ષા ગ્રહણ કરી એ પ્રમાણે અવિધિ પૂર્વક કરેલી દેવપૂજાને વિષેના ફલની કથા થઈ અને દેવ પૂજાની વિધિ બીજા ગ્રન્થોથી જાણી લેવી અને વિધિ પૂર્વક જિનપૂજામાં પ્રયત્ન કરવો.

કહ્યું છે કે :- સ્નાન વડે કરીને પવિત્ર વસ્ત્રો વડે તપ પૂર્વક આરાધિત યક્ષ ચિત્રકારની જેમ જિનેશ્વર ભ. ની પૂજા ફલ આપનારી બને છે. અને વળી જિનપૂજા સમયે મન-વચન કાયા, ભૂમિ, વસ્ત્ર, પૂજાના સાધન સ્થાનની શુધ્ધિ સાત પ્રકારે કરવી એ પ્રમાણે બીજા ધર્મમાં પૂર્ણ-અપૂર્ણ વિધિએ કરી પૂર્ણ - અપૂર્ણ ફલ પ્રાપ્ત થાય છે. તે જાતે જાણી-વિચારી લેવું. ઈતિ.

શ્લોકાર્થ :- હે પંડીત જનો ! એ પ્રમાણે વિધિના ફલને જાણીને વિશુધ્ધ વિધિ પૂર્વક ધર્મને આરાધો જો વિશેષ પ્રકારે મોહ ઉપર વિજયરૂપ લક્ષ્મીના સુખની ઈચ્છા હોય તો.....

ઈતિ મુનિસુંદરસૂરિ વિરચિત ઉપદેશ રત્નાકર ગ્રંથના પ્રાચ્ય તટે ૪ અંશમાં વિધિ શુધ્ધિ નામનો પ્રથમ તરંગ પૂર્ણ થયો.

॥ પ્રથમ તરંગ પૂર્ણ ॥

અંશ ૪ (તરંગ-૨)

બીજા ભાંગા વડે યોગ્ય અયોગ્ય ધર્મનું સ્વરૂપ કહે છે.

શ્લોકાર્થ :- (૧) પરિખા (ખાઈ) (૨) પશુ ગણથી ગંદુ થયેલું જીર્ણ પાણી (૩) નવું પાણી (૪) માન સરોવર સમાન (૧) મિથ્યા (૨) દુષ્ટભાવ (૩) પ્રમાદ રૂપ અવિધિ (૪) તેનાથી ઉલ્ટુ અપ્રમાદ રૂપ વિધિ પૂર્વક એમ ચાર પ્રકારના ધર્મો છે.

વિશેષાર્થ :- (૧) પરિખા (ખાઈ સંબંધી) (૨) પશુઓના સમુહ વડે કલુષિત (ગંદુ) થયેલું ખાબોચિયા સંબંધિ અને જીર્ણ એટલે વર્ષાઋતુમાં પડેલા પાણીથી ભરાયેલું પાણી એ પ્રમાણે બે દૃષ્ટાંત કહ્યા તેવી રીતે નવા (તાજા) પડેલા પાણીથી ભેગું થયેલું પાણી તે નવું પાણી ઈતિ. (૩) દૃષ્ટાંત માનસ સરોવર પ્રસિધ્ધ છે તે સંબંધી પાણીનું ચોથું દૃષ્ટાંત આ ચાર પ્રકારના પાણીની સાથે સમાન છે શોભા જેની અથવા આ ચાર પ્રકારના જલની ઉપમા છે જેની તે પરિખા એટલે કે ખાઈનું પાણી, પશુ ગણથી કલુષિત (ગંદુ) થયેલું જીર્ણ પાણી નવું પાણી અને માનસ સરોવરનું પાણી તે ક્યા ? તે કહે છે. મિથ્યાત્વાદિ.

(૧) મિથ્યાત્વ (૨) કુભાવ (૩) પ્રમાદ રૂપ વિધિ વડે અને તેનાથી વિપરિત સમ્યકત્વ શુભભાવ, અપ્રમત અને તત્ત્વ, વિધિ સાથે (યુત) ચાર પ્રકારનો ધર્મ થાય છે. તે યુક્તિ યુક્ત છે તેમાં મિથ્યાત્વ એટલે દેવ, ગુરુ, ધર્મ તત્ત્વ ને વિષે ઉલ્ટી બુદ્ધિ અને તેને અનુસરનારી ક્રિયા કુભાવ એટલે ઈર્ષ્યાથી બળતો, લોભ, દંભ વિ. પ્રમાદ એટલે દારૂ વિ.

કહ્યું છે કે :- (૧) મદ્ય (૨) વિષય (૩) કષાય (૪) નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ કહ્યા છે. આ પાંચે પ્રમાદો જીવને સંસારમાં રખડાવે છે. અથવા બીજી રીતે પ્રમાદ આઠ પ્રકારે છે. (૧) અજ્ઞાન (૨) સંશય (૩) મિથ્યાજ્ઞાન (૪) રાગ (૫) દ્વેષ (૬) મતિ ભ્રમ (૭) ધર્મમાં અનાદર (૮) યોગનું દુષ્પ્રણિધાન આ આઠ પ્રમાદ છોડવા યોગ્ય છે.

અવિધિ :- કાળ, વિનય વિ. નું ઉલ્લંઘન વિ. જોકે પ્રમાદ એ જ અવિધિ છે.

ધર્મ :- દાનાદિ રૂપ બાકીનું બધું સ્પષ્ટ છે. હવે એની એટલે કે મિથ્યાત્વાદિની વિચારણા કરે છે.

(૧) **મિથ્યાત્વ** :- જેવી રીતે ખાઈમાં રહેલું જીર્ણ (ગંદુ) પાણી સંપૂર્ણ નગરમાં રહેલા મળ, મૂત્ર, મનુષ્ય, ગાય, વિ. કુતરા વિ. ના કલેવર થી અને કચરાદિથી અપવિત્રતર, ગંદુ, દુગંછનીય થાય છે. તેવા ગાઢ કારણે પણ

ક્યારેય મલ શૌચાદિ દૂર કરવાને માટે પણ તે પાણીનો સ્પર્શ પણ કરતા નથી. કદાચ તેનો સ્પર્શ થઈ જાય તો પણ તેને સારૂં કરવા માટે બીજા પાણીનો ઉપયોગ કરાય છે. પશુઓ પણ પ્રાયઃ કરીને તેવા પાણીને પીતા નથી. માત્ર ખાડામાં રહેલા ભૂંડ વિ. તેમાં રહે છે. (ઉપયોગ કરે છે) તેવી રીતે મિથ્યાત્વથી કલુષિત ધર્મ પ્રાયઃ મિથ્યાત્વના સહચાર વડે બહુતર રાગ, દ્વેષ, મદ, મત્સર, લોભ, દંભ, મોહાદિ વડે અત્યંત મલિન, યજ્ઞ, હોમાદિના બહાનાથી પ્રાણી વધ વિ. થી અત્યંત અપવિત્ર, સર્વથા તત્વાદિના વિચાર, વિવેકાદિથી રહિત, હોવાથી દંભ વગરના (સરળ) મનવાળાઓને મોક્ષના ઈચ્છુક અને આત્માની શુધ્ધિને ઈચ્છનારાઓને સર્વથા ત્યાજ્ય જ છે. ઉલ્ટું અત્યંત તીવ્રતર પાપમલનું કારણ હોવાથી દૂરથી જ છોડવા જેવું જ છે. કેવલ ભારી કર્મી, ગાઢ મોહથી હણાયેલા વિવેકરૂપી ચક્ષુવાળા (વિવેક વગરના) તેથી જ (વિવેક રહિત હોવાના કારણે) તેવા પ્રકારના પ્રાયઃ પશુ જેવા કોઈકનેજ આદરણીય થાય છે.

દા.ત. શ્રી કાલિકસૂરીનો ભાણેજ દત્તરાજાની જેમ. ઈતિ **પ્રથમ ધર્મ પદની** વિચારણા થઈ ॥૧॥

(૨) **જીર્ણપાણી** :- તેવી રીતે જલ (પાણી) પ્રાયઃ વરસાદના અભાવે (વર્ષા ચાલી ગયા પછી) નાશ પામે છે. પછી તે ખરાબ સ્વાદવાળું, દુર્ગંધવાળું અને વિકારને કરનારૂં બને છે. વળી તે જો પશુગણથી કલુષિત થયેલું હોય ત્યારે વિશેષ પણે ખરાબ સ્વાદ વિ. વાળું પીવા યોગ્ય બનતું નથી અને દૂર હોય અથવા પાણીનો અભાવ હોય તો પણ સ્નાન વિ. માં અનુપયોગી છે. અને કદાચ બીજું પાણી પ્રાપ્ત ન થવાથી તેવા અવસરે જો પીવામાં આવે ત્યારે પણ તેવા પ્રકારની તૃષા વિ. નું શમન થતું નથી ઉલ્ટું કંઈક રોગ વિ. વિકાર કરનારૂં પણ બને છે. તેનાથી સ્નાન કરવાથી અંગ શુધ્ધિ વિ. પણ બરાબર થતી નથી. વસ્ત્રાદિની પણ શુધ્ધિ થતી નથી. ઉલ્ટું કંઈક મેલથી ઉપયુક્ત પણ બને છે.

પરંતુ પરિખા (ખાઈ) ના પાણીથી વિશિષ્ટ છે. બીજા પાણીના અભાવ આદિના કારણે લોકો વડે ઉપયોગમાં લેવાતું હોવાથી અને મનુષ્યના મળ,

મૂત્ર, ગાય, કૂતરા વિ. ના કલેવર વિ. થી ગંદાપણાથી રહિત (ગંદુ ન) હોવાથી (ખાળના પાણીથી) કંઈક સારૂં છે.

(૨) **કુભાવ** :- એ પ્રમાણે જીર્ણ (ગંદા) પાણીની જેમ મત્સર (ઈર્ષ્યા) શિથિલતાદિ કુભાવ વડે કરીને દુષિત ધર્મ આ લોકને વિષે પણ અપયશનું કારણ હોવાથી દુર્ગંધ અને કરનારને તેવા પ્રકારની રુચિનું કારણ ન હોવાથી દુઃસ્વાદ વાળો થાય છે. અથવા પરલોકમાં તેવા પ્રકારના નિર્મલ સુખ, સંપત્તિની પ્રાપ્તિ ન થવાથી દુઃસ્વાદુ બને છે. નિધિદેવની જેમ કેટલોક વિકાર વાળો થાય છે. પરલોકમાં કૂતરી થયેલી કુંતલા રાણીના સપત્નિ (શોક) ઉપર ઈર્ષ્યાથી કલુષિત જિન પૂજા, જિન પ્રાસાદ બનાવવા રૂપ ધર્મની જેમ દુર્ગતિ આપવા વડે કરીને દુઃસ્વાદુ બને છે. વળી ઉલ્ટું (વિપરિત) કંઈક અશુભ કર્મબંધના કારણે તે ધર્મથી તેવા પ્રકારની આત્માની શુધ્ધિ થતી નથી. તેથી તેવા પ્રકારનો ધર્મ છોડવા યોગ્ય છે. છતાં પહેલા કહેલા મિથ્યાત્વથી કલુષિત ધર્મથી તે પણ સારો છે. ક્યારેક તેવા પ્રકારના ધર્મના અભ્યાસથી પણ વિશુધ્ધિની સંભાવના હોવાથી તે ભવમાં પણ કદાચ જાતિસ્મરણાદિ થયે છતે અથવા ભવાન્તર (બીજાભવ) માં પણ કંઈક શુધ્ધ ધર્મની પ્રાપ્તિ થવાથી વાંછિત સિધ્ધિવાળા બુધ્ધદાસ શ્રેષ્ઠિની જેમ અથવા પૂર્વે કહેલ કુન્તલા રાણી વિ. ની જેમ વળી જે ઉદાયિ રાજાના મારક વિ. નો અને અભયકુમાર મંત્રિને પકડવા માટે કપટ યુક્ત શ્રાવિકા બનેલી ગણિકાનો ચારિત્ર, અનુષ્ઠાન, દેવપૂજા વિ. ધર્મ કેવલ આ લોકની સિધ્ધિનું માત્ર કારણ બન્યું તે સર્વથા ભાવ શૂન્ય હોવાથી નિષ્ફલતાના કારણે ધર્મરૂપે ગણ્યો નથી. આવા પ્રકારનો ધર્મ જીવે અનંત વખત પ્રાપ્ત કર્યો છે પરંતુ તેનું કંઈ પણ ફલ પ્રાપ્ત થયું (કર્યું) નથી.

આપ્ત પુરુષે કહ્યું છે કે :- આ સંસાર સાગરમાં ભમતાં સર્વ જીવોએ દ્રવ્યલિંગાદિ (ચારિત્રાદિ) અનંત વખત લીધા છે અને મૂક્યાં છે.

તેવી રીતે અનંત વખત જિનમંદિર, જિન પ્રતિમા જીવો પામ્યા છે. અને કરાવ્યા છે. અસમંજસ (ભાવ શૂન્ય) ના કારણે સમ્યગ્દર્શનનો અંશપણ પ્રાપ્ત થયો નથી. ઈતિ **બીજી ધર્મ ભેદ ભાવના** થઈ ॥૨॥

નિધિદેવ તથા ભોગદેવની કથા

તામ્રલિપ્ત નગરમાં મિત્રસેન નામનો રાજા અને સુમંત્રી નામના મંત્રીએ વિનયન્ધર ગુરુની પાસે એક વખત ધર્મ સાંભળ્યો કે શુધ્ધ ભાવ સહિત ધર્મ કલ્યાણકારી થાય છે. કારણ કે અશુધ્ધ ભાવધર્મથી ધનમાત્ર જ પ્રાપ્ત થાય છે. શુધ્ધ ભાવ યુક્ત ધર્મથી તો ધન, સુંદર પરિણામવાળી બુધ્ધિ અને ભોગો પ્રાપ્ત થાય છે. ત્યારે રાજાએ કહ્યું કે ધનિ અને ભોગવાન અંતર દેખાતું નથી. (હું જોતો નથી) ત્યારે ગુરુએ કહ્યું કે કન્યકુબ્જ નગરમાં નિધિદેવ અને ભોગદેવને જોઈને જાતે જ તે બેનું અંતર જાણવા મળશે. (જાણશો) પછી રાજાએ તે સ્વરૂપ જોવાને માટે મંત્રીને કન્યકુબ્જે મોકલ્યો તે નગરમાં સવારમાં તે વીશક્રોડ સોનામહોરના સ્વામી એવા નિધિદેવના ઘરને પૂછતાં. સવારના પહોરમાં એનું નામ લેશો નહિ, એ પ્રમાણે બોલતા લોકો વડે બતાવાતા માર્ગે જતા, તેના ઘરના દરવાજે આવ્યો, ત્યાં જાણે મલિન વસ્ત્ર વાળો દોરડા ભેગા કરતો, લક્ષણ વિનાના માણસને જોઈને પૂછ્યું નિધિદેવ કોણ છે ? તેણે સામે પૂછ્યું શું કામ છે ? તેણે (મંત્રીને) કહ્યું હું તેનો મહેમાન છું..... ત્યારે તેણે કહ્યું ઘુણ જેમ કાષ્ટ ખાય છે, તેમ મહેમાનોએ મને ખાધો છે. તું પણ આવ થોડું બાકી હતું તે પૂરું કર, હું નિધિદેવ છું. પછી તે (નિધિદેવ) મંત્રીની સાથે પ્રેત જેવા મનુષ્યવાળા ઘરમાં ગયો, પાણીનો ખોટો વ્યય થઈ જાય તેવા ભયથી પગને ધોયા વગર જ મંત્રીની સાથે કંગ (કોદરી) વાલ, તેલ વિ. ખાધું પછી મંત્રીએ પિત્તની શાંતિને માટે દૂધ માંગ્યું ઘણું કહેવાથી નિધિદેવ શ્રેષ્ઠિ તે લાવતાં હતાં, ત્યારે રસ્તામાં વંઠે તેનું ભાજન ફોડી નાંખ્યું. જમ્યા પછી ખદીરનું ચૂર્ણ આપ્યું. પછી તેણે ઉઘરાણીમાં તેને ફેરવ્યો, સાંજે સેંકડો થીગડાંવાળી જીર્ણ ગોદડી તેની સ્ત્રી પાસેથી આજીજી કરીને માંગીને વંઠ સમીપે સૂતો, રાત્રે વાક્ય સાંભર્યું. રે વંઠ ! તેં દૂધ લાવતી વખતે આજે ભાજન ભાંગી નાંખ્યું તે તને માફ કરુ છું. ફરી આવું કરતો નહિ. એ પ્રમાણે કહીને જતી એવી સ્ત્રીને તેને (મંત્રીએ) જોઈ.

પ્રભાતે ભોગદેવના ગૃહે ગયો, ત્યાં સાતમા માળે સુંદરરૂપવાળા, સુંદર વેષવાળા, દેવતાઈ આભૂષણોથી શોભતા મનુષ્યોને જોઈને આશ્ચર્ય પૂર્વક દ્વારપાળને પૂછ્યું ભદ્ર ! ભોગદેવ ક્યાં છે ? તેણે કહ્યું શું કામ છે ? મંત્રીએ કહ્યું 'હું તેનો મહેમાન છું.'

દ્વારપાળે કહ્યું જ્યાં સુધી સ્વામિ આવે ત્યાં સુધી અહીંયા આ ભદ્રાસન ઉપર બેસો, પછી થોડીવારમાં જ દિવ્ય ગંગાજલ નામના ઘોડા પર બેઠેલો, મોરના આકારની છત્રીથી દૂર કરાયેલા તાપ વાળો, અર્થી જનને કૃતાર્થ કરતો (દાન દેતો) બહુ પરિવારની સાથે ભોગદેવ વ્યવહારી આવ્યો અને મંત્રીને મળ્યો, અને હર્ષ પૂર્વક સ્વાગત, પ્રશ્ન (સુખશાતાદિ વગેરે) પૂછ્યા.

ત્યારબાદ પોતાના આવાસ મધ્યે લઈ જઈને પહેલાં સ્નાન, દેવપૂજા કરીને સુવર્ણના પાત્રમાં ભોજન માટે પોતાની સાથે મંત્રીને બેસાડ્યો.

સાક્ષાત્ લક્ષ્મીના રૂપજેવી દિવ્ય અલંકારોથી શોભતી એવી તેની પત્નીએ સુવર્ણ થાળીમાં પીરસેલી વિવિધ પ્રકારના રસથી યુક્ત શીતલ, સુકોમલ, સારી રીતે સંસ્કારિત કરેલી (રાંધેલી) સુંદર સ્વાદવાળી વસ્તુઓ અને છત્રીસ પ્રકારના મિષ્ટાન્ન (મીઠાઈ) આદિ જમ્યો.

ત્યારે દહીં ખાવાના સમયે બિલાડીએ બોટ્યું (ચાટ્યું) તેટલામાં બીજાગામથી નવું દહીં આવ્યું. જમ્યા પછી કપૂરનું બીડું આપ્યું પછી આશ્ચર્યકારી ધર્મકથા કરી, રાત્રીને વિષે દિવ્ય પલંગમાં તેને સુવાડ્યો, મધ્યરાત્રે પૂર્વની જેમ અવાજ આવ્યો, રે વંઠ ! ક્રિયા કુંઠ ! નિસ્સાર દહીં ખાધું, મેં નવું લાવીને તને માફ કર્યો, પરંતુ હવેથી (તારે) આમ ન કરવું. નહીં તો ઘરથી બહાર કાઢી મૂકીશ.

આ પ્રમાણે બોલતી દિવ્ય વેષ ધારણ કરેલી સ્ત્રીને જતી જોઈને મંત્રી બોલ્યો ભદ્રે ! તું કોણ છે ? આ વાણી શા માટે ? અહીંયા અને ત્યાં (બીજે) તું જ બોલી છે. તેમ માનું છું. (લાગે છે.)

તેણીએ કહ્યું બન્નેની કુલદેવી છું. રાજાના સંશયને ભાંગવાને માટે અહીંયા આવેલા એવા તમને મેં આ બધું બતાવ્યું છે.

મંત્રી બોલ્યો હે દેવી ! બન્નેના ઘરે અસંખ્ય ધન છે. પરંતુ એકની આવી ભોગલિલા છે. અને બીજાને તો એનાથી ઉલ્ટું છે. તેમાં શું કારણ છે ? દેવી બોલી, હે મંત્રીન્ ! પૂર્વ ભવમાં કરેલા ધર્મનું જ તેમાં કારણ છે.

પૂર્વ ભવમાં આ બન્ને ભાઈઓ હતા. એક વખત ગુરુને વંદન કરવા માટે વનમાં ગયા, નાનાભાઈએ બે સાધુને પ્રાસુક અન્ન લેવાને માટે પોતાના ઘરે નિમંત્રણ આપ્યું.

ભિક્ષાકામ થયે છતે પોતાના ઘરે આવેલા (તે સંઘાટક સાધુ) ને ભક્તિ પૂર્વક નિર્દોષ અન્નાદિ આહાર વ્હોરાવ્યો તે જોઈને નાનાભાઈ ઉપર ઈર્ષ્યા (મત્સર) ભાવને ધરતા મોટાભાઈએ ભાવ વગર પણ પોતાના ઘરે લઈ જઈને (સાધુને) વહોરાવ્યું અને તે વખતે બન્ને જણા આયુષ્ય બાંધીને નિધિદેવ અને ભોગદેવ થયા.

પૂર્વમાં મત્સર (ઈર્ષ્યા) ભાવથી દાનને આપ્યું, તે કર્મથી (કારણથી) નિધિદેવનું ધન ભોગ રહિતનું વિવેક વગરનું અને ધર્માદિ વગરનું જાણવું.

અને એ પ્રમાણે ભાવપૂર્વકના દાનથી ભોગદેવનું ધન, ભોગ, વિવેકાદિ સહિતનું જાણવું, તે સાંભળીને સંદેહ વગરનો થયેલો મંત્રી સ્વસ્થાને આવીને રાજાને સર્વ હકીકત (બીના) જણાવી.

ઇતિ નિધિદેવ કથા પૂર્ણ

જેવી રીતે નવીન પાણી પ્રાયઃ સર્વ લોકોને પીવા જેવું હોય છે. અને સ્નાન વિ. માં ઉપયોગી બને છે. પરંતુ માટીથી મિશ્રિત (ડહોળું) હોવાથી જેવું જોઈએ તેવું ગુણકારી બનતું નથી. જેવું નિર્મળ જળ બને છે. એથી જ નિર્મળ જળમાં આનંદ માનનારા હંસો તેને દૂરથી જ ત્યજી દે છે. તેવી રીતે પ્રમાદ વિ. અવિધિ વડે અથવા પ્રમાદરૂપ અવિધિવડે કલુષિતધર્મ પ્રાયઃ સર્વ લોકો આચરે છે. પરંતુ તે તેવા પ્રકારે ગુણકર બનતો નથી. અને આત્માની જોઈએ તેવી શુધ્ધિ કરનારો પણ થતો નથી. એથી જ નિર્મલ સુખના ફલની

ઈચ્છાવાળાએ હંસની ઉપમા સમાન શ્રેષ્ઠ વિવેકવાળાએ તે છોડવા યોગ્ય જ છે. અને ચોથા ભાંગામાં આવેલો નિર્મળ ધર્મજ આદરણીય, આચરણીય છે, પ્રમાદાદિનો ત્યાગ કરવામાં અસમર્થ વળી શુધ્ધ ધર્મની પ્રાપ્તિ માટે ઉદ્યમમાં તત્પર લોકોએ, (શુધ્ધ ધર્મના અનુરાગીઓએ) પ્રમાદ, અવિધિ, વિ. થી કલુષિત એવો પણ ધર્મ છોડવા યોગ્ય નથી. તેવા પ્રકારના ધર્મથી પણ તે અનુક્રમે કરીને શુધ્ધ ધર્મની પણ પ્રાપ્તીનો સંભવ હોવાથી છોડવા જેવો નથી.

ખરેખર અશુધ્ધ અભ્યાસથી પણ નિર્મળક્રિયામાં કુશલપણાની ઉત્પત્તિ દેખાય છે. જેવી રીતે નાટક વિ. માં પારંગત થાય છે. (એકડો શીખવામાં પહેલા લીટા પછી એકડો આવડે છે તેમ. તેવી રીતે આગમમાં પણ કહ્યું છે કે અવિધિ કરતાં ન કરવું સારું એવું અયોગ્ય બોલે છે. તે વચન સારું નથી કારણ કે તેને શાસ્ત્રના જાણકારોએ પ્રાયશ્ચિત ન કરવાવાળાને ગુરુ અને કરવાવાળાને લઘુ પ્રાયશ્ચિત બતાવ્યું છે. અહીંયા દૃષ્ટાન્તો કહે છે.

પ્રમાદથી કલુષિત સામાયિક ધર્મ કરનાર વિસઢ શ્રાવક આદિ જાણવા. ઈતિ..... **ત્રીજા ધર્મભેદની** વિચારણા.

હવે જેવી રીતે માનસ સરોવરનું જલ હંમેશા નિર્મળ હોય છે. અને રાજહંસોને સદા રહેવા યોગ્ય તાપ, તૃષ્ણાને હરનાર અને શુધ્ધિને કરનાર છે. તેવી રીતે મિથ્યાત્વાદિથી રહિત નિર્મળ ધર્મ સંપૂર્ણ આપત્તિરૂપ તાપ, વિષયાદિ રૂપ તૃષ્ણાને છેદનાર, સમસ્ત પાપરૂપ મલને હરનાર અને આત્માની શુધ્ધિનું કારણ હોવાથી, વિવેકી જનોએ હંમેશા સેવવા યોગ્ય છે. આનંદ, કામદેવ આદિ શ્રાવકો વડે જેમ સેવાયો, અથવા શ્રી વર્ધમાન સ્વામિના વચનથી કઠોર વચનના પાપની આલોચના કરનાર મહાશતક શ્રાવક વડે જેમ સેવાયો, આરાધાયો.

તે (નિર્મલ ધર્મ) આરાધવાથી, તે ભવમાં અથવા બે, ત્રણ આદિ ભવમાં પરમાનંદ સંપદાને પણ આપે છે, પોતાના ભાણેજ ઋષિને બીજીવાર વંદન કરનાર શ્રી શીતલાચાર્ય, ઈરિયાવહી પ્રતિક્રમતા (કરતા) અતિમુક્તઋષિ, એક દિવસ માત્ર ચારિત્ર આરાધક શ્રી પુંડરીક રાજર્ષિ (કંડરંક - પુંડરીક)

આદિ બીજા પણ યથાયોગ્ય નિષ્કલંક (નિર્મળ) ધર્મ કરવામાં (કરનારના) દૃષ્ટાન્તો યોજવા (કહેવા) ઈતિ.....

શ્લોકાર્થ :- આ પ્રમાણે હે પંડિતો ! અનેક પ્રકારના ખાળના પાણી વિ. ના દૃષ્ટાંતો થકી ધર્મને જાણીને મોહરૂપી શત્રુપર જયરૂપ લક્ષ્મી માટે તે વિશુધ્ધ ધર્મમાં પોતાની બુધ્ધિ ને જોડો.... લગાવો.

ઈતિ તપાગચ્છમાં શ્રેષ્ઠ શ્રી મુનિસુંદરસૂરિ વિરચિત ઉપદેશ રત્નાકરના જયશ્રીઅંકે પ્રાચ્યતટે **૪થા અંશે.**

॥ ૨ જો તરંગ પૂર્ણ ॥

॥ અંશે ૪ (તરંગ – 3)

હવે ઔષધના ચાર ભાંગાના દૃષ્ટાંત વડે વિધિ અવિધિ રૂપ ધર્મનો વિચાર કરે છે. અર્થાત્ વિધિ અવિધિ રૂપ ધર્મને કહે છે :-

શ્લોકાર્થ :- (૧) દોષ (૨) ગુણ (૩) ઉભય (૪) અનુભવ જેવી રીતે ઔષધ છે. તેવી રીતે ધર્મ છે.

(૧) મિથ્યાત્વ (૨) અનિયાણું (૩) નિયાણા સહિત અને (૪) ભાવ રહિત.

વિશેષાર્થ :- જેવી રીતે ઔષધ ચાર પ્રકારે છે. તેમાં કેટલાક ઔષધ રોગીને માત્ર વ્યાધિ, પ્રકોપ રૂપ દોષને જ કરે છે.

(૧) જેમકે પિત્તથી આવેલા તાવની પીડાવાળા અને તેના અતિરેકથી ગણગણતાને (વાત - કફ અને પિત્તથી થતો તાવ) ત્રિદોષ તાવની ભ્રાન્તિથી વૈદ્ય વડે અપાતો અષ્ટાદશ ક્વાથ માત્ર દોષરૂપ જ થાય છે. તે જ ઔષધ તે રોગીના પિત્તને અધિકતર વધારે છે. તેને આશ્રયીને રહેલા બીજા રોગને પણ વધારે છે. વળી કંઈપણ લેશમાત્ર પણ ગુણને કરતું નથી. ॥૧॥

(૨) કેટલાક ઔષધ ગુણને કરે છે. વ્યાધિના ઉપશમરૂપ ગુણનેજ કરે છે. પરંતુ અલ્પ પણ દોષને કરતું નથી. જેવી રીતે ત્રિદોષ જ્વર (તાવ) થી

પીડાતાને અષ્ટાદશ કવાથ તે (ક્વાથ) જ ત્રિદોષ જ્વરને શમાવીને આરોગ્ય રૂપ ગુણને કરે છે. ॥૨॥

(૩) વળી બીજા ઔષધ ઉભય (ગુણ-દોષ બન્ને) કરે છે. એટલે કે ગુણ અને દોષ સરખા જ કરે છે. જેમકે પિત્તથી ઉત્પન્ન થયેલા નવા તાવથી પીડાતાને સાકરવાળું ગાયનું દૂધ તે જ (દૂધ) તે રોગીને કંઈક પિત્તથી ઉત્પન્ન થયેલા દાહનું ઉપશમન કરતું હોવાથી ગુણ (ફાયદા) રૂપ છે. વળી દાહની અધિકતાથી કફાદિના સૂકાવાનું કારણ હોવાથી દોષને કરે છે. અથવા જેવી રીતે વાત અને પિત્તથી ઉત્પન્ન થયેલા તાવથી દુઃખીને મુસ્તાપર્પ્પટ (મુક્તાપિષ્ટિ) કવાથ, તે જ કવાથ પિત્તને શમાવે છે અને વાતને અધિક ઉછાળે છે.એ પ્રમાણે ગુણ અને દોષ બન્ને કરનાર છે. ॥૩॥

(૪) વળી બીજા કેટલાક ઔષધ ઉભયને કરતાં નથી એટલે કે ગુણ કે દોષ (બેમાંથી) એકે ને કરતાં નથી જેમકે વાત અને પિત્તથી ઉત્પન્ન થયેલા તાવવાળાને સિંધવ અને જીરાવાળું બીજોરૂં જે (બીજોરૂં) વાત કે પિત્તનું શમન કરતું નથી. અને વધારતું પણ નથી એટલે કે છે તેવું રાખે છે. એ પ્રમાણે ન ગુણ ન દોષ કરે છે એ પ્રમાણે ઔષધનો **ચોથો ભાંગો થયો ॥૪॥**

દૃષ્ટાંત કહ્યાં હવે તેના પર જે ઘટાવાનું છે તે (દાષ્ટાન્તિક) કહે છે :- તેવી રીતે ધર્મ જે ઔષધના પ્રકારે કરીને યથાક્રમે (૧) દોષ (૨) ગુણ (૩) દોષ અને ગુણ બન્ને (૪) અને દોષ ગુણ બન્નેનો અભાવ કરે છે. એ પ્રમાણે તે ક્યા ક્યા છે તે ક્રમથી કહે છે.

(૧) **મિથ્યાત્વ :-** દેવ, ગુરૂ, ધર્માદિતત્વને વિષે વિપરિત (ઉલ્ટી) બુધ્ધિ કે કુતીર્થી (અન્ય દર્શનીય) રચિત વિષયો અને તે તે પ્રકારે સ્નાન, યજ્ઞાદિ ક્રિયા કરવી તે મિથ્યાત્વ તેનું સ્વરૂપ પહેલાં ઘણી વખત કહેલ છે. તેથી અહીંયા વિસ્તારતા નથી.

મિથ્યાદૃષ્ટિ જનમાં રહેલો અતિરુઢ (આગ્રહી) ધર્મ તે ધર્મ જ મિથ્યાત્વ તે કેવળ ચાર ગતિ રૂપ ભયંકર લાખ્ખો દુઃખનું કારણ હોવાથી દોષ રૂપ જ છે. યજ્ઞ કરનાર તુરમણિપુરનો માલિક દત્તરાજા વિ. ની જેમ કેટલાક(કોઈક) પોતાના શાસ્ત્ર પ્રમાણે અલ્પ સાવદ્ય માસક્ષમણાદિ કષ્ટકારી તપ કરનારા

તાપસ, ચરક વિ. ને જોકે કંઈક રાજ્યાદિ શુભ ફલની પ્રાપ્તિ થયેલી જણાય છે. સંભળાય છે. તો પણ બીજા ભવમાં પ્રાયઃ કરીને નિયમા નરકાદિ દુર્ગતિના દુઃખોને પામે છે. તેથી ઉપચારથી દોષ પણું કહેવામાં વાંધો નથી.

(૨) **અનિદાન** :- નિદાન એટલે નિયાણું, નિયાણું એટલે પરલોકમાં તપના ફલની ઈચ્છા તેનાથી રહિત (ઈચ્છાવિનાનું) અને ઉપલક્ષણથી (બીજીરીતે) આ લોકના પદાર્થની ઈચ્છા વિ. થી રહિત તથા આગમમાં કહ્યું છે કે "આ લોકને વિષે (માટે) તપ કરવો નહિ" ઈત્યાદિ આથી જ જે શુધ્ધ ધર્મ છે. તે પહેલાં કહેલ મિથ્યાત્વનો વિરોધિ (ઉલ્ટો) સર્વજ્ઞ પ્રભુ એ કહેલો શ્રી સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, લક્ષણવાળો ધર્મ તે કર્મ ક્ષય રુપ લક્ષણવાળો ગુણ કરે છે.... અથવા કર્મક્ષય રૂપ ગુણવાળો છે.

કારણ કે તેના ઉત્કૃષ્ટ આચરણથી તે જ ભવે મહાઉદયને આપનારા અનંત સુખની પ્રાપ્તિ થાય છે. વળી ઈચ્છિત ફલ, ધન, સુખ સંયોગ, રાજયાદિ સંસાર સુખની પ્રાપ્તિ પ્રસંગ અનુસાર જીવોને પ્રાપ્ત થાય છે. શ્રી શ્રેયાંસ, ચંદનબાળા, સંગમાદિના (શાલિભદ્રાદિના) દાનાદિ પુણ્ય કાર્યોના ઉદાહરણ અહીંયા જાણવા ઈતિ **બીજો ધર્મભેદ** થયો ॥૩॥

(૩) **નિયાણા સહિતનો ધર્મ** :- તપફલની માંગણી પૂર્વક કરેલો તપ સર્વજ્ઞ ભ. ને જ બતાવેલો ધર્મ તે દોષ અને ગુણ બન્ને કરે છે.

નિયાણા સહિતનો ધર્મ કરનારને બીજાભવમાં માંગણી કરેલા રાજ્ય વિ. શુભ ફલ આપવાના કારણે ગુણ રૂપ અને તે ભવમાં પૂર્વ ભવમાં કરેલા નિયાણાના કારણે ધર્મની પ્રાપ્તિ ન થવાથી બીજાભવે નરકાદિ દુર્ગતિ આપતો હોવાથી દોષરૂપ થાય છે.

દા.ત. જેમકે સમ્ભૂતિનો જીવ બ્રહ્મદત્તચક્રી (પછી નારક) થયો અને સંભૂતિનો ભાઈ ચિત્રઋષિ વિ. નિયાણાસહિત અને નિયાણા રહિત ના દૃષ્ટાંતો જાણવા.

અહીંયા કાંઈક પ્રશ્ન કરે છે. :- નનુ મિથ્યાત્વ ક્રિયાના ધર્મના ફલરૂપ ફલથી પ્રાપ્ત થયેલ રાજ્યવિ. થી બીજા ભવે દુર્ગતિ નું કારણ હોવાથી દોષપણું પહેલાં કહ્યું છે.

અહીંયા તો નિયાણા સહિત ધર્મના ફલરૂપ રાજ્ય વિ. થી તે જ રીતે દુર્ગતિનું કારણ હોવાથી પણ ગુણપણું કહ્યું તેમાં શું વિશેષ (ફરક) છે ? તે કહે છે :-

મિથ્યાદષ્ટિના તપનું ફલ, તથાવિધ વિવેક રહિતના કારણે પ્રાયઃ પાપાનુબંધિ હોવાથી તેના ફલરૂપ પોતાને પ્રાપ્ત થયેલા રાજ્યાદિથી રાજા વિ. નો ધર્મ હિંસા રૂપ મહા આરંભ પ્રવર્તાવનારો હોવાથી જ કદાચ ધર્માભિમુખ હોવા છતાં હિંસાદિમય યજ્ઞાદિ મિથ્યાક્રિયામાંજ એક રુચિ અને તેને પ્રવર્તાવવા વિ. થી દુર્લભ બોધિપણાનું કારણ હોવાથી દોષરુપ છે.

સનિદાન :- જિનેશ્વર ભ. કહેલા તપનું ફલ રાજ્યાદિ વળી પોતાને પ્રાપ્ત થયેલ રાજા વિ. ને સર્વ વિરતિ વિ. વિશેષ પ્રકારનો ધર્મ પ્રાપ્ત ન થયે છતે પણ જિન ધર્મના અનુરાગ વિ. થી ધર્મનું યથા યોગ્ય પાલણ કરવાથી ભવાન્તરે સુલભબોધિ પણાનું કારણ હોવાથી ગુણપણું કહ્યું છે. અથવા એ પ્રમાણે પંડિતો એ બીજા પણ હેતુઓ યથાયુક્તિ અહીંયા કહેવા ઈતિ ધર્મનો **ત્રીજો પ્રકાર** થયો ॥૩॥

(૪) **ભાવશૂન્ય :-** ચિત્તમાં ધર્મના પરિણામ વગરનો વળી અનુભય ઉભય રીતે ગુણ દોષ નહિ કરનાર એટલે કે ગુણનહિ અને દોષ પણ નહિ કરનાર ઈતિ અર્થ.

દા.ત. જેમકે શ્રીકૃષ્ણની સાથે વંદન કરનાર વીરકને તેનું અઢાર હજાર શ્રેષ્ઠ મુનિઓને વંદન કરવા છતાં ભાવથી રહિત (ભાવશૂન્ય) હોવાથી કંઈપણ ફલ પ્રાપ્ત થયું નહિ. એ પ્રમાણે દાનાદિ અશેષ બીજા પુણ્ય કર્મ કરવામાં પણ યથા યોગ્ય ઉદાહરણો જાણી લેવા. ઈતિ **ચોથો ધર્મ પ્રકાર થયો ॥૪॥**

શ્લોકાર્થ :- એ પ્રમાણે ઔષધના દૃષ્ટાંતથી ચાર પ્રકારનો ધર્મ જાણીને ભવરૂપ રિપુ ઉપર વિજયરૂપ લક્ષ્મી મેળવવા માટે સુવિશુધ્ધ જિનધર્મમાં પ્રયત્ન કરો ॥૧॥ ઈતિ.

તપાગચ્છાધિપ શ્રી મુનિસુંદર સુરિએ રચેલા શ્રી ઉપદેશરત્નાકરના પાચ્યતટે વિધિશુધ્ધ નામના.

॥ ૪ અંશે ત્રીજો તરંગ પૂર્ણ ॥

અંશ-૪ (તરંગ-૪)

પહેલાં કહેલા ઔષધના ચાર પ્રકારના ભાંગાના દૃષ્ટાંતથી જ બીજી રીતે ચાર પ્રકારના ધર્મને કહે છે..... કહું છું.

શ્લોકાર્થ :- (૧) દોષ (૨) ગુણ (૩) ઉભય અને (૪) અનુભય આમ આ ચાર ભાંગા જેવીરીતે ઔષધના થાય છે. તેવી રીતે ધર્મના પણ ચાર ભાંગા થાય છે. તે આ પ્રમાણે.

(૧) મિથ્યાત્વ (૨) તેનો ત્યાગ (૩) મીશ્ર અને (૪) ભાવશૂન્ય

વિશેષાર્થ :- પહેલા પદની વ્યાખ્યા પૂર્વે કહેલાની જેમ પછીના અર્ધપદની વ્યાખ્યા કહે છે. તેવીરીતે ધર્મ પણ ચાર પ્રકારે છે તે ક્રમ પૂર્વક કહે છે :- (૧) દોષ (૨) ગુણ (૩) ઉભય (બન્ને) અને (૪) અનુભય (બન્ને નહિ).

હવે ધર્મ ક્યા ક્યા છે ? તે કહે છે. :- (૧) મિથ્યાત્વ પહેલાની જેમ જાણવું (૧) મિથ્યાત્વ રૂપ ધર્મ.

(૨) તેના (મિથ્યાત્વના) ત્યાગવાળો શુધ્ધ સમ્યકત્વાદિ રૂપ ધર્મ તે મુખ્ય વૃત્તિથી (પ્રધાન પણે) કર્મક્ષયના કારણ રૂપ ગુણવાળો ધર્મ છે. તે ગુણ કરે છે. પ્રસંગથી તો ચક્રી, ઈન્દ્ર વિ. ની સંપત્તિનું કારણ છે. તેથી ગુણરૂપ છે. કાર્તિક શ્રેષ્ઠિ, શ્રીશ્રેણિક રાજા, શ્રી કુમારપાળ વિ. રાજાઓની જેમ. આમ આ **બીજો ભેદ થયો ॥૨॥**

(૩) તે મિથ્યાત્વ થી મિશ્ર કલુષિત ધર્મ ગુણ અને દોષ બન્ને કરે છે. જેમકે નંદમણિયાર તેણે જાતે શ્રી વર્ધમાન સ્વામિના મુખથી ધર્મ અંગીકાર કર્યો અને કૂવા, બગીચા વિ. કરાવવાના મિથ્યા કર્મ વડે કલુષિત કરીને પોતે બનાવેલી વાવમાં દેડકા તરીકે ઉત્પન્ન થયો. પાણી ભરનારીઓના મુખથી શ્રી વર્ધમાન સ્વામિને સમવસરેલા (પધારેલા) સાંભળીને ફરી બોધિને પામ્યો તીર્યંચ ગતિ આદિરૂપ દોષ અને ફરી બોધિ લાભ રૂપ ગુણ કરનાર ધર્મનો **ત્રીજો પ્રકાર થયો** ॥૩॥

॥૪॥ ભાવશૂન્ય ધર્મ પહેલાની જેમ જાણી લેવો ॥૪॥

॥ ઈતિ ૪ અંશે તરંગ ૪ પૂર્ણ ॥

વળી તેવી જ રીતે ઔષધના દૃષ્ટાંત વડે બીજી રીતે ધર્મના ચાર પ્રકાર કહે છે :-

શ્લોકાર્થ :- (૧) દોષ (૨) ગુણ (૩) ઉભય અને (૪) અનુભય રૂપ જેવી રીતે આ ચાર પ્રકારના ઔષધ છે. તેવી રીતે ધર્મના ચાર પ્રકાર છે.

(૧) મિથ્યાત્વ (૨) અનારંભ (૩) સારંભ અને (૪) ભાવશૂન્ય

વિશેષાર્થ :-પહેલા પદની વ્યાખ્યા પૂર્વની જેમ સમજવી.

(૧) માત્ર આરંભ છજીવની કાયની વિરાધના સહિત ગૃહસ્થનો ધર્મ તે સારંભ ધર્મ.

(૨) આરંભ રહિત ધર્મ તે શ્રમણ સબંધી સર્વ વિરતિ સામાયિક આદિ રુપ અનારંભ ધર્મ.

તેમાં-અશુભ કર્મ બંધના કારણરૂપ મિથ્યાત્વ પહેલાં ઔષધની જેમ દોષ જ કરે છે. તુરમણિના માલિક દત્તરાજાની જેમ.

(૩) અનારંભ ધર્મ તો યતિ (સાધુ) સંબંધી છે. તે બીજા ઔષધની જેમ માત્ર ગુણ રૂપ જ છે. શુભ પ્રકૃતિ (કર્મ) બંધના કારણવાળો અથવા કર્મક્ષયના કારણવાળો છે. અર્થાત્ શુભ કર્મ બંધ અથવા કર્મ ક્ષય કરે છે. તેથી ગુણરૂપ છે. પુંડરિક રાજા વિ. ની જેમ, અઈમુત્તા, કૂરગડુઋષિ વિ. ની જેમ અને કેસરિ ચોર, દૃઢપ્રહારી વિ. ની જેમ.

કહ્યું છે કે :- ક્રૂર આચારવાળો પણ સંસાર રૂપ જેલથી જલ્દી છૂટે છે. સામાયિક કરનાર કેસરિ ચોર ની જેમ ॥૧॥

વળી એક દિવસનું અનન્ય મનથી પાળેલા સંયમવાળો જીવ જ્યાં સુધી મોક્ષે જાય નહિ ત્યાં સુધી અવશ્ય વૈમાનિક થાય છે. ॥૧॥ અને વળી પણ કંચન, મણિ, સુવર્ણવાળું, હજારો સ્થંભવાળું, સુવર્ણભૂમિ તલવાળું જે જિન મંદિર બનાવે છે. તેના કરતાં પણ તપ સંયમનું ફલ અધિક છે. ઈતિ

હવે સારંભ ધર્મ ગૃહસ્થ સંબંધી છે તે ઘણા દોષવાળા આરંભથી રહિત છે. તે ત્રીજા ઔષધની જેમ ગુણ કરનાર છે. શ્રી સમ્યક્ત્વ, દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે ભક્તિ, સ્થૂલ (મોટી) હિંસાથી રહિત વિ. સુકૃત રૂપ ગુણ કરે છે. અને આજીવિકા આદિ માટે ષટ્કાયનું ઉપમર્દન રૂપ દોષને કરે છે.

જો કે ગૃહસ્થોનો ધર્મ બે પ્રકારે છે સારંભ અને અનારંભ તેમાં સારંભ જિન પ્રસાદ, જિન પ્રતિમા, પ્રતિષ્ઠા,યાત્રા સ્નાત્રાદિ પૂજા સાધર્મિક વાત્સલ્યાદિ રૂપ (સારંભ) ધર્મ તે ત્રીજા ઔષધની જેમ ગુણરૂપ છે. તે કરનારને તેવા પ્રકારના શુભ અધ્યવસાયનું કારણ હોવાથી, જિનાજ્ઞાને આરાધવાની પ્રવૃત્તિ પણું હોવાથી, પુણ્ય પ્રકૃતિના બંધનું કારણ બને છે.

અને દોષ છકાય જીવની હિંસારૂપ આરંભની પ્રવૃત્તિ હોવાથી કંઈક અશુભ પ્રકૃતિ (કર્મ) બંધના કારણ રૂપ દોષને કરે છે. માટે ગુણ અને દોષવાળી ક્રિયા રૂપ ધર્મ કહ્યો છે. આથી જ તે જોઈએ તેવો શુધ્ધધર્મ નથી.

તેવી રીતે કહ્યું છે કે :- સારંભતાના કારણે ધનની સાધનાવાળો ધર્મ પણ અતિ શુધ્ધ નથી દ્રવ્યાત્મા છે.

નિઃસંગ આત્મા તો અતિ શુધ્ધિવાળા યોગથી મુક્તિ રૂપી લક્ષ્મીને તે ભવે પણ પ્રાપ્ત કરે છે. ॥૧॥ (અધ્યાત્મકલ્પદ્રુમ) ॥ ઈતિ ॥ વળી અનારંભરૂપ સામાયિક, પૌષધાદિ રૂપ ધર્મ તે પણ ત્રીજા ઔષધ સમાન છે. તેને ઉલ્લંઘતો નથી.

આરંભમાં પ્રવૃત્ત પુત્રાદિને વિષે અનુમતિની પ્રવૃત્તિ હોવાથી અને ગૃહપુત્ર, સ્ત્રી આદિ પરિગ્રહ વિ. હોવાથી તો તે સારંભ વાળો છે.

આગમમાં કહ્યું છે કે :- પાંચે વિષયોની ઈચ્છા તે કામી, ઘરવાળા તે સગૃહી, અંગના સહ એટલે કે સ્ત્રીવાળો, દેશવિરતિ આચારવાળો અને સાધુ સર્વવિરતિયુક્ત છે.

વૃક્ષાદિ કાપવામાં, પૃથ્વી વિ. ને ભેદવું તેના વિષે પ્રવૃત્ત સામાયિકનો ભાવ હોવા છતાં પણ જે આધાકર્મિ પણ ખાય છે. આથી તે શ્રાવક સાધુ થતો નથી. ઈતિ નિશિથ ચૂર્ણીમાં કહ્યું છે. આથી બરાબર શુધ્ધ નથી. તેથી જ એક

દિવસ સંબંધી પણ ચારિત્રના શુધ્ધ પાલણપણાથી સિધ્ધ અથવા સર્વાર્થ સિધ્ધને આપે છે. લાંબા કાળ સુધી આરાધના કર્યા છતાં પણ શ્રાવકોના સામાયિક, પૌષધાદિ ધર્મ તેવા પ્રકારનો શુધ્ધ નથી. આથી શ્રાવક ધર્મ હોવા છતાં પણ ત્રીજા ઔષધના સરિખો છે. વળી ભાવ શૂન્ય :- બધોય ધર્મ ચોથા ઔષધની જેમ જ ગુણ કે દોષ કાંઈ જ કરતો નથી.

ઘણું ધન આપ્યું, જિનાગમ સંપૂર્ણ ભણ્યો, સમસ્ત ક્રિયા કાંડ કર્યા, ભૂમિ પર વારંવાર સૂઈ ગયો. તીવ્રતપ કર્યા, ચારિત્ર પણ લાંબુ પાર્યું જો ચિત્તમાં ભાવ જાગ્યો નથી (ભાવ શૂન્ય છે.) તો તે ઘાસવાવવાની જેમ બધું નિષ્ફલ છે. સુકૃતમાં શ્રી નમિજિનને વંદન કરનાર શ્રી કૃષ્ણ પુત્ર, પાલક વિ. ના દૃષ્ટાંતો જાણવા.

॥ ઈતિ ૪ અંશે ૫ મો તરંગ પૂર્ણ ॥

અંશ - ૪ (તરંગ - ૬)

વળી તેજ ઔષધના દૃષ્ટાંતોથી બીજી રીતે ધર્મના ચાર ભેદ કહે છે.

શ્લોકાર્થ :- (૧) દોષ (૨) ગુણ (૩) ઉભય અને (૪) અનુભય જેવી રીતે ચાર પ્રકારના ઔષધો છે. તેવી રીતે ચાર પ્રકારના ધર્મ છે. તે આ પ્રમાણે :-

(૧) મથ્યાત્વ (૨) વિધિ થી યુક્ત (૩) વિધિ રહિત (૪) ભાવ શૂન્ય.

વિશેષાર્થ :- તેમાં પહેલા અને છેલ્લા ધર્મની વ્યાખ્યા પહેલાની જેમ છે. વળી વિધિ યુક્ત ધર્મ બીજા ઔષધની જેમ કેવલ ગુણકર છે. કારણ કેવળ શુભ પ્રકૃતિ (કર્મ) બંધનું કારણ અથવા કર્મના ક્ષયનું કારણ છે. વળી સંસારમાં રહે ત્યાં સુધી સ્થાને સ્થાને મનવાંછિત ઈચ્છિતથી અધિક નિર્મલ સુખ સંપત્તિની પ્રાપ્તિનું કારણ બને છે. તેમાં જ્યાં જે વિધિ છે તે કહે છે. જિન પૂજા, દાન, જ્ઞાન, અધ્યયન, સામાયિક, પ્રતિક્રમણાદિ ને વિષે જ્યાં જ્યાં કહ્યું છે ત્યાં ત્યાંથી જાણી લેવું. જેવી રીતે જિનપૂજા માટે કાલ જોવો, સ્નાન,

બહુમાન આદિ વિધિ કરવી. કહ્યું છે કે સમય પ્રાપ્ત થયે પવિત્ર થઈને વિશિષ્ટ પુષ્પાદિ અને સારગર્ભિત સ્તુતિ, સ્તોત્ર રુચિપૂર્વક જિનપૂજા વખતે કરવાની વિધિ છે. ॥૧॥ એમ પંચાશકમાં કહ્યું છે.

દાનમાં આ પ્રમાણે વિધિ છે :- આશંસાથી રહિત, શ્રધ્ધાપૂર્વક, રોમાંચ વિકસિત થવા પૂર્વક એકઠા કરેલા કર્મના ક્ષયના કારણભૂત સુપાત્રમાં દાન આપવું. ॥૧॥

આરંભથી નિવૃત્ત થયેલા, આરંભ નહિ કરતાં અને નહિ કરાવતાં એવા સાધુઓને ધર્મને માટે ગૃહસ્થોએ દાન આપવું જોઈએ ॥૨॥

આગમમાં કહેલી વિધિ પૂર્વક મોક્ષના હેતુભૂત દાન આપવું વળી આવશ્યક નિર્યુક્તિમાં પણ કહ્યું છે કે અતિથી સંવિભાગ, ન્યાય પૂર્વક પ્રાપ્ત કરેલું, કલ્પનીય અન્ન પાણી વિ. દેશ, કાલ, શ્રધ્ધા, સત્કારથી યુક્ત, પ્રકૃષ્ટ ભક્તિ પૂર્વક અનુગ્રહ (મુનિ મારા ઉપર ઉપકાર કરે છે તેવી) બુધ્ધિથી મુનિને - સાધુને દાન આપવું. ઈતિ.

જ્ઞાન ગ્રહણ કરવા વિ. માં આ પ્રમાણેની વિધિ છે. :-

કાલજોવો, વિનય, બહુમાન, તથા ઉપધાન, કરવા અનિણ્હવપણે (સૂત્ર આપનારને છૂપાવ્યા વિના) વ્યંજન, અર્થ અને ઉભય રીતે આ આઠ જ્ઞાન લેવાના આચારો છે. (જ્ઞાન લેવાની વિધિ સમજવી).

અને વળી જે સાધુ સંવીજ્ઞ, ગીતાર્થ, મધ્યસ્થ, દેશ, કાલ અને ભાવને જાણનાર, શુધ્ધ પ્રરૂપક હોય તે જ્ઞાનને આપે અસ્ખલિત નિર્મલ આદિ ગુણે કરી યુક્ત, આગમમાં કહેલી કાલ ગ્રહણાદિ વિધિ સહિત કાજો લેવો, આસન પાથરવું, સ્થાપનાચાર્યજી મૂકવા વિ. જ્ઞાન લેવા માટેની વિધિ છે ॥૨॥

નિદ્રા, વિકથા છોડી દેવી, ત્રણ ગુપ્તિ સહિત, અંજલી જોડી ભક્તિ બહુમાન પૂર્વક અને ઉપયોગ પૂર્વક સાંભળવું ઈત્યાદિ ॥૩॥

સામાયિકની વિધિ :- મન, વચન, કાયાના દુષ્પ્રણિધાન (કુયોગ) ના ત્યાગ કરવાદિ રૂપ વિધિ છે. અને પ્રતિક્રમણમાં ગીતાર્થો અડધો સૂરજ ડૂબે ત્યારે સૂત્ર બોલે ઈત્યાદિ આગમમાં કહેલી વિધિ છે. એ પ્રમાણે બીજા ધર્મપદ (શાસ્ત્ર) થી યથાયોગ્ય વિધિ જાણી લેવી અને વળી વિધિનો યોગ ધન્ય

પુરુષને જ થાય છે. સદા વિધિ પક્ષનો આરાધક ધન્ય છે. વિધિનું બહુમાન કરનાર ધન્ય છે. વિધિ પક્ષને દૂષણ નહિ લગાડનાર ધન્ય છે. વળી કેટલાક વિધિનું બહુમાન કરનારા આસન્ન સિધ્ધ બને છે. વિધિનો ત્યાગ કરનારા, અવિધિથી ભક્તિ કરનારા, અભવ્ય કે દુર્ભવ્ય છે. તેમાં વિધિ પૂર્વક દાન દેવામાં શ્રી શાલીભદ્રનો પૂર્વ ભવ સંગમાદિના દૃષ્ટાંતો જાણવા કહ્યું છે કે :- (૧) પહેલાં મંત્રણા કરી નથી (૨) વિચાર કર્યો નથી (૩) કોઈ સાથે સ્પર્ધા પણ કરી નથી (૪) ફલની ઈચ્છા કરી નથી (૫) પાછળથી પશ્ચાતાપ કર્યો નથી (૬) અનુશય (૭) ગર્વ કર્યો નથી (૮) નાખુશ થયો નથી અર્થાત્ હર્ષ જ ધર્યો છે. આ આઠ ગુણો સંગમમાં હતા. ॥૧॥ ઈતિ. તેથી જ તે પૂર્વે કહેલા સ્વરૂપવાલી વિધિથી હીનધર્મ ત્રીજા ઔષધની જેમ ઉભય રીતે એટલે કે ગુણ અને દોષ બન્ને કરે છે. જેમકે નિધિદેવનું દાન તેણે પૂર્વ ભવમાં નાનાભાઈને વિષે ઈર્ષ્યા ધરીને મુનિને જે દાન આપ્યું તેનાથી તેને વીશ કરોડ સુવર્ણનો માલિક બનવાનું બન્યું તે રૂપ ગુણ થયો તેનાથી ભોગ રહિત પણું નિર્વિવેક પણું ધર્મની દુર્લભતાદિ રુપદોષ થયો ॥ઈતિ॥

શ્લોકાર્થ :- હે વિધિ સાધકો ? આ પ્રમાણે વિધિ અવિધિ કરતાં થયેલાં ગુણ દોષ કરનાર આશ્ચર્યકારી ધર્મને જાણીને ભવરૂપ શત્રુ ઉપર જયરૂપ લક્ષ્મી મેળવવા માટે એમાં (ધર્મમાં) પ્રયત્ન કરો. ॥ઈતિ॥

॥ ૪ અંશે તરંગ - ૬ પૂર્ણ ॥

અંશ - ૪, તરંગ ૭

આગળ કહ્યા પ્રમાણે બીજી રીતે ઔષધના છ ભાંગાના દૃષ્ટાંતથી ધર્મના છ ભાંગા કહે છે.

શ્લોકાર્થ :- (૧) ગુણ (૨) દોષ (૩) સરખું (૪) બેમાંથી ગુણ વધારે (૫) બેમાંથી દોષ વધારે અને (૬) ઉભય નહિ જેવી રીતે ઔષધ છે. તેવી રીતે ૬ પ્રકારે ધર્મ છે.

(૧) સમ્યક્ત્વ (૨) મિથ્યાત્વ (૩) મીશ્ર (૪) વિધિ રહિત ધર્મ (૫) વિધિ સહિતધર્મ (૬) ભાવ શૂન્ય, ધર્મ એમ છ પ્રકારે છે.

વ્યાખ્યા :- જેવી રીતે ઔષધ છ પ્રકારે છે તેવી રીતે ધર્મ પણ છ પ્રકારે છે હવે દૃષ્ટાંત અને દાષ્ટાન્તિકની વ્યાખ્યા અને યોજના દરેકની જુદી જુદી કહે છે.

વ્યાખ્યા :- (૧) ગુણ :- જેવી રીતે કેટલાક ઔષધો સારા વૈદ્યના કહેવાથી વિધિ પૂર્વક સેવેલ (પથ્ય વિ. ના પાલણ સહિત લીધા) હોય તો તે રોગીના રોગનું ઉપશમન વિ. રૂપ ગુણજ કરે છે. જેવી રીતે પિત્તના તાવથી પીડાતાને ચંદનાદિ ક્વાથ ગુણ જ કરે છે. તેવી રીતે સમ્યક્ત્વ એના ઉપલક્ષણથી સમ્યક્ત્વ સહિત ધર્મ બીજા બધાય વિધિ હીન ધર્મની જુદી ગણના કરી હોવાથી (કરવાના કારણે) અહીંયા વિધિ યુક્ત (ધર્મ) જાણવો અને તેથી ગુરૂના વચનથી વિધિ સહિત આરાધનાથી આ ભવમાં યશ, સૌભાગ્ય વિ. ની પ્રાપ્તિ રૂપ ગુણ જ કરે છે.

બીજા ભવમાં (આવતાં ભવમાં) વળી ઈન્દ્ર પણું, ચક્રીપણું, તીર્થંકર વિ. ની સંપત્તિ રૂપ અથવા મોક્ષે ન જવાય ત્યાં સુધી ઉત્તરોત્તર સુખ સમૃદ્ધિની પ્રાપ્તિ રૂપ ગુણ કરે છે. અથવા અશુભ કર્મના ક્ષયરૂપ અને શુભ પ્રકૃતિ (કર્મ) ના બંધ રૂપ ગુણ કરે છે. ઈતિ દૃષ્ટાંતો અહીંયા કાર્તિક શ્રેષ્ઠિ વિ. ના જાણવા ઈતિ પ્રથમ દૃષ્ટાન્ત અને દાષ્ટાન્તિકની વિચારણા થઈ ॥૧॥ (સમ્યક્ત્વ).

(૨) **દોષ :-** જેવી રીતે કેટલાક ઔષધ દોષ રૂપ જ બને છે. એટલે કે વ્યાધિ વધારવા રૂપ બને છે. તે આ રીતે પિત્તના વધવાથી પિત્તના તાવથી દુઃખી ગણગણતા રોગીને અલ્પ બુધ્ધિવાળા કોઈક વૈદ્ય ત્રિદોષ તાવની શંકાથી "અષ્ટાદશક્વાથ" આપે છે. તે વળી વિશેષ પ્રકારે તેને વિકાર ઉત્પન્ન થવાથી તે રોગી મૃત્યુ પામે છે. વળી લેશ પણ ગુણ કરતો નથી. આથી જેવી રીતે પિત્તના તાવવાળાને અષ્ટાદશક્વાથ કેવલ દોષકર થાય છે. તેવી રીતે મિથ્યાત્વ કેવલ અશુભ પ્રકૃતિ બંધરૂપ દોષ કરે છે. વળી અહીંયા અને પરભવે તેવા પ્રકારનો અવિવેક, અપકીર્તિ, દુઃખ, દુર્ગતિ વિ. ના દુઃખ સ્વરૂપ દોષ ને કરે છે. અહીંયા પણ દૃષ્ટાંત તુરમણિ પુરિના માલિક દત્તરાજા વિ. પૂર્વની જેમ જાણવા ઈતિ બીજા ધર્મની વિચારણા થઈ ॥૨॥ (મિથ્યાત્વ)

વળી કેટલાક ઔષધ ગુણ અને દોષ પૂર્વે કહેલા સ્વરૂપ જેમ બન્નેઉ કરે છે જેવી રીતે વાત અને પિત્તના તાવવાળાને પદ્માક્ષાદિ ક્વાથ તે ક્વાથ પિત્તનું ઉપશમન કરતો હોવાથી ગુણ કરે છે. અને વાત, વિકારને વધારતો હોવાથી દોષ રૂપ પણ બને છે ॥ઈતિ॥

(૩) **મિશ્ર** :- સમ્યક્ત્વ અને મિથ્યાત્વથી મિશ્ર ધર્મ તે પહેલા કહેલા સ્વરૂપવાળો ગુણ અને દોષ બન્ને કરે છે. જેવી રીતે શ્રીધરને થયો તેનો સંબંધ આ પ્રમાણે છે :-

શ્રી ધરની કથા

ગજપુરમાં શ્રીધર નામનો વેપારી રહેતો હતો. પ્રકૃતિથી તે ભદ્રિક હતો. એક વખત તેણે મુનિની પાસેથી જિન પૂજાના ફલરૂપ ધર્મ સાંભળ્યો અને પૂજાનું ફલ જાણ્યું તેથી જિનધર્મ અંગીકાર કર્યો જિન પ્રતિમા બનાવી અને તે પ્રતિમાની પૂજા કરીને તેની આગળ ધૂપ કરતાં અભિગ્રહ કર્યો "જ્યાં સુધી ધૂપ સળગતો રહે ત્યાં સુધી અહીંથી હલીશ નહિ" દેવયોગે ત્યાં સર્પ નીકળ્યો તો પણ તે ત્યાં સુધી નિશ્ચલ રહ્યો કે જ્યાં સુધી તે ડંસે છે. તેટલામાં તેના સત્યથી સંતુષ્ટ થયેલી શાસન દેવતાએ તે સર્પને દૂર કર્યો અને ખુશ થવાથી લક્ષ્મીને આપનાર મણિને આપ્યો પછી રત્નના પ્રભાવથી તેના ઘરમાં લક્ષ્મી વધવા લાગી તેમ તેમ તેને જિન પૂજા પ્રત્યે આદર વધવા લાગ્યો.

એક વખત કોઈક મિથ્યાદૃષ્ટિની પાસે તેનો ધર્મ સાંભળ્યો ભદ્રિક પરિણામ હોવાથી તે પણ તેનામાં પરિણામ (વિશ્વાસ) પામ્યો અને તેના કહેવાથી વિશ્વાસ પૂર્વક એક યક્ષની પ્રતિમાને શ્રી જિન પ્રતિમાની જેમ સમાન આસન પર બેસાડી અને પૂજી (પૂજવા લાગ્યો) ક્રમે કરી ભક્તિથી કોઈ કોઈના કહેવાથી ચંડીકા અને ગણેશની મૂર્તિ બનાવડાવી તે પૂજતો હતો.

ભાવુક જીવદ્રવ્ય પ્રાયઃ કરીને સારા અને ખરાબના સંગથી તુંબડાની જેમ ગુણ દોષને પામે છે.

કહ્યું છે કે :- કેટલાક યતિના હાથમાં ગયેલા તુંબડાઓ (ભોજન) પાત્રને પામે છે. કેટલાક શુધ્ધ વાંસ પર લાગેલા સુમધુર સૂર કાઢે છે. (ગાય છે.) બીજા કેટલાક દોરા વડે ગુંથાયેલા દુસ્તર (સમુદ્ર) તરાવે છે. અને કેટલાક તેના મધ્યે બળી ગયેલા હૃદયવાળા (ગર કાઢી નાંખેલ તુંબડાથી) રક્ત પીએ છે. ॥૧॥

એક વખત ચોરોએ પોતાના ઘરમાં રહેલું બધું ચોરી લીધું તેથી ક્ષુબ્ધ થયેલો જ્યાં દેવીએ આપેલું તે મણિરત્ન શોધતાં તે પણ ન મલ્યું અનુક્રમે બાકી રહેલી પણ લક્ષ્મી ચાલી ગઈ ભોજનની પણ મુશ્કેલી થઈ તેથી દુઃખી થયેલો તે શ્રીધર તે દેવોની સામે ત્રણદિવસના ઉપવાસ કરીને બેઠો ત્રીજે દિવસે દેવો પ્રગટ થઈને બોલ્યા ભો ! શા માટે આ પ્રમાણે ઉપવાસ કરી અમને યાદ કર્યા ? ત્યારે તેણે મને લક્ષ્મી આપો એમ કહ્યું પછી દેવી બોલી રે દુષ્ટ ! મારી સામેથી જલ્દી ઊભો થા આ દેવો તારું ઈચ્છિત આપશે. જેઓને ભક્તિથી પોતાના ઘરમાં સારી રીતે લાવીને પૂજ્ય માન્યા છે. તેથી તે દેવો હસીને બોલ્યા ગણેશે ચંડિકા ને કહ્યું ભદ્રે ! ભક્તને ઈચ્છિત આપ. ત્યારે ચંડિકાએ પણ કહ્યું આ યક્ષ એનું ઈચ્છિત આપશે. જે ઉંચા આસને બેસાડાયો છે અને મારા પૂર્વે (પહેલાથી) પૂજાય છે. યક્ષે પણ કહ્યું એના ઈચ્છિતને શાસન દેવતા જ આપશે જે દેવીએ પહેલા પણ લક્ષ્મીને આપનારૂં રત્ન આપ્યું છે. આ પ્રમાણે દેવોની પોતાની આગળ મશ્કરી રૂપ વાણી સાંભળીને શ્રીધર ખીન્ન થયો. ત્યારે શાસન દેવતાએ કહ્યું કે જો પરસ્પર ઈર્ષ્યાવાળા આ બધા દેવો ઉપેક્ષા જ કરે છે. તેથી જો તું આ બધાને છોડીને એકાગ્ર મનવાળો બની જિનને પૂજીશ તો તારા ગૃહ આંગણમાં સર્વ પ્રકારની લક્ષ્મી-સમૃધ્ધિ આવશે.... આ દેવોથી પણ શ્રી જિનની જ પૂજાથી ઈચ્છિત પ્રાપ્ત થશે તેથી કરીને (એકાગ્રમને ભક્તિપૂર્વક) દેવોના પણ દેવ એવા જિનની અચંચલતાથી ભક્તિ પૂર્વક પૂજાકર "જો લક્ષ્મીના સુખની વાંછા હોય તો" પછી યક્ષ વિ. નું વિનય પૂર્વક પોતાના ઘરમાંથી વિસર્જન કરીને

નિશ્ચલ ચિત્તથી શ્રીધર જિનેશ્વરની આરાધના-સેવના કરે છે. તેથી પ્રસન્ન થયેલી શાસન દેવીએ ક્રોડ રત્નો આપ્યા. ત્રણે કાળ જિન પૂજા કરનાર (શ્રીધર) પોતાની લક્ષ્મીને સાતે ક્ષેત્રમાં વાવતાં (વાપરતાં) તે જ ભવમાં સુખ અને કીર્તિનું પાત્ર બન્યો વળી પરલોકમાં (બીજા ભવમાં) ટુંક સમયમાં સિધ્ધિ મેળવનાર થયો ઈતિ શ્રીધર શ્રેષ્ઠિ ખરેખર પહેલા જિનની ભક્તિ એકાગ્રચિત્તે કરી હોવા છતાં પણ વચમાં મિશ્ર ધર્મ કર્યો (જિનને અને અન્ય દેવોને પૂજવા રૂપ) અને તે ધર્મ તેને તે જ ભવમાં ગુણ અને દોષ બન્ને સરખા થયા.

તે આ રીતે :- તેને જે ધનાદિની હાની તેવા પ્રકારની દરિદ્રતાનું દુઃખ પ્રાપ્ત થયું તે દોષ અને શાસન દેવીના વચનથી ફરી જે જિન ધર્મે એકાગ્રતાદિની પ્રાપ્તિ થઈ તે ગુણ અહીંયા ગુણ અને દોષનું સરખા પણું શ્રીધર વ્યાપારીકનું જાણવું. પછી ફરી જિન ધર્મની એકાગ્રતાની પ્રાપ્તિથી ઈચ્છિત સુખ રૂપ લક્ષ્મીની પ્રાપ્તિરૂપ ગુણ થયો અને પહેલાં કહેલા દોષથી એમ બન્ને સરખા થયા ઈતિ મિશ્ર ધર્મને કરનારાઓનું પરભવે પણ ગુણ દોષનું તુલ્યપણું વિચારવું દૃષ્ટાંત પણ નંદમણિકારવિ. ના યથાયોગ્ય બતાવવા ઈતિ ત્રીજાઓષધનું દૃષ્ટાંત અને દાષ્ટાન્તિક ની વિચારણા થઈ ॥૩॥

વળી કેટલાક ઔષધ ગુણ દોષ બન્ને એક બીજાથી અધિક થાય છે. એટલે કે ગુણ વધારે દોષ થોડો, દોષ વધારે ગુણથોડો (પ્રાકૃત હોવાથી વિભક્તિનો લોપ થયો છે.) તેમાં કેટલાક ઔષધ ગુણ અધિક કરે છે. અને દોષ અલ્પ કરે છે. જેવી રીતે કફ પિત્ત તાવવાળાને ક્ષુદ્રાદિ ક્વાથ તે કાંઈક પિત્તને ઉત્પન્ન કરે છે. પરંતું પિત્તનો પ્રતિકાર થતો હોવાથી સ્વલ્પ દોષ અને શ્લેષ્મ (કફ)નું શમન કરે છે તે બહુ ગુણ કારણ કે કફ મુશ્કેલીથી શમે છે. તેને શમાવે છે. તે ગુણ છે તથા વિધિથી છોડી દીધેલો ધર્મ એટલે કે વિધિ રહિત ધર્મ જિન પ્રણિત બીજા ગુણ અથવા દોષના પૂર્વે કહેલા સ્વરૂપને વિસ્તારથી કહે છે. તેમાં વિધિ હીન એ પ્રમાણે કહેવા છતાં પણ અવિધિથી કલુષિત ધર્મ એમ સમજવું તેમાં અવિધિ ખરેખર ઈર્ષ્યા, શિથિલતા, પ્રમાદ વિ. કદાગ્રહ, ક્રોધ, હૃદયમાં સંતાપ, દંભ અને ત્રણે ગારવ (રસ, ઋધ્ધિ,

સાતા)માં લુબ્ધ આ અવિધિ છે. પ્રમાદીમાન એવા કુગુરુની કુસંગતિ, પ્રશંસાની ઈચ્છા તે ધર્મમાં મળ છે. (અધ્યાત્મ કલ્પદ્રુમ).

અહીંયા અવિધિનું સ્વરૂપ સમજાવતાં જણાવે છે.

અવિધિ એ પ્રમાણે પદ ગ્રહણ રૂપ તે ઓછું અધિક ધર્માનુષ્ઠાન કરવાને વિષે વ્યાખ્યા કરવી ઈતિ અને તે અવિધિ સામાન્યે કરી બે પ્રકારે છે અલ્પકષાય, અનવધાન (ઉપયોગ વગર) આદિથી માત્ર થયેલી, મન, વચન, કાયાના અતિ દુષ્પ્રણિધાન (યોગ) થી ઉત્પન્ન થયેલી તેમાં પહેલી અવિધિથી મીશ્ર જિનં ધર્મ ઘણો ગુણ કરે છે. અને દોષ સ્વલ્પ કરે છે. શ્રી જિન પ્રતિમાને જમીન પર પડેલા પુષ્પને ચડાવા વિ. અવિધિથી પૂજા કરનાર શ્રેષ્ઠિ (પુણ્યસાર)ની જેમ અને કરકુંડ રાજાદિની જેમ તેનો એકવાર ચંડાલકુલે જન્મ થવા આદિ રુપ દોષ થોડો થયો. પરંતુ બાલ્યકાળમાં જ મહારાજકુલની પ્રાપ્તિ, સામ્રાજ્ય, સુખ સંપત્તિ, લબ્ધિ, અવસર આવ્યે ચારિત્ર, કેવળજ્ઞાનાદિની પ્રાપ્તિરૂપ બહુ ગુણ થયો.

અવિધિ થોડો અને વિધિ ઘણીથી આ ગુણ ઉત્પન્ન થયો છે. ઈતિ ચોથા ઔષધનું દૃષ્ટાંત અને દાષ્ટાન્તિકની ભાવના થઈ (વિચારી) ॥૪॥

(૫) વળી બીજું ઔષધ સ્વલ્પ ગુણ અને બહુ દોષ ને કરે છે જેવી રીતે કફ પિત્તથી ઉત્પન્ન થયેલા તાવવાળાને સિતાગડિચિ ઔષધ તેજ ઔષધ પિત્ત ઉપશમનરૂપ ગુણ અલ્પ કરે છે. પરંતુ શ્લેષ્મ (કફ) વધવાથી દોષ ઘછણો કરે છે. ખરેખર કફ કઠીનતાથી જનાર હોવાથી એટલે કે કફનો પ્રતિકાર દુઃષમ છે. તેવી રીતે બીજા ભંગમાં આવેલી અવિધિથી મિશ્રિત ધર્મ સ્વલ્પ ગુણ અને ઘણા દોષને કરે છે. જેમ કે સંભૂતિનો નિયાણા સહિતનો ધર્મ, તપ અ ' તપના કારણે તેને ચક્રવર્તિપણાની પ્રાપ્તિ રૂપ ગુણ સ્વલ્પ થયો પરંતુ સાતમી નરકાદિ દુર્ગતિની પ્રાપ્તિ રૂપ બહુ દોષ થયો. એ પ્રમાણે બીજા બીજા પણ દૃષ્ટાંતો યથાયોગ્ય અહીંયા ઘટાવવા. એ પ્રમાણે પાંચમું દૃષ્ટાંત અને દાષ્ટાન્તિકની ઘટના કરી ઈતિ ॥૫॥

અનુભય :- કેટલાક ઔષધ ગુણ નહિ અને દોષ પણ કરતા નથી જેમકે અભિનવ (નૂતન) તાવવાળાને માત્રગડુચિ ક્વાથ તે રોગીને ન ગુણ ન

દોષ કરનારો થાય છે. કેવલ હું ઔષધ (ઉપચાર) કરુ છું. એ પ્રમાણે રોગ વિના ગર્વને કરે છે.

તેવી રીતે ભાવ શૂન્ય ધર્મ ગુણ પણ નહિ અને દોષ પણ નથી કરતો એ પ્રમાણે પહેલાં કહેલી વિચારણા જાણવી એ પ્રમાણે છઠ્ઠા ઔષધનું દૃષ્ટાંત અને દાષ્ટાન્તિકની વિચારણા પૂર્ણ ॥૬॥

શ્લોકાર્થ :- એ પ્રમાણે છ પ્રકારના ઔષધના દૃષ્ટાંતથી ધર્મના ફલને વિશેષ રૂપે જાણનારાઓ ! ભવ રૂપી શત્રુ પર જયરૂપી લક્ષ્મી મેળવવા માટે સતત્ આ શુધ્ધ ધર્મમાં પ્રયત્ન કરો ઈતિ.

તપાગચ્છાધિપતિ શ્રી મુનિસુંદરસૂરિ વિરચિત ઉપદેશ રત્નાકરના પ્રારંભ તટે.

॥ ૪ અંશે ૭ મો (તરંગ પૂર્ણ) થયો. ॥

અંશ - ૪ (તરંગ-૮)

શ્લોકાર્થ :- (૧) ગુણ (૨) દોષ (૩) અધિક દોષ (૪) અધિકગુણ કારક જેવી રીતે ચાર પ્રકારના ઔષધ હોય છે. તેવી રીતે (૧) અલ્પ (૨) બહુ (૩) સર્વ વિધિ હીન (૪) વિધિ સહિત એમ ચાર પ્રકારે ધર્મ છે.

વિશેષાર્થ :- જે રીતે ચાર પ્રકારના ઔષધ ક્રમે કરી ગુણ અને દોષ બન્ને અધિક કરે છે અર્થાત્ તેનાથી ઈતર (બીજું) માત્ર સ્વલ્પ દોષ અને માત્ર સ્વલ્પ ગુણ કરે છે.

તે આ રીતે :- કેટલાક ઔષધ અધિક ગુણ કરે છે અને વળી દોષ સ્વલ્પ કરે છે જેવી રીતે કફ અને પિત્તના તાવવાળાને ક્ષુદ્રાદિ ક્વાથ તે કંઈક પિત્તને કરે છે પરંતુ તે પિત્તનો સારી રીતે પ્રતિકાર થઈ શકે છે (ઉપશમાવી શકાય છે) તેથી તે સ્વલ્પ દોષ છે. કફને તો કાઢી નાંખે છે. અર્થાત્ શમાવી શકે છે. એટલે તે બહુ ગુણ છે. કારણ કે શ્લેષ્મ કાઢવો ઘણો મુશ્કેલ છે. છતાં તે કાઢે છે તેથી બહુ ગુણવાળું ઔષધ છે. કેટલાક ઔષધ અધિક દોષ

કરે છે અને ગુણ સ્વલ્પ કરે છે. જેમકે કફ પિત્તના તાવવાળાને જ સિતાગુડૂચિ ઔષધ તે રોગીના પિત્તનું ઉપશમન કરે છે. પરંતુ શ્લેષ્મ અધિક તર કરે છે તેથી બહુ દોષ છે. કારણ કે દુઃખે કરીને કફનો પ્રતિકાર થતો હોવાથી (તે બહુદોષવાળું થાય છે.) પિત્તના ઉપશમરુપ સ્વલ્પ ગુણ છે કારણ કે તેનો સારી રીતે પ્રતિકાર થતો હોવાથી સ્વલ્પ ગુણ છે. કેટલાક ઔષધ માત્ર દોષ કરે છે. જેવી રીતે પિત્તના તાવવાળાનો તાવ વધવાથી ગણગણ કરતા ત્રિદોષની ભ્રાન્તિથી વૈદ્યે બતાવેલો અષ્ટાદશક્વાથ તે ખરેખર વિકારને વિશેષ પ્રકારે વધારે છે. વળી અલ્પ પણ ગુણ કરતું નથી.

બીજા કેટલાક ઔષધ રોગીને જલ્દી ગુણ કરે છે. (રોગ ને શમાવે છે) જેવી રીતે પિત્તના તાવથી પીડાતાને જ ચંદનાદિક્વાથ તે જ ઔષધ તે રોગીના તે વિકારને શમાવે છે. પરંતુ કાંઈપણ દોષ કરતો નથી અથવા બીજા ઔષધો યથા યોગ્ય ચાર ભાંગાને વિષે બતાવવા.

(૧) અલ્પ (૨) બહુ (૩) સર્વ વિધિહીન (૪) વિધિયુક્ત ધર્મ તેવી રીતે ચાર પ્રકારે છે. એ પ્રમાણે ઉત્તરાર્ધની વ્યાખ્યા થઈ.

(૧) અલ્પથી (૨) બહુથી (૩) હીનવિધિથી એ પ્રમાણે ધર્મના ત્રણ પ્રકાર અને વિધિથી પરિપુર્ણ સંપૂર્ણ વિધિ સહિત ચાર પ્રકારે ધર્મ છે. પૂર્વે કહેલા ઔષધના ચાર પ્રકારની જેમ ગુણ દોષને કરનાર છે તેમાં પ્રથમ ઔષધની જેમ અલ્પ વિધિહીન ધર્મ અલ્પદોષ અને કલ્યાણકારી ફલ આપવા રૂપ બહુ ગુણને કરે છે જેવી રીતે ઉદ્યાન આદિવાળા કોઈક ગામમાં નામે કરી રામ -વામન - સંગ્રામ ત્રણ ક્ષત્રીય પુત્રો હતા. બાળપણે રમત કરતાં ગામથી બહાર ધ્યાનમાં રહેલાં, આંખોમાંથી પાણી ઝરતાં એક મુનિને જોયા અનુકંપા ઉત્પન્ન થઈ એટલે તેઓએ તેમના લોચનમાંથી કંટક (કણીયો, કચરો) કાઢવા માટે ત્યાં એક વાંકોવળી પશુની જેમ થયો. તેની પીઠ ઉપર બીજો ઉભો રહ્યો અને ત્રીજાએ તેના હાથનાં અવલંબનથી તેણે મુનિની સેવા - વૈયાવચ્ચ (કણીયો કાંઢવા રૂપ) કરી.

ત્યાં તે કણીયો કાઢતાં મુનિના મુખની દુર્ગંધથી વામન ને કંઈક સંકુચી પણું થયું. પછી નિવૃત્ત થયેલા તેઓ પરસ્પર બોલ્યા અહો ! આ પુણ્યનું

આપણને શું ફળ મળશે ? ત્યારે એક હસીને બોલ્યો હું તો હમણાં પશુ પણું પામ્યો છું તેને નિવારીને બીજો બોલ્યો. મને આ પુણ્યનું ફળ ભવિષ્યમાં નિષ્કંટક રાજ્ય મલો ત્યારે કાંટો કાઢનાર ત્રીજો બોલ્યો હે બન્ધુ ! આ પ્રમાણે પુણ્યના ફળનું પ્રમાણ કરવું ન જોઈએ ઈત્યાદિ. પછી તેઓ કંઈક શ્રાવક ધર્મ આરાધીને આયુષ્ય પૂર્ણ થયે. સ્વર્ગના સુખને ભોગવીને રામ હાથી થયો સંગ્રામ તપન નામે રાજા થયો. વામન પુણ્યાઢ્ય નામે રાજા થયો. જેની પાસે ઘાસ વજ્ર થઈ જતું હતું અને વજ્રના બલે અખંડ પૃથ્વીનું સામ્રાજ્ય અનુપમ રીતે ભોગવી જિનપ્રાસાદ કરાવવા રૂપ અભિગ્રહના સત્વથી ખુશ (પ્રસન્ન) થયેલ દેવતાએ બનાવેલા જિનમંદિરમાં જિન પ્રતિમાના દર્શનથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને મોક્ષ સામ્રાજ્યને પ્રાપ્ત કર્યું. પરંતુ પૂર્વભવમાં દુગંછા કરવાથી પૂર્વે કેટલાક વર્ષો સુધી અંગનું સંકોચન પામ્યો ઈતિ ધર્મમાં દુગંછા ધર્મફલમાં શંકા વડે તેનું પ્રમાણ કરવા વિ. રૂપ જ અવિધિ તે સ્વલ્પ કષાય કરવા દ્વારા કરેલો ધર્મ હોવાથી સ્વદોષ વાળો (કલુષિત) ધર્મ થયો.

અવિધિ યુક્ત કે વિધિ હીન (રહિત) એક જ અર્થ સમજવો રામ વિ. જે સ્વલ્પ વિધિ હીન ધર્મ મુનિના નેત્રમાંથી કંટક કાઢવા રૂપ કરેલા ધર્મથી તેઓને ક્રમથી પશુપણું, પરિમિત રાજ્ય અંગ સંકોચ રૂપ દોષ સ્વલ્પ થયો પરંતુ ગુણતો બહુ થયો કારણ કે હાથી હોવા છતાં પણ અવધિજ્ઞાન, શ્રી સમ્યક્ત્વ મૂલ બાર વ્રત યુક્ત શ્રાવક ધર્માદિ અનુત્તર, અનુપમ શુભફલની પ્રાપ્તિ થઈ તે ઘણો ગુણ થયો. બીજાને પણ રાજ્ય મલ્યા પછી ચારિત્ર પામવા થકી કેવળ જ્ઞાન વિ. પ્રાપ્ત થયું.

ત્રીજાને તો જિન પ્રતિમાના દર્શનથી ગૃહસ્થપણામાં પણ કેવળજ્ઞાન વિ. ની પ્રાપ્તિ થઈ તે બહુગુણ થયો. ઈતિ પ્રથમ ઔષધ દૃષ્ટાંત વિચાર્યું.

તેવી રીતે બીજા ઔષધની જેમ ઘણી વિધિ હીન પૂર્વકનો ધર્મ સ્વલ્પ ગુણ અનેબહુ દોષને કરે છે.

જેમકે નિયાણાપૂર્વક કરેલા ધર્મથી વાંસુદેવો પણ ત્રિખંડ સામ્રાજ્યની પ્રાપ્તિરૂપ સ્વલ્પ ગુણ પામે છે. અને તે પછી અવશ્ય નરકના દુઃખની

પ્રાપ્તિરૂપ દોષ ઘણો થયો. વળી એ પ્રમાણે બ્રહ્મદત્તચક્રી વિ. ના દૃષ્ટાંતો યથાયોગ્ય અહીંયા જાતેજ વિચારવા અને નિયાણાદિ અવિધિથી બહુતર લોભાદિ કષાય ઉત્પન્ન કરનાર હોવાથી દોષ બહુ થયો ॥૨॥

તેવી રીતે સંપૂર્ણ રીતે વિધિથી હીન ધર્મ ત્રીજા ઔષધની જેમ માત્ર દોષ જ કરે છે. જેવી રીતે સુસઢનો તપ અથવા મરિચિનો ધર્મ, જાતિ મદથી કપિલ ! ધર્મ અહીંયા પણ છે અને ત્યાં પણ છે એવા દુષ્ટ (ખરાબ) વચનથી ધર્મ દુષિત થયો.

તેવી રીતે આગમમાં કહ્યું છે કે :- એક દુર્વચનથી મરિચિ દુઃખ રૂપ સાગરમાં ડૂબ્યો અને એક કોડાકોડિ સાગરોપમ ભમ્યો અને તન્મૂલક સંસાર, નીચ ગોત્ર, ત્રિદંડી પણું પામ્યા એ પ્રમાણે તેના બીજા ભવે સ્વર્ગમાં જવા છતાં મિથ્યાત્વથી મલિન થવાના કારણે દોષ રૂપ જ ધર્મ જાણવો.

અથવા શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિનો દુર્મુખના વચનથી રોદ્રધ્યાન વાળો કાઉસગ્ગ, શ્રી વીર પ્રભુએ સાતમી નરક પૃથ્વીમાં જવાના કારણ રૂપ જોયો.

ખોટું (ઉલ્ટું) આચરણ તેજ અવિધિ તેથી કાઉસગ્ગાદિમાં રૌદ્રધ્યાનાદિથી અવિધિપણું પ્રત્યક્ષ છે વળી તીવ્ર કાષાયના પરિણામથી યુક્ત એક પણ અવિધિ બાકી કરેલી બધીયે વિધિને વિફલ કરે છે એ પ્રમાણે તે એકથી પણ કલુષિત ધર્મ બધી વિધિથી રહિત જાણવો. ઈતિ બીજા પણ યથા યોગ્ય દૃષ્ટાંત અત્ર મૂકવા-જાણવા જોડવા ઈતિ (તૃતીય) ત્રીજા ઔષધ રૂપ દૃષ્ટાંતની વિચારણા ॥૩॥

તેવી રીતે ચોથા ઔષધની જેમ સંપૂર્ણ વિધિથી પૂર્ણ ધર્મ કેવલ ઈચ્છિત સકલ શ્રેયસ્કર આદિની પ્રાપ્તિરૂપ કેવળગુણને કરે છે જેમકે વિધિ પૂર્વક આરાધેલ એક દિવસનું ચારિત્ર પણ પુંડરિકઋષિને સર્વાર્થ સિધ્ધના સુખનું સામ્રાજ્ય આપનારૂં થયું.

શ્રેણિકરાજાની દેવ પૂજા (ભક્તિ) સંગમ (શાલિભદ્રના પૂર્વભવ) નું દાન, શ્રી કુમારપાલ વિ. રાજાઓનો શ્રાવક ધર્મ અને નાગકેતુનો શ્રીપર્યુષણા પર્વમાં કરેલો (અઠ્ઠમ) તપ એ પ્રમાણે બીજા પણ દૃષ્ટાંતો યથા યોગ્ય કહેવા

વળી ક્યારેક તીવ્ર શુભ પરિણામ યુક્ત એક પણ વિધિ બધીય વિધિને સમર્થ-શક્તિવાન બનાવે છે. એ પ્રમાણે તે એક પણ વિધિથી ધર્મનું સર્વ વિધિનું પૂર્ણ પણું જાણવું જેમકે દેવપાલ વિ. નો જિનપૂજા રૂપ ધર્મ તે તેની ગોવાળ વિ. પણામાં જિનપૂજા વિધિને નહિ જાણવા છતાં પણ "દેવની પૂજા ન કરું ત્યાં સુધી જમીશ નહિ એ પ્રમાણે દૃઢ હૃદયની ભાવ શુધ્ધિ રૂપ વિધિથી પ્રબલ કરેલ પુણ્યથી અત્યંત રાજ્યાદિ સુખ સમૃધ્ધિની સદ્ય પ્રાપ્તિ અને પછી ઉત્તરોત્તર સુખ સંપત્તિના સમર્પણથી સંપૂર્ણ વિધિ વડે જાણે ધર્મ આરાધ્યો ન હોય તેમ પ્રફુલ્લિત થયો.

શ્લોકાર્થ :- જો મોહ ઉપર વિજય રૂપ લક્ષ્મીને ઈચ્છતા હો તો અનેક પ્રકારના ધર્મ હોવા છતાં પણ આ પ્રમાણે વિધિની વિશેષતાથી ફલમાં વિશેષ પણું છે. એમ નિશ્ચિત કરીને વિધિ થી શુધ્ધ એવા આ ધર્મ ને હૃદયસ્થ કરો ॥ઈતિ॥

તપાગચ્છાધિપતિ શ્રી મુનિસુંદરસૂરિ વિરચિતે પ્રાચ્યતટે

॥ ૪ અંશે ૮ મો તરંગ પૂર્ણ. ॥

અંશ – ૪ (તરંગ–૯)

વળી ઔષધના દૃષ્ટાંતથી જ બીજા પ્રકારે ધર્મના ચાર પ્રકાર કહે છે. (ધર્મના બીજા ચાર પ્રકાર કહે છે)

શ્લોકાર્થ :- (૧) દોષ (૨) ગુણ (૩) અલ્પ અધિક અને (૪) કેવલ ગુણ ઔષધ જેવી રીતે કરે છે. તેવી રીતે (૧) મીથ્યાત્વ (૨) દાનાદિ (૩) અવિધિ (૪) વિધિથી યુક્ત જિન ધર્મ છે ॥૧॥

વિશેષાર્થ :- (૧) ઔષધના ચાર પ્રકાર છે તેમાં એક માત્ર દોષ ને જ કરે છે જેમકે પીત્તના જ્વરથી પીડાતાને (ગણગણતાને) ત્રિદોષ જ્વરની ભ્રાંતિથી વૈદ્યે આપેલો અષ્ટાદશ કવાથ ॥૧॥

વળી ગુણ અલ્પ જ કરે છે અને દોષ બહુ કરે છે જેમકે કફ પિત્તના તાવ વાળાને સિતાદિ ગુડૂચિ ઔષધ તે જ તેને પિત્તના ઉપશમ રુપ ગુણ

સ્વલ્પ કરે છે અને શ્લેષ્મ (કફ) વધવાથી દોષ ઘણો થાય છે. કારણ કે શ્લેષ્મનો પ્રતિકાર દુષ્કર છે ॥૨॥

(૩) વળી બીજા ઔષધ અધિક ગુણ કરે છે અને દોષ સ્વલ્પ કરે છે. જેમકે કફ પિત્ત ના તાવવાળા ને જ ક્ષુદ્રાદિ કવાથ કંઈક પિત્તને પ્રકોપે છે. પરંતુ તે સ્વલ્પ દોષ છે. કારણ કે તેનો પ્રતિકાર સારી રીતે થઈ શકે છે. કફને તે શોષી નાંખે છે તે ઘણો ગુણ છે કારણ કે કફનો પ્રતિકાર દુષ્કર છે ॥૩॥

(૪) વળી કેટલાક ઔષધ માત્ર ગુણ જ કરે છે. જેમકે પિત્તના જ્વર વાળાને ચંદનાદિ કવાથ ॥૪॥ એ પ્રમાણે દૃષ્ટાન્ત ની સ્પષ્ટતા કરીને દાષ્ટાન્તિક ને કહે છે. તે આ પ્રમાણે.

(૧) **મિથ્યાત્વ :-** મિથ્યાત્વ યુક્ત યજ્ઞ અને દાન રૂપ ધર્મ અને અવિધિ અને વિધિ યુક્ત જૈન ધર્મ એમ ચાર પ્રકારે ધર્મ જાણવો.

તેમાં યજ્ઞરૂપ ધર્મ પંચેન્દ્રિય જીવના ઘાતક રુપ હોવાથી કેવલ દોષને પોષે છે. કહ્યું છે કે :- જેઓ દેવને ભેટણાના બ્હાનાથી અથવા યજ્ઞના બ્હાનાથી ઘૃણા વિનાના થઈને પશુઓને મારે છે. (હણે છે) તેઓ ઘોર દુર્ગતિને પામે છે અથવા દુર્ગતિમાં જાય છે. વળી મિથ્યાત્વીનો દાન ધર્મ ભવાંતરે કંઈક માત્ર ભોગની પ્રાપ્તિ આદિ રૂપ સ્વલ્પ ગુણને કરે છે. દા.ત. લાખ બ્રાહ્મણ લોકોને ભોજન કરાવનાર વિપ્ર તે દાનના પ્રભાવથી સેચનક હાથી થયો તે શ્રેણિક રાજાનો પટ્ટહસ્તિપણું પામેલો વિવિધ ભોજન, અલંકાર વિ. ની પ્રાપ્તિરુપ ગુણ તે સ્વલ્પ ગુણ અને મનુષ્યપણું હારી જઈને તિર્યંચ ગતિની પ્રાપ્તિ વિ. બહુ દોષ તે દાન ધર્મથી પામ્યો તેવી રીતે અવિધિ યુક્ત હોવા છતાં જિન ધર્મ બહુગુણ અને સ્વલ્પ દોષને કરે છે. જેમકે વામસ્થલીમાં રહેતા શ્રેષ્ઠિની કષાય પૂર્વકની જિનપૂજાનો ધર્મ એકવાર મ્લેચ્છ કુલમાં ઉત્પન્ન થવા રુપ સ્વલ્પ દોષ અને ફરી જિન ધર્મની પ્રાપ્તિ આદિ રુપ બહુગુણ જાણવો મેતાર્ય, હરિકેશી, બલઋષિ આદિ દૃષ્ટાંતો અહીંયા જાણવા ॥૩॥ વિધિથી યુક્ત જિન ધર્મ ગુણ જ કરે છે. જેમ કે આનંદ આદિ આ દૃષ્ટાંતનો વિચાર પછીની ગાથા થી જાણવો ઈતિ ॥૪॥

વામન સ્થલી વાસી શ્રેષ્ઠિની કથા :-

વામન સ્થલીમાં કોઈક ધનાઢ્ય જૈન શ્રેષ્ઠિ રહેતો હતો. તેને ચાર પુત્રો હતા. તેના આવાસમાં ચોથે મજલે ૮૪ પેટીઓ રત્નથી ભરેલી હતી. ત્યાંજ મંદિર હતું.

એક વખત પુત્રોને ઘરનો ભાર સોંપીને શ્રેષ્ઠિ જિનપૂજાને માટે ચોથે મજલે ગયા. અને ત્યાં બધી પેટીની ઉપર જ કુંચીઓ પડેલી જોઈ તેથી કોમળ વાણીથી પુત્રને બોલાવીને કહ્યું કે પેટી ઉપર કુંચીઓ મૂકવાના કારણે તાળું મારવાનો શો અર્થ ? એ પ્રમાણે યુક્તિપૂર્વક તેમને વાર્યા આ પ્રમાણે બે ત્રણવાર નિવારવા છતાં પણ જેણે દુઃખ જોયું નથી તેવા તે પુત્રોએ મજાક કરતાં ત્યારે તેવી જ રીતે ફરીથી મૂકી એક વખત શ્રેષ્ઠિ જિન પૂજાને માટે ત્યાં ગયા ત્યારે ત્યાં તે જ રીતે પડેલી ચાવીઓ જોતાં પૂત્ર ઉપર કંઈક રોષવાળા મનથી જિનપૂજા કરી અને ચૈત્યવંદન કર્યા પછી દૈવ યોગે મૃત્યુ પામીને ભીલ્લોની પલ્લીમાં ભીલોના પતિનો પુત્ર થયો.

ક્રમે કરી પલ્લી પતિ પણું પામ્યો. પાંચસો ચોરથી પરિવરેલો વારંવાર ચોરિને કરતો વામન સ્થલીમાં આવેલા પોતાના જ આવાસમાં પ્રવેશ્યો અને ત્યાં તે રત્નની પેટીઓ જોતાં તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. અને પોતે જાતે પૂર્વ ભવમાં રોષ પૂર્વક કરેલા જિનપૂજા રૂપ ધર્મને નિંદતો ત્યાં જ તે જિન મંદિરની સામે નવકાર મંત્રના ધ્યાનમાં લીન બની રહ્યો અને ચોરો ચાલ્યા ગયા બાદ સવારે રાજા ત્યાં આાવ્યો રાજાએ પૂછ્યું ત્યારે તેણે પોતાની પૂર્વભવની વસ્તુઓનું જ્ઞાન કહ્યું તેથી બધા આશ્ચર્ય પામ્યા પછી રાજાએ છત્ર નીચે સ્નાન કરાવી (અભિષેક કરવા દ્વારા) તેને જ ગૃહપતિ બનાવ્યો લાંબાકાળ સુધી ધર્મ કરીને અવસરે દીક્ષા લઈ કેવળ જ્ઞાન પામીને સિધ્ધ થયા.

શ્લોકાર્થ :- ઔષધના ચાર પ્રકારના દૃષ્ટાંત જાણીને નાના પ્રકારની ધર્મ વિધિની સારી રીતે પરિક્ષા કરીને તેનો આદર કરો, જેથી કરીને ભવરૂપ શત્રુપર જયરૂપ લક્ષ્મીને પામો (તમે મેળવો) ઈતિ.

તપા ગચ્છાધિપતિ શ્રી મુનિસુંદરસૂરિ વિરચિત ઉપદેશ રત્નાકરના પ્રાચ્યતટે ૪ અંશ પણ સમાપ્ત થતાં સંપૂર્ણ ચોથો શુધ્ધિ નામનો

॥ પ્રથમ તટ નો નવમો તરંગ પૂર્ણ ॥

* એક મિનિટ.....

તાપથી સંતાપ પામેલાને વટવૃક્ષ મળી જાય,
ત્રણત્રણ દિવસના ભૂખ્યાને દોબર મળી જાય,
તૃષાથી તડફડતાને શીત જલ મળી જાય,
ભયંકર વનમાં ભૂલા પડેલાને ભોમિયો મળી જાય,
દારિદ્રતાથી દુઃખી જનને રતન મળી જાય,
ખોવાયેલું બાલક માતાને મળી જાય,
અને .... અને ...

ઘનઘોર કાજલકેરી અમાસની રાત્રિમાં
દીપકનું એક કિરણ મળી જાય, અને જે
સંતોષ, હાશ, આનંદ અને શાંતિ થાય,
તેથી અધિક આત્મોદ્ધારક જિનશાસન
મલ્યાનો અને આવા મહાનગ્રંથોનો સ્વાધ્યાય
કરવાનો અવસર પ્રાપ્ત થયાનો આંતરમનમાં
આનંદનો સાગર ઉભરે ત્યારે સમજવું કે હું
કોઇક માનવ જન્મની સાર્થકતા.....

પામ્યો હું .... * * *

પ.પૂ.આ.ભ.શ્રી.વિ.
કલ્પયશ સૂરીશ્વરજી મ.સા.

SIDDHACHAKRA GRAPHICS
PH.: 079-(O)25620579 (R)26641223